

# ટાઇમ કેપ્સ્યૂલ

(ઈ.સ. 1927 થી 2018)

શ્રી મોહનલાલ પટેલની આત્મકથા

**મોહનલાલ પટેલ**

# ટાઇમ કૅપ્સ્યૂલ

(ઈ. સ. ૧૯૨૭થી ૨૦૧૮)

## શ્રી મોહનલાલ પટેલની આત્મકથા


મોહનલાલ પટેલ



પ્રકાશક

**રંગદ્વાર પ્રકાશન**

૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે,

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

**TIME CAPSULE**
*(Autobiography of Mohanlal Patel)*
by Mohanlal Patel

પહેલી આવૃત્તિ : 2013
બીજી સંવર્ધિત આવૃત્તિ : 2019

પૃષ્ઠસંખ્યા : 16+410

**કિંમત રૂ. 400**

પ્રકાશક
સુનીતા ચૌધરી
**રંગદ્વાર પ્રકાશન**
જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

મુદ્રક
**બાલારામ ઑફસેટ**
૧/જે અને કે બ્લૉક, રવિ એસ્ટેટ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૪

## અર્પણ

પરમ વંદનીય

**માતા-પિતાને**

We look before and after
And pine for what is not;

Our sincerest laughter
with some pain is fraught.

Our sweetest songs are those that tell of saddest thought.

**– P. B. Shelley**

# શોધિતવર્ધિત આવૃત્તિ...

'ટાઇમ કૅપ્સ્યૂલ'ની પ્રથમ આવૃત્તિ ૨૦૧૩માં પ્રગટ થઈ હતી. એમાં ૨૦૧૨ સુધીના અનુભવો અને અવલોકનોનો સમાવેશ હતો. આ ૨૦૧૯ની આવૃત્તિમાં માત્ર આઠેક વર્ષનો સમાવેશ નથી પરંતુ આત્મકથાના સમગ્ર સમયપટને ફરીથી જોયો છે, તપાસ્યો છે તેથી આને બીજી આવૃત્તિ કહેવાને બદલે શોધિતવર્ધિત આવૃત્તિ કહેવી જોઈએ. મોહનભાઈના સાહિત્યના ઊંડા અભ્યાસી અને મારા મિત્ર ડૉ. મણિભાઈ પ્રજાપતિના સ્વાધ્યાયનો લાભ પણ આ આવૃત્તિને મળ્યો છે. ગૌણ લાગે એવાં પાત્રો અને પ્રસંગો ઉમેરાવાથી પ્રત્યક્ષીકરણ વધ્યું છે. સમકાલીન ઘટનાઓ વિશેના પ્રતિભાવો તેમજ વૈશ્વિક પ્રવાહોનું વિશ્લેષણ પણ ઉમેરાયું છે. આ બધું જોતાં કહી શકાય કે આ બીજી આવૃત્તિ ઉપકારક થઈ પડશે. સામાન્ય રીતે લેખક બીજી આવૃત્તિને બદલે પુનર્મુદ્રણ કરવાનું પસંદ કરે અને શ્રમ ટાળે, પરંતુ મોહનભાઈ સ્વાધ્યાય અને ચિંતનમાં સતત પ્રવૃત્ત રહેતા હોવાથી એમણે આ બીજી આવૃત્તિમાં પુસ્તકની સમૃદ્ધિ વધારી છે – એ બદલ અભિનંદન.

– રઘુવીર ચૌધરી

# સુખડનો હાર

શ્રી મોહનલાલ પટેલ અમદાવાદની કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક નિમાયા હતા, પણ સર્વ વિદ્યાલય કડીનું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું, આચાર્યપદ સ્વીકારવા આગ્રહ કાર્યો. લેખક તરીકેની કારકિર્દી માટે અમદાવાદ ઉપકારક ગણાય એવો ખ્યાલ હતો છતાં છોડ્યું. અંગત સ્વાર્થ અને મહત્ત્વાકાંક્ષા જતાં કરી સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું.' વર્ષ ૧૯૬૧. સને ૧૯૪૮થી વાર્તાલેખનનો આરંભ થયો હતો. કુમાર, નવચેતન, સવિતા જેવાં સામયિકોએ કદર કરી હતી. ૧૯૫૧માં લઘુકથાનાસાહિત્ય સ્વરૂપના આરંભરૂપ કૃતિઓ બચુભાઈ રાવતે 'કુમાર'માં આવકારી હતી. ૧૯૫૪માં 'હવા તુમ ધીરે બહો' પ્રથમ વાર્તાસંગ્રહ પ્રગટ થયો હતો. જે મોહનભાઈના વિદ્યાર્થી અને મારા શિક્ષક ભોળાભાઈ દ્વારા મને વાંચવા મળ્યો હતો. સને ૧૯૬૦થી મોહનભાઈનો પ્રત્યક્ષ પરિચય થયો. આટલાં વર્ષોમાં મેં મોહનભાઈના વ્યક્તિત્વનું એક લક્ષણ સતત જોયું છે – આભિજાત્ય.

આ આભિજાત્યનું પગેરું એમની આત્મકથાના પાંચમા પ્રકરણમાં મળે છે. એનું નામ છે બા, જેઠીબહેન. પિતા બાભાઈદાસ, શિક્ષક. મોહનભાઈનો જન્મ ૧૯૨૭ના એપ્રિલની ૩૦મી તારીખે. માતાએ ઔપચારિક શિક્ષણ મેળવેલું નહીં, પણ વ્યક્તિત્વ કેવું શાલીન !

"ઊંચી કાયા, સ્નિગ્ધ નયન, લાંબા વાળ અને સહેજ ઊજળો વાન, મુખ પર નિરંતર પ્રવર્તતી મીઠાશ, કડવાશનો એક અંશ પણ શોધ્યો ન જડે એવી વાણી, કોઈ કંઈ કડવાશભર્યું બોલી જાય તો ગમ ખાઈ જવાની વૃત્તિ, કાવાદાવા કે પ્રપંચનો આશરો લેવાનું સહેજ પણ વલણ નહીં. સરળતા પાર વગરની પણ કોઈ મૂર્ખ બનાવી ન જાય એવી પાકી સમજ. અને દયા તો જાણે સ્વભાવગત અંશ..." (પૃ.૩૨)

પુસ્તકના આરંભે લાગે કે લેખક પાટણની આત્મકથા લખી રહ્યા છે. પાટણનું ઐતિહાસિક ચરિત્ર પ્રત્યક્ષ થાય છે. આજની સૂકી સરસ્વતીનો ભવ્ય ભૂતકાળ સહસ્રલિંગ સરોવરને છલકાવી દેવા સાથે ભાવકને પણ ભીંજવે એવો છે. રાણકી વાવ વિશેનો મોહનભાઈનો અભ્યાસપૂર્ણ લલિતનિબંધ 'યક્ષકર્દમ'માં પ્રગટ થયેલો. આ લખનારે 'સંસ્કૃતિસંદર્ભ' ગ્રંથમાં એનો આદર સાથે સમાવેશ કર્યો છે.

પાટણ અગાઉ નરસમુદ્ર તરીકે ઓળખાતું હતું. અને ૧૨૪૧માં મુનિ સોમપ્રભસૂરિએ 'કુમારપાળ પ્રતિબોધ'માં નગરનાં ૮૪ ચોક, ૮૪ બજાર, ટંકશાળાઓ અને શરાફોના અલગ ચૌટાં વિશે નોંધ કરીને એનું એક મહાનગર તરીકે રોચક વર્ણન કર્યું છે. પુરાતત્ત્વવિદ પ્રો. વાકણકરે કહ્યું છે : 'મેં એશિયાભરનાં પ્રાચીન સ્થાપત્યો જોયાં છે, પણ રાણીની વાવનાં શિલ્પોની બરાબરી કરે એવી કળા મને બીજે ક્યાંય જોવા મળી નથી.' મોહનભાઈ કહે છે કે રાણીની વાવ મુખ્યત્વે વિષ્ણુને સમર્પિત હતી. મોહનભાઈનાં અનેક સ્મરણો પાટણને સમર્પિત છે. ભૂમિ નીચે સૂતેલું એ મહાનગર એમના માટે સ્વપ્નપ્રદેશ છે.

એ જમાનામાં બાળ-કિશોર વયે મોહનભાઈએ ઘર ઉપર મેડીને બદલે બંધાતા ડાગળા યાદ કર્યા છે. 'ફળિયાની કોઈ ઓરડી ખાલી હોય તો બપોરના સમયે વૃદ્ધો ત્યાં ઢાળો કરે અને રાત્રે એમાં બળદ બંધાય.' જોગીવાડો એનાં તમામ રૂપરંગ અને ક્રિયાકલાપ સાથે અહીં પ્રગટ થાય છે. એક ચિત્ર હવે દુર્લભ થઈ ગયું છે. જુઓ : ''કોઈ વૃદ્ધ નાહતા હોય ત્યારે ક્યારેક ફળિયાની કોઈ વહુવારુ, ત્યાં પહોંચી જઈને કાંડાં અને હથેળિયોનો ભાર દઈને વૃદ્ધની પીઠ ઉપરનો મેલ ઉતારવા લાગી જતી. ડોસા વિવેક ખાતર 'બસ ભા, બહુ થયું' બોલતા રહે અને વહુનાં કંકણ અથવા બંગડીઓ રણકાર કરતાં રહે.'' (પૃ.૧૨)

મહોલ્લાના વિશાળકાય લીમડાનું વર્ણન અને એની સાથે સઘળા જીવોના નાતાની વાત એક યાદગાર લલિત નિબંધનું રૂપ ધારણ કરે છે.

ગલા ઘાંચી સાપ પકડવાનો સાંણસો આપતાં કહેવાનું ભૂલતા નથી, 'જો-જો હોં, સાપને મારતા નહીં.' સાપને માટીના વાસણમાં પૂરીને ઘૂઘરાબાવાની વાડીમાં નાખી દેવામાં આવતો. ફળિયાના લોકોનું સમૂહજીવન પણ ભૂતકાળનું ઊજળું પાસું છે. જાનના ત્રણ દિવસનો રિવાજ ત્યારે આખા ઉત્તર ગુજરાતમાં હતો. હવે એ એક દિવસનો ઉત્સવ રહ્યો છે. બંધ થયેલી પ્રણાલીઓમાંની એક આ હતી :

"અમારે ત્યાં સાચા તારની કિનારીવાળો એક ખેસ અને પિન્ક રંગનો આકર્ષક સાફો હતા. છોકરાના લગ્ન વખતે ફળિયાના લોકો અમારે ત્યાંથી આ ખેસ અને સાફો લઈ જતા. કામ પૂરું થયે ખેસ અને સાફાની સાથે સાફાની દસ અને ખેસની પાંચ ખારેકો આપી જતા." (પૃ.૩૧)

શિક્ષક પિતાની નિષ્ઠા અને ખોટા પ્રચાર સામેની અડગતા વિસ્તારથી વર્ણવાઈ છે. વર્ગમાં વિદ્યાર્થીઓ એકમેકને પ્રશ્ન પૂછીને માહિતી મેળવે એ પ્રયોગ પણ નોંધપાત્ર છે. પિતાજીનું ૮૬ વર્ષનું સ્વસ્થ જીવન અને માનવધર્મી સંસ્કારવારસો લેખકના વિકાસનું મુખ્ય પરિબળ છે.

ભાવાકાકાના બળદની ચોરી થતાં ઊમટેલું ગામ, પહેલવાન તરીકે ઓળખાતા ફોટોગ્રાફર છનાલાલ જોશીએ કૂવામાંથી બળદને બહાર કાઢવામાં દાખવેલું ચતુરાઈભર્યું સાહસ – આવા પ્રસંગોનો કથારસ આ આત્મકથાને અવિસ્મરણીય બનાવે છે.

મોહનભાઈ મૅટ્રિકના વર્ષમાં હતા ત્યારે ૧૯૪૨ની 'હિંદ છોડો' લડતનો જુવાળ હતો. 'પાટણ હાઈસ્કૂલના દરવાજા આગળ પિકેટિંગ કરવાની જરૂર ઊભી થતાં છોકરીઓએ એ કામ આદર્યું. એ જ વર્ષે મુંબઈથી અભ્યાસ કરવા પાટણ આવેલી બે છોકરીઓએ શાળામાં પ્રવેશ કરવા ઇચ્છનાર સામે કાચની રંગીન બંગડીઓ ધરીને સફળતાપૂર્વક પિકેટિંગ કરવા માંડ્યું.' (પૃ.૫૧) પોલીસની લાઠીની ઈજા મોહનભાઈને પણ થયેલી, ગંભીર નહોતી. વડોદરા રાજ્યની ચાર ઉત્તમ માધ્યમિક શાળાઓમાંની એક પાટણ હાઈસ્કૂલનું મકાન બળીને ભસ્મીભૂત થયું એનું સ્મરણ ચિત્તમાં ઉદ્વેગ જગવતું રહ્યું.

વડોદરા કૉલેજમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરીને ૧૯૪૭માં મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની ઉપાધિ મેળવી એ ચાર વર્ષનું કૉલેજ અને છાત્રાલયનું જીવન લેખકને સર્વાધિક પ્રિય છે. બબ્બે ભીડભરી ટ્રેન બદલીને છેક સાંજે વડોદરા પહોંચવાનો અનુભવ, આર્યકન્યા વિદ્યાલયની સાતસો ઉપરાંત છોકરીઓની કલા અને વ્યાયામની પ્રવૃત્તિઓનું દર્શન, 'હિન્દી, મુસલમીને અંગ્રેજી સંસ્કારોનું સુયોગ વિનાનું પણ અજબ એકીકરણ' ધરાવતું કૉલેજનું મકાન, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનો એ વખતનો પહેરવેશ, વિશ્વામિત્રી નદીનાં પૂર, ફાનસના અજવાળે વાચન, વર્ગના ચાલુ પંખા પર બ્લાઉઝ ફેંકતા વિદ્યાર્થીની ચેષ્ટા જેવાં તોફાનો, વિવિધ વિષયોનાં મૂળ અંગ્રેજી પુસ્તકોનું વાચન, પાંચથી પંદર વાર જોયેલી ફિલ્મો અને અભિનેતાઓના ઉલ્લેખ સાથે વસંતનું સ્મરણ –

"વસંતઋતુ વખતે અહીં બેઠાં બેઠાં હું મારી નજરને બોટનિકલ ગાર્ડન તરફ મંડાયેલી રાખતો. મહોરેલાં વૃક્ષો ચિત્તને આનંદથી તરબોળ કરી દેતાં." (પૃ.૬૦)

તળાવમાં કૂદીને બાર કમળ તોડી લાવ્યા, બાર આના ભેટ મળ્યા અને છાત્રાલય કમળના તોરણથી શોભ્યું. ફાનસના તાપમાં ચા બનાવનાર વિદ્યાર્થીની વાત, વિશ્વામિત્રીના પટમાં સરગઠના સાંઠા વચ્ચે હીરાની જેમ ચમકતા પદાર્થને તાક્યા અને પાડ્યા પછી હીરાને બદલે સિગારેટના ડબ્બાનું પ્રવાહમાં તરતા જવું – આવા પરિચય પણ આપે છે. આળસ નહોતી, અધીરાઈ નહોતી કે સૌથી આગળ આવવાનો લોભ પણ ન હતો.

સને ૧૯૪૫માં હીરાબહેન સાથે લગ્ન, એ પૂર્વે મળવા બલકે જોવાનું પણ બનેલું નહીં. પણ 'અગિયારમે દિવસે એક પાત્રના જવાથી ઘરમાં જે સૂનકાર વર્તાયો એનાથી ખાતરી થઈ કે એ પાત્રે હૈયામાં જગ્યા બનાવી લીધી છે. સુખનું આ પહેલું સોપાન.'

સને ૧૯૫૦માં મોહનભાઈ કડીના સર્વ વિદ્યાલયમાં જોડાયા એ પછીનું એમનું જીવન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રના જાગ્રત સમાજને પરિચિત છે. છતાં વાચકને લાગશે કે કશા અભિનિવેશ કે અલંકરણ વિના મોહનભાઈ પોતાના માધ્યમથી સમયની છબિઓ અંકિત કરતા રહ્યા છે. ખૂટતું કરતું ડૉ. મણિભાઈ પ્રજાપતિએ પ્રશ્નોત્તરી દ્વારા ઉમેર્યું છે. શિક્ષણસંસ્થા અને છાત્રાલય પરસ્પર ઉપકારક બને, બધા પ્રશ્નો માનવીય દૃષ્ટિએ ઊકલે, સામાજિક-રાજકીય કાર્યકરો પણ ભારરૂપ ન બને, દરેક પોતાની જીદ જતી કરે અને સ્નેહનો સાથ સ્વીકારે – આ અભિગમ સૂચવતા પ્રસંગો પુસ્તકના ઉત્તરાર્ધની મૂડી છે. 'વાચનવિહાર' પ્રકરણ પણ મોહનભાઈને સમજવામાં પૂરક બનશે. સિદ્ધિઓની વાતો એમના અભિજાત વ્યક્તિત્વને ન સદે, એમનો પ્રતિભાવ હોય : 'ઍવૉર્ડ નહીં, સુખડનો હાર.'

**– રઘુવીર ચૌધરી**

# બીજી સંવર્ધિત આવૃત્તિના પ્રકાશન સાથે

'ટાઇમ કૅપ્સ્યૂલ'ની પ્રથમ આવૃત્તિને સહૃદયી ભાવકો અને સાહિત્યકારો તરફથી અસાધારણ આવકાર પ્રાપ્ત થયો. બાર જેટલી સંખ્યામાં સામયિકો અને દૈનિકોમાં એનાં વિસ્તૃત અવલોકનો છપાયાં. ભાવકો અને ઉચ્ચકોટિના ઘણા સાહિત્યકારો તરફથી અભિનંદન અને અભિપ્રાયના ઘણા પત્રો મળ્યા. ટેલિફોન કૉલ દ્વારા પણ અભિનંદનનો સિલસિલો ચાલુ રહ્યો.

ઈ. સ. ૨૦૧૦ના એપ્રિલ અને મે માસના દોઢ મહિના જેટલા સમયગાળામાં, પ્રાક્કથનમાં જણાવ્યું છે તેમ ખાસ કરીને અંગત અને સીમિત હેતુથી આ ગ્રંથની રચના કરેલી. લોકસંગ્રહનો ઝાઝો વિચાર નહીં કરેલો. પુસ્તકને મળેલા આવકાર પરથી હવે એમ લાગે છે કે એ વિચાર કરવો જોઈતો હતો. એ ઊણપ દૂર કરવાનો એક ઉપાય – બીજી સંવર્ધિત આવૃત્તિ ! એ ઉપાય હાથ પર લીધો અને પરિણામે આ પુસ્તકનું પ્રકાશન !

આ સંવર્ધિત આવૃત્તિમાં કેટલાંક નવાં પ્રકરણ ઉમેર્યાં છે. આરંભમાં પુરાણા પાટણની સાથે 'ફળિયું : ૧૯૨૭ અને...'નો ઉમેરો કર્યો છે. 'ઈ. સ. ૧૯૬૦નું વર્ષ, 'ડંખ', 'કોશગત દ્વિરેફ', 'કીસ ઓર ગમનવા', 'સત્યાગ્રહ છાવણી', 'જનનાન્તરેડપિત્વમેવ...', 'કથમડપિપુણ્યેન...' વગેરે પ્રકરણોનું પણ નવી આવૃત્તિમાં ઉમેરણ થયું છે.

પ્રથમ આવૃત્તિનાં કેટલાંક લાંબાં પ્રકરણો વિભાજિત કરીને નવાં નામ સાથે મૂક્યાં છે, જેમ કે 'અમદાવાદ'માં પ્રકરણને બે ભાગમાં વહેંચ્યું. બીજા ભાગનું નામ 'રક્તલાંછિત મહોત્સવ.' 'આચાર્યપદ પર' પ્રકરણને ચાર ભાગમાં વહેંચ્યું છે. એનાં નામ આ પ્રમાણે છે : 'કંટક છાયો પંથ', 'ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં', 'સમસ્યાઓના વમળમાં' અને 'આચાર્ય એક નાયક.'

કેટલાંક પ્રકરણો ટૂંકાવ્યાં છે તો કેટલાંક પ્રકરણોમાં ઉમેરો કર્યો છે.

સર્જન કાર્ય તો આનંદનો અનુભવ. આ નવી આવૃત્તિમાં બે પ્રકારનો મેં

આનંદ મેળવ્યો. સંપાદનકાર્ય હંમેશાં શ્રમભર્યું રહેવાનું. આ આવૃત્તિના સંપાદનકાર્યની સઘળી જવાબદારી શ્રી મણિભાઈ પ્રજાપતિએ સહર્ષ સ્વીકારી. કાર્ય સહેલું નહોતું. નવું ઉમેરણ, જૂનામાં કેટલાક કાટછાટ કરેલા ટુકડાઓને યોગ્ય જગ્યાએ બંધબેસતા કરવામાં શ્રી મણિભાઈએ ભારે તાર્કિક શ્રમ ઉઠાવ્યો. એમણે કેટલાંક પ્રકરણો વારંવાર વાંચ્યાં. જ્યાં થોડોઘણો ફેરફાર કરવા જેવો લાગ્યો તે મને સૂચવ્યો પણ ખરો. એમની ઇચ્છા પ્રમાણે થયું. મણિભાઈની અથાગ મહેનત માટે જેટલો આભાર માનું એટલો ઓછો.

જે વાચકો, ભાવકો અને સાહિત્યકારોએ અવલોકન લેખ દ્વારા અથવા પત્ર દ્વારા કે ટેલિફોન કૉલ દ્વારા પુસ્તક વાંચીને રાજીપા સાથે એમના પ્રતિભાવ અને અભિપ્રાય આપ્યા એ માટે એમનો પણ આભારી છું.

અને આ પુસ્તકની બીજી આવૃત્તિનું પ્રકાશન હાથ પર લેવા માટે 'રંગદ્વાર પ્રકાશન'ના માલિક અને મારા સ્નેહી શ્રી રઘુવીરભાઈ ચૌધરીનો આભાર માનવાની તક અત્રે લઉં છું.

તા. ૩૦-૯-૨૦૧૮ — મોહનલાલ પટેલ

૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઇટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫
M. ૯૯૦૪૪૮૦૫૨૨

# પ્રાક્કથન

મેં આ કથા શા માટે લખી ?

એ લખવા પાછળ અંગત અનુભવોને સર્વાનુભવરસિક તથ્યોનું રૂપ આપીને ભાવકને રસાનુભૂતિ કરાવવાના હેતુને ગૌણ સ્થાને રાખીને મારા અંગત અનુભવોના આધારે વાચકને તત્કાલીન સમાજનાં સારાં-નરસાં પાસાંનું દર્શન કરાવવાનું લક્ષ્ય નજર સમક્ષ રાખ્યું છે. ઈ. સ. ૧૯૨૭થી ઈ. સ. ૨૦૧૨ સુધીના સમયગાળાની વાત આ કથામાં કહેવાઈ છે. અનંત અને અમર્યાદ સમયનો એક સૂક્ષ્માતિસૂક્ષ્મ અંશ માત્ર.

માનવીના આધુનિક-અનુઆધુનિક પ્રવાહોમાં અનુરંજિત ચિત્તને પોતાના નિકટના ભૂતકાળમાં ઝાઝો રસ હોતો નથી. ઉત્સાહપૂર્વક પોતાના સમય અને અનુભવની વાત કહેતા કોઈ જૈફ વયના આદમી તરફ કંટાળા સાથે પીઠ ફેરવી લેતી યુવાન પેઢીને જોઈ છે. પણ એ જ પેઢીને પુરાણા સમયની દટાયેલી વાતોની ખણખોદ કરીને સંશોધનકાર્યમાં ભારે શ્રમ ઉઠાવતી પણ જોઈ છે. દૂરની વાત હંમેશાં રળિયામણો રંગ ધારણ કરીને માનવીને આકર્ષતી રહી છે. 'ટાઇમ કૅપ્સ્યૂલ' આવો રંગ ધારણ કરીને ભવિષ્યની કોઈ પેઢીના વાચકને વીતેલા સમયની દુનિયામાં વિહાર કરાવીને એના ચિત્તને રસાભિસિક્ત કરશે એવી શ્રદ્ધા છે. એ શ્રદ્ધાએ મને આ કથાનું નામ 'ટાઇમ કૅપ્સ્યૂલ' રાખવા પ્રેર્યો છે.

આત્મકથન કરતી વખતે કદાચ સૂરદાસની પેલી પંક્તિ, 'મો સમ કૌન કુટિલ ખલ કામી ?' સન્મુખ થાય. આત્મકથાલેખક માટે આ એક યક્ષપ્રશ્ન. આત્મકથાલેખકે અંગત અનુભવવિશ્વને કેટલી મર્યાદા સુધી અનાવૃત્ત કરવું જોઈએ ? કેટલાક આત્મકથાલેખકો સ્વનું પારદર્શન કરાવવાના આડંબરી મોહવશ ઘણી વાર પોતાનાં નૈતિક સ્ખલનોની વાત પૂરા જોશ અને હોંશથી વર્ણવતા હોય છે. નજર આગળ લોકસંગ્રહનો હેતુ હોય ત્યાં સુધી તો એ બરાબર. અન્યથા, આત્મકથાના કલેવર ઉપર એક જુગુપ્સાપ્રેરક રસોળી સિવાય એમાં વિશેષ કશું ન હોય.

આ કથામાં વાચકને સ્થળે સ્થળે લેખકની આપવડાઈનાં વર્ણન આલેખાયેલાં જણાવા સંભવ છે. પણ એમાં પિતાજીના પ્રભાવ હેઠળ અમારી પારિવારિક સ્થિતિ જ કારણરૂપ છે. પિતાજીએ મુલકીખાતાની નોકરી જતી કરીને શિક્ષકજીવન સ્વીકાર્યું. માત્ર પ્રાથમિક શાળાના શિક્ષક. એ વર્ષોમાં પ્રાથમિક શાળાના શિક્ષક સમાજમાં સારો આદર-સત્કાર પામે. એ જમાનામાં અમારા કડવા પાટીદાર સમાજમાં કેળવણી ઓછી. પાટણના અમારા સમાજમાં પિતાશ્રી એકમાત્ર શિક્ષક. આના કારણે માન અને મોભાની દૃષ્ટિએ 'ગામ'માં પિતાનું સ્થાન અનોખું. આનો લાભ અમારા સારાયે પરિવારને મળતો રહ્યો. આ કથામાં એ અસર તળે કેટલુંક કહેવાયું છે. એ કહેવામાં આપવડાઈનો દોષ પ્રવેશ્યો હોય. આ દોષના કારણે વાચકના ભાવનવ્યાપારમાં રસક્ષતિ થાય તો તે માટે અગાઉથી આ પ્રાક્કથનમાં ક્ષમાપ્રાર્થી બની રહું. આ દોષ વચ્ચે પણ એક વાત જોઈ શકાશે કે મેં આ કથામાં મારા સ્વભાવની મર્યાદાઓ કે તેની નબળાઈઓ દર્શાવવામાં દિલચોરી કરી નથી.

આત્મકથા લખવા વિશે ઘણાં વર્ષો સુધી હું અવઢવમાં રહ્યો. શ્રી રઘુવીર ચૌધરીએ એમના તા. ૩૧-૮-૧૯૮૫ના પત્રમાં મને લખેલું : 'શિક્ષક તરીકેનાં સ્મરણો – આત્મકથા લખો. અથવા એ વિશે આત્મકથનાત્મક કથા લખો' આ અગાઉ ઈ. સ. ૧૯૮૧માં મેં શિક્ષણની – ખાસ કરીને છાત્રાલયની સમસ્યાઓ નજર સમક્ષ રાખીને 'નયન શોધે નીડ' નામની નવલકથા લખેલી. આ કથામાં ગૃહપતિ તરીકેના મારા અનુભવોનો આધાર હતો ખરો, પણ એમાં આત્મકથાનું કશું આલેખન નહોતું. એક રીતે કહીએ તો એમાં પ્રણયકથા તરફનો ઝોક વધારે હતો.

શ્રી ઈશ્વર પેટલીકરે 'સંસાર' માસિક માટે ગૃહપતિ તરીકેના છાત્રાલયના અનુભવો – પ્રસંગો લખી મોકલવાનું જણાવેલું, પણ એ દિશામાં એ સમયે કંઈ થઈ શક્યું નહોતું. પછીનાં વર્ષોમાં એવા મારા કેટલાક અનુભવો 'નવચેતન', 'અખંડ આનંદ' વગેરે સામયિકોમાં પ્રગટ થયેલા.

ઈ. સ. ૧૯૫૯માં બરાબર સો વર્ષના સમયગાળાને આંતરીને કડવા પાટીદાર સમાજની કથાને 'ખાલી ખેપ' નામની નવલકથામાં ઉતારેલી. નર્યું ગામડું અને ગ્રામસમાજ !

હવે ઈ. સ. ૧૯૨૭થી ૨૦૧૨નો સમયગાળો 'ટાઇમ કૅપ્સ્યૂલ' શીર્ષક હેઠળ આત્મકથારૂપે ગુજરાતી ભાષાના વાચકો માટે રજૂ કરતાં હર્ષ અનુભવું છું.

એકાધિક બૃહદ્ ગ્રંથોના સંપાદક શ્રી મણિભાઈ પ્રજાપતિએ આ કથાની હસ્તપ્રત કાળજીપૂર્વક વાંચ્યા પછી કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં જે પૈકી એક કથાના આરંભે પુરાણા પાટણ વિશે કંઈક લખવા અંગેનું હતું જેનો મેં સહર્ષ અમલ વિસ્તારપૂર્વક કર્યો છે. શ્રી મણિભાઈએ કરેલાં સૂચનો માટે આભારી છું.

ઈ. સ. ૧૯૮૫માં શ્રી રઘુવીરભાઈએ કરેલું સૂચન અવારનવાર ચિત્તમાં ઝબકાર કરી જતું હતું. પછી તો, એક વાર આત્મકથાની સાહિત્યિક વિભાવનાને ચુસ્તપણે વળગી રહ્યા સિવાય ઉપર કહ્યું છે તેમ આવનાર પેઢીઓ માટે આ રચના કરી. લખ્યા પછી એને તપાસી જવા અને ઠીક લાગે તો એના વિશે લખવા મેં રઘુવીરભાઈને વિનંતી કરી જે એમણે પ્રેમપૂર્વક સ્વીકારી અને એમનાં અનેકવિધ રોકાણો વચ્ચે સમય ફાળવીને ઝાઝા વિસ્તારવાળી આ કથા વાંચીને એના વિશે લખ્યું. મારા માટે એમણે લીધેલા આ પરિશ્રમ માટે હું એમનો આભારી છું.

આ આત્મકથા પુસ્તકરૂપે પ્રકાશિત કરવા માટે શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિનો, તેમ જ તે અંગે બધી પ્રકાશનવ્યવસ્થા સંભાળવા માટે સમિતિના સંયોજક શ્રી મણિભાઈ પ્રજાપતિનો આભારી છું.

**– મોહનલાલ પટેલ**

૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઇટ રોડ
અમદાવાદ-૩૮૦૦૧૫
તા. ૩-૪-૨૦૧૨

# અનુક્રમ


૧. અમારો સ્વપ્નપ્રદેશ : અણહિલપુર ........ ૧
૨. ફળિયું : ૧૯૨૭ અને... ........ ૧૧
૩. અમારું નગર ........ ૧૯
૪. ફળિયાના લોકો ........ ૨૭
૫. શૈશવ અને કૈશોર્ય ........ ૩૫
૬. બા ........ ૪૩
૭. પિતાજી ........ ૪૮
૮. પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ ........ ૫૯
૯. વડોદરા કૉલેજમાં ........ ૬૪
૧૦. કારેલીબાગના છાત્રાલયમાં ........ ૭૩
૧૧. લગ્ન અને દામ્પત્ય ........ ૮૬
૧૨. વૅકેશન ........ ૯૨
૧૩. અમદાવાદમાં ........ ૯૫
૧૪. રક્તલાંછિત મહોત્સવ ........ ૧૦૪
૧૫. સર્વ વિદ્યાલયમાં ........ ૧૧૬
૧૬. છાત્રાલયમાં ગૃહપતિ ........ ૧૨૯
૧૭. છાત્રવૃંદ ........ ૧૪૨
૧૮. ઈ. સ. ૧૯૬૦નું વર્ષ ........ ૧૫૩
૧૯. આચાર્ય બનતાં પહેલાં ........ ૧૫૭
૨૦. કંટકછાયો પંથ ........ ૧૬૩
૨૧. ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં ........ ૧૭૧
૨૨. સમસ્યાઓના વમળમાં ........ ૧૮૦
૨૩. આચાર્ય એક નાયક ........ ૧૯૨

૨૪. કથમડપિ પુણ્યેન ........................ ૧૯૭
૨૫. કુઠારાઘાત ........................ ૨૦૦
૨૬. ડંખ ........................ ૨૦૪
૨૭. કોશગત દ્વિરેફ ........................ ૨૧૪
૨૮. સંસ્થામાં હું ........................ ૨૨૧
૨૯. મારા વિદ્યાગુરુઓ ........................ ૨૨૪
૩૦. મારો વાચનવિહાર ........................ ૨૩૯
૩૧. મારી સાહિત્યસર્જન યાત્રા ........................ ૨૪૯
૩૨. ઍવૉર્ડ નહીં, સુખડનો હાર ........................ ૨૭૨
૩૩. રાગ અને રંજ ........................ ૨૭૭
૩૪. ખેતર, ખેતી અને અમે ........................ ૨૮૪
૩૫. બે પારિવારિક ઘટનાઓ ........................ ૨૯૨
૩૬. સ્ત્રીઓ અને હું ........................ ૨૯૬
૩૭. અદૃશ્ય હાથ ........................ ૩૧૯
૩૮. કીસ ઓર ગમનવા... ........................ ૩૨૭
૩૯. સત્યાગ્રહ છાવણી ........................ ૩૩૨
૪૦. આથમતાં અજવાળાં ........................ ૩૩૪
૪૧. જનનાન્તરેડપિ ત્વમેવ ........................ ૩૩૯
૪૨. સોલિટરી કન્ફાઇન્મેન્ટ ........................ ૩૪૭

**પરિશિષ્ટ**

• પરિવાર-વૃક્ષ ........................ ૩૫૧
• ઘટનાક્રમ ........................ ૩૫૨
• મણિભાઈ પ્રજાપતિએ 'મોહનલાલ પટેલ અધ્યયનગ્રંથ' માટે લીધેલી મુલાકાતમાંથી કેટલાક પ્રશ્નોત્તર ........... ૩૭૧
• શ્રી મોહનલાલ પટેલનું લેખન-સર્જન ........................ ૩૯૫
• કેટલાક અભિપ્રાયો / પ્રતિભાવો ........................ ૪૦૦

## ૧
# અમારો સ્વપ્નપ્રદેશ : અણહિલપુર

પુરાણું પાટણ !

અણહિલ નામના ભરવાડે સ્થળ બતાવ્યું અને વનરાજે એના નામે નગર સ્થાપ્યું – અણહિલપુર પાટણ. સ્થાપનાકાળનું વર્ષ હતું સંવત ૮૦૨.

સોલંકીકાળમાં અણહિલપુર સત્તા અને વૈભવના સર્વોચ્ચ કહી શકાય એવા શિખર પર હતું. કુમારપાળના અવસાન પછી બાર વર્ષે એટલે કે સં. ૧૨૪૧માં મુનિ સોમપ્રભસૂરિએ 'કુમારપાળ પ્રતિબોધ'માં નગરનાં ૮૪ ચોક, ૮૪ બજાર, ટંકશાળાઓ અને શરાફોનાં અલગ ચૌટાં વિશે નોંધ કરીને એનું એક મહાનગર તરીકે રોચક વર્ણન કરેલું છે. વળી, હેમચંદ્રસૂરિના પાટણપ્રવેશ વખતે પ્રવેશ મહોત્સવમાં એકઠા થયેલા ૧૮૦૦ કોટિધ્વજ શેઠિયા પાટણની અઢળક સમૃદ્ધિનો બોધ કરે છે, એટલું જ નહીં પણ પાટણમાં વસતા વિશાળ માનવસમુદાયનો સંકેત પણ કરે છે. આ કારણે જ તો પાટણ નરસમુદ્ર તરીકે ઓળખાયું હતું.

દ્વયાશ્રય, કીર્તિકૌમુદી, પ્રબંધ ચિંતામણિ વસંતવિલાસ, મોહરાજ પરાજય, સરસ્વતી પુરાણ, મોટો કુમારપાળ રાસ, ઉપર નિર્દિષ્ટ 'કુમારપાળ પ્રતિબોધ' વગેરે અનેક રચનાઓમાં પાટણ વિશે મનોહર વર્ણન થયેલાં છે. સહસ્રલિંગ સરોવર અને રાણી ઉદયમતિએ ભીમદેવની સ્મૃતિમાં બંધાવેલી વાવ પુરાણા પાટણના અનન્ય અલંકાર સમી શિલ્પ-સ્થાપત્યની રચનાઓ હતાં.

નગર ભવ્ય મંદિરો, પ્રાસાદો, વિહારો, ચૈત્યોથી એનો એક આગવો પ્રભાવ સર્જતું હતું. વનરાજવિહાર, અણહિલ્લેશ્વર મહાદેવ, કર્ણ-મેરુ-પ્રાસાદ, ત્રિભુવનપાલ-વિહાર, કુમાર વિહાર, કુમારપાલેશ્વર, ત્રિપુરા પ્રાસાદ વગેરે પાટણને એમનાં ગગન-ગામી શિખરો, ચમકતા સુવર્ણ કળશો અને લહેરાતી ધજાઓથી રળિયામણું નગર બનાવી રહ્યાં હતાં.

પણ સંવત ૧૩૫૬ (ઈ. સ. ૧૩૦૦)માં અલાઉદ્દીનના લશ્કરે પાટણ ઉપર આક્રમણ કર્યું. લશ્કરે ધાર્મિક સ્થળોનો ધ્વંસ કરવા માંડ્યો સાથે સાથે નગરમાં લૂંટ, આગ, બળાત્કારનો અમાનુષી કેર વર્તાવ્યો. નગરને બેહાલ કરી મૂક્યું.

ગુજરાતમાં રાજપૂત સત્તાનો અંત આવ્યો.

પલટાયેલી સત્તા હેઠળ અણહિલપુરની પ્રજા ભયભીત અને અસુરક્ષિત હતી. પ્રજામાં સ્થળાંતર કરવાની વૃત્તિએ ગજું કાઢવા માંડ્યું.

ઈ. સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના અને એના રાજધાની તરીકેના દરજ્જા પછી અણહિલપુરની રહીસહી રોનકનો જાણે અંત આવ્યો. નવી રાજધાની અમદાવાદ માટે પાટણમાંથી એક લાખ સૈનિકો, ૮૦૦ હાથી, ૩૨૦૦૦ ઊંટ, ૬૦૦ તોપ, ૧૬૦૦૦ ભારવાહક પશુઓ અને ૫ કરોડ રોકડા રૂપિયા મોકલવામાં આવ્યા. આ ઘટનાએ પાટણની પ્રજાને ભારે માનસિક આઘાત પહોંચાડ્યો. અને બાકી રહેતું હોય તેમ ઈ. સ. ૧૪૧૪માં સુલતાન અહમદશાહે એક નવા ધાર્મિક ખાતાની રચના કરી. તાજ-ઉલ-મુલ્કને એનો વડો નિમ્યો અને અણહિલપુરનાં હિન્દુ અને જૈન ધાર્મિક સ્થળોનો નાશ કરવાની જવાબદારી સોંપીને પાટણ મોકલ્યો. નવા નિમાયેલા આ સત્તાધીશે પાટણમાં ભારે ભજવાડ અને ખાનાખરાબી કરી.

નગરની પ્રજાએ મોટા પાયે સ્થળાંતર કરવા માંડ્યું.

અણહિલપુર નિર્જન તો નહીં, પણ એક ખંડિયેર નગરનું રૂપ ધારણ કરવા લાગ્યું.

નગર કેવું કંકાલ શું બની રહ્યું હતું એ વહીવટી સૂબા સુજ્જાતખાન અને પાટણના હાકેમ સફ્દરખાન વચ્ચેના પત્રવ્યવહારથી જાણી શકાશે. અમદાવાદમાં બે સ્મારકો અને એક મદ્રેસાના બાંધકામ માટે સુજ્જાતખાને સફ્દરખાનને પાટણથી આરસપહાણ મોકલવા સૂચવ્યું હતું. જવાબમાં સફ્દરખાને ૨૦૦ ગાડાં આરસનો પથ્થર મોકલીને પત્રમાં લખ્યું હતું : '૨૦૦ ગાડાં મોકલું છું. જરૂર પડ્યે ૧૦૦૦ ગાડાં ભરીને મોકલી શકીશ.'

નગરનો વિસ્તાર એટલો મોટો હતો કે ઉજ્જડ થયા પછી તો એ ઉપયોગમાં લેવાય એવા પથ્થરની ખાણ સમું બની રહ્યું ! રા. ચુ. મોદીની એક નોંધ પ્રમાણે ચૂનાની ભઠ્ઠીઓ માટે દોઢસો વર્ષ સુધી પથ્થર (જળકૃત પથ્થર – sand stone)ની હરાજી થતી રહી હતી. ઘરના ચણતરમાં, ખેતરોમાં કૂવા-થાળાં, પગથિયાં, ચોતરા વગેરેમાં તેમ જ વાવ (બહાદુરશાહની વાવ ?) નવા પાટણના કોટમાં પણ પુરાણા પાટણનો પથ્થર વપરાયો હતો. આજે પણ

નાગરવાડાનાં જૂનાં મકાનોની પછીતમાં પણ એ જોઈ શકાય છે અને શહેરના કોટના રહ્યાસહ્યા અવશેષોમાં એનાં દર્શન થાય છે. કોટમાં એ પથ્થર વપરાયાની પ્રતીતિ એ રીતે થાય છે કે કોઈ પથ્થર કોટમાંથી છૂટો થયો હોય ત્યારે ક્યારેક પાછળના ભાગમાં મૂર્તિનો અંશ નજરે પડે છે. નવા પથ્થર વપરાય ત્યારે આવું દર્શન ન હોય !

નગરની આ સ્થિતિ હોવા છતાં ઈ. સ. ૧૫૬૧ સુધી તો એનું અસ્તિત્વ હોવાનું આપણે આધારભૂત રીતે જાણીએ છીએ. ૧૫૬૧ના જાન્યુઆરીની ૩૧મી તારીખે બહેરામખાને સહસ્રલિંગ સરોવરમાં નૌકાવિહાર કર્યો હતો અને એ જ્યારે સરોવરના પગથારે નૌકામાંથી ઊતર્યો ત્યારે સરોવરનાં પગથિયાં ઉપર જ મુબારક નામના એક પઠાણે એનું ખૂન કર્યું હતું એ હકીકત ઇતિહાસમાં નોંધાયેલી છે.

એ વર્ષોમાંય પુરાણું પાટણ તો હતું; નામશેષ થયું નહોતું. કોઈ પણ નગરમાં સારોય જનસમુદાય સ્થળાંતર કરે એ સ્થિતિમાં હોતો નથી. વિવિધ કારણો હોઈ શકે. જન્મભૂમિ – જન્મસ્થળ સાથેનો અસાધારણ લગાવ, સામાજિક સંકુલમાંથી વેગળા ન થઈ શકવાની મજબૂરી, ગરીબી... આવાં ઘણાં કારણ હોઈ શકે.

તો પછી નવું પાટણ ક્યારે અસ્તિત્વમાં આવ્યું ? અહીં એક કહેવત યાદ કરવા જેવી છે – 'Rome was not built in a day.' એવી રીતે પાટણ પણ એક દિવસમાં અર્થાત્ 'રાતોરાત' ન વસી ગયું હોય. આના કારણે નવું પાટણ વસ્યાનાં જુદાંજુદાં વર્ષની નોંધ થયેલી છે. એક નોંધ પ્રમાણે નવું પાટણ સં. ૧૪૨૫માં વસ્યું. પણ મુનિ કલ્યાણવિજયજીના સંશોધન પ્રમાણે નવું પાટણ સં. ૧૩૭૦માં એટલે કે પાટણ ઉપર સં. ૧૩૫૬માં મુસલમાન સૈન્યના આક્રમણ પછી ૧૫ વર્ષે એ વસ્યું હોવું જોઈએ. માનવ-સ્વભાવને લક્ષમાં લઈએ તો બંને ધારણાઓ સાચી લાગે છે. સરવાળે તો પેલી રોમવાળી કહેવત જ સાચી ઠરે છે. આક્રમણ પછી ભલે જૂજ સંખ્યામાં, પણ લોકોએ શહેર છોડીને કોઈક જગ્યાએ આશ્રય શોધ્યો હતો. પછીનો પ્રવાહ નવી જગ્યા શા માટે શોધે ? જમાવટ થતી જાય અને નગર બને.

નવું પાટણ અનેક આગવી ખાસિયતો સાથે વસ્યું હતું, જે વીસમી સદીના આરંભ સુધી જળવાઈ રહેલી આ લેખકે જોઈ હતી અને માણી હતી.

આખરે પુરાણા પાટણનું શું થયું ?

આ પ્રશ્ન સ્વાભાવિકપણે ઊઠવો જ જોઈએ.

કારણ કે વર્તમાનની પ્રજાએ (કદાચ છેલ્લા ત્રણચાર દાયકાની પ્રજાએ) પુરાણા પાટણનું દર્શન તો કર્યું જ નથી. જે જોયું તે તો એક ટેકરો ! જેને સમય જતાં લોકો રાણીના મહેલ તરીકે સમજવા લાગ્યા હતા. બાંધકામના અણસારના આધારે સ્તો ! બાકી તો, કેટલાક ચોરસ કિલોમીટરના વિસ્તારમાં જમીન ઉપર ઈંટ-રોડાં અને પથરાના ઢગ સિવાય કશું જોવા મળ્યું જ નહોતું. આ ઢગ પણ જોવા ન મળ્યા હોત પણ એ તો ખેડૂતોએ ખેતરની જમીનને ખેતીલાયક બનાવવા જમીનમાંથી ખોદી કાઢેલો પથરાટ હતો; નગરનું દર્શન હરગિજ નહીં.

પુરાણું સારુંયે પાટણ સંપૂર્ણપણે જમીનમાં દટાઈ ચૂક્યું હતું એમાં બે મત હોઈ શકે નહીં.

આવું કેમ બન્યું ?

આ તર્ક અને સંશોધનનો વિષય છે. વિવિધ મત હોઈ શકે. જેના પર પૂરો ભરોસો રાખી શકાય એવા મતની વાત અહીં કરવી છે.

પુરાણું પાટણ ભૂમિગત થયું એ પ્રક્રિયા સમજવા માટે ૬૦થી ૭૦ કરોડ વર્ષ પહેલાં અસ્તિત્વમાં હતી તે અરવલ્લી પર્વતમાળાને લક્ષમાં રાખીને વાતનો આરંભ કરવો પડશે. જગતનો સૌથી પુરાણો પર્વત અરવલ્લી. માત્ર પર્વત નહીં, પર્વતમાળા. એનાં ઘણાં શિખરો હિમાચ્છાદિત હતાં. એના હિમગિરિઓ દ્વારા ભારતની અનેક નદીઓને બારેમાસ ભરપૂર પાણી મળતું હતું.* કુદરતની 'ઘસારો અને નવરચના' પ્રક્રિયા હેઠળ અરવલ્લીએ પોતાની આ ઊંચાઈ ગુમાવી, સમુદ્રની સપાટીએ પહોંચીને ૧૦ કરોડ વર્ષે હાલ જે સ્થિતિ છે તે પ્રાપ્ત કરી. સરસ્વતી નદી એમાંથી નીકળીને મેદાનો તરફ વહે છે. સો વર્ષ પહેલાં આ નદીનું જે સ્વરૂપ હતું તેની આજે સહેજ પણ કલ્પના થઈ શકે એમ નથી. એ વખતે આ નદી ઉપર કોઈ બંધ નહોતા, કાંસ દ્વારા પાણી વાળવામાં આવતું નહોતું. સિદ્ધપુર પછીના પ્રદેશમાં એને ખડકાળ કોઈ કાંઠાનું બંધન નહોતું. માત્ર રેતાળ વિસ્તૃત (ઘણો પહોળો) પટ હતો. ટૂંકો માર્ગ, ઊંચાઈએથી મેદાની પ્રદેશમાં ગતિ એટલે આ નદીનો વેગ અસાધારણ હતો. આ લખનારે ૮૦ વર્ષ અગાઉ આ નદીના સ્વરૂપ અને વેગનો અનુભવ કરેલો છે. એક ઉદાહરણથી આ નદીના સ્વરૂપની વાત સમજાશે. ભાદરવા સુદ ચૌદશની રાત્રિએ જાળેશ્વરનો મેળો

* 'In that remote age, several of its summits rose aboue the sow-line and nourished glaciers of stupendous magnitude, which in their turn fed many rivers.'

– The Indian Empire (Major Landforms) by sir William Hunter

ભરાય છે. એ વર્ષોમાં પટણીઓ આ મેળામાં ઉમંગભેર હાજરી આપતા. (આજે એ સ્થિતિ નથી.) જાળેશ્વરના મેળામાં જવા માટે નદી ઓળંગવી પડે. ભાદરવા મહિનામાં નદી બે કાંઠે વહે. કમ તાકાતવાળા માણસ માટે નદી ઓળંગવાનું લગભગ અશક્ય. પાટણમાં ભૈયાજીના અખાડા તરફથી સ્વયંસેવકો દ્વારા નદીની આરપાર સળંગ દોરડાંના તંગ ખેંચીને એની મદદથી મેળે જનારાઓને નદી ઓળંગવામાં સહાય કરવામાં આવતી.

નદીનો ઘણો પહોળો પટ. કાંઠાનું કોઈ બંધન નહીં એટલે નદી માટે માર્ગ બદલવાનું સુલભ. સહસ્રલિંગ સરોવરનું નિર્માણ થયું (સં. ૧૧૯૨-૯૪) એ વર્ષોમાં સરસ્વતી નદી નગરથી લગભગ બે માઈલ ઉત્તરે વહેતી હતી. નદીમાંથી નહેર દ્વારા પાણી સરોવરમાં લાવવામાં આવ્યું હતું. (ફારસી ઇતિહાસનાં પુસ્તકોમાં અણહિલપુર પાટણ 'નહરવાલા' તરીકે ઓળખ પામ્યું છે.) નહેરના કારણથી પણ, નદી નગરથી દૂર વહેતી હતી એ હકીકત સ્પષ્ટ છે. વળી, બહેરામખાનની કબર, શેખ ફરીદનો રોજો વગેરે બાંધકામ આજે આપણે નદીના અત્યારના વહેણના પટ વચ્ચે જોઈએ છીએ. નદીના વહેણ વચ્ચે કોઈ બાંધકામ ન કરે એટલે આ બાંધકામ થયાં ત્યારે નદીનું વહેણ ત્યાં નહોતું. અત્યારના વહેણથી ઉત્તર તરફ લગભગ બે માઈલ સુધી રેતીનો પટ જોવા મળે છે. આવાં એકાધિક કારણોથી એ હકીકત સ્પષ્ટ છે કે અગાઉ નદી શહેરથી દૂર ઉત્તર તરફ વહેતી હતી. એ પોતાનો માર્ગ બદલતી રહી છે અને હાલ એનું વહેણ પુરાણા પાટણ ઉપર થઈને છે. અલબત્ત, અત્યારે નદીનું વહેણ તો નજરે પડતું નથી પણ એનો પટ નિશ્ચિત ગણી શકાય.

અણહિલપુર તારાજ થયું એ અગાઉ નદીનો પટ નગરની નજીકમાં જ હશે અને ઉપરવાસમાં વધારે વૃષ્ટિ વખતે અથવા નદીના ભારે પૂર વખતે નગર ઉપર હોનારત છવાતી હશે. (અત્યારેય કેટલાંક શહેરો આવી આફતોનો સામનો કરી બેઠાં થઈ જાય છે એમ) આવી કોઈ આફત પછી રાણીની વાવ 'બેઠી' ન થઈ શકી. ક્યાંથી થાય ? જમીનની સપાટીથી ૨૫ મીટર ઊંડી, ૨૦ મીટર પહોળી, ૬૫ મીટર લાંબી, દેવ-દેવીઓ-અપ્સરાઓ-યોગિનીઓ-નાગકન્યાઓની ૪૦૦ કરતાં વધારે પૂરા કદની મૂર્તિઓ તેમ જ ૩૦૦ કરતાં વધારે સ્થંભો ધરાવની સાત માળ અને ચાર પરિઘ (પેવેલિયન) ધરાવતી વાવના સ્ટ્રક્ચરમાં નદીનાં ધસમસતાં પૂર પ્રવેશે ત્યારે બાકી શું રહે ? અનન્ય શિલ્પ-સ્થાપત્યના નમૂનારૂપ આ વાવ એના સર્જન પછી એકાદ દાયકે નામશેષ બની ગઈ* !

* વિગત માટે જુઓ યક્ષકર્દમ (લે. મોહનલાલ પટેલ) 'રાણીની વાવ'

આટલી વાત ઉપરથી એક અનુમાનને પુષ્ટિ મળે છે કે અણહિલપુર પાટણની તારાજી નદીના બદલાયેલા વહેણને લીધે થયેલી છે. જ્યારે જ્યારે નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હશે ત્યારે ત્યારે નદીનાં પાણી નગરમાં ફરી વળ્યાં હશે. નગર વસવાટને લાયક નહીં રહ્યું હોય ત્યારે પણ પૂરનાં પાણીનો એ ક્રમ ચાલુ રહ્યો હશે. ઉત્ખનન પછી માટી અને કાંપના જોવા મળેલા એકાધિક થરના કારણે આ વાતને પુષ્ટિ મળે છે.

એક વૈભવશાળી મહાનગર નજરથી સાવ ઓઝલ થઈને ભૂમિગત બની રહે એ કુદરતનો ક્રૂર ખેલ જ તો !

નજર ન પહોંચે ત્યાં સુધી કોણ જાણે ક્યાં સુધી એ નગર કેરડા, વખડા, બોરડી જેવાં ઝાડ અને કાંટાળાં ઝાડવાં અને ઝાંખરાં વચ્ચે અજાણ્યું રહ્યું હોત, પણ એ નગરના એક અત્યંત મહત્ત્વના અંશને પ્રકાશમાં આવવાનો સંજોગ ઊભો થયો. ઈ. સ. ૧૯૩૫માં 'ગુજરાતી' સાપ્તાહિકની ભેટ નવલકથા 'રાજાધિરાજ' પ્રકાશિત થઈ, એમાં એના અંત ભાગે કનૈયાલાલ ભાઈશંકર દવેનો 'સહસ્રલિંગ સરોવર' શીર્ષક હેઠળ લેખ પ્રગટ થયો હતો. શ્રી દવેએ શોધેલા 'સરસ્વતી પુરાણ'ના આધારે એ લેખ લખ્યો હતો. શ્રી રામલાલ ચુ. મોદીના વાંચવામાં એ લેખ આવ્યો. એમાં શ્રી મોદીને કેટલીક ત્રુટિઓ અને અશુદ્ધિઓ જણાઈ એટલે એમણે શ્રી દવે પાસેથી સરસ્વતી પુરાણની હસ્તપ્રત મેળવી અને એનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. સરસ્વતી પુરાણમાં ૧૮ સર્ગ છે અને તેમાં કુલ ૨૮૯૦ શ્લોક છે. આ ૧૮ સર્ગમાં ૧૫ અને ૧૬ એ બે સારાયે સર્ગ સહસ્રલિંગ સરોવર પર રચાયા છે. આ પુરાણ સિદ્ધરાજ જયસિંહના ઉત્તર રાજ્યકાળ દરમિયાન રચાયું હોય એવો શ્રી કનૈયાલાલ દવેનો મત છે. ૧૫ અને ૧૬ સર્ગમાંનાં વર્ણન નજરે જોયેલી સ્થિતિનાં હોઈ વિશ્વસનીય ગણાય. શ્રી મોદીએ આ વિશ્વાસના આધારે સરસ્વતી પુરાણમાં સહસ્રલિંગ અંગે જે કંઈ વર્ણવાયું હતું તેનાં નિશ્ચિત સ્થળ કલ્પીને શ્રી રવિશંકર રાવળ પાસે નકશો તૈયાર કરાવ્યો. સરોવરનો આકાર ગોળ કલ્પ્યો હતો પણ પછીથી સ્થળોનો ઊંડાણથી વિચાર કરતાં આકાર બદલીને લંબચોરસ કરવાની જરૂર જણાઈ. તૈયાર કરાવેલા નકશામાં નવી કલ્પના મુજબ શ્રી મોદીએ શ્રી મણિલાલ મિસ્ત્રી પાસે નવેસરથી નકશો તૈયાર કરાવ્યો. સરસ્વતી પુરાણની વિગતો, એનાં વર્ણન અને સ્થળનિર્દેશ – આ બધું ધ્યાનમાં રાખીને શ્રી મોદીએ 'સહસ્રલિંગ સરોવરની યોજના' નામનો લેખ તૈયાર કર્યો, જે ઈ. સ. ૧૯૩૬માં અમદાવાદ મુકામે

ગાંધીજીના પ્રમુખપદે ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં વંચાયો.

ગુજરાતના ઇતિહાસના સંશોધક તરીકે શ્રી રા. ચુ. મોદીની પ્રતિષ્ઠા ઘણી ઊંચી હતી.

આ લેખની અસર હેઠળ અસાધારણ લાભ તો એ થયો કે વડોદરા રાજ્યના તત્કાલીન પુરાતત્ત્વ ખાતા તરફથી પુરાણા પાટણના સહસ્રલિંગના સ્થળ ઉપર જુદાં જુદાં સ્થાન નક્કી કરીને ખોદકામ શરૂ થયું.

વડોદરા રાજ્ય તરફથી ખોદકામ ચાલતું હતું ત્યારે હું પાટણ હાઈસ્કૂલના બીજા (હાલના છઠ્ઠા) ધોરણમાં અભ્યાસ કરતો હતો. અમારા વર્ગશિક્ષક નેચર સ્ટડીના પિરિયડમાં જ્યાં ખોદકામ થતું હતું એ વિસ્તારમાં લઈ જતા. એ વખતના અનુભવ વિશે મેં આ પુસ્તકમાં 'વિદ્યાગુરુઓ' 'નેચર સ્ટડી'ના પ્રકરણમાં વિગતે લખ્યું છે એટલે એનું અહીં પુનરાવર્તન ઇષ્ટ માન્યું નથી.

સરોવરના વિશાળ વિસ્તારના કારણે એના કાંઠા અને પગથારનો વિસ્તાર પણ મોટો હતો એટલે પગથાર ઉપર હજાર શિવલિંગ ઉપરાંત વિનાયકતીર્થ, સૂર્યતીર્થ, કોલ્લાતીર્થ, ભૂતતીર્થ, દશાશ્વમેધતીર્થ, મંગલતીર્થ, પ્રભાસતીર્થ, વરાહતીર્થ, ગાંધર્વતીર્થ જેવાં અનેક ધાર્મિક સ્થાનો, ગૌરેય મંદિર, સિદ્ધેશ્વર જેવાં મંદિરો, શિક્ષાગૃહો, સત્રશાળાઓ, ધર્મશાળાઓ, આગારો વગેરે હોવાનું વિસ્તારપૂર્વક વર્ણન સરસ્વતી પુરાણમાં કરેલું છે. આ ઉપરાંત જળવીથી (નહેર), રુદ્રકૂપ, સરોવરમાં પાણીના પ્રવેશ માટેનાં ત્રણ ગરનાળાં (જેનું નામ સંગમતીર્થ આપ્યું છે), રુદ્રકૂપથી સંગમતીર્થ સુધીનો પથ્થરનો પુલ, સરોવરની મધ્યમાં વિન્ધ્યવાસિની દેવીનું મંદિર, એની બાજુમાં બકસ્થળ અને સરોવરની પશ્ચિમે મહાવનનું એમાંનાં વૃક્ષો, લતાઓ, વાવ, તળાવ, કૂવાઓ સાથેનું રોચક વર્ણન છે. સરોવરનો નાશ થતાં ઉપર જણાવેલાં તીર્થો, સત્રો કે ધર્મશાળાઓ ઉત્ખનનમાં જોવા મળ્યાં નથી, પણ એનો અણસાર આપે એવાં વિપુલ પ્રમાણમાં શિખરો અને પથ્થરો તો મળ્યાં જ છે. પણ કાંઠાનાં ઘણાં પગથિયાં, પગથાર, રુદ્રકૂપ, સંગમતીર્થ, રુદ્રકૂપ અને સંગમતીર્થને જોડતો પુલ વગેરે અખંડ સ્થિતિમાં હોય એવાં જોવા મળ્યાં છે. જ્યાં નદીનાં ધસમસતાં પાણી ઠલવાઈને શાંત થતાં હતાં એ રુદ્રકૂપ ભવ્ય છે. એનો વ્યાસ ૪૫ મીટર (૧૩૫ ફૂટ) છે. એ રુદ્રકૂપમાં ધસમસતા વેગથી જેનાં જળ પ્રવેશતાં હતાં એ નદીએ અષાઢ સુદ આઠમના દિવસે સરોવરમાં પ્રવેશ કર્યો એ નીચેના શ્લોક પરથી સમજી શકાય છે. નદીનું

સ્વરૂપ પણ સમજી શકાશે :

**आषाढस्य सिताष्टम्यां सुमते सा महानदी ।**
**महता च जलौघेन मत्स्यकच्छपधारिणी ॥**
**काकतीर्थस्य मध्येन गांधवतीर्थमागता**

શ્રી દવે લખે છે :

'અષાઢ સુદ આઠમને દિવસે સરસ્વતી સ્મશાનમાં આવેલ કાકતીર્થમાંથી ગાંધર્વતીર્થમાં આવ્યાં એમ પુરાણકારે જણાવ્યું છે. કાકતીર્થ સ્મશાનમાં સરસ્વતીના તીરપ્રાંતે નહેરના મૂળ ઉપર આવેલું છે, આથી જણાય છે કે સહસ્રલિંગ સરોવરમાં સરસ્વતીનો પ્રવાહ લાવવા બનાવેલી જળવીથિકા (નહેર)માં સૌથી પ્રથમ જળ અષાઢ સુદ આઠમે આવ્યું હશે એટલે સરસ્રલિંગમાં પણ તે દિવસે જળ આવ્યું હશે...'

પાટણ અને સહસ્રલિંગ સરોવરનું મનોહર વર્ણન અનેક ગ્રંથોમાં છે એમાં વિશેષ કરીને આચાર્ય હેમચંદ્રકૃત દ્વયાશ્રયના પ્રથમ સર્ગ તેમ જ કવિ સોમેશ્વરકૃત કીર્તિકૌમુદીના આચાર્ય વલ્લભજી હરિદત્તે કરેલા સમશ્લોકી અનુવાદમાંથી માત્ર જાણ પૂરતો, સરસ્રલિંગ તળાવના વર્ણનનો એક અંશ અહીં આપ્યો છે :

**ખીલેલ્યાં કમળોની પંક્તિની રજે એક સ્થળે પિંગળ,**
**રાતું સ્ત્રી કુચ કુંભ કુંકુમ રસે થાતું જ બીજે સ્થળ,**
**સ્થાને અન્ય ખીલેલ નીજ કજના પત્રોથી નીલું કર્યું,**
**શ્રેયો રૂપ કરિની ઝુલ્ય સરખું કાસાર શોભે નરૂં.**

અહીં જુદા જુદા સ્થળે જુદા જુદા કારણે જુદા જુદા રંગ – પિંગળ લાલ, લીલોથી શોભી રહેલા આ સરોવરનું એક હૃદયંગમ ચિત્ર પ્રગટે છે.

છેવટે અણહિલપુરને સ્પર્શતી વિધિની એક નાટ્યાત્મક વિચિત્રતા (ડ્રામેટિક સિગ્નિફિકન્સ)ની વાત કરી લઈએ.

પાટણને એના વૈભવ સાથે અનેક ગ્રંથોએ ખૂબ વખાણ્યું. એના કોટ કાંગરા, આવાસો, મહાલયો, પ્રાસાદો, આગારો, કીર્તિસ્થંભ, ધર્મસ્થાનો, સરોવર, ઉપવન, મહાવન, કૂવા, તળાવ, પ્રજા, ઉત્સવ... જે કંઈ વખાણવા જેવું હતું તે ખૂબ વખાણ્યું. માત્ર નામ ન લીધું રાણી ઉદયમતીએ બંધાવેલી વાવનું. સમ ખાવા પૂરતી પણ કોઈ ગ્રંથમાં આ વાવ નહીં. ફક્ત સં. ૧૩૬૧માં વઢવાણમાં પૂરા કરેલા 'પ્રબંધ ચિંતામણિ' ગ્રંથમાં મેરુતુંગાચાર્યે લખ્યું હતું : 'તેની (ભીમદેવની) રાણી ઉદયમતીએ શ્રી પાટણમાં સહસ્રલિંગથી પણ વધારે શોભાયમાન નવી વાવ બંધાવી' આ વિધાનમાં મેરુતુંગાચાર્યે વાવનું વર્ણન કર્યું

નથી. માત્ર એક હકીકતનો નિર્દેશ કર્યો છે. સોલંકીકાળમાં અને તે પછી પણ, રચાયેલા જથ્થાબંધ સાહિત્યમાં રાણીની વાવના ફાળે એનું અસ્તિત્વ દર્શાવવા પૂરતું એક વાક્ય આવ્યું છે. જોકે એ વાક્ય અનેક ગ્રંથો કહી શકે એટલું કહી નાખે છે.

વાત સાચી છે. ઈ. સ. ૧૯૬૦ પછી જ્યારે રાણીની વાવના સ્થાન પર ઉત્ખનન થયું અને રાણીની વાવનું સ્વરૂપ ઉઘાડ પામ્યું ત્યારે એણે એના સ્થાપત્ય અને શિલ્પથી સારાયે સોલંકીકાળને એક પ્રકારના ઉત્કૃષ્ટ ગૌરવથી આલોકિત કરી મૂક્યો !

એના આર્કિટેક્ચરની કેવી વૈજ્ઞાનિક ચોકસાઈ ! રાણીની વાવ મુખ્યત્વે તો વિષ્ણુને સમર્પિત હતી. વાવના કૂવામાં બીજા, ત્રીજા અને ચોથા માળની બરાબર સામે શેષશાયી વિષ્ણુની મૂર્તિઓ એવી રીતે સ્થાપિત કરવામાં આવી છે કે વસંત સંપાત (૨૧ માર્ચ) અને શરદ સંપાત (૨૩, સપ્ટેમ્બર)ના દિવસોએ વાવના ત્રણસો જેટલા સ્થંભોના વનને પાર કરીને સૂર્યનાં કિરણ કોઈ પણ અવરોધ વગર સીધાં એ મૂર્તિઓ પર પડે !

રાણીની વાવના ખોદકામ પછી એનું જે સ્વરૂપ પ્રકાશમાં આવ્યું છે એ પુરાતત્ત્વવિદોને એમ કહેવા પ્રેરે છે કે આ વાવના શિલ્પવિધાનમાં કેટલુંક એવું છે જે બીજે જોવા મળતું નથી. ઉજ્જૈન યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદ્ પ્રો. વાકણકરે એમના એક પ્રવચનમાં આ પ્રમાણે કહ્યું હતું : 'મેં એશિયાભરનાં જાણીતાં પ્રાચીન સ્થાપત્યો જોયાં છે, પણ રાણીની વાવના શિલ્પની બરોબરી કરે એવી કળા મને બીજે ક્યાંય જોવા મળી નથી.' શ્રી શ્રીપાદ ચિતળેએ પણ રાણીની વાવના અનન્યત્વ વિશે ઠીક ઠીક અધિકારપૂર્વક કહ્યું છે. સપ્ટેમ્બર, ૧૯૯૫માં અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વ્યાખ્યાનમાળાના ઉપક્રમે 'રાની કી વાપી સ્કલ્પ્ચર્સ'ને લગતી વ્યાખ્યાનમાળામાં શ્રી જયકિશનદાસ સાદાણીએ, એમણે આપેલાં ત્રણ પ્રવચનોમાં રાણીની વાવનાં શિલ્પોની ઉત્કૃષ્ટ કલા વિશે ઘણો ઊંચો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

આપણે ત્યાં પ્રાચીન કે મધ્યકાળમાં ઇતિહાસલેખનની પ્રથા સ્થાપિત થઈ નથી એટલે અતીતની ઘટનાઓ કે ઇતિહાસની જાણકારી માટે આપણે પ્રબંધો, રાસાઓ, પ્રશસ્તિઓ, શિલાલેખો, દાનપત્રો વગેરે સાધનોનો આધાર લેવો પડે છે. ઇતિહાસલેખનના અભાવે દંતકથાઓ અને લોકકથાઓ વહેતી થાય છે જેમાં ઘણી ભેળસેળ પણ થતી રહે છે. સોલંકીકાળ એમાંથી મુક્ત નથી.

ઈ. સ. ૭૯ના ઑગસ્ટ માસની ૨૪મી તારીખે ઇટાલિમાં જ્વાળામુખી વિસુવિયસનો વિસ્ફોટ થયો હતો. જ્વાળામુખમાંથી ફેંકાયેલા લાવા હેઠળ આવૃત્ત થઈને પૉમ્પિયાઈ (પૉમ્પે) અને હરક્યુલેનિયમ શહેરો નામશેષ થઈ ગયાં હતાં. પ્લીનીની લિખિત ડાયરીએ ઇતિહાસના રૂપમાં એ વિકરાળ ઘટનાનું વિગતવાર વર્ણન આપણને આપ્યું. અણહિલપુરના દાટ વિશે આવું લખાયું હોત તો આપણે તર્કયુક્ત ધારણાઓનો આશ્રય લેવાની જરૂર પડી ન હોત.

ઉત્ખનન તો માત્ર સહસ્રલિંગ સરોવર અને રાણીની વાવ પૂરતું થયું. ૮૪ ચૌટાંવાળું નરસમુદ્ર પાટણ તો હજુ ભૂમિના થર નીચે સૂતેલું છે. એ સાવ ઓઝલ હોવા છતાં અમારા માટે હજુય એક સ્વપ્નપ્રદેશ છે. નવું પાટણ રળિયામણું છે પણ હજુ અણહિલપુર પાટણથી અમારો નાળવિચ્છેદ થયો નથી એટલે કાર્યારંભે જેમ ગણપતિને સ્મરવાની આપણી રીત છે એમ પોતાની વાત કરવાના આરંભે પુરાણા પાટણને યાદ કરી લેવાની ઇચ્છા રોકી શકાઈ નથી.

■

# ૨
# ફળિયું : ૧૯૨૭ અને...

જળચોક અને જોગીવાડો પાટણ શહેરના અંતર્ગત બે મહોલ્લા, પણ એમનું અસ્તિત્વ એક સ્વતંત્ર ગામ જેવું. જોગીવાડો એક વિશાળ વર્તુળાકારે અને જળચોક પાઘડીપને. થોડા અપવાદ સિવાય આ બે મહોલ્લાઓના રહેવાસીઓ પાટીદાર કોમના. વ્યવસાય ખેતી અને પશુપાલન. એમનાં ઘર દોઢસો. વહીવંચાનો ચોપડો એક જ. મૂળ શોધવાં જઈએ તો પૂર્વજોમાં બે કે ત્રણ નામ મળે. એટલે જ તો જળચોક-જોગીવાડાના આ પાટીદારોની વસાહતના માથે મુદ્રા અંકાઈ સ્વતંત્ર ગામની.

મારું જન્મસ્થાન જોગીવાડામાં. આ જોગીવાડામાં ૭૦ જેટલાં ઘર. પાંચ અપવાદ સિવાય કોઈ ઘર મેડીબંધ નહીં. અપવાદ સિવાયનાં ઘર ઉપર મેડીને બદલે ડાગળાની રચના. ડાગળામાં ઘાસના પૂળા, ભાદરવા-આસો મહિનામાં ઘરઆંગણે સૂકવેલું ઘાસ (Hay) અને બાર મહિનાના બળતણનો જથ્થો – ઠાંસીને ભરેલાં હોય.

કેટલાક ડાગળા એક ઈંટની દીવાલથી બંધ હોય. દીવાલમાં એક નાની ચોરસ બારી અથવા અજવાળા માટે ઈંટોના ચણતરથી બનાવેલું જાળિયું હોય. પણ મોટા ભાગના ડાગળા સાવ ખુલ્લા. કંટ્રી ઈંટ અને માટીમાં ચણેલાં આ બધાં ઘરમાંથી કોઈનેય પ્લાસ્ટર નહીં. ઉઘાડી ઈંટોના ચણતર ઉપર છાણાં થપાય.

મહોલ્લાનાં કેટલાંક ઘર સાવ ખાલી. આવાં ખાલી ઘર રાત્રે પુત્ર અને પુત્રવધૂના શયનગૃહ તરીકે ઉપયોગમાં લેવાય. ફળિયાની કોઈ ઓરડી ખાલી હોય તો બપોરના સમયે વૃદ્ધો ત્યાં ઢાળો કરે અને રાત્રે એમાં બળદ બંધાય.

ફળિયા વચ્ચે મેદાન કહી શકાય એવી ખુલ્લી જગ્યામાં કિશોરો દિવસે સાતતાળી, ગિલ્લીદંડા, ગેડીદડા, મારદડી, હતુતુ (કબડ્ડી) જેવી રમતો રમતા

અને અજવાળી રાત્રે યુવાનો અગરપાટ જેવી રમત જમાવતા. જન્માષ્ટમીથી દિવાળી સુધી પાટણમાં પતંગની મોસમ. યુવાનો અને બાળકો સહિત કિશોરો ફળિયા વચ્ચેના આ વિશાળ ચોગાનમાં પતંગ ચગાવવાની મજા માણતા. પેચ તો ઊંચા આકાશે કોઈ બીજા ફળિયામાં ઊડતા પતંગ સાથે જ.

વપરાશ માટે મ્યુનિસિપાલિટીની ટાંકીમાંથી પાણી ભરી લાવવું પડતું એટલે પાણીનો વપરાશ આપોઆપ કરકસરભર્યો બની જતો. પુરુષોનું નાહવાધોવાનું મોટા ભાગે ખેતરમાં થતું. સ્ત્રીઓ ઘરઆંગણે ખાટલાની આડશ રચીને નહાઈ લેતી. બાળકોના નાહવાનો કાર્યક્રમ નક્કી નહીં. મા એમને ગમે ત્યારે ખંખોળિયું ખવડાવી લે. ઘરડા આદમીઓ ઘરઆંગણે મૂકેલા પથ્થર ઉપર બેસીને 'હર ગંગે' 'હર ગંગે' રટતા અર્ધી-પોણી ડોલના પાણીથી નહાયાનો સંતોષ માની લેતા. કોઈ વૃદ્ધ નાહતો હોય ત્યારે ક્યારેક ફળિયાની કોઈ વહુવારુ ત્યાં પહોંચી જઈને કાંડાં અને હથેળીઓનો ભાર દઈને વૃદ્ધની પીઠ ઉપરનો મેલ ઉતારવા લાગી જતી. ડોસા વિવેક ખાતર 'બસ ભા' 'બસ ભા, બહુ થયું' બોલતા રહે અને વહુનાં કંગન અથવા બંગડીઓ રણકાર કરતાં રહે.

પાટણમાં ઈ. સ. ૧૯૩૩માં વીજળી માટે થાંભલા નંખાયા અને સ્ટ્રીટ લાઇટો આવી. એ અગાઉ ક્યાંક ક્યાંક થોડી ઊંચાઈના થાંભલા ઉપર ચાર બાજુવાળાં નીચે સાંકડાં અને ઉપર પહોળાં ફાનસ હતાં. આવાં ફાનસનું અજવાળું તે કેટલું ? નજીકના વિસ્તારમાં હરતોફરતો માણસ ઠોકર ન ખાય એટલું કામ એ આપે.

વીજળીના દીવા આવ્યા પછી ફળિયામાં ચંદ્રના અજવાળાનું કાવ્ય ભૂતકાળ બની ગયું.

ઘણુંખરું મ્યુનિસિપાલિટીની સ્ત્રી-સફાઈકામદાર દ્વારા રોજ ફળિયાની સફાઈ થતી, પણ મહિનામાં એકાદ વાર સ્ત્રી-પુરુષોનું સફાઈકામદાર જૂથ ફળિયાની સંપૂર્ણ સફાઈ માટે આવતું. આ જૂથ સાથે નિરીક્ષક-મુકાદમ પણ હોય. સ્ત્રી હોય કે પુરુષ કામમાં સહેજ પણ શિથિલતા કે ચૂક જણાય તો આ નિરીક્ષકના મુખમાંથી અભદ્ર ગાળ નીકળતી.

એક વાર મેં અમારા પાડોશી ખુશાલકાકાને પૂછ્યું : 'આ માણસ આવી ગાળો કેમ બોલે છે ?'

ખુશાલકાકા કહે, 'એ પ્રતાપ છે એની ટોપીનો !'

'ટોપીનો ?'

'હા.'

'એ કેવી રીતે ?'

'તું જોતો નથી, ફોજદાર પહેરે એવી કાળાં રૂંછાંવાળી ટોપી એ પહેરે છે. એ ટોપીને લીધે જ એ આટલો રોફ મારે છે.'

આ તર્ક મારા મનમાં બેઠો નહીં, પણ રૂંછાંવાળી ટોપી પહેરેલા પેલા નિરીક્ષકની મારા મનમાં દૃઢ થયેલી છબી આજે પણ એટલી સુરેખ છે જેટલી એ ત્યારે અંકાઈ હતી !

મહોલ્લામાં એક વિશાળકાય લીમડો હતો. હવે એ રહ્યો નથી પણ મારી ઊતરતી યુવાવસ્થા સુધી તો એ હતો. મેં એને ખખડધજ સ્થિતિમાં જોયેલો. એનું કદ કોઈ પણ વ્યક્તિની આંખને વિસ્મયથી પહોળી કરી દે એવું હતું. એના થડને બાથમાં લેવા માટે બે માણસ જોઈએ. આ લીમડો ક્યારે વવાયો એ વિશે કોઈ કંઈ કહી શકતું નહોતું.

ધોમધખતા ઉનાળાની બપોરે એની છાયામાં કેટલાક વૃદ્ધો માથે ફાળિયાનું ઓશીકું કરીને ખાટલામાં ખુલ્લી કાયાએ આરામ કરતા. લીમડાની આ છાયામાં કેટલીક ભેંસો પણ બંધ આંખે બેસી રહેતી. ઉનાળાની બપોરે ઊંઘ લેવા ટેવાયેલાં ઘરનાં મોટેરાં ઘરમાં કોલાહલ મચાવતાં બાળકોને ઘરબહાર ધકેલી દેતાં. આવાં બાળકો આ લીમડા નીચે રમતાં. રમતમાં ધીંગામસ્તીએ ચઢેલાં એ બાળકોમાંથી કોઈ ભેંસની નજીક આવી જાય તો ભેંસ માથું ઉલાળીને શિંગડાનો ડારો દેખાડીને પોતાની સલામતી જાળવી લેતી.

નટ કે મદારીના ખેલ માટે આ લીમડાની છાયા એક આદર્શ સ્થળ. નટમંડળીનું આગમન તો ઝાઝાં વર્ષોના ગાળા પછી થતું, પણ મદારીનાં મહુવર કે ડમરુ આ લીમડા નીચે વારંવાર બજતાં અને ગાજતાં.

રામલીલાની મંડળીને પણ આ મહોલ્લો પ્રેમથી આવકારતો. આ મંડળી ફળિયામાંના જૈન દેરાસરની સામેની ધર્મશાળાના ઓટલાને લગતા વાંસડા ખોડીને આડા-ઊભા વાંસડે પડદા અને વિંગો બાંધીને ભજવણી માટેનો તખતો તૈયાર કરી દેતા. જળચોક – જોગીવાડાના તેમ જ આસપાસનાં ફળિયાંના લોકો અહીં ભજવાતાં નાટકના ખેલ મોડી રાત સુધી બેસીને લગાવપૂર્વક જોતા.

દર પાંચ-સાત વર્ષે વિસનગરથી વહીવંચા બારોટ આવે. એમની દળદાર વહીમાંથી આ લીમડા નીચે નાખેલી પાટ પર બેસીને દરેક કુટુંબનું વંશવૃક્ષ ઉકેલે અને સાથે સાથે અવારનવાર એમની અવળવાણી કે વ્યંગ દ્વારા સામે ઉપસ્થિત મેદનીના મનનું રંજન કરતા રહે. ક્યારેક હસતાં હસતાં 'વઢકણી વહુ આવો અને લઢી વઢીને જુદાં થાઓ' જેવું એમના અંગત લાભનું સૂત્ર પણ

બોલી નાખે.

શૈશવમાં આ લીમડાથી મારું પ્રભાત ઊઘડતું. આગલી સાંજે રાતભર વિશ્રામ કરવા લીમડાનાં ડાળાંમાં ગોઠવાઈ ગયેલા અસંખ્ય કાગડા વહેલી સવારે પૂર્વ દિશામાં પ્રભાતના અજવાળાનાં એંધાણ મંડાય એટલે મુખર બનવા લાગે અને થોડી પળોમાં તો લીમડા ઉપર કાગારોળનો ઘટાટોપ રચાઈ જાય.

કાગડા ધીરે ધીરે વિદાય લેવા માંડે, કાગારોળ મંદ પડે અને છેવટે લીમડો સૂનો થઈ જાય.

કાગડા એમના અવાજની કર્કશતા માટે કુખ્યાત છે. પણ મને કાગડાનો અવાજ કદી કર્કશ લાગ્યો નથી. શિશુવયમાં કાગડાઓના કોરસ સમૂહગાનમાં રાચવા ટેવાયેલું મન આજે પણ એ અવાજનો આહ્‌લાદ માણતું રહ્યું છે.

થોડી વારે જ્યારે સૂર્યનાં કિરણ લીમડાની ટોચને સુવર્ણમુગટ બનાવે ત્યારે ટોચ ઉપર બેઠેલા પોપટવૃન્દની હલચલ શરૂ થાય. એ હલચલના કારણે જ પોપટનું લીમડા પરનું હોવાપણું સમજાય. બાકી, પાકવા માંડેલાં લીમડાનાં પાન અને પોપટનો રંગ એક.

ફળિયામાં ટપાલી બપોરે અઢીથી ત્રણના સમયગાળામાં આવે. ઘણુંખરું ટપાલ નાથાલાલ ભાઈચંદની જ હોય. આ નાથાલાલ નાયક એક વખત નાટક કંપનીના જાણીતા પેટીમાસ્તર. એમણે એકાએક પેટી વગાડવાનું છોડી દીધું હતું એવી વાયકા પ્રચલિત હતી. ટપાલી લીમડા નીચે રહીને મોટેથી સાદ કરે : 'નાથાલાલ ભાઈચંદ !' અને સામે ત્રીસ-પાંત્રીસ મીટરને અંતરે આવેલા એક ઘરમાંથી ઘણુંખરું નાથાલાલની નાની પુત્રી લીલી દોડતી આવે અને ખાખી ફાળિયાવાળા ટપાલીકાકા પાસેથી ટપાલ ઝડપી લે.

બપોરના ગાળામાં નિયમિતપણે આવીને લીમડા નીચે ઊભો રહેતો એક પાનની લારીવાળો અમારા માટે કુતૂહલનું કારણ હતો. ફળિયામાં છૂટક પાન ખરીદનાર કોઈ નહોતું. કથા કે લગ્ન જેવા પ્રસંગ માટે જરૂરી પાન પણ આ લારીવાળા પાસેથી કોઈને લેતાં અમે કદી જોયેલાં નહીં, છતાં લાલ ભડક રંગે રંગેલી લારી સાથે આ માણસ રોજ અચૂક આવતો. આવીને આખો મહોલ્લો સાંભળી શકે એવો 'એક પૂના (પાન ?)નો બગીચો, અઢી આને સો.' સાદ પાડીને એ માણસ માથેથી ટોપી ઉતારીને રૂમાલથી ટાલવાળું માથું ઘસ્યા કરતો. કોઈ ગ્રાહક ડોકાય છે કે નહીં એ જોવા માટે પણ એ કદી નજર ફેરવતો હોય એવું જણાતું નહીં. બપોરના તાપમાં નાગરવાડા, બૂકડી વગેરે લત્તાઓમાં ફર્યા પછી થાક ઉતારવા માટે જ આ માણસ અમારા લીમડાની છાયામાં ટાઢક શોધતો

આવતો હશે ? એ લારીની સ્મૃતિ આજે પણ પેલું વણઊકલ્યું કુતૂહલ ફરી ફરી ઉખેળે છે.

મહોલ્લાના પૂર્વ છેડે શ્યામળા પાર્શ્વનાથનું દેરાસર છે. આ દેરાસરનો મહિમા મોટો. પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના સ્થાન પછી ભક્તિ અને શ્રદ્ધાની દૃષ્ટિએ આ દેરાસર બીજા ક્રમે ગણાય. દેરાસરની સામે ઉતારા માટે રસોડા તથા સ્નાનગૃહ સાથેની એક મોટી વાડી હતી. દેરાસરની પાછળની બાજુએ એક મોટી ફૂલવાડી હતી એમાં ગુલાબ, મોગરો, ડમરો, કેવડો, બારમાસી વગેરે અનેક જાતના ફૂલછોડ અને બોરસલી જેવાં વૃક્ષ હતાં. કેવડાનાં તો ઝુંડ ! એમાંથી ચિત્તને તરબતર કરી દે એવી માદક સુગંધ પ્રગટતી. કેવડાના ઝુંડમાં સાપનો વાસ હોય છે એવા એક ખ્યાલ હેઠળ અમે કેવડાની નજીક જવાનું સાહસ કરતા નહીં. વાડીમાં કેળ અને જામફળનાં પણ ઝાડ હતાં.

ઉત્સવના દિવસોમાં દેરાસર આગળ મંડપ બંધાતો અને વહેલી સવારથી દેરાસર સામેના ટકોરખાનામાં નગારાં વાગતાં અને શરણાઈના સૂર રેલાતા. મોટા ઉત્સવ વખતે રાત્રે રોશની થતી. આ રોશનીના આયોજનની એક ખાસ રીત હતી. પાણીના અર્ધા ભરેલા કાચના ગ્લાસમાં પાણીની સપાટી ઉપર એકાદ ઇંચના થર જેટલું કોપરેલ તરતું હોય. આ તરતા કોપરેલમાં જુવારના સાંઠાના થર્મોકોલ જેવા નરમ ગર્ભ અને સાંઠાની સળીઓની મદદથી બનાવેલી રિંગ હોય. રિંગના મધ્યભાગમાં રહેલા સાંઠાના ગર્ભને શારીને પરોવેલી દીવેટ સળગાવતાં દીપક પ્રગટે અને અજવાળું ફેલાય. કાચના ગ્લાસમાં તરતા આવા અસંખ્ય દીપકો લાકડાના સ્ટૅન્ડ પર લગાવેલા બોર્ડમાં ફીટ કરેલી રિંગોમાં ભરાવવામાં આવ્યા હોય. સ્ટૅન્ડ મોટી સંખ્યામાં હોય એટલે દેરાસરનું પરિસર રોશનીથી ઝળહળી ઊઠતું.

આ દેરાસર વીસમી સદીના લગભગ અંત સુધી શિખર વિનાનું હતું. સદીનાં છેલ્લાં વર્ષોમાં એને પાયાથી નવેસર બાંધવામાં આવ્યું છે. હવે ત્રણ શિખરોવાળું આ દેરાસર ત્રણ સુવર્ણ કળશોથી શોભી રહ્યું છે. સૂર્યપ્રકાશમાં આલોકિત થતા આ સુવર્ણકળશો દૂરથી પણ દર્શનીય બની રહે છે.

જોગીવાડો છ વાડીઓ સાથે સંકળાયેલો છે. એ વાડીઓમાં ઘૂઘરાબાવાની વાડી અન્ય વાડીઓથી જુદી તરી આવે છે. એ વખતે એક મોટા ખેતર જેટલો એનો વિસ્તાર. એના દક્ષિણ ભાગમાં કેટલાંક મંદિરો. વર્ષ દરમિયાન શહેરમાં ભરાતા વીસ-પચીસ મેળાઓ પૈકીનો દિવાસાનો મેળો આ વાડીમાં મોટા પાયા પર ભરાતો. (હવે સાપ ગયા અને લિસોટા રહ્યા જેવી સ્થિતિ છે. ઉત્સાહ અને

ઉમંગ વગરનો નાના પાયા પર ભરાતો મેળો !)

આ વાડી સાથેની જોગીવાડાની નિસબત વીંછી અને સાપના કારણે વિશેષ રૂપે હતી. વાડીના જોગીવાડા તરફ (ઉત્તર)ના ભાગમાં ખીચોખીચ ઝાડવાં અને ઝાંખરાં. પકડાયેલા વીંછી અને સાપ નાખવાનું આદર્શ સ્થાન વાડીનો આ ઉત્તર ભાગ. મહોલ્લામાં વીંછી કે સાપની કશી નવાઈ નહીં. વીંછી કે સાપ ગમે ત્યારે દેખા દે. ઘર છાણમાટીથી લીંપાય એટલે વીંછી ઘરમાંથી નીકળે. સાપ મોટા ભાગે મહોલ્લામાં ફરતા જોવા મળે. ક્યારેક ઘરમાં પણ જોવા મળે. સાપમાં મોટા ભાગે ચીતળિયાં, ભંફોડાં, આંધળી ચાકરણ વગેરે દેખાય ક્યારેક નાગ પણ જોવા મળે. ફળિયામાંના એક અવાવર વંડાની દીવાલ પર પાટલા ઘોને ચઢતી અને વંડામાં ઊતરતી મેં જોયેલી.

ફળિયામાં સાપ નજરે પડે ત્યારે એકાદ સાહસિક જુવાન લાકડી કે ડાંગના નીચલા છેડાથી સાપનું મોઢું દબાવી રાખીને એને આગળ વધતો અટકાવી રાખે. આ દરમિયાન બીજો કોઈ જુવાન ગલા ઘાંચીને ત્યાંથી સાપ પકડવાનો સાણસો લઈ આવવા દોડે. ગલા ઘાંચી પોતે અથવા ઘરનું કોઈ માણસ સાડાત્રણ ફૂટ લાંબો લોખંડનો મજબૂત સાણસો આપતાં કહે, ‘જો જો હોં, સાપને મારતા નહીં.’

સાપને સાણસાથી પકડ્યા પછી એને માટીની નાની માટલી કે મોરિયામાં પ્રથમ પૂંછડી દાખલ કરીને ઉતારવામાં આવે. ત્યાર બાદ માટલી કે મોરિયાને ચપણિયાથી ઢાંકીને હથેળી વડે ઢાંકણાને બરાબર દબાવી રાખવામાં આવે. ઢાંકણું દાબેલું રાખનાર જુવાન આ માટલી કે મોરિયાને લઈને ઘૂઘરાબાવાની વાડી તરફ પ્રયાણ કરે અને દીવાલ બહાર ઊભા રહીને હાથમાંનું પાત્ર વાડીમાં નાખી દે.

મહોલ્લા બહાર વૈષ્ણવ વણિકોની વાડી (જે હાલ લગ્ન-સમારંભો માટે વપરાય છે)માં એક મહાકાય આંબલીનું વૃક્ષ હતું, એના પર બે ગીધનો કાયમી વાસ. ઘણુંખરું દિવસ આથમ્યા પછી એ ઝાડ પર બેસીને આ ગીધ ચૂલામાં ધાતુની ભૂંગળી ફૂંકતાં નીકળે એવો અવાજ કાઢતાં. સતત નીકળતો રહેતો આ અવાજ એક પ્રકારના સંગીતનો અનુભવ કરાવતો હતો.

આ વાડીએ બાવાઓની જમાત કેવી હોય અને એમની સાથેનો લોક-વ્યવહાર કેવો હોય એનું એક રઢિયાળું ચિત્ર ચિત્તમાં મુદ્રિત કરી આપ્યું છે. સ્ટેશન વિસ્તારની કોઈ ખાલી જગ્યામાં બાવાઓની એક મોટી જમાત ઊતરેલી.

એક સાંજના આ જમાતના ભોજનની વ્યવસ્થા આ વાડીમાં હતી. બાવાઓના ભોજન સંદર્ભે ‘કાલી રોટી અને ધોળી દાળ’ પ્રયોગ પ્રચલિત છે.

એ દિવસે સાધુઓના આટલા મોટા સમૂહને માલપૂડા અને દૂધપાકનું ભોજન પ્રેમથી જમતો જોયો.

જોગીવાડાના વર્તુળાકાર સાથે ટેન્જન્ટ રૂપે જોડાયેલી શેરીના સામે છેડે વીરચંદ સુથારનું ઘર. આ વીરચંદ સુથાર થાળીવાજું (ગ્રામોફોન) લાવેલા. રોજ રાત્રે વાળુપાણી પછી એ પોતાના ઓટલા પર આ ગ્રામોફોન લઈને વગાડવા બેસતા. લોકો માટે આ એક મોટું મનોરંજનનું સાધન. ઓટલાની સામે મહોલ્લાનું લોક ગોઠવાઈ જાય. વીરચંદ સુથાર થાળી (રેકોર્ડ)ની બે બાજુ વગાડ્યા પછી પિન બદલે અને હૅન્ડલથી વાજાને ચાવી આપે. વળી નવી થાળી મૂકે. મુકાયેલી થાળીઓમાંનું એક ગીત અર્ધુંપર્ધું સ્મરણમાં રહી ગયું છે : 'ડાકોર ગામમાં, ડાકોર ગામમાં... ભજનધૂન થઈ, થઈ થઈ...ડાકોર ગામમાં...'

શેરીના નાકે ડાહ્યા ગોરની ઘોડી જે ઘરમાં બંધાતી હતી એની બાજુમાં એક સાવ સાંકડું પણ મેડીબંધ ઘર બંધાયું હતું, એમાં કોણ રહેતું હતું એ ખબર નથી, પણ એ મકાનની મેડી પરથી એક ગીત (ગઝલ)નો બુલંદ અવાજ મેં સાંભળ્યો હતો :

**'અય હકીમો જાવ, દુનિયામાં મારી દવા કોઈ નથી**
**હું ઇશ્કનો બીમાર છું, બીજી બીમારી કોઈ નથી.'**

૭૫ વર્ષ પહેલાં કોઈ કંઠમાંથી નીકળેલો એ બુલંદ સૂર આજે પણ મારા ચિત્તમાં ગાજતો સંભળાય છે.

શરદઋતુ એટલે ખેડૂતો માટે ઘાસની સુકવણીની મોસમ. લગભગ પ્રત્યેક ઘરના આંગણામાં સુકવણી માટે ઘાસ પાથરેલું હોય. ઘાસના કલ્લાઓને ઉપરતળે કરતી કોઈ તરુણીમાં વર્ડ્ઝવર્થ જેવા કોઈ કવિને 'સોલિટરી રીપર'ના જેવી કોઈ કન્યાનાં દર્શન જરૂર થાય.

શિયાળાની ઠંડીની રાતોમાં મહોલ્લામાં બેચાર તાપણાં તો થતાં જ. અહીં મોડી રાત સુધી રોમાંચક અને રસભરી વાતોનો સિલસિલો ચાલુ રહેતો.

કાળઝાળ ઉનાળા પછી નિયત સમયે વરસાદ ન આવે તો ફળિયાની જુવાન છોકરીઓ અને નવી વહુવારુઓ વર્ષાગીતોની રમઝટ બોલાવે. એવા એક ગીતની સૂરાવલિ હજુ કાનમાં ગુંજ્યા કરે છે :

'ઓ મેઘરાજા, તમે વરસો છો કે દુનિયા દલવટ જાય છે...' અને મેઘરાજાનો આ જવાબ –

'હું ક્યમ વરસું એકલો રે વીજળબાઈ ગયાં છે પરદેશ...'

મધુર કાવ્યની કોઈ પંક્તિ જેવા આનંદભર્યા આ જોગીવાડામાં ઈ.સ. ૧૯૨૭ના એપ્રિલની ૩૦મી તારીખે મારો જન્મ થયો.

સરસ્વતી નદી, ત્રણ તળાવ (ખાન સરોવર, ગુંગડી તળાવ અને પીતાંબર તળાવ), ત્રણ વાવ (સિંધવાઈ, ગુંગડી તળાવના કાંઠા પરની વાવ અને બહાદુરશાની વાવ જે ત્રિકમ બારોટની વાવ તરીકે ઓળખાય છે), ત્રણ કૂવા (દેરાણી-જેઠાણીના બે અને બજિવો કૂવો), સરસ્વતી નદીના કાંઠા પરનો અખૂટ જળભંડારરૂપ બ્રહ્મકુંડ... આ વૈભવ સાથે અડીખમ બાર દરવાજાવાળું અન્ય કોઈ નગર ગુજરાતમાં તો શું, ભારતભરમાં શોધ્યું ન જડે. કાંઠાના કોઈ બંધને સ્વીકાર્યા વિના નિર્બંધ પટ વિસ્તારમાં ૧૧૪ કિલોમીટરનું વહેણ પૂરું કરીને કચ્છના નાના રણમાં સ્વયં વિસર્જિત થઈ જનાર સરસ્વતી નદી અને તેનો અસાધારણ વેગ નગરની અનન્યતામાં ઉમેરો કરે છે.

જેના ભાગ્યમાં આવી લખલૂંટ સમૃદ્ધિનો ભોગવટો નિર્માયો હોય એ બીજા કોઈ સ્વર્ગની કામના શા માટે કરે ?

આ કથાના વખતમાં પાટણના ૩૫૦૦૦ નગરજનો આ ભોગવટાના અધિકારી હતા.

■

# ૩
# અમારું નગર

એ વર્ષોમાં સરકારી વાહનવ્યવહાર નિગમ (સ્ટેટ ટ્રાન્સપોર્ટ) નહીં, મુખ્ય વાહનવ્યવહાર રેલવેનો. પાટણ રેલવે જંક્શન સ્ટેશન નહીં પણ બે કંપનીઓ – G.B.S.R. (ગાયકવાડ બરોડા સ્ટેટ રેલવે) અને B.B. & C.T.R. (બૉમ્બે બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા રેલવે)

સાફસૂતરું રેલવે પ્લૅટફૉર્મ. ઉત્તર તરફ ઊંચાંઊંચાં ઝાડ. એની ડાળીઓ પર લટકતી વાગોળો. એક રળિયામણું ચિત્ર સર્જાતું હતું. પ્લૅટફૉર્મના ઉત્તર છેડા સુધી નજર પહોંચે તો ત્યાં એક નજીવી છતાં જોવી ગમે એવી ચીજ નજરે પડે. તે છે – ટર્નિંગ ટેબલ રેલવે એન્જિનની દિશા બદલવા માટે ઉપયોગી વ્યવસ્થા. પ્લૅટફૉર્મ છોડીને બહાર નીકળો એટલે એક વિશાળ ખુલ્લી જગ્યામાં જોવા મળે ઘણી ઘોડાગાડીઓ. પ્રજાની સુખાકારીનું પ્રદર્શન જાણે ! આ ગાડીઓનું સ્ટ્રક્ચર જોતાં જ, જેણે 'બ્લૅક બ્યુટી' નવલકથા વાંચી હોય એ, એક પ્રકારનો હાશકારો જરૂર અનુભવે. 'બ્લૅક બ્યુટી' નવલકથા ઘોડાની જાત પર ગુજારવામાં આવતા ત્રાસ-સિતમની કથા છે. પાટણની ઘોડાગાડી અમદાવાદ-વડોદરા જેવાં બીજાં શહેરોની ઘોડાગાડીઓની તુલનામાં ઘોડા માટે આશીર્વાદ જેવી છે. સિઘરામ જેવું ભારે માળખું નહીં, ચાર ઉતારુનો બોજ નહીં. બે જ ઉતારુ. આખી ગાડી ખુલ્લા વાહન જેવી. માથે તડકા-વરસાદથી રક્ષણ માટે સાધારણ કહી શકાય એવું હુડ (છત), કૉચમૅનના હાથમાં ચાબુક નહીં, ગાડીને કંટાળો આપે એવા રબર બલ્બનું હૉર્ન નહીં. પગથી દાબેલી મોટી ઘંટડીના કાનને ગમી જાય એવા રણકાર સાથે ઊંચી સડક પર ભાગી રહેલી આ ઘોડાગાડીઓ પાટણના ગૌરવ સમી છે. રેલવે સ્ટેશનથી કનસડા દરવાજા સુધીનો મુખ્ય માર્ગ (પૂર્વ-પશ્ચિમ) ત્રણ જેટલા કિલોમીટરની લંબાઈનો. બગવાડા દરવાજાથી શહેરમાં પ્રવેશ ગણાય. બગવાડા દરવાજા સુધીનો રસ્તો અસલ રાજમાર્ગ જેવો. ઉપર કહ્યું તેમ સડક જમીનથી ઘણી ઊંચી તો ખરી પણ સડકની બંને બાજુએ લીલા

રંગમાં રંગાયેલી લોખંડની રેઇલિંગ ખરી. અને આ માર્ગની બંને બાજુએ વિશાળ કૅમ્પસવાળા બંગલા. ડાબી બાજુએ ‘ચંદ્રાનન વિહાર’ નામનો વિશાળ મહાલય જેવો બંગલો અને એ જ લાઇનમાં ઇંગ્લિશ આર્કિટેક્ચરની યાદ આપે એવો સ્પાયરલવાળો નહાલચંદ લલ્લુચંદનો બંગલો. તો સામેની એટલે કે સડકની જમણી બાજુની હારમાં રળિયાત વિલા અને એની બાજુમાં બરાબર એ જ ઘાટનો સિસ્ટર વિલા કરી શકાય એવો બંગલો... કોઈએ વિનોદમાં પાટણને ‘બંધ બંગલાનું નગર’ કહ્યું હતું. એ તો ઘણે અંશે સાચું છે. મુખ્ય માર્ગ, પર કેટલા બધા બંધ બંગલા છે ! – ‘મશરૂવાળા બિલ્ડિંગ’, ‘પાલેજવાલા બિલ્ડિંગ’, ‘ડાયમંડ બિલ્ડિંગ’, ‘બાબુનો બંગલો’, આયુર્વેદ કૉલેજની પાછળ અને બાજુના બે બંગલા... આ બધાં રહેઠાણોમાં કોઈ રહેતું હોય એવું કદી જોવામાં આવ્યું નથી. પાટણની પૂર્વ-પશ્ચિમ જેટલી લંબાઈ એટલી જ લગભગ, ઉત્તર-દક્ષિણ પહોળાઈ. ક્યાંય કશું ગીચ નહીં, શહેરમાં પાર વિનાની મોકળાશ. ખુલ્લી જગ્યાઓ ઘણી નાની-મોટી વાડીઓ પણ એટલી જ કશી ભીડ નહીં, કશી ગૂંગળામણ નહીં. ઉદ્યોગોનું કશું પ્રદૂષણ નહીં, સ્વચ્છ આકાશ અને સ્વચ્છ હવામાન, ઉદ્યોગોમાં કાપડ વણાટ (મશરૂ અને સુતરાઉ, પટોળાની વાત અલગ), બીડી વાળવાનો ગૃહઉદ્યોગ.

આ બધું ખરું, પણ કોઈ પણ ગામ, નગર કે શહેરનું ખરું અને ધબકતું હૃદય તો પ્રજા પોતે. ગામ, નગર કે શહેર સારાં કે ખરાબ હોવાની છાપ પ્રજાના કારણે બંધાય છે. પાટણ એક ઉત્તમ અને ઉમદા પ્રજાનું નગર છે. એમાં બધી જાતિઓનો સારા પ્રમાણમાં વસવાટ છે. વિદ્વાન નાગર બ્રાહ્મણોથી માંડીને મજૂર વર્ગ સુધીના માણસો આ શહેરમાં છે. પ્રજા શાંતિપ્રિય છે. સૌ સંપ અને એખલાસથી શાંતિમય અને આનંદભર્યું જીવન ગાળે છે. કોઈ પણ વખતે જૂથબંધી થઈ હોય અને એના કારણે ઝઘડા થયા હોય એવું બન્યું નથી.

પાટણમાં હિન્દુ અને મુસ્લિમ કોમો વચ્ચેનો મનમેળ કહેવતરૂપ બની રહ્યો છે. વનાગવાડો મુસ્લિમોનો એક મોટો મહોલ્લો છે. એ મહોલ્લામાં મુસ્લિમો અને પ્રજાપતિ હિન્દુઓનાં ઘર ભેગાં છે. બુકડી હિન્દુ ઘાંચી અને મુસ્લિમો વચ્ચેનો સહિયારો મહોલ્લો હોય એવું લાગે. રસણિયાવાડમાં હિન્દુ-મોચી ભાઈઓની વસાહત સાથે મુસ્લિમ ભાડભૂજાની મોટી અસ્કયામત છે. અને વિઠ્ઠલદાસ મોચીના ઘરના કરા (દીવાલ) સાથે મુસલમાનોની ગલી શરૂ થઈ જાય છે. ઝીણી રેતમાં પ્રજાપતિ અને મુસલમાનોના વસવાટ વચ્ચે માત્ર એક રસ્તો પસાર થાય છે. ગની આરફની લાટીના મલબારી સાગનાં તોતિંગ બિમ હિન્દુ મહોલ્લાલની ખુલ્લી જગ્યા પર સચવાયેલા રહેતા હતા (આજે એ લાટી

નથી). એક હળવી રમૂજભરી ઘટના વાચકને જાણવાની કદાચ ગમશે. એક દિવસ હું નીલમ થિયેટર આગળથી પસાર થઈ રહ્યો હતો. કેસરખાં સલાટ બહાર ઊભા હતા. આ થિયેટર કેસરખાંનું છે. કેસરખાં જ્યારે-જ્યારે જ્યાં મળે ત્યાં પાંચ-દસ મિનિટ તો મને વાતોમાં રોકી રાખે. આજે એમણે મને કહ્યું : 'આવો, ફિલ્મ જોઈએ.'

મારે રોકાવું નહોતું.

મેં બહાનું કાઢ્યું : 'હું મફત ફિલ્મ જોતો નથી.'

એમણે કહ્યું : 'આવો તો ખરા, ઑફિસમાં બેસીએ.'

હું એમની સાથે એમની ચેમ્બરમાં ગયો. થોડી ક્ષણો પછી એમણે નોકરને બોલાવ્યો. ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. એમાંથી નોટો કાઢીને નોકરને આપતાં કહ્યું : 'બે ટિકિટ ઉપરની લઈ આવ.'

પાટણના વ્યક્તિત્વનું એક ઉમદા અને ઊજળું પાસું તે દલિત વર્ગ પ્રત્યેનો સમભાવ. આ સમભાવ માત્ર વાતોમાં જ નહિ પણ આચરણમાં મુકાયેલો જોઈ શકાય એમ છે. આ આચરણનું ઉત્તમ ઉદાહરણ સફાઈ કામદારોનું નિવાસસ્થાન (ફળિયું) શહેરની મધ્યમાં છે.

આચરણમાં મુકાયેલું એક અનન્ય ઉદાહરણ. જોગીવાડાના પાટીદારોના પરિવારોની સંખ્યા વધી અને નવી વસાહત માટે જગ્યાની જરૂર પડી ત્યારે આ પાટીદારોએ જોગીવાડા સાથે દક્ષિણ બાજુ સંલગ્ન ઘૂઘરાબાવાની વાડીનો કેટલોક ભાગ ખરીદ્યો અને એમાં મકાન બાંધ્યાં. આ નવી વસાહત સંપૂર્ણપણે ખાનગી માલિકીની જમીન પર રચાઈ હતી. નવી વસાહતની પાછળ અને બાજુમાં મોટો દલિત વાસ હતો. નવી વસાહતના પાટીદારોને ખેતરમાં જવાનું અનુકૂળ પડે એ હેતુથી દલિતવાસ તરફ મોટો દરવાજો રાખ્યો. દલિતવાસના લોકો પાટણના બજારમાં જવા માટે આ દરવાજાનો ઉપયોગ કરે તો સીધા જોગીવાડા દ્વારા બુકડીમાં થઈને બજારમાં પહોંચી જઈ શકે. અન્યથા મીરાં દરવાજા તરફનો રસ્તો લેવો પડે અને આમ કરવાથી અર્ધા કિલોમીટર કરતાં વધારે ખેપ વધી જાય. દલિતવાસના ભાઈઓ કશી રોકટોક વગર આ દરવાજાનો ઉપયોગ કરે છે.

ઉપરોક્ત દલિતવાસમાં કલાભાઈ સોલંકી એક આગેવાન મહાનુભાવ. એ લારીમાં કાપડના તાકા લઈને વેચવા જોગીવાડામાં આવતા. એ અમારા ઓટલે બેસીને મારી બા સાથે વાતો કરતા. એક દિવસ એમણે મારી બાને કહ્યું : 'જેઠીમા, તમારી વઉરો મારી લાજ કાઢતી નથી.' આ વાક્યનો ગૂઢ ભાવ સ્પષ્ટ છે. બે વર્ણોનું એકત્વ અને એકત્વની અપેક્ષા. એમાં દલિતભાઈઓ અને

પાટીદારોના મનમેળનો સંકેત છે.

કલાભાઈના ઉદ્‌ગારનો જવાબ આપતાં મારી બાએ કહ્યું : 'કલાભાઈ, સમય બદલાયો છે. નવી પેઢીની વઉરો ક્યાં કોઈની લાજ કાઢે છે ? થોડી વાર વધારે બેસો અને જૂની પેઢીની કોઈ વહુ નીકળે એ જોજો.'

પાટણની બીજી એક જાણવા જેવી વાત છે એનું ૩૫૦૦૦ માણસોનું સહિયારું ઘડિયાળ – કિલાચંદ ક્લૉક ટાવર ! અમારા પાટણનું 'બીગ બેન.' એ વર્ષોમાં લોકોને સમયની મહત્તા ઝડપભેર સમજાવા લાગી હતી. પણ કાંડે ઘડિયાળ બાંધવું કે ઘરમાં દીવાલ પર મોટું ઘડિયાળ ટાંગવું એ એક મજાનો વૈભવ (લક્ઝરી) ગણાતો હતો. શ્રીમંતો કાળી રેશમી દોરીથી બાંધેલું ખિસ્સા-ઘડિયાળ લૉન્ગ કોટમાં રાખતા થયા હતા. જોગીવાડાની વાત કરું તો, આખા મહોલ્લામાં બે ભીંત ઘડિયાળ હતાં : એક જૈન દેરાસરમાં અને બીજું અમારે ત્યાં. લોકો સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, નક્ષત્રો, રેલવેના આવન-જાવનના સમય, ગોરજ, ઉષા, સંધ્યા વગેરેની સ્થિતિ કે ગતિથી સમયનો અંદાજ મેળવી લેતા. પણ બજારના મુખ્ય માર્ગ પર ત્રણ દરવાજા સામેની ઇમારતવાળું ટાવર બંધાયું ત્યારે સમયની ગણતરી બાબતમાં લોકો ન્યાલ થઈ ગયા.

ટાવરમાં ઊંચે રખાયેલા ઘડિયાળના સમય પ્રમાણે એના રણકતા ડંકા લોકોના ઘરના ઊંડા ઓરડા સુધી સમયની ખબર દેવા લાગ્યા. ટકોરાનો કેવો મીઠો અવાજ ! આ મીઠા-મધુર ધ્વનિની લિજ્જત તો રાત્રે ઠંડક વખતે બબ્બે કિલોમીટરના અંતર સુધી ખેતરે વાસો ગયેલા ખેડૂતો માણતા.

આ ટાવરનું નજરાણું પાટણને કોણે ભેટ ધર્યું ? દાનનું સ્થાન, નહીં દવાખાનું, નહીં નિશાળ-કૉલેજ, નહીં ધરમશાળા એને બદલે એક ઘડિયાળ ! બુદ્ધિશાળી અને સમજદાર લોકોનું આ કામ અને દાન હતું. પાટણના ધનિક અને મુંબઈમાં મોટી વ્યાપારી પેઢીના માલિક કિલાચંદ દેવચંદના દલાલોનું !

વહીવટની વાત હંમેશાં શ્રોતા કે વાચક માટે કંટાળાભરી નીવડે. ૩૫૦૦૦ નાગરિકોનું પાલન કરનાર પાટણ નગરપાલિકાની વાત એવી નથી. પર્યાવરણની બાબતમાં પાટણ જેમ એક અનન્ય નગર છે એમ વહીવટની બાબતમાં પાટણની મ્યુનિસિપાલિટી અનન્ય છે. હશે કોઈ મ્યુનિસિપાલિટી ભારતભરમાં જે એના નાગરિકો પર એક પણ વેરા (ટૅક્સ)નો બોજો નાખ્યા સિવાય નાગરિકોની સંપૂર્ણ સુખાકારી જાળવતી હોય ? એ વર્ષોમાં પાટણની નગરપાલિકા આવી એક સંસ્થા હતી. એના કાર્યક્ષેત્રમાં ઘરવેરો નહોતો. નાનું સરખું ઘર હોય કે મહાલય જેવું મકાન, ઘરવેરાથી મુક્ત ! આખું શહેર કામદારો દ્વારા સ્વચ્છ બની ચૂક્યું હોય પણ સફાઈવેરો નહીં ! આખી રાત શહેર વીજળીના પ્રકાશથી સ્ટ્રીટ લાઇટો દ્વારા

ઝળહળી રહ્યું હોય, મોકાની જગ્યાઓ પર મરક્યુરી લૅમ્પ હોય પણ વીજળીવેરો નહીં ! આખા શહેરને અધરાત-મધરાત ભરપૂર પાણીની સગવડ, પણ પાણીવેરો નહીં. હા, મ્યુનિસિપાલિટીએ એક વેરો પ્રજા પર નાખ્યો હતો ખરો, તે હતો સાઇકલવેરો ! વર્ષે સાઇકલ દીઠ ત્રણ રૂપિયા. સાઇકલ વાપરવા માટે લાઇસન્સ લેવું પડતું અને મ્યુનિસિપાલિટી તરફથી લોખંડની એક ત્રિકોણ પ્લેટમાં નંબર મળતો.

નક્કર કારણ વગર આ સાંભળનાર કે વાંચનાર ઠંડા પહોરનાં ઊઠાં જ સમજે. પણ વેરા વગરની નગરપાલિકા પાસે આનાં નક્કર કારણો હતાં. કારણમાં નગરપાલિકાની આર્થિક આવકના ત્રણ માર્ગ. એક જકાત, બીજો મફત મળેલા પાણીની વપરાશ પછીના પાણીની ઉપજાવેલી આવક અને ત્રીજો માનવમળની ખાતરરૂપે હરાજી.

પાટણ નગરની વસ્તી ભલે ૩૫૦૦૦ની સંખ્યામાં હોય, પણ એના ધંધા-રોજગારનો કારોબાર એક મોટા શહેર જેટલો. પાટણનાં કેટલાં બજાર – સુખડીવટ બજાર, દોશીવટ બજાર, ઝવેરી બજાર, સોની બજાર, હીંગળાચાચરનું બજાર, રસાણિયાવાડનું ધમધમતું પગરખાં બજાર, બુકડી નજીકનું ચૂના બજાર.... ગામડેથી હટાણું કરવા આવેલી પ્રજાથી આ બધાં બજારો સતત ઊભરાતાં રહે. આના કારણે વેપારીઓએ બહારથી ગોળ, ચોખા, દાળ જેવી લોકપસંદગીનો જથ્થાબંધ માલ બહારથી મંગાવવો પડે. મ્યુનિસિપાલિટીના જકાતનાકા પર બેસનાર કર્મચારીઓને હજુ ભ્રષ્ટાચારનો એરુ આભડ્યો નહોતો. અને જકાતની ચોરી કરીને શહેરમાં ઘૂસી જવાનું વેપારીઓ માટે શક્ય નહોતું. પાટણનો ભાંગ્યો-તૂટ્યો કોટ હજુ સરખી ભોંય બન્યો નહોતો એટલે વાહનની અવર-જવર દરવાજા સિવાય કોઈ માર્ગે શક્ય નહોતી. આના કારણે જકાતની ચોરી શક્ય નહોતી.

મ્યુનિસિપાલિટીને બીજું મોટું આર્થિક ઉપાર્જન મફત મળેલા પાણીના વપરાશ પછીના નિરર્થક વહી જતા પાણીના વેચાણથી આર્થિક ઉપાર્જન. આમાં બે સ્થિતિઓ સંકળાયેલી છે એટલે વિગતે વાત વધારે સુગમ બનશે. એ વર્ષોમાં, એટલે કે ઈ. સ. ૧૯૪૨ સુધી સારાયે નગરને એક ગંજાવર સેન્ટ્રલ ટાંકી દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું. આ ટાંકી ચીનના એન્જિનિયરો અને કારીગરો દ્વારા બાંધવામાં આવી હતી. તેનું સ્થાન બગવાડા દરવાજા બહારના વિસ્તારમાં હતું. આ ટાંકીની ઊંચાઈ કરતાં વધારે ઊંચાઈએ આવેલા વનાસણ-પૂનાસણ ગામે ફ્રેન્ચ પદ્ધતિથી ગાળેલા કૂવામાંથી, પાટણના શેઠશ્રી નિહાલચંદ લલ્લુચંદની ઉદાર સખાવતથી મોટી પાઇપો દ્વારા પાણી પાટણની ઉક્ત સેન્ટ્રલ ટાંકીમાં ભરવામાં આવતું હતું. ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંત – Water Seeks its own

level'ના આધારે કોઈ પણ પ્રકારના બળતણ વગર અર્થાત્ કશો ખર્ચ કર્યા વગર પાટણની સેન્ટ્રલ ટાંકી પાણીથી ભરવામાં આવતી હતી. ટાંકી ઊભરાય નહીં અથવા ખાલી ન થઈ જાય એ માટેની નિયમન વ્યવસ્થા પાટણ મ્યુનિસિપાલિટી દ્વારા કરવામાં આવેલી હતી. વનાસણ-પૂનાસણ ગામ સરસ્વતી નદીના તટ પ્રદેશ પર આવેલું ગામ એટલે કૂવામાંથી ગમે તેટલું પાણી ખેંચવામાં આવે તોપણ ખૂટે એમ નહોતું.

સેન્ટ્રલ ટાંકીમાં ભરેલું પાણી શહેરના વિવિધ લત્તાઓમાં ઊંચી પ્લીન્થ સાથે પગથિયાંવાળી ટાંકીઓમાં ભરવામાં આવતું. આ ટાંકીઓમાંના પાણીનો ઉપયોગ બે અથવા ત્રણ બાજુએ મૂકેલી ચકલીઓ અથવા નળ દ્વારા થતો. આ ટાંકીઓના પાણીનો દિવસના કે રાત્રિના કોઈ પણ સમયે ઉપયોગ થઈ શકતો. ભરપૂર પાણી અને અઢળક વપરાશ. પાણીના બગાડની કથા ક્યાંય માંડવામાં આવતી નહીં. લોકો ઘર આંગણે સાંજના સમયે પાણીનો છંટકાવ કરતા. પશુપાલકો આ પાણીથી એમનાં પશુઓને છાલકો મારી મારીને નવરાવતા. અને શહેરના મુખ્ય માર્ગ પર ફાયરબ્રિગેડની ટ્રક પાછળ લગાડેલી છિદ્રાળુ પાઇપ દ્વારા ભરપૂર પાણી છંટાતું. પાણીની ક્યાંય કમી નહીં, અધધ... વપરાશ. અસાધારણપણે વપરાતા પાણીનો નિકાલ શહેરની ગટરો દ્વારા, શહેરના મીરાં દરવાજા તરફના નીચાણવાળા ભાગમાં એક મુખ્ય અને મોટી ગટર દ્વારા થતો. આ મુખ્ય ગટરમાં વહેતું પાણી એકીસામટા ૧૭ કોશ જેટલું વહેતું હતું. શ્યામળા રંગનું આ પાણી સિંચાઈ માટે ઉત્તમ ગણાતું. આ પાણીની હરાજી થતી અને એમાં મ્યુનિસિપાલિટીને ઘણી મોટી આર્થિક આવક થતી.

મ્યુનિસિપાલિટીની બીજી એક આવકની વાત જુગુપ્સાપ્રેરક લાગે, પણ મ્યુનિસિપાલિટી માટે તો આવકની બાબતમાં સોનાની ખાણ જેવી હતી. એ આવક હતી માનવમળની આવક. પાટણમાંનાં ઘર-ડબા-સંડાસના ડબાનો ખાલી થયેલો મળ પાટણની બારી અને ગુંગડી દરવાજા વચ્ચેના કોટ પાછળની ખાઈમાં ઠલવાતો. આ બારીનું સ્થાન હાલ સરદાર બાગ (ઉમિયાનગર) છે ત્યાં હતું. બારી એટલે ઉચ્છ્શ્વાસ બારી. પાટણના દરવાજા બંધ થાય પણ આ બારી ખુલ્લી રહેતી. દરવાજા રહ્યા પણ આ બારી નામશેષ થઈ ગઈ. હાલ બીજાં સ્થળોનો સંકેત કરવા માટે એનો ઉપયોગ થાય છે, જેમ કે, બારીવાળો કૂવો. ખાઈમાં ઠલવાયેલો માનવમળ સુકાતાં મ્યુનિસિપાલિટીને મોટી આવક થતી હતી.

આપણે ઉપર દલિતો સાથેના નિકટત્વ અને અરસપરસના સહકારની વાત કરી. અહીં સફાઈ કામદારો સાથેના નિકટત્વની થોડી વાત કરી લઈએ. આ નિકટત્વનું અનન્યત્વ એ છે કે સફાઈ કામદારોનો મહોલ્લો પાટણ શહેરની

લગભગ મધ્યમાં છે. એની એક બાજુ હાથીવાડો અને ઊંટવાડો (જેનું નામ પાછળથી કલ્યાણેશ્વરની પોળ થયું) આ બંને મહોલ્લા નાગરો અને બ્રાહ્મણોના છે. સામેની બાજુ માણેકલાલ માસ્તરનો બ્રાહ્મણોનો મોટો મહોલ્લો છે અને બાજુમાં પ્રજાપતિભાઈઓનો નિવાસ છે. નજીકમાં જૂનું ગંજબજાર અને કૃષ્ણ સિનેમા આવેલાં છે. સવારે મહિલા સફાઈ કામદારો ફળિયાની સફાઈ કરતી હોય ત્યારે ફળિયાની મહિલાઓ સાથે ઘણી વાર ઘરોબા જેવો સંવાદ પણ ચાલતો હોય છે.

પાટણના સ્થાનિક કાર્યકરો અને નેતાઓની પાટણને ઘણી સેવા મળતી રહી છે. પણ પાટણ જેમનું જન્મસ્થાન કે વતન નથી એવા બે મોટા ગજાના સેવકોની પાટણ માટે એમણે કરેલી શ્રેષ્ઠ પ્રકારની સેવાની નોંધ લેવી જોઈએ. એવા બે સેવકોની વાત કરવાનો અહીં ઉપક્રમ છે. એમાંના એક છે ભૈયાજી- રામપ્રસાદ જડિયા. એ ક્યાંના હતા, એમનું પાટણમાં આગમન ક્યારે અને શા નિમિત્તે થયું એની પાટણના લોકોને કશી ખબર નથી. એમના ચિત્ત અને જીભ ઉપર ફક્ત 'ભૈયાજી' એટલું નામ વસેલું છે. આપણા દેશની આઝાદી માટેની ચળવળ વખતે અખાડા પ્રવૃત્તિ એક મહત્ત્વનો કાર્યક્રમ હતો. પાટણમાં ભૈયાજીની આ એક મુખ્ય પ્રવૃત્તિ હતી. આ ક્ષેત્રે પુરાણી ભાઈઓ કરતાં એમનું કામ જરાય ઊતરતું નહોતું. ભૈયાજીએ યુવાનોનું એક સ્વયંસેવક દળ પણ સ્થાપ્યું હતું. આ સ્વયંસેવકો જ્યારે જ્યારે જરૂર ઊભી થાય ત્યારે ખડેપગે રહીને પાટણની અણથક સેવા બજાવતા, આ સેવા વિશે આ ગ્રંથમાં અન્યત્ર વાત થયેલી છે.

ભૈયાજીના આ સ્વયંસેવક દળનું મહત્ત્વનું એક કામ હતું પાટણના યુવકોને પાણીમાં તરતાં શીખવવાનું. એ કામ દેરાણી-જેઠાણીના કૂવાઓ દ્વારા થતું.

પાટણને જેમની અનન્ય સેવાઓ સાંપડી એ બીજા મહાનુભાવ હતા ડૉ. ઠાકોરલાલ પંડ્યા. ઈ. સ. ૧૯૧૮માં ડૉ. પંડ્યાનું અવસાન થયું. એમના અવસાનથી પાટણના નગરજનોને શોક અને દુ:ખનો એવો કારમો ધક્કો લાગ્યો કે ત્રણ દિવસ સુધી બજારો બંધ રહ્યાં. લોકો કામ-ધંધે ગયા નહીં. કડિયા, સુથાર અને મજૂર કામ પર ચઢ્યાં નહીં. કોણ હતા આ ડૉ. પંડ્યા કે જેમના અવસાન પછી એમના વિશે વાત કરતાં લોકોની આંખો વરસી પડતી હતી ? એ પાટણના વતની પણ નહીં. લોકવ્યવહારની દૃષ્ટિએ તો ડૉ. પંડ્યાને પાટણ સાથે સ્નાનસૂતકનો સંબંધ નહીં. ખેડા જિલ્લાના સરસવણી ગામના વતની. ૧૯૧૩માં પાટણમાં મેલ ટ્રેનિંગ કૉલેજ (પુરુષ અધ્યાપન પાઠશાળા)ના આચાર્ય તરીકે આવ્યા. આ રીતે પાટણમાં તો એમનો ફક્ત પાંચ વર્ષનો વસવાટ. એમણે પ્રજાના ચિત્ત ઉપર એવું તે શું કામણ કર્યું કે એમની ચિરવિદાયથી આખું નગર ગાઢા શોકમાં ગરકાવ થઈ ગયું ?

કારણ નાનુંસૂનું નથી. ઈ. સ. ૧૯૧૬માં પાટણ પ્લેગના રોગચાળાના ભરડામાં ફસાઈ ગયું. લોકો ટપોટપ મરવા લાગ્યા. એક-એક ઘરમાંથી ક્યારેક તો ત્રણ-ત્રણ નનામીઓ નીકળવા લાગી. આવી સ્થિતિમાં ડૉ. પંડ્યા એમણે સ્થાપેલા યુવા સેવા મંડળને સાથે રાખીને રાતદિવસ, ભૂખતરસ કે થાક તરફ લક્ષ આપ્યા વગર રોગનો ભોગ બનેલા દર્દીઓની સારવાર કરવા માંડી. દર્દીની ફાટેલી ગાંઠ દુર્ગંધ મારતી હોય તોપણ એ પોતે એ ગાંઠને સાફ કરતા. એમાં દવા નાખતા. આ બધું તો ખરું પણ ઘણી વાર મરેલા દર્દીની નનામીને માણસના અભાવે પોતે ખાંધ પણ આપતા.

બીજું વર્ષ દુષ્કાળનું હતું. ખલીપુરની પાંજરાપોળનાં પશુ ભૂખમરાનો ભોગ ન બને એ માટે ફંડનું ઉઘરાણું કરવા એ મુંબઈ ગયા. મુંબઈમાં પાટણના શ્રીમંત શ્રેષ્ઠીઓ પ્લેગ વખતની સેવાના કારણે ડૉ. પંડ્યાને જાણતા હતા. ધનવર્ષા થવા લાગી. આ સુયોગ ચાલતો હતો એ વખતે પાટણ પર સ્પેનિશ ફ્લ્યુ (ઇન્ફ્લ્યુએન્ઝા)ના આક્રમણના સમાચાર મળ્યા. હવે ડૉ. પંડ્યા મુંબઈમાં એક દિવસ પણ વધારે કેમ રોકાય ? એ પાટણ દોડી આવ્યા. પ્લેગ કરતાં આ રોગ વધારે ભયંકર હતો. કોણ ક્યારે મરે એની ખબર પણ ન પડે.

હમણાં તો માણસ વાત કરીને ગયો હોય અને અર્ધા કલાક પછી એના મોતના સમાચાર આવે. ડૉ. પંડ્યાએ બેવડા ઝનૂનથી સેવા અને સારવારનું કામ આદરી દીધું. મરણનું પ્રમાણ ઘણું મોટું હતું અને પાટણનું સ્મશાન પાટણથી ત્રણ કિલોમીટર દૂર હતું. પહોંચી વળવાનું કામ લગભગ અશક્ય હતું. સાંભળ્યા પ્રમાણે શબોના નિકાલ માટે ગુંગડી તળાવની પાળ ઉપયોગમાં લેવાઈ. તળાવની ધીંગી પાળો જોતાં આ વાતમાં વિશ્વાસ બેસે છે, ખરેખર જે હોય તે ખરું.

ડૉ. પંડ્યા રાત-દિવસ મથામણ કરતા રહ્યા. પણ આ વખતે રોગ સામે પોતે પણ ટક્કર ઝીલી શક્યા નહીં. રોગનો ભોગ બનીને અવસાન પામ્યા.

ડૉ. પંડ્યાના અવસાન પાછળ પાટણની પ્રજાએ ખૂબ આંસુ સાર્યાં પણ એ ડૉ. પંડ્યાનું કશું સ્મારક ઊભું કરી શકી નહીં. ગરીબ પ્રજા બિચારી શું કરે ?

પાટણમાં ડૉ. પંડ્યા અભ્યાસ ગૃહ ચાલે છે, હજુય સારી રીતે ચાલે છે પણ એ તો ડૉ. પંડ્યાએ પોતે સ્થાપેલી અભ્યાસ અને રહેઠાણ માટેની સંસ્થા છે. એને પ્રાણરૂપ ગણીને પાટણ હાઈસ્કૂલના ગણિતશાસ્ત્રના શિક્ષક સ્વ. મણિભાઈ મા. દવેએ એને સાચવી અને વિકસાવી.

ડૉ. પંડ્યાનું આના કરતાં વધારે સારું સ્મારક બીજું શું હોઈ શકે ?

■

# ૪
# ફળિયાના લોકો

ગામડાંમાં સામાન્ય રીતે જે દૂષણો અને બદીઓ જોવામાં આવે છે એનાથી અમારું 'ગામ' મુક્ત નહોતું. અનેક પ્રકારના ઝઘડા, વેર-ઝેર, નિંદા-કૂથલી, ટાંટિયા-ખેંચ, અવસર-પ્રસંગે રિસામણાં-મનામણાં જેવી માનવસ્વભાવસહજ અનેક ઘટનાઓ અમારા ગામમાં પણ બન્યા કરતી. આંગણામાંના ગાડામાંથી આડાં ખેંચી ખેંચીને એકબીજા પર પ્રહાર કરતા પિતરાઈ ભાઈઓને મેં જોયા છે. એક દિવસ વરસાદી વાતાવરણમાં ખુલ્લી છત્રી સાથે ઊભેલા માધાકાકાને ખેતરમાંથી કોદાળી સાથે આવેલા એક પ્રૌઢ વયના આદમી સાથે કશીક બાબતે બોલાચાલી થતાં પ્રૌઢ આદમીએ માધાકાકાના માથા પર કોદાળી ઝીંકી દીધેલી. છત્રીની આડશ હતી એટલે ગર્દન ઉપર માત્ર કોદાળીનો ઘસરકો થયેલો અને લોહીનો ટશિયો ફૂટેલો, પણ પછી તો ધીંગાણું મચી જાય એવી સ્થિતિ પેદા થયેલી. પ્રૌઢ આદમી ભાગીને ઘરમાં પેસી ગયેલો. માધાકાકાના જુવાન ભત્રીજાઓ કંઈ ઝાલ્યા રહે ? ઘા કરનાર માણસના ઘરનાં બારણાં ભીડી દેવાયાં હતાં. માળની સાંકડી બારીમાં રહ્યે રહ્યે એ માણસના વૃદ્ધ પિતા ઘર આગળના ગુસ્સે ભરાયેલા ટોળાને હાથ જોડીને શાંત થવા માટે વિનવણી કરતા મેં જોયેલા.

ફળિયામાં ચારિત્ર્ય અંગે અમારો મહોલ્લો ચોખ્ખો ગણાય. આમ છતાં જળચોકનો એક શખ્સ જોગીવાડાની એક સ્ત્રીના ઘરમાં સિફતથી પેસી જતો. ફળિયાનું સૌ આ જાણતું હતું, પણ કોઈ ખોંખારો ખાઈને પડકાર ફેંકતું નહોતું.

ફળિયામાં નાનીમોટી અણઘટતી બદીઓ વચ્ચે પણ માણસાઈની ઘટનાઓ બનતી રહેતી હતી. અમારી જ વાત કરું. એક દિવસ અમારા પડોશી ખુશાલકાકા મારી બા પાસે આવ્યા અને એમણે કહ્યું : 'ભાભી, તમારી ભેંસને હમણાં પાણી પાશો નહીં.'

બાએ કારણ પૂછ્યું એટલે ખુશાલકાકાએ ખુલાસો કર્યો : 'ખેતરમાંથી

ઘઉં આવ્યા છે. કોઠીમાં ભરી લેવા છે એટલે અત્યારે ઘરમાં ઢગલો કર્યો છે. હું ઓરડામાં કોઠીની ભાળ લેતો હતો એ વખતે તમારી ભેંસ ઘરમાં આવી ગઈ અને એણે ઘઉં ખાધા. એણે કેટલા ખાધા એની તો શી ખબર પડે ? પણ ચેતતા નર સદા સુખી. ઘઉં નવા છે એટલે ભેંસ પાણી પીએ તો આફરો ચઢ્યા વગર ન રહે. ઢોર બિચારું તરફડે અને આપણો જીવ કપાય. માટે શું કહ્યું ભાભી, એને સવાર સુધી લગારે પાણી આપશો નહીં. જાનવર કંઈ તરસે મરી નહીં જાય.'

આટલું કહી હળવા થયા હોય એમ ખુશાલકાકા એમના ઘર તરફ ચાલ્યા ગયા.

મનને પ્રસન્ન કરે એવી નાનીમોટી ઘટનાઓ બન્યા કરતી. કોઈ માંદું પડે અને દવાખાને પહોંચાડવાનું હોય, કોઈ અકસ્માત થયો હોય, ખેતરમાંથી પૂળાનો ભોર (જથ્થો) આવ્યો હોય અને પૂળાને ડાગળા ઉપર ચઢાવવાના હોય... આવી આવી નાનીમોટી બાબતોમાં ફળિયાના જે હાજર હોય એ માણસો મદદે લાગી જતા.

પણ ફળિયાનો ખરેખરો અને પ્રશંસનીય વિશેષ તો છે ગામના લોકોનું સમય આવ્યે પ્રગટતું સંઘકાર્ય, સામૂહિક એકતાની ભાવના. ફળિયાના માણસો અંદર-અંદર ભલે ઝઘડતા હોય પણ આપત્તિ કાળે કે કુદરતી આફત સમયે સૌ ખભેખભો મિલાવીને આપત્તિ કે આફત સામે ઝઝૂમતા.

એક વખત ખુશાલકાકાના ઘરમાં (ડાગળા ઉપર) લાગેલી આગ વખતે ફળિયાની આ સંઘભાવના સોળે કળાએ ખીલેલી મેં જોઈ હતી. લગભગ અગિયાર વાગ્યે ખુશાલકાકાના ઘરનો ડાગળો આગમાં ભીષણ રીતે લપેટાયો. ફળિયામાં એક પણ ટેલિફોન નહીં. ફાયર ફાઇટર માટે મ્યુનિસિપાલિટીમાં ખબર આપવા જાતે જવું પડે. એક યુવાનને મ્યુનિસિપાલિટીની કચેરીએ દોડાવ્યો. બીજા એક છોકરાને ખુશાલકાકા અને તેમના દીકરા ભગુભાઈને ખબર આપવા એમના ખેતર તરફ દોટ મુકાવી.

ફાયર ફાઇટર આવે ત્યાં સુધી થોડું બેસી રહેવાય છે ? ફળિયાના લોકોએ કેડ બાંધી. સ્ત્રીઓ, પુરુષો, યુવાનો અને કિશોરોએ વપરાશ માટે ઘરમાં સંઘરેલું પાણી ડોલ, ઘડા, ચરુડી વગેરે હાથે, માથે, ખભે લઈને શ્વાસભેર ખુશાલકાકાના ઘર તરફ ધસવા માંડ્યું. કામ અઘરું હતું એટલું જ નહીં, પૂરું જોખમી પણ હતું. પાણીનો મારો કેવી રીતે કરવો એની સૂઝ પડે એવું નહોતું. જુવાનિયાઓમાં દૈત્યનું બળ પ્રવેશ્યું. પરસાળની દીવાલ પર રહ્યે રહ્યે બાવડાંમાં હતું એટલું જોર

કાઢીને પાણીનો મારો ચલાવ્યો.

આગના સમાચાર મળતાં ખુશાલકાકાનો દીકરો ભગુભાઈ પગમાં આવતી આંટીઓથી અડવડતો-લથડતો ખુલ્લા મોંએ શ્વાસભેર આવી પહોંચ્યો. ખુશાલકાકા હજુ વાટમાં હતા.

ભગુભાઈ આવ્યો ત્યારે આગ હોલવવાનું કામ ચાલુ હતું. આગનું દૃશ્ય જોઈને આઘાતથી એ ભાંગી પડવાની તૈયારીમાં હતો. પણ કેડમાં, માથે, ખભે, હાથના પંજાના આધારે પાણી સાથે હડીઓ કાઢતાં ફળિયાનાં સ્ત્રી, પુરુષ અને બાળકોને જોઈને ગદ્ગદિત થઈને એ સૌ તરફ ઉપકારવશ નજરે જોઈ રહ્યો.

મ્યુનિસિપાલિટીનો 'લ્હાય-બંબો' આવે એ પહેલાં તો ફળિયાવાસીઓએ આગને કાબૂમાં લઈ લીધી હતી.

પાટણ-સિદ્ધપુર રોડ પર ફળિયાના ભાવાકાકાનું ખેતર હતું. ૨૪ વીઘાનું સમચોરસ ખેતર. ખેતરના રસ્તે એની બંને બાજુ દેશી બાવળની ગીચ ઝાડી. આ ઝાડીનો પથરાટ એવો કે એમાં સંતાયેલા માણસનો અણસાર પણ ન આવે. દિવસ આથમ્યા પછી અંધારું થયે એ રસ્તે નીકળાય નહીં. પણ ભાવાકાકા આ ભયને પી ગયેલા. દિવસ આથમ્યા પછી ખેતરનું કામ આટોપીને ગાડું જોડીને એ ઘર તરફ નીકળતા.

એક દિવસ સૂર્યાસ્ત પહેલાં બે બુકાની બાંધેલા માણસો ભાવાકાકા સામે આવીને ઊભા રહ્યા. આ માણસોની દાનત ભાવાકાકાથી થોડી છાની રહેવાની હતી ? આ માણસો તરવારધારી હતા અને ભાવાકાકા હથિયાર વિનાના. કશી રકઝક કે કશા પ્રતિકાર વિના પેલા માણસો બળદની રાશ પકડીને બળદ સાથે ચાલતા થયા.

એ વખતે ભાવાકાકાની દીકરી અને એમની ભત્રીજી સ્થળ પર હાજર હતાં. હજુ અજવાળું હતું. ભાવાકાકાએ એ છોકરીઓને ઘર તરફ મોકલી દીધી.

રોકકળ કરતી છોકરીઓ ગામમાં આવી. બળદ લૂંટાયાની વાત ગામમાં વાયુ વેગે પ્રસરી ગઈ. કોઈએ છોકરીઓને પૂછ્યું : 'ભાવાકાકા ક્યાં છે ?'

'એ રહ્યા ખેતરમાં. અમને મોકલી દીધાં અને એ તો થાળાની કુંડી ઉપર બેઠા રહ્યા.'

છોકરીઓને મોકલી દીધી અને પોતે ખેતરમાં જ રહ્યા એની પાછળ ભાવાકાકાનો હેતુ સ્પષ્ટ હતો. છોકરીઓ ગામમાં જાય અને બળદ લૂંટાયાની જાણ થતાં જ ગામની વાર આવી પહોંચે.

ગામમાં કોઈને કંઈ કહેવાની જરૂર ન રહી. જુવાન અને પ્રૌઢ વયના

આદમીઓએ ધારિયાં, ડાંગો, લાકડીઓ, વગેરે જે હથિયાર હાથમાં આવ્યાં તે લીધાં. કેટલાકે ફાનસ લીધાં અને કેટલાકે રાત્રે ખેતરમાં વાસો વખતે ઉપયોગમાં લેવાની ત્રણ સેલની બૅટરીઓ (ટૉર્ચ) લીધી. અને સૌ ધસ્યા ભાવાકાકાના ખેતર તરફ.

ખેતરમાં પહોંચ્યા પછી કોઈ જાણકારોએ ટૉર્ચના અજવાળે લૂંટારાઓનું પગેરું મેળવવાના હેતુથી પગલાં જોવાનો પ્રયાસ કર્યો. ઢોરચોરી માટે નામચીન ગામ ધ્યાનમાં હતાં. ઢોરને ક્યાં અને કેવી રીતે સંતાડવામાં આવે છે એનીય ગામલોકોને જાણ હતી. કામ વિકટ હતું. કયા ગામે, કયા સમયે ધીંગાણું મચી જાય એ વિશે કશું કહી શકાય એમ નહોતું. માથે મોતનું જોખમ લઈને આ વાર નીકળી હતી.

આખી રાત વગડો અને ગામડાં ખૂંદ્યાં પણ લૂંટારુઓ કે બળદનો કશો પત્તો લાગ્યો નહીં. હાથીનાં મદનિયાં જેવા ભાવાકાકાના બળદ પાછા ન મળ્યા, તે ન જ મળ્યા.

પાટણ ગુજરાતમાં ઉત્તરનો પ્રદેશ. મે મહિનો શરૂ થાય એટલે ધૂળકટના સંજોગો ઊભા થાય. અવારનવાર ધૂળિયું વાતાવરણ જામે. સામટા ત્રણ-ત્રણ દિવસ ધૂળકટ ઘેરાયેલું રહે. સૂર્યપ્રકાશ ઝાંખો થઈ જાય. ઘરમાં બધે ધૂળ છવાયા કરે. ગમે તેટલું ઝાપટઝૂપટ કરો, થોડી વાર પછી એનું એ !

અને આંધીનો ભય તો ખરો જ. આંધી ક્યારે આવે એનું કશું નક્કી નહીં. જોરદાર પવન સાથે એ આવે ત્યારે ભારે ઉત્પાત મચી જાય. કોઈના છાપરાનું એકાદું પતરું કે આખું છાપરું તરાપો બનીને બીજા કોઈના છાપરા ઉપર ઊતરી પડે. એક ઉનાળાની સાંજે કારમી આંધી આવી. આંધી પસાર થઈ જવાની પ્રતીક્ષામાં લોકો પળો ગણી રહ્યા હતા, એવામાં ફળિયા વચ્ચે કોઈનો મોટો સાદ સંભળાયો : 'માધાકાકાનો બળદ કૂવામાં પડી ગયો છે, દોડજો...'

બહારની પરિસ્થિતિ જોવા માટેય બારણા બહાર ડોકું કાઢવાની હિંમત નહોતી ત્યાં આ સાદ સંભળાતાં બારણાં ધડાધડ ખૂલવા લાગ્યાં. સાદ પાડનાર માણસ તો ખબર આપીને ચાલ્યો ગયો હતો. વિગત કોને પૂછવી ?

પૂછવાની જરૂર પણ ક્યાં હતી ? માધાકાકાના ખેતરથી ઘરના રસ્તે શેરકૂવો આવે. શેરકૂવો એટલે મીરાં દરવાજાથી સીમના રસ્તે અગાશિયા વીરની લગભગ સામે પથ્થરબંધ કૂવો.

આંધી જોર પકડે એ પહેલાં ઘેર પહોંચી જવા માધાકાકા બળદ સાથે ખેતરેથી તો નીકળી ગયા હતા, પણ વચ્ચે સપડાઈ ગયા. એમનો બળદ કેવી રીતે

કૂવામાં પડી ગયો એ સૌને મન એક મોટું આશ્ચર્ય હતું. શેરકૂવાનો કાંઠો જમીનથી લગભગ એકાદ ફૂટ ઊંચો હતો. ચાલતું જાનવર એમ કૂવામાં કેવી રીતે પડી જાય ? આખો બળદ ઊંચકાયો હશે ? આંધીના જોરની કલ્પના કરવી રહી.

સમસ્યા કૂવામાં પડી ગયેલા બળદને કૂવા બહાર કાઢીને બચાવી લેવાની હતી. ચુનંદા અને મજબૂત દસબાર માણસોનું આ કામ હતું.

આંધીનું જોર ઓછું થયું હતું. પવનનો વેગ પણ મંદ પડ્યો હતો.

બળદ જેવું મોટું જાનવર પંદર ફૂટ જેટલા વ્યાસની ગોળાકાર બંધિયાર જગ્યામાં ફસાયેલું હોય ત્યારે એનું રૂપ કેવું રૌદ્ર હોય એ મેં પહેલી વાર જોયું. દૂરત્વના કારણે ડર નહોતો. કુતૂહલ ચરમ સીમા પર હતું.

બળદ કૂવામાં પડ્યો એ પછી એકાદ કલાક વીત્યો હશે, આટલા સમયમાં ઉગારો ન થઈ શકતાં ધીરજ ગુમાવી ચૂકેલું આ જાનવર મરણિયું થયું હોય એમ વીફર્યું હતું. નાક દ્વારા ફૂંફાડા મારતું હતું અને રઘવાયું થયું હતું. વધારામાં કાંઠે ઊભેલા અને જમીન પર મેદની રૂપે એકઠાં થયેલા માનવીઓનો ઘોંઘાટ આ પશુની પીઠ પર બરછીની જેમ ભોંકાતો હોય એમ એ ઉછાળા મારતું હતું. અને જે હડફેટે ચઢે એને શિંગડે ઉછાળી મૂકવાના ઝનૂનથી ગ્રસ્ત હોય એવું જણાતું હતું.

સાધન તો ઘણાં હતાં. દોરડાં, વરેડાં વગેરે જરૂર કરતાંય વધારે આવ્યાં હતાં. દોરીથી ચારપાંચ ફાનસ પણ કૂવામાં લટકતાં થયાં હતાં. બે જણ પેટ્રોમેક્સની બત્તી લેવા દોડ્યા હતા જે આવવાની તૈયારીમાં હતા. ચારપાંચ ટૉર્ચનો પ્રકાશ કૂવામાં સતત ફેંકાઈ રહ્યો હતો એ પ્રકાશ પણ કદાચ બળદની ભડકમાં ઉમેરો કરતો હશે.

અહીં સામાન્ય માનવીની શક્તિ ખપ લાગે એમ નહોતી. કોઈ ડેર-ડેવિલનું જ આ કામ. બધાની મદદ મળે એ ખરું, પણ તરકીબનો જાણતલ જ કામ લાગે. જોગીવાડાના જુવાનિયા માધાકાકાના બળદને બચાવવા જાન હોમી દેવા સુધીના મૂડમાં હતા, પણ અહીં એકલો મૂડ કશું કામ આપી શકે એમ નહોતો.

આ કામ માટે નીકળ્યો વીજળકૂવા વિસ્તારનો એક બહાદુર અને બાહોશ માણસ – છનાલાલ જોશી. પહેલવાન તરીકે ઓળખાતો ધંધાદારી ફોટોગ્રાફર યુવાન. એને પોતાનાં હિંમત, કૌશલ અને અખાડામાં લીધેલી તાલીમમાં પારાવાર શ્રદ્ધા હતી. એ માણસે કૂવામાં છેક બળદ સુધી પહોંચીને ન સમજાય એવું અને જોનારને દષ્ટિભ્રમ અને ભ્રાન્તિમાં નાખે એવું કૌવત દાખવ્યું. દોરડાના પાશમાં બરાબર બંધાયેલો બળદ ઝાઝા માણસો દ્વારા પૂરી સાવધાનીથી ઉપર

ખેંચાયો અને કામ હેમખેમ પાર પડ્યું. ઘોર પરિસ્થિતિમાં છનાલાલે દાખવેલાં આવડત, હિંમત અને ધૈર્યથી પ્રભાવિત જનસમૂહ દિંગ થઈ ગયો. અને મેદની છનાલાલની વાહ વાહ પોકારતી રહી.

પાટણમાં શહેરના પૂર્વ છેડાથી માતરવાડી ગામના રસ્તે હરિ હરેશ્વરની વિશાળ જગ્યા છે. એ વિસ્તારમાં સ્મશાનનો પણ સમાવેશ થયો છે. સ્મશાનના એક ભાગમાં બ્રહ્મકુંડ છે. બાજુમાં સરસ્વતી નદીનો પટ છે. એ વર્ષોમાં નદીમાં અર્ધા શિયાળા સુધી પાણી વહેતું હતું. (આજે ભર ચોમાસામાં પણ નદીમાં પાણીનાં વહેણ જોવા મળતાં નથી.) આજે જમીનમાં પાણીનાં લેવલ ઘણાં ઊંડાં ઊતરી ગયાં છે એવું એ સમયે નહોતું. વળી, બાજુમાં નદી હોવાના કારણે સ્મશાનના બ્રહ્મકુંડમાં પાણી કદી ન ખૂટે એવી સ્થિતિ હતી. બ્રહ્મકુંડના પાણીની સપાટી નીચે શેષશાયી ભગવાનની પ્રતિમા હતી. આ ભગવાનનું દર્શન કરવું હોય તો ? બ્રહ્મકુંડનું પાણી ઉલેચાય, પાણીની સપાટી ભગવાનની પ્રતિમાથી નીચે ઊતરે તો એ બને. પણ બ્રહ્મકુંડના પાણીની સપાટી નીચે ઉતારવી એટલે ? આકાશના તારાને ધરતી ઉપર ઉતારવા જેવું લગભગ અશક્ય કામ. પણ અમારા જળચોક-જોગીવાડાના યુવાનો એ કામ કરી બતાવતા. (અલબત્ત, શહેરના લેઉઆ પાટીદારોની પાર્ટી પણ ક્યારેક આ કાર્ય સિદ્ધ કરી બતાવતી.)

કુંડમાં પાણીના આવરા એટલા પ્રચંડ કે જેટલું પાણી ઉલેચો એનાથી સવાયું ધસી આવે ! એટલે દોઢી શક્તિથી પાણી ઉલેચવું પડે. આ કાર્ય માટે પહેલી અને સ્વીકૃત સમજ એ કે પાણી ઉલેચવામાં ક્રુડ, ડીઝલ કે ઇલેક્ટ્રિસિટીથી ચાલતા પંપોનો ઉપયોગ ન થાય. તો પછી આ કાર્ય શી રીતે પાર પડે ? ફક્ત બાવડાનું બળ અને બળદની શક્તિને જ કામે લગાડવાનાં. કુંડમાં એક કરતાં વધારે કોશ પાણી ઉલેચવા માટે ઉપયોગમાં લેવાતા. વહેલી સવાર સુધીમાં ભગવાનની પ્રતિમા ખુલ્લી થાય એવા હિસાબે જુવાનો કામ શરૂ કરતા. મધરાત પહેલાં આ કામ શરૂ થઈ જતું. આટલી મહેનત અને તકેદારી હોવા છતાં વહેલી સવાર સુધીમાં ભગવાન ખુલ્લા થશે એવું ખાતરીપૂર્વક કહી શકાય નહીં. રાત ભાંગવા માંડે એટલે જુવાનો બમણા જોશથી કામ કરતા. વહેલી સવારે ભગવાન ખુલ્લા થઈ જાય તો બેપાંચ માણસો શહેરના લત્તે લત્તે આ સમાચાર આપે. દર્શનાર્થીઓનો તાંતો લાગી જાય. આ સમયે પણ પાણી ઉલેચવાનું કામ એટલા જ જોશથી ચાલુ રાખવું પડે. ભૂખ-તરસને ગણકાર્યા વગર યુવાનો બદલાતા રહે અને કામમાં મંડ્યા રહે.

શારીરિક શક્તિ પ્રદર્શનની ઘટનાઓ વખતે અમારા ગામના માણસોના

પુરુષાર્થનાં સુપેરે દર્શન થતાં એ ખરું, પણ ક્યારેક ગામની પ્રતિષ્ઠાના નામે પણ ગામલોકોની સમજદારી સંઘરૂપે પ્રગટ થતી.

અમારા ઘરની સામેના મકાનમાં એક પાટીદાર કુટુંબ ધંધાર્થે આવીને વસ્યું હતું. એ કુટુંબમાં લગ્નની વયે પહોંચેલી એક છોકરી હતી. છોકરીના પિતાએ એનું સગપણ કરી રાખ્યું હતું. પણ છોકરીના મામાને એ માન્ય નહોતું. લગ્નનું મુહૂર્ત જોવાયું. પણ લગ્નના આગલા દિવસની સાંજે છોકરીના મામાએ છોકરીનું અપહરણ કરાવ્યું. એકાએક આપત્તિ આવી પડી. બીજા દિવસે સાંજે તો જાન આવવાની હતી.

કિંકર્તવ્યમૂઢ બાપ મહોલ્લાના આગેવાનોને મળ્યો. થોડી ચર્ચાવિચારણા પછી આગેવાનોએ છોકરીના બાપને કહ્યું : 'તમે નચિંત થઈ જાવ. તમારી ઓપટી (આપત્તિ) અમારી કોટમાં (ગળામાં) આવી ગઈ. અમે સંભાળવા જેવું હશે તે બધું સંભાળી લઈશું.' ગામના છોકરા-છોકરીઓનો નકશો આ આગેવાનોની નજર સમક્ષ જ હતો. જેઠાની દીકરી ઉપર એમનું ધ્યાન બેઠું. એમણે જેઠાને બોલાવ્યો. પરિસ્થિતિને બરાબર સમજાવી. ભલે પરગામનો માણસ હોય, પણ ગામને આંગણે આવેલી જાન પાછી જાય તો ગામની આબરૂ જાય એ વાત આગેવાનોએ જેઠાના ગળે બરાબર ઉતારી ખરી પણ ઝઘડાળુ કિસ્સામાં પડવા જેઠો કચવાતો હતો. પણ આગેવાનોએ 'જાન લઈને આવનાર વેવાઈ ગોળનો (સમાજનો) જ માણસ છે અને સુખી ઘરનો છે. એની આબરૂ સારી છે. છોકરો અંગ્રેજી નિશાળમાં ભણે છે, હોશિયાર છે. દીકરી સુખી થશે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે, મોઢું ધોવા ન જા, જેઠા.' આવું આવું ઘણું સમજાવીને જેઠાને પોતાની દીકરી આવતી કાલે આવનાર મુરતિયાને પરણાવવા તૈયાર કર્યો.

આગેવાનોમાંથી એક જણે સૂચન કર્યું : 'આપણે માણસ મોકલીને જાન લઈને આવનાર વેવાઈને બદલાયેલી પરિસ્થિતિની જાણ કરવી જોઈએ.'

'એવી ભૂલ ન કરાય, કચરાભાઈ.' એક બુઝુર્ગ આગેવાન બોલ્યા.

'કેમ ?'

'અત્યારે જાણ કરીએ તો છૂટી જવાની એને તક મળે. જાન લઈને આવ્યા પછી આબરૂ જવાની બીકે એ દબાયે-ચંપાયે દીકરાને બીજી છોકરી સાથે પરણાવવા તૈયાર થાય. જાન માંડવેથી પાછી જાય તો આબરૂની શી દશા થાય એ તમે ક્યાં નથી જાણતા ?'

બીજે દિવસે જાન આવી. કશા વાંધા-વચકા વગર બધું રંગેચંગે પતી ગયું. અને આગેવાનોએ ગામની આબરૂ સાચવ્યાનો સંતોષ મેળવ્યો.

એ જમાનામાં લગ્નપ્રસંગ ઉકેલવા માટે પાર્ટી પ્લૉટો કે ગામ થકી વાડીઓ નહોતી. જાનમાં ૪૦થી માંડીને ૧૦૦ જેટલી સંખ્યા હોય. મામેરાના અતિથિઓ જુદા. જાન સાંજે આવે બીજો આખો દિવસ રોકાય અને ત્રીજે દિવસે બપોર પછી રવાના થાય. આટલા બધા માણસોની આટલા સમય પૂરતી વ્યવસ્થા કેમ કરવી ?

પણ એ સમયમાં દીકરીના પિતા માટે આ ચિંતાનો વિષય નહોતો. ગામ આખું એની પડખે રહેતું. સંખ્યા ગમે તેટલી હોય ખાટલા-ગાદલાં ઘેર-ઘેરથી મળી રહે. કુટુંબના અને ગામના છોકરાઓ આ માટે ગામમાં ઘેર ઘેર ફરતા થઈ જાય. એક છોકરાના હાથમાં શાહીનો ખડિયો હોય અને બીજાના હાથમાં એક છેડો છૂંદીને કરેલા કૂચાવાળું દાતણ હોય. જે ઘરના ગાદલા પર નામ ન હોય એના પર ટીપેલા દાતણવાળો છોકરો ખડિયામાં કૂચાવાળો છેડો બોળીને ગાદલા પર એના માલિકના આખા નામના બે પ્રથમ અક્ષર લખી લે. બે અક્ષર વચ્ચે ચોકડીનું નિશાન તો ખરું જ.

આમ ઉઘરાવેલાં ખાટલા-ગોદડાં બીજા છોકરાઓ ઊંચકીને ખુલ્લા ફળિયામાં હારબંધ ગોઠવે. રાત્રે જાન આ ખાટલાઓમાં ખુલ્લા આકાશ નીચે સૂએ. સવારે શૌચ તેમ જ સ્નાનાદિથી પરવારવા માટે જાનના સભ્યો ગામલોકોમાં જેમના ખેતરમાં કૂવાની સગવડ હોય ત્યાં જાય. નહાયાધોયા પછી વાડ ઉપર સૂકવવા નાખેલાં ધોતિયાં સુકાય ત્યારે એને લઈને એ સૌ પરત આવે ત્યારે ખાટલા-ગાદલાં તડકામાં બરાબર તપતાં હોય. જાનૈયાઓ પોતપોતાના ખાટલા ઢસડીને આસપાસનાં ઘરમાં લઈ જાય. આમ બપોરનો ઢાળો ગામલોકોના ઘરમાં. સાંજે ખાટલા ફરી પાછા ફળિયામાં ખુલ્લા આકાશ નીચે જાય ત્યાં સુધી પાણી, હાથપંખા (ખજૂરીનાસ્તો) વગેરે સરભરા અને સગવડ ગામનાં ઘરનાં માણસો કશા કચવાટ વગર સાચવે.

■

# ૫
# શૈશવ અને કૈશોર્ય

શૈશવ ક્યારથી શરૂ થયું ગણવું ? બાળવયમાં સ્મૃતિ જ્યાં સુધી પહોંચે તે જ શૈશવનું આરંભબિન્દુ ગણવું જોઈએ. બાના પડખામાં રાત્રે મારા સળવળાટથી તકલીફમાં મુકાયેલી બાના મુખે ઉચ્ચારાયેલા આ શબ્દો મને યાદ છે – 'આમ કીડાની જેમ કેમ હાલ હાલ કરે છે ?' માના પડખામાં સૂતેલા બાળકની વધુમાં વધુ ઉંમર કેટલી ? કીડાની જેમ શરીરનો વળવળાટ એક જુગુપ્સાપ્રેરક દૃશ્ય ખડું કરે છે, પણ એ દ્વારા બાળકની ઉંમરનો બોધ બરાબર થાય છે. શૈશવનો ખ્યાલ સ્પષ્ટ કરતી બીજી એક સ્થિતિ ચિત્તમાં બરાબર સચવાઈ રહી છે. લગભગ મધ્યરાત્રિનો સમય હશે. બા મને પકડીને બેઠી છે. બાજુમાં બેનીમા (બાનાં જેઠાણી) છે. બા અને બેનીમાના સંવાદથી મનમાં એક અનુમાન બંધાય છે કે, ભરનિદ્રામાં કશાક ભય હેઠળ હું ચીસ પાડી ઊઠ્યો હોઈશ. બાએ મને શાંત કરવા પ્રયત્ન કર્યો હશે પણ પેલા ભયનો ફફડાટ શમ્યો નહીં હોય એટલે બાએ જેઠાણીને બોલાવ્યાં હશે. ઉંમરનો ચોક્કસ આંક ભલે ન મળે પણ આ સ્થિતિમાં વયબોધ તો થાય છે.

એક વિચિત્ર છતાં રમૂજભરી ઘટના ચિત્તમાં બરાબર અંકાયેલી છે. અમારાં ત્રણ ખેતર પૈકી એકમાં બાજરીના પાકની લણણી પૂરી થઈ હતી અને બાજરિયાં પીલવા માટે ખળું તૈયાર કરવાનો સમય થયો હતો. અમારા ખેતરની બાજુમાં ઊભા પટ્ટે કાકાઓનાં બે ખેતર હતાં (અમારા ખેતરથી અર્ધા ક્ષેત્રફળનાં) સહિયારું ખળું અમારા ખેતરમાં થતું. અત્યારે એ કામ ચાલી રહ્યું હતું. ખળા માટે જરૂરી પાણી અમારાં ત્રણે ખેતરની સહિયારી કૂઈમાંથી લેવાતું હતું. સાવ સાંકડી કૂઈ. એના મુખનો વ્યાસ માંડ ત્રણ-સાડાત્રણ ફૂટ જેટલો. ખળાનું કામ ચાલતું હતું તે વખતે હું અને મારી એક પિતરાઈ બહેનની છોકરી ખળામાં રમતાં હતાં. તે વખતે અમારો કશોક અપરાધ બેનીમાના ધ્યાન પર આવ્યો

હશે એટલે એમણે અમને બંનેને બાવડેથી પકડીને બંને હાથમાં અમને અલગ અલગ રાખીને પેલી કૂઈમાં લટકાવ્યાં. ત્રણ સાડાત્રણ ફૂટના વિસ્તારમાં બે અલગ અલગ હાથમાં બે બાળકો. એ વખતે અમારી ઉંમર કેટલી હોઈ શકે એની ધારણા આ ઘટનાચિત્ર દ્વારા હું ઘણી વાર અનુમાનું છું, પણ હજુ સુધી ઉંમરનો ચોક્કસ આંકડો હું તારવી શક્યો નથી. બે અઢી વર્ષથી એ વધારે ન હોઈ શકે.

મહોલ્લામાંથી શાળાએ જઈ રહેલા નિશાળિયાઓને હું વિસ્મયથી જોઈ રહેતો. પણ એમની નિશાળ ક્યાં હશે ? આ તો ફક્ત બાળકલ્પનાનો વિષય. મહોલ્લા બહારની ઊંચા ઓટલાવાળી વાડીના ઓટલા પર આ નિશાળિયા ભણતા હશે એવો ખ્યાલ બંધાયેલો. વર્ગ, વર્ગમાંની પાટલીઓ, શિક્ષક, કાળું પાટિયું વગેરે તો જ્ઞાન બહારની બાબતો.

આંગણામાં રમતો થયો એટલે જગતના દર્શનનો સંયોગ ઊભો થયો. અને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરવા લાગી. આંગણાની ધૂળમાં પાંખ ફફડાવીને બેસતાં અને ઊડી જતાં ચકલાં, પંખીઓના ચણ માટે ફળિયાની સ્ત્રીઓએ વેરેલા દાણા ચણતાં કબૂતર, શામળા પાર્શ્વનાથના દર્શને આવતાં જૈન અને જૈનેતર સ્ત્રી-પુરુષો એમાં ખાસ તો, ચાંદીના દાબડા સાથે દર્શને આવતી શ્રાવિકાઓ (આ ચાંદીના દાબડામાં બદામ અને ચોખા હોવાનું જ્ઞાન તો પછી થયું) – આ સ્ત્રીઓમાં ગમે તે કારણે હોય, એક સ્ત્રી મારું વધારે ધ્યાન ખેંચતી. કેટલાં બધાં વર્ષો સુધી મેં એ સ્ત્રીને જોયા કરી ! મારી ઉંમરની અવસ્થાઓ બદલાતી ગઈ. હું યુવાન થયો ત્યાં સુધી એને એની ભરયુવાની, પ્રૌઢાવસ્થા અને એ પછીની વય સુધી એ જ ચાલ, એ જ શ્રદ્ધાન્વિત મુખ સાથે જોતો રહ્યો. સ્થિર અને અચળ શ્રદ્ધા કોને કહેવાય એ વિશે આ સ્ત્રીએ મને મોટી ઉંમરે વિચાર કરતો કરી મૂક્યો.

ઈ. સ. ૧૯૩૦-૩૧નાં વર્ષોમાં ગાંધી નામની એક જબરદસ્ત પ્રાણદાયી હવા સારાયે દેશ પર છવાઈ ચૂકી હતી. દાંડીકૂચથી આખું જગત પ્રભાવિત થયું હતું. એ દિવસોમાં હું આંગણામાં રમતો હોઉં અને અમારા પાડોશી ભગુભાઈ ત્યાંથી નીકળે ત્યારે પહેલાં તો એ મારું ધ્યાન ખેંચવા એક ખોંખારો ખાય અને પછી એ આ પંક્તિ નિશ્ચિત લહેકાથી ગાય – 'દાંડી તણા કિનારે મોહન મીઠું પકાવે.' મારો જન્મ ૧૯૨૭માં અને આ સમયગાળો ૧૯૩૧ પછીનો એટલે એ વખતે મારી ઉંમર ચાર વર્ષ પછીની. ભગુભાઈનો હેતુ માત્ર એક બાળકને રીઝવવાનો. પણ મારી એ ઉંમરે ગાંધીજીનું નામ ચિત્તમાં ગોઠવાઈ

ગયેલું. કોઈ કાલ્પનિક ગાંધીની છબી મનમાં હું જોતો થઈ ગયેલો.

એ ઉંમરને લગતી બીજી એક વાત મને બરાબર યાદ છે. અમારાં હીરાફોઈ (પિતાશ્રીનાં પિતરાઈ બહેન) ઘણી વાર મને સંભળાવતાં : 'મોહનને મોહન કહીને બોલાવીએ તે ન ગમે. અમે મોહન કહીએ એટલે મોહનભાઈ તરત વળતું બોલે, 'મોહન કેમ કહો છો ? મોહનભાઈ કહો.'

મારા માટે ફોઈની આ વાત મને પોતાને સમજવા માટે બહુ મહત્ત્વની હતી. એ ઉંમરમાં જે અહમ્ જાગી ઊઠ્યો હતો એ આજે આ ઉંમરે પણ એટલો જ બળકટ છે. આ અહંભાવે નુકસાન ઘણું કર્યું હશે પણ મારા ઘડતરમાં એનો જબરદસ્ત ફાળો રહ્યો છે, એમ હું માનું છું. હું કોઈનાથી ગાંજ્યો ન જાઉં, સર્વના મોખરે હું હોઉં, મારાથી અમુક કક્ષાથી નીચે ઊતરાય જ નહીં, તુચ્છ કે હલકું કામ કરનારા બીજા હશે, હું નહીં. કોઈ મહત્ત્વનું કામ સહિયારી જવાબદારીથી નહીં, પણ પોતાના થકું, પોતાની આવડતથી, ઉત્તમ રીતે પાર પાડવામાં બીજા કોઈનો અવાજ ન જોઈએ... આવું આવું ઘણું મારા વ્યક્તિત્વના ઘડતર માટે ચાલક બળ બનીને મને પ્રેરણા આપતું રહ્યું છે.

આ હકીકત નાનપણથી જ હું મારાં કાર્યોમાં ઊતરેલી જોઈ શકતો હતો. ફળિયામાં બધાં બાળકોનાં પૈડાં કરતાં મારું પૈડું સૌથી મોટું જ હોય (જે હતું જ.) દિવાળીના દિવસોમાં દારૂ (ગંધક અને પોટાશ્યમ ક્લોરેટનું મિશ્રણ) ફોડવા માટેનો મારો ચીપિયા સૌથી મોટો હોય (જે હતો) બધા કરતાં હું જુદો તરી આવું એ મનની ઊંડામાં ઊંડી ખ્વાહિશ, જે અગાઉનાં વર્ષોમાં મારામાં હતી તે આજે પણ એટલી જ અને એટલી જ ઉત્કૃષ્ટપણે હું અનુભવી રહ્યો છું.

આવો અહમ્ સ્વભાવની એક ખામી ગણાતો હશે પણ એ જ વ્યક્તિના વિકાસ માટેનું ઊર્જારૂપ ચાલ કબળ હોવાનું હું ગણું છું. કેટલીક સિદ્ધિઓ એના પરિણામે જ ફળવતી બની હોય છે. હવે પછીનાં પ્રકરણોમાં મારા જે સાફલ્ય કે વૈફલ્યનું આલેખન હશે તે આ પ્રફુલ્લ અહમ્નું જ પરિણામ હું માનું છું.

મારામાં આ અહમ્ ક્યાંથી પ્રગટ્યો ? એ જન્મજાત હશે ?

ના, એવું નથી. જ્યાઁ પૉલ સાત્રનું 'A Sketch for Theory of Emotions'માં એનો જવાબ મળી રહે એમ છે. એ કહે છે કે, બાળક જન્મે છે ત્યારે એને અંતઃકરણ જેવું કશું હોતું નથી. આસપાસના વાતાવરણ (environment)થી એ નિર્માણ પામે છે. બાળક પોતાની આસપાસની દુનિયાના માનવીઓનું વર્તન બરાબર નિહાળે છે અને એનાં રસ અને રુચિ ઘડાતાં અને વિકસતાં રહે છે. આ જ એના કેરેક્ટરનું ફોર્મેશન. મારા આસપાસના

વાતાવરણમાં એવું તે શું હતું જેના કારણે મારામાં આ અહમ્‌નો અંકુર ફૂટ્યો, કૉળ્યો અને વિકસિત થયો ?

મહોલ્લાના ખેડૂતો મોસમ પ્રમાણેની શાકભાજી અમારા ઘેર આપી જતા. શાકભાજી ઉપરાંત મૂળા, મોગરી, ગાજર વગેરે પણ ખરું. ઘઉંની ઉંબીઓ પુષ્ટ દાણાથી બરાબર ભરાય એટલે પોંક માટે મોલ્લો ગૂંથીને કોઈક ખેડૂતો આપી જતા. એવી જ રીતે જુવારના પોંક માટે કોઈ કોઈ ખેડૂતો સૂપડું ભરીને લીલા દાણાથી તગતગતાં કણસલાં આપી જતા હતા.

જોગીવાડા અને ઘૂઘરાબાવાની વાડીને સંલગ્ન કુલડીવાસ હતો. પ્રજાપતિઓનો એ મહોલ્લો. એમાં રહેતાં કુટુંબોનો બાપીકો વ્યવસાય તો માટીની કુલડીઓ અને ચપણિયાં અને રમકડાં બનાવવાનો, પણ ઘણાં વર્ષોથી આ કુટુંબોએ ઈંટો પાડવાનો વ્યવસાય અપનાવેલો. આખું કુટુંબ જુદાં જુદાં ગામડે, જ્યાં ઈંટો માટેની જરૂરી કસવાળી માટી હોય ત્યાં જતું. આવા સમયે કુલડીવાસ સૂનો બની રહે. ચોરીનો ભય નજર સમક્ષ રહ્યા કરે એટલે ઈંટો પાડવા જનારા જતી વખતે એમનો કીમતી ગણી શકાય એવો સામાન અને ઘરેણાં અમારે ત્યાં મૂકીને જતા, માત્ર થાપણ રૂપે. કશું ટાંચણ કે લખાણ નહીં. આ કુટુંબો ઈંટો પાડવાનું કામ પૂરું થાય અને પાછાં આવે ત્યારે સૌ પોતપોતાનાં બચકાં મેળવી લે. પ્રજાપતિ કોમ પદ્મનાથ ભગવાનની ભક્ત. કાર્તક સુદ ૧૪થી બરાબર સાત દિવસ પદ્મનાથના રાત્રિ મેળા ભરાય. આ મેળાઓમાં રેવડીનો મહિમા ભારે. આ મેળા ‘રેવડી મેળા’ તરીકે પણ ઓળખાય છે. પેલાં પ્રજાપતિ કુટુંબો ભગવાનના પ્રસાદરૂપે અમારે ત્યાં રેવડી આપી જાય. ખાંડની, ગોળની અને ચીકણી રેવડી. અમને ચીકણી રેવડી ખૂબ ભાવે. મન તૃપ્ત થાય એટલી બધા પ્રકારની રેવડી ખાવા મળે. ઘણાં કુટુંબો તરફથી આ પ્રસાદ આવ્યો હોય એટલે લાંબા સમય સુધી રેવડી ખાવાનું ચાલે.

પાટણથી સિદ્ધપુર જતાં પહેલું ગામ હાંસાપુર. ખાસ તો રબારીઓનું આ ગામ. પશુપાલન ઉપરાંત આ ગ્રામવાસીઓનો ખેતી વ્યવસાય પણ ખરો. આ ગામના કેટલાક ભાઈઓ સુરતમાં જઈને દૂધનો ધંધો કરતા હતા. આ ભાઈઓનો વતનપ્રેમ ભારે. અવસર પ્રસંગે કે કોઈ અન્ય નિમિત્તે હાંસાપુર આવે અને પ્રસંગ ઉકલ્યે કે નિમિત્ત પૂરું થયે સુરત પાછા જાય.

સુરત જવા માટે વહેલી સવારે પાટણથી ઊપડતી ગાડી જ અનુકૂળ પડે. હાંસાપુરથી સુરત જનારને સવારે હાંસાપુરથી નીકળીને પાટણથી ગાડી પકડવાનું અગવડભર્યું બની રહે. એ અગવડના ઉકેલરૂપે સુરત જનારા રબારી ભાઈઓ

કુટુંબ સાથે રાત્રે પાટણ આવીને અમારે ત્યાં રોકાતા. હાંસાપુરના સુરત રહેતા રબારી ભાઈઓ પિતાજી સાથેના નાણાકીય વ્યવહારના કારણે પ્રેમથી અમારે ત્યાં રાત્રિરોકાણ કરતા.

અમારે ત્યાં સાચા તારની કિનારીવાળો એક ખેસ અને પિન્ક રંગનો આકર્ષક સાફો હતા. છોકરાના લગ્ન વખતે ફળિયાના લોકો અમારે ત્યાંથી આ ખેસ અને સાફો લઈ જતા. કામ પૂરું થયે ખેસ અને સાફાની સાથે સાફાની દસ અને ખેસની પાંચ ખારેકો આપી જતા. લગ્ન બહારગામ હોય. જાનનું ત્રણ દિવસનું રોકાણ. ખેસ અને સાફો ત્રણ દિવસ લઈ જનાર પાસે રહે. ખેસ પાછો આવે ત્યારે લગ્ન વખતે બંધાયેલી ગાંઠના કારણે ચોળાઈ ગયેલો ખેસનો ખૂણો આપણે ઇસ્ત્રી કરાવીને સરખો કરવાનો ! સાફા અને ખેસનું વળતર પંદર ખારેકો. હકીકત આશ્ચર્ય ઉપજાવે એવી. પણ એ સમયે ખેસ અને સાફો લઈ જનાર અને આપનાર માટે કશું આશ્ચર્ય નહોતું. ભાડું ઉપજાવવા માટેની એ ચીજો નહોતી. ફળિયાવાસી તરીકે પરસ્પર સંબંધનો એ વ્યવહાર હતો. ખારેકો એ તો આભાર વ્યક્ત કરવાનું પ્રતીક માત્ર. વસ્તુ આપ્યા-લીધાનો આનંદ અને સંતોષની વાત જ જુદી.

ઉપરોક્ત માહોલમાં ઊછરી રહેલા મને, હું કોઈ મહત્ત્વનો માણસ છું એવો અનુભવ થયા કરતો હતો. અને પેલો અહમ્ અંતઃકરણમાં વધારે ને વધારે ગજું કાઢીને દૃઢ થતો જતો હતો. એ અહમ્‌ની પ્રેરણા અને ધક્કાથી મેં જે કંઈ કર્યું એમાં મને 'Veni, vidi, vici ! ( I came, I saw, I conquered)નો પૂરો અહેસાસ થયો છે. જે આ પુસ્તકના વાચકને ભિન્નભિન્ન સ્થળે અને ભિન્નભિન્ન પરિસ્થિતિમાં મારા અનુભવની ખરાઈનો કદાચ ખ્યાલ આપશે.

શૈશવમાં બાનું પડખું સેવ્યા પછી તો ઘણું સાંભળ્યું અને ઘણું જોયું એ બધું સ્મૃતિમાં સંઘરાયુંય ખરું, પણ શૈશવકાળના અનુભવના ટેબ્યુલેશનમાં મૂકી શકાય એવા એક મહાન સત્યરૂપ દર્શન હતું – સ્ત્રીનું અસ્તિત્વ, કેટલાંક મહાન યુદ્ધો, સંસ્કૃતિઓ, રાગ-ત્યાગ અને ભેખના કારણરૂપ સ્ત્રી શૈશવકાળનો મારો ગણનાપાત્ર આ અનુભવ હતો સોનાફઈનો અનાવૃત્ત દેહ. એ વખતે મારી ઉંમર દોઢથી બે વર્ષના ગાળમાં કોઈ ધન્ય ઘડીનો અંશ.

સોના ફઈને ચામડીનો કોઈ રોગ થવાનાં એંધાણ જણાતાં હતાં. તામ્રવર્ણી ત્વચા રતાશ પકડવા માંડી હતી અને આખા શરીરે ચળ આવ્યા કરતી હતી. પડોશની ત્રણચાર સ્ત્રીઓ સોનાફઈની આ તકલીફ જોવા અને સૂઝે તો કોઈ ઉપાય સૂચવવા ભેગી થઈ હતી. બંધ ખડકીમાં એ સ્ત્રીઓ સોનાફઈનો દેહ

બરાબર નિહાળતી હતી. મારી બા પણ આ સ્ત્રીઓમાંની એક હતી અને એનો પાલવ પકડીને હું એની સાથે ગયો હતો. એ વખતે સોનાફઈનો આ અનાવૃત્ત દેહ સ્મરણપટ પર બરાબર અંકાઈ ગયો. સાવનિર્વિકાર અંકન. પણ પછીનાં વર્ષોમાં મારા મતે એ એકન એકાધિક દર્શનનું કારણ બન્યું હતું.

સમય પસાર થતો ગયો. શૈશવકાળમાં થતા અનુભવો એક પછી એક ચિત્તમાં સ્મરણરૂપે અને અંતઃકરણમાં જીવનના પાથેયરૂપે સંઘરાતા ગયા. પાર વગરના અનુભવો અને પાર વગરની વિવિધ પ્રક્રિયા. જીવન પાથેયના મૂલ્યાંકનરૂપે બે-ત્રણ અનુભવોને યાદ કરી લઈએ.

સોનાફઈનો દીકરો કેશવ. આઠ અથવા નવ વર્ષની એની ઉંમર. ઉંમરના પ્રમાણમાં વધારે હોશિયાર. નિશાળે ભણવા જતો હતો. એક વખત એને બળદ હાંકવાનો તુક્કો સૂઝ્યો. આ માટે એણે મને અને ફળિયાના બીજા ઈશ્વર નામના છોકરાને પસંદ કર્યા. એણે અમને બંનેને જોડાજોડ ઊભા રાખીને અમારાં કાંડાં પર દોરી બાંધી અને એનો વળાંક પોતાના હાથમાં રાખ્યો. હું અને ઈશ્વર હજુ નિશાળમાં દાખલ નહોતા થયા એટલે અમારી ઉંમર વડોદરા રાજ્યના ધોરણ પ્રમાણે છ વર્ષ કરતાં ઓછી.

કેશવના એક ડચકારા અને હાંકોટા સાથે અમારું પ્રયાણ શરૂ થયું. મેં અને ઈશ્વરે ફળિયા બહાર કદી પગ મૂક્યો નહોતો એટલે કેશવનું આ અભિયાન અમારા માટે બધી રીતે કૌતુક ભર્યું અને રોમાંચક હતું. એક પછી એક સ્થાનકો પસાર થવા લાગ્યાં – વનાગવાડો, કપાસીવાડાનું નાકું, નાગરવાડો, બાપુલાલ સલાટની હોટલ... બાપુલાલ સલાટની હોટલનું નામ તો ફળિયાના લોકોની માંહોમાંહેની વાતોમાં અમને ખૂબ સાંભળવા મળતું. એમાં અમને ન સમજાય એવી જાતજાતની વાતો થતી અને ચર્ચાતી. બાપુલાલ સલાટની હોટલથી આગળ જૂનું ગંજબજાર ! ઓ હો... આટલો મોટો ખુલ્લો વિસ્તાર અને આટલી બધી દુકાનો ! ભોંય પર વેરાયેલા દાણા ચણતાં કબૂતર પગમાં અથડાય પણ ઊડે નહીં આ એક નવું કૌતુક... ગંજબજારથી હીંગળાચાચર, મુખ્ય બજાર – આટલાં બધાં માણસો ! ભરબજારે માણસોની ભીડ વહેતી હોય એવું લાગે... આટલાં બધાં માણસો ! આ ભીડમાં આગળ વધવા કેશવ ઉપરાઉપરી ડચકારા કરતો અને એના બે હાથે અમને ધકેલી આગળ વધતો. કેશવે અમે થાકી જઈએ ત્યાં સુધી સુખડીવટ બજાર, ઝવેરી બજાર, દોશીવટ, રસાણિયા વાડો, ઝીણી રેત, બુકડી અને છેવટે અમને અમારા ફળિયામાં લાવીને ખડા કરી દીધા...

આ પછી મોટી ઉંમરે ભારતભરમાં ખૂબ ફરવાનું થયું છે. બબ્બે વખત

પરદેશ અને અમેરિકામાં લાંબા સમયના પ્રવાસે ફરવાનું થયું છે. ખૂબ જોયું છે, જાણ્યું છે. ઘણું મેળવ્યું પણ છે. પણ સોનાફઈના કેશવે અમને કરાવેલા પાટણ-દર્શનમાં અમને થયેલા અનુભવનો રંગ અને રોમાંચ ક્યાંય જોવા કે માણવા મળ્યો નથી.

માધાકાકાના બે બુદ્ધિમાન બળદની વાત પણ અહીં કરવા જેવી છે. જે પોતાની ચાલ બદલી શકે એ બુદ્ધિમાન ગણાય. ચાલ બદલવાની બાબતમાં માધાકાકાના આ બે બળદ જબરા પાવરધા હતા. લગભગ દિવસ આથમ્યે ગાડા સાથે જોડેલા આ બળદ ફળિયામાં પ્રવેશે કે તરત એમની ગતિમાં વંટોળિયાનું તોફાન દાખલ થાય અને યાર્ડમાં પ્રવેશતાં જ પાટણ લોકલ એકાએક ધસમસતી પ્લૅટફૉર્મ પર થોભી જતી એમ આ બળદ ભૂધરભાના ઘરના કરા (મકાનની એક બાજુની મુખ્ય દીવાલ)ની બરાબર લગોલગ જઈને થોભી જતા. ફળિયાના નાકા અને ભૂધરભાના ઘરના કરા વચ્ચે સો-સવાસો ફૂટનું અંતર. ફળિયામાં દાખલ થયેલું માધાકાકાનું ગાડું, આ બળદના કારણે ખડભડ-ખડભડ અવાજ કરતું ભૂધરભાના કરા આગળ જઈને અટકી જતું. અમારી મજાનું કારણ પેલા બે બળદ નહીં, પણ ખડભડ ખડભડ અવાજ કરતું ગાડું હતું !

એક દિવસ ભૂધરભાએ માધાકાકાને કહ્યું : ‘માધા, કો’ક દા’ડો તારું ગાડું મારા ઘરના કરા સોંસરું નીકળી જવાનું છે. એમ થશે એ દા’ડે મારું તો જે થવાનું હશે તે થશે, મહાદેવના પોઠિયા જેવા તારા બળદ પણ બચી જશે. પણ ગાડું હાંકનારો તારો હાડકાના માળખા જેવો સાથી માર્યો જશે અને તું નોંધારો થઈ જશે...’

હસીને માધાકાકાએ જવાબ આપ્યો : ‘ભૂદરભઈ, જેનું જે થવાનું હોય તે ભલે થાય. મારા બળદ બચી જાય એટલે જગ જીત્યા સમજો...’

સ્મરણમાં પેલું ખડભડ ખડભડ કરતું ગાડું એવું ને એવું આ ઉંમરે પણ બરાબર યાદ છે.

શૈશવકાળની ક્ષિતિજ વટાવ્યા પછી લગભગ કિશોરાવસ્થામાં પ્રવેશ કર્યા સમયની ઉપલક દૃષ્ટિએ ક્ષુદ્ર લાગતી એક ઘટના જીવનની એક કામણગારી પળ તરીકે સ્મરણમાં રહી ગઈ છે. સાવ અંગત, ભાવકને કેટલી સ્પર્શે એનો કોઈ અંદાજ નથી. વાત એક પૈસાની છે.

એ વર્ષોમાં એક પૈસો એટલે એક રૂપિયાનો ચોસઠમો ભાગ. સાવ ક્ષુદ્ર લાગે એવો હિસ્સો. પણ એનું ખરીદ-મૂલ્ય (પરચેઝ વેલ્યુ) સાવ ક્ષુદ્ર નહીં. એક

પૈસામાં જાપાનમાં બનેલી ત્રણ પેન્સિલો મળે. એક પૈસામાં બે પાન અને ઉપર એક બીડી મળે.

એક પૈસાને લગતી આ ઘટના વખતે હું અને મારા પિતરાઈ ભાઈ નારણજી ફળિયાના રણકી (ધૂળ માટી વગરની) જમીન પર ગમ્મતભરી રમત ખાતર ગોલાલડાઈ જેવી બથ્થમ્ બથ્થી કરતા હતા. ઉંમરમાં નારણજી મારા કરતાં બહુ મોટા નહીં પણ શરીરે કદાવર અને મજબૂત... આ ધીંગામસ્તી વખતે મારી નજર જમીન પર પડેલા તાંબાના એક પૈસા પર પહોંચી. નારણજીની નજર એના પર પડે એ પહેલાં મારે નારણજીની બાથમાંથી નીકળીને પેલા પૈસાને હડપ કરી લેવો જોઈએ. પણ નારણજીની ચૂડમાંથી વછૂટવું એ જેવું તેવું કામ નહોતું. પણ આ પળે મને એકાએક અપાર્થિવ લાગે એવો અનુભવ થયો. નાણું કોને કહ્યું ? એના પર નજર પડતાં જ મારામાં કોઈ અજાણી શક્તિનો વેગ પ્રગટ્યો. જાણે કાંઈ પ્રચંડ શક્તિ. પાણીમાંથી નીકળી જતો હોઉં એમ હું નારણજીની ચૂડમાંથી છટકી શક્યો અને જમીન પરનો પૈસો અંકે કરી લીધો.

નાણાના સંદર્ભની વાત જ ન્યારી છે. હું હાઈસ્કૂલના ત્રીજા ધોરણમાં ભણતો હતો ત્યારે અમારા અંગ્રેજીના પાઠ્યપુસ્તકના એક પાઠમાં આ સૂત્ર હતું : ‘Money matters are not of fancy, they are of fact.’

આજે હું સુપરસિનિયર સિટીઝનની રેન્જમાં છું. ટૅક્સ પેયર છું. રળેલા પૈસાના ઢગલા સાથે આજેય પેલો એક પૈસો મોનાર્ક જેવો અડીખમ છે.

■

# ૬
# બા

ઊંચી કાયા, સ્નિગ્ધ નયન, લાંબા વાળ અને સહેજ ઊજળો વાન, મુખ પર નિરંતર પ્રવર્તતી મીઠાશ, કડવાશનો એક અંશ પણ શોધ્યો ન જડે એવી વાણી, કોઈ કંઈ કડવાશભર્યું બોલી જાય તો ગમ ખાઈ જવાની વૃત્તિ, કાવા-દાવા કે પ્રપંચનો આશરો લેવાનું સહેજ પણ વલણ નહીં, સરળતા પાર વગરની પણ કોઈ મૂર્ખ બનાવી ન જાય એવી પાકી સમજ. અને દયા તો જાણે સ્વભાવગત અંશ...

રોજ સાંજે ઘરના આંગણામાં બા ખાટલો નાખીને બેસતી અને ફળિયાની પ્રૌઢ વયસ્ક સ્ત્રીઓ ખાટલાની આસપાસ ભોંય પર બેસીને ઘરસંસારનાં વિવિધ પાસાંની વાતો કરતી. એમાં ફળિયામાં બનેલી કોઈ ઘટનાની ચર્ચા પણ હોય.

માતાનું ૮૬ વર્ષે અવસાન થયું ત્યાં સુધી કદી ઝાંખા ન પડ્યા હોય એવા એમના આ બધા સ્વાભાવિક ગુણ.

સંયુક્ત કુટુંબ છ દીકરા અને છ પુત્રવધૂઓ. મોટા ત્રણ દીકરાનાં સંતાનો. મોટા દીકરાઓ જુદા થયા ત્યાં સુધી કુટુંબના પરિવારમાં ૧૭ જેટલી સંખ્યા. આ સારાય પરિવારને બા પ્રેમથી સંભાળે અને સાચવે. ઘરમાં છ-છ વધૂઓ હોવા છતાં કદી ક્લેશ કે ઝઘડો નહીં. એક પુત્રવધૂનો સ્વભાવ આકરો હતો. ક્યારેક આવેશમાં પોતાને અન્યાય થયાના ભ્રમમાં કંઈ કંઈ બોલી નાખે ત્યારે બા શાંતિથી સાંભળી લે; કદી ગુસ્સો ન દાખવે. ઘરનું કોઈ આ પુત્રવધૂની આવી રીત ઉપર ટીકા કરે ત્યારે બાનો એક જ જવાબ હોય : 'હોય, બોલે. એ તો એનો સ્વભાવ એવો છે. આપણે મન ઉપર લઈએ તો વાત આગળ વધે ને !' બાની આ બધી પુત્રવધૂઓ તરફ સમદૃષ્ટિ. કદી કોઈના કામ વિશે ટીકા-ટિપ્પણી નહીં. એક વહુનું બીજી વહુ આગળ કદી ઘસાતું ન બોલે. સાસુ અને આટલી વહુવારુઓ વચ્ચેનો આવો મીઠો મેળ ભાગ્યે જ જોવા મળે. આજે (ઈ. સ.

૨૦૧૦) બાની ફક્ત બે પુત્રવધૂઓ હયાત છે. એક મારાં મોટાં ભાભી જેમની ઉંમર હાલ લગભગ ૯૦ વર્ષની છે. બીજાં મારાં પત્ની જેની ઉંમર અત્યારે ૮૦ વર્ષ છે, એ બંને ઘણી વાર પુરાણા દિવસોને યાદ કરતી વખતે બાને ખૂબ પ્રેમથી યાદ કરે છે. બા વિશે એમના મુખે નીકળતી વાણીમાં હૈયાની લાગણી વહેતી જોઈ શકાય છે.

અમારા પાટણના મકાનના મુખ્ય ખંડની એક દીવાલ પર પિતાજી અને બાની મોટી છબીઓ છે. અમે જ્યારે વતન જઈએ છીએ ત્યારે મારાં પત્ની સવારે પથારીમાંથી ઊઠ્યા પછી સૌ પહેલાં બે હાથ જોડીને માતા-પિતાનાં દર્શન કરે છે. (પૂજામાં ભગવાન આગળ તો એ સ્નાન વગેરે પ્રાતઃ કર્મ આટોપ્યા પછી બેસે છે.)

આ જોઈને હું એક પ્રકારની ધન્યતા અનુભવું છું. મારાં પત્ની ઘણી વાર મને કહે છે : 'મારી માતાનું અવસાન થોડું વહેલું થયું ગણાય, પણ માનો પ્રેમ મને અહીં ખૂબ મળ્યો છે.'

મારી પત્નીએ બા આગળ માત્ર નમન કરીને ચલાવ્યું નથી. એમની હયાતી વખતે એમની ઉત્તરાવસ્થામાં એણે ખૂબ સેવા કરી હતી. ગ્લાનિ એ વાતની થાય છે કે હું પુત્ર હોવા છતાં પત્નીએ બાની જેટલી સેવા કરી એની તુલનામાં હું કશું કરી શક્યો નથી.

બાને કોઈ માંદગી આવ્યાનું મેં જાણ્યું નથી. એ ફક્ત અવારનવાર માથું દુઃખતું હોવાની ફરિયાદ કરતી. છેલ્લાં વર્ષોમાં અને અવસાન પૂર્વે એને કોઈ માંદગી નહોતી. ઉત્તરોત્તર શારીરિક અશક્તિ વધતી જતી હતી એટલું જ.

જીવનમાં બે મોટા ઘા એને સહન કરવા પડ્યા હતા. એક તો પચીસ વર્ષના તેજસ્વી યુવાન પુત્રના અવસાનનો ભારે ઘા એને સહન કરવો પડ્યો હતો. ઘા કારમો હતો છતાં બાની એ ઉંમરે એનું મનોબળ ઘાને પચાવી લેવા સક્ષમ હતું. એ પુત્રને કૉલેજમાં અધ્યાપક થયે પૂરું એક વર્ષ પણ વીત્યું નહોતું તેમ જ લગ્નને પણ માંડ એક વર્ષ વીત્યું હતું. આ સ્થિતિએ બાના હૈયા ઉપર કેવો જખમ કર્યો હશે એ કલ્પનાનો વિષય છે. બાએ હૈયા ઉપર પથ્થર મૂકીને કેવું ધૈર્ય જાળવ્યું હતું એ તો અવારનવાર ઉપસ્થિત થતા કૌટુંબિક મંગળ પ્રસંગોએ અમે જોઈ શક્યા હતા. સ્મૃતિપ્રેરક એ પ્રસંગોએ આંખને કોરી રાખવી એ અખૂટ ધૈર્ય માગી લે છે. બામાં એ ધૈર્ય હતું.

બા માટે બીજો ઘા અસહ્ય બની રહ્યો. એ ઘા હતો એના જ્યેષ્ઠ પુત્રનું અવસાન. બા ૮૦ વર્ષ વટાવી ચૂકી હતી. શરીરમાં કોઈ વ્યાધિ નહોતો પણ

ઉંમરે શરીરને જર્જરિત બનાવી મૂક્યું હતું. આ ઉંમરે ધૈર્ય અને આત્મબળને પહેલાં જેવાં રહેવા દીધાં નહોતાં. આ દીકરાએ બા સાથે કેટલાં બધાં વર્ષ ગાળ્યાં હતાં ! અમારા આ મોટા ભાઈ એમનાં ચાર સંતાનો થયાં ત્યાં સુધી મોભી દીકરા તરીકે સંયુક્ત કુટુંબમાં રહ્યા. પછી જગતના વાસ્તવને સ્વીકારીને એ જુદા રહેવા ગયા. એ જુદા રહેવા ગયા એ પછી થોડા સમય બાદ એમનાં પત્નીની તબિયત સારી ન રહેવા લાગી. દિવસે દિવસે તબિયત કથળતી ગઈ અને છેવટે એ અવસાન પામ્યાં. બાએ મોટા ભાઈને ફરી પાછા સંયુક્ત કુટુંબમાં બોલાવી લીધા. એમનાં ચારેય બાળકોને માતાની ખોટ ન સાલે એવી રીતની દેખભાળ રાખવાની જવાબદારી કુટુંબનાં અન્ય સભ્યોએ સંભાળી લીધી. મોટા ભાઈના ત્રણ પુત્રો પોતપોતાનાં ઘર સંભાળે એટલી ઉંમરે પહોંચ્યા એ પછી મોટા ભાઈ સાથે એ સૌ બાજુના ઘરમાં અલગ રહેવા ગયા. પછી તો એ ત્રણ પુત્રો પણ ધંધાના કારણે આપોઆપ અલગ થયા. મોટા ભાઈની સૌથી મોટી પુત્રી લગ્નજીવન નિષ્ફળ જવાના કારણે પિયરમાં જ હતી. એટલે મોટા ભાઈ અને મોટી પુત્રી એકલાં રહેવા લાગ્યાં. એમનું આ ઘર અમારા મૂળ ઘરની અડોઅડ હતું. મોટા ભાઈ નોકરીમાંથી હવે નિવૃત્ત હતા. સવારે નવ વાગ્યા પછી જમવાના સમય સુધી અને સાંજે પાંચ વાગ્યા પછી દિવસ આથમે ત્યાં સુધી અમારા ઘરના ઓટલા પર આવીને બેસતા. આ બધા સમયે બા પણ ઓટલાની જાળી આગળ બેસતી. મોટા ભાગે તો મૌનનો આશ્રય, પણ માદીકરા વચ્ચે થોડોઘણો સંવાદ થયા કરતો. દીકરાના આ ઉંમરે એકલવાયા જીવનના કારણે બા દુ:ખી હતી. આ પુત્રના અવસાનનો ઘા બા ન જીરવી શકી. મોટાં ભાભી અને મારી પત્ની ઘણી વાર કહે છે, 'મોટા ભાઈના મોત પછી બા કદી ઊભાં ન થઈ શક્યાં.' હા, બા વગર માંદગીએ ખાટલાવશ થઈ ગઈ હતી !

બા એ ઘરમાં હતી જ્યાં એણે જીવનના શ્રેષ્ઠ મંગલ અવસર પછી પહેલો પગ માંડ્યો હતો. લોકો એને મારા ઘર તરીકે ઓળખે છે. કારણ કે વહેંચણીમાં એ ઘર મારા ભાગમાં આવ્યું છે. બા એ ઘર છોડીને ક્યાંય જવા માગતી નહોતી એટલે બા મારી સાથે હતી. પણ હું તો નોકરીમાં કડી મુકામે હતો. હું એને કડી લઈ જાઉં (એક-બે વખત થોડા થોડા સમય માટે મેં એમ પણ કર્યું હતું) પણ એનું ચેતાતંત્ર જોગીવાડાની ભૂમિ અને ત્યાં વસતા સમાજ સાથે એવું ઘનિષ્ઠ રીતે સંકળાયેલું હતું કે એને કડીમાં રાખવી તે એના મન ઉપર અણઘટતું દબાણ કર્યા જેવું હું માનતો હતો. એટલે એની રુચિ પ્રમાણે એ પાટણમાં સાથે (લૌકિક સમજ પ્રમાણે) મારા ઘરમાં રહેવા લાગી.

બા મારા ઘરમાં જ રહેતી હતી પણ એની બધી જ સગવડ અને સારવારમાં મારા બીજા નંબરના સૌથી મોટા ભાઈ જે એક્સ્ટેન્શન ઑફિસર (ખેતીવાડી) તરીકે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા હતા (અને જે આયુર્વેદ વિદ્યાના સ્નાતક પણ હતા) તે અને ભાભી ઊભા પગે રહેતાં હતાં.

જ્યારે એમ જણાયું કે બાની શારીરિક હાલત ઘણી કથળી ચૂકી છે ત્યારે ભાભીશ્રીની મદદમાં રહી શકે એ હેતુથી મારી પત્નીને મેં બાની સારવાર માટે પાટણ મોકલી.

જગતની (અથવા કહો, સંસારની) નાટકીય વક્રતા તો જુઓ. બાનો પરિવાર કેટલો મોટો ! પાટણમાં અને પાટણ બહાર એમની કેટલી બધી પૌત્રવધૂઓ ! પણ રાત-દિવસ બાની સેવામાં ખડે પગે રહેનાર એમની બે પુત્રવધૂઓ જ.

ભાભી અને મારી પત્નીએ રાતદિવસ બાની જે સેવા કરી તે મહોલ્લાના લોકોમાં એક કહેવતરૂપ બની ગઈ. થોડા થોડા સમયને અંતરે એને ખાટલામાં બેઠી કરવી અને સુવાડવી એ સતત ચાલ્યા કરતું હતું. સાંજના સમયે એને આંગણામાં ખુલ્લી હવામાં લાવવી. રાત પડતાં એને ઘરની ઓસરીમાં સુવાડવી. ઊંઘવાના સમયે એને ઘરમાં લઈ જવી. ત્રણે સ્થળના ખાટલા-ખાટલીઓ જુદાં. અંધારા-અજવાળાની બાબતમાં બાની રુચિમાં ઘણો બદલાવ આવી ગયો હતો. ઓસરીની ખાટલીમાં એ સૂતી હોય ત્યારે મહોલ્લાની સ્ટ્રીટલાઇટનું અજવાળું આંખ સુધી પહોંચતું. અગાઉ આ અજવાળાએ બા માટે કશી હરકત કરી નહોતી. પણ હવે એ અજવાળું એનાથી ખમાતું નહોતું. એને શી રીતે બંધ કરવું ? આ અંગેની સમજૂતી માટે ઘણી શક્તિ ખર્ચવી પડતી. પવન સિવાય એને ચાલતું નહીં. ઘરમાં તો પંખો સતત ચાલુ રહેતો. આંગણામાં ગરમી કે બફારો હોય કે ન હોય હાથપંખો સતત ચાલુ રાખવો પડતો. ઓસરીમાં પંખો નહોતો એટલે બા ઓસરીમાં હોય ત્યાં સુધી ત્યાં પણ હાથપંખો ચાલુ રાખવો પડતો.

રાત્રે ઘરના કામકાજથી પરવારીને ઉપર જેમનો ઉલ્લેખ કર્યો છે તે કુટુંબની અન્ય વહુવારુઓ બાની 'ખબર કાઢવા' આવતી. ઓસરીમાં બાની આસપાસ આ સ્ત્રીઓનો મેળો જામતો. મોડા સુધી ગામ-ગપાટાં ચાલ્યા કરતાં. મોટાં ભાભી અને એમની દેરાણી (મારી પત્ની) આખો દિવસ બાની સેવામાં કમરતોડ ઊભાં રહ્યાં હોય એટલે થાકથી એમની આંખો ઊંઘે ઘેરાતી હોય પણ પેલું સ્ત્રીવૃંદ જાય ત્યારે થોડી કળ વળે ને ?

બા નિરક્ષર એટલે ધાર્મિક કે અન્ય ગ્રંથોનું એનું કશું વાચન નહીં. એ ક્યાંય કથા-વાર્તામાં પણ જતી નહીં. મંદિરમાં જતાં મેં એને કદી જોઈ નથી. એના મુખે અમે કદી રામાયણ કે મહાભારત તો શું, કોઈ પ્રચલિત વાર્તાઓ પણ સાંભળી નથી. પણ બા ખુદ એક આધ્યાત્મિક ગ્રંથ હતી એ હું વિના સંકોચે કહી શકું છું. જે આધ્યાત્મિક ગ્રંથો, સત્સંગ કે કથા-વાર્તામાંથી મેળવી લેવા માણસ સતત ભ્રમણશીલ રહે છે એ બધું તો બામાં હતું જ. બાના વ્યક્તિત્વ હેઠળ અમે ઊછર્યા અને શું મેળવ્યું એ અમારા વ્યક્તિત્વમાં ખુલ્લી કિતાબમાં વાંચી શકાય એ રીતે જોઈ શકાય છે. અમે જે છીએ એ બાના અંશરૂપે છીએ એટલું કહેવું પૂરતું છે.

■

# ૭
# પિતાજી

કાળો લૉંગ કોટ અને ઘેરા ગુલાબી રંગનો સાફો એ એમની ઓળખાણ માટે કહેવતરૂપ બની ગયેલો પહેરવેશ.

વ્યવસાયે શિક્ષક. વડોદરા રાજ્યમાં એ વખતે લેવાતી હાયર-લોઅરની પરીક્ષાઓ એમણે પસાર કરેલી. મુલકી ખાતામાં નોકરી મેળવી શક્યા હોત પણ એમણે શિક્ષણનું ક્ષેત્ર પસંદ કર્યું અને શિક્ષક થયા. ઉત્તમ શિક્ષક તરીકેની એમની છાપ વ્યાપક. શિસ્તના ભારે આગ્રહી એટલે 'કડક' શિક્ષક તરીકે એ પ્રચલિત બન્યા હતા. એ બાળકોને શારીરિક શિક્ષા કરતા નહીં. બાળકો માટે પ્રેમ પણ ખરો છતાં આ છાપ એમના પ્રભાવ વિશે ઘણું કહી જાય છે. શાળામાં જ કેમ, ફળિયામાં અને અન્ય વ્યવહારનાં સ્થળોમાં પણ એ જ છાપ. બહારથી આવતાં ફળિયામાં પ્રવેશે ત્યારે લડતાં-ઝઘડતાં કે ધમાલ કરતાં છોકરાં શાંત થઈને આઘાંપાછાં થઈ જાય. મોટા ઘાંટે બોલતી સ્ત્રીઓ એમને જોઈને પોતાનો અવાજ મંદ કરી દે.

ગામના આગેવાન. ગામના પ્રશ્નો, સમસ્યાઓ કે કોઈના અંગત ઝઘડાના નિકાલ માટે ગામ ભેગું થયું હોય ત્યારે એમની વાણીનું વજન સૌ અનુભવી શકતા. તટસ્થપણે તોડ લાવવાની એમની ભારે કુનેહ. આમાં ખોટું કરાવીને લાભ મેળવવાની ઇચ્છાવાળા નારાજ થતા. પણ આખરે તો પિતાજીની સચ્ચાઈ અને નિષ્ઠા એમની લોકપ્રિયતા જાળવી રાખતાં.

ગામનાં સામૂહિક કાર્યો માટે નાણાકીય વહીવટ પિતાજીને હસ્તક રહેતો. પ્રત્યેક વર્ષે સિંધવાઈ માતાના સ્થાને હવન (યજ્ઞ) થતો. આ માટે ગામમાં નાણાંનું ઉઘરાણું થતું. પ્રત્યેક કુટુંબે ખર્ચ માટે ફાળાના ચાર આના (પાવલી) આપવાના થતા. લોકો પોતાના અનુકૂળ સમયે પાવલી આપી જતા. મોટા ભાગે સાંજે અથવા રાત્રે. આવી રીતે આવતી પાવલી નોંધમાં વિસરાઈ ન જાય એની કાળજી પિતાજી

બરાબર રાખતા. સાંજે કે રાત્રે ઓછા અજવાળામાં કોઈની પાવલી ઘસાયેલી આવતી તો તેને બદલે બીજી પાવલી પિતાજી પોતાની નાણાકોથળીમાંથી કાઢીને મૂકતા.

પિતાજી ચુસ્તપણે સ્વાવલંબી. પોતાનું બધું કામ પોતે કરે. પોતાનાં કપડાં પોતે ધૂએ. જરૂર પડ્યે સાંધવાનું કામ પણ પોતે કરી લે. જીવનના અંત સુધી પાણી પણ એમણે કોઈની પાસે મંગાવ્યું નહોતું.

કરકસર એમના સ્વભાવમાં વણાઈ ગયેલી. ક્યાંય કશાનો બગાડ ન થાય એ કરકસરની એમની માન્યતાનો પાયાનો સિદ્ધાંત. કોઈ પણ વસ્તુ નિરુપયોગી ન બને ત્યાં સુધી એને ઉપયોગમાં લેવાની એમની રીત ખરી. ખાટલા જેવી ગૃહ-ઉપયોગી ચીજોની ભાંગતૂટનું સમારકામ એ પોતે કરી લેતા. આ કામ માટે કરવત, રંધો, ફરસી, શારડી, વીંધણું, હથોડી વગેરે સાધનો પોતાના ઉપયોગ માટે એમણે વસાવેલાં. હથિયારોની તીક્ષ્ણતા એ બરાબર જાળવી રાખતા. શારડીનો ઉપયોગ કરવો પડે ત્યારે દોરી ખેંચવા અમને બેસાડતા.

ખાટલા ભરવાનું વાણ પોતે જાતે તૈયાર કરતા. બજારમાંથી સૂતર મંગાવે. એને દોરીના રૂપમાં ફેરવવા માટે અને એ ફેરવીને વળ આપવા માટે ખાસ પ્રકારની ફરકડીનો ઉપયોગ કરતા. દોરી જેમ જેમ વણાઈને લંબાતી જાય તેમ તેમ એને વળ આપવા માટે ફરકડી અમારા હાથમાં આપતા. અમે વળ આપતા જઈએ અને પાછા પગલે દૂર દૂર ખસતા જઈએ. આમ પચીસ-ત્રીસ વાર જેટલું પાછા હઠ્યા હોઈએ, ત્યારે વળ પામેલી એટલી દોરી ચાર પાંખિયાંવાળી એ ફરકડીમાં નિશ્ચિત પદ્ધતિએ પોતે વીંટી લે અને પછી કામ આગળ ચાલે.

કરકસર તે કેવી ! ઘરનાં પાંચ-છ વર્ષની ઉંમરનાં બાળકોની ચડ્ડી પોતે જાતે હાથ સિલાઈથી સીવે. ખિસ્સાં વગરની ચડ્ડી પહેરવી ન ગમે. પણ શું કરીએ ? શાસન પિતાજીનું. ચૂં કે ચાં થાય નહીં.

ચૂં-ચાં ન કરી શકવા વિશેનો દાખલો ટાંકવા જેવો છે. મૅટ્રિક પછીના અભ્યાસ માટે હું વડોદરા કૉલેજમાં દાખલ થયો. ગાદલા-ઓશીકાનો બિસ્ત્રો બાંધવા માટે સામાન્ય રીતે શેતરંજીનો ઉપયોગ થાય. વેપારના કારણે ઘરમાં તાડપત્રીનો એક ટુકડો હતો. એને કાતરથી કાપીને પિતાજીએ શેતરંજી જેટલા આકારનો બનાવીને મને કહ્યું : ‘આમાં બિસ્ત્રો બાંધી લો.’ તાડપત્રી એક મજબૂત કાપડ ખરું, પણ શેતરંજી જેટલો એનો મોભો નહીં ને ! આ તાડપત્રીનો ઇન્કાર કરી શકાયો નહીં અને કચવાતે મને એને બિસ્ત્રાનું આવરણ બનાવ્યું અને વડોદરા ભેગો થયો.

કરકસર કંજૂસાઈમાં ન ફેરવાય એની સમજ એમનામાં બરાબર હતી. ઘર વપરાશની ચીજો અને રસોડાની સામગ્રી હલકી ન ખરીદાય એનું ખાસ ધ્યાન રાખતા. ઘઉં-ચોખા ઉત્તમ જાતના જ ઘરમાં આવવા જોઈએ. ઘી-દૂધનો વપરાશ ભરપૂર પ્રમાણમાં. શિયાળામાં વસાણાં અચૂક હોય. ઘેર આવેલા મહેમાનનું આતિથ્ય શાહી ઢબે થાય એવો એમનો આગ્રહ.

કેળવણીની બાબતમાં રજ માત્ર કરકસર નહીં કરવાની એમની કડક સૂચના. અભ્યાસક્રમમાં નક્કી થયેલાં બધાં જ પુસ્તકો નવાં (સેકન્ડ હેન્ડ નહીં) ખરીદવાનો એમનો આગ્રહ. નોટબુકો અને અન્ય વતરણાં પણ સારી જાતનાં ખરીદાવાં જોઈએ.

અમે (હું અને ભાઈઓ) કૉલેજમાં અભ્યાસ કરીએ ત્યારે બધાં પુસ્તકો પોતાનાં હોવાં જોઈએ એવી એમની કાયમી સૂચના. બીજા વિદ્યાર્થીની ભાગીદારીમાં કોઈ પુસ્તક નહીં ખરીદવાનું. જરૂરી સંદર્ભ-પુસ્તકો ખરીદવાની એમની સલાહ ખરી. અને એમની ભારપૂર્વકની સૂચના તો એ કે અભ્યાસકાળ દરમિયાન કોઈ પણ સંજોગોમાં નોકરી ન કરવી. બી.એ. થયા પછી એલએલ.બી.ના અભ્યાસ માટે હું અમદાવાદ આવ્યો ત્યારે મારા હાથમાં ૬૦૦ રૂપિયા મૂક્યા. એ વખતે એમની આ વાત મારે ધ્યાનપૂર્વક આચરણમાં મૂકવાની હતી. એ વર્ષોમાં (ઈ. સ. ૧૯૪૭) ભોજનખર્ચ માસિક ૩૦ રૂપિયાથી વધારે નહીં અને ફી પણ ૧૦૦ રૂપિયા કરતાં ઓછી. એટલે ૬૦૦ રૂપિયા તો અધધ કહેવાય.

અહીં પિતાશ્રીની કરકસરની વ્યાખ્યા બરાબર સમજી શકાશે. બિનજરૂરી ખર્ચ કરવો નહીં, અને જરૂરી ખર્ચમાં કાપ નહીં.

મિતભાષીપણું એમના વ્યક્તિત્વનું તરી આવતું એક લક્ષણ. ઘણું ઓછું બોલે. ઘરમાં પણ એવું. ઘરમાં સૌ સાથે બેસીને વાતો કરતા હોય એવું ભાગ્યે જ બને અથવા કહો કે એવું બનતું નહીં. કોઈ બાબતે કે પ્રશ્ને નિર્ણય લેવાના હોય તો ઘટતો નિર્ણય પિતાજી પોતે જ લેતા. એમના નિર્ણય અંગે પસ્તાવું પડે એવું ભાગ્યે જ બને.

સ્વભાવે જણાય અતડા પણ કુટુંબના સર્વ સભ્યોની સંભાળ રાખતા રહે. સૌની જરૂરિયાત અને સગવડ સચવાય એ માટે પૂરી કાળજી લે. અને ખબરઅંતર તો એમના બે ભાઈ, બે પિતરાઈ ભાઈ અને એક કાકાના પરિવારોની પણ લીધા કરે. અઠવાડિયામાં બે કે ત્રણ દિવસ એ દરેકના ઘેર જઈ કુશળતાના સમાચાર મેળવી લે. કોઈને કંઈ તકલીફ હોય તો એને દૂર કરવા શક્ય તે

સહાય કરે.

પિતાજીની દિનચર્યામાં આળસ કે પ્રમાદનું નામ નહીં. આખો દિવસ (નોકરીના સમય સિવાય) કંઈ ને કંઈ ઘર-ઉપયોગી પ્રવૃત્તિ કર્યા કરે. ક્યારેક ક્યારેક ઘડિયાળ (વૉલક્લોક) લઈને બેસે. એને સાફ કરે. બદામનું તેલ લઈને એના ચક્રોમાં આંજણ કરે. બગડેલું ઘડિયાળ રિપેર કરી શકે. એક પુરાણા એન્ટીકમાં ખપે એવા બંધ ભીંત-ઘડિયાળમાં એલાર્મની વ્યવસ્થા હતી. એ ઘડિયાળમાંથી એલાર્મના પુર્જા ખસેડીને એમણે એક જાપાની નવા ઘડિયાળમાં બેસાડેલા. હું વડોદરા કૉલેજમાં હતો ત્યારે ચાર વરસ સુધી વૅકેશન પછી વડોદરા જવાનું થાય ત્યારે આ એલાર્મની ઘંટડીએ જાગીને સવારની વહેલી ગાડી પકડતો.

પિતાજીના જીવનમાં શ્રમનો થાક નહીં, આહાર-વિહારની ચુસ્ત નિયમિતતાના કારણે માંદગી હંમેશાં એમનાથી દૂર રહેતી.

પ્રવૃત્તિની વ્યસ્તતા માટે એમનાં ત્રણ ક્ષેત્રો – પ્રથમ નોકરી, બીજું ખેતી અને ત્રીજું, ધીરધારનો ધંધો. ખેતીનું એક રૂપ વાવડો. ઘેર ગાડું, બળદ કે ખેતીનાં મોટાં ઓજાર કે હથિયાર રાખ્યા સિવાય માત્ર ખેતીનું કામ કરનાર માણસો અને મજૂરો દ્વારા ખેતી કરાવવી તે વાવડો. પિતાજી પોતાની નજર હેઠળ એક ખેતરમાં વાવડો કરાવતા અને બીજાં બે ખેતરો ઊધડથી બીજા કોઈ ખેડૂતને વાવવા આપી દેતા. ઊધડની રીતમાં નક્કી કરેલી રકમ બાર મહિનાના હિસાબે મેળવી લેવાતી.

પિતાજી નાણાંની ધીરધાર કરતા એ સમયમાં નાણાકીય તંગી હેઠળ પ્રજાનો મોટો ભાગ જીવતો. અને તેમાંય ખેડૂત વર્ગના ઘણા લોકો સતત દેવામાં ડૂબેલા રહેતા. અમારા ગામમાં (અમારા ગામની સમજ અગાઉ આપી છે) પણ ઘણા આ સ્થિતિમાં રહેતા હતા. આ લોકો પિતાશ્રી પાસેથી નાણાં લઈ જતા. કોઈ સેન્ટીમેન્ટમાં તણાયા સિવાય પિતાજીએ વ્યવહારુ માર્ગ અપનાવેલો. છ આના વ્યાજથી એ નાણાં આપતા. આ છ આના વ્યાજની મને આજેય સમજ નથી. પણ એટલું જાણું છું કે બહાર ચાલતા વ્યાજના દર કરતાં આ ઓછું હતું. પિતાનું કામ આ બાબતમાં ઘણું વ્યવસ્થિત હતું. આપેલી રકમની નોંધ એ ચોપડામાં કરતા. અને નાણાં લેનારની સહી કરાવતા. જ્યાં ટિકિટ ચોંટાડવાની જરૂર હોય ત્યાં ટિકિટ ચોંટાડીને એના પર નાણાં લેનારની સહી લેતા. આજે પણ એ ચોપડાઓમાં વડોદરા રાજ્ય વખતની લીલા અને કેસરી રંગની ટિકિટો હું જોઈ શકું છું. કોઈ અવસર અથવા બીજા નિમિત્તે મોટી રકમ લેવાની જરૂર

પડી હોય તેવા લોકો નાણાંની સામે ઘરેણાં મૂકી જતા. પિતાજીનો આ અંગે કદી સંબંધો ન બગડે તેવો વ્યવહાર. ક્યારેક મને આ વ્યવહાર સંદર્ભે હાઈસ્કૂલના ત્રીજા (હાલના સાતમા) ધોરણમાં અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંનું એક વાક્ય સ્મૃતિ પર આવે છે : 'Money matters are not of fancy, they are of fact.'

ફાલતુ વાતો કે ટોળટપ્પામાં એ સમયનો કદી વ્યય કરતા નહિ. ઘરમાં તો શું, બહાર પણ ક્યાંય વ્યક્તિગત કે સમૂહમાં એ હેતુહીન વાતોમાં ભળતા નહીં. ઘરમાં એમને કોઈની નિંદા કે ટીકા કરતા મેં કદી સાંભળ્યા નથી. એમના મુખેથી અભદ્ર વાણી કે અપશબ્દ કદી નીકળતાં અમે સાંભળ્યાં નથી.

કોઈ વ્યસન નહીં. ઊંઘ અને આહારની પૂરી સમતુલા. એક અપવાદ સિવાય ડૉક્ટર પાસે જવું પડે એવી માંદગી આવેલી નહીં. અપવાદવાળી માંદગીનો સંજોગ એમણે જાતે ઊભો કરેલો. એમનાથી મોટા ભાઈનું ૨૪ વીઘાનું ખેતર. એમાં કૂવો તૈયાર થતો હતો. એ વખતે ભાઈના એ કાર્યમાં પિતાજી ઊલટપૂર્વક સહાયરૂપ થતા હતા. સતત પાણીમાં રહેવાનું થયું એટલે શરદી અને એમાંથી ન્યુમોનિયાની માંદગી આવી પડી. જનરલ હૉસ્પિટલના દાક્તરની સારવાર લેવી પડેલી. બાકી ૮૩ વર્ષની વયે મૃત્યુ વખતે પણ એમને માંદગીનો સામનો કરવો પડ્યો નહોતો. થોડી બેચેની અને તરત અવસાન ! હાર્ટઍટેક વખતનો ભારે દુખાવો નહીં. આને હાર્ટ ફેઈલ્યોર કહેતા હશે ?

પિતાજી ગામમાં માન-મર્તબા બાબતે ટોચ ઉપર હતા ત્યારે એક વળાંક આવ્યો. મૂળ બહારગામના એક જણે આ ગામના આગેવાન તરીકે ગજું કાઢેલું. પોતાના એકબોલ પર આખું ગામ નાચતું રહે એવી એની મહત્ત્વાકાંક્ષા હશે. આવા માણસો પોતાના કરતાં વધારે વગદાર માણસોને સહન કરી શકતા નથી. આ માણસ એ પ્રકારનો હતો. પોતાનું વર્ચસ વધારવા માટે પિતાજીના પ્રભાવ પર એણે તરાપ મારવી પડે. કાવાદાવામાં નિપુણ એવા આ માણસે ગામમાં લેવાતા નિર્ણયો દ્વારા દંડ કે અન્ય શિક્ષા પામેલા માણસો જે પિતાજીથી નારાજ થયા હોય એમને હાથ પર લેવા માંડ્યા. આ માણસ એટલો હોશિયાર કે એણે હોળીનું નાળિયેર બની શકે એવો અમારો દૂરનો એક કુટુંબી પસંદ કર્યો. આ કુટુંબી નામનો એટલો ભૂખ્યો હતો કે એના માટે, 'અધેલી લ્યો પણ મને કાકા કહો' એવી કહેવત પ્રચલિત થઈ હતી.

એક વખત ગામના કોઈ સહિયારા કામ માટે ગામ ભેગું થયું હતું. એ કામ માટે નાણાભંડોળ એકઠું કરવું પડે એમ હતું. ઘરદીઠ અમુક રકમ ઉઘરાવવી

એવી દરખાસ્ત આવી. રકમનો આંકડો પણ બોલાયો. સૌ એ સ્વીકારી લેવાની તૈયારીમાં હતા ત્યારે પિતાજીએ કહ્યું, 'આવી રીતે નાણાં ઉઘરાવાય તે બરાબર નથી. જે રકમ નક્કી કરવા માગો છો એ રેવા જેવો માણસ (નામ બદલ્યું છે) શી રીતે ભરી શકે ? ગામના સુખી માણસો પાસેથી પ્રેમભર્યા આગ્રહથી નાણાં મેળવો.' ચર્ચા થઈ અને ફરજિયાત ભંડોળની દરખાસ્ત ઊડી ગઈ.

આ ઘટના પછી નિશ્ચિત ઉશ્કેરણીથી દોરવાઈને રેવાએ પોતાને ગામ વચ્ચે ગરીબ તરીકે જાહેર કરીને પોતાની ભારે માનહાનિ કરવામાં આવી છે એવી ફરિયાદ ગામને કરી. પછીના અઠવાડિયે ગામ ભેગું થયું. અસંતુષ્ટ માણસોએ આંખો મીંચીને પિતાજી વિરુદ્ધ પ્રચાર કર્યો હતો. ઉગ્ર ચર્ચા થઈ ખરી, પિતાજીનો દંડ કરાવવા જે માણસો તૈયાર થયા હતા એમના હાથ હેઠા પડ્યા. રેવાને ગરીબ કરીને એની માનહાનિ કરવાનો પિતાજીનો લેશમાત્ર ઇરાદો નહોતો જે કહેવાયું હતું તે શુભ ભાવનાથી કહેવાયું હતું એ વાત સ્વીકારાઈ અને એ પ્રકરણ સમેટાઈ ગયું. પણ પેલા મહત્ત્વાકાંક્ષી આગેવાનનો એક પાસો તો સવળો પડ્યો જ. પિતાજી સામે અસંતુષ્ટોની સંખ્યામાં થોડો ઉમેરો થયો. પેલો બની બેઠેલો આગેવાન બધી રીતે પહોંચેલી માયા હતો. એણે કદાચ એવું વિચાર્યું હશે કે વ્યક્તિગત પ્રશ્ન હાથમાં લઈને કોઈને ઉશ્કેરીને ગામમાં ફરિયાદ કરાવવાથી માસ્તર જેવા દિગ્ગજ સામે કંઈ ઊપજશે નહીં એટલે એણે ચતુરાઈપૂર્વક જેમાં આખું ગામ રસ લેતું થાય અને આડકતરી રીતે આખા ગામને સ્પર્શતો હોય એવો પ્રશ્ન હાથમાં લીધો. બાર ગામનો અમારો સમાજ. કહેવાય બાર, પણ એમાં અઢાર જેટલાં ગામ ખરાં. આ બાર ગામના સભ્યોમાં કોઈને સગાઈ, લગ્ન કે અન્ય પ્રકારના સામાજિક કારણસર કંઈ ફરિયાદ હોય તો તે, આ બાર ગામના પ્રતિનિધિઓ, જે પંચ તરીકે ઓળખાય છે તે નિશ્ચિત સમયે મળે ત્યારે રજૂ થતી. બધી ફરિયાદોનો નિકાલ આ પંચની રાતભરની બેઠકમાં થતો. બાકી રહે તે ફરિયાદો બીજા દિવસે હાથ પર લેવામાં આવતી. આ પંચની કોઈ સ્થાયી આવક નહોતી. ખર્ચ તો ઠીક ઠીક થતો. આ ખર્ચ ફરિયાદોના નિકાલમાં થયેલા દંડની રકમમાંથી થતો. ખર્ચ પછી ઝાઝી રકમ શેષ રહેતી નહીં. પણ જે રહેતી એ પંચની સિલક ગણાતી. આ સિલક પંચની સિલક તરીકે પિતાજીના હસ્તક રહેતી. હિસાબના ચોપડા ઊંઝાની બાજુના ઐઠોર નામે ગામમાં રહેતા.

પેલા માણસ અને તેના મળતિયાઓએ ઉપાડો લીધો. બસ એક જ વાત : 'પંચની સિલક કોઈ એક વ્યક્તિને સોંપાય નહીં. એ ગામ થકી હોવી જોઈએ. ગામ જેને સોંપવી હોય તેને સોંપે. પંચમાં આની ચર્ચા થવી જોઈએ. આપણા

ગામે એ માટે પંચમાં રજૂઆત કરવી પડશે. કરીશું.'

આ પછી પંચમાં ગામ તરફી સૂર બુલંદ બને એ માટે એ માણસે જુદા જુદા ગામના આગેવાનોને પોતાના મતના કરવા માટે ગામમાં એ આગેવાનોના જે સગાઓ હોય એમનો સંપર્ક સાધવા મોકલ્યા. પ્રશ્નને એટલો બધો ચકડોળે ચઢાવ્યો કે બારે ગામમાં આ સિલક ચર્ચાનો વિષય બની.

પિતાજી ધીરજપૂર્વક આ બધો ખેલ નિહાળી રહ્યા હતા. જેમ જેમ પંચના મળવાનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ પ્રચાર હીન કક્ષાનો થવા માંડ્યો. આ ઉપાડો લેનાર અને તેના સાગરીતોએ એવું કહેવા માંડ્યું કે વેપારમાં માસ્તરની કંપનીમાં ખોટ ગઈ છે એટલે પંચની સિલક એમણે વાપરી નાખી છે. વેપારમાં હજારોની જંગી રકમમાં પંચની ત્રણ-ચાર હજાર રૂપિયાની સિલકનો કશો હિસાબ ન હોય એટલી સમજ આ લોકોના દિમાગમાં ન ઊતરી. વળી, આ લોકોએ પિતાજીની નિષ્ઠા અને પ્રામાણિકતા તરફ ન જોયું !

આખા ગામ તરફથી ફરિયાદ રજૂ થઈ હતી એટલે પંચમાં એને ચર્ચા પર તો લેવી જ પડે. ઉગ્ર ચર્ચા થઈ, શોરબકોર અને ઘાંટાઘાંટ પણ ઘણી થઈ. પણ પંચના મોભી અને ખરેખરા પીઢ આગવાનો હતા એ પિતાજીને બરાબર જાણતા હતા. એક વયોવૃદ્ધ આગેવાન ઊભા થયા. થોડી પળો સુધી મૌન ધારણ કરીને એમણે પ્રતિનિધિઓની મેદની તરફ નજર ફેરવ્યા કરી. એમને સાંભળવા સૌ ચૂપ થયા. શાંતિ પથરાઈ. આગેવાન બોલ્યા : 'આપણા પંચમાં હવે પ્રતિનિધિ તરીકે જુવાનિયા આવતા થયા છે. એ પંચનાં પાછલાં વર્ષોનું કશું જાણતા નથી. પાછલાં વર્ષોમાં ઘણી વાર એવું પણ બન્યું છે કે આગલા વર્ષે દંડની બધી રકમ વપરાઈ ગઈ હોય અને ચાલુ વર્ષે મોલ્લું (પંચાત) કૂટ્યા પછી દંડની જાહેર થયેલી રકમ લેવાની બાકી હોય. પંચને જમાડવું તો પડે. વગર પૈસે ભોજનની વ્યવસ્થા શી રીતે થાય ? આવે વખતે માસ્તર સાહેબે પોતાના ઘરની નાણાકોથળીના પૈસાથી કામ નિભાવ્યું છે. માટે ભાઈઓ, જરા સમજો. માસ્તર સાહેબ પંચના શેઠ છે. પંચે સિલક એમને સોંપેલી છે, ત્રણચાર હજાર જેવી મામૂલી રકમ. માસ્તર સાહેબના કુટુંબ માટે એનો કશો હિસાબ નથી. આ સિલક એમની પાસેથી માગતાં પહેલાં પંચ વિખેરાઈ જાય એ બહેતર છે...'

પ્રશ્ન એકદમ સમેટાઈ ગયો. અને વિરોધીઓના હાથ હેઠા પડ્યા. સાથે સાથે પાટણ ગામ, બારે ગામના પ્રતિનિધિઓ આગળ નાલેશીભરી સ્થિતિમાં મુકાયું.

ઘા જીરવવો મુશ્કેલ હોવાના અનુભવ સાથે ગામ વધારે ફુંગરે થયું હોય

એવાં દર્શન ક્યાંક ક્યાંક થવા લાગ્યાં. પેલો માણસ અને એના મળતિયાઓ દાંત કકરાવીને કોઈ નવી તકની રાહ જોતા રહ્યા. હવે તો મળતિયાઓની સંખ્યા પણ વધી હતી. આ લોકો જેની રાહ જોતા હતા એવી તક એમને ઉનાળાના એક લગ્નપ્રસંગે મળી ગઈ. મહોલ્લાના એક ભાઈની દીકરીના લગ્ન વખતે આવનાર જાનનો ઉતારો મહોલ્લામાં શ્યામળા પાર્શ્વનાથના દેરાસર સામેની વાડીમાં રાખ્યો હતો. આગળનાં પ્રકરણમાં વર્ણવ્યા પ્રમાણે મહોલ્લામાં આ એક મોટી વાડી હતી. ગામના રિવાજ પ્રમાણે ઘરદીઠ ઉઘરાવેલાં ખાટલા-ગાદલાં આ વાડીમાં ઉતારા માટે તૈયાર ગોઠવેલાં હતાં. જેના દીકરાની જાન આવવાની હતી તે ગૃહસ્થ પિતાજી સાથે મિત્ર જેવો સંબંધ ધરાવતા હતા. એટલે સ્વાભાવિક રીતે પિતાજી એ વાડીમાં ગયા. એમણે ખાટલા-ગાદલાંની સ્થિતિ જોઈ. એ જોયા પછી એમણે રિમાર્ક કરી : 'અલ્યા ભાઈ, ગામમાં ઠરાવ કરેલો છે કે જાનનો ઉતારો હોય ત્યાં ગાદલાં ઉપર ચાદર બિછાવેલી હોય અને ઉપર ઓશીકાં હોય. અહીં એવું કંઈ જણાતું નથી.'

પિતાશ્રીના આ ઉચ્ચારણ વખતે કેટલાક માણસો ત્યાં હાજર હતા. વાત કન્યાના બાપ પાસે પહોંચી. પિતાજીએ એ ભાઈનો દોષ જોયો નહોતો. એમણે તો ગામમાં ઠરાવ થયો હોવા છતાં લોકો એને પાળતા નથી એવી ટીકા કરી હતી. કંઈક ઊલટ-સૂલટ રજૂઆત થઈ હશે. કન્યાના પિતાએ જાહેરમાં પોતાને ઉતારી પાડ્યો હોવાની ગામમાં ફરિયાદ કરી. ગામ ભેગું થયું. હવે તથ્યાતથ્યની ચકાસણી કરવાની ગામની વૃત્તિ નહોતી. ગામે પિતાજીનો દંડ કર્યો – પાશેર દાણા ! મોટો દંડ કરવાની હિંમત નહીં ચાલી હોય. પિતાજીએ આ દંડ ભરવાનો સાફ ઇન્કાર કર્યો.

ગામ ફરીથી ભેગું થયું.

ચર્ચાની એરણ ઉપર હવે પ્રશ્ન હતો ગામના ફરમાનને અવગણવા બદલ માસ્તર ઉપર શાં પગલાં લેવાં તે અંગેનો. કશો નિર્ણય લેતાં પહેલાં પિતાજીના ભાઈ, પિતરાઈ ભાઈઓ અને ભત્રીજાઓનું વલણ જાણવા માટે એમને ગામ તરફથી પૂછવામાં આવ્યું : 'અમે માસ્તરના ઘરને ગામ બહાર મૂકીએ છીએ. તમારું શું છે ?'

'અમે આઠ ઘર એક છીએ.' જવાબ હતો.

'મૂકો આઠે ઘરને ગામ બહાર. એમનો દીવો-દેવતા અને બધો વહેવાર બંધ. ગામનું જે કોઈ આ આઠ ઘર સાથે જરા પણ વહેવાર રાખશે એને પણ ગામ બહાર મૂકવામાં આવશે.'

એક નવું પ્રકરણ શરૂ થયું.

'વહેવાર' બંધની અસર ધંધા સુધી પહોંચી. ગામના (અને અમારા ફળિયાના) એક ભાઈની ઢોરના ખાણની દુકાન હતી. એ ભાઈની દુકાનેથી ભેંસો માટેનું ખાણ અમારા કુટુંબીઓ ખરીદતા હતા. ખરીદવા ગયા એટલે એ ભાઈએ કહ્યું : 'ગામનો ઠરાવ થયો છે એટલે તમને ખાણ ન અપાય !'

'કંઈ હરકત નહીં', અમારા પરિવારનાં ભાભીશ્રીએ કહ્યું : 'ખાણની બીજી દુકાનો છે. અમારું ઊભું નહીં રહે. પણ તમે અમારા આઠે ઘરનાં ઘરાક કાયમ માટે ખોઈ ચૂક્યા છો એમ સમજજો.'

અમારાં આ ઘર મક્કમ અને અડીખમ હતાં એટલે હવે એમાં ફાટફૂટ પડાવવા વિરોધીઓ તરફથી પેરવીઓ થવા માંડી. અમારો દૂરનો એક વખતનો કુટુંબી જે વિરોધીઓની ટોળકીમાં ભળ્યો હતો અને જે પિતાજીના ભારે ઉપકાર હેઠળ હતો, એણે એક દિવસ મારા એક પિતરાઈ ભાઈને ઊભા રાખીને કહ્યું : 'વિઠ્ઠલ, તમે બધા વગર વાંકે માસ્તરને વળગેલા રહીને શું કામ ગામ બહાર રહો છો ? ભાવાભા (વિઠ્ઠલભાઈના પિતા) માંદા છે એની અમને ખબર છે. એમની ઉંમર ઘણી થઈ છે. ન કરે નારાયણ અને એમનો દેહ પડી જાય તો તમારી શી સ્થિતિ થશે એ વિચાર્યું છે ?'

'શી સ્થિતિ થવાની છે ?'

'ડોસા મરી જશે તો દેનમાં (સ્મશાનયાત્રામાં) ગામનો એક પણ માણસ નહીં આવે.'

આ સાંભળી વિઠ્ઠલભાઈ ગુસ્સાથી લાલપીળા થઈ ગયા. એમણે સંભળાવ્યું : 'તમારી કૂવો પૂરનારી વહુને કોણ કૂટી બાળવા ગયું હતું ? ઉપકાર માનો માસ્તરકાકાનો કે એ હતા તો તમે જેલના સળિયા પાછળ હવા ખાવામાંથી બચી ગયા. તમને કંઈ શરમ છે ખરી ? આમ છતાં તમારે સાંભળવો છે મારી બાનો મત ? એ કહે છે : ઘેર બળદ અને ગાડું છે. મારા આઠ ઘરના છોકરાઓ ડોહાને ગાડામાં નાખીને હરિહર (સરસ્વતી નદીના કાંઠે આવેલું સ્મશાન) લઈ જશે. તમે ફકર ન કરતા.'

થોડા દિવસ પછી ભાવાભાનું અવસાન થયું અને આશ્ચર્યની વાત એ બની કે એમની સ્મશાનયાત્રામાં જોડાવા માટે ફળિયાનાં માણસો એક પછી એક વિઠ્ઠલભાઈના ઘર આગળ આવવા લાગ્યા. અલબત્ત, સૂતકના દિવસે કોઈ ન ડોકાયું. પણ એથી બીજી કોઈ હરકત ઊભી થાય એમ નહોતી.

આઠ ઘરને બહાર મૂકવાનો ગામનો નિર્ણય કાચા પાયા ઉપરનો હતો

એટલે ધીરે ધીરે એની પકડ ઓછી થવા લાગી હતી. જે ખોટામાં રાજી નહોતા, જે અગાઉ પિતાજીના ઉપકારવશ હતા અને જે જોઈ શકતા હતા કે ગામનો આ નિર્ણય એક-બે જણની દ્વેષબુદ્ધિના પ્રભાવ હેઠળ લેવાયો હતો એ બધા તક મળતાં અથવા વિવિધ નિમિત્તે અમારાં આઠ ઘરની નજીક આવવા લાગ્યા. આ સંખ્યા એટલા પ્રમાણમાં હતી કે, આઠ ઘર સાથે વ્યવહાર રાખનાર વ્યક્તિઓનાં ઘરને પણ ગામ બહાર મૂકવાનો ગામનો ઠરાવ હવે અમલમાં મૂકવો વ્યવહારુ નહોતો.

આમ છતાં, સ્થિતિ પૂર્વવત્ ન થઈ. ગામમાં હજુ માસ્તરકુટુંબ માટે ઈર્ષ્યા અને અણગમાનું વાતાવરણ કંઈ સાવ નાબૂદ ન થયું. કેટલાક લોકો અંગત રીતે માસ્તરકુટુંબને એક અથવા બીજી રીતે નુકસાન પહોંચાડતા રહ્યા. એક જણે, અમારા તરફથી એને કદી કશી હરકત કે હાનિ ન થઈ હોવા છતાં અમારું એક ખેતર વાવનાર ઈસમને સમજાવી, ભરમાવીને 'ખેડે તેની જમીન' ગણોતધારાનો લાભ લેવા ઉશ્કેર્યો અને ૭/૧૨ના ઉતારામાં ખેડૂત તરીકે એનું નામ મુકાવી એને કાયમી કબજેદાર બનાવી દીધો.

ઠીક ઠીક વર્ષો સુધી ચાલેલા વિરોધ, અવરોધ અને ક્લેશમય વાતાવરણ વચ્ચે પણ પિતાજીની ધીરજ અવિચલિત હતી. અન્યાય સામે ઝૂકી જઈને નિર્બળતા ન દેખાડવાની મક્કમતા એમણે દાખવી. જે અમારા માટે જીવનભર પ્રેરણાસ્રોત બની રહે એમ હતી.

પિતાજીનો જન્મ ૧૮૯૧માં અને અવસાન ૧૯૭૩માં. આટલું દીર્ઘ જીવન એમણે સાદગી અને સ્વાશ્રય સાથે નિરામય રહીને ગુજાર્યું. એક યોગીને મળે એવું અવસાન એમને મળ્યું. બપોરે તો મહોલ્લાના લોકોએ એમને મહોલ્લામાં હરતાફરતા જોયા હતા. થોડા કલાક પછી એમનું અવસાન થવાનું છે એવી કલ્પના તો કોને હોય ?

સાંજે સૌ ધંધા પર હતા. પિતાજી થોડી બેચેની અનુભવતા હોય એમ ખાટલામાં સૂતા. છાતીમાં જરાક ગભરામણની એમણે ફરિયાદ કરી. રાહત થાય એ હેતુથી મારાં પત્ની હીરાએ હળવે હાથે છાતી પર મસાજ કરવા માંડ્યું. લલ્લુકાકાને બોલાવ્યા. (લલ્લુકાકા પિતાજીના પિતરાઈ ભાઈ) ડૉક્ટરને બોલાવવાની તજવીજ તો કરી પણ લલ્લુકાકા પિતાશ્રીના જીવનનો અંત પામી ગયા હોય એમ એમણે બાને કહ્યું : 'ભાભી, ભાઈ તો ચાલ્યા. જે ઈમાન આપવા હોય તે આપી દો.'

દાક્તરની સારવારની જરૂર ન પડી. પિતાશ્રીએ કશા કષ્ટ વગર દેહ છોડ્યો. મે મહિનાની સાંજ હતી.

લીલી વાડી મૂકીને જવાની વાત આપણે ત્યાં પ્રચલિત છે. પિતાશ્રી સાચા અર્થમાં અમારા માટે લીલી વાડી મૂકતા ગયા હતા. રહેવાનું ઘર તો હતું જ અમારા માટે ફળિયામાં જ બીજાં પાંચ ઘર એમણે ખરીદી રાખ્યાં હતાં. અમારા માટે (અમારામાંથી કોઈ ખેતી કરનાર નહોતું એ સ્પષ્ટ હોવા છતાં) ત્રણ ફળદ્રુપ ખેતર અને શહેરમાં જ ઘૂઘરાબાવાની વાડીના મુખ્ય દરવાજા સામે એમણે લગભગ ૨૦ હજાર ચોરસવાર જેટલી જમીન ખરીદી રાખી હતી. આ ઉપરાંત બીજું ઘણું બધું એ અમને આપતા ગયા હતા પણ આ બધાથીય વિશેષરૂપે એ અમારા આખા કુટુંબને ઊંચા પ્રકારની કેળવણી અને શુદ્ધ માનવધર્મના સંસ્કાર વારસામાં આપતા ગયા એ અમારી ઘણી મોટી ઉપલબ્ધિ છે.

■

# ૮

# પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ

પાટણમાં શાળા નં. ૩ને 'ઉદ્યોગશાળા' તરીકે ઓળખવામાં આવતી. એ શાળામાં વણાટ, રંગાટ વગેરે ઉદ્યોગો શીખવવામાં આવતા એટલે એ નામ અપાયું. જ્યારે મારે એ શાળામાં અભ્યાસ કરવાનું થયું ત્યારે એ શાળામાં ઉદ્યોગશિક્ષણ અતીતની વાત બની ગયું હતું.

વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હતું. કોઈ બાળક ભણતર વિહોણું રહી ન જાય એ હેતુથી ઘેર ઘેર ફરીને બાળકોના શાળાપ્રવેશ માટે નોંધ થતી. કોઈ બાળક કારણ વગર અને રજા મેળવ્યા સિવાય શાળામાં ગેરહાજર રહે તો દંડ થતો. દંડ અંગેનું પીળું 'કાગળિયું' ઘેર પહોંચતું થતું.

બીજો એક અગત્યનો કાયદો એ હતો કે બાળક છ વર્ષનું ન થાય ત્યાં સુધી એને શાળામાં દાખલ કરી શકાતું નહીં. મારા પિતાશ્રી આ શાળામાં શિક્ષક હતા. એમણે મારાં બાળપોથી – પહેલી અને બીજી એમ ત્રણ વર્ષનો અભ્યાસક્રમ ઘેર કરાવી દીધો હતો. આ બધું તો એક વર્ષ કરતાં ઓછા સમયમાં પૂરું થયું. ત્રીજા ધોરણમાં સીધો પ્રવેશ કરાવવાનું પિતાશ્રીનું આયોજન હતું. પણ શાળામાં પ્રવેશ માટે મારાં છ વર્ષ પૂરાં થયાં નહોતાં. પિતાશ્રી અમારા કુટુંબના સભ્યોની જન્મતારીખ અને સંવત વર્ષની તિથિજન્મ સમય સાથે એમના ચોપડે નોંધી રાખતા. એમના ચોપડાની નોંધમાં મારી જન્મતારીખ ૩૦-૪-૧૯૨૭. ત્રણ ધોરણનો અભ્યાસ કરાવી લીધા પછી મને શાળા નં. ૩માં એમના જ વર્ગમાં પ્રવેશ અપાવ્યો. આ રીતે એક વર્ષ માટે એ મારા વર્ગશિક્ષક રહ્યા. અલબત્ત, આ વર્ગ મારા માટે નવો નહોતો. શાળામાં પ્રવેશ અગાઉ હું પિતાશ્રીના ટેબલની બાજુમાં એક મોટી પેટી પર બેસતો અને વર્ગશિક્ષણ નિહાળ્યા કરતો. વર્ગશિક્ષણની એક રીત મને વિસ્મયકારક લાગતી – વર્ગના છેલ્લા નંબરનો છોકરો પહેલા નંબરના છોકરાને પ્રશ્ન પૂછે. પહેલા નંબરના છોકરાને જવાબ

ન આવડે તો વર્ગનો કોઈ પણ છોકરો જવાબ આપી શકતો. કોઈને ન આવડે તો વર્ગશિક્ષક જવાબ આપે. આ પછી છેલ્લેથી બીજા નંબરનો છોકરો વર્ગના બીજા નંબરના છોકરાને પ્રશ્ન પૂછે... આમ વારાફરતી પ્રશ્નોત્તર ચાલ્યા કરતું. આ રીતને 'વારી'નો સમય કહેતા.

એ વર્ષોમાં બીજે ગમે તે હશે પણ અમારી આ શાળામાં શિક્ષક વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરતા હોય એવું મારા જોવામાં નહીં આવેલું. છૂટકો ન હોય ત્યારે થોડો સમય અંગૂઠા પકડાવવાનો રિવાજ હતો. આ પણ અમારી શાળામાં મેં જોયાનું યાદ નથી. શિક્ષકની ધાકથી ઘણું કામ નભી જતું. પિતાશ્રીની ધાક ભારે. પણ મગનલાલ સાહેબ (મારા ચોથા ધોરણના વર્ગશિક્ષક) નરમ અને માયાળુ ગણાતા. વ્યાયામશિક્ષક રતિલાલ અને કાલિદાસ બારોટ કડક પણ હરિલાલ અયાચી નરમ. શાળાનું એ સમયનું વાતાવરણ ચિત્તમાં જે અંકાયું છે એ રળિયામણું છે. શાળાનું મકાન સ્ટેશનથી બજારના મુખ્ય માર્ગ ઉપર. અમારો ચોથા ધોરણનો વર્ગ રસ્તા તરફના પહેલા માળે. રસ્તા પરનો કોલાહલ બરાબર સંભળાય. અમદાવાદથી ટ્રેન અગિયાર વાગ્યા પછી આવે. પાટણમાં ઘોડાગાડીઓ ઘણી. ટ્રેન આવ્યા પછી મેટલ રોડ પર પૂરપાટ જતી આ ગાડીઓના ઘોડાના દાબલા અને ગાડીવાનના પગના દાબથી રણકતી રહેતી ઘંટડી (એને ઘંટડી કેમ કહેવાય ? એનો રણકતો અવાજ મીઠો અને બુલંદ)ના અવાજ અમને સાંભળવા ગમતા.

એ વર્ષોમાં જાહેર બસ સર્વિસો નહીં (અમારા વિસ્તારમાં પાટણ-સિદ્ધપુરની ખાનગી બસ સેવા એક અપવાદ.) એટલે છાપું 'અગિયાર'ની ગાડીમાં આવે. ત્રણ છાપાં. 'ગુજરાત સમાચાર', 'સંદેશ' અને 'પ્રભાત.' ખૂબી એ વાતની હતી કે સ્ટેશનથી બજાર તરફ સાઇકલ ઉપર જતા ફેરિયા (કદાચ એજન્ટ પણ)નો અવાજ 'પ્રભાત'ની જાહેરાત પૂરતો. 'એ વાંચો પ્રભાત' એમ ઘણા મોટા સાદે બોલીને એકાદ સનસનાટીભર્યા ટાઇટલની જાહેરાત કરે. અમારા ચિત્તમાં પેલાં બે છાપાં કરતાં 'પ્રભાત' વધારે પકડાઈ ગયેલું.

પ્રાથમિક શાળાનાં બે વર્ષના અભ્યાસકાળ દરમિયાન કોઈ કડવાં (અને મીઠાં પણ) સંસ્મરણો નથી. બે વર્ષ (ધોરણ ૩ અને ૪) તેજ ગતિએ વહી ગયાં એવું અત્યારે સમજાય છે.

ઈ. સ. ૧૯૩૬માં પાટણ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. એ વર્ષોમાં પાટણમાં મૅટ્રિક્યુલેશન સાથેના વર્ગની શાળા એક જ – પાટણ હાઈસ્કૂલ. બીજી છઠ્ઠા (હાલનું દસમું) ધોરણ સુધીની સ્કૂલ તે 'ન્યુ ઇંગ્લિશ સ્કૂલ'. માધ્યમિક શિક્ષણ માટેની સુવિધા ફક્ત આ બે શાળાઓમાં. પાટણ હાઈસ્કૂલ વડોદરા રાજ્યની

સરકારી શાળા. આકર્ષક અને શિક્ષણ માટે આદર્શ કહી શકાય એવી એની બાંધણી. વચ્ચે ખુલ્લો ચોક. ચારે બાજુએ વર્ગો.

શિક્ષણના ક્ષેત્રમાં હજુ વિવિધ અખતરા થવાના બાકી હતા. બેઝિક એજ્યુકેશનની વિચારસરણી અમલમાં મુકાય એ માટે ભૂમિકા રચાઈ રહી હતી. વિવિધ કમિશનો ભવિષ્યમાં રચાવાનાં હતાં. શિક્ષણપદ્ધતિ સંગીન બને એ માટે ઘણું થવાનું હતું. પણ જે વ્યક્તિ જન્મથી જ શિક્ષક હોવાના સંસ્કારો લઈને અવતરી હોય એને કઈ તાલીમ કે કયા અખતરાની જરૂર પડવાની હતી ? પાટણ હાઈસ્કૂલમાં જે શિક્ષકો હતા એમાંના મોટા ભાગના જન્મજાત શિક્ષકો હતા એવો મારો અનુભવ છે. આ પુસ્તકમાં 'મારા ગુરુઓ' શીર્ષક હેઠળ એક સ્વતંત્ર પ્રકરણ છે એટલે એમના વિશે અહીં લખતો નથી. પહેલા ધોરણમાં અંગ્રેજી વિષય માટે કેટલાં બધાં પુસ્તકો હતાં ! સૌપ્રથમ પ્રાયમર નામનું પુસ્તક ભણાવવામાં આવે એ પછી ન્યુ મેથડ રીડર-૧ અને સાથે સાથે ટી.એલ.વેલ્સની પાઠમાળા ભાગ-૧, માય ફર્સ્ટ સ્ટેપ ઈન ઇંગ્લિશ ગ્રામર, કંપેનિયન, લિટલ જેમ પોયેટ્રી અને અક્ષરનું પ્રમાણ સમજવા માટે કોપીબુક. અક્ષરનું પ્રમાણ એટલે કયો અક્ષર લીટીની નીચે ખેંચાય છે અને કયા અક્ષરનો કયો ભાગ લીટીની ઉપર લંબાય છે એની જાણકારી. કોપીબુકમાં લખવા માટે ૦ નંબર ૯ની જ ટાંક વાપરવી પડતી. કોપીના પિરિયડ વખતે શિક્ષકની સૂચના થતાં મહારાજ (પટાવાળામાંના એક) એક બૉક્સમાં ચીનાઈ માટીની પ્યાલીઓ અને ચીનાઈ માટીની શાહીની મોટી બૉટલ લઈને આવતા અને દરેક ડેસ્ક આગળ જઈને ડેસ્કના ઉપરના છેડે પાડવામાં આવેલાં કાણાંમાં પ્યાલીઓ ભરાવીને એમાં શાહી ભરતા. કોપીનો પિરિયડ પૂરો થાય એટલે મહારાજ આવીને પેલી પ્યાલીઓમાંની શાહી બોટલમાં પાછી રેડી દે અને બધી પ્યાલીઓ મૂળ બૉક્સમાં ભરીને ચાલતા થાય.

અંગ્રેજી ભાષાની રીડર તેમ જ ઇતર વાચન માટેની વધારાની રીડર અંગે જે પુસ્તકો ચાલતાં તેમાં જે વાર્તાઓ સંપાદિત થતી તે બધી જ ઇંગ્લૅન્ડના ભૂમિ-પ્રદેશોના પરિવેશ ઉપર આધારિત હતી. 'The Blne Beard', 'The Sleeping Princess', 'Jack the Jiant Killer', 'The Ugly Duckling', 'The Beauty and the Beast', 'The King's new Clothes', 'Validad the Grass-cutter', 'Robin Hood', 'Aladin and the Wonderful Lamp', 'Robinson Crueso' વગેરે. આ સાહિત્યના કારણે અમારી નજર આગળ બ્રિટિશ દુનિયા આકૃત થયેલી રહેતી. ક્યારેક તો ઇંગ્લૅન્ડના કોઈ શહેર

કે ગામડામાં વિહરતા હોઈએ એવો અનુભવ અમને થતો. ભૂમિ પ્રત્યેનો એક રાગ.

અમે મૅટ્રિકના વર્ગમાં હતા ત્યારે ૧૯૪૨ની 'હિન્દ છોડો' લડતનો આરંભ થયો હતો. પાટણમાં પણ એનો જુવાળ બરાબર ચઢ્યો હતો. ૯મી ઑગસ્ટના રોજ સવારે એક લાંબું સરઘસ નીકળ્યું. લોકોમાં ભારે જુસ્સો હતો. એમણે કનસડા દરવાજા સામે આયુર્વેદ કૉલેજ આગળ પોસ્ટના રાઉન્ડ બૉક્સને જમીનમાંથી ઉખાડીને ફેંકી દેવા ઘણી મથામણ કરી પણ એ શક્ય ન બન્યું. આ કામ કરતી વખતે કોઈને એ વિચાર ન આવ્યો કે આમાં ખૂબ મહત્ત્વના કામ માટે લોકોએ પોતાના સ્નેહી જનોને લખેલા કાગળ પણ હોઈ શકે. માંદગીના, મરણના સમાચારવાળા પત્રો પણ હોઈ શકે. રોષ ક્યાં ઠલવવો એ પણ વિવેક માગી લે છે. શહેરની બે અંગ્રેજી શાળાઓ અને આયુર્વેદ કૉલેજમાં હડતાળનો આરંભ ચુસ્તપણે થયો. થોડા દિવસ પછી પાટણ હાઈસ્કૂલના દરવાજા આગળ પિકેટિંગ કરવાની જરૂર ઊભી થતાં છોકરીઓએ એ કામ આદર્યું. એ જ વર્ષે મુંબઈથી અભ્યાસ કરવા માટે પાટણ આવેલી બે છોકરીઓએ શાળામાં પ્રવેશ કરવા ઇચ્છનાર સામે કાચની રંગીન બંગડીઓ ધરીને સફળતાપૂર્વક પિકેટિંગ કરવા માંડ્યું. શહેરમાં અવારનવાર સરઘસો નીકળતાં રહ્યાં. રચનાત્મક કાર્યક્રમો, રાસ-ગરબા વગેરે થતાં રહ્યાં. એક રાત્રે શહેરના જાણીતા વકીલના ઘર આગળ ક્રાન્તિકારીઓ તેમ જ અન્ય લોકોનું ટોળું એકઠું થયું. સૂત્રો પોકારાયાં. પોલીસ આવી. લાઠીચાર્જ થયો. આ ટોળામાં હું પણ સામેલ હતો. પોલીસની લાઠીની ઈજા મને પણ થઈ. ઈજા ગંભીર નહોતી.

થોડા દિવસ પછી એટલે કે લગભગ સપ્ટેમ્બર મહિનાના મધ્યભાગમાં પાટણ હાઈસ્કૂલનું મકાન બાળવાનો પ્રયાસ થયો. આગની અસર ફક્ત સ્લૉઈડના વર્ગને જ થઈ. બે વર્ગો જેટલી જગ્યા. સ્લૉઈડમાં સુથારીકામ, ફ્રેટવર્ક, કાગળ કટાઈ જેવા ઉદ્યોગો શીખવવામાં આવતા.

ફરીથી આવી ઘટના ન બને એ માટે બંદોબસ્ત થયો. રોજ એક શિક્ષકને આ અંગે ચોકસાઈ રાખવાનું કામ પણ સોંપવામાં આવ્યું. આમ છતાં સારાયે શહેરના ભારે આશ્ચર્ય વચ્ચે એક જ રાતમાં આ ભવ્ય મકાનને ભસ્મીભૂત થયેલું સૌએ જોયું.

મદારસા આગળના પટેલ બૉર્ડિંગમાં રહેતા કેટલાક વિદ્યાર્થીઓએ આ મકાનને આગ લગાડવાનું આયોજન કર્યું હતું. એમાં અમારા વર્ગના વિદ્યાર્થી મણિભાઈ અમીનનો પણ મુખ્ય ભાગ હતો.

મકાન ભવ્ય હતું. વડોદરા રાજ્યની ચાર ઉત્તમ માધ્યમિક શાળાઓમાંની એક પાટણ હાઈસ્કૂલ. વડોદરા રાજ્યમાં કેળવણીની સંસ્થાઓનાં મકાન શ્રેષ્ઠ કોટિનાં. વડોદરાની કોઠી કચેરીમાં ફ્લોરનાં જડતર જે પ્રકારનાં પાટિયાંનાં જડતર છે તે પ્રકારનાં પાટિયાંનું જડતર પાટણ હાઈસ્કૂલના વર્ગોના ફ્લોર ઉપર હતું. છત ઉપર સિલિંગ પણ ઉત્તમ પ્રકારનાં પાટિયાંના જડતરવાળી. વર્ગો સાથે જોડાયેલી લૉબીમાં ઘડતર કરીને એમ્બોસ કરેલા દેખાય એવા કોટા સ્ટોનનું જડતર. ચારે બાજુ વર્ગો અને વચ્ચે ખુલ્લો ચોક. વર્ગનું પાટલીઓ-ડેસ્ક, ખુરશીઓ વગેરે ફર્નિચર અસલ મલબારી સાગનું. મકાનનો મુખ્ય દરવાજો મોટો. બીજો દરવાજો, જેને બારણું જ કહી શકાય તે મકાનના અગ્નિ ખૂણા પર. એવું સરસ કબજાબંધ બંધિયાર મકાન કે એમાં પ્રવેશેલો માણસ સર્વ રીતે સુરક્ષિત.

મકાન ભસ્મીભૂત થયા પછી વહેતી વાતરૂપે જે જાણવા મળ્યું તે આ હતું : મકાનના પાછલા ભાગેથી યુક્તિપૂર્વક આ ક્રાન્તિકારીઓમાંના બે અથવા ત્રણ મકાનમાં દાખલ થયા. એમાં એમ.બી. અમીન મુખ્ય. આ ભાઈઓએ સાથે કેરોસીનનો ડબો, એક મોટો લોટો અને કાકડા બનાવવા માટે થોડા ડણકા સાથે લીધા હતા. મકાનમાં દાખલ થયા પછી શાંતિથી એમણે ઘણાબધા કાકડા તૈયાર કર્યા (કાકડા માટે ગાભા પણ સાથે લીધા જ હશે.) ડબામાંથી લોટામાં કેરોસીન અને એના દ્વારા કાકડા કેરોસીનથી તરબતર. વર્ગે વર્ગે સળગતા કાકડાથી આગ લગાડી. આ માટે પણ કેરોસીનનો છૂટથી ઉપયોગ થયો હશે. વર્ગોમાં મલબારી સાગનું ફર્નિચર આગ માટે શું બાકી રહે ?

થોડી જ વારમાં આખું મકાન આગમાં લપેટાયું. જાણવા મળ્યા પ્રમાણે પેલો લોટો મકાનમાં રહી ગયો હતો. લોટા પર બૉર્ડિંગનું નામ તો હોય જ. ભાગ્યા પછી આ ખ્યાલમાં આવતાં સાહસિક મણિલાલે મકાનમાં ફરી પ્રવેશ કર્યો અને લોટો મેળવી લીધો.

ધીરે ધીરે લડત મંદ પડતી ગઈ. શાળા-કૉલેજોમાં કામ ફરી શરૂ થયું. અમે મકાન વગરના હતા. અમારા કેટલાક વર્ગો આયુર્વેદ કૉલેજમાં, કેટલાક ફત્તેસિંહરાવ પુસ્તકાલયના ઉપલા માળે અને મૅટ્રિકનો વર્ગ શાળાના મૂળ મકાનની સામેના એક મકાનમાં... એવી વ્યવસ્થા હેઠળ બેસવા લાગ્યા.

માધ્યમિક શાળાના દિવસોની સ્મૃતિ સાથે અમારી શાળાના ભવ્ય મકાનનો આવો નાશ ચિત્તમાં ઉદ્વેગ પ્રગટાવ્યા વિના રહેતો નથી.

■

## ૯
# વડોદરા કૉલેજમાં

જીવનનો કયો કાળ સર્વશ્રેષ્ઠ ? આવો પ્રશ્ન કોઈ પૂછે તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના હું કહું : 'વડોદરા કૉલેજમાં અભ્યાસનાં ચાર વર્ષ મારા જીવનનો સુવર્ણકાળ. વતનમાં શૈશવનાં વર્ષોનું જીવનમાં એક ખાસ સ્થાન ખરું. આનંદનો અનેરો પટ પામેલાં એ વર્ષો ખરાં, પણ આ ચાર વર્ષની વાત સાવ નિરાળી.'

મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયા અગાઉ કૉલેજ અભ્યાસમાં વિજ્ઞાન શાખામાં પ્રવેશ મેળવીને એમાં એમ.એસસી. થયા પછી ડૉક્ટરેટ મેળવવાનાં સ્વપ્નાં તો મેં જોયા કર્યાં હતાં, પણ મારાં રુચિ અને વલણને બરાબર સમજી ચૂકેલા મારા ભાઈશ્રી જે વિજ્ઞાનના ગ્રેજ્યુએટ થઈ ચૂક્યા હતા એમણે, હું આર્ટ્સ માટેનો માણસ છું એવી વાત સુપેરે મારા ગળે ઉતારી અને મેં આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવાનું નક્કી કર્યું.

એ વર્ષોમાં કૉલેજ-પ્રવેશની વાત બહુ સરળ હતી. ઘેરબેઠાં પ્રવેશફૉર્મ મંગાવીને, એમાં વિગતો ભરીને ટપાલ દ્વારા એને પહોંચતું કરીને પ્રવેશ મેળવી લીધો. એ વર્ષોમાં ગુણપત્રક (માર્ક્સશીટ) મળતાં નહોતાં એટલે એ ફૉર્મ સાથે મોકલવાનો પ્રશ્ન નહોતો. અને એ વર્ષોમાં શાળા છોડ્યાનું સર્ટિફિકેટ (એસ.એલ.સી.) આપવાની પ્રથા પણ નહોતી. એટલે ચકાસણી માટે કૉલેજને વિદ્યાર્થીનું મૅટ્રિકનું સર્ટિફિકેટ જ ઉપયોગી થઈ શકતું. આશ્ચર્ય પામવા જેવી વાત તો એ છે કે અમારાં મૅટ્રિકનાં સર્ટિફિકેટ તપાસવામાં આવ્યાં નહોતાં ! એ વર્ષોમાં માતાપિતા કે વાલી અથવા મોટા ભાઈ આગળ થઈને બધી વ્યવસ્થા કરી આપે એવી કોઈ રીત સ્થાપિત થઈ નહોતી. બધું જાતે કરી લેવાનું. ઘેરથી એકલા નીકળીને કૉલેજ, હૉસ્ટેલ કે છાત્રાલય અંગે જે કંઈ શોધવાનું કે મેળવવાનું હોય તે શોધીને જાતે મેળવી લેવાનું. અલબત્ત, એ જમાનામાં ભણનારની ભીડ ઓછી

એટલે આ કામ સરળ ખરું.

મારી વાત કરું તો, પાટણથી સવારે સાડાપાંચે ઊપડતી ગાડીમાં મારે નીકળવું પડતું. પિતાશ્રીએ વૉલક્લોકમાં સવારે ચાર વાગ્યાનું મૂકેલું એલાર્મ ધણધણી ઊઠે એટલે મારે ખાટલામાંથી ઊભા થઈ જવું પડે. જવાનું પહેલા વર્ષનું પહેલી વારનું હોય કે છેલ્લા વર્ષનું છેલ્લી વારનું, આ પ્રમાણે ઊઠવાનું થતું. ચિત્ત ઉપર ભાર રહેતો એટલે એલાર્મ વાગે એ પહેલાં આંખ ઊઘડી જતી. આંખ ઊઘડ્યા પછી એલાર્મ વાગે ત્યાં સુધીની પળોનો અનુભવ ભારે સ્વાદીલો. એકેએક ક્ષણ કસીને વાપરતો હોઉં એમ વાપરું. એલાર્મ વાગે અને એક હળવા નિસાસા સાથે ઊભો થઈ જતો. કોઈની સહાય વગર બધી પ્રાતઃક્રિયાઓથી પરવારીને માતા અને પિતાને અલગ અલગ 'હું જાઉં છું' એટલા શબ્દો કહીને નીકળતો. ચા-નાસ્તાનો તો રિવાજ જ નહોતો એટલે એનું સ્મરણ પણ ન થાય.

અહીં અભ્યાસ માટે વડોદરા તરફના પ્રથમ પ્રયાણની વાત કહું.

પાટણથી અમદાવાદ સુધીનું રેલવેભાડું એક રૂપિયો અને છ આના. વર્ષોથી સ્થિર થયેલો ભાવ. વડોદરાની ટિકિટ બે રૂપિયા અને નવ આનામાં મળે. પાટણથી વડોદરા સુધી પહોંચવામાં બે વખત ગાડી બદલવી પડે. પાટણથી નીકળેલી ગાડી આબુ રોડ સુધીની. મહેસાણાથી એ ફંટાય એટલે મહેસાણા ઊતરી જવું પડે. તારંગાથી અમદાવાદ જતી લોકલ મહેસાણા આવે એટલે એમાં બેસી જવાનું અને અમદાવાદ પહોંચ્યા પછી બપોરે બાર અને વીસ મિનિટે ઊપડતી ગાડી જે વડોદરા ચાર અને વીસ મિનિટે પહોંચે એમાં બેસવાનું. વર્ણન માટે શબ્દો ન જડે એવી ભારે ગીર્દી એ વર્ષોમાં રેલવે ટ્રેનોમાં થતી. કમ્પાર્ટમેન્ટમાં પગ મૂકવાની જગ્યા ન મળે એટલી સંખ્યામાં માનવીઓ ખીચોખીચ ભરાતાં. જેમને ડબામાં પ્રવેશવા ન મળ્યું હોય એવા લોકો બારીઓ આગળના તેમ જ બારણાના સળિયા પકડીને લટકતા હોય એવી રીતે મુસાફરી કરતા. કેટલીક ટ્રેનોનાં છાપરાં ઉપર પણ ભીડ રચીને માણસો બેસતા.

વડોદરા જનારી બાર અને વીસની ટ્રેન પ્લૅટફૉર્મમાં દાખલ થાય એ પહેલાં ધીમી ગતિએ આવી રહેલી એ ટ્રેનની બારીઓ અને બારણાં દ્વારા જોખમી સાહસ કરીને કેટલાક લોકો ડબામાં ઘૂસતા. ગાડી ઊભી રહે ત્યારે પ્લૅટફૉર્મના કિનારે ઊભેલી ભીડના લોકો પણ આંધળિયાં કરીને ટ્રેનમાં દાખલ થવા ધક્કામુક્કી કરીને અથવા ભેટાં મારીને ડબામાં દાખલ થવા જોર કાઢતા.

આવી સ્થિતિમાં વડોદરા સુધીની પહેલી મુસાફરી માટે નીકળેલો સોળ વર્ષની ઉંમરનો છોકરો – હું, બૅગ અને બિસ્ત્રા સાથે આ ગાડીમાં પ્રવેશવા

તૈયાર થયો હતો. જરૂર પડ્યે કોઈક આંતરિક શક્તિ મદદે આવી પહોંચે છે. એ શક્તિ કેવી રીતે આવી એની ખબર નથી, પણ એ શક્તિના આધારે જ હું મારા સામાન સાથે ડબામાં પ્રવેશી શક્યો.

અગિયાર વાગ્યા પછી તારંગા લોકલમાંથી ઊતર્યા પછી પાણી પીધું હતું કે નહીં એ કંઈ યાદ નથી. જમવાની વાત તો બાજુએ રહી પણ નાસ્તા જોગુંય કંઈ લીધું નહોતું. વડોદરાના પ્લૅટફૉર્મ ઉપર ઊતરીએ ત્યાં સુધી તો આ બે વાનાં (નાસ્તો અને પાણી)માંથી એકેનો જોગ ખાય એમ નહોતો. સ્ટેશને સ્ટેશને ઉતારુઓની ચઢ-ઊતર થયા કરતી હતી એટલે બેસવાની જગ્યા તો મળી ગઈ હતી. પણ ભીડમાં કશી કમી થતી જણાતી નહોતી. કયા સ્ટેશને ગાડી કેટલી મિનિટ માટે થોભશે એનું જ્ઞાન નહીં એટલે સાહસ કરીને પણ કોઈ સ્ટેશને ઊતરવાનું મન થતું નહોતું. કેટલાક એકલવીર સાહસિકો ડબામાંથી ઊતરીને પ્લૅટફૉર્મ ઉપર આંટા મારી લેતા હતા એ હું જોઈ શકતો હતો (નજરને કોઈના પડખામાંથી બહાર જવા દઈને સ્તો !)

ગાડી સમયસર હતી. ચાર અને વીસ મિનિટે પ્લૅટફૉર્મ ઉપર ઊતરીને મોકળાશની હવા લઈને મેં એક ભારે રાહતનો અનુભવ કર્યો.

મૅટ્રિકની પરીક્ષા આપવા વડોદરા આવવાનું થયું હતું એટલે અત્યારે આ શહેર સાવ અજાણ્યું નહોતું. પણ જે સ્થળે જવાનું હતું તે કારેલીબાગ અને તેમાંનું કડવા પાટીદાર છાત્રાલય મારા માટે અજાણ્યાં સ્થળ હતાં.

વડોદરાના સ્ટેશન સામે ઊભેલી ઘોડાગાડીઓ ચાર આનામાં જ્યુબિલીબાગ સુધી લઈ જાય. પણ મારે જુદા માર્ગે જવાનું હતું. ભાડું નક્કી કરીને હું સામાન સાથે ગાડીમાં બેઠો. વડોદરાની ઘોડાગાડીઓ સ્વચ્છ અને સુથરી. ચાર માણસ બેસી શકે. ગાડીવાન અલગ.

ગાડીએ મુખ્ય દરવાજેથી કમાટી બાગમાં પ્રવેશ કર્યો. શાહમૃગનું જોડું અને એને દોડ માટેની જગ્યા, ઝૂલતો પુલ, નાગનું સ્થાન, ચિમ્પાન્ઝીનું મોટું પિંજર, સહેજ બાજુમાં રહી જતા ઊંચા ઊંચા મજબૂત સળિયાથી ઘેરાયેલા વાઘના વિહારસ્થાન આગળ થઈને ઘોડાગાડીએ કારેલીબાગમાં પ્રવેશ કર્યો. આજે કારેલીબાગમાં ફરનાર વ્યક્તિને ઈ. સ. ૧૯૪૩ના કારેલીબાગની સ્થિતિની કલ્પના આવવી મુશ્કેલ છે. અત્યારે ગીચ વસ્તીથી ઊભરાતો કારેલીબાગ વિસ્તાર એ વખતે લગભગ સૂનો કહી શકાય એવો પાઘડીપને ખેંચાયેલો હતો. ત્યાં પ્રતાપચંદ્રના બંગલા સિવાય કોઈ અંગત રહેણાકનું સ્થાન નહીં. કારેલીબાગ તરફના કમાટીબાગના છેડાથી ભૂતડી ઝાંપા સુધીના વિસ્તારમાં રોડના કિનારે-

કિનારે કેટલીક સંસ્થાઓ હતી. જેમાં બ્રહ્મભટ્ટ બૉર્ડિંગ, ક. પા. છાત્રાલય, સમસ્ત પાટીદાર છાત્રાલય, અંત્યજ બૉર્ડિંગ, આર્યકુમાર છાત્રાલય, આર્યકન્યા મહાવિદ્યાલય, હરિજન આશ્રમ, વિધવા આશ્રમ ચારિત્ર્ય મંદિર, મેઈલ ટ્રેનિંગ કૉલેજ અને પાગલ માટેનું દવાખાનું અને મેઈલ ટ્રેનિંગ કૉલેજની સામે પતરાંની એક નાની હોટલ... કારેલીબાગમાં આટલી વસાહત. આર્યકન્યા મહાવિદ્યાલયમાં એ વખતે ૭૦૦ ઉપરાંતની સંખ્યામાં છોકરીઓ અભ્યાસ કરતી હતી. શાળા-કૉલેજોમાં નિયત કરેલા અભ્યાસક્રમ ઉપરાંત આ છોકરીઓને સંગીત, નાટક, તીરંદાજી વગેરેની તાલીમ આપવામાં આવતી. એ સંસ્થાના કેટલાક કાર્યક્રમોમાં કારેલીબાગના છાત્રાલયોના વિદ્યાર્થીઓને પ્રેક્ષકો તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવતું. અમે ઘણી વાર એનો લાભ લેતા.

ઘોડાગાડી મને સ્ટેશનેથી કારેલીબાગના જે છાત્રાલયમાં હું રહેવાનો હતો ત્યાં – મો. હ. કડવા પાટીદાર છાત્રાલયના મકાન આગળ લઈ આવી. એક રળિયામણા પરિસરમાં, રસ્તાના કિનારે આ નયનરમ્ય મકાન ઊભું હતું. ફક્ત ૧૬ રૂમવાળું મકાન, પણ આંખને ગમી જાય એવું એ હતું. પાછળ ખુલ્લી વિશાળ જગ્યા. એમાં આંબો, બોરસલ્લી વગેરે ઘટાદાર વૃક્ષો હતાં.

જાતને ગૃહપતિ આગળ હાજર કરી. રૂમ મેળવી (રૂમ નં. ૧૪) બૅગ મૂકી, બિસ્ત્રા ખોલી પથારી બિછાવી લીધી. રૂમમાં અન્ય ત્રણ સાથીદારો હતા. નીચે જ્યાં પાણીની વ્યવસ્થા હતી ત્યાં પાણી પી લીધું. જમવાનું તો જ્યારે છાત્રાલયનો જમવાનો સાયંબેલ વાગે ત્યારે સ્તો !

બીજે દિવસે છાત્રાલયના કેટલાક સાથીદારો સાથે કૉલેજ તરફ પ્રયાણ કર્યું.

એ વર્ષોમાં ભારતમાં મુખ્ય યુનિવર્સિટીઓ ત્રણ. મુંબઈ, મદ્રાસ અને કલકત્તા – ત્રણ ઇલાકાની ત્રણ યુનિવર્સિટીઓ. ગુજરાત મુંબઈ ઇલાકાનો એક ભાગ. ગુજરાતમાં મુંબઈ યુનિવર્સિટી ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠ ખરી. (જેની સ્થાપના ૧૯૨૦માં થઈ હતી) ગુજરાતભરમાં કૉલેજોની સંખ્યા ગણીને સાત. અમદાવાદમાં ત્રણ અને વડોદરા, સુરત, ભાવનગર તેમ જ જૂનાગઢમાં એક એક. ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક સુધીનો અભ્યાસક્રમ ચાલે તે અલગ. એવી જ રીતે વડોદરામાં ઉદ્યોગોનું શિક્ષણ આપતી સંસ્થા કલાભવન પણ ભિન્ન. વળી, શિક્ષકો માટેની તાલીમ આપતી સંસ્થાઓને આ યાદીમાં લીધી નથી.

વડોદરા કૉલેજને દૂરથી જોતાં જ કનૈયાલાલ મુનશીએ નોંધેલી પંક્તિઓ યાદ સહેજ આવી જાય :

**શું શૈલેન્દ્ર ? ન હિમ કાંઈ પડતું, મંદાકિની ? ના વહે.**
**શ્રીમદ્ રાજ સયાજીરાજનગરે આ હર્મ્ય કોનું હશે ?**

આ પંક્તિઓમાં વડોદરા કૉલેજની ઇમારતની ભવ્યતા અને ઊંચાઈ સરસ રીતે આલેખાઈ છે.

મુનશીએ એમની 'સ્વપ્નદ્રષ્ટા' નવલકથામાં આ પંક્તિઓના આલેખન ઉપરાંત વડોદરા કૉલેજના મકાનને આ રીતે વર્ણવ્યું છે : 'વડોદરા કૉલેજનું મકાન ગુજરાતનાં વિખ્યાત મકાનોમાં ન્યારું જ સ્થાન ભોગવે છે. તેમાં એલ્ફિન્સ્ટન કૉલેજની વ્યવહારુ વિશાળતા કે વિલ્સન કૉલેજની સગવડભરી નિર્જીવતા નથી. તેમાં મુગલ સમ્રાજ્ઞીઓની કબરનું સ્વરૂપ અને ઇંગ્લૅન્ડની કૉલેજોના પ્રચંડ ઘાટનું મિશ્રણ છે. એના ગુંબજો ને ઝરૂખામાં વિદ્યાના સંયમ કરતાં વિલાસ અને સ્વચ્છંદ વધારે જણાય છે. એની ઊંચાઈમાં, એના ખંડોમાં, મોટી કમાનોમાં સરસતાની છટા કરતાં ગાંભીર્ય વસતું જણાય છે. જેવું અર્વાચીન હિન્દી જીવન છે, તેવું આ મકાન છે – હિન્દી, મુસલમીન ને અંગ્રેજી સંસ્કારોનું સુયોગ વિનાનું, પણ અજબ એકીકરણ.'

મૅટ્રિકની પરીક્ષા વખતે બેઠકવ્યવસ્થા પ્રમાણે સાયન્સ ફેકલ્ટીના મકાનમાં બેસવાનું થયું હતું એટલે વડોદરા કૉલેજના મૂળ મકાનમાં પ્રવેશ કરવાની તક મળી નહોતી. હવે એ મકાનના એક વર્ગમાં બેસીને અભ્યાસ કરવાનો હતો. પ્રતાપગંજ, સયાજીગંજ અને સ્ટેશન, વડોદરાના નીચાણના વિસ્તારો છે. કૉલેજનું મકાન સ્ટેશન વિસ્તારમાં છે. વિશ્વામિત્રી નદીમાં પૂર આવે એટલે આ વિસ્તારો જળબંબાકાર થઈ જાય. કૉલેજના મકાનને પૂરની અસર ન થાય એ માટે એના બાંધકામ અર્થે જમીનનું લેવલ રોડથી ઘણું ઊંચું બનાવ્યું છે. વળી એની પ્લીન્થ પણ એ લેવલ ઉપર ઠીક ઠીક ઊંચાઈ સુધી લીધેલી છે. એટલે રોડ પરથી કૉલેજના મકાન સુધી પહોંચવા માટે ઢાળ ચઢવો પડે. એ જમાનામાં સ્કૂટર નહોતાં, મોટરસાઇકલ ખરી પણ એનો વપરાશ ભાગ્યે જ જોવા મળે. આખી કૉલેજમાં બાયોલૉજીના પ્રોફેસર ફાટક એકલા મોટરસાઇકલ પર આવતા. બાકી સઘળા અધ્યાપકો સાઇકલ પર. આ અધ્યાપકો સાઇકલ પર બેસીને ઢાળ ચઢતી વખતે જે શ્રમ ઉઠાવતા એનાં સ્મૃતિચિત્રો આજે પણ તાજાં છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ બહુ જૂજ સંખ્યામાં સાઇકલ પર આવતાં. બાકીનાં બધાં પગે ચાલીને કૉલેજ સુધી પહોંચતાં.

હું ભણતો હતો ત્યારે કૉલેજની લગભગ ૧૫૦૦ની સંખ્યા સ્થાયીરૂપે રહેતી. આ સંખ્યામાંના મોટા ભાગના વિદ્યાર્થીઓ લેંઘા-શર્ટમાં આવતા. ચડ્ડી-

ટેનિસ પહેરીને આવનારની સંખ્યા પણ કૉલેજમાં હતી. હું પ્રથમ બે વર્ષ લેંઘા-શર્ટમાં કૉલેજમાં ગયેલો. બી.એ.ના વર્ષમાં પેન્ટ-શર્ટ પહેરેલાં. ઇન્ટરના વર્ષમાં, મારા રૂમ પાર્ટનર રતિલાલ નરોત્તમદાસ પટેલ જે હંમેશાં ધોતી-શર્ટમાં કૉલેજમાં જતા એમની સાથે ક્યારેક હું પણ ધોતી-શર્ટમાં કૉલેજ જતો. અલબત્ત, એ ધોતી કેલિકો મિલની મર્સરાઇઝ્ડ અને ૧૦૦x૧૨૦ કાઉન્ટની હતી જે લેંઘા કરતાં વધારે કીમતી હતી. આજના વિદ્યાર્થીને એ વાતની નવાઈ લાગશે કે કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓ ખુલ્લા પગે પણ આવતા હતા. આઈ. જી. પટેલ જે પછીથી રિઝર્વ બૅંકના ગવર્નર પણ બન્યા હતા એ લેંઘા અને શર્ટ ઉપર કોટ પહેરીને આવતા. છોકરીઓની જૂજ સંખ્યા સાડીમાં, થોડી સંખ્યા ફ્રૉકમાં અને મોટા ભાગની સંખ્યા 'ઘાઘરી-પોલકા'માં આવતી. ઘાઘરી ઓછા ઘેરવાળી અને નિતંબે ચુસ્ત રહેતી. એ વર્ષોમાં કાપડનું કડક રેશનિંગ હતું એ પણ આનું કારણ હોઈ શકે.

એવું લાગે કે લેંઘા-શર્ટમાં કે ઉઘાડા પગે કૉલેજમાં આવનારા વિદ્યાર્થીઓ 'ડાહ્યા-ડમરા', શિસ્તમાં રહેનારા અને ભણવાની વાતે ધીર-ગંભીર અને ઠરેલ હશે. કૉલેજમાં કશાં તોફાન કે ધાંધલ-ધમાલ નહીં કરતા હોય. પણ કૉલેજમાં અમુક પ્રકારનાં તોફાનોની પરંપરા ચાલતી આવી છે. પાંસઠ વર્ષ પૂર્વે પણ અમારી કૉલેજમાં વિદ્યાર્થીઓનાં ટીખળ ચાલતાં રહેતાં હતાં. ચાલુ વર્ગે ક્યારેક થમ્પીંગ (પગ ભોંયતળિયે પછાડીને અવાજ કરવાની રીત)નો રોગ પ્રચલિત હતો. કેટલાક નફકરા વિદ્યાર્થીઓ સેન્ટ્રલ હૉલની બહારનાં પગથિયાં ઉપર બેસી રહીને હોંકારા-પડકારા કરવામાં વ્યસ્ત રહેતા. એક વખત અમારા વર્ગનો એક વિદ્યાર્થી ઘેરથી બ્લાઉઝ લઈને આવેલો. ઇંગ્લિશનો પિરિયડ હતો. હજુ પ્રોફેસર જોશી વર્ગમાં આવ્યા નહોતા. એ વિદ્યાર્થીએ બ્લાઉઝને વર્ગમાં એક ચાલુ પંખા ઉપર ફેંક્યું. અમારી કૉલેજમાં ક્રોમ્પ્ટન પંખા. બ્લાઉઝનો એક છેડો પંખામાં ભરાયો અને જાણે ખેંચાતો હોય એમ ભીડમાં આવ્યો. પંખાની ગતિ ધીમી પડવા લાગી. પ્રોફેસર જોશી વર્ગમાં આવ્યા. એમણે વર્ગનું ડહોળાયેલું વાતાવરણ જોયું. ખિજાયા. માત્ર ખીજ પૂરતી ન હોય એમ એ વર્ગ છોડીને ચાલ્યા ગયા. થોડી ક્ષણો પછી એ પ્રિન્સિપાલને લઈને વર્ગમાં ફરી પ્રવેશ્યા. પ્રિન્સિપાલ રોમન્સ અંગ્રેજ. ખિજાયા. ચહેરો લાલચોળ થઈ ગયો. આખા વર્ગને પાંચ મિનિટ સુધી ધમકી આપ્યા કરી. પછી ચાલ્યા ગયા. વિદ્યાર્થીની ચેષ્ટા કોઈને લક્ષ્ય બનાવ્યા સિવાય નિર્ભેળ તોફાનની હતી. તોફાન કરવા ખાતર તોફાન. પિરિયડમાં જોશીસાહેબ મેકોલેનો નિબંધ રોજની અદા અને છટાથી ન ભણાવી શક્યા અને

અમારા ચિત્ત પર તો પ્રિન્સિપાલનો ચહેરો અને ગુસ્સો છવાયેલા રહ્યા.

અમે ઇન્ટરમાં હતા ત્યારે કોઈ અટકચાળા વિદ્યાર્થીએ, 'કુસુમ કેરી અણિયાળી આંખો' પંક્તિથી આરંભ કરીને ચાર લીટીઓ વર્ગની છોકરીને અનુલક્ષીને બોર્ડ પર લખી રાખી હતી. વર્ગમાં પ્રોફેસર આવ્યા. એમણે બોર્ડ પર આ જોયું. પ્રોફેસર ભારે ગૂંચવણમાં પડી ગયા હોય એમ લાગ્યું. મામલો હાથ પર લેવાથી વાત વધારે ખરડાશે એવું એમને લાગ્યું હશે એટલે જાણે કડવો (ઝેરનો હોય એવો) ઘૂંટડો ગળી જતા હોય એમ એમણે બોર્ડ પરની પંક્તિઓ ડસ્ટરથી સ્વહસ્તે ભૂંસી નાખી. અને ભણાવવાનું કામ ભારે અસ્વસ્થતાથી આરંભ્યું. ક્યારેક કોઈ સંસ્કારવિહોણો વિદ્યાર્થી અધમ કોટિના તોફાન સુધી પહોંચી જતો. એક વખત વિજ્ઞાન ફેકલ્ટીમાં નવા નિમાયેલા એક યુવાન અધ્યાપક ગણિતના પિરિયડમાં બોર્ડ ઉપર લખતા હતા ત્યારે કોઈ હીન સંસ્કારના વિદ્યાર્થીએ એમના નવા સૂટ ઉપર ફાઉન્ટન પેન વીંઝીને શાહીનો સળંગ શેરડો પાડી દીધો. પોતે અધ્યાપકના ચિત્ત ઉપર કેવા આઘાતનું કારણ બની રહ્યો તેનું આ વિદ્યાર્થીને ક્યાંથી ભાન હોય ?

અભ્યાસનાં ચાર વર્ષ દરમિયાન અંગ્રેજી વિષયમાં પ્રથમ વર્ષમાં પ્રો. જોશી અને પ્રો. સી. એમ. શુક્લ, બીજા વર્ષમાં પ્રો. વાડિયા અને પ્રો. ટિળક, બી.એ.માં પ્રો. ટિળક અને પ્રિન્સિપાલ રોમાન્સના જ્ઞાનનો લાભ મળ્યો. ગુજરાતી વિષયમાં પહેલાં બે વર્ષમાં પ્રો. ચતુરભાઈ અને પ્રો. મંજુલાલ મજમુદારે અમને ભણાવ્યા. મેં બી.એ.માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો રાખ્યા હતા. ઇતિહાસમાં પ્રો. કામદાર અને અર્થશાસ્ત્રમાં પ્રો. સુંદર રાજન ભણાવતા હતા. કૉલેજના પ્રથમ અને બીજા વર્ષમાં સંસ્કૃત વિષયમાં ડૉ. ભાવે અને પ્રો. જી. કે. ભટ્ટનો લાભ મળ્યો હતો.

કૉલેજમાં બે વર્ષ સુધી પી. ટી. (ફિઝિકલ ટ્રેનિંગ) ફરજિયાત હતી. વિકલ્પે બી. સી. ટી. સી. (બરોડા કૉલેજ ટ્રેનિંગ કોર)માં જોડાવું પડતું. બી.સી.ટી.સી.માં હાલ એન.સી.સી.માં જે પ્રકારની ટ્રેનિંગ અપાય છે તે પ્રકારની તાલીમ અપાતી. પી.ટી.માં ચડ્ડી અને કેનવાસના સફેદ બૂટ ફરજિયાતપણે પહેરવાં પડતાં. પી.ટી.ની કવાયત કૉલેજની પાછળના વિસ્તારમાં હાઈસ્કૂલ બ્લૉક (હૉસ્ટેલ) અને ન્યુ રેસિડેન્સી વચ્ચેના મેદાનમાં થતી. સાંજના પી.ટી.ના સમયે અમે છાત્રાલયમાંથી સૌ સાથે નીકળતા. અમારો આ રસ્તો કમાટીબાગના ઝૂલતા પુલ ઉપર થઈને સીધો ન્યુ. રેસિડેન્સી તરફ નીકળતો. ઝૂલતા પુલ ઉપર પહોંચીને ઘણી વાર અમે પુલને ખૂબ ઊંચો-નીચો હલાવીને બાળચેષ્ટાનો પરચો આપતા.

બુદ્ધિ બાલિશ, કામ યુવાનીના જોશનું. બે હરોળમાં સામસામે પુલનાં લોખંડી દોરડાં બરાબર પકડી રાખીને અમે એકસાથે ઊઠબેસ કરતા અને પુલ બીક લાગે એવો ઉછાળ પામતો.

કૉલેજના મકાનની સામે રોડ તરફ ઊંચાં ઊંચાં આસોપાલવનાં વૃક્ષોની એક સળંગ વીથિ હતી. અવકાશ વખતે અમે એની છાયામાં બેસતા. રોડ પર ટ્રાફિક અને માણસોની અવરજવર ઉપર નજર મંડાયેલી રહેતી. અને વડોદરાના એક પાસાનો પરિચય થયા કરતો. પણ અમારા માટે આકર્ષણનું ખરું સ્થળ તો કૉલેજનો બોટાનિકલ ગાર્ડન. વિવિધ પ્રકારનાં વૃક્ષો અને છોડ ચિત્તને રમણીયતાથી ભરી દેતાં. ભોંયતળિયે પ્રથમ વર્ષનો વર્ગ અને ઉપલા માળે ઇન્ટરનો વર્ગ બરાબર બોટાનિકલ ગાર્ડનની સામે હતાં. ઇન્ટરના વર્ગમાં હું બોટાનિકલ ગાર્ડન તરફની બારી આગળ ઘણી વાર બેસતો. ૧૫૦ વિદ્યાર્થીઓની બેઠક-ક્ષમતાવાળો વિશાળ વર્ગ. પ્રોફેસરના સ્ટેજ સામે લાકડાના જડતરથી એને થિયેટર જેવું રૂપ મળેલું. એટલે બારીની વિન્ડો સીલ કરતાં બેઠક ઊંચેરી. વસંતઋતુ વખતે અહીં બેઠાં બેઠાં હું મારી નજરને બોટાનિકલ ગાર્ડન તરફ મંડાયેલી રાખતો. મહોરેલાં વૃક્ષો ચિત્તને આનંદથી તરબોળ કરી દેતાં.

મારે અહીં નિખાલસપણે કહેવું જોઈએ કે કૉલેજનાં ચાર વર્ષ દરમિયાન અભ્યાસક્રમનાં પુસ્તકો તરફ મેં ઓછું લક્ષ આપ્યું. આનું કારણ એ હોઈ શકે કે પરીક્ષામાં પાસ થવા બાબતની મને કશી જ ચિંતા નહોતી. પણ ઊંચો વર્ગ (પ્રથમ વર્ગ કે ડિસ્ટિંગ્શન) મેળવવા માટે મેં પરિશ્રમ ન કર્યો. પરીક્ષાને સામે રાખીને તો પ્રત્યેક પરીક્ષા અગાઉ માંડ એકાદ મહિનો વાંચ્યું હશે. ઉજાગરા તો કદી કર્યા જ નથી. છેલ્લા વર્ષમાં તો વર્ગ પણ નિયમિતપણે ભર્યા નહીં. અમારે અમારી હાજરી એકથી દોઠ વાગ્યા વચ્ચે ફાળવેલા અધ્યાપકની ચેમ્બરમાં જઈને પુરાવી આવવી પડતી. દરેક પ્રોફેસરને અલગ ચેમ્બર મળતી એ આ કૉલેજનો વિશેષ હતો. મારે એ વખતના ફેલો શ્રી હસિત બૂચ પાસે હાજરીની નોંધ કરાવવા જવું પડતું. ઘણી વાર હું કૉલેજમાં સવા વાગે પહોંચું એ રીતે છાત્રાલયમાંથી નીકળતો. હાજરી પછી બેએક પિરિયડ ભરી શકાતા. આ વાંચ્યા પછી રખે કોઈ માની લે કે હું આળસુ, પ્રમાદી કે રખડેલ છોકરો હતો. આ અવગુણો મારામાં નહોતા એવું હું અભિમાનપૂર્વક કહી શકું એમ છું. અથવા મને જે જાણે છે એ પણ મારા વતી એવું કહી શકે. ઇતિહાસ કે અર્થશાસ્ત્ર, સંસ્કૃત કે અન્ય કોઈ વિષય – ઉત્તમ ગણાતા લેખકોનાં (અંગ્રેજીમાં) પુસ્તકો મારી પાસે હતાં. એ હું વાંચતો. મને એમાંથી પરીક્ષા જોગું બહુ સારી

રીતે મળી રહેતું. બી.એ.માં અમારો ૧૫૦ વિદ્યાર્થીઓનો વર્ગ. અંગ્રેજી વિષય માટે લગભગ બધા જ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ કોરાણેના કોચિંગ ક્લાસમાં જતાં. બ્રાઉનિંગ, ટૉમસ હાર્ડી, લિટન સ્ટ્રેચી અને શેક્સપિયર વગેરે સર્જકોની અભ્યાસક્રમમાં નિશ્ચિત થયેલી રચનાઓને શ્રી કોરાણે પરીક્ષાલક્ષી રીતમાં નહીં પણ ઉત્તમ પ્રકારના અભ્યાસલક્ષી માર્ગે ભણાવતા. બરાબર અભ્યાસ કરાવ્યા પછી છેલ્લે એ સજેશન્સનાં પેમ્ફલેટ આપતા એમાં પરીક્ષાલક્ષીપણું જોઈ શકાતું. વિદ્યાર્થીઓને એનો ઉત્તમ લાભ મળતો.

મેં કશી ચિંતા કે માથા પર પરીક્ષાનો ભાર રાખ્યા સિવાય ઈ. સ. ૧૯૪૭ના એપ્રિલ માસમાં બી.એ.ની પરીક્ષા આપી અને વડોદરા કૉલેજમાં ચાર વર્ષનો અભ્યાસકાળ પૂરો કર્યો.

■

# ૧૦
# કારેલીબાગના છાત્રાલયમાં

મોહનલાલ હરગોવિંદદાસ પટેલ કડવા પાટીદાર છાત્રાલયની સ્થાપના ઉપરોક્ત નામની સખાવતના આધારે પૂર્વાશ્રમના શ્રી બહેચરભાઈ રાયજીભાઈ પટેલ જે પછીથી સંન્યસ્ત સ્વીકારીને બ્રહ્માનંદ સ્વામી બન્યા, તેમના પુરુષાર્થથી થઈ હતી. કમાટીબાગ પૂરો થતાં કારેલીબાગના લગભગ આરંભે આ છાત્રાલયનું મકાન છે. (હાલ એ સ્થાને માધ્યમિક શાળાની સ્થાપના પણ થયેલી છે.)

મેં એ છાત્રાલયમાં પ્રવેશ મેળવ્યો ત્યારે ગૃહપતિ તરીકે શ્રી રામચંદ્ર પટેલ, જે પંડિતજી તરીકે ઓળખાતા હતા તે હતા. ગંગાકિનારે આવેલા એક ગુરુકુળમાં એમણે શિક્ષણ અને તાલીમ મેળવેલાં. નિયમપાલનના ચુસ્ત આગ્રહી. મારા આ છાત્રાલયમાં ચાર વર્ષના વસવાટ દરમિયાન એ એક જ વર્ષ ગૃહપતિ પદ ઉપર હતા. એટલે એમના આ આગ્રહભર્યા શાસન હેઠળ મારે તો એક જ વર્ષ રહેવાનું થયું હતું. બીજા વર્ષે ચંદુલાલ સોમાભાઈ પટેલ જે રૂપાલ (જિ. ગાંધીનગર)ના વતની હતા એમણે છાત્રાલયનું સુકાન સંભાળ્યું. અને ત્રીજા અને ચોથા વર્ષ દરમિયાન ગાંધી વિચારસરણીને વરેલા, જેમને સંપૂર્ણ સજ્જન કહી શકાય એવા સૌની સાથે સમભાવ અને સમદૃષ્ટિ રાખીને ચાલનારા બી.કોમ.ના વિદ્યાર્થી શ્રી નાનુભાઈ ના. પટેલે એમના મિત્ર સાથીદારો – શ્રી ચુનીભાઈ અને શ્રી અંબુભાઈની સહાયથી છાત્રાલયનું તંત્ર સંભાળ્યું. હિસાબનીસ તરીકે એમની મદદમાં શ્રી છગનભાઈ પટેલ હતા. આ બધા ભાઈઓએ કશું વેતન લીધા વિના માત્ર સેવાભાવથી કામ સંભાળ્યું. છાત્રાલયમાં સામાન્ય રીતે ઘણા પ્રશ્નો – ઘણી સમસ્યાઓ ઉદ્ભવે છે. આના કારણે કેટલાક સંઘર્ષો થતા હોય છે. હડતાળો – ભૂખ હડતાળ પણ થાય છે. શ્રી નાનુભાઈના વહીવટ દરમિયાન આવું કંઈ જ ન બન્યું એ નાનુભાઈની વ્યવસ્થાશક્તિનું દ્યોતક છે. સંજોગોવશાત્

થોડાક દિવસ માટે છાત્રાલયની ધુરા સંભાળવાનું મારા માથે પણ આવ્યું હતું. બધું સમુસૂતરું ચાલ્યા કર્યું હતું.

છાત્રાલયમાં સ્વાશ્રયનો મહિમા મોટો. પોતાનાં બધાં કામ પોતે જ કરવાનાં. જમવાનો બેલ વાગે ત્યારે પોતાની રૂમમાંથી પોતપોતાનાં થાળી-વાડકો અને જળપાત્ર લઈને રસોડે જવાનું. જમ્યા પછી થાળી-વાડકો અને જળપાત્ર જાતે ઊટકી નાખવાનાં. સવારે ચા કે નાસ્તો ન મળે. છાત્રાલયમાં ચાની મનાઈ. છાત્રાલયમાં રૂમોમાં વીજળીનું કનેક્શન લીધેલું નહીં. એટલે રાત્રે ફાનસના અજવાળે વાંચવાનું. આંતરે દિવસે રૂમનું ફાનસ ગૃહપતિના નિવાસના બારણા આગળ લૉબીમાં મૂકી આવવાનું. ભેગાં થયેલાં ફાનસમાં છાત્રાલયનો માણસ ખૂટતું કેરોસીન પૂરે. છાત્રાલયની કુલ સોળ રૂમ પૈકી ૧૩ રૂમો છાત્રાલયમાં રહેતા છાત્રો માટે ફાળવવામાં આવતી. એમાં ઉપલા માળે બે રૂમો મોટી એટલે એમને બે ફાનસ મળે. એટલે ગૃહપતિના બારણા આગળ કુલ ૧૫ ફાનસ મુકાતાં. ફાનસ રૂમ વચ્ચે મૂકી, રૂમના ચારે છાત્રો આસપાસ ગોઠવાઈને અભ્યાસ કરતા. એ બધું સરળતાથી થઈ શકતું એ વાતનું આજે અમને પોતાને પણ આશ્ચર્ય થાય છે.

ફાનસનો સગડી તરીકે થતો ઉપયોગ રોચક અને આશ્ચર્ય પમાડે એવો છે. છાત્રાલયમાં ભરૂચના એક ભાઈએ રાત્રે ચા બનાવવા માટે ફાનસનો સગડી તરીકે મનોરંજક ઉપયોગ કરેલો. છાત્રાલયમાં વ્યસનની સંપૂર્ણ મનાઈ. એ જમાનામાં ચાને એક વ્યસન ગણવામાં આવતું. છાત્રાલયમાં ચા થઈ શકે નહીં. હોટલમાં ચા પીવી હોય તો શહેરમાં જવું પડે. ભૂતડી ઝાંપે થઈને જ્યુબિલીબાગ સુધી પહોંચવા માટે અઢી-ત્રણ કિલોમીટરની ખેપ કરવી પડે. અને આ સફર પણ ચોરીછૂપીથી કરવી પડે. પેલા ભાઈએ ફાનસની મદદથી ચા બનાવવાનો સરળ અને સલામત રસ્તો શોધી કાઢ્યો. ફાનસની ટોચનું ઢાંકણું સહેલાઈથી ખૂલી શકે. એના પર વાડકો સારી રીતે ઠરે. અંદર પાણી, ચા, ખાંડ અને દૂધ. ફાનસનો તાપ બાકીનું કામ પૂરું કરે. ચા સરસ થતી એની ખબર છે. પણ ચા ગાળી લીધા પછી કૂચાનું શું ? એ અંગે પણ પેલા ભરૂચી ભાઈએ સરળ ઉપાય શોધેલો. સવારે કૂચા લગભગ સુકાઈ ગયા હોય ત્યારે લૉબીમાં ઊભા રહીને હથેળીમાં (જરૂર પડે તો બે હપ્તે) રાખીને જોરદાર ફૂંક મારે. ચાનો કણ-કણ વેરાઈને નીચે જમીન પર એવો પથરાય કે જાણે એનું અસ્તિત્વ જ મટી ગયું હોય !

હું બીજી રીતે ચા પીનારો બન્યો. એક દિવસ સવારે હું મારી રૂમ (નં. ૧૪)માં વાંચતો હતો ત્યારે રૂમ બહાર ઊભા રહીને નગીનભાઈએ મને બહાર નીકળવા ઇશારો કર્યો. નગીનભાઈ ચરોતરના નાર ગામના વતની. આર્થિક રીતે સુખી પિતાના પુત્ર. હું એમના ઇશારે રૂમ બહાર નીકળ્યો. એમણે કહ્યું : 'ચાલો.'

'ક્યાં ?'

'ચાલો તો ખરા.'

હું એમને અનુસર્યો.

છાત્રાલયના મકાન બહાર નીકળ્યા પછી નગીનભાઈએ કહ્યું : 'આપણે ચા પીવા જઈએ.'

છાત્રાલય આગળથી ભૂતડી ઝાંપા તરફ જતા રસ્તે મેલ ટ્રેનિંગ કૉલેજના મુખ્ય દરવાજા સામે એક પતરાની હોટલ હતી. પતરાની એક બાજુની દીવાલ (?) પર પતરાના એક છૂટા શીટ પર હોટલ માલિકનું આ નામ લટકતું હતું : બાઈ કમળા કોમ મગન રણછોડ. આ મગન રણછોડ મેલ ટ્રેનિંગ કૉલેજનો હેડ પ્યુન. કમળા એની પત્ની. કમળા અને એની બાર-તેર વર્ષની દીકરી ભીખી હોટલનું કામ સંભાળે. મગન રિસેસના સમયે હોટલ પર થોડા સમય માટે આવી જાય. હોટલના આંગણામાં બે તોતિંગ વૃક્ષો. આ અડોઅડ વૃક્ષોની છાયામાં એક-બે પાટલીઓ અને ત્રણચાર પતરાંની ખુરશીઓ હતી. ચા પીનારા મોટા ભાગે બહાર ઝાડની છાયામાં બેસે. હોટલની અંદર પણ બેસવાની વ્યવસ્થા ખરી. અહીં કપ-રકાબી કે નાસ્તાની ડિશ મૂકવા ટેબલનો લાભ મળે.

નગીનભાઈ સાથે હું હોટલની અંદર બેઠો. ભીખીએ ચાના બે કપ અમારી સામે મૂક્યા.

ફરીથી આવવાનું મન થાય એવી સરસ ચા હતી.

અને પછી ખરેખર આ હોટલે આવવાનું મન થયા કર્યું. અમારી નિયમિતતા સવાર માટે ન રહી. બપોરે કૉલેજમાંથી આવ્યા પછી હું અને અન્ય કોઈ મિત્ર (નગીનભાઈ વિજ્ઞાનના વિદ્યાર્થી એટલે એમનો કૉલેજમાંથી આવવાનો સમય મોડો) નિયમિત રીતે આ હોટલમાં ચા પીવા આવતા થયા. અમારી નિયમિતતા એટલે સુધી પાકી થઈ ગઈ હતી કે બપોર પછીના સમયે અમને સાઇકલ પર એ રસ્તે નીકળેલા દૂરથી જોઈને જ સગડી પર અમારી ચાનું ટમ્બલર મુકાઈ જતું.

અમે કોઈ કોઈ વાર નાસ્તો પણ કરતા. નાસ્તામાં સેવ અને ગાંઠિયા

જ, બીજું કાંઈ નહીં.

પણ અમારા નાસ્તાનાં બે મુખ્ય સ્થળ. એક જ્યુબિલીબાગ સામે સુપ્રીમ ટૉકિઝની બાજુમાં ન્યુ મનોરંજન હોટલ અને બીજું સુરસાગર સામે 'પન્નાલાલ'. આમ તો પન્નાલાલ મીઠાઈ માટે જાણીતું સ્થળ. નાસ્તા માટેની એની જગ્યા સાવ સાંકડી. અંદર એક લાંબા ટેબલ સામે ત્રણ ખુરશીઓ. મીઠાઈની સાથે દહીંવડાં, ખમણ, પાત્રાં, સૂકી ભાજી જેવા નાસ્તાની વ્યવસ્થા ખરી. ક્વૉલિટીની દૃષ્ટિએ એનું બધું ઉત્તમ. અમે એને ત્યાં ખાસ તો, દહીંવડાંના નાસ્તા માટે જતા. સૂકીભાજી પણ અમારા શોખની ચીજ. મીઠાઈમાં અમે એને ત્યાં ઘારી જ ખાતા. મનોરંજન અને ન્યુ મનોરંજન બંને દેખાવમાં અને વાનગીઓની ગુણવત્તામાં સરખાં પણ અમારા રસ્તે ન્યુ મનોરંજન પહેલું આવે એટલે અમે એના પગથિયે ચઢતા.

પીણામાં અમે સૂરસાગરની બિલકુલ સામે એક કોલ્ડડ્રિંક હાઉસમાં જતા. ત્યાંના ફર્નિચરની વાત નિરાળી. દીવાલને ફરતાં ટેબલ વચ્ચેની જગ્યા હરીફરી શકાય એવી સાવ ખાલી. ટેબલ પર સફેદ ચાદરો બિછાવેલી હોય. હું આ કોલ્ડડ્રિંક હાઉસમાં ફક્ત બે પીણાંનો અવારનવાર આસ્વાદ કરતો. એક 'કાચી કેરી' અને બીજું 'રાસ્પબેરી.'

સૂરસાગર સામેની દુકાનોની આ હરોળમાં માત્ર ફૂટપાથના આશ્રયે મંડાયેલી એક પરબ હતી ભાંગની. અહીં સર્વ સાધારણ અર્થમાં પરબ ગણાય છે તે નહીં, પણ નિશ્ચિત પ્રમાણમાં પૈસા લઈને પીણું આપતી દુકાન. આનો ઉપયોગ માત્ર વિસ્મય અને પરિણામલક્ષી કુતૂહલના કારણે બે વખત કરેલો. પહેલી વાર બે આનાના મૂલ્યવાળો ગ્લાસ પીધેલો. સુગંધીદાર ચીજ હતી. કદાચ ખસખસ, વરિયાળી વગેરે નાખેલાં હશે. સ્વાદ માણ્યો એટલું જ, પછી એની ચિત્તને ઘેનની અસર હેઠળ ચકરાવે ચઢાવે એવું કશું ન જણાયું. પણ જ્યારે બીજી વાર એક દિવસે એક આનાવાળો ગ્લાસ પીધો ત્યારે ભાંગ શી ચીજ છે એની ખબર પડી. આ દુકાનથી છાત્રાલયનું અંતર ત્રણ કિલોમીટર જેટલું તો ખરું જ. અર્ધું અંતર કાપ્યું હશે ત્યાં સામેથી માણસનો ચહેરો આવતો દેખાયો. એક ચહેરો પસાર થાય અને બીજો આવતો જણાય, નજીક આવે ત્યારે એકલી મૂછો મોટો વિસ્તાર પામી હોય એવી દેખાય. છાત્રાલય પહોંચતાં સુધીમાં તો ઘેનની અસર ઘણી ઘટી ગઈ. પણ રૂમ ઉપર પહોંચતા સુધીમાં તો સાત-પાંચ થઈ ગયા. સાથીદારની પણ એવી જ દશા હતી. એને શું દેખાતું હતું એ એણે

કહેલું નહીં.

એક પીણાની યાદગાર પળની સ્મૃતિની વાત પણ કહેવા જેવી છે. ૧૯૪૬ના અરસામાં વડોદરામાં સ્ટેશનની સામે એક નવી હોટલ બની હતી. એના મકાનની ટોચ ઉપર એક મોટા કદનો ગોળો સૌનું ધ્યાન ખેંચતો હતો. એ વખતે એ હોટલનું નામ 'સેન્ટ્રલ હોટલ' હતું એવું સ્મૃતિમાં છે. સ્મૃતિદોષ પણ હોઈ શકે.

એ વર્ષમાં છાત્રાલયના ગ્રાઉન્ડ ફ્લોરની બીજા નંબરની અમારી રૂમ હતી. એમાં અન્ય રૂમ પાર્ટનરો પૈકી એક કલોલ તાલુકાના સઈજ ગામનો વિદ્યાર્થી પણ હતો. એણે એક દિવસ કહ્યું : 'ચાલો, થોડું ફરી આવીએ.'

નમતા પહોરનો સમય હતો. મેં ફરવા જવાની વાતને ટેકો આપતાં કહ્યું : 'હા, ચાલો.'

રૂમ બહાર નીકળતાં એણે કહ્યું : 'સ્ટેશન પરની નવી હોટલ જોઈએ. ત્યાં નાસ્તો પણ કરીશું.'

વડોદરા કૉલેજ આવી એટલે એણે મને જરા થોભી જવાનું કહ્યું અને એ રોડની સામેની સાઇડે પહોંચીને એક દુકાન પર ચઢ્યો. પાછળથી મને જાણવા મળ્યું કે એ એક દારૂની દુકાન પર ચઢ્યો હતો. એ વર્ષોમાં વડોદરા રાજ્યમાં સરકારની પરવાનગીથી દારૂની દુકાનો ચાલતી.

હોટલમાં જઈ એક અલગ ટેબલ શોધી લઈને એણે વેઇટરને આમલેટનો ઑર્ડર આપ્યો અને બે ખાલી ગ્લાસ મંગાવ્યા. એ વખતે મેં એને કહ્યું : 'બે ગ્લાસ શા માટે મંગાવે છે ? જે કરે તે તારા પૂરતું કર, મને એમાં ભેળવીશ નહીં.'

'તેં આનો કદી ઉપયોગ નથી કર્યો ?' એના પ્રશ્નમાં દારૂનો સંકેત હતો.

'ના, એની કલ્પના પણ કરી નથી. એનો વિચાર સુધ્ધાં મારા માટે વર્જ્ય છે.'

એ હસ્યો. પછી બોલ્યો : 'જે સાચ્ચે જ માણવા જેવું છે એને તમે લોકો વર્જ્ય ગણો છો.'

'આ માણવા જેવી ચીજ છે ?'

'એક વખત ટેસ્ટ કરી જો, ખબર પડશે.'

એ ફરી હસ્યો. અને દારૂની તરફેણમાં કંઈ કંઈ બોલી ગયો. અને જરાક લેવાનો ખૂબ આગ્રહ કરવા માંડ્યો.

એના આ આગ્રહ પાછળનો હેતુ મને સમજાઈ ગયો હતો. એની આ નિષિદ્ધ પ્રવૃત્તિમાં હું પણ સાથમાં હોઉં તો મારા થકી આની જાહેરાત ક્યાંય ન થાય એવી એની દાનત.

એની આ દાનતને હું વશ ન જ થાઉં. પણ આનો સ્વાદ કેવો હોય છે એ તો જાણી લઈએ. આવા એક ખ્યાલથી મેં એને કહ્યું : ‘એનો સ્વાદ જાણવા પૂરતો હું ચાખીશ.’

‘ભલે એમ કરજે.’ એણે નમતું મૂક્યું.

અને એ દિવસે મેં દવા માટે જે ચમચી વપરાય છે એટલો જથ્થો ગ્લાસ દ્વારા ગળામાં પહોંચતો કર્યો. મને બરાબર યાદ છે કે અન્નનળીમાં પ્રવાહી ઊતરી રહ્યું હોય અને ગળામાં એક શેરડો પડતો હોય એવો અનુભવ મને થયો.

રૂમપાર્ટનરે તો એનો દિમાગ સહી શકે એના કરતાં વધારે પી લીધો હોય એવું જણાયું. બૉટલ નાની હતી પણ એણે ધીરે ધીરે આખી ખાલી કરી નાખી.

છાત્રાલય તરફ પાછા ફરતી વખતે રોડ પર તો એ શાણી વાતો કરતો રહ્યો, પણ કમાટીબાગનો વિસ્તાર પાર કરીએ ત્યાં સુધી એના બોલવાની રીત બદલાઈ ગઈ હતી. અને કારેલીબાગમાં પ્રવેશ કર્યા પછી એણે પગની સ્થિરતા ગુમાવી દીધી હતી.

અને રૂમમાં પહોંચ્યા પછી તો એને ઊલટી થઈ અને જઠરમાંથી ઘણુંબધું નીકળીને ફ્લોરને ખરડી રહ્યું.

સિનેમા ? જોવાનો શોખ ખરો, પણ વડોદરામાં થિયેટરો ગણીને પાંચ : ‘પ્રતાપ’, ‘સુપ્રીમ’, ‘પ્રિન્સ’ ‘સાગર’ અને ‘મોહન ટૉકિઝ’ ૧૯૪૬ સુધી આટલાં. ’૪૬માં ‘મહારાણી શાંતાદેવી ટૉકિઝ’ થયું તે છઠ્ઠું. ફિલ્મો ઘણાં અઠવાડિયાં સુધી ચાલ્યા જ કરે. અમે પ્રિવિયસ (એફ.વાય.)માં હતા ત્યારે ‘પ્રતાપ’માં ‘મનોરમા’ ચાલતું હતું. આખું વરસ ચાલ્યું. ઇન્ટરમાં આવ્યા ત્યારે ‘જબાન’ ચઢ્યું તેય આખું વરસ ચાલ્યું. બે વરસમાં બે ફિલ્મો ! એક ફિલ્મ જોઈ એટલે બસ. આવું ગણિત રાખીએ તો પછી આખું વરસ ફિલ્મ જોયા વગર બેસી રહેવાનું થાય. યુવાન માનસ એ કેમ ચલાવે ? ‘મનોરમા’માં ફરી ફરી ઈશ્વરલાલ અને લીલા ચીટનીસ જોયાં એવી રીતે જબાનમાં પણ લીલા ચીટનીસ ચાલે, માયા બેનરજીને જોયા કર્યું. ‘રામરાજ્ય’ અને ‘ભરતમિલાપ’માં અભિનેતા (રામ) તરીકે ખ્યાત થયેલા. પ્રેમ અદીબને ‘પુલિસ’માં પાંચ વાર જોયો. ‘ભરથરી’

સુપ્રીમમાં પાંચ વાર જોયું એમાં સુરેન્દ્ર અને ત્રિલેક કપૂર હતા. એ જ થિયેટરમાં 'કાદમ્બરી' અગિયાર વાર જોયું. એમાં શાંતા આપ્ટે, વનમાલા, જીવણ હતા. 'લયલા મજનુ' પણ પાંચ વાર જોવાનું બન્યું. એમાં નઝીર અને સ્વર્ણલતા હતાં. 'સોની મહિવાલ'માં દીક્ષિતનું કામ હજુ યાદ રહી ગયું છે. 'શકુન્તલા'માં વ્હી શાંતારામની પત્ની જયશ્રી અને ચંદ્રમોહન ઘણા સમય સુધી ચિત્ત ઉપર છવાયેલાં રહ્યાં. 'શમા'માં સોહરાબ મોદી અને મહેતાબ, 'દિલ'માં નૂરજહાં, 'ઝીનત'માં પણ નૂરજહાં, 'જવાબ'માં જમુના અને પી. સી. બારુઆ, 'સુબહ શ્યામ'માં પણ પી. સી. બરુઆ અને જમુના, 'દેવદાસ'માં સાયગલ બી.એ.ના છેલ્લા વર્ષમાં 'પ્રિન્સ'માં 'ફ્લાઇંગ પ્રિન્સ' જોયું તે વડોદરામાં જોયેલી છેલ્લી ફિલ્મ એમાં જ્હૉન કાવસ અને નાદિયાનું કામ. અગાઉ હાઈસ્કૂલમાં હતા ત્યારે જ્હૉન કાવસ અને નાદિયાનાં ઘણાં સ્ટંટ પિક્ચરો જોયેલાં. લોકોમાં 'ફિયરલેસ' નાદિયા માટે ચાહના ભારે.

અમારા માટે મોહન ટૉકિઝ બહુ ઉપયોગી અને આશીર્વાદરૂપ. કૉલેજના સિક્કાની છાપ રજૂ કરીએ એટલે મેટિની શોમાં ચાર આનામાં ટિકિટ મળી જાય. મેટિની શોમાં અંગ્રેજી ફિલ્મો દર્શાવવામાં આવે. મેટ્રો ગોલ્ડવીન મેયર (એમ.જી.એમ.) ટ્વેન્ટીએથ સેન્ચ્યુરી ફૉક્સ વગેરે સારી કંપનીઓની સારી ફિલ્મો જોવા મળતી. જેનાં ટાઇટલ સ્મૃતિમાં છે તે આ રહ્યાં : ગૅસ લાઇટ, રેન્ડમ હાર્વેસ્ટ, બેધિંગ બ્યુટી, સૉંગ ઑફ બર્નાડિટ, ટેન કમાન્ડમેન્ટ્સ, ગે સિસ્ટર્સ, માય ફ્રેન્ડ ફ્લિકા, કૅપ્ટન ટાર્ટુ વગેરે.

હમણાં કહ્યું તેમ કૉલેજના અભ્યાસકાળનાં ચાર વર્ષ જીવનનાં શ્રેષ્ઠ હતાં તે કૉલેજના વર્ગોમાં પસાર કરેલાં ચાર વર્ષ નહીં પણ કારેલીબાગના છાત્રાલયમાં રહીને ચારે તરફના કાવ્યમય વિસ્તારમાં કરેલા રઝળપાટને આભારી હતાં. વિશ્વામિત્રી નદીના વળાંકો, એનો ઢાળવાળો તટપ્રદેશ. ક્યારેક ગાંડાં માનવી માટેના દવાખાના આગળ થઈને પસાર થતા રસ્તે અમે વગડો ખૂંદતા. વડોદરાના શહેરી જનોને લગભગ અજાણ્યો હતો એ વિશ્વામિત્રી પરનો બીજો ઝૂલતો પુલ અમારા રઝળપાટ હેઠળ આવી ગયેલો. એક વખત વગડામાં વહેતી વિશ્વામિત્રીના કાંઠે અમને વિસ્મયનું એક કારણ મળ્યું. નદીના પ્રવાહ વચ્ચે સરગઠ (એક જાતની સોટાદાર વનસ્પતિ જેની ટોચ પર સફેદ ફૂલનાં છોગાં નીકળ્યાં હોય)નું એક નાનું સરખું ઝુંડ હતું. એમાં અમે સૂર્યના પ્રકાશને પરાવર્તિત કરતી અત્યંત ચમકતી એક ચીજ જોઈ. ઝગારા મારતી આ ચીજ શી હોઈ

શકે ? એના કદનો અમને ખ્યાલ આવી ગયો હતો. આપણા હાથની મૂઠી કરતાં જરાક મોટું હશે. આટલો મોટો હીરો ત્યાં ખડાયેલો ન હોય. તો પછી આટલી બધી ચમકતી ચીજ કઈ હશે ? જાણવું તો જોઈએ જ. એ ચીજને સરગઠના સાંઠાઓમાંથી છૂટી કરવામાં આવે તો ખબર પડે. આ ચીજને જોનાર અમે ત્રણ જણ હતા. ફેંકી શકાય એવી ચીજો – ઈંટાળા, પથરા, કપચાં વગેરે એકઠી કરીને ફેંકવા માંડ્યું. વિશ્વામિત્રીનો પટ બહુ પહોળો નથી. અજાણ્યા માણસને તો આ વહેણ માટે કહેવું પડે – 'આ નદી છે – વિશ્વામિત્રી.' સાંકડા પટમાં અધવચ્ચે સરગઠનું ઝુંડ એટલે અમે ફેંકેલી ચીજો સહેલાઈથી ત્યાં પહોંચતી. લગભગ અર્ધા-પોણા કલાકની નિક્ષેપબાજી પછી પેલી ચમકતી ચીજ સરગઠના સાંઠાની પકડમાંથી છૂટી થઈ અને ડોલતી ડોલતી પાણીના પ્રવાહ સાથે ગતિ કરવા લાગી. એ ચીજ હતી સિગારેટનો ખાલી ડબ્બો ! ઘટના નગણ્ય. પણ જીવનનું એક મધુર સ્મરણ બની રહી છે.

વિશ્વામિત્રીના તટનું એક બીજું મધુર અને સુખદ કાર્ય વિશ્વામિત્રીના કાંઠે આગિયાને મૂઠીમાં લઈને શર્ટના છાતી ઉપરના ખિસ્સામાં સેરવી દેવાનું. સાંજે જમ્યા પછી અમે કેટલાક છાત્રો કમાટીબાગમાં ફરવા જતા. મુખ્ય દરવાજો વિશ્વામિત્રીના વહેણની બાજુમાં છે. ત્યાં નદીનું ઊંડાણ વધારે દેખાય છે. દિવસ આથમ્યા પછી અંધારું થવા માંડે એટલે આગિયા ઊડવા માંડે. પાર વગરના આગિયા. એમના માટે નદીનો પટ અને એનો તટ બધું એકાકાર ! આકાશમાં જાણે અગણિત તારાઓ ઝબકતા હોય. હાથ વીંઝીએ અને એકાદ બે આગિયા ઝપટમાં આવી જાય. ખિસ્સામાં સેરવી દઈએ. જુદા જુદા રંગનાં શર્ટ. બહાર આવવા ફાંફાં મારતા આગિયા ઝબક્યા કરે. મેં બ્લૂ ક્રેપનું શર્ટ પહેર્યું હોય એ દિવસે ઝબકતા તેજકણ જોવાની મજા પડે.

વિશ્વામિત્રીને નદી માનવા મન કેમેય તૈયાર થતું નહોતું. પાટણમાં સરસ્વતી નદીનો વિશાળ પટ જોયેલો અને વડોદરા જતાં-આવતાં સાબરમતી નદીના પટ ઉપર નજર નાખવાનું બન્યા કરતું હતું. વળી, વચ્ચે મહી નદી આવે. એનો પટ પણ ખાસ્સો પહોળો. લોક તો એને મહીસાગર જ કહે. આ બધી નદીઓની તુલનામાં વિશ્વામિત્રી એક વહેળો જ લાગે. પણ એક દિવસ વિશ્વામિત્રીનું ઉગ્ર રૂપ જોયું ત્યારે એની શક્તિને કાન પકડીને કબૂલવી પડી. વિશ્વામિત્રીમાં પૂર આવે એટલે એ ગાંડીતૂર. એનાં પાણી બે કાંઠામાં બંધાયેલાં ન રહે. એવું બંધન ઉચ્છેદીને ભાગી છૂટેલા વિશ્વામિત્રીના પ્રવાહના એક ફાંટાને

જોવાનું બન્યું હતું. કમાટીબાગ પૂરો થાય અને કારેલીબાગ શરૂ થાય ત્યાં જ એક મોટું નાળું હતું. ૧૯૪૬ના અરસામાં એક વખત વિશ્વામિત્રીમાં પૂર આવ્યું. પાણીનો એક પ્રવાહ આ નાળામાં થઈને વહેતો હતો. અમે નાળા ઉપર ઊભા હતા. નીચે ધસમસતાં પાણી વહેતાં હતાં. ભય પમાડે એવાં એનાં ઉછાળ અને ગતિ. ઘરવખરીની ચીજો તણાતી જતી અમે જોઈ રહ્યા. ખાટલા, પાટલા, ડબા, માટલાં, ઝૂંપડાંનાં છાપરાં... જાતજાતની ચીજો નજર સામે ભાગી રહી હતી. વિશ્વામિત્રીના મૂળ પ્રવાહ સુધી તો જઈ શકાય એવું નહોતું. સયાજીગંજ અને પ્રતાપગંજ જળબંબાકાર હતા.

મારી પાસે વડોદરાનાં સાત જોવાલાયક સ્થળો જોવા માટેની પરમિટ હતી – લક્ષ્મીવિલાસ રાજમહેલ, મકરપુરા પેલેસ, સોના-રૂપાની તોપો વગેરે. પણ એમાંનું કંઈ પણ જોવાનો મેં રસ દાખવ્યો નહોતો અને જોયું પણ નહોતું. લક્ષ્મીવિલાસ રાજમહેલ જોવા કરતાં વડનાં વૃક્ષોથી છાયેલો ઇન્દિરા એવેન્યુ રાત્રે જોવાનું વધારે પસંદ કર્યું હતું. સામેથી આવતી ગાડીઓની હેડલાઇટમાંથી ફેંકાતો પ્રકાશ જાણે ચોખ્ખા દર્પણ ઉપરથી પરાવર્તિત થઈને આપણી આંખમાં આવતો હોય એવો અનુભવ થાય. અત્યારે એ રસ્તાનું એ પ્રકારનું અસ્તિત્વ નથી. આવો રોડ ગુજરાતમાં કદાચ બીજે ક્યાંય નહીં હોય. ચિત્તમાં એનું અનન્યત્વ હજુ સચવાઈ રહ્યું છે.

બીજું વિશ્વયુદ્ધ વિકરાળ સ્થિતિ વટાવીને બદતર સ્થિતિમાં ચાલી રહ્યું હતું. લશ્કરી તાલીમ સ્થળો, એરપોર્ટ, છાવણીની જગ્યાઓ વગેરે પ્રતિબંધિત વિસ્તારો ગણાય. એવામાં અમે ત્રણ મિત્રોએ હરણીનું એરપોર્ટ જોવા જવાનો વિચાર કર્યો. ડેલીએ હાથ દઈને પાછા ફરવાનું થશે એવું મનમાં તો હતું, પણ અમારું ખરું આકર્ષણ હરણીનો રસ્તો હતું. પ્રકૃતિ કાવ્યની એક પંક્તિ અંકાઈ હોય એવો એ રસ્તો. અમે સાઇકલો ઉપર એરપોર્ટ પર પહોંચી ગયા. એરપોર્ટનો વિસ્તાર શરૂ થયો ત્યાં એક મેદાન પર અંગ્રેજોને ફૂટબૉલ રમતા જોયા. (યુદ્ધનાં એ વર્ષોમાં વડોદરામાં ઇંગ્લિશ અને ઑસ્ટ્રેલિયન સૈનિકોની ટુકડીઓ હતી. વડોદરાના રાવપુરા રોડ ઉપર ટ્રકોમાં એમની હેરાફેરી અમે જોયેલી) અમે આ ઊંચા, તગડા અને રાતા માણસોને રસપૂર્વક રમતા જોઈ રહ્યા. અમને કોઈએ કશું પૂછ્યું નહીં કે ચાલ્યા જવાનું પણ કહ્યું નહીં. આગળ વધીને ટર્મિનલની બાજુમાં કંટ્રોલ ટાવર સુધી પહોંચી ગયા. એક દમામદાર માણસ (ઑફિસર જ ને !) અમારી પાસે ઝડપથી આવી પહોંચ્યો. હજુ તો અમે તરુણો જેવા લાગતા

હોઈશું. પેલા માણસના ચહેરા ઉપર ગુસ્સાની રતાશ ન દેખાઈ. અમારા ભોળા-ભટાક ચહેરા જોઈને કદાચ, વિસ્મયમાં પડી ગયો હશે.

એ કંઈ પૂછે એ પહેલાં અમે જ કહ્યું : ‘અમારે એરપૉર્ટ જોવું છે. અમે કૉલેજના વિદ્યાર્થીઓ છીએ. અમારે એરોપ્લેઇન અંદરથી જોવું છે.’

‘ચાલો.’ કહી એ આગળ થયો.

અમને એક એરોપ્લેનમાં એણે પ્રવેશ આપ્યો. કૉકપીટ વગેરે બધું ઝીણવટથી બતાવ્યું અને કહ્યું : ‘આ પ્લેઇન નાનું છે. એ હાવરા જઈને આવે ત્યાં સુધીમાં અઢીસો ગેલન પેટ્રોલનો વપરાશ થાય.’ અમે પેલા ઑફિસરનો આભાર માનીને નીકળ્યા.

વળતાં રસ્તામાં એક તળાવ આવ્યું અને અમે થોભ્યા. કોઈ ગામતળાવ હતું. એની પાળ ઉપર અને રસ્તા ઉપર કેટલાક કિશોરો રમતા હતા. તળાવ ખીલેલાં કમળોથી છવાઈ ગયું હતું. મારા માટે તો કમળના ફૂલનું આ પહેલું દર્શન હતું. આખું તળાવ ગુલાબી કમળથી ભરચક હતું. પ્રફુલ્લ અને ગુલાબી. નજર તળાવ સાથે ચુસ્તપણે બંધાઈ ગઈ. તળાવ પરથી નજર ખસેડ્યા વગર મેં પેલા છોકરાઓને સંબોધીને કહ્યું : ‘કમળ લાવી આપો તો એક કમળનો એક આનો મળશે.’

બે છોકરા તળાવમાં કૂદી પડ્યા. દસબાર કમળ ચૂંટી લાવ્યા. આવા તળાવમાં કૂદી પડવું એ એક પ્રકારનું જોખમી સાહસ. છોકરાઓએ સાહસ કર્યું અને એમને બાર આના મળી ગયા, પણ અમને તો અનેક રૂપિયાના મૂલ્યનો આનંદ મળ્યો.

છાત્રાલયે પહોંચીને અમે એના ફ્રન્ટ એલિવેશનની ટોચ ઉપર આ કમળનું તોરણ બાંધ્યું.

અમારા માટે શહેરમાં જવાના ત્રણ રસ્તા. એક અગાઉ જણાવ્યો તે ભૂતડી ઝાંપા તરફનો લાંબો રસ્તો જે ખત્રીવાડ પાસે થઈને જ્યુબિલીબાગ આગળ નીકળે. સાઇકલ પર જઈએ ત્યારે આ રસ્તો લઈએ. બીજો રસ્તો ખેતરો વચ્ચેના નેળિયામાં થઈને રાવપુરાના ટાવરની અડોઅડ નીકળે. અને ત્રીજો રસ્તો બહુચરાજી માતાના મંદિર આગળ થઈને રાવપુરા સુધી પહોંચાડે. આ રસ્તા ઉપર કારેલીબાગમાં જ એક નાનું શું અપૂજ શિવમંદિર હતું. ટીંબાડા ઉપર જ સમજો. બાજુમાં સીધી ભેખડો. ઠીક ઠીક નીચે સમતળ જમીન. સરસ એકાંત હતું. અહીં બેસવાનું ખૂબ મન થતું. બેસતા અને એકાંતની શાંતિથી મન આનંદથી

ભરાઈ જતું.

છાત્રાલયના શાંત વિસ્તારમાં બે દિશામાંથી મનને બરાબર ક્ષુબ્ધ કરી મૂકે એવા અવાજ વાતાવરણ ચીરીને આવતા. કમાટીબાગમાંથી વાઘની ત્રાડનો અવાજ આવતો. ધીરે ધીરે આરંભાતો, ઊંચે ચઢતો, બુલંદી ઉમેરાતી અને પ્રાણી હાંફતું હોય એમ ધીરે ધીરે અવાજ ધીમો થઈને શમી જતો. આ અવાજને સમયનું કોઈ બંધન નહોતું. પંડિતયુગમાં નરસિંહ રાવે 'દૂરથી ગીત ધ્વનિ' ઉપર લખ્યું હતું. મીઠાં સંવેદન જગાડતો અવાજ. પણ આ અવાજ ભય પ્રેરે એમ નહોતો, કારણ કે એ અવાજ જ્યાંથી આવતો હતો ત્યાં બધા વાઘ ઊંચા ઊંચા સળિયા પાછળ હતા. એટલે આ અવાજ ભય નહીં પણ અકળામણ પેદા કરતો હતો. બીજી દિશામાંથી – પાગલખાનામાંથી એક પાગલનો અવાજ આવતો. ફક્ત એક જ પાગલનો. એક જ ઉક્તિ. એ પાગલ સયાજીરાવ મહારાજને ઉદ્દેશીને એક માગણી રજૂ કરતો. અત્યારે તો સંબોધન 'સયાજીરાવ મહારાજ' અને માગણીનો છેલ્લો શબ્દ 'પાહિજે' યાદ છે, પણ અવાજની વેદના મનમાં તાજી છે. એ પાગલ બોલતો હતો ત્યારે સયાજીરાવ મહારાજ હયાત નહોતા. કેટલાં વર્ષથી આ પાગલના કંઠમાં દર્દ ઘૂંટાતું હશે ?!

રાત-પરોઢ, સાંજ-સવાર ગમે ત્યારે એ અવાજ આવતો અને મનને બેચેન કરી મૂકતો.

એપ્રિલ '૪૭માં પરીક્ષા પૂરી થઈ. પેપર સારાં ગયાં. હવે માથેથી એક પ્રકારનો ભાર ઊતરી ગયો. પરીક્ષાનો ભાર તો હતો જ નહીં, પણ મનમાં સતત રહ્યા કરતું હતું કે પરીક્ષા થઈ જાય તો એક બંધનમાંથી મુક્ત થઈએ. આ બંધન છૂટી ગયું એટલે પેલો કલ્પેલો ભાર દૂર થયો. વડોદરા જેવું રળિયામણું શહેર છોડવાનો થોડોક રંજ તો હતો પણ વતનનું આકર્ષણ વધારે હતું. હવે જે એકાદ-બે દિવસ રોકાવાનું થાય તેમાં અહીંનું આટોપી લેવાનું હતું. આટોપી લેવાનું શું ? કપડાં અને પુસ્તકોથી બૅગ ભરી લેવાની અને બિસ્ત્રો બાંધી લેવાનો.

તૈયારીમાં સૌ પહેલું વાળ કપાવી લેવાનું વિચાર્યું. સૂરસાગરની બરાબર સામે 'પ્રિન્સ હેર કટિંગ સલૂન' હતું. જગ્યા ખાલી હતી. હું ખુરશી પર બેઠો. બપોરનો સમય હતો. સૂરસાગર પરથી શરીર અને મન બંનેને ગમે એવી મંદ-મંદ હવાની લહરીઓ સતત આવતી હતી. કારીગર કશીક તૈયારી કરી રહ્યો હતો. થોડી પળો વીતી. મને વાંધો નહોતો, કારણ કે હવાનો સ્પર્શ અત્યારે આહ્લાદક હતો અને મન હળવાશના કારણે આનંદમાં હતું.

કારીગરે માથાને સ્પર્શ કરતાં પહેલાં મને પૂછ્યું : 'સોલ્જર કટ ?'

મારા સાંભળવામાં બરાબર નહીં આવ્યું હોય કે કારીગર જે બોલ્યો તે મારા સમજવામાં નહીં આવ્યું હોય પણ જ્યારે ખુરશીમાંથી ઊભા થવાનું થયું અને અરીસામાં બરાબર જોયું ત્યારે ખબર પડી કે લમણા ઉપરની વાળની વીંગ્ઝ સફાચટ હતી. હવે આરંભમાં કારીગરે પૂછેલો પ્રશ્ન ધ્યાનમાં આવ્યો. વાળ કપાતની ક્રિયા વખતે હું ખબરદાર હોત તો તો સ્થિતિ સુધરી જાત, પણ સૂરસાગર પરથી આવતી પેલી આહ્‌લાદક પવનલહરીઓએ મને ઊંઘના ભાર હેઠળ મૂકી દીધો હતો. ઝોકાં ન આવે એની મથામણમાં હું હતો એ જાણું છું. અરીસામાં ધ્યાનથી જોવાનું સૂઝ્યું નહીં.

આ તો જે થયું એ થયું પણ કારીગરે 'સોલ્જર કટ ?' શાથી કહ્યું એ તો મને સમજાયું હતું. એ વર્ષોમાં સોલ્જરોની વડોદરામાં કોઈ નવાઈ નહોતી. સોલ્જરો સિવિલિયનો માટેની દુકાનોમાં વાળ કપાવતા હોય કે ન હોય પણ સોલ્જરો માટેનાં વાહનોની વડોદરાના મુખ્ય માર્ગ પર ઘણી હરફર રહેતી. 'પ્રિન્સ હેર કટિંગ સલૂન' મુખ્ય માર્ગ ઉપર ગણાય.

શૉપના કારીગરને હું સોલ્જર ન લાગ્યો હોઉં એ વધારે શક્ય છે. પણ સોલ્જર જેવો જરૂર લાગ્યો હોઈશ. લગભગ સોલ્જર જેવા માણસને 'સોલ્જર કટ' હજામત શોભશે એવું એને જરૂર લાગ્યું હશે.

હું એને સોલ્જર જેવો લાગ્યો હઉં એમાં શંકાનું કોઈ કારણ નથી. એ વર્ષોમાં ખાખી પેન્ટની ફૅશન હતી. ફૅશન તો ખરી પણ એથીય વધારે યુવાનોમાં એનો ક્રેઝ. મેં ખાખી પેન્ટ ઠઠાવ્યું હતું.

એ વર્ષોમાં કાપડનું જબરદસ્ત રેશનિંગ હતું. રેશનકાર્ડ વગર કશું ન મળે. અમે છાત્રાલયના વિદ્યાર્થી. અમારી પાસે રેશનકાર્ડ ક્યાંથી હોય ? ફૅશનના પ્રવાહમાં તો રહેવું હતું. ખાખી પેન્ટ માટે ખાખી કાપડ જોઈએ. આ મેળવવાનો એક ઉપાય હતો. કોઠી કચેરીમાં ટેક્ષટાઇલ કમિશ્નરની ઑફિસ. ત્યાંથી કાપડની પરમિટ મેળવી શકાય. હું પહોંચી ગયો કમિશ્નરની ઑફિસમાં. આવા કેસમાં ત્રણ વારની પરમિટ મળતી. મને ખૂબ સહેલાઈથી એ પરમિટ મળી ગઈ અને હું ખાખી પેન્ટધારી બની શક્યો.

પણ ખાખી પેન્ટ પહેરવાથી સોલ્જર જેવો દેખાવ થોડો આવી જાય છે ? એના માટે તો શરીર સોલ્જર જેવા દેખાવનું હોવું જોઈએ. આપણું એ હતું. શરીર પાછળ થોડી કાળજી લેવાઈ હતી ત્યારે એ સોલ્જરના ઘાટનું બન્યું હતું. એ વર્ષના શિયાળામાં અમારી રૂમના મિત્રોએ 'શરીર બનાવવાનો' વિચાર કર્યો હતો. એ વખતે અમને એક જ માર્ગ સૂઝ્યો હતો. દૂધ અને ઈંડાં. ખુલ્લી હવા,

ચોખ્ખો અને સારો ખોરાક અને વધારામાં દૂધ અને ઈંડાં ! કમાટીબાગની આવન-જાવનથી શરીરને કસરત મળી રહેતી અને અમારાં શરીર કો'ક તાકી રહે એવાં બન્યાં. એટલે 'પ્રિન્સ હેર કટિંગ સલૂન'ના કારીગરે 'સોલ્જર કટ ?' કહ્યું તે સર્વથા ઉચિત હતું.

બૅગ-બિસ્ત્રો પેક થઈ ગયાં હતાં. મિત્રોએ એક દિવસ વધારે રોકાઈ જવાનો ખૂબ ખૂબ આગ્રહ કર્યો, પણ ઘેર કોઈ આતુરતાપૂર્વક મારી રાહ જોતું હશે એ ખ્યાલ ચિત્તમાં સતત ઘોળાતો હતો એટલે મિત્રોના પ્રેમભર્યા આગ્રહને લક્ષમાં ન લઈ શકાયાના રંજ સાથે સવારે ચાર વાગે હું ઘોડાગાડીમાં સ્ટેશન તરફ જવા નીકળ્યો. એ વખતે ઠંડા વાતાવરણને ચીરતો પાગલખાનામાંથી પેલા પાગલનો અવાજ આવી રહ્યો હતો – સયાજીરાવ મહારાજને સંબોધતો અને કોઈ પરિચિત માણસને છોડીને જતો હોઉં એવી ગમગીની મને ઘેરી રહી હતી.

■

# ૧૧
# લગ્ન અને દામ્પત્ય

ઈ. સ. ૧૯૪૫ના મે માસની પહેલી તારીખની રાત્રે અમારું લગ્ન. સગાઈ તો ૧૯૩૯માં હું હાઈસ્કૂલના પાંચમા (હાલનું નવ) ધોરણમાં ભણતો હતો ત્યારે થયેલી. સગપણ વખતે કન્યાપક્ષના ચારપાંચ અતિથિઓ અને અમારા કેટલાક સ્નેહી-સંબંધીઓના સાન્નિધ્યમાં રૂપિયો અપાયો, ગોળધાણા વહેંચાયા અને સગપણ નિશ્ચિત થયું. મંગળગીતોની મધુર સૂરાવલિના વાતાવરણમાં સગાઈ તો થઈ પણ જેની સાથે સંબંધ નક્કી થયો એ કન્યાને તો મેં જોયેલી નહીં. સિદ્ધપુર તાલુકાનું કહોડા નામનું ગામ. અને એમાં વસતી હીરા નામની એ છોકરી. હીરાને નજીકથી તો શું, દૂરથીય જોવાની તક મળેલી નહીં. જેની સાથે સારુંય જીવન પસાર કરવાનું હતું એ આ પળે તો એક કલ્પનામૂર્તિ જ હતી. જે કંઈ જોવા-વિચારવાનું હોય તે વડીલો જુએ અને વિચારે. મારા સંદર્ભે વિચારનાર પિતાજી. વ્યવસાયે શિક્ષક. પસંદગી બાબતે ભવિષ્યમાં પણ પુત્રપક્ષે કોઈ અસંતોષ ન રહે એવું એમણે વિચાર્યું જ હોય.

કન્યાના કુટુંબની ખાનદાની વિશે કશું વિચારવાનું નહોતું. પણ ફક્ત ઊંચી શાખ અને સંસ્કાર ધરાવતા કુટુંબની છોકરી હોવાની જાણકારી કેમ ચાલે ? જે શાળામાં છોકરી ભણતી હતી એ શાળામાં પાટણનાં એક શિક્ષિકા બહેન નોકરીમાં હતાં. એમને રૂબરૂ મળીને પિતાજીએ છોકરીની અભ્યાસમાં હોશિયારી, સ્માર્ટનેસ વગેરે વિશે જાણવા જેવું બધું જાણી લીધું હતું. અને છોકરીને પણ જોઈ લીધી હતી.

લગ્ન પછી સહવાસનો પહેલો તબક્કો અગિયાર દિવસનો. આટલા સમયગાળામાં સંસારની દૃષ્ટિએ કોઈ નોંધપાત્ર ઘટનાનો સંભવ ન હોય. પણ બીજી રીતે કહીએ તો જીવનનો સૌથી વધુ રોમાંચક આ તબક્કો. લગ્નપૂર્વે જે અધૂરપનો સંદેહ હતો તે નિર્મૂળ થયો. જેવું જોઈએ એવું પાત્ર મળી રહ્યું

એનો સંતોષ હતો અને અગિયારમે દિવસે એક પાત્રના જવાથી ઘરમાં જે સૂનકાર વર્તાયો એનાથી ખાતરી થઈ કે એ પાત્રે હૈયામાં જગ્યા બનાવી લીધી છે. સુખનું આ પહેલું સોપાન.

હવે ફરી મળવાનો યોગ આવતા ઉનાળે આણું થાય ત્યારે. એક વર્ષનો સંપૂર્ણ અવકાશ. એ સમયમાં કડવા પાટીદાર સમાજમાં અંકાયેલી કડક મર્યાદાઓના કારણે ન મિલન, ન પત્ર, ન સંદેશો...

બીજા ઉનાળે પણ પત્ની નવું માણસ. ઘરમાં છૂટથી હરફર ખરી, પણ બોલચાલ મર્યાદિત. હજુ તો છોકરી કહેવાનું મન થાય એવો પત્નીનો ઘાટ. કુટુંબનો મલાજો બહુ પાળે. હું મેડી પર હોઉં ત્યારે એ મેડી પર ન આવે. જાણે અમે એકાન્તે મળતાં જ ન હોઈએ એવો દેખાવ કરવાનું એને ગમે. હું આ રીતમાં સહમત નહીં પણ મારે એનું વલણ ચલાવી લેવું પડતું. બીજા તબક્કે અમારો વીસ-પચીસ દિવસનો સહવાસ. આ વખતે એ ગઈ ત્યારે વધારે વસમું લાગ્યું. ગયા ઉનાળે તો સૂનકારનો અનુભવ થયો હતો, પણ આ વખતે હૈયું ગાઢ ઉદ્વેગની વેદના અનુભવતું હોય એવું લાગ્યું.

૧૯૫૦ સુધી સાસરા અને પિયર વચ્ચે પત્નીનું આવન-જાવન ચાલુ હતું. સંયુક્ત કુટુંબ હતું. ભાઈઓમાં હું સૌથી નાનો એટલે મારા પર આર્થિક કે સામાજિક કોઈ પણ પ્રકારની જવાબદારી નહોતી. ૧૯૪૭માં બી.એ. થયા પછી એમ.એ. અને એલએલ.બી.ના અભ્યાસ સાથે ન્યુ હાઈસ્કૂલની નોકરી પણ સ્વીકારી હતી. કોચરબમાં રૂમ ભાડે રાખીને હું રહેતો હતો. આ સમયગાળા દરમિયાન ફક્ત વૅકેશનમાં હું પાટણ જતો અને સમાજના રિવાજ મુજબ પત્નીને તેડી લાવવામાં આવે ત્યારે મળવાનું થતું.

ઈ. સ. ૧૯૫૦ના જુલાઈ માસમાં હું કડીના સર્વ વિદ્યાલયમાં જોડાયો ત્યારથી અમારો સ્વતંત્ર સંસાર આરંભાયો અને હીરાના વ્યક્તિત્વનો આગવો પરિચય મને થવા લાગ્યો. આ સ્ત્રી 'ડમ્બ ડ્રીવન કેટલ' નહોતી એ તો મને થોડા સમયમાં જ સમજાઈ ગયું. જીવન અને સંસાર સંબંધમાં એના કેટલાક વિચાર ઘડાયેલા હતા. અજાણી જગ્યામાં વસવાટ. પડોશીઓ અને માણસો સાથે કેટલી મર્યાદામાં વિવેકપૂર્વક સંબંધો બાંધવા અને જાળવવા એની એને ખબર હતી. થોડા સમયમાં જ મને સમજાઈ ગયું કે ઘર મારા થકું નહીં, એને લીધે જ ચાલે છે. મારી સાથે એનો સુમેળ એટલો બધો કે મારા નિર્ણયોને એ કદી પડકારે નહીં, પણ સ્પષ્ટ અભિપ્રાય આપે. ક્યારેક ચેતવણી ઉચ્ચારીને લાલબત્તી ધરે. હું એને બાહ્યાચાર અને વ્યવહારમાં મારા કરતાં વધારે સમજદાર માનું

એટલે એના અભિપ્રાયો લક્ષમાં લીધા પછી અમે બંને મળીને જે-તે નિર્ણય લેતાં.

કડી શહેરમાં એક વર્ષના વસવાટ પછી સંસ્થા તરફથી મને છાત્રાલયમાં ગૃહપતિ તરીકેની સેવાઓ આપવા માટે આમંત્રણ મળ્યું. કામ ઘણો સમય માગી લે એવું હતું. કુટુંબ સાથે ગાળવાનો મોટા ભાગનો સમય છીનવાઈ જાય એવું હતું. મેં પત્નીનો અભિપ્રાય માગ્યો. જો હું એ જવાબદારી સ્વીકારવા ઇચ્છતો હોઉં તો પોતાને કશો વાંધો નથી એવું એણે જણાવ્યું.

મારો ઘણો સમય છાત્રાલયમાં પસાર થતો. છાત્રાલયમાં સાંજની પ્રાર્થના પછી રાત્રે અગિયાર વાગ્યા સુધી મારી હાજરી છાત્રાલયમાં રહેતી. કુટુંબ સાથેનો મહત્ત્વનો સમય ખરેખર છીનવાઈ ગયો હતો છતાં પત્નીએ અસંતોષનો એક હરફ પણ ઉચ્ચાર્યો નહોતો.

૧૯૫૬ના જુલાઈની ૨૨મી તારીખે રાત્રે લગભગ દસ વાગે ધરતીકંપના હળવા આંચકાનો અનુભવ થયો. છાત્રાલયમાં લગભગ સાડાત્રણસો છાત્રો હતા. મેં અને મારા સાથી ગૃહપતિ શ્રી સોમાભાઈએ તકેદારીરૂપે છાત્રોને રૂમમાંથી છાત્રાલય વચ્ચેના ખુલ્લા ચોકમાં લાવવાનું કામ આરંભ્યું. ઉપલા ધોરણના છાત્રો પણ આ કામમાં સક્રિય હતા. કેટલાક ઊંઘતા કિશોરોને ખેંચી ખેંચીને ખુલ્લા ચોગાનમાં લાવવા પડ્યા. છાત્રાલયના ખૂણા પર માળ નીચે મારું રહેઠાણ હતું. હું મારાં પત્ની અને બાળકોની ખબર લેવા ન જઈ શક્યો. કોઈ પણ પત્ની માટે આ એક ગંભીર ફરિયાદનું કારણ બની શકે. મારી સ્થિતિ અને ફરજ સમજનાર પત્નીએ અસંતોષનો એક શબ્દ પણ મને ન સંભળાવ્યો. એમાં એક સાચી સહધર્મચારિણીની નિષ્ઠા હું જોઈ શક્યો.

આટલી ઘટના જ કેમ, જીવનના અનેક પ્રસંગોએ એણે મારી જવાબદારીઓ અદા કરી છે અને મને ચિંતામુક્ત કર્યો છે અથવા એમાં રાહત આપી છે.

૧૯૬૦માં એમ.એ.ના અભ્યાસ માટે હું અમદાવાદ હતો એ દરમિયાન મારી નાની પુત્રી પોલિયોનો ભોગ બની. મનને વિચલિત કરી મૂકે એવી ઘટના હતી. પુત્રીને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ લાવવામાં આવી. અને અમદાવાદમાં મારા અંગત મિત્ર બિપિનચંદ્ર (જે પછીથી ડ્યુટ્રોન ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના માલિક બન્યા)ના કુટુંબ સાથે રહીને પત્નીએ દીકરીની સારવારની બધી જવાબદારી ઉપાડી લીધી. હું યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહેતો હતો.

પછીનાં વર્ષોમાં એની પોતાની તબિયત પણ સારી ન રહી. દાક્તરી પ્રિસ્ક્રિપ્શન અને લૅબોરેટરી રિપોર્ટોની એક દળદાર ફાઇલ બની છે. શ્વાસની

ગભરામણ અને આખા શરીરને પીડા આપતો પૉલિ-આર્થ્રાઈટીસ. આ બીમારી અને શારીરિક તકલીફો વચ્ચે પણ એણે કંટાળ્યા વિના ઘરનું સઘળું કામ કર્યું અને ઘર તેમ જ સમાજનો બધો વ્યવહાર સારી રીતે સાચવ્યો.

એમ.એ. થયા પછી મેં પ્રકાશ આર્ટ્સ ઍન્ડ એજ્યુકેશન કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક લીધી હતી પણ કડીના સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે સુકાન સંભાળવાનું થયું (જેની વિગત અન્ય પ્રકરણમાં વિસ્તારથી નોંધેલી છે) ત્યારે અમદાવાદ જેવું શહેર છોડીને કડી જવાનું થયું ત્યારે પત્નીએ કોઈ વાંધો ઊભો ન કર્યો.

કડીમાં આચાર્ય નિવાસમાં રહેવાનું શરૂ કર્યું.

પેલી બે બીમારીઓ પત્નીનો પીછો છોડતી નહોતી. સાંધાના વાની પીડા કરતાં શ્વાસની ગભરામણ એને વધારે ત્રાસ આપતી હતી. બંનેના ઉપચાર ચાલુ હતા. પૉલી-આર્થ્રાઈટીસ અંગે હાથપગનાં આંગળાં દિવસે દિવસે વિકૃત થવાનો ભય હતો અને એ દિશામાં શારીરિક ફેરફાર જોઈ શકાતો હતો. શ્વાસની ગભરામણ કરતાં વાની આ તકલીફ અમારા માટે વધારે ચિંતાનો વિષય બની. પૉલિ-આર્થ્રાઈટીસના ઉપચાર માટે જાણીતા મુંબઈના ડૉ. ધોળકિયાની ટ્રીટમેન્ટ પણ લીધી. આ રોગ મટવાની શક્યતા નથી એ તો અન્ય ડૉક્ટરોની જેમ એમણે પણ કહ્યું પણ એમણે જે કસરતો કરવાનું કહ્યું અને નિર્દેશન તરીકે કેટલીક કસરતો કરી બતાવી એનાથી ઘણી રાહત થઈ.

એક વિકલ્પ તરીકે પાટણના ઉજમશી પીતાંબર આયુર્વેદ કૉલેજના પૂર્વ આચાર્ય અને જાણીતા વૈદ્ય શ્રી ફુલાભાઈ પટેલની સારવાર શરૂ કરી. ફુલાભાઈએ ખોરાકમાં ઘી, ગોળ, તેલ, મરચું વગેરે સદંતર બંધ કરાવી દીધાં અને દીવેલના પ્રયોગ પર જોર દાખવ્યું. આ ટ્રીટમેન્ટમાં તો ધીરે ધીરે શરીર દૂબળું, અશક્ત અને હાડપિંજર જેવું બનીને રહ્યું.

રોગને કાબૂમાં લેવા ફરી એક વાર એલોપથી સારવારનો આશ્રય લેવાનું નક્કી કર્યું. અમદાવાદના ડૉ. કિનારીવાળાની સારવાર શરૂ કરી. ડૉક્ટરે એક એવા પ્રકારનાં ઇન્જેક્શનનો કોર્સ નક્કી કર્યો, જેમાં ડૉક્ટરની વાત પરથી લાગ્યું કે એ કોર્સ દરમિયાન ઇંજેક્શન અપાય ત્યારે ડૉક્ટરે ભારે તકેદારી રાખવાની હતી. બધા પ્રકારના રિપોર્ટ્સ પછી તરત ડૉક્ટર પોતે જ ઇંજેક્શન આપવાના હતા. એમણે Myocrisin નામનાં ઇંજેક્શન લખી આપ્યાં. જે Organic gold Sast containing the equivalent of 44.5% to 46% metallic goldની બનાવટનાં હતાં. અમદાવાદમાં લગભગ મોટા ભાગના જાણીતા ડ્રગ સ્ટોર્સ અને

કેમિસ્ટની દુકાનોએ ફરી વળ્યા પણ આ ઇંજેક્શન ક્યાંય મળ્યાં નહીં. પછી મુંબઈમાં મારા મિત્ર અને એબટ લૅબોરેટરીના પ્રોડેક્શન મૅનેજર (જેમનો પરિચય આ પુસ્તકના અન્ય પ્રકરણમાં છે) શ્રી રામભાઈને આ ઇંજેક્શન મેળવીને મને મોકલવા જણાવ્યું (મેં રામભાઈને આ જણાવ્યું એ પહેલાં મારા મુંબઈ નિવાસી વેવાઈ શ્રી બાબુલાલને આ ઇંજેક્શનો મેળવી લેવાનું જણાવ્યું હતું એમની ઘણી શોધ, છતાં એ મળ્યાં નહોતાં.)

May and Baker કંપનીનું આ ઇંજેક્શનનું પ્રોડક્શન પણ હવે એ બંધ થઈ ગયું હતું. એટલે એ ઇંજેક્શન ક્યાંય મળે એમ નહોતાં. રામભાઈએ રિઝર્વ સ્ટોકમાંથી એ ઇંજેક્શનો મેળવીને અમદાવાદમાં એમના નાના ભાઈ ડૉ. ત્રિભુવન પટેલ ઉપર મોકલ્યાં અને એ ઇંજેક્શનો કાળજીપૂર્વક મને પહોંચાડવાનું એમને સૂચવ્યું. એ વખતના અમદાવાદના આ જાણીતા સર્જન ડૉ. ત્રિભુવનભાઈએ એ ઇંજેક્શન મને પહોંચાડ્યાં.

આ ઇંજેક્શન મેળવવા પાછળ કરવી પડેલી દોડધામના કારણે અમે એ અંગે વિચાર કરતાં થઈ ગયાં હતાં. મેં મુંબઈ ખાતે મારા વેવાઈને ડૉ. ધોળકિયાનો સંપર્ક સાધીને આ ઇંજેક્શન લેવા બાબતે ઘટતી સલાહ મેળવવા જણાવ્યું. શ્રી બાબુલાલે ડૉ. ધોળકિયાનો સંપર્ક સાધ્યો અને એમને સઘળી વાતથી વાકેફ કર્યા. સલાહ આપતાં ડૉ. ધોળકિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું : ‘વાઘનું પાંજરું શા માટે ઉઘાડો છો ?’ સમજૂતી આપતાં એમણે કહ્યું : ‘આ ઇંજેક્શન લેનાર વ્યક્તિઓના ૩૩ ટકા કેસ ફેટલ નીવડે છે. અર્થાત્ ૩૩ ટકા વ્યક્તિઓનાં મૃત્યુ નીપજે છે. દર્દીની હાલત અત્યારે જે સ્થિતિમાં છે તેને નિભાવી લો.’

ઇંજેક્શન લેવાની વાત માંડી વાળી અને ડૉ. ધોળકિયાએ અગાઉ જે કસરત સૂચવી હતી એ ચાલુ રાખી.

અત્યારે આંગળાંથી સાણસી પકડી શકાતી નથી પણ જીવનનું રોજિંદું કામ અટકતું નથી. જે સ્થિતિ છે તે સ્થગિત છે. દુઃખાવો રોકવાની કૅપ્સ્યૂલ પણ હવે લેવી પડતી નથી.

કહોડા ગામમાં પ્રાથમિક શિક્ષણની જેટલી વ્યવસ્થા હતી એનો પૂરો લાભ હીરાને મળ્યો છે. એ વર્ષોમાં કન્યાઓને બહાર મોકલીને માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ અપાવવાની તમન્ના વાલીઓમાં નહોતી.

એને મળ્યું તેટલા શિક્ષણથી અમારા જીવનવ્યવહારમાં કોઈ અવરોધ ઊભો થયો નથી કે મૂંઝવણમાં મૂકે એવી કોઈ ઊણપ જણાઈ નથી. ઈ. સ. ૧૯૫૦માં એણે વાલ્મીકિ રામાયણના ગુજરાતી અનુવાદનો દળદાર ગ્રંથ

અક્ષરશઃ વાંચ્યો હતો. ભાગવત અને હાથવગા હતા એ બધા આધ્યાત્મિક ગ્રંથો એણે વાંચ્યા. હાલ મારે ત્યાં કૉમ્પ્લીમેન્ટરી ઘણું સાહિત્ય આવે છે એમાંથી પસંદગીનાં પુસ્તકો એ વાંચે છે. મારા ઉપર જે સામયિકો આવે છે એમાંથી 'જલારામદીપ', 'માનવ', 'તત્ત્વજ્ઞાન', 'ભાગવતામૃતમ' અને હવે 'યુગશક્તિ ગાયત્રી', 'ધરતી' વગેરેમાંથી એ રુચિ પ્રમાણે વાચન કરે છે.

યુવાનીનાં વર્ષોમાં એના મનમાં એક વાતનો રંજ રહ્યા કરતો હતો. એણે પિતાનું છત્ર તો એ જીવનનું પહેલું વર્ષ પૂરું કરે એ પહેલાં ગુમાવ્યું હતું. માતાની છાયા પણ, જ્યારે એની વધુમાં વધુ જરૂર હતી ત્યારે વીસ વર્ષની ઉંમર પહેલાં ગુમાવી. એને સગો ભાઈ કે બહેન નથી. કાકાના છત્ર નીચે સંયુક્ત કુટુંબમાં એનો ઉછેર. કાકાને પણ એક દીકરી જે સગી બહેનનું સ્થાન જાળવે છે. આ બધી સ્થિતિ હેઠળ એના મન પર છવાયેલો વસવસો અમે સૌ જોઈ શકતા હતા. અમારું બહોળું સંયુક્ત કુટુંબ. એમાં ખાસ કરીને મારી બા અને ભાભીઓ હીરાને કોઈ વાતે ઓછું ન આવે એની કાળજી રાખતાં હતાં. મારી બા પાસેથી એને માની હૂંફ અને પ્રેમ ખૂબ મળ્યાં. બાએ એને પોતાની માતાની ખોટ સાલવા ન દીધી. મારી બા તરફથી એને જે પ્રેમ મળ્યો એની વિગતે વાત 'બા' પ્રકરણમાં કરેલી છે એટલે આ પ્રકરણમાં એના પુનરાવર્તન માટેનું ઔચિત્ય જણાતું નથી.

■

# ૧૨
# વૅકેશન

બી.એ.ની પરીક્ષા આપીને વડોદરાથી પાટણ આવીને હવે શું કરવું તેનો નિર્ણય વૅકેશનમાં કરી લેવાનો હતો. એ થાય એ પહેલાં જે સમય મળે એનો ઉપયોગ કરી લેવાના માર્ગો નજર સમક્ષ હતા જ. ફત્તેહસિંહરાવ પુસ્તકાલયનો ઉપયોગ અને કંઈક લેખનની પ્રવૃત્તિ. એક બાજુ આ ચાલતું હતું તો બીજી બાજુ મારાથી મોટા ધનજીભાઈની સલાહથી નોકરી માટે બેત્રણ જગ્યાએ અરજી કરી. થોડા દિવસમાં તો સયાજી વિજય વર્તમાનપત્ર (જે વડોદરા રાજ્યનું સરકારી પત્ર હતું)માં મારી કોડીનારની શાળામાં આચાર્ય તરીકેની નિમણૂકના સમાચાર છપાયા. અને બાલવાની કેળવણી સંસ્થામાં શિક્ષક તરીકે હાજર થવાનો પત્ર આવ્યો. એમાં જણાવ્યું હતું કે રહેવા-જમવાની વ્યવસ્થા થશે પણ કેરોસીનની વ્યવસ્થા તમારે તમારા ઉપયોગ માટે કરી લેવી પડશે. ચુસ્ત રેશનિંગનું આ કારણ ! આ નોકરીઓમાંથી કોઈ પણ સ્વીકારું એ પહેલાં આગળ અભ્યાસ કરવાનો નિર્ણય થઈ ચૂક્યો હતો. એકસાથે એમ.એ. અને એલએલ.બી. કરવાં એ નક્કી થઈ ચૂક્યું હતું. લૉ કૉલેજ અમદાવાદમાં એટલે અભ્યાસ માટે અમદાવાદ જવાનું વિચારી લીધું.

એ વર્ષોમાં એડમિશન માટે દોડધામ કરવાની જરૂર નહોતી. કૉલેજો ઊઘડ્યા પછી પણ સહેલાઈથી એ થઈ શકતું. વૅકેશનના શેષરૂપે હજુ ઘણા દિવસ બાકી હતા. આ દરમિયાન લેખન-પ્રવૃત્તિનો આરંભ કર્યો અને ૪૭ દશ્યોનો એક સ્ક્રીન પ્લે અંગ્રેજી ભાષામાં લખ્યો. એનું નામ રાખ્યું 'The Profligate' (છાકટો).

લખ્યું તો ખરું પણ એને ક્યાંક મોકલવું તો જોઈએ. આ સિનેમાની ચીજ. એટલે એની વ્યવસ્થા એને અનુલક્ષીને કરવી રહી. એ અરસામાં સોહરાબ મોદીએ 'બરોડા થિયેટર્સ' નામથી એક સિનેમા કંપની શરૂ કરેલી. મારા કાકા

(અને મિત્ર વધારે)એ આ કંપનીના શેર ખરીદેલા. એમની મારફતે સ્ક્રીન પ્લે એ કંપની પર મોકલ્યો. ઉત્સાહપ્રેરક જવાબ આવ્યો – તમારી રચના મળી છે. એના ઉપયોગ અંગેના નિર્ણયની જાણ તમને કરીશું. એ જાણ થાય એ પહેલાં કંપની ફડચામાં ગઈ અને સ્ક્રીન પ્લેના ઉપયોગની વાત ત્યાં જ અટકી ગઈ.

સાહિત્યસર્જનના ક્ષેત્રમાં મારી આ પ્રથમ રચના. કાચી કે પાકી, એને મેં સાચવી રાખી છે. એમાં એક સાવકી માતા, પુત્ર તથા બહેનની વાત વણાયેલી છે.

પ્રોફ્લિગેટના સર્જન સાથે સાથે હું ફત્તેસિંહરાવ પુસ્તકાલયનો વાચન માટે ઠીક ઠીક ઉપયોગ કરતો હતો. વડોદરા રાજ્યે ગામેગામ પુસ્તકાલયો માટે ઘણું કર્યું છે. પાટણ, વડનગર વગેરે શહેરોનાં પુસ્તકાલયો અત્યંત સમૃદ્ધ. પાટણના પુસ્તકાલયને સમૃદ્ધ કરવામાં સ્વ. રામલાલ ચુ. મોદીનો ઘણો મોટો ફાળો હતો. પુસ્તકાલયના કાર્યકર્તાઓમાંના એ સૌથી વધારે મહત્ત્વના સભ્ય. ઇતિહાસ (ગુજરાત) સંશોધક તરીકે એમનું ઘણું મોટું કામ છે. એમના સંશોધન લેખોના બે ગ્રંથ ભોગીલાલ સાંડેસરાએ સંપાદિત કરેલા છે. તદુપરાંત એમનું ભાલણ, ભીમ અને ઉદ્ધવ ઉપરનું પુસ્તક મૂલ્યવાન છે. રસિકલાલ પરીખ, બળવંતરાય ઠાકોર વગેરેના શ્રી મોદીના સંશોધનકાર્યની ગુણવત્તા વિશે ઊંચા અભિપ્રાય પ્રસિદ્ધ થયેલા છે. પોતે વિદ્વાન હોઈ પાટણના પુસ્તકાલયને એમણે એક નમૂનેદાર ગ્રંથાલય બનાવ્યું હતું. આ પુસ્તકાલયમાંથી મને સ્મિથ, જદુનાથ સરકાર વગેરેનાં પુસ્તકો વાંચવાનો સારો એવો લાભ મળ્યો હતો. કાલિદાસ પરનું રાયડરનું પુસ્તક પણ મને આ ગ્રંથાલયમાંથી વાંચવા માટે મળ્યું હતું. એક એવું મહત્ત્વનું પુસ્તક વાંચવા મળ્યું હતું જેના સંપાદક અને પ્રકાશકનું નામ સ્મરણમાં રહ્યું નથી એનો અફસોસ છે. એ રશિયન લેખકોની વાર્તાઓનું અંગ્રેજી અનુવાદનું પુસ્તક હતું. કેટલીક પરદેશી વાર્તાઓનો મેં આસ્વાદ લખ્યો છે. આ પુસ્તકમાંની 'પોસ્ટ માસ્ટર' નામની એક સરસ વાર્તાનો આસ્વાદ કરાવવો હતો પણ પુસ્તકના નામ, સંપાદક અને પ્રકાશકના નામના અભાવે એ ન થઈ શક્યું.

વૅકેશનમાં બીજી પ્રવૃત્તિ પાટણની આસપાસનાં સ્થળોમાં ફરવાની. ફરવામાં ખાસ તો અમે ચાર જણ – ભાઈઓમાં મારાથી મોટા ધનજીભાઈ, મારા પિતાશ્રીના પિતરાઈ ભાઈ લલ્લુભાઈ. (જેમનો ઉલ્લેખ આરંભમાં ધ પ્રોફ્લિગેટ અને બરોડા થિયેટર્સ સંદર્ભે થયો છે.) ત્રીજા મારા પિતરાઈ ભાઈ વિઠ્ઠલભાઈ અને ચોથો હું. કોઈ વખત એકાદ જણનો ઉમેરો થાય પણ તે

નિયમિત સાથીદાર તરીકે નહીં.

અમારે ફરવાની મોટા ભાગે મુકરર જગ્યાઓ સહસ્રલિંગ સરોવરનો વિસ્તાર જેમાં રાણીની વાવનો સમાવેશ થઈ જાય, નવી કાળકાની સામે વિરાટ આમલીનાં વૃક્ષો આગળથી પસાર થતો રેતાળ રસ્તો, ખાન તળાવની બાજુમાં બે મિનારાવાળી જગ્યા જે બાબુદેલિયાં તરીકે ઓળખાય છે. આ ઉપરાંત રેલવેના પહેલા નાળા નજીકનું અમારું ખેતર જેને અમે પિકનિક સેન્ટર ગણતા તે ઉપરાંત વિઠ્ઠલભાઈનું સિદ્ધપુર રોડ પરનું ખેતર વગેરે. ફરવા નીકળીએ એટલે નાસ્તો સાથે લેવાનો. ઘણી વાર નાસ્તો વધી પણ પડે. એક વાર નાસ્તામાં વધી પડેલી ચોળાફળીના ટુકડા હવામાં ફેંકીને એને હવામાં જ ઝડપી લેતા કાગડાની શક્તિ જોઈને આનંદ માણેલો.

આ બધા ભ્રમણની વાત ફક્ત બી.એ.ના અભ્યાસ પછીના વૅકેશનની નહીં, અગાઉનાં ઘણાં વૅકેશનો, રજાના દિવસો, મેળાના પ્રસંગો સુધી પહોંચેલી છે.

અત્યારે જે વૅકેશન નિર્દિષ્ટ છે તે પૂરું થવાની તૈયારી સાથે એમ.એ. અને એલએલ.બી.ના અભ્યાસ માટે અમદાવાદ જવાની તૈયારીઓ થવા લાગી.

અને એક વહેલી સવારની ટ્રેનમાં અમદાવાદ જવા માટે પ્રસ્થાન કર્યું.

■

# ૧૩
# અમદાવાદમાં

અમદાવાદમાં કૉલેજના ઍડ્મિશન તેમ જ રહેઠાણની વ્યવસ્થા વગેરે પૂરાં ન થાય ત્યાં સુધી પાનકોરનાકા વિસ્તારમાં રમકડાં માર્કેટમાં મારા મિત્ર શ્રી બિપિનચંદ્ર પટેલની રૂમ ઉપર રહેવાનું નક્કી કર્યું હતું. બિપિનભાઈ અને હું વડોદરામાં કારેલીબાગના છાત્રાલયમાં સાથે હતા. બિપિનભાઈ, હું અને અગાઉ જેમનો નિર્દેશ થયેલો છે તે નગીનભાઈ વડોદરામાં સાથે હરતાફરતા. અમારા ત્રણેની મૈત્રી નગીનભાઈના અને એ પછી બિપિનભાઈના અવસાન પર્યંત અતૂટ રહી.

બિપિનભાઈ વડોદરા કૉલેજમાં વિજ્ઞાનના વિદ્યાર્થી હતા. ત્યાં એક વર્ષ પૂરું કરીને અમદાવાદ આવીને આર્ટ્સ કૉલેજમાં દાખલ થયેલા. મ્યુનિસિપાલિટીમાં નોકરી કરતાં કરતાં અભ્યાસ ચાલુ રાખેલો. ગ્રેજ્યુએટ થયા પછી સરકારી નોકરીમાં પ્રથમ વર્ગના અધિકારી સુધીનું પદ નૅશનલ સેવિંગ્ઝ ખાતામાં ભોગવેલું. એ છોડી દઈને એમના ભાઈશ્રી હસમુખભાઈ સાથે પ્લાસ્ટિકનું કારખાનું સ્થાપેલું જે ધીરે ધીરે ડ્યુટ્રૉન પૉલિમર્સ ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ સુધી પહોંચ્યું. એમના આ ઉદ્યોગની અમદાવાદ, ખેડા અને ભરૂચ ખાતે શાખાઓ છે. ઉદ્યોગમાં એમનું કરોડોનું ટર્નઓવર છે. બિપિનભાઈ અને હસમુખભાઈ અવસાન પામ્યા છે. ધંધો એમના દીકરાઓ ચલાવે છે.

હું અમદાવાદ આવ્યો ત્યારે બિપિનભાઈની નોકરી મ્યુનિસિપાલિટીમાં. એમનું રહેઠાણ રમકડાં માર્કેટની લગભગ ૧૫'x૧૪' ફૂટની રૂમ. એમાં વળી જયંતીલાલ શાહ ભાગીદાર. જયંતીલાલ રસોઈનું કામ પતાવે. બિપિનભાઈ સાથે એમના બે ભાઈઓ પણ ખરા. બિપિનભાઈ એવા મોટા મનના માણસ કે કશી ઉતાવળ કર્યા સિવાય હમણાં હું પણ એમની સાથે એમની રૂમમાં રહું એવો એમનો આગ્રહ. અલબત્ત, હું મારી આગવી વ્યવસ્થા ન ગોઠવી લઉં ત્યાં સુધી

એમની સાથે જ રહેવાનો હતો.

રમકડાં માર્કેટ લોકો માટે આકર્ષણનું સ્થાન હતું. એક સ્ક્વેર બ્લોક જેવું આ માર્કેટ. ઘણું નાનું. ગ્રાઉન્ડ ફ્લોર પર ચારે બાજુએ દુકાનો, પહેલા માળે રહેઠાણ માટેની રૂમો અને વચ્ચે ખુલ્લો ચોક. આ ચોકની વચ્ચે ચાર વિશાળ અરીસાઓનું ચોકઠું હતું – ચાર બાજુ ચાર અરીસા. આ દરેક અરીસા સામે ઊભા રહો એટલે તમારી દેહાકૃતિનાં જુદાં જુદાં રૂપ દેખાય. એકમાં તમે લાંબા સોટા જેવા દેખાઓ, બીજામાં ઠીંગણા અને વચ્ચે ખૂબ જાડા દેખાઓ. ત્રીજા-ચોથાનાં રૂપ અત્યારે સ્મૃતિમાં નથી. કદાચ એ બે જ બાજુઓ સામે ઊભા ન રહ્યા હોવાનું કારણ પણ હોય. બે બાજુઓ તો આપોઆપ સન્મુખ થઈ જતી. દરવાજામાં પ્રવેશતાં એક બાજુ સામે આવે અને રૂમ ઉપર જવા માટે બીજા એક અરીસાની બાજુમાં થઈને નીકળવું પડે.

સવારથી સાંજ સુધી લોકો બાળકોને આ અરીસાઓ સામે ઊભાં કરવા લઈને આવે. ખડખડાટ હસવાનું ચાલ્યા કરે. જેનો આનંદ અમને ઉપલા માળની રૂમમાં હાજર હોઈએ ત્યારે મળ્યા કરે.

એક દિવસ સવારે નવ-સાડા નવના સુમારે હું અને બિપિનભાઈ ખાલી આંટો મારવા ખાતર માર્કેટમાંથી બહાર નીકળીને ઘીકાંટા તરફ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં બેત્રણ મિનિટના રસ્તે પીરમશા રોજાનું સ્થાન આવે અને એની લગભગ સામે ન્યુ હાઈસ્કૂલનો ખાંચો.

ચાલવાના આરંભે બિપિનભાઈએ એક વાત છેડી હતી. લૉ કૉલેજ સવારની છે. આખો દિવસ શું કરશો ? નોકરી કરો તો ? નજીકમાં ન્યુ હાઈસ્કૂલ આવતી હતી એટલે બિપિનભાઈને નોકરી અંગેનો વિચાર સ્ફુર્યો હશે. અભ્યાસ વખતે નોકરી નહીં કરવાની પિતાજીની સલાહ તાજી હતી. મેં બિપિનભાઈની વાતમાં રસ ન દાખવ્યો. ન્યુ હાઈસ્કૂલનો ખાંચો આવ્યો એટલે બિપિનભાઈએ ભારપૂર્વક કહ્યું, 'આવો તો ખરા' આમ કહીને એ લગભગ મને ખેંચીને હાઈસ્કૂલની ઑફિસમાં લઈ ગયા.

ઑફિસમાં લૉન્ગ કોટ અને કાળી ટોપીમાં કદાવર કહી શકાય એવી દેહધારી વ્યક્તિ ખુરશીમાં બેઠેલી હતી. અમારા ઑફિસ-પ્રવેશના હેતુનો બિપિનભાઈએ અછડતો નિર્દેશ કરી દીધો. ખુરશીમાં બેઠેલી વ્યક્તિ જેઠાલાલ શાહ હતા એ મને પાછળથી જાણવા મળ્યું. જેઠાલાલ શાહ ન્યુ હાઈસ્કૂલના માલિક અને મૅનેજર એચ. બી. કાપડિયાના સાળા હતા. આ શાળાના સંચાલનમાં

એમનો અવાજ ઘણો વજનદાર અને ક્યારેક નિર્ણાયક પણ ખરો.

સાધારણ સંવાદ પછી જેઠાલાલે કહ્યું : 'ઑર્ડર લેતા જાઓ.' નહીં અરજી, અને સીધી ઑર્ડરની વાત !

મેં કહ્યું : 'આજ છઠ્ઠી (જૂન) તારીખ, બી.એ.નું પરિણામ ૯મીએ પડવાનું છે એવું જાણ્યું છે. એટલે હું હજુ બી.એ. ન ગણાઉં.'

'કશી હરકત નહીં', જેઠાલાલ બોલ્યા : 'અત્યારે પ્રોવિઝનલ ઑર્ડર લેતા જાઓ. પછી બદલી શકાશે.'

અને જેઠાભાઈએ છાપેલા ફૉર્મમાં ઑર્ડર ટાઇપ કરવાનું ક્લાર્કને સૂચવી દીધું. ક્લાર્કને માત્ર નામની જરૂર હતી. તે આપ્યું.

અને અમે ન્યુ હાઈસ્કૂલના આસિ. શિક્ષક તરીકેનો ઑર્ડર લઈને બહાર નીકળ્યા.

સ્કૂલ ૧૨મી તારીખે ઊઘડવાની હતી.

આ શાળામાં શિક્ષકે માથે ટોપી પહેરવાનું ફરજિયાત હતું (નોકરી શરૂ કર્યા પછી જાણી શકાયું કે થોડા વયસ્ક શિક્ષકો સિવાય મોટા ભાગના શિક્ષકો ખિસ્સામાં ટોપી લઈને આવતા. દરવાજામાં પ્રવેશતાં પહેલાં માથા ઉપર બરાબર ગોઠવી દેતા અને શાળા છૂટ્યા પછી ટોપી ફરીથી ખિસ્સામાં મૂકી દેતા. મેં પણ એ જ આચરણ શરૂ કર્યું હતું.)

૧૨મી જૂને સમયસર ટોપી સાથે શાળામાં પ્રવેશ કર્યો. ઑફિસમાં લાંબા ટેબલ પાછળ બે ખુરશીઓમાં બે જુદી વ્યક્તિઓ જોવા મળી. એ હતી પિતા-પુત્રની જોડી. એચ. બી. કાપડિયા અને આર. એચ. કાપડિયા – હીરાલાલ કાપડિયા અને રમણલાલ કાપડિયા. સ્કૂલના બંને મૅનેજરો (માલિક તો ખરા જ) પ્રિન્સિપાલ તરીકે જોગળેકર હતા. એ ઑફિસમાં દેખાયા નહીં.

ત્રણ હજાર વિદ્યાર્થીઓની શાળા – બૉય્ઝ સ્કૂલ. છોકરીઓને પ્રવેશ નહીં. સો શિક્ષકો. ગુજરાતભરમાં સંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટી શાળા.

એની શિસ્ત પણ એટલી જ પ્રભાવક.

વ્યાવસાયિક કારકિર્દીનો પહેલો દિવસ રોમાંચક રહ્યો. અધ્યાપન એ એક કળા છે એવો ખ્યાલ નહીં. બાળકો કંઈક મેળવે એના કરતાં પોતે ઘણું જાણે છે એવી છાપ ઊભી કરવાનો ઉમળકો વધારે. ધોરણ ૮માં ગુજરાતી વિષય ભણાવવાનો યોગ હતો. નર્મદ ઉપરનો પાઠ. કૉલેજમાં પ્રિવિયસ (એફ.વાય.)માં 'વીર નર્મદ' પાઠ્યપુસ્તક હતું. એટલે નર્મદ વિશે ઘણી માહિતીની જાણ હતી.

પ્રવચન જ આપવા માંડ્યું.

વિદ્યાર્થીઓ ધ્યાનસ્થ હોય એમ મારી સામે તાકી રહ્યા હતા. હું રાજી થયો. એ દિવસે ભલે હું રાજી થયો હોઉં પણ આજે સમજી શકું છું કે વિદ્યાર્થીઓ મારી અધ્યાપનકળાથી મુગ્ધ નહોતા. વર્ગમાં પ્રવચન આપવું એ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ સંદર્ભે કળા ન ગણાય. એ દિવસે વિદ્યાર્થીઓ મને શાંતિથી સાંભળી રહ્યા હતા. એનાં જે બે કારણો હતાં તે એ દિવસે મારા ધ્યાનમાં આવ્યાં નહોતાં. પહેલું કારણ તો શાળામાં ઉત્તમ શિસ્તનું વાતાવરણ અને બીજું શાળાના સત્રનો પ્રથમ દિવસ અને નવો શિક્ષક.

પછી તો ધીરે ધીરે વિદ્યાર્થીઓ સાથે પરિચય થતો ગયો એના કારણે અધ્યાપન વખતે સંવાદનું તત્ત્વ ઉમેરાતું ગયું. હું આ રીતને પ્રશ્નોત્તરી ન કહું. મારે મન એ સંવાદ હતો. મને લાગે છે કે થોડા જ સમયમાં શાળાના સંચાલકો (મૅનેજર્સ જ !) ઉપર મારી એક સારા શિક્ષક તરીકેની છાપ અંકિત થઈ.

ન્યુ હાઈસ્કૂલનો વિસ્તાર ગોલવાડ કહેવાય. શાળાનાં ત્રણ મકાન. એક મોટું મકાન જેમાં હાઈસ્કૂલના ૫થી ૧૧ ધોરણના વર્ગો તો ખરા, પણ સ્કૂલનો એક અલગ વિભાગ – ‘ધ ન્યુ મિડલ સ્કૂલ’ નામે એક સ્વતંત્ર યુનિટ (સ્કૂલ) તરીકે ચલાવવામાં આવતો હતો તેના ધોરણ પાંચના વિદ્યાર્થીઓ આ મોટા મકાનમાં બેસતા. બીજું એક ઊભા દંડ જેવું ઉપરાઉપરી એક એક વર્ગનું ચાર માળનું મકાન હતું એમાં ન્યુ મિડલ સ્કૂલનાં ૮મા ધોરણના વર્ગો હતા. બાકી ધોરણ ૬ અને ૭ના વર્ગો નજીકમાં ત્રીજા બિલ્ડિંગમાં બેસતા. આ મકાન એવા પ્રકારનું હતું જેના એક વર્ગમાંથી બીજા વર્ગમાં જઈ શકાય. આ મકાન ઉપર (પહેલા માળે) એક વર્ગખંડ હતો જેમાં ૮મા ધોરણનો એક વર્ગ બેસતો હતો.

ન્યુ મિડલ સ્કૂલમાં મૅનેજરોની સીધી દેખરેખ ઓછી એટલે ન્યુ હાઈસ્કૂલના સારા શિક્ષકોને અહીં મૂકવામાં આવતા. થોડા સમય પછી મને પણ અહીં મૂકવામાં આવ્યો હતો. અહીં અમે બાર શિક્ષકો હતા. ઉપર એક લાંબી કૅબિન એ અમારી કોમન રૂમ. અમે એક પરિવારની જેમ આનંદથી સાથે સમય ગાળતા. શાળા છૂટ્યા પછી પણ સ્વેચ્છાએ અમે આ કૅબિનમાં અર્ધા કલાક જેટલું વધારે બેસીને મીઠી ગોષ્ઠિ પછી છૂટા પડતા. આ બાર શિક્ષકો પૈકી ચારનું અમારું મિત્રવૃંદ હતું. શાળામાંથી બહાર નીકળ્યા પછી ગોલવાડમાં થઈને રતનપોળ સુધી જવાના રસ્તા પર એક નાની (અને સાંકડી પણ) હોટલ હતી. એમાં અમે ચા પીવા બેસતા. ક્યારેક તો એવા વાતોએ ચઢી જતા કે

હોટલનો છોકરો સ્વિચ પાડીને ઝગી ઊઠેલા વીજળીના ગોળા સામે બે હાથ જોડીને માથું નમાવે ત્યારે ઊભા થતા. અમે ચાર જણ તે – હર્ષદ ઠાકર, પી. એન. યોધ, આર. એન. શાહ અને હું. હર્ષદ ઠાકર સબ બંદરના વેપારી. સાહિત્ય, સિનેમા, ક્રિકેટ વગેરે ઘણાં ક્ષેત્રો અને વિષયોનો રસિયો માણસ. અંગ્રેજી સારું જાણે. યોધ શાસ્ત્રીય સંગીતના જાણકાર અને ભવિષ્ય ભાખી શકે એવું એમનું જ્યોતિષનું જ્ઞાન પણ ખરું. આર. એન. શાહ વિધવા માતાનો એકનો એક પુત્ર. ખૂબ આનંદી, નિખાલસ અને સરળ. અમે સર્વ પ્રકારના વિષયોની વાતો કરીએ. ક્યારેક સાથે સિનેમા જોવા જઈએ અને ક્યારેક અનુકૂળ જગ્યાએ બેસીને રાત્રે મોડા સુધી વાતોએ ચઢીએ. મેં કોચરબમાં રૂમ રાખી એ પછી ઘણી વાર રાત્રે વાસણા તરફના રોડ પર ચાલતા ચાલતા જઈએ. વાસણાની એક હોટલથી થોડા અંતરે રાત્રિના સૂના રોડ પર બેસીએ. જાડી સેવ મંગાવીએ, ચા પણ ખરી. આમ વાતોમાં ક્યારેક બે વાગી જાય. આ દરમિયાન બેત્રણ વખત ચા થઈ ગઈ હોય. ન્યુ મિડલ સ્કૂલમાંથી છૂટા પડ્યા પછી આ જ છ દાયકા જેટલા લાંબા ગાળા દરમિયાન અમે એકબીજાને ક્યારેય મળી શક્યા નથી. માત્ર સ્મરણમાં રાચીને આનંદ મેળવવો રહ્યો.

આરંભમાં થોડા સમય માટે બિપિનભાઈ સાથે રમકડાં માર્કેટમાં રહ્યા બાદ ધના સુથારની પોળમાં અમે પાટણના ત્રણ જણ મળીને મકાન ભાડે રાખ્યું. એક ભાઈ સરસ્વતી હાઈસ્કૂલમાં શિક્ષક હતા અને બીજા ભાઈ ટપાલ ખાતામાં નોકરી કરતા હતા. ભાડાનું મકાન એટલે ગ્રાઉન્ડ ફ્લોરનો સઘળો ભાગ. ત્રણ મોટી મોટી સળંગ રૂમો. આના કારણે છેલ્લા રૂમમાં અજવાળાનું પ્રમાણ ઓછું રહે. મકાનભાડું ત્રીસ રૂપિયા. બીજી રીતે કહીએ તો ફક્ત દસ રૂપિયાના ભાડામાં અમે અમદાવાદમાં રહેતા હતા. એ અરસામાં રિલીફ રોડ (જેનું પછીથી ટિળક માર્ગ નામ થયું) નવો બનેલો. રોડ માટે એક્વાયર થયેલાં મકાનોની કાપકૂપ હજુ ક્યાંક ક્યાંક દુરસ્ત થયા વિનાની રહી હોય એવું જોવા મળતું હતું. રોડ વપરાતો થયો એ પછી એની બંને બાજુ કેટલીક દુકાનો થઈ ગઈ હતી અને હજુ કેટલીક થતી હતી. વસ્તીની અવરજવર ઓછી, ટ્રાફિક પણ ઓછો. સાંજે ધના સુથારની પોળમાંથી બહાર નીકળીને ઊભા રહીએ તો રોડનો સળંગ ઢાળ જોઈ શકાય. અને પશ્ચિમ દિશામાં લાલ દરવાજા વિસ્તારમાં આથમતા સૂર્યને સારી રીતે જોઈ શકાય.

પોળની સામે બસસ્ટેન્ડ હતું. સ્ટેશનથી ૨-એ નંબરની બસ આવે અને છેક લૉ કૉલેજ સુધી એ બસ દ્વારા જઈ શકાય. એ વખતની બસ સર્વિસ વિશે

થોડું જાણવા જેવું છે. મોરીસ કંપનીની બસ સર્વિસનો અંત આવી ગયેલો અને અમદાવાદ મ્યુનિસિપલ બસ સર્વિસ (અ. મ્યુ. ટ્રા. સ.) શરૂ થયેલી. મુખ્ય આઠ નંબર. ૧-એ સ્ટેશનથી લાલ દરવાજા. ૧-બી સ્ટેશનથી જમાલપુર, ગાંધીબ્રીજ થઈને પાલડી. ૧-સી લાલ દરવાજાથી પાલડી ૧-ઈ લાલ દરવાજાથી વાસણા. ૧-સીની છ બસ દોડે અને ૧-ઈની ત્રણ. રૂટ ટૂંકો એટલે બસની ફ્રીક્વન્સી ઘણી જણાય. બસ ઝટ ઝટ મળે. ૭ નંબરની બસ સર્ક્યુલર રૂટ ઉપર દોડે. કહેવાય સર્ક્યુલર રૂટ પણ સ્ટેશનથી ઊપડીને દરિયાપુર દરવાજા, દિલ્હી દરવાજા, શાહપુર દરવાજા, ગાંધીબ્રીજ થઈને યુનિવર્સિટી સુધી જાય અને ત્યાંથી પાછી વળે. ૮-એ નંબરની બસ લાલ દરવાજાથી ઊપડીને કૉમર્સ કૉલેજ સુધી જાય. એ લાલ દરવાજાથી યુનિવર્સિટી સુધી જાય. બસ-વ્યવહારમાં એક ચોક્કસ વ્યવસ્થા એ કે જેટલી સીટ એટલાં જ ઉતારુ એમાં બેસાડવામાં આવે. એક પણ પેસેન્જર વધારે ન હોય. પ્રજાની હેરફેર માટે ભાડાનાં મુખ્ય વાહનપ્રકાર બે. એક રિક્ષા અને બીજો ઘોડાગાડી. પગથી ચલાવવાની આ રિક્ષામાં ખરેખર તો બે માણસની જગ્યા. પછી રિક્ષાચાલક જેટલાં ઉતારુ લે એ વાત જુદી. હૉર્ન-બૉર્ન કશું નહીં. એક જાડા ગોળાકાર વાયરમાં ભરાવેલા ઘૂઘરા. નૃત્યકાર પગમાં બાંધે છે એવા ઘૂઘરા. ભીડમાં પણ આ રિક્ષા પોતાનો વેગ જાળવી રાખવા આ ઘૂઘરાના સતત રણકારનો આશ્રય લે. બીજા પ્રકારનું વાહન ઘોડાગાડી. મોટા ભાગે મુખ્ય માર્ગ ઉપર દોડે. ઉતારુ ભાડું નક્કી કરીને પોળમાં મકાન સુધી લઈ જાય એ વાત જુદી. માલની હેરફેર માટે ટેમ્પા જેવું કશું નહીં. હાથલારીઓથી કામ ચાલે. આ લારી ફેરવનાર મોટા ભાગે તો મારવાડી દંપતી હોય.

એ દિવસો (૧૯૫૦ પહેલાના)માં સ્કૂટર કે બાઇક નહોતાં. અલબત્ત, લેમ્બ્રેટાએ દર્શન દીધું હતું. મોટરસાઇકલ ખરી પણ તે તો જવલ્લે જ જોવા મળે. શ્રીમંતો કારનો ઉપયોગ કરે બાકી આમ જનતા સાઇકલ પર કે પગે ચાલીને હરેફરે. ટ્રાફિક નિયમનના સિગ્નલ અને પોલીસ રાત્રે નવ વાગ્યા પછી કામ કરતાં બંધ થાય. કોઈ સમસ્યા નહીં. બધું રાબેતા મુજબ સમુંસૂતરું ચાલે.

એ વખતે અમદાવાદની વસ્તી લગભગ સાડાસાત લાખ. શહેરનો વિસ્તાર મોટા ભાગે કોટની અંદર સમાયેલો. પશ્ચિમમાં નદીપાર કેટલોક વિસ્તાર વસ્તીવાળો ખરો. માદલપુર, કોચરબ, પાલડી વગેરે ગામડાંના વિસ્તારોમાં સોસાયટીઓ થયેલી. એ ગામડાં પણ સોસાયટી જેવાં બની રહેલાં. સૌપ્રથમ

માદલપુર વિસ્તારમાં 'પ્રીતમનગર' બન્યું. અમદાવાદની આ આરંભની સોસાયટી. અત્યારે જે માણસોથી ઊભરાતા અને બિઝનેસથી ફ્રાટફાટ થતા માર્ગો છે તે એ વખતે સૂનકારભર્યા રસ્તા હતા. ટાઉન હૉલથી આગળ વધતો આશ્રમ રોડ એ વખતે નામ વગરનો જ જાણે, નિર્જન જેવો રસ્તો હતો. રસ્તાની બંને બાજુએ આમલીનાં કદાવર ઝાડ. એક બૉર્ડિંગ, મિલ ઓનર્સ એસોસિયેશનનું નવું નવું બંધાયેલું મકાન અને આગળ જતાં નાની સરખી એક હોટલ સિવાય કશું બાંધકામ નહીં. દિવસ આથમ્યા પછી રસ્તો બિહામણો બની જાય. હું કોચરબમાં રહેતો હતો ત્યારે કોઈક વાર સાયંભ્રમણનું સાહસ કરતો. અત્યારે ટ્રાફિકથી ધમધમતા સી.જી. રોડને એ નામથી તો કોઈ ઓળખતું નહોતું. સ્વસ્તિક ચાર રસ્તાથી ઉત્તર તરફ થોડી માનવ-ચહલપહલ ખરી પણ કશી ભીડ નહીં.

શહેરમાં ખાડિયાની હવેલીઓ સિવાય ક્યાંય ઊંચાં મકાન જોવા ન મળે. ગાંધીમાર્ગ (હજુય ઘણા લોકો એના જૂના નામ રીચી રોડથી એને ઓળખે છે) અને રતનપોળ શહેરના ધંધાનાં મુખ્ય કેન્દ્રો ખરાં. બધે એક માળિયાં મકાન. એક માળિયાં એટલે ગ્રાઉન્ડ ફ્લોર અને એક માળ. કોઈક મકાન ઉપર બીજો માળ હોય. એવાં સાંકડાં મકાન કે ઉપલા માળે જવા માટે સાંકડી લાકડાની સીડી. દોરડાનો આધાર લઈને સીડી ઉપર ચઢવાનું.

વડોદરાના ખૂબ મોકળાશભર્યા વાતાવરણમાંથી અહીં આવેલો, પહોળા અને ચોખ્ખા રસ્તા, ઠેર ઠેર વિશ્રાન્તિસ્થાનો અને બાગ-બગીચા. આ બધું વડોદરામાં જોયેલું અને અનુભવેલું અને અહીં બધું જ ગૂંગળામણભર્યું. જીવ રૂંધાય અને મન મૂરઝાય. ભદ્રકાળીના મંદિર સામે જ્યોર્જ ફિફ્થ હોટલ આગળ અને એની સામે... તમે સવારમાં જઈને ઊભા રહો ત્યારે નોશિયાનો જ અનુભવ થાય. અરે, જેને આપણે ભદ્રલોકમાં ગણીએ એ વેપારી-ધંધાદારી વર્ગના લોકોના વસવાટવાળા કલ્યાણ ભવનમાં સવારે જઈ ચઢો તો ઉપલા માળોની ચારે તરફની લૉબીમાંથી ઊલ ઉતાર્યા પછી દાતણની ચીરીઓનો વરસાદ જોઈને તમારા મનની શી સ્થિતિ થાય ? મનમાં સતત થયા કરતું હતું : આ અમદાવાદ ? અહીં ક્યાં આવી ભરાયા ?

અને આ ગૂંગળામણમાંથી મુક્ત થવા નદીપાર પશ્ચિમ ક્ષેત્રે રહેવા જવાનો નિર્ણય કરી લીધો. ન્યુ મિડલ સ્કૂલના સાથી શિક્ષક રાવજીભાઈ પટેલ સાથે કોચરબમાં એક રૂમ ભાડે રાખી લીધી.

કોચરબમાં અમારું ઠેકાણું 'મોટો ઠાકરડાવાસ'. આ વાસમાં પાકું

પથ્થરબંધ મકાન તો ફક્ત અમે જેની ગ્રાઉન્ડ ફ્લોર પરની રૂમ ભાડે રાખી હતી તે જ. બાકી લીંપેલાં-ગૂંપેલાં માટીનાં ખોરડાં. ઈંટોમાં ચણેલાં હોય તે ઓરડી કે ઓરડીઓ જેવાં. આગળ ઈંટોની લાંબી-પહોળી ઓટલી બનાવીને છાણમાટીથી લીંપેલી હોય. આ ખોરડામાં થોડાં ઠાકરડાનાં મૂળ રહેવાસી કુટુંબો અને બીજાં કેટલાંક લારી ખેંચનારાં મારવાડી કુટુંબો. ઠાકરડા ભાઈઓમાં કેટલાક કેલિકો મિલમાં મજૂર તરીકે જતા.

આ બધું ખરું, પણ સ્થળની ચોખ્ખાઈ મનને મોહી લે એવી. કશી ગૂંગળામણ નહીં. મન પ્રસન્ન રહે.

થોડા સમય પછી રાવજીભાઈ ન્યુ મિડલ સ્કૂલ છોડીને કોચરબ ગામની સામે દામુભાઈ શુક્લની નવચેતન હાઈસ્કૂલમાં આવી ગયા. ન્યુ મિડલની અમારી પેલી કંપની છોડવાનો મેં કશો વિચાર કરેલો નહીં, મેં ન્યુ મિડલનું કામ ચાલુ રાખ્યું.

હું જૈન સોસાયટીના સ્ટૅન્ડથી બેસતો અને કૉર્ટના સ્ટૅન્ડે ઊતરી જતો. ભાડું એક આનો. ભદ્રનો કિલ્લો પાર કરીને સીધો ગાંધીમાર્ગ ઉપર 'ચંદ્રવિલાસ'માં ભોજન માટે બીજા માળની કૅબિનમાં પહોંચી જતો. સ્વાદ માટે ચંદ્રવિલાસની રસોઈ કહેવત રૂપ બની ગયેલી. એમાંય વળી દાળ તો વિશેષરૂપે વખણાયેલી. આ લોજ માસિક ગ્રાહક બાંધતી નહીં. છૂટક જમવું પડે. દસ આનામાં અર્ધું ભાણું મળે. અર્ધું ભાણું એટલે ચાર રોટલી (વિકલ્પે નક્કી સંખ્યામાં પૂરી) એક વાડકી વીશી (લિલોતરી શાક) એક વાડકી બટાટાનું શાક. વીશીવાળી વાડકી થાળી બહાર મૂકો તો બટાટાના શાકની વાડકી આવી જાય. ભાત એક સહેજ મોટી વાડકીમાં આવે.

અહીં જમ્યા પછી હું સીધો ન્યુ હાઈસ્કૂલ પહોંચી જાઉં. સવા દસ વાગ્યા હોય. મૅનેજરની રૂમમાં મૂકેલા રોલ રજિસ્ટરમાં સહી કરીને પહોંચી જાઉં અમારી કોમન રૂમ ગણાતી કૅબિનમાં. સ્કૂલનો સમય થાય એટલે સેવક હીરાલાલ બેલ વગાડે. અમે સૌ વર્ગોમાં જઈએ. મકાનની મધ્યમાં ૭મા ધોરણનો એક વર્ગ. એના વર્ગશિક્ષક એચ. એમ. ત્રિવેદી. સ્વભાવે અને કાર્યે હળવા અને હસવાનું એમણે શોધવા જવું ન પડે. એમના વર્ગમાં જે કંઈ સહેજ ઊંચા સાદે બોલાય તે આસપાસના વર્ગોમાં ચોખ્ખું સંભળાય. એમના વર્ગનો મોનિટર મુનશી અટકધારી. શરીરે ઉંમરના પ્રમાણમાં વધારે કદાવર, કદાચ શરીરના પ્રમાણમાં ઉંમર પણ હોઈ શકે. એ વર્ગમાં શિક્ષકની મહેરબાનીના કારણે મોનિટર થયેલો. વર્ગમાં ગરબડ પણ ઠીક ઠીક થયા કરતી. અને લગભગ દર પાંચ મિનિટે પેલા

મોનિટર મુનશીનો ઘાંટો સંભળાયા કરે – 'એ, અવાજ નહીં કરા' છેલ્લો શબ્દ માત્ર સિવાયનો છે. એટલે તો એ ઘોષણાને અહીં સ્થાન મળ્યું છે.

આગળ જણાવ્યું તે પ્રમાણે મિડલ સ્કૂલના પહેલા (હાલના પાંચમા) ધોરણના વર્ગો ન્યુ હાઈસ્કૂલની પૂર્વ તરફની વિંગના ભોંયતળિયે હતા. વર્ગની દીવાલમાં અજવાળા માટે મોટી મોટી લોખંડની ગ્રીલ. અજવાળું અને હવા બંને આવે. પણ આ તો ગોલવાડ. મકાનની આ વિંગથી માંડ દસપંદર ફૂટના અંતરે ગોલવાડનાં કેટલાંક મકાનો. સ્કૂલના સમયે પુરુષો તો કામે ગયા હોય. સ્ત્રીઓના સંવાદ સતત સંભળાતા રહે. ઠંડા અને ગરમ, બધા પ્રકારના. પાંચમાના એક વર્ગની બરાબર સામે એક પહોળા ઓટલાવાળું મકાન હતું. રસોઈ પછી વાસણ-કુસણમાંથી પરવાર્યા પછી ઘરની અને ક્યારેક પડોશની સ્ત્રીઓ આ ઓટલા પર બેસે, સૂએ અને ક્યારેક તો આળોટે. આરામનો આ સમય. છોકરાઓની પીઠ ઓટલા તરફ હોય પણ શિક્ષક ભણાવતાં ભણાવતાં આ બધું જોઈ શકે.

■

# ૧૪
# રક્તલાંછિત મહોત્સવ

આ દિવસોમાં દેશનું વાતાવરણ ખૂબ તંગ હતું. દેશના ભાગલા નિશ્ચિત હતા. કોમી રમખાણો જાણે સામાન્ય ઘટનાઓ હોય એમ થયા કરતાં હતાં. કલકત્તામાં સુહરાવર્દીને કારણે એક મોટો દાવાનળ જ સળગી ઊઠ્યો હતો. હજારો નિર્દોષ માનવી કોમી રમખાણમાં હોમાતાં હતાં. નોઆખલીમાં પણ અરેરાટીભરી સ્થિતિ હતી. આ આગ હોલવવા ગાંધીજીએ પદયાત્રા આરંભી હતી. કલકત્તામાં તો એમણે આદરેલા અનશન-ઉપવાસનો પ્રભાવ ઘણો કામયાબ નીવડ્યો હતો. અહીં નોઆખલીમાં બંને કોમો શાંત થઈને એખલાસભરી રીતે રહે એ માટે એમનો પુરુષાર્થ હતો.

અમદાવાદમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી. શહેરનું કામ રાબેતા મુજબ ચાલ્યા કરતું હતું પણ સૌનાં મન ઊંચાં હતાં.

૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે રાત્રે બાર વાગે ભારતની આઝાદીની પળ નિર્મિત થઈ. એ પળે આપણો દેશ ભારત અને પાકિસ્તાન એમ બે દેશોમાં વહેંચાઈ જવાનો હતો.

આ કાંઈ સુખદ સ્થિતિ ન કહેવાય, છતાં ૧૫૦ વર્ષ કરતાં વધારે સમયથી ગુલામીના દોઝખમાં રહ્યા પછી એમાંથી મુક્ત થવાની વાત હતી. આ સ્થિતિ કોઈ પણ પીડાદાયક સ્થિતિ કરતાં વધારે સુખદાયી હતી. આઝાદીના ખ્યાલ માત્રથી પ્રજા હર્ષોલ્લાસમાં આવી ગઈ હતી. અને મધ્યરાત્રિની રોમાંચક પળની અત્યંત ઉત્તેજનાભરી સ્થિતિમાં રાહ જોઈ રહી હતી.

એ દિવસની રાત્રિના લગભગ અગિયાર વાગ્યે હું અને નિમાવત મ્યુનિસિપાલિટીના કોઠા (મુખ્ય ઇમારત)ના પ્રાંગણમાં બાર વાગ્યાના ડંકાની રાહ જોતા બેઠા હતા. હરગોવિંદદાસ નિમાવત વડોદરા કૉલેજમાં મારા સહાધ્યાયી. છાત્રાલયમાં પણ અમે સાથે. બી.એ. થઈને એ ધંધાર્થે અમદાવાદ આવ્યા હતા

અને રમકડાં માર્કેટમાં એમનો મુકામ હતો.

રાત્રિના બાર વાગ્યા અને કેટકેટલા નાદ – ધ્વનિ – અવાજ અમદાવાદના આકાશમાં ગુંબજ બનીને તોળાઈ રહ્યા ! ઢોલ, નગારાં, થાળી પરના ડંકા, સાયરન, શહેરની સઘળી મિલોનાં ભૂંગળાનો વિવિધ પ્રકારનો અવાજ, પ્રજાની હર્ષની કિકિયારીઓ અને આનંદની અભિવ્યક્તિના શિરમોર રૂપ આતશબાજી !

આખું અમદાવાદ હર્ષથી ઘેલું બની રહ્યું હતું. રસ્તાઓ પરના આ આનંદને નજરે નિહાળતાં નિહાળતાં હું અને નિમાવત રતનપોળ સુધી પહોંચ્યા. રતનપોળ એટલે કાપડ અને વસ્ત્રબજાર. વસ્ત્રમાં કીમતીમાં કીમતી સાડીઓ ખરીદવા ગુજરાતના લોકો અહીં આવે. ગ્રાહકને સાડી બતાવ્યા પછી એનો એક પણ સળ ખોટી રીતે ગોઠવાઈ ન જાય એની જીવની જેમ સાચવણી રાખનારો રતનપોળનો વેપારી ! એણે છુટ્ટે હાથે મોંઘામાં મોંઘી સાડીઓનાં તોરણ બનાવીને દુકાન શણગારી હતી. એક-બે વેપારી નહીં, આખી રતનપોળનો એકેક વેપારી જાણે ઉમંગના પ્રદર્શન માટે વસ્ત્રતોરણની હરીફાઈ કરી રહ્યો હતો. રોશનીનો ઝળહળાટ પણ એટલો. ઝળાંહળાં થઈ રહેલા પ્રકાશમાં રંગબેરંગી સાડીઓનાં તોરણ આંખને બરાબર પકડી રાખતાં હતાં. અને રતનપોળમાં વસ્તીની જમાવટ એટલે ? હજારોની સંખ્યામાં ગેલ્વેનાઈઝ કરેલો જાણે એક જ માણસ. સ્ત્રીપુરુષનો કોઈ ભેદ નહીં. મંદિરની ભીડમાં ક્યાંક મનોવિકાર પ્રદર્શિત થતા હશે, પણ અહીં આઝાદીના ઉમંગથી માણસોનાં ચિત્ત એવાં ઠાંસીને ભરાયેલાં હતાં કે કોઈ અણઘટતો વિકાર એમાં પ્રવેશી ન શકે. અત્યારે અહીં એટલી ભીડ હતી કે હમણાં કહ્યું તેમ વ્યક્તિગત ગતિ માટે જાણે અવકાશ જ નહોતો. મને અને નિમાવતને રતનપોળ પાર કરતાં લગભગ ૪૦ મિનિટ થઈ હશે.

અમદાવાદના ખૂણેખૂણાની રોનકનું વર્ણન કર્યે પાર ન આવે. રતનપોળની વાત પરથી કદાચ આખા અમદાવાદની છબીનાં દર્શન થઈ શકે.

આઝાદી મેળવ્યાના આનંદની ભરતી ત્રણ દિવસમાં તો ઓટમાં પરિણમી. લગ્નનો આનંદ માતમમાં પરિણમે એવો કપરો અનુભવ સારાયે દેશની પ્રજાને થયો. બંને દેશમાં કોમી રમખાણોએ માઝા મૂકી. હજારોની સંખ્યામાં એકસામટી માનવહીજરત શરૂ થઈ ગઈ. ચાલી રહેલા પાશવી રક્તપાતથી બચવા કુટુંબોએ ઘર-બાર અને માલમિલકત ત્યજીને ભાગવા માંડ્યું. આ ખાનાખરાબીમાં પાકિસ્તાનમાં જે હિંદુ અને શીખો હતા તેમને જાન અને માલની દૃષ્ટિએ ભારે નુકસાન થયું. પાકિસ્તાનમાંથી ભાગી છૂટેલા હિંદુ અને શીખોએ ભારતનાં માત્ર

શહેરોમાં જ નહીં પણ નાનાં નગરોમાં પણ આશરો મેળવવા રઝળપાટ કરવો પડ્યો. એ સમયે અમદાવાદ રેલવે પ્લૅટફૉર્મ ઉપર નજર કરનાર કોઈ પણ કઠણ પથ્થર જેવા કાળજાનો માણસ દ્રવી જાય એવાં દશ્યો જોવા મળતાં હતાં. કલાકો સુધી રાહત છાવણી અથવા બીજો કોઈ આશ્રય મેળવવા નિસ્તેજ આંખે અને નિમાણા ચહેરે બેસી રહેલાં કુટુંબોને આ હાલતમાં જોઈને હૈયું બેસી જતું હતું. મહિનાઓ સુધી આ દયનીય સ્થિતિ મેં અમદાવાદમાં નિહાળી. સાત-આઠ કે આઠ-દસ વર્ષના કિશોરને ગળામાં ભેરવેલી દોરીથી લટકતો કરંડિયો લઈને તળેલા પાપડ વેચતો જોઈ કયા સજ્જનનું હૈયું કકળી નહીં ઊઠતું હોય ? આવાં સેંકડો બાળકો એમના અભ્યાસ અને રમવાના દિવસોમાં પાપડના કરંડિયા, ચૉકલેટ કે પિપરમિન્ટની છાબડીઓ કે ટકુલીઓ લઈને રેલવે પ્લૅટફૉર્મ, બસસ્ટેશન, રેલવે કમ્પાર્ટમેન્ટ અને શહેરના ફૂટપાથ પર પેલી ચીજો વેચીને કુટુંબને મદદરૂપ થતા હતા. શક્ય છે કે જે કુટુંબોનાં આ બાળકો હતાં એ કુટુંબો એમના મૂળ વતન (પાકિસ્તાન)માં શ્રીમંત હોય, ધીકતો ધંધો ચાલતો હોય અત્યારે અહીં ઘરબાર, સાધનસામગ્રી કે મૂડીના અભાવે આ કુટુંબો શું કરી શકે ? અત્યારે ઘણાં કુટુંબોનો આધાર બનવા આ બાળકો પ્રયત્ન કરી રહ્યાં હતાં. નિભાવ રાહત છાવણીઓમાં થતો હતો ખરો પણ સ્વમાની માણસોને રાહત છાવણીનું અન્ન પેટમાં નાખતાં શું નહીં થતું હોય ? સ્થિતિ દુ:ખદ હતી પણ દશ્યો રોજનાં થયાં એટલે એનાથી ટેવાવું પડ્યું.

કોચરબમાં રહેવા ગયા પછી ભોજનનો ક્રમ તો ચંદ્રવિલાસમાં રહ્યો હતો, પણ સવારનાં ચાપાણી કે સાંજનાં ચા-નાસ્તાની કશી વ્યવસ્થા રૂમ ઉપર કરી નહોતી. રોડ પર જૈન સોસાયટીના લગભગ નાકા પર 'સહજાનંદ રેસ્ટોરાં' હતું. અત્યંત સ્વચ્છ અને પુષ્કળ અજવાળાવાળું. જ્યારે જ્યારે ચા-નાસ્તો કરવો હોય ત્યારે અમારું આ સ્થળ. રંગમંડળના સભ્યો પણ આ હોટલમાં ચાપાણી અને નાસ્તા માટે આવતા. જેવી હોટલ ચોખ્ખી હતી એવો જ સફાઈદાર એનો માલિક. ઊંચા કાઉન્ટર પર બેસતા એ રતુમડા ચહેરાવાળા તંદુરસ્ત માણસની ચમકીલી આંખ એક દમામદાર વ્યવસ્થાપકનું કામ કરતી.

ચાર પગથિયાં ચઢીએ ત્યારે આ રેસ્ટોરાંમાં પ્રવેશ થાય. રસ્તા તરફના એક ભાગમાં લાકડાનાં પાટિયાનું પ્રોજેક્શન કાઢેલું. એના પર છ ખૂણાવાળું એક ગોળ (?) ટેબલ અને એને લગતી સામસામે બે ખુરશીઓ. આને હોટલના માણસો ગાર્ડન કહેતા. હું અને રાવજીભાઈ ચાપાણી અને નાસ્તા માટે આ ગાર્ડનમાં બેસતા. ચા-નાસ્તા સાથે રસ્તા પર થતી લોકોની અવરજવર નિહાળ્યા કરતા.

શહેરમાં હતો ત્યાં સુધી ન્યુ મિડલ સ્કૂલના મિત્રો પૂરતું એક વર્તુળ મર્યાદિત હતું. હવે સાથીદારોનાં બે વર્તુળ થયાં. એક વર્તુળ સાહિત્યવાચન અને સર્જનમાં રુચિ ધરાવતા મિત્રોનું અને બીજું અન્ય કલાઓ સાથે નિસબત ધરાવતું વર્તુળ.

સાહિત્ય વર્તુળમાં વ્રજલાલ દવે, મહેન્દ્ર દવે, પી. સી. દવે, શંકર જોષી અને હું. અમે એમ. સી. દવે (મહેન્દ્ર દવે) અને પી. સી. દવેના મકાનમાં અથવા મારી રૂમ પર કે રાયખડમાં એક સ્થળે મળતા. સાહિત્યની ચર્ચાઓ કરતા. એક દિવસ મેં વ્રજલાલનું એક કાવ્ય કુમારના તંત્રી બચુભાઈ રાવતને બતાવ્યું. એ વાંચ્યા પછી બચુભાઈએ વ્રજલાલને બુધવારની સભામાં મોકલવા મને સૂચવ્યું અને વ્રજલાલ બુધસભામાં જતા થયા. શંકર જોષીએ 'માનસ સુધા' નામનું પ્રાઇવેટ સર્ક્યુલેશન માટેનું છાપેલું માસિક શરૂ કર્યું. મહેન્દ્ર દવે કાવ્યો રચતા હતા. ધીરે ધીરે વ્રજલાલ દવે એક સારા કવિ તરીકે ખ્યાત થયા. મહેન્દ્ર દવે દિલ્હી યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે ગયા. મારી વાર્તાઓને 'કુમાર' અને 'નવચેતન'માં સ્થાન મળ્યું. પી. સી. દવે સંસ્કૃતના સારા પ્રોફેસર તરીકે વખણાયા.

એક દિવસ ટપાલમાં 'કુમાર'નો પત્ર આવ્યો. તંત્રીશ્રી બચુભાઈ રાવતે લખ્યું હતું – તમે જે લખ્યું હોય તે લઈને 'કુમાર કાર્યાલય'માં આવો. આ પત્ર જ મારા ભારે આશ્ચર્યનું કારણ હતો. 'માનસ સુધા' ખાનગી માસિક સિવાય મારું ક્યાંય કશું પ્રગટ થયું નથી. અને મેં એ હેતુથી ક્યાંય કશું મોકલ્યું નથી અને આ પત્ર શી રીતે આવ્યો ?

રહસ્ય ખૂલતાં બીજું આશ્ચર્ય થયું. રાવજીભાઈએ મારી જાણ બહાર મેં લખેલી ત્રણ વાર્તાઓ 'કુમાર' કાર્યાલયમાં બચુભાઈને પહોંચાડી હતી. બચુભાઈ નવા સર્જક પ્રત્યે ખૂબ સહાનુભૂતિ અને લાગણી ધરાવે. એમને મારી એ વાર્તાઓમાં થોડુંઘણું તેજ જણાયું હશે એટલે બચુભાઈએ મને પત્ર લખ્યો.

હું બચુભાઈને મળ્યો અને 'કુમાર'માં મારી વાર્તાઓ છપાવા લાગી. 'ચક્રવત્પરિવર્તન્તે', 'ડબલ સોપારી', 'બદલો', 'મોતનો મિનાર' વગેરે 'કુમાર'માં છપાયેલી મારી આરંભની વાર્તાઓ. ઈ. સ. ૧૯૫૦ના વર્ષ દરમિયાન 'કુમાર'માં છપાયેલી વાર્તાઓમાં 'ચક્રવત્પરિવર્તન્તે' શ્રેષ્ઠ ઠરેલી અને એ અંગેનો પુરસ્કાર મને મળેલો.

આ પછી મારી વાર્તાઓના કારણે હું શ્રી ચાંપશીભાઈની પ્રીતિનું પાત્ર બન્યો. 'નવચેતન'માં મારી વાર્તાઓ છપાવા લાગી. મારું સ્મરણ છે ત્યાં સુધી

પ્રત્યેક મહિને 'નવચેતન'માં મારી વાર્તા પ્રગટ થતી હતી. 'નવચેતન'માં મારો માનભેર પ્રવેશ થયેલો. મારી 'બહાદર' નામની વાર્તા મેં એમને પાટણથી મોકલી હતી અને એના સ્વીકારનો પત્ર મને ત્રીજે દિવસે મળી ગયો હતો. આ વાર્તા ચાંપશીભાઈએ 'નવચેતન'ના શરૂઆતનાં પાનાંમાં બ્લૂ શાહીમાં, કનુ દેસાઈ અને કલાબ્ધિનાં ચિત્રો સાથે પ્રગટ કરી હતી. બાકીનો આખો અંક કાળી શાહીમાં હતો.

'નવચેતન'નો લેખક-પરિવારનો સભ્ય હોઉં એવું ચાંપશીભાઈનું વાત્સલ્યભર્યું વલણ. નારાયણનગરમાં એમનું મકાન. એ પોતે એકલા પણ નવચેતનના સંપાદનમાં સહાય કરતા શ્રી મુકુન્દ શાહને માનસ પુત્ર તરીકે એમના પરિવાર સાથે ચાંપશીભાઈએ એમને પોતાના મકાનમાં રાખ્યા હતા. ચાંપશીભાઈએ પોતાના માટે એક અલગ રૂમ ફાળવ્યો હતો. એમાં જ 'નવચેતન'નું કાર્યાલય. એમને મળવા જઈએ એટલે તંત્રી તરીકેના એમના અનુભવોની વાત કહે. બૉક્સફાઇલમાંથી લીલી શાહીમાં એમણે પોતે પસંદ કરેલા લેખોને rewrite કર્યા હોય તે બતાવે. એક વખત એમણે મને કહેલું કે આ બધા શ્રમનું તંત્રી તરીકે મહેનતાણાનો મહિને ૧૦૦ રૂપિયાનો ખર્ચ નાખું છું અને મુકુન્દને પણ એટલા આપું છું.

એક વખત હું એમને મળવા ગયો ત્યારે એમણે કહ્યું : જયભિખ્ખુને ત્યાં મુનિ ચંદ્રપ્રભસાગરજી આવવાના છે, એ સમયે ધૂમકેતુ અને ગૂર્જરવાળા ગોવિંદલાલ અને શંભુલાલ પણ આવવાના છે. જઈશું ?' આ તો એક સારી તક હતી. મેં સત્વરે કહ્યું : 'જરૂર જઈએ.'

અમે જયભિખ્ખુને ત્યાં ગયા. ચાંપશીભાઈએ કહ્યા હતા એ બધા મહાનુભાવો આવેલા હતા. મુનિશ્રીએ વાર્તાલાપરૂપે જે કહ્યું તે અને તે પછી ધૂમકેતુ વગેરેએ જે કહ્યું તેમાંથી અત્યારે તો કશું યાદ નથી. પણ મુનિશ્રીની ચમકતી અને શ્વેતપણામાં અનન્ય કહેવાનું મન થાય એવી દંતપંક્તિઓ બરાબર યાદ છે. ઉપરાંત ધૂમકેતુને ત્યાં વતનમાં ઘી વેચવા આવનાર કોઈ માણસની સાથે આવેલા એના છોકરાએ આંગણામાં ગલોલથી એક ખિસકોલીને કેવી રીતે વીંધી નાખી એની હકીકત ધૂમકેતુએ ખાસ શૈલીએ કહેલી તે યાદ છે.

પાછા જવા માટે કોઈ વાહન નહોતું. બસનો ઉપયોગ કરવાનો હતો. ચાંપશીભાઈ સિવાય અમે – ધૂમકેતુ, શંભુભાઈ, ગોવિંદભાઈ અને હું ૧-ઈમાં જવાના હતા. નજીક હોવાના કારણે ચાંપશીભાઈ કદાચ ચાલીને નારાયણનગર

જવાના હતા. જયભિખ્ખુના બંગલેથી રોડ સુધી પહોંચવા અમે ચાલીને જતા હતા ત્યારે ધૂમકેતુએ મને પૂછ્યું : 'ભાઈ, કેટલા વાગ્યા ?'

વૃંદમાં સૌથી ઓછી ઉંમરનો અને જુવાન હું હતો એટલે મારા કાંડા ઉપર ઘડિયાળ હશે જ એમ માનીને ધૂમકેતુએ મને પ્રશ્ન કર્યો હશે. અમારા પાંચમાંથી કોઈના પણ કાંડા પર ઘડિયાળ નહોતું એ કદાચ સમયની બલિહારી હશે. પળ વર્તીને ગૂર્જરના બે ભાઈઓમાંથી એક જણે કહ્યું : 'આપણે સાહેબને રોલેક્સ ઘડિયાળ લાવી દઈએ.'

ધૂમકેતુ 'સાહેબ' તરીકે પણ જાણીતા હતા.

ચાંપશીભાઈ વાર્તા માટે ભારે આગ્રહી. એક વખત વાર્તા માટેની એમની ઉઘરાણીની એક અનોખી રીતનો મને અનુભવ થયેલો. કોઈ ખાસ અંક માટે વાર્તા મોકલવાનું એમનું આમંત્રણ આવેલું. વાર્તાકલાના બદલાતા પ્રવાહોમાં હું સંપર્કમાં રહેતો. બદલાયેલા પ્રવાહના પ્રભાવ હેઠળ લખેલી વાર્તા કદાચ ચાંપશીભાઈને નહીં ગમે એમ સમજી મેં વાર્તા નહીં મોકલેલી. વાર્તા મોકલવાની મુદત પૂરી થઈ છતાં મારા તરફથી એમને વાર્તા ન મળી એટલે એમણે મુદત પૂરી થઈ એ દિવસના કૅલેન્ડરનું ફાડેલું પાનું મને મોકલ્યું. મારે ચાંપશીભાઈની રુચિની વાર્તા તત્કાલ લખીને મોકલવી પડી.

આ બાબતમાં કુમારના તંત્રી બચુભાઈની પણ એક આગવી રીત હતી. એક દિવસ હું કોચરબથી નીકળીને વી. એસ.ના રસ્તે એલિસબ્રિજ તરફ જતો હતો ત્યારે વ્હાઇટ હાઉસના સ્ટૅન્ડ આગળ બચુભાઈએ એમની સાઇકલ થોભાવી. (એ કુમાર કાર્યાલયે જવા નીકળ્યા હતા.) એમણે કહ્યું : 'રાવજીભાઈએ મારો સંદેશો તમને પહોંચાડ્યો નથી ?'

'ભૂલી ગયા હશે,' મેં કહ્યું : 'શો સંદેશો હતો ?'

'કુમારમાં તમારી રચના માટે પાનાં ખાલી રાખ્યાં છે. શું કહો છો ?'

મારી પાસે કોઈ વાર્તા તૈયાર નહોતી. 'કુમાર'ના ધોરણની વાર્તા તત્કાલ લખી નાખી શકાય એમ નહોતું. મેં ક્ષમાયાચના કરી દિલગીરી જાહેર કરી.

અમદાવાદમાં તો બધું થાળે પડીને રાબેતા મુજબ ચાલતું હતું, પણ દેશના હાલ તંદુરસ્ત નહોતા. પાકિસ્તાન સંદર્ભે ઘણું બધું બની રહ્યું હતું. અશાંતિનો માહોલ જાણે લંબાયા કરતો હતો. એવામાં ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખે સાંજે લગભગ સાડાપાંચ વાગે દેશ પર એક વજ્રાઘાત થયો. દેશનાં ટેલિપ્રિન્ટરો પર ફ્લૅશરૂપે શબ્દો ઊતર્યા : 'મહાત્માજી પર ગોળીબાર.'

અણધાર્યું, અણકલ્પ્યું હતું. કોમી દાવાનળ ન ભભૂકી ઊઠે એ માટે ગોળી ચલાવનાર એક હિંદુ હતો એવી સ્પષ્ટતા કરવામાં આવી. રાત્રે રેડિયો પ્રસારણમાં વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ લાગણીથી છલકતી અને દર્દભરી વાણીમાં એમના વક્તવ્યમાં પ્રજાને સંયમ જાળવવાની પણ અપીલ કરી.

મહાત્માજીનું અવસાન થતાં જ દેશનો બધો વ્યવહાર એકાએક પક્ષાઘાત થયો હોય એમ થંભી ગયો હતો.

હડતાલ ! ત્રણ દિવસ સુધી દુકાન, હોટલ, રેસ્ટોરાં, નાસ્તાઘર, કાફે, સિનેમાઘર, શાળા, કૉલેજ બધું જ બંધ રહ્યું. ગલ્લા, ખૂમચા, લારી, ફેરિયા બધાએ સ્વેચ્છાએ આ ત્રણ દિવસ સુધી પોતાના ધંધા સ્થગિત કરી દીધા.

ગાંધીજીના અવસાન પછી સ્મશાનયાત્રાના દિવસે સવારે નિમાવત મારી રૂમ પર આવ્યા. એ પણ હવે કોચરબમાં રહેતા હતા અને 'સૌરાષ્ટ્ર દુગ્ધાલય' નામથી એમના ભાઈ દ્વારા દૂધનો ધંધો શરૂ કર્યો હતો. અત્યારે મારી રૂમ ઉપર આવીને એમણે કહ્યું : 'આજ સ્મશાનયાત્રાનો આંખે દેખ્યો અહેવાલ રેડિયો ઉપર આવવાનો છે. મારા એક સ્નેહીની દૂધની કૅબિનમાં રેડિયો છે. જઈશું ને ?'

'કૅબિન ક્યાં છે ?'

'નરોડા.'

ઉપવાસને લીધે પેટ ભૂખ્યું હતું. અને કોચરબ અને નરોડા વચ્ચેનું અંતર આંખે તમ્મર લાવી દે એટલું હતું.

'ચાલતા જવું પડે ને ?'

'હાસ્તો. આજ તો રિક્ષા કે બીજું કોઈ પણ વાહન ક્યાં મળે એમ છે ?'

'નજીકમાં કોઈને ત્યાં...'

'કોઈને ત્યાં પાંચ-છ કલાક ઓશિયાળા થઈને બેસીએ એના કરતાં નરોડા જવું સારું. કૅબિનમાં આપણા બે સિવાય બીજું કોઈ નહીં હોય. ચાવી લઈ આવ્યો છું.'

જીવને તૈયાર કર્યો અને નિમાવતને કહ્યું : 'તમે જરા બેસો. હું તૈયાર થઈ જાઉં.'

રાત્રે અમે નરોડાથી કોચરબ આવ્યા ત્યાં સુધીમાં થાકીને લોથ થઈ ગયા હતા.

રાત જામી ત્યારે મારી રૂમનાં બંધ બારી-બારણાની તરડમાં થઈને

ભજનનો એક મીઠો સૂર મારા કાન સુધી આવ્યો. આ સૂરે મને ભજન મંડળીમાં પહોંચી જવા પ્રેર્યો. પણ શરીરમાં એટલી તાકાત નહોતી કે એ પ્રેરણા પ્રમાણે ચાલી શકે.

મને બધું સમજાઈ ગયું. મોટા ઠાકરડાવાસની એક ખુલ્લી જગ્યામાં વાસના માણસો એકઠા થઈને ભજન-ધૂન દ્વારા મહાત્મા ગાંધીના આત્માની શાંતિ અર્થે ભજન-પ્રાર્થના કરતા હતા. વગર જોયે મારી ખાતરી હતી કે ત્યાં એકઠા થયેલા માણસોમાં વાસના ઠાકોરભાઈઓ, રેંકડી ખેંચનારા મારવાડીઓ, મિલમાં મજૂરીએ જનારા કામદારો અને પરચૂરણ મજૂરી કરનારા ખાનદેશીઓ હતા.

આ માણસો ! એમનામાંથી કોઈએ 'સત્યના પ્રયોગો' વાંચ્યું નહોતું. ગાંધીજીની રાષ્ટ્રભાવના, ધર્મભાવના, દાંડીકૂચ, ગોળમેજી પરિષદ... આમાંનું એ કશું જાણતા નહોતા. એમણે ગાંધીને માત્ર વાતાવરણમાંથી આકંઠ પીધો હતો ! કશા વિશ્લેષણ સિવાય ગાંધીપ્રભાવથી એ સૌ તરબતર હતા !

બાર દિવસ સુધી મોટા ઠાકરડાવાસમાં આ પ્રમાણે ભજનકીર્તન થતાં રહ્યાં.

નોકરી, અભ્યાસ, મિત્રવર્તુળો સાથે સ્વભાવગત્ પ્રવૃત્તિઓ વગેરે ચાલ્યા કરતું હતું. પણ સાંજના ભોજન માટે ચંદ્રવિલાસ સુધી જવું અગવડભર્યું લાગવા માંડ્યું હતું. આના કારણે સાંજના સમયે સહજાનંદ રેસ્ટોરાંમાં નાસ્તો કરીને ચલાવી લેવાનું વલણ વધવા લાગ્યું. આ ઇચ્છનીય નહોતું. આ અગવડ દૂર થાય એનો રસ્તો રાવજીભાઈએ શોધી કાઢ્યો. પ્રીતમનગરના પહેલા ઢાળ પર પતિપત્ની એક નાનીસરખી ઘર-લોજ ચલાવતાં હતાં. પત્ની રસોઈ કરતી હતી. બુધિયો અને સુધિયો નામના બે નોકર હતા (પંદર-પંદર વર્ષની ઉંમરના હશે) તે પીરસવાનું, વાસણ ઊટકવાનું અને અન્ય સાફસૂફીનું કામ કરતા હતા. પતિ વ્યવસ્થા જાળવતો હતો. ઉત્તર પ્રદેશનો બ્રાહ્મણ હોય એમ જણાતું હતું. એને સૌ પંડિતજી કહીને સંબોધતા હતા. આ દંપતીની લોજમાં પચીસેક જણ જમતા હતા. લોજ એટલે ૧૫'x૧૨'ની બે દુકાનો. એકમાં રસોઈ થાય બીજીમાં પાટલા ગોઠવીને જમનારા બેસે. દુકાનોની સામે એક લીમડી નીચે પૈડાં વગરની બિનઉપયોગી બે લારીઓ હતી. જગ્યા હોય ત્યાં સુધી તો જમનારા આ લારીઓ ઉપર બેસીને જ જમતા. સાંજના સમયે જમનારા એકસામટા આવી જતા. રસોઈમાં પૂરી કે ભાખરીમાં ઝટ ઝટ પહોંચી વળે નહીં એટલે પંડિતના નામની રાડારાડ મચી જતી. દુકાનમાં બેસીને જમનારા ગ્લાસને જોર જોરથી ફ્લોર ઉપર પછાડીને હોબાળો મચાવી મૂકતા. આમ છતાં સગવડ સચવાઈ રહેતી

એટલે કોઈ આ લોજ છોડીને બીજે જતા નહીં.

જીવન સરવાળે સુખમય હતું.

એલએલ.બી.ની પરીક્ષા ક્ષિતિજમાં ડોકાઈ એટલે એમાં ધ્યાન આપવા માંડ્યું. લૉ ઑફ ટૉર્ટ્સ અને આઈ.પી.સી. માટે રતનલાલનું પુસ્તક વાંચતો. રોમન લૉમાં ફુલકર્ણી, કૉન્ટ્રેક્ટ ઍક્ટ માટે ઝાબવાલા કૉન્સ્ટીટ્યુશનલ લૉ માટે બેચાર પુસ્તકો તો હતાં જ પણ એના માટે રામાનંદ ચેટર્જીનું મૉડર્ન રિવ્યૂના અંકો ધ્યાનથી વાંચતો. આ મૅગેઝિન એટલા માટે કે આપણા બંધારણને અનુલક્ષીને મૉડર્ન રિવ્યૂમાં લેખો આવતા હતા. એમાં લેખો દ્વારા એક એવી ચર્ચા શરૂ થયેલી કે આપણા બંધારણમાં સર્વોચ્ચ સત્તા (અમલમાં મૂકી શકાય એવી) કોની ? રાષ્ટ્રપ્રમુખની કે વડાપ્રધાનની ? આ ચર્ચા હું ધ્યાનપૂર્વક વાંચતો. વળી બી.એ.માં ઇતિહાસ વિષય રાખેલો. મૅટ્રિકમાં અને બી.એ.માં રાજ્યબંધારણનો અભ્યાસ કરવા મળેલો. મૅટ્રિકમાં ૨૫ માર્ક માટે ઇંગ્લૅન્ડ અને ભારતના રાજ્યબંધારણ વિશે વાંચવું પડેલું. ઇંગ્લૅન્ડનું રાજ્યબંધારણ લેખિત ન હોવા છતાં સ્વીકૃત પરંપરાઓનો અભ્યાસ કરવો પડતો. બધા વિષયો ફાવી ગયા હતા. ફક્ત ઇન્ડિયન પીનલ કોડ (આઈ.પી.સી.)માં આપણે વ્યાખ્યાઓ ગોખવા જરાય તૈયાર નહીં. એનાં બધાં ઘટકો બરાબર તૈયાર. એનાં પ્રૉબ્લેમ્સમાં ચોકસાઈપૂર્વક ગુનાને તેમ જ એની શિક્ષા કહી દઉં પણ કશું ગોખવાની વાત નહીં. મનમાં વિચારી રાખેલું, વ્યાખ્યાઓ અક્ષરશઃ લખવી નથી.

એલએલ.બી.ના પ્રથમ વર્ષની પરીક્ષાના પાંચેક દિવસ બાકી હતા અને બચુભાઈ રાવતનો રાયપુર ચકલામાં 'વાડીલાલ સોડા ફાઉન્ટન'ની સામે ખુલ્લી જગ્યામાં ભેટો થઈ ગયો. એમણે મને કહ્યું : 'ચાલો, મારે તમને એક પુસ્તક આપવું છે.'

'કયું પુસ્તક છે ?'

'વાર્તાસંગ્રહ છે. શરદેન્દુ બન્દોપાધ્યાયના વાર્તાસંગ્રહનો રમણિક મેઘાણીએ અનુવાદ કરેલો છે. સંગ્રહનું નામ છે 'મરુભૂમિમાં'

અમે કાર્યાલયે પહોંચ્યા. બચુભાઈએ મને પુસ્તક આપતાં કહ્યું : 'આ વાંચી લઈને મને પાછું આપજો.'

મેં એમને મારી પરીક્ષાની વાત ન કરી. એ કહેવાની જરૂર પણ નહોતી. આટલાં વર્ષો સુધી આપેલી પરીક્ષાઓમાંથી આજ સુધી કોઈને પણ મેં મહત્ત્વની ગણી નથી. જીવનમાં બીજાં ઘણાં ઊંચાં લક્ષ્ય રાખવાનાં હોય છે. પરીક્ષા અને તેનું પરિણામ મારા માટે એમાંનું નથી. સારી રીતે પાસ થતો રહ્યો છું એટલું

મારા માટે બસ છે.

પુસ્તકની વાત પૂરી થઈ. અને પુસ્તક લઈને હું કાર્યાલયમાંથી બહાર નીકળ્યો.

પુસ્તક બે દિવસમાં વાંચી લઈને બચુભાઈને એ રૂબરૂ પરત કર્યું. વાર્તાઓ સારી હતી. એના વિવરણનો અહીં અવકાશ નથી. આ બે દિવસ અને રૂબરૂ આપવા જવા-આવવાના સમયના થયેલા વ્યયનો અફસોસ નથી. પરીક્ષાના દિવસે છેલ્લી ઘડીએ પાનાં ફેરવવાથી ઘણું તાજું થાય છે એ વાત મનમાં હતી.

પરિણામ ધારણા પ્રમાણેનું આવ્યું. કૉન્સ્ટીટ્યુશનલ લૉમાં ડિસ્ટિંગ્શન (સ્મૃતિમાં છે તે પ્રમાણે તો ૭૭ માર્ક્સ હતા. એ વખતે માર્કશીટ મળતી નહોતી. કૉલેજમાં જઈને ઉતારો કરી લાવીએ તે જ) માર્ક્સ હતા. રોમન લૉમાં ૬૪ ગુણ હતા અને બીજા વિષયમાં ૬૦ની આસપાસ હતા પણ જે વિષયમાં ન ગોખવાનું વ્રત લીધું હતું તેમાં ૩૬ ગુણ હતા. અહીંથી જ એલએલ.બી.ને છેલ્લી સલામ કરી દીધી. છેલ્લી સલામનું ફક્ત આ પરિણામ જ કારણ નહીં, પણ એ ફેકલ્ટી તરફ ધીરે ધીરે મન ઉદાસીન થતું જતું હતું અને સાહિત્ય તરફનો ઝોક એટલો બધો થઈ ચૂક્યો હતો કે કાયદાના અભ્યાસ માટે સમય ફાળવવા મન પાછું પડતું હતું.

અહીં એક હકીકત વિશેષરૂપે નોંધવી જોઈએ કે અભ્યાસ કરતાં કરતાં નોકરી ન કરવાની પિતાજીની સલાહ તરફ લક્ષ આપ્યું નહીં અને નોકરી લીધી. નોકરીના સમય અને ગુજરાત કૉલેજના સમય (ઇતિહાસ માટે)નો મેળ બેસાડવો શક્ય નહોતું એટલે એમ.એ. જતું કરવું પડ્યું. એલએલ.બી.નો અભ્યાસ તો મનની મોજ હતો. એ મોજે સાહિત્યક્ષેત્રની વધારે રસભરી મોજ સામે પીછેહઠ કરી જેનો કશો અફસોસ નહોતો.

એક દિવસ કરજીસણવાળા રામભાઈ પટેલ મારી પાસે આવ્યા. એમણે કડીના સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈનો એમના પર આવેલો કાગળ મારી સામે ધરીને કહ્યું : કડીથી નાથાભાઈનો કાગળ છે. શાળાને એક સારા ભાષા-શિક્ષકની જરૂર છે. કોઈ સારા શિક્ષકને શોધીને કડી મોકલવાની એમણે મને ભલામણ કરી છે. મારે સારા શિક્ષક શોધવા જવાની ક્યાં જરૂર છે ? બોલો, તમે જશો ને ?'

રામભાઈએ એકીસાથે ઘણું કહી નાખ્યું. હું અને રામભાઈ વડોદરામાં છાત્રાલયમાં સાથે રહેતા હતા. એ વિજ્ઞાનના વિદ્યાર્થી અને કૉલેજનાં વર્ષની રીતે ગણીએ તો એ મારા કરતાં બે વર્ષ પાછળ. અલબત્ત, એ વિજ્ઞાનના વિદ્યાર્થી

એટલો ફરક. આ રામભાઈ બી.ફાર્મ. થયા પછી વધારે અભ્યાસ માટે અમેરિકા ગયેલા અને ત્યાંથી આવ્યા પછી મુંબઈમાં એબટ લૅબોરેટરીમાં જોડાયેલા. અને નિવૃત્તિ અગાઉ એ એબટ લૅબોરેટરીમાં પ્રોડક્શન મૅનેજર બનેલા. એ અહીં બી.ફાર્મ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે એમને વી. એસ. હૉસ્પિટલમાં તાલીમના ૧૦૦૦ કલાક પૂરા કરવાના હતા. એ દરમિયાન મારે વૅકેશન હતું એટલે મેં મારી રૂમ એમને રહેવા માટે આપેલી. આ અમારો સંબંધ.

એમણે મને પૂછ્યું : 'તમે જશો ને ?'

અહીં ન સમજાય એવી એક આયરની ઑફ લાઈફનો મને વિચિત્ર અનુભવ થયો. હું કલ્પી ન શકાય એટલા વેગથી સાહિત્યની દુનિયામાં મહત્ત્વનું સ્થાન મેળવી રહ્યો હતો. સાહિત્યનાં ઉત્તમ મૅગેઝિનોમાં મારી વાર્તાઓ છપાવા લાગી હતી. એ વખતે રીડર્સ ડાયજેસ્ટના ઘાટમાં મહેન્દ્ર મેઘાણીના તંત્રીપદે 'મિલાપ' મૅગેઝિન શરૂ થયેલું. એમાં 'ચક્રવત્પરિવર્તન્તે' વાર્તા 'ચીમન' શીર્ષકથી પુનઃ પ્રગટ થઈ હતી. વિશેષ તો બચુભાઈ રાવત અને ચાંપશીભાઈ ઉદેશીનો ઘનિષ્ઠ સહયોગ સાંપડ્યો હતો. સાહિત્યમાં મારે કંઈ કરી બતાવવું હોય તો અમદાવાદ એ જ એક ઉચિત અને સાચું સ્થળ હતું.

અને રામભાઈ પૂછી બેઠા : 'તમે જશો ને ?'

રામભાઈ મારા મિત્ર હતા. જરા પણ સંકોચ વગર હું કડી જવાનો ઇન્કાર કરી દઈ શક્યો હોત. ત્યાં જવા માટે મારી પાસે શું કારણ હતું ? હું અહીં સુખી હતો. સ્કૂલમાં મૅનેજમેન્ટની નજરમાં મારા માટે ઊંચું સ્થાન હતું. એ વર્ષોમાં કેજ્યુઅલ રજાઓ ૨૦ મળતી હતી. પણ ભાઈશ્રીની માંદગીના કારણે છૂટક છૂટક જરૂર પડી એમ મૅનેજમેન્ટે ચાલુ પગારે મારી ૩૫ રજાઓ મંજૂર કરી હતી. અમદાવાદની શાળામાં આવું ન બને. સ્કૂલનાં બાળકો મને ચાહતાં હતાં. ન્યુ મિડલનાં બધાં જ બાળકોને હું નામ સાથે જાણતો હતો. મિત્રવર્તુળ મજાનું હતું એને છોડીને જવાનું મન કેમ થાય ? અને છતાં મેં રામભાઈને કહ્યું : 'ભલે, હું કડી જઈશ. નાથાભાઈને જાણ કરી દેજો.'

આ નિર્ણય વિધિનિર્મિત જ માનવો રહ્યો. જે સંસ્થામાં કામ કરવાનું હતું એ સંસ્થા જાણીતી હતી. ગૂજરાત વિદ્યાપીઠ કરતાં એક વર્ષ વહેલી એટલે કે ઈ. સ. ૧૯૧૯માં સ્થપાયેલી હતી. ત્યાં રાષ્ટ્રીય કેળવણી અપાતી હતી. ડૉ. હરિપ્રસાદ દેસાઈના કહેવાથી ગાંધીજીએ ઈ. સ. ૧૯૨૯માં એ સંસ્થાની સ્વેચ્છાએ મુલાકાત લીધી હતી અને એ પાંચ કલાક જેટલું સંસ્થામાં રોકાયા હતા. આઝાદીની ચળવળમાં આ સંસ્થાના કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓએ

ભાગ લીધો હતો. કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી, સુંદરમ્ વગેરે મહાનુભાવોએ સત્યાગ્રહમાં વીરમગામ છાવણીમાં જતાં કે વળતાં અહીં રોકાણ કર્યાં હતાં. ઈ. સ. ૧૯૩૫માં અહીં ગુજરાત છાત્રાલય સંમેલનમાં પ્રમુખ સ્થાનેથી ઉમાશંકર જોશીએ મનનીય પ્રવચન આપ્યું હતું. (જે પાછળથી એમના 'ગોષ્ઠી' નિબંધસંગ્રહમાં પ્રગટ થયેલું છે.)

સંસ્થાની આ બધી યશગાથા કડી જવાની મારી સંમતિનું કારણ હતું ? ભૂતકાળ અને વર્તમાન એક હોઈ શકે નહીં. ભૂતકાળની ઘટનાઓનો આધાર ક્યારેક છલના પણ બની રહે. જગત પરિવર્તનશીલ છે. આજે ત્યાં શું છે એ હું જાણતો નહોતો. અને છતાં મેં રામભાઈને એમની દરખાસ્ત ઉપર સંમતિ આપી દીધી. વ્યવહારદક્ષ માણસોની દૃષ્ટિએ અમદાવાદ છોડીને ગામડે જવાનું પગલું મૂર્ખાઈભર્યું ગણાય, જે મેં ભર્યું. એકાદ બે દિવસ પછી પંડિતની લોજમાં જમનારામાંથી અમે બેચાર સભ્યો પ્રીતમનગરના ઢાળ ઉપર ઊભા હતા. મારી કડી જવાની વાત નીકળી. એ વખતે એક ભાઈ બોલ્યા : 'ત્યાં જવાય નહીં.'

આશ્ચર્ય સાથે મેં પૂછ્યું : 'કેમ ?'

'ત્યાંનું વાતાવરણ બેહૂદું છે.'

'બેહૂદું એટલે ?'

'બેહૂદું એટલે નાદુરસ્ત. ત્યાં જવાથી એ બધું સમજાઈ શકે.'

મને થયું આ ભાઈ કોઈ પૂર્વગ્રહની ગ્રંથિથી પીડાતા લાગે છે. એમની વાત ઉપર મને વિચાર કરવાની જરૂર ન લાગી.

ન્યુ હાઈસ્કૂલની મૅનેજમેન્ટ આગળ (એટલે કે એચ. બી. કાપડિયા આગળ) રાજીનામું મૂક્યું. ખરેખર તો આ રીતે, એક મહિનાની નોટિસ આપ્યા વગર છૂટા થવા માટે એક મહિનાનો નોટિસ પે આપવો પડે. પણ શ્રી કાપડિયા સાહેબે એની માગણી ન કરી. એમણે ફક્ત એટલું જ કહ્યું : 'અમે નવા શિક્ષકની વ્યવસ્થા કરીએ એ હેતુથી તમે પાંચ દિવસ એટલે કે પાંચમી જુલાઈ સુધી અહીં સેવા આપો.'

મેં ખુશીથી એમની વાત સ્વીકારી લીધી. એ મુજબ કડી તાર પણ કરી દીધો.

અને ન્યુ મિડલ સ્કૂલનાં બાળકોની આંખોમાં છલકાતાં ઝળઝળિયાં સાથે મેં 'ન્યુ મિડલ'માંથી વિદાય લીધી.

■

## ૧૫
# સર્વ વિદ્યાલયમાં

સર્વ વિદ્યાલયમાં હું ફરજ પર હાજર થાઉં એ પહેલાં મેં કડીની મુલાકાત લીધી હતી. સર્વ વિદ્યાલયમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા મારા ભાણેજ નરોત્તમભાઈએ મને કડીના મુખ્ય માર્ગો પર ફેરવીને કડીનું અલપઝલપ દર્શન કરાવ્યું હતું. સ્ટેશનથી નગરના મુખ્ય દરવાજા સુધીનો માર્ગ લગભગ વસાહત વગરનો હતો. માર્ગની બંને બાજુ સમાંતરે ખાઈ જેવા સળંગ ખાડા હતા. એ રસ્તે સરકારી વિશ્રામગૃહ, મણિલાલ મેન્શન, બૉમ્બે કેસલ, એક ખાસ ન વપરાતી ધર્મશાળા, ગામડેથી આવેલા લોકોને ઊતરવા માટે પટેલ ભવન – આટલાં રહેઠાણ માટેનાં સ્થાન. સરકારી વિશ્રામગૃહ બહુ ઓછું વપરાતું. મણિલાલ મેન્શનમાં કેટલાંક કુટુંબો ભાડે રહેતાં હતાં. બૉમ્બે કેસલ બંધ રહેતું હતું. એના માલિક કદાચ મુંબઈ રહેતા હતા.

વહેલી સવારે ઊપડતી ટ્રેનમાં જનાર મુસાફરો માટે બીક લાગે એવો આ રસ્તો, બંને બાજુએ ઊંચાં વૃક્ષોના કારણે સૂર્યના તાપ વખતે છાયાવાળો બની રહેતો અને એકંદરે રળિયામણો લાગતો.

શહેરની અંદરના રસ્તા સાવ સાંકડા. બજાર ત્રણેક ભાગમાં વહેંચાયેલું. બજાર જેવું ક્યાંય જણાતું નહોતું એટલે મેં ભાઈ નરોત્તમને પૂછ્યું હતું, 'કડીનું બજાર ક્યાં આવ્યું ?' એનો જવાબ હતો, 'આપણે ચાલીએ છીએ તે કડીનું બજાર જ છે.' આશ્ચર્ય. ત્રણ ભાગમાં વહેંચાયેલા બજારની દુકાનો ગલીઓમાં ગોઠવાયેલી હોય એવું લાગતું હતું.

શહેરની પચીસેક હજારની વસ્તી. મુખ્યત્વે પાટીદાર, વૈષ્ણવ વણિક, હરિજન અને મુસલમાનની વસ્તી. બ્રાહ્મણ અને ઇતર કોમની વસ્તીનું પ્રમાણ ઓછું. આમ છતાં બ્રાહ્મણનું વર્ચસ સારા પ્રમાણમાં. પ્રજાપતિની સંખ્યા પણ નોંધપાત્ર.

૧૯૫૦ના જુલાઈ માસની સાતમી તારીખે નોકરી પર હાજર થયા, અમદાવાદથી લગભગ સવા નવ વાગ્યે ઊપડતી અમદાવાદ-બેચરાજી લોકલમાં લગભગ સવા અગિયાર વાગ્યે હું કડીના પ્લૅટફૉર્મ ઉપર ઊતર્યો. સર્વ વિદ્યાલય કૅમ્પસ શહેરથી વિરુદ્ધ દિશામાં. પાટા ઓળંગીને કૅમ્પસ સુધી પહોંચ્યા પછી સર્વ વિદ્યાલયમાં આચાર્યશ્રીની ઑફિસમાં મેં પ્રવેશ કર્યો.

મીઠા સ્મિત સાથે આચાર્ય દેસાઈસાહેબે મને આવકાર્યો. છૂટા થયેલા ભાષાશિક્ષકનું સમયપત્ર તો તૈયાર હતું. પણ કંઈક ફેરફાર કરવાની ગણતરી હશે એટલે દેસાઈસાહેબે મને પૂછ્યું : 'અગિયારમા ધોરણમાં ભૂગોળનો વિષય ભણાવી શકશો ?'

છાપેલા અરજીપત્રકમાં મેં જણાવ્યું જ હતું કે એલજિબ્રા અને અંકગણિત સિવાય કોઈ પણ વિષય કોઈ પણ ધોરણમાં ભણાવી શકીશ. છતાં આ પ્રશ્નથી મને થોડી નવાઈ લાગી. ભાષાના શિક્ષક તરીકે મને બોલાવવામાં આવ્યો હતો અને ભૂગોળ ભણાવવા અંગે પૂછવામાં આવ્યું ! કોઈ પણ વિષય ભણાવવા બાબતે મને આત્મવિશ્વાસ તો હતો જ એટલે સહેજ પણ અચકાયા વગર મેં કહી દીધું : 'જરૂર ભણાવી શકીશ.'

પાછળથી મને જાણવા મળ્યું કે જે શિક્ષક અગિયારમા ધોરણમાં ભૂગોળ ભણાવતા હતા તેમની અને વિદ્યાર્થીઓ વચ્ચે કંઈક એવી અંટશ પડી ગઈ હતી કે શિક્ષક એ વર્ગોમાં ભૂગોળ ભણાવવા તૈયાર નહોતા અને વિદ્યાર્થીઓ એમની પાસે ભણવા તૈયાર નહોતા. સમાધાનનો માર્ગ કાઢવાને બદલે અધ્યાપનકાર્ય કોઈ અન્યને સોંપવાનો નિર્ણય વહીવટની રીતે તંદુરસ્ત ન ગણાય, પણ હું એ વિષય ભણાવવા તૈયાર હતો એટલે આચાર્યશ્રીને આ તોડ સુગમ લાગ્યો હશે.

ભૂગોળ ભણાવવા અંગે આચાર્યશ્રી સાથે વાત ચાલતી હતી એ વખતે શાળાના મુખ્ય પટાવાળા જોઈતારામ ત્યાં હાજર હતા.

જ્યારે હું આચાર્યશ્રીની ઑફિસમાંથી બહાર નીકળ્યો ત્યારે જોઈતારામ ઑફિસ સામે લૉબીમાં ઊભા હતા. એમણે મને કહ્યું : 'ભૂગોળનું ન ફાવે તો સાહેબને ના કહી દો ને.'

જોઈતારામની આ ચેષ્ટા મને ઠીક ન લાગી. છતાં એમણે દાખવેલી સહાનુભૂતિના પ્રતિભાવરૂપે એક આછું સ્મિત આપીને હું આગળ વધ્યો.

એ દિવસે હું ફરજ પર હાજર તો થયો પણ વર્ગોમાં બીજા દિવસથી કામ કરવાનું હતું.

શાળાના છાત્રાલયના રસોડે જમીને, છાત્રાલયના એક ખૂણે ઉપલા માળે

મારા માટે ફાળવવામાં આવેલી રૂમમાં મારો સામાન મુકાવીને, ભૂગોળનાં સંદર્ભ પુસ્તકો મેળવી લેવા હું શાળાના પુસ્તકાલયમાં ગયો.

પુસ્તકાલયમાં પ્રવેશ્યા પછી મને પહેલું આશ્ચર્ય પુસ્તકાલયના ગ્રંથપાલને જોઈને થયું. આ ભાઈ નxચે તો નહીં ? પાટણમાં પ્રાથમિક શાળા નં. ૩માં દિવસના આરંભે પ્રાર્થના થાય ત્યારે બધાં ધોરણોના વિદ્યાર્થીઓ સાથે મળે. દરેકના માથે ટોપી તો હોય જ. એક ટોપી ઉપર ઘેરા જાંબલી અક્ષરથી નxચે લખેલું હું જોતો. હું ત્રીજા ધોરણમાં અને આ ભાઈ પાંચમા ધોરણના વિદ્યાર્થીઓના ગ્રૂપમાં હોય. ક્ષણમાં તો મારા મને નિશ્ચયપૂર્વક મને કહી દીધું હા, એ નxચે જ છે. મેં મારો પરિચય આપ્યો. અમે બંને પાટણના વતની. મારે માત્ર એમનું નામ જાણવાનું હતું : એ હતા નરોત્તમ ચેલાભાઈ પટેલ. અમને બંનેને મળીને ખૂબ આનંદ થયો.

બીજું આશ્ચર્ય થયું પુસ્તકોનાં કબાટની ગોઠવણી અને અંદાજે પુસ્તકોની સંખ્યાની ધારણા કરીને.

'કેટલાં પુસ્તકો હશે ?' મેં પૂછ્યું.

'હશે નહીં, છે. ગોળ આંકડો કહીએ તો તેર હજાર' નરોત્તમભાઈએ જવાબ આપ્યો.

વિગતે જાણવા મળ્યું કે જે ઉત્તમ ગણાયાં હોય એવાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભાષાનાં પુસ્તકો છે. એમાં સાહિત્યનાં બધાં સ્વરૂપોનો સમાવેશ થયેલો છે. વાત પરથી અંગ્રેજી પુસ્તકોનો સંચય ખૂબ સમૃદ્ધ લાગ્યો. પ્રસિદ્ધ સાહિત્યકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વપ્રમુખ ભોળાભાઈ પટેલ આ શાળાના વિદ્યાર્થી. એમણે વર્તમાનપત્રની એમની કૉલમમાં આ પુસ્તકાલયનાં ભારોભાર વખાણ કર્યાં હતાં.

સામયિકોની સંખ્યા પણ વિપુલ પ્રમાણમાં. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનાં કુલ મળીને ૬૩ સામયિકો આ પુસ્તકાલયમાં આવતાં હતાં.

મેં સ્કીટ, થોરન્ટન, લેઈક, ફેરગ્રીવ વગેરે લેખકોનાં ભૂગોળનાં પુસ્તકો ભૂગોળના કબાટમાંથી પસંદ કર્યાં. નરોત્તમભાઈએ કહ્યું : 'એન્સાઇક્લોપીડિયાના વિભાગમાં ભૂગોળનો એન્સાઇક્લોપીડિયા છે. એ પણ જોજો.' 'હમણાં તો આટલું બસ છે.' કહી મેં પુસ્તકાલયમાંથી વિદાય લીધી અને હું શિક્ષકોની કૉમન રૂમમાં ગયો. શિક્ષકોનો પરિચય થશે એવો ખ્યાલ હતો.

સૌથી સિનિયર શિક્ષક શ્રી કલ્યાણભાઈનો ભેટો થયો. એ ચાણસ્મા

તાલુકાના લણવા ગામના વતની. લણવા મારું મોસાળ. કલ્યાણભાઈના પિતાશ્રી શિક્ષક. મારા પિતા પણ શિક્ષક. સામાજિક નાતે એ બંને નિકટના પરિચયમાં. હું એમની સાથે વાતો કરતો હતો ત્યાં અકાળે વૃદ્ધ થયા હોય એવા એક શિક્ષક અમારી પાસે આવ્યા. એમનું શરીર કૃશ તો હતું જ. એમાં વળી શરીરના પ્રમાણમાં મસ્તક અને ચહેરો નાનાં હતાં. એમના એક કાનના સૂપડાનો ભાગ વીંધેલો હતો. એમાં ચણાનો દાણો આરપાર નીકળી જાય એવું એક કાણું હતું.

એ શિક્ષક અમારી પાસે આવ્યા અને સાવ સહજભાવે બોલતા હોય એમ કલ્યાણભાઈને ઉદ્દેશીને બોલ્યા : 'તો હેં કલ્યાણભાઈ, આવા કોટ-પાટલૂનવાળા સાહેબું અહીં ટકે ખરા ?'

આ અવિચારી, વિવેકહીન અને ધૃષ્ટતાભર્યો સવાલ હતો. એમના ચિત્તમાં પ્રગટેલા આ સવાલમાં વાજબીપણું હશે પણ અભિવ્યક્તિ નાદાનિયતભરી હતી.

હું છેલ્લી ઢબની સિલાઈવાળાં વસ્ત્રો પહેરતો હતો. મારા દરજી આરંભમાં એમ. પી. રાઠોડ (રિલીફ રોડ) એ પછી પ્રેમાભાઈ હૉલની સામે ઇટાલિયન બેકરીની બાજુમાંની એક દુકાન તેમ જ રિલીફ સિનેમા સામેના વિસ્તારમાં પીટર ડિસોઝા હતા. પેન્ટના કાપડમાં મોટા ભાગે હું સફેદ ઇંગ્લિશ સાટીન ડક પસંદ કરતો. વળી જેમ જેમ સાસ્કીન, રેયોન, ડેક્રોન વગેરે બજારમાં આવતાં ગયાં તેમ તેમ તેનો ઉપયોગ કરતો રહ્યો. હું બૂશકોટ પસંદ કરતો નહોતો. કોટ જ પહેરતો. અને શર્ટ ડબલ કફનું જ. એમાં વિવિધ રંગનાં કફલિંગ્ઝ વાપરતો. કોટ-પેન્ટ સાથે બૂટ-મોજાં જ, ચંપલ કે સેન્ડલ નહીં. કેટલોક સમય ક્રેપ સોલના બૂટ પહેરેલા. રૂમમાં લેંઘો પહેરું પણ કેલિકો મિલનાં ૧૦૦x૧૨૦ કાઉન્ટની ધોતી પણ રાખતો. આ મર્સરાઇઝ્ડ ધોતી પહેરવાનું ગમતું.

કોઈ ટીકા કરે એ ન ગમે એ ખરું, પણ ઉશ્કેરાઈ જવાની મારી ટેવ નથી. વળી, અહીં આ સંસ્થામાં મારો પ્રથમ દિવસ હતો એટલે પણ કોઈની સાથે બોલી બગાડવા હું રાજી નહોતો. એટલે જાણે પેલા શિક્ષકના શબ્દો મેં સાંભળ્યા જ ન હોય એમ હું શાંત રહ્યો.

કૉમન રૂમમાં કલ્યાણભાઈની સાથે વાત કરતાં કરતાં એક રમૂજભર્યું દશ્ય નજરે પડ્યું. જેનું ભાવનિર્વહણ એક માનસિક આંચકામાં થયું. કોમન રૂમમાં ઉત્તર તરફની દીવાલના સામસામેના છેડે પાણીના બે મોટા ગોળા હતા. દીવાલમાં લગાવેલી ખીંટીએ ચળકતા પિત્તળના ડોયા અને પથ્થરના જે પ્રોજેક્શન પર ગોળા હતા તેના પર સ્ટીલના બબ્બે પ્યાલા હતા. દીવાલના પશ્ચિમ તરફના છેડે જે ગોળો હતો તેની અડોઅડ બારી હતી અને બારી નીચેથી શરૂ

થતી ખુરશીઓની હારમાં પ્રથમ ખુરશી પર એક શિક્ષક બેઠા હતા. એ ઊભા થઈને પૂર્વ છેડા તરફના ગોળા સુધી પહોંચીને ડોયા વડે પાણી કાઢીને પાણી પીવા લાગ્યા. પોતાની બાજુમાં જ ગોળો હોવા છતાં આ શિક્ષક દૂરના ગોળા સુધી કેમ ગયા ? મારું આ આશ્ચર્ય મેં કલ્યાણભાઈ સમક્ષ વ્યક્ત કર્યું એટલે એમણે કહ્યું : 'એ શિક્ષક બ્રાહ્મણ છે અને જ્યાંથી એમણે પાણી પીધું એ ગોળો બ્રાહ્મણોનો છે.'

'અને બીજો ગોળો ?'

'ઇતર વસ્તી માટે.' હસતાં હસતાં મજાકભર્યા સૂરે કલ્યાણભાઈએ જવાબ આપ્યો.

એક ક્ષણના વિલંબ વગર આ સંસ્થાના ઇતિહાસની સાંભળેલી ઘટના મને યાદ આવી ગઈ. ઈ. સ. ૧૯૨૯માં ગાંધીજીએ સ્વેચ્છાએ આ સંસ્થાની મુલાકાત લીધી હતી. મારા આઘાતનું કારણ આ હતું. ગાંધીજીએ આ સંસ્થાની મુલાકાત ન લીધી હોત તો કદાચ મને આટલો આઘાત ન લાગત.

પછીના દિવસો, મહિનાઓ અને વર્ષોમાં આ જ્ઞાતિભેદ અહીં મને વારંવાર જોવા મળ્યો. સર્વ વિદ્યાલયનો સ્ટાફ જુદા જુદા નિમિત્તે ભોજનનું આયોજન કરવાનો શોખીન હતો. સર્વ વિદ્યાલયને સંલગ્ન છાત્રાલયના છાત્રો માટે સંસ્થાની માલિકીની દોઢસો વીઘા જમીન (ગૌશાળા અને કૃષિ) લગભગ ત્રણ કિલોમીટરના અંતરે હતી ત્યાં તેમ જ સર્વ વિદ્યાલયથી થોડા અંતરે કડીના શ્રીમંત નાગરિક બાદશાહભાઈની જમીન (જે બાદશાહભાઈનો બગીચો તરીકે ઓળખાતી) પર આ ભોજન ગોઠવાતાં. જમતી વખતે પંગતમાં બે પંક્તિઓ અલગ બનતી : એક બ્રાહ્મણોની અને બીજી સ્ટાફના અન્ય સભ્યોની.

ચાર વાગ્યા પછી કૉમન રૂમની બારીમાંથી એક વિસ્મયભર્યું દશ્ય જોવા મળ્યું. પિરિયડ બદલાયાનો બેલ વાગ્યો અને વર્ગોમાંથી નીકળીને કેટલાક વિદ્યાર્થીઓ દફતર-પુસ્તકો સાથે ભાગી રહ્યા હતા. ચાર વાગી ગયા હતા. મેં બારી પાસેની ખુરશીમાં બેઠેલા એક શિક્ષકને પૂછ્યું : 'આ છોકરાઓ આમ ભાગંભાગ ક્યાં જઈ રહ્યા છે ?'

'ગાડીનો ટાઇમ થયો ને, એ બધા સ્ટેશન તરફ જઈ રહ્યા છે.'

'પણ હજુ સ્કૂલ તો ચાલુ છે.'

'સ્કૂલ ચાલુ તો ખરી પણ સ્કૂલ માટે રોકાય તો પછી એમને ચાલીને જવું પડે.'

'ગામડેથી આવતા વિદ્યાર્થીઓ હશે.'

'હા, મોટા ભાગના કરણનગરના.'

'આ તો કેમ ચાલે ?'

'ચાલે જ છે ને !'

'આમ સ્કૂલ છોડીને ભાગી જતાં એમને કેમ રોકવામાં આવતા નથી ?'

શિક્ષકે જવાબ ન આપ્યો.

મને એમાં ઘણું સમજાઈ ગયું.

આવી રીતે સ્કૂલ છોડીને ભાગી જનાર વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા પચાસ-સાઈઠની સંખ્યામાં હશે.

રેલવે સ્ટેશન તરફ ભાગી રહેલા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ગણવેશ વગરના હતા. અહીં આવ્યા પછી નજરે પડેલા વિદ્યાર્થીસમૂહને જોઈને મને સમજાઈ તો ગયું જ હતું કે શાળાનો ગણવેશ બ્લૂ ચડ્ડી અને સફેદ શર્ટ છે.

થોડા દિવસોમાં મને સમજાયું કે વિદ્યાર્થીઓ શાળામાં ગણવેશ પહેરીને આવવા બાબતમાં કાયર હતા એની પાછળ સારાં સારાં કપડાં પહેરીને ઠઠારો કરવાનો કોઈ શોખ નહીં, પણ ગ્રામપ્રદેશમાં સારાયે સમાજમાં ચડ્ડી પહેરવા અંગેની એક પ્રકારની ઉદાસીનતા કામ કરતી હતી. સમાજમાં ચડ્ડીની ઝાઝી પ્રતિષ્ઠા નહોતી. જોવા મળ્યું કે યુનિફોર્મ વગર આવનારા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના ગામડેથી આવ-જા કરતા હતા. વિદ્યાર્થીઓ ગણવેશ પહેરીને શાળામાં આવે એ માટે આચાર્યશ્રીનો સતત પ્રયત્ન તો રહેતો જ હતો. એટલે સુધી કે એમણે થોડા સમય માટે પોતે ચડ્ડી અને શર્ટ પહેરીને શાળામાં આવવાનું શરૂ કર્યું હતું. પણ સરવાળે ઝાઝો ફેર પડ્યો હોય એવું જણાયું નહીં.

આ બાબતમાં શિક્ષકો થોડા સક્રિય હોત તો ઘણો ફેર પડ્યો હોત. પણ સ્ટાફની બાબતમાં ચિત્ર થોડું નિરાશાજનક હતું.

અહીંના સ્ટાફના સભ્યો વિશે ઘણું કહી શકાય એવી સ્થિતિ હતી પણ ઉપલાં બે ધોરણોના શિક્ષકોમાંના ત્રણ-ચાર શિક્ષકો સિવાય લગભગ બધા જ શિક્ષકો નિસ્તેજ હતા. પોતે જે વિષય ભણાવતા હોય એ વિષયમાં પણ એમની પૂરી સજ્જતા નહોતી. શાળાનું પુસ્તકાલય આટલું સમૃદ્ધ હોવા છતાં બેત્રણ શિક્ષકો સિવાય કોઈને મેં પુસ્તકાલયમાં ફરકતા જોયા નહોતા. એક શિક્ષક માન ઊપજે એટલો પુસ્તકાલયનો ઉપયોગ કરતા. હિન્દી અને અંગ્રેજીનું એમનું વાચન વિશેષ. પણ પ્રત્યેક પુસ્તકનાં પાનાં પર પોતે પોતાની રુચિ પ્રમાણે નોંધો અને લીટીઓ પણ કરતા રહેતા અને આ રીતે ઘણાં પુસ્તકો એમના હાથે ખરાબ

થયે જતાં. એમની આ ખરાબ ટેવને કોણ રોકે ?

એક શિક્ષકને શાળામાં સમયસર આવતા મેં કદી પણ જોયા નહોતા. શાળામાં પહેલો પિરિયડ શરૂ થઈ ગયો હોય ત્યારે એ, કશું વહી ન ગયું હોય એમ મંદ પગલે આવતા જણાતા. એક શિક્ષક ઘણુંખરું ટેબલ પર બેસીને ભણાવતા અને એમણે કાળા પાટિયા ઉપર ચૉકથી કશું લખ્યું હોય એવું જાણવામાં આવ્યું નથી.

આમ ધોરણ ૧૦ અને ૧૧માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભણાવતા કેટલાક શિક્ષકો સિવાય સમગ્ર ચિત્ર નિરાશાજનક હતું. અહીં એ ઉમેરવું જોઈએ કે આચાર્યશ્રી વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના ઉત્તમ અને ખૂબ જ શક્તિશાળી શિક્ષક હતા.

શાળાના વિદ્યાર્થીઓનું ચિત્ર, છાત્રાલયના કારણે ઊજળું હતું. અભ્યાસ માટે જ ગામડેથી આવતા વિદ્યાર્થીઓનું પ્રધાન લક્ષ્ય અભ્યાસ રહેતું. આ વિદ્યાર્થીઓ સમૂહમાં રહેતા એટલે અભ્યાસનું વાતાવરણ પણ ઉચ્ચ કોટિનું રહેતું. આ વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો પણ સારા પ્રમાણમાં ઉપયોગ કરતા. જેમણે સાહિત્યક્ષેત્રે નામ કાઢ્યું છે એવા અનામી, પીતાંબર પટેલ, ભોળાભાઈ પટેલ, પ્રકાશ ગજ્જર, ભગવત સુથાર, દિલીપ રૉય વગેરે તેમજ વિજ્ઞાનના ક્ષેત્રમાં નામના મેળવી ચૂક્યા છે તે પ્રહ્લાદભાઈ પટેલ (પી. સી. પટેલ) અને પીતાંબર પટેલ (ભાભા રિસર્ચ સેન્ટરમાં વિજ્ઞાની તરીકે કામ કરી ચૂક્યા છે તે) આ સંસ્થાના વિદ્યાર્થીઓ હતા. નરોત્તમભાઈ પટેલ અને પી. સી. પટેલ ધો. ૧૦માં હતા ત્યારે જ હિન્દી ભાષામાં વિશારદની ઉપાધિ મેળવી ચૂક્યા હતા.

ઉત્સવો એ સર્વ વિદ્યાલયનો એક વિશેષ હતો. શાળાનો વાર્ષિકોત્સવ નહીં, પણ રાષ્ટ્રીય ઉત્સવો એ સર્વ વિદ્યાલયની પ્રવૃત્તિનો મહત્ત્વનો પ્રસંગ. ૧૫મી ઑગસ્ટ – સ્વાતંત્ર્યદિન તરીકે સર્વ વિદ્યાલય ભારે ઉત્સાહથી ઊજવે. વિદ્યાર્થી આશ્રમના વચ્ચેના ખુલ્લા મેદાનમાંના સ્ટેજ પર રાત્રે રાસ, ગરબા, એકાંકી, વેશભૂષા વગેરેનું આયોજન થાય. આ રાત્રિ ઉત્સવ ફક્ત સર્વ વિદ્યાલય પૂરતો મર્યાદિત ન રહે. એ કડી અને આસપાસનાં ગામડાંનો ઉત્સવ બની રહે. રાત્રે આ સંસ્કાર કાર્યક્રમ જોવા આસપાસનાં ગામડેથી પણ લોકો આવે. આખું મેદાન માનવમેદનીથી હકડેઠઠ ભરાય. કાર્યક્રમ મોડી રાત સુધી ચાલે. કશી અશાંતિ કે ઉપદ્રવ વિના કાર્યક્રમ પૂરો થાય અને લોકો હરખાતા પોતપોતાના સ્થાને જાય.

એવી રીતે રેંટિયા બારસથી બીજી ઑક્ટોબર દરમિયાન વિવિધ કાર્યક્રમો

યોજાય. સફાઈ કાર્યક્રમ તો હોય જ. એની હરીફાઈ પણ થાય. પણ એ અઠવાડિયાનું મુખ્ય આકર્ષણ 'ગાંધી કુટિર' વિદ્યાર્થી-આશ્રમની સામે એનું આયોજન થાય. છાત્રો નાનીસરખી કુટિર (ઝૂંપડી) રચે. એને શણગારે. અંદર ગાંધીજીનો ફોટો મૂકે. અંદરનું વાતાવરણ સુગંધિત બને એ માટે ફૂલ, અગરબત્તી વગેરેનો ઉપયોગ થાય. કોઈ હોંશીલો વિદ્યાર્થી ક્યાંકથી રેંટિયો અને પૂણીઓ લાવીને કાંતવા બેસી જાય.

ઈ. સ. ૧૯૫૫ના અરસામાં નાથાભાઈની તબિયત બગડી હતી. એમને ક્ષય થયો હતો. ઉપચાર અને આરામ માટે એમણે પંચગની જવું એવું નક્કી થયું હતું. શાળામાં એક વર્ષ માટે એ રજા ઉપર રહેવાના હતા. આ એક વર્ષ માટે આચાર્યની નવી નિમણૂક ન કરતાં ચાલુ સ્ટાફમાંથી કોઈને એ ચાર્જ સોંપવો એવું મંડળે ઠરાવ્યું હતું. આ સોંપણી બાબતે નિર્ણય લેવા એક દિવસ સંચાલક મંડળની મિટિંગ થઈ હતી.

બીજા દિવસથી ઉનાળુ વૅકેશન શરૂ થવાનું હતું. હું વતન જવાની તૈયારી કરી રહ્યો હતો. વહેલી સવારે ચાર વાગ્યાની ગાડીમાં હું પરિવાર સાથે પાટણ જવાનો હતો.

સંચાલક મંડળની મિટિંગ પૂરી થયા પછી લગભગ છ વાગ્યે સંસ્થાના મંત્રી શ્રી છગનભાઈ રા. પટેલ મારે ત્યાં આવ્યા. એ સમયમાં હું ગૃહપતિ હતો એટલે કૅમ્પસમાં જ મારો આવાસ હતો. મંત્રીશ્રીએ આવીને મને કહ્યું : 'અભિનંદન, મોહનભાઈ !'

'શા નિમિત્તે આ અભિનંદન ?' મને તથ્યનો અણસાર તો આવી ગયો હતો છતાં મેં પૂછ્યું.

'જૂનથી તમારે શાળાના આચાર્ય તરીકે કામ કરવાનું છે.'

આ પદ મેળવવાની મારી કોઈ આકાંક્ષા નહોતી એટલે આ સમાચાર સાંભળી હું રાજી ન થયો. આ તબક્કે મંત્રીને શું કહેવું એ મને સમજાયું નહીં એટલે મેં મૌન સેવ્યું. મંત્રીશ્રીએ ઘેર જતી વખતે મારે ત્યાં ડોકિયું કર્યું હતું એટલે એ રોકાયા નહીં એટલે ઝાઝી કોઈ ચર્ચા ન થઈ.

આચાર્યની પસંદગીનો પ્રશ્ન ઊભો થયો ત્યારથી મંડળ ઑફિસમાં ઘણાં વર્ષોથી કામ કરતા અને પોતાની જાતને મહત્ત્વની માનતા શ્રી ભાઈલાલભાઈ પટેલ સ્ટાફ પરના શ્રી અંબાલાલ શિ. પટેલને આચાર્યપદ પર ગોઠવવા માગતા હતા અને એ માટેની પેરવીમાં એ સક્રિય હતા. મંડળની કારોબારીએ મારા નામનો ઠરાવ કર્યો એ પછી પણ એમની પેરવી ચાલુ રહી. એનો સિલસિલો

આ હતો :

રાત્રે અંબાલાલ મારી પાસે આવ્યા. એમણે કહ્યું :

'મારું એક કામ કરશો ?'

મારા અને અંબાલાલના સંબંધો સારા હતા. હું હંમેશાં એમને 'અંબાલાલભાઈ' કહીને સંબોધતો. એ એસ.એસ.સી.ના વર્ગોમાં અંગ્રેજી અને ઇતિહાસ ભણાવતા હતા. પણ હિન્દી ભાષાના પ્રખર અભ્યાસી. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની કોવિદની પરીક્ષામાં સારાયે ભારતમાં પ્રથમ આવ્યા હતા. એમનું હિન્દી સાહિત્યનું વાચન તો ચાલુ જ હતું.

'શું કામ કરવાનું છે ?' મેં પૂછ્યું.

'ફાઇનલની ઉત્તરવહીઓનું બંડલ શિક્ષણાધિકારીની કચેરીએ પહોંચાડવાનું છે.'

'જરૂર પહોંચાડીશ. ફિકર ન કરતા.'

'પણ એની સોંપણી માટેનો આવતીકાલે છેલ્લો દિવસ છે.'

'હું કાલે વહેલી ગાડીમાં પાટણ જાઉં છું, આખો દિવસ મળશે. તમારું બંડલ હું રૂબરૂ જઈને સોંપીશ.' મેં કહ્યું.

બીજે દિવસે વહેલી સવારે અમે ટ્રેનમાં જગ્યા લીધી. ગાડી ઊપડવા માટેની વ્હીસલ થવાની તૈયારી હતી એ વખતે શ્રી ભાઈલાલભાઈ અમે જે ડબામાં બેઠાં હતાં એ ડબા આગળ આવીને પ્લૅટફૉર્મ ઉપર ઊભા રહ્યા. એમણે મને કહ્યું : 'તમને અમીનસાહેબ યાદ કરતા હતા.'

અમીનસાહેબ એટલે શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન – સંસ્થાના ઉપપ્રમુખ અને સર્વ પ્રકારે કર્તાહર્તા. એમનો બોલ એ સંસ્થા માટે છેલ્લો નિર્ણય. સંસ્થાના પ્રમુખ તો અરવિંદપ્રસાદ મફતલાલ, પણ એ ઉદ્યોગપતિને આવી સંસ્થાઓ ચલાવવા માટે સક્રિય રહેવાનો સમય ન હોય. એટલે ઉપપ્રમુખ જ સંસ્થાસંચાલનનો બધો દોર હાથમાં રાખે. સંસ્થાનું કામ બંધારણ પ્રમાણે જ ચાલે પણ પ્રમુખ કે ઉપપ્રમુખનો પ્રભાવ એવો હોય કે એમની દોરવણી પ્રમાણે બધું સમુંસૂતરું ચાલે.

અત્યારે ગાડી ઊપડવાના સમયે ભાઈલાલભાઈએ કહ્યું : 'તમને અમીનસાહેબ યાદ કરતા હતા.'

અમીનસાહેબ સવારે ચાર વાગે થોડું યાદ કરે ? કે રાત્રે સૂવાના સમયે પણ યાદ ન કરે. એટલે આગલા દિવસે અમીનસાહેબને મળવાનો અવકાશ હોય એવા સમયે મને યાદ કર્યો હશે એમાં કશી શંકા ન હોય.

મેં ભાઈલાલભાઈને કહ્યું : 'ગાડી ઊપડવાની તૈયારી છે એ તો સમજ્યા, પણ અંબાલાલભાઈએ સોંપેલું આ બંડલ શિક્ષણાધિકારીની કચેરીમાં સોંપવાનું છે. અને સોંપણી માટેનો આજે છેલ્લો દિવસ છે. અમીનસાહેબને મારી વતી આટલી જાણ કરજો.'

રમત ન સમજી શકું એટલો મૂર્ખ હું નહોતો. અમીનસાહેબ આગળ શો રિપોર્ટ થશે એ મને એ વખતે જ સમજાઈ ગયું.

વૅકેશનમાં શ્રી અંબાલાલનો કાગળ મને મળ્યો. એમાં લખ્યું હતું : 'તમને મુખ્ય ગૃહપતિ તરીકે નીમવામાં આવ્યા છે. અભિનંદન. અમારો તમને સંપૂર્ણ સાથ અને સહકાર હશે.' આ સિવાય બીજું કંઈ લખ્યું નહોતું.

વૅકેશન દરમિયાન છાત્રાલયના ગૃહપતિઓમાંથી એકને થોડા દિવસ માટે વારા પ્રમાણે સંસ્થામાં હાજર રહેવાનું હોય છે. મારા વારા વખતે હું સંસ્થામાં હતો ત્યારે એક દિવસ અમદાવાદી દરવાજાના રસ્તે શાળાના શિક્ષક વાલજીભાઈ (કૉમન રૂમમાં જેમણે કોટપેન્ટ પહેરીને આવનારા શિક્ષકોના ટકવા વિશે શંકા દર્શાવી હતી તે શિક્ષક) મળ્યા. એમણે મને ઊભો રાખીને કહ્યું : 'મોહનભાઈ, તમે કેમ ના પાડી ?'

આટલા વાક્યમાં મને બધો સંદર્ભ સમજાઈ ગયો એટલું જ નહીં પણ આચાર્યપદ માટેની રમતમાં જે રમાવાની મને શંકા હતી તે સાચી ઠર્યાનું પણ બરાબર સમજાઈ ગયું. મેં વાલજીભાઈને કહ્યું : 'શાની ના કહેવાની વાત છે ?'

'તમે આચાર્ય થવાની કેમ ના પાડી ?'

મને શોભે એવો જવાબ મેં આપ્યો : 'હું બહુ નાનો માણસ છું. સ્ટાફ ઉપર મારા કરતાં સિનિયર ભાઈઓ છે એટલે આચાર્યપદનો ભાર ઉપાડવા હું તૈયાર થઈ જાઉં એ મને ન શોભે.''

બીજી ઝાઝી વાત કર્યા સિવાય હું છૂટો પડીને સ્ટેશન તરફ આગળ વધ્યો. મને મનમાં વસવસો એ રહ્યો કે અમીનસાહેબના સૂચનને અવગણીને હું એમને મળવા ન ગયો એવી છાપ એમના મન ઉપર પડી હશે. મારા માટે આટલી વાત દુઃખદ હતી બાકી આચાર્યપદ અંગે મનમાં જરા પણ અફસોસ નહોતો.

જૂનમાં શાળા ઊઘડે એ પહેલાં નાથાભાઈના વિષયો માટે એક શિક્ષકની નિમણૂક કરવી પડે એમ હતી. એ વર્ષોમાં જાહેરાત આપ્યા સિવાય પણ વ્યક્તિની સીધેસીધી નિમણૂક કરી શકાતી હતી. મેં મંડળને હરિભાઈ દેસાઈનું નામ સૂચવ્યું. હરિભાઈ દેસાઈ અને હું બી.એડ્.ના અભ્યાસ વખતે સાથે હતા. સારા મિત્રો બની ગયા હતા. અમે રોજ સાંજે જમ્યા પછી યુનિવર્સિટી કેમ્પસ સુધી

ફરવા જતા. એ વખતે યુનિવર્સિટીનું મકાન બનતું હતું. સાંજે કૅમ્પસ શાંત અને સૂનું હોય. અમે મકાન માટેના છૂટાછવાયા પડેલા પથ્થરોમાં કોઈ એક પર બેસીને વાતો કરતા. હરિભાઈ અનાવિલ બ્રાહ્મણ. પ્રકૃતિએ ગંભીર છતાં સ્વભાવે આનંદી. બી.એડ્.માં એ યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે પાસ થયા હતા. વિજ્ઞાનના એમના વિષયો. હિન્દી પણ સારું (અગિયારમા ધોરણમાં એક વર્ગમાં એમને હિન્દી ભણાવવાનું સોંપ્યું હતું) એમની નિમણૂક થઈ ગઈ.

નોંધવા જેવી વાત તો એ છે કે એ વર્ષે બી.એડ્.માં યુનિવર્સિટીમાં પહેલા ત્રણ નંબરે ઉત્તીર્ણ થયેલા શિક્ષકો સર્વ વિદ્યાલયના સ્ટાફ પર હતા. એક હરિભાઈ દેસાઈ બીજા પૂજાલાલ શાહ અને ત્રીજો હું. હરિભાઈ અને પૂજાલાલ સાયન્સના વિદ્યાર્થી અને હું આર્ટ્સનો. હરિભાઈ અને પૂજાલાલે સ્ટેટિસ્ટિક્સ વિષય પસંદ કરેલો અને એના વિકલ્પે મેં 'કરન્ટ પ્રૉબ્લેમ્સ' વિષય પસંદ કર્યો હતો. સ્ટેટિસ્ટિક્સમાં પૂરા માર્ક્સ મળી શકે (૫૦માંથી ૫૦) જ્યારે કરન્ટ પ્રૉબ્લેમ્સમાં એ શક્ય નહીં આના કારણે હું યુનિવર્સિટીમાં ત્રીજા સ્થાને રહ્યો.

જૂનની નિયત તારીખે શાળાનું સત્ર શરૂ થયું. અંબાલાલે આચાર્ય તરીકેનું પદ સંભાળી લીધું. કેવું ગણતરીપૂર્વકનું કામ હતું ! એ ગણતરીમાં એમની બુદ્ધિએ કામ કર્યું હતું કે બીજા કોઈની એ ઝટ સમજાય એવું નહોતું. એક જ તીરથી એમણે બે લક્ષ્ય વીંધ્યાં હતાં. પ્રથમ તો આચાર્યની જવાબદારી સ્વીકારવાની સંમતિ અગાઉ એમણે એ શરત મૂકી કે એમને આચાર્યને મળતો પગારસ્કેલ મળવો જોઈએ. એ પોતે અને મંડળ સૌ જાણતા હતા કે આ નિયુક્તિ સાવ હંગામી ધોરણે છે. એક વર્ષની જ રજા ઉપર ગયેલા નાથાભાઈ નવા વર્ષે તો પાછા આવવાના હતા. છતાં અંબાલાલની આ માગણી હતી. મંડળે એ સ્વીકારી લીધી. આપેલો સ્કેલ વર્ષ પૂરું થયા પછી પાછો ખેંચાવાનો નથી એ અંબાલાલ જાણતા જ હશે. પહેલા લક્ષ્યમાં એમણે મોટો આર્થિક લાભ મેળવી લીધો. એમણે બીજું લક્ષ્ય સિદ્ધ કર્યું તે છાત્રાલયના મુખ્ય ગૃહપતિ તરીકેનો કાંટાળો તાજ ઉતારી દીધો તે. છાત્રાલયમાં ગૃહપતિ કે મુખ્ય ગૃહપતિ તરીકેની જવાબદારી સંભાળવાનું કામ કેટલું કપરું હોય છે તે તો તે સંભાળનાર જ જાણે. અંબાલાલ આ કપરી જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા. મુખ્ય ગૃહપતિ તો શું, મદદનીશ ગૃહપતિ તરીકેનું કામ પણ માથેથી દૂર કરી દીધું. આચાર્ય મદદનીશ ગૃહપતિ તો હોય જ નહીં ને.

મુખ્ય ગૃહપતિનો કાંટાળો તાજ મેં માથા પર ન લીધો હોત. પણ ચાલતા કાર્યમાં રોડાં નાખવાની મારી આદત નથી. સંસ્થાના હિતમાં, અનિચ્છા હોવા

છતાં એ કામ મેં સ્વીકાર્યું. ગૃહપતિ તો હતો જ, મુખ્ય ગૃહપતિ બન્યો.

શક્તિ વિના કરેલી ગણતરીઓ અવળી પડે છે એ કદાચ અંબાલાલે વિચાર્યું નહીં હોય. સૌથી સિનિયર હોવા છતાં એક પણ પ્રસંગે એમણે આચાર્યના કામમાં સહાય કરી હોય એવું અમારા જોવામાં આવ્યું નહોતું. મુક્ત હોય ત્યારે કૉમન રૂમની ખુરશી પર બેસી રહીને લાઇબ્રેરીનાં પુસ્તકો કે હિન્દી મૅગેઝિનો વાંચ્યા કરવાં અને અગાઉ કહ્યું તેમ પુસ્તક કે માસિકમાં લીટીઓ તાણ્યા કરવી કે ટૂંકી નોંધ લખ્યા કરવી એ સિવાય શાળા સંચાલનમાં કે શાળાની ઇતર પ્રવૃત્તિઓમાં એમણે કદી કંઈ કર્યું નહોતું.

કામ હાથમાં લીધા પછી જ એમને એના અઘરાપણા વિશે ખ્યાલ આવ્યો હશે. એમનાં પત્ની પાસેથી જાણવા પ્રમાણે નિશાળેથી છૂટ્યા પછી (શાળા એ વખતે સવારની હતી) ઘેર આવીને જમ્યા સિવાય પછેડી (!)ની સોડ તાણીને સૂઈ જતા હતા.

ધ્યાનથી નીરખનારને આશ્ચર્ય થયું હશે કે અંબાલાલના માથે આવું ટેન્શન ન રહે અને શાળાનું કામ સૂતરું ચાલે એ હેતુથી હું અને હરિભાઈ દેસાઈ બરાબર સક્રિય રહ્યા. અને કાર્યાલયમાં થતું વહીવટીકામ જે. યુ. રાવલે ઉપાડી લીધું. જે. યુ. રાવલ અંગ્રેજીના જૈફ ઉંમરના શિક્ષક. એ શાળા છૂટ્યા પછી સાડાબાર – એક વાગ્યે ઘેર પહોંચ્યા હોય. અઢી-ત્રણ વાગ્યે પાછા શાળામાં આવી પહોંચતા. નિષ્ઠાવાન શિક્ષક. સ્વભાવમાં જરાય આળસ નહીં.

બધું સમુંસૂતરું ચાલવા લાગ્યું હતું ત્યાં વળી, અંબાલાલ માટે દુષ્કાળમાં અધિક માસ જેવી સ્થિતિ ઊભી થઈ. નાથાભાઈએ શાળામાં લોકશાહી પદ્ધતિથી વિદ્યાર્થી યુનિયનનો આરંભ કરેલો. ચૂંટણી માટેનો સમય આવી પહોંચ્યો સમજી વિદ્યાર્થીઓમાં એની હલચલ શરૂ થઈ, પણ ઑફિસ તરફથી હજુ કંઈ અણસાર મળતો નહોતો. શાળામાં ચૂંટણી સંદર્ભે કોઈ પણ જવાબદાર વ્યક્તિનું મન એના આયોજન પ્રત્યે ઉદાસીન બની જાય એ સ્વાભાવિક છે. ચૂંટણી સાથે ખટપટ, અશાંતિ, વેરઝેર, મારામારી જોડાયેલાં રહે છે એ કોણ નથી જાણતું ? ચૂંટણી મોટી કે નાની પેલાં અનિષ્ટ તત્ત્વો એને વળગેલાં રહેવાનાં. આ કે તે, ગમે તે કારણે ચૂંટણીમાં વિલંબ થઈ રહ્યો હતો. વિદ્યાર્થીઓમાં એક એવી હવા પ્રસરવા લાગી કે આચાર્ય ચૂંટણી ટાળવા માગે છે. આ હવાના કારણે વિદ્યાર્થીઓનાં મન ઉત્તેજિત થવા લાગ્યાં.

ઑફિસ સાથે કંઈ વાટાઘાટ થઈ કે કેમ, એ અંગે અમને કંઈ જાણવા મળ્યું નહોતું. પણ વિદ્યાર્થીઓએ ચૂંટણીની માગણી આગળ ધરીને હડતાળ શરૂ

કરી. એ વખતે અમીનસાહેબ સંસ્થામાં હતા. શિસ્તમાં માનનાર અને ચોકસાઈથી એને પાળનાર જૂની પેઢીના માણસો એને કેમ સાંખી શકે ? શહેરમાં રહેતા મંત્રીઓની આવનજાવન શરૂ થઈ. એ વખતે છગનભાઈ રા. પટેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સક્રિય મંત્રી. એમણે ભારે હાથે કામ લેવા ધાર્યું. હડતાળમાં જેમણે આગેવાની લીધી હોય એવા વિદ્યાર્થીઓને ધાકધમકી આપવા માંડી. ધાકધમકી કે આકરી શિક્ષાથી પ્રશ્નો ઊકલતા નથી. વાત વણસી અને છાત્રાલયના વિદ્યાર્થીઓ છાત્રાલય છોડીને ચાલ્યા જાય એવી સ્થિતિનાં એંધાણ દેખાવા લાગ્યાં.

અંબાલાલના માથે દિનપ્રતિદિન ટેન્શન વધતું જતું હોય એવું જણાયું. એમને કમળાની અસર થયાનું સાંભળવા મળ્યું. વહેતી વાત પણ હોય.

ગમે તેવો પ્રશ્ન હોય, આખરે હલ તો થાય જ ને ?

પ્રશ્ન કેવી રીતે હલ થયો, ચૂંટણી થઈ કે નહીં એ અત્યારે યાદ નથી. પણ સંસ્થાની છાપ બગડે નહીં એ ધ્યેયને નજરમાં રાખીને અમે સૌએ જહેમત સાથે કામ કર્યું. અને વર્ષને અંતે, પાછળનાં કેટલાંક વર્ષોમાં શાળાનું એસ.એસ.સી.નું પરિણામ ન આવ્યું હોય એવું એટલે કે ૯૫ ટકા પરિણામ આવ્યું. અને છાત્રાલયના વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ ટકા હતું. અત્યારે ૧૦૦ ટકા પરિણામ એ સામાન્ય વાત છે પણ એ સમય (૧૯૫૫) ૧૦૦ ટકા પરિણામવાળો નહોતો જ.

■

# ૧૬
# છાત્રાલયમાં ગૃહપતિ

[નોંધ : આ પ્રકરણ સમયની દૃષ્ટિએ પ્રકરણ નં. ૧૨ (સર્વ વિદ્યાલયમાં)ને અનુસરતું નથી. બંને પ્રકરણની ઘટનાઓનો આરંભ ૧૯૫૦ના જુલાઈથી થાય છે એટલે બંને પ્રકરણની ગતિ સમાંતર સમજવી.]

છાત્રાલયના ગૃહપતિ બનવાની મનમાં કશી કામના નહીં. એ તરફની રુચિ પણ નહીં એટલે એ દિશામાં કશું વિચારેલું પણ નહીં. પણ એક દિવસ શ્રી રામભાઈની સાથે નાથાભાઈને મળવાનું થયું. નાથાભાઈએ રામભાઈને લખેલા પત્રના આધારે સર્વ વિદ્યાલયમાં આવવાનું થયેલું એ હકીકત અગાઉ જણાવેલી છે.

વાતચીત દરમિયાન રામભાઈ એક દરખાસ્ત રજૂ કરતા હોય એ રીતે એમણે નાથાભાઈને કહ્યું : 'મોહનભાઈને ગૃહપતિ બનાવો.'

ક્ષણનો પણ વિલંબ કર્યા વિના નાથાભાઈએ કહ્યું : 'બીજી વાત કરો.'

આનો અર્થ એ થયો કે નાથાભાઈની દૃષ્ટિએ વિદ્યાર્થી-આશ્રમના ગૃહપતિ બનવાની મારામાં લાયકાત નહોતી. હું હંમેશાં કોટપાટલૂનમાં સજ્જ રહેતો. શ્રી નાથાભાઈને હું કોઈ શોખીન જુવાન છોકરો લાગ્યો હોઈશ. આ પહેરવેશ પ્રથમ દૃષ્ટિએ ગૃહપતિની લાયકાતનો છેદ ઉડાડનારું કારણ બન્યો.

મને પૂછ્યા સિવાય કે ગૃહપતિપદ અંગેની મારી સાથે કશી વાત કર્યા સિવાય રામભાઈએ નાથાભાઈ સમક્ષ ગૃહપતિ પદ માટેની વાત મૂકી એ મને ન ગમ્યું. પણ જે કહેવાઈ ગયું તે કહેવાઈ ગયું ! આમાં રામભાઈનો કશો દોષ નહોતો. વડોદરામાં નાનુભાઈ પટેલ પછી થોડા સમય માટે છાત્રાલયને સંભાળવાની જવાબદારી મારે સ્વીકારવાનું થયું હતું એ રામભાઈ ત્યાંના છાત્ર હોવાના કારણે જાણતા હતા. મોટી ઉંમરના અને કૉલેજમાં ભણતા છાત્રો સાથે કામ લેવાનું ક્યારેક અઘરું અથવા વસમું બની રહે. જેટલા સમય માટે મેં સુકાન

સંભાળ્યું હતું એટલો સમય કશા અવરોધ કે અશાંતિ વગર સારી રીતે કામ ચાલ્યું હતું. કોટ-પેન્ટ સિવાયની આ દુનિયા રામભાઈએ જોઈ હતી એટલે જ એમણે પેલી દરખાસ્ત મૂકી હશે એમ હું સમજું છું.

નાથાભાઈની ઉક્તિ પછી રામભાઈ કંઈ ન બોલ્યા. નાથાભાઈના શબ્દો નિર્ણાયક સૂરવાળા હતા એટલે રામભાઈને કંઈ વિશેષ કહેવા જેવું નહીં લાગ્યું હોય. એટલે વાત ત્યાં અટકી ગઈ.

સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે કામગીરી સંભાળી એ વખતે એકાદ મહિનો છાત્રાલયમાં મને આપવામાં આવેલી મેઢા પરની એક રૂમમાં હું રહ્યો હતો. એ પછી હું શહેરમાં પત્ની સાથે ભાડાના મકાનમાં રહેતો થયો હતો.

દસ-અગિયાર મહિના જેટલો સમય શહેરમાં રહેવાનું થયું હશે એ પછી એક દિવસ નાથાભાઈએ મને બોલાવ્યો અને કહ્યું : 'ગૃહપતિનું કામ સંભાળશો ?'

મારા આશ્ચર્યનો પાર નહોતો.

તત્ક્ષણ જે જવાબ આપવો જોઈતો હતો તે મેં ન આપ્યો. એક વખત જે પદ માટે સ્પષ્ટ ઇન્કાર હતો તે હવે સામે ચાલીને કેમ આપવામાં આવતું હતું તે અંગે કશો ઊંડો વિચાર કરવો પડે એમ નહોતું. એક સફળ શિક્ષક તરીકેનો વિદ્યાર્થીઓ પરનો પ્રભાવ મુખ્ય કારણરૂપ હતો એ મારે મન દેખીતું હતું. વિદ્યાર્થીઓ પ્રત્યેનો સદ્ભાવ પણ કારણરૂપ ખરો.

ગૃહપતિ બનવા માટેની આંતરિક રુચિ તો નહીં, પણ હું એક સારો ગૃહપતિ પણ બની શકું છું એ દેખાડવા માટે જ, પેલી ઘવાયેલી ખુમારીવશ મેં કહ્યું : 'સંસ્થા ઇચ્છતી હોય તો એ કામ હું કરીશ.'

પદ સ્વીકારવાની સંમતિ સમજીને નાથાભાઈએ એક મહત્ત્વનો સવાલ પૂછ્યો : 'બીડી પીઓ છો ?'

આવો સવાલ પૂછવાનું એમણે કેમ વિચાર્યું હશે ? ભપકાદાર કૉલેજિયન જેવા દેખાતા યુવકોમાં ધૂમ્રપાનનો દોષ હોય પણ ખરો એવું સમજીને અથવા એમના તે સમયના બે ગૃહપતિઓને ખાનગીમાં બીડી પીવાની આદત હતી એ એમના જાણમાં આવ્યું હોય એટલે કદાચ આ નવો ગૃહપતિ પણ એ માર્ગનો સહેલાણી નથી એવું જાણવા માટે આ પૂછ્યું હોય. (ગૃહપતિ બનવાની ઇચ્છા ધરાવનાર વ્યક્તિનો શો જવાબ હોય એ નાથાભાઈએ નહીં વિચાર્યું હોય ?)

મેં જવાબ આપ્યો : 'અગાઉ દેખાદેખીથી એવો શોખ કરેલો. હવે એમાંનું કંઈ નથી.'

કિશોરકુંજના છાત્રોનો હવાલો મને સોંપવામાં આવ્યો. આ છાત્રનિવાસમાં ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ હતા. એકથી પંદર રૂમો ૧૩, ૧૪ અને ૧૫ રૂમો પ્રમાણમાં નાની. પહેલી રૂમને ગૃહપતિ-નિવાસમાં ફેરવેલી. ૧૨મી રૂમ સાવ સાંકડી. એનો હેતુ ઑફિસ તરીકે વાપરવાનો હશે. પણ એને સંગીત શિક્ષકને રહેવા માટે આપી હતી. સંગીત-શિક્ષક અંધ હતા અને એકલા હતા. બાકીની બધી રૂમો ડોર્મેટરી જેવી. દરેકમાં આઠથી બાર છાત્રો રહેતા. ત્રણ બાજુએ રૂમો હતી અને એક દીવાલ ઓરડીઓ વગરની હતી. આ દીવાલમાં મુખ્ય દરવાજો હતો. પ્રવેશતાં જમણી બાજુએ પાણીની ટાંકી. છાત્રાલયની વચ્ચે ખુલ્લી જગ્યા. આ ખુલ્લી જગ્યાના મધ્યમાં બોરસલ્લીનું એક નાનું પણ ઘટાદાર વૃક્ષ હતું. સામેની રૂમોની આગળ બંને ખૂણા તરફ લીમડાનાં મોટાં વૃક્ષ હતાં. રૂમોને સંલગ્ન આગળની બાજુએ છૂટથી ફરી શકાય એવી લૉબી હતી.

પહેલી રૂમમાં ગૃહપતિ-નિવાસ. રૂમ મોટી. એને બે ભાગમાં વહેંચવા માટે રૂમની મધ્યમાં લગભગ છ-સાડા છ ફૂટની ઊંચાઈનું ભીંતડું ચણી લીધેલું વચ્ચે અવરજવર માટે ચણતરમાં ત્રણેક ફૂટની જગ્યા બાકાત રાખેલી. ભીંતડું ધોળેલું ખરું, પણ એને પ્લાસ્ટર નહીં. ભીંતડાની આગળનો ભાગ બેઠક-રૂમ ગણી લેવાનો અને પાછળના ભાગમાં બૅગો, પીપ, ડબા વગેરે ઘરવપરાશનો જે કંઈ સામાન હોય તે રહે. રાત્રિના પ્રકાશ માટે ભીંતડામાં પેલી ચણતર સિવાયની જગ્યા ઉપર લગભગ દસેક ફૂટની ઊંચાઈએ રહે એવો છાપરાની પીઢથી વીજળીના દોરડા (તાર) દ્વારા લટકતો ૪૦ વૉટનો બલ્બ. ઘરમાં (રસોડા સિવાય) આ એક માત્ર બલ્બ. સંસ્થા તરફથી પૂરું પાડવામાં આવેલું ફર્નિચર – ખૂણામાં ગોઠવેલું એક નાનું ટેબલ અને એની આગળ મૂકેલી લાકડાની (વર્ગોમાં મુકાય છે તેવી) ખુરશી. ટેબલ અને ભીંતડાની વચ્ચે દીવાલને લગતો લોખંડની ફ્રેમ અને લાકડાના પાટિયાવાળો પલંગ. રૂમની આગળની લૉબીનો લગભગ આઠેક ફૂટ જેટલો ભાગ ઉપર દીવાલ ચણી લઈને રસોડાના રૂપમાં ફેરવી દીધેલો. આગળ બારણું મૂકેલું જે લૉબીમાં પડે. અને ઘરમાંથી રસોડામાં અવરજવર કરવા માટેનો દરવાજો અલગ. રસોડામાં પણ ૪૦ વૉટનો એક વીજળીનો બલ્બ. આખા નિવાસમાં સરવાળે બે બલ્બ !

નિવાસમાં બાથરૂમ નહીં. એના બદલે ભીંતડાની પાછળના ભાગમાં બે દીવાલ વચ્ચેના ખૂણામાં એક સાંકડી ચોકડી. નિવાસમાં સંડાસ પણ નહીં ! સંડાસ માટે છાત્રોના ઉપયોગના હેતુથી રાખવામાં આવેલાં, ખસેડી શકાય અને ખાડામાં પાવડીથી માટી નાખી શકાય એવાં પતરાં જડેલાં લાકડાંની ફ્રેમવાળાં

જાજરૂ.

છાત્રાલય અને શાળા – સર્વ વિદ્યાલય એક જ કૅમ્પસમાં હતાં. આ કૅમ્પસ એ વખતે લગભગ ૨૪ વીઘાનું. નર્યો વગડો. સામે સ્ટેશન અને બાકીની ત્રણ બાજુએ ખેતરો. વગડા જેવા આ કૅમ્પસમાં સાપ બહુ નીકળતા. મોટા ભાગે તો નાગ જ. જૂન-જુલાઈ અને ઑગસ્ટ પણ ગરમી અને ભેજના દિવસો. એટલે એ સમયગાળામાં સાપનો ઉપદ્રવ વધી પડે. કુંજના મકાનની પ્લીન્થ માંડ ૯ કે ૧૦ ઇંચ. સાપ કે નાગ ગમે ત્યારે રૂમમાં ઘૂસી જઈ શકે એટલે એક જોખમની ચિંતા રહ્યા કરે. પણ છાત્રોના માથા પર આવી ચિંતાનો કોઈ ભાર નહીં. એ તો કોઈ સાપ કે નાગને નીકળેલો જુએ એટલે જાણે ઉમંગમાં આવી જાય અને ઈંટાળા, પથરા કે અન્ય કોઈ સાધનના પ્રહારથી એને પૂરો જ કરે. આવા કેટલાય નાગને છાત્રોના પ્રહારથી મરતા જોવાનું બન્યું છે. ભૂતકાળમાં એક છાત્રનું સર્પદંશથી અવસાન થયું હોવાનું સાંભળવા મળ્યું હતું. મૃત હાલતમાં મળેલો આ છાત્ર સર્પદંશથી જ મૃત્યુ પામ્યો હશે એવી એક દૃઢ માન્યતા બંધાઈ હતી. આ છાત્રની સ્મૃતિમાં વિદ્યાર્થી-આશ્રમના છાત્રોએ એક લીમડાના વૃક્ષને ફરતો ચોતરો ચણ્યો હતો જે મૃતછાત્રના નામ નાનજીના નામે ઓળખાતો હતો.

સવારનો ઊઠવા માટેનો બેલ વાગે ત્યારે હું પણ અચૂક ઊઠી જતો. વહેલા ઊઠવાનું સ્વભાવમાં નહોતું. અઘરું જણાતું, પણ વિદ્યાર્થીઓ જાગ્યા કે નહીં અને જે ન જાગ્યા કે ઊઠ્યા ન હોય તેમને ઉઠાડવાની ફરજ બનતી હોઈ, અઘરું લાગે તોપણ ઊઠી જતો. રૂમોમાં છાત્રો ઊઠી ગયાની ખાતરી કરી લીધા પછી નિવાસમાં આવી પલંગમાં સૂતાં સૂતાં કોઈ ને કોઈ સાહિત્યનું પુસ્તક વાંચતો. ટેબલ-ખુરશી વીજળીના ગોળાથી દૂર ખૂણામાં હતાં એટલે ત્યાં બેસીને વાંચવાનું અગવડભર્યું હતું. પલંગનો ઓશીકા તરફનો ભાગ વીજળીના ગોળાથી થોડો નજીક એટલે પલંગમાં સૂતાં સૂતાં વાંચવાનું સુગમ હતું.

સત્રનો આરંભ એટલે આખું વૅકેશન વતનમાં કુટુંબ અને ગોઠિયાઓ સાથે ગાળીને આવેલાં છાત્રો બેચેન હોય. ઘર યાદ આવતું હોય. જે નવા દાખલ થયા હોય એમની સ્થિતિ તો સાવ દયાજનક બની રહેતી. છાના છાના રડ્યા કરે. કોઈક તો એટલા બધા હોમ-સીક હોય કે કોઈને પણ જણાવ્યા વગર ઘેર જવા ભાગી છૂટે. પાંચમા ધોરણનો છાત્ર આવી રીતે છાત્રાલય છોડીને નીકળી ગયો હોય ત્યારે ગૃહપતિની ચિંતાનું કારણ બની જાય. માબાપ ગામડાનાં હોય, ઘરમાં કે ગામમાં ટેલિફોન ન હોય (૧૯૫૦ના અરસામાં આ સ્થિતિ હતી) વાલીને ખબર આપવા કોઈક તો રસ્તો શોધવો પડે. આવા સમયે ગૃહપતિએ

સતત તકેદારી રાખવી પડે. બેચેન કે રડતા છાત્રને ધીરજ અને હૂંફ આપવા માટે એક માતા જેવી શક્તિને કામે લગાડવી પડે. ગૃહપતિ એટલે શું તે આવા સમયે સમજાય.

મંડળના એક મંત્રી ઘણી વાર કહેતા : 'ગૃહપતિને કરવાનું શું ? છોકરાંને રમાડવાં અને જમાડવાં. બીજું શું ?'

ગૃહપતિની ફરજો, કાર્ય અને જવાબદારીઓ વિશે સંસ્થાના મંત્રીઓ પૈકીના એક આવું બોલતા હોય અર્થાત્ છાત્રાલય, છાત્ર અને ગૃહપતિ વિશે આવું અજ્ઞાન ધરાવતા હોય તો સમાજના અદના માનવીને તો આ ક્ષેત્રની શી જાણ હોય ?

શાળાના આચાર્યના માથે ચિંતાનો ભાર દિવસમાં મર્યાદિત કલાકો માટે, જ્યારે ગૃહપતિના માથે જવાબદારીનો ભાર ૨૪ કલાકનો. માંદગી, અકસ્માત, છાત્રોના નાની-નાની વાતમાં થઈ જતા ઝઘડા અને એમાંથી ગામવાર ગ્રૂપમાં થઈ જતી મારામારી, રસોડાના પ્રશ્નોના કારણે થતી હડતાળ, બહારના દૂષિત વાતાવરણની અસર, માંહોમાંહે થતી ચોરી, વિવિધ પ્રકારનાં આંદોલનોને લીધે પળાતા બંધના કારણે શાળા પર અને તેથી છાત્રાલય પર થતી અસર, કોમી અશાંતિ વખતે છાત્રાલયનો વિદ્યાર્થી બહાર ન જાય તેના માટે દાખવવી પડતી સભાનતા, કોઈ વિદ્યાર્થી કશી લાલચમાં આવીને ગામ કે શહેરનાં અસામાજિક તત્ત્વોનો હાથો કે ભોગ ન બને તે માટે ગૃહપતિએ રાખવી પડતી જાગરુકતા, કુદરતી આફતો સમયે દાખવવી પડતી સમયસૂચકતા... આ બધી જંજાળ નાનીસૂની નથી. પાંચસાત માણસના કુટુંબનો ભાર વહન કરવામાં કુટુંબનો મોભી જાણે જવાબદારીઓના કોશેટામાં ગૂંગળાતો હોવાની ફરિયાદ કરતો હોય છે. એની તુલનામાં છાત્રાલય તો ઘણા વિદ્યાર્થીઓનો એક પરિવાર. હું જ્યાં ગૃહપતિ હતો તે છાત્રાલયમાં આશ્રમ અને કુંજના મળીને છાત્રોની સંખ્યા ૩૫૦ કરતાં વધારે હતી. આ સંખ્યાને સમગ્રપણે સાચવવાની જવાબદારી સંયુક્તપણે બધા ગૃહપતિઓની. અહીં પોલીસ ખાતા જેવું નહીં – ફરિયાદ કરવા જાઓ એટલે સાંભળવા મળે, ગુનો અમારી રેન્જમાં બન્યો નથી. જ્યાં તે બન્યો હોય તેના વિસ્તારની કચેરીએ જાઓ. લોહીલુહાણ શખ્સને લઈને ફરિયાદીએ ભટકતા ફરવું પડે – અહીં છાત્રાલયની દુનિયામાં તો જે ગૃહપતિ હાજર હોય એણે પરિસ્થિતિ સંભાળી લેવી પડે.

ગૃહપતિની જવાબદારીની ખરી કસોટી કુદરતી આફતો વખતે થાય. પ્રકરણ ૧૦માં ધરતીકંપના આંચકા વખતે ઊભી થયેલી પરિસ્થિતિનું વર્ણન

કરેલું છે.

બીજી એક જુદા પ્રકારની છતાં એટલી જ જવાબદારીવાળી કુદરતી આફતમાંથી ઈ. સ. ૧૯૫૮ના એપ્રિલની ૧૦મી તારીખે જમ્યા પછી સાંજે ફરવાના સમયે પસાર થવું પડ્યું. એ દિવસે સાંજનું ખાણું લીધા પછી રોજની ટેવ પ્રમાણે છાત્રો ફરવા નીકળ્યા હતા. કોઈ રેલવે ટ્રેક ઉપર, કોઈ ખેતરોમાં અને કોઈ સંસ્થાના કૅમ્પસમાં વિહાર કરતા હતા. કેટલાક સંસ્થાના મેદાનમાં વાતો કરતા ટોળે મળીને બેઠેલા હતા.

અમે છાત્રાલયના ગૃહપતિઓમાંથી ત્રણ – હું, સોમભાઈ અને છગનભાઈ પટેલ (જે પછીથી અમેરિકાની ટ્રાયટન કૉલેજમાં મનોવિજ્ઞાનના પ્રોફેસર બન્યા હતા) શાળાના હેડક્લાર્ક આત્મારામ પટેલ અને આશ્રમમાં વ્યવસ્થા પ્રાપ્ત શિક્ષક રાજન સાંજના આ સમયે રોજ નાની કડીના રસ્તે ખેતરોની ડાંગરની સૂકી ક્યારીઓમાં વાતો કરતા બેસતા તેમ એ દિવસે પણ બેઠા હતા.

દિવસનો આ એવો સમય હતો કે જ્યારે પક્ષીઓ પોતપોતાના માળામાં કે સ્થાને ગોઠવાઈ ગયાં હોય અર્થાત્ આકાશ સૂનું હોય પણ આજે અમે આકાશમાં પંખીઓનાં ટોળાં અસાધારણ ગતિએ ઊડીને પૂર્વ (ચોક્કસપણે ઈશાન) દિશા તરફ ગતિ કરતાં જોયાં. આ પક્ષીઓને જોયાં ત્યાં સુધી અમારી નજર નૈર્ઋત્ય તરફ ગઈ નહોતી. હવે એ તરફ નજર જતાં અમે લગભગ ચોંકી જ ઊઠ્યા. એ ખૂણાનું આખું આકાશ ડામર જેવા રંગનાં કાળાં વાદળથી છવાઈ ગયું હોય એવું જણાયું. પણ થોડી જ ક્ષણોમાં સમજાઈ ગયું કે એ વાદળ નહીં પણ આંધી હતી ! અત્યાર સુધી ઘણી આંધીઓ જોઈ હતી પણ તેમનો રંગ તો ભૂખરો અથવા ધૂળિયો, પણ આવો કાળા ડામર જેવો નહીં. અમે ત્યાંથી ઊઠીને ચાલવા માંડીએ એ પહેલાં તો એ આંધીમાં ઘેરાઈ જ ગયા. નાક સામે ધરેલી આંગળી પણ ન દેખાય એવું ઘોર અંધારું છવાઈ ગયું હતું. હજુ તો અમે ધીરી લહરીઓવાળા અંધારાના કોશેટામાં ભરાઈ પડ્યા હોઈએ એવું લાગ્યું પણ પેલી ધીરી લહરીઓ હવે રુદ્ર રૂપ ધારણ કરવા લાગી હોય એવું જણાયું અને થોડી જ પળોમાં ઝંઝાવાતી પવનનો અનુભવ થવા લાગ્યો. અંધારાના સાગરમાં આગળ વધી શકાય એવું નહોતું. મનમાં એક ભીતિ પ્રવેશી – હમણાં વૃક્ષો કડ્ડ્ડ્ કરતાં તૂટી પડશે, છાપરાં ઊડશે... અને પેલા ફરવા નીકળેલા છાત્રોનું શું ? એક બિહામણા ભયે અમને ગૃહપતિઓને ઘેરી લીધા. અન્ય મિત્રોને તો જાત કે કુટુંબ સાચવી લેવાનાં હતાં. અમારે અમારા ૩૫૦ કરતાં વધારે છાત્રોના કાફલાને સહીસલામત રીતે આંધીમાંથી ઉગારી લેવાનો હતો. પણ અહીં અમે

એક મીટર પણ આગળ વધીએ એવી સ્થિતિમાં નહોતા.

સમય એવો હતો કે બધા જ છાત્રો બહાર હોય. પવનની ગતિ વધવા લાગી હતી. આવી આંધી વખતે જૂનાં-પુરાણાં અને તોતિંગ ઝાડ આખાં અથવા એમનાં જંગી ડાળાં તૂટી પડતાં હોય. ફરવા નીકળેલા છાત્રોને એકસામટી સૂચના આપીને સલામત પાછા શી રીતે બોલાવવા ? અમે જ એક ડગલું આગળ વધી શકીએ એમ નહોતા તો આ અત્યંત જરૂરી ફરજ શી રીતે પાર પાડવી ?

નિઃસહાય બનીને આંધીનું અંધારું ઓછું થવાની રાહ જોતા અમે ખેતરની ડાંગરની ક્યારીમાં જ રોકાયેલા રહ્યા.

આંધીનું અંધારું ધીરે ધીરે આછરતું થયું, પણ પ્રકૃતિનું કુદરતી અંધારું આકાશમાંથી ઊતરવા લાગ્યું. પવનની ગતિ પણ વૃક્ષોને ઉખાડી ન મૂકે એવી થઈ. હવે જરા પણ થોભ્યા વગર અમે છાત્રાલય તરફ બની શકે એટલી ઝડપે ચાલવા માંડ્યું.

છાત્રાલયના કૅમ્પસમાં અમે પ્રવેશ કર્યો ત્યારે અમને ઝટ સમજાઈ ગયું કે લગભગ બધા છાત્રો હેમખેમ પાછા આવી ગયા હતા. જે બાકી હતા તે પણ આવી રહ્યા હતા.

જોમ અને જુસ્સાથી તરવરાટભર્યા તરુણ અને યુવાનીના ઉંબરે પહોંચી ગયેલા છાત્રો જુસ્સાના કારણે ઘણી વાર ચિંતાનું કારણ બની રહેતા. એક વખત નજીકના એક ગામ (સ્મૃતિમાં સ્પષ્ટ નથી પણ નરસિંહપુરા હોવાનો ખ્યાલ છે.)માં આગ લાગ્યાના ઊડતા સમાચાર આવ્યા. ગામનાં બધાં મકાનો આર.સી.સી.નાં હોય એવો એ સમય નહોતો. મેડી, ડાગળામાં લાકડું વધારે. ઘણાં ઘરોમાં કે ડેલીઓમાં ઘાસ-બળતણ પણ હોય. આગ લાગે એટલે એ બધું એમાં હોમાય અને સુસવાટાબંધ પવનનું કારણ બને. આગ જોવાના કુતૂહલથી, કદાચ આગ હોલવવામાં મદદરૂપ થવાના હેતુથી અને વિશેષ તો દેખાદેખીથી ઘણા છાત્રોએ આગમાં સપડાયેલા એ ગામ તરફ દોટ મૂકી. કોને, કઈ રીતે અટકાવવા ? એક જ ઉપાય હતો – ગૃહપતિએ આ છાત્રોની પાછળ ભાગવું અને સ્થળ ઉપર જઈને એમના જોશ પર અંકુશ મૂકવો ! અમારામાંથી જે ઝડપથી પહોંચી વળે એવા એક ગૃહપતિએ આગના સ્થળે પહોંચી જવાનું કામ ઉપાડી લીધું.

ઠીક ઠીક સમય તો ગયો પણ સૌ પાછા આવી ગયા એટલે અમારા સૌનો જીવ હેઠો બેઠો.

નાની નાની વાતોમાં આ છાત્રો કેવી ચિંતાનું કારણ બને છે એના

ઉદાહરણરૂપ એક ઘટના અહીં નોંધવા જેવી છે. શાળામાં એસ.એસ.સી.ની પ્રિલિમિનરી પરીક્ષા ચાલતી હતી. બે પેપર ગયાં હતાં. એ રાત્રે પ્રાર્થના પછી ઠીક સમય પસાર થયા પછી એક વિદ્યાર્થીએ આવીને મને જાણ કરી : 'સાહેબ, બબાભાઈ રૂમમાં નથી.'

બબાભાઈ અત્યંત નમ્ર અને છાત્રાલયના પ્રત્યેક નિયમને ચોકસાઈથી પાળનારો છાત્ર. એ અત્યારે નવ-સાડાનવ વાગ્યા સુધી રૂમમાં ન હોય એ કેવું ? વળી, પરીક્ષા ચાલુ હતી એટલે એ તો અભ્યાસ માટે રૂમમાં હોય જ. રૂમમાં ન હોવાનું શું કારણ હોઈ શકે ?

પરીક્ષા નજીક આવી હોય ત્યારે છાત્રાલયના કેટલાક વિદ્યાર્થીઓ એકાંતમાં જઈને વાંચવાના હેતુથી નાની કડીની દિશામાં કોઈ ખેતરના ઝાડ પર ચઢીને વાંચવા ટેવાયા હતા. બબાભાઈ એ રીતે વાંચવા ગયો હોય પણ પાછો કેમ ન ફર્યો ?

પહેલું કામ આ કરવાનું હતું. નજીકના વિસ્તારમાં બબાભાઈની શોધ. કેટલાક છાત્રો અને અમે બે ગૃહપતિઓ ટૉર્ચ લઈને નીકળ્યા. હું મારા ઉપયોગ માટે ત્રણ સેલની ટૉર્ચ રાખતો જ હતો. સૂતી વખતે પણ એ સાથે રાખતો. ક્યારે એની જરૂર પડે એ કંઈ કહેવાય નહીં. એક આશ્રમ ઑફિસની ટૉર્ચ લીધી અને બીજી એકાદ છાત્રોમાંથી કોઈ લાવ્યું. નાની કડીના રસ્તે ખેતરોમાં અને બાલાપીર જીનના વિસ્તારમાં પણ અમે ફરી વળ્યા. ક્યાંય બબાભાઈનો પત્તો નહોતો. પરીક્ષા ચાલુ હોય અને નિયમિત વિદ્યાર્થી આમ અદશ્ય થઈ જાય એ કેવું ?

આ બધી શોધખોળ અને ચર્ચા ચાલતી હતી ત્યારે એક વિદ્યાર્થીએ આવીને એક વીંટી અમને બતાવતાં કહ્યું : 'બબાભાઈએ મને આ વીંટી સાચવવા આપી છે.'

'તને કેમ આપી ?'

'એ તો ખબર નથી.'

'એ આપતી વખતે બબાભાઈએ તને કંઈ કહ્યું હતું ?'

'ના, એટલું જ કહ્યું હતું કે અત્યારે રાખ, હું માગું ત્યારે પાછી આપજે.'

આ વીંટીના કારણે એક રહસ્યમય ગૂંચવાડો પેદા થયો. અમે એટલું તો તારવી શક્યા કે બબાભાઈ ક્યાંક ચાલ્યો ગયો છે. એણે આમ કેમ કર્યું હશે એ તો એક રહસ્ય જ રહ્યું.

ચાણસ્મા તાલુકાનું એક નાનું ગામ બબાભાઈનું વતન. ગામમાં ટેલિફોન નહીં. માબાપને ખબર પણ કેમ આપવી ? પણ જાણવા મળ્યું કે બબાભાઈનો મોટો ભાઈ – સોમાભાઈ, સર્વ વિદ્યાલયનો ભૂતપૂર્વ વિદ્યાર્થી સિદ્ધપુરમાં ટેલિફોન ખાતામાં નોકરી કરે છે. રાત્રે અગિયાર વાગ્યા પછી એનો સંપર્ક થયો અને સઘળી હકીકત જણાવી. મનમાં ઉચાટ તો એટલો ને એટલો જ રહ્યો પણ વાલીને જાણ કરી શકાયાનો એક સંતોષ થયો.

શોધખોળ ચાલુ રહી. પંદરેક દિવસ પછી એક બપોરના સમયે મેલાંઘેલાં કપડાંમાં બબાભાઈ આશ્રમમાં પરત આવ્યો. બીજું બધું તો બાજુએ, પણ બબાભાઈના પરત આવ્યાનો અમને ખૂબ આનંદ થયો.

બબાભાઈના મુખે જ રહસ્યનો સ્ફોટ થયો કે એ વિનોબાની પદયાત્રામાં ભળી ગયો હતો અને હવે પાછો ફર્યો હતો !

૧૯૫૬માં મહાગુજરાતની ચળવળે ઉગ્ર રૂપ પકડ્યું હતું. ચારે તરફ હિંસક તોફાનો થતાં હતાં. કરફ્યુ અને ગોળીબાર એક સહજ ક્રિયા બની ગઈ હતી. એમાં ૧૦૦ ઉપરાંત નવલોહિયા યુવાનો ભોગ બની ચૂક્યા હતા. ચારે તરફ અશાંતિનો માહોલ હતો. હડતાળના કારણે શાળા-કૉલેજો બંધ હતાં. એવામાં સર્વ વિદ્યાલયના છાત્રાલયના વિદ્યાર્થીઓને અમે છાત્રાલયમાં જ સાચવી રહ્યા હતા. શહેરમાં એક હવા ચાલી હશે કે આખા ગુજરાતની શાળા-કૉલેજો બંધ છે અને સર્વ વિદ્યાલયનું કામ ચાલુ છે અને વિદ્યાર્થીઓ હજુ છાત્રાલયમાં છે. આ ખ્યાલના કારણે એક રાત્રે ગામમાંથી મશાલ સરઘસ નીકળીને છાત્રાલય તરફ આવવા નીકળ્યું. આ વખતે રાત્રિના લગભગ દસેક વાગ્યા હતા. એ સમયે છાત્રાલયના કાર્યાલયમાં હું, બીજા ગૃહપતિ શ્રી રામભાઈ અને શાળાના શિક્ષક જે છાત્રાલયમાં જ રહેતા હતા તે શ્રી રાજન બેઠા હતા. રેલવે સ્ટેશનથી છાત્રાલય વચ્ચેના રેલવે પાટાઓના વિસ્તારમાં ભારે શોરબકોર થતો અમે સાંભળ્યો. બારીમાંથી નજર કરી તો અસંખ્ય સળગતી મશાલો અમારી નજરે પડી. સરઘસ છાત્રાલય તરફ આવી રહ્યું છે એ અમને સમજાઈ ગયું. સરઘસ છેક છાત્રાલયના મકાન સુધી આવી પહોંચે તો ભારે અનર્થ સર્જાતાં પણ વાર ન લાગે, આથી સરઘસ કમ્પાઉન્ડના દરવાજામાં પ્રવેશે એ પહેલાં દરવાજા સુધી પહોંચી જવાનો મેં નિર્ણય કરી લીધો. રાજન કહે, 'ચાલો, હું પણ તમારી સાથે આવું છું.' રામભાઈએ એવી કોઈ તૈયારી બતાવી નહીં. હું અને રાજન ઝટ ઝટ દરવાજે પહોંચી ગયા. સરઘસ છેક દરવાજા સુધી આવી પહોંચ્યું.

હું છેક દરવાજે પહોંચી ગયો હતો અને સરઘસને આવકારતો હોઉં એમ

મેં, રાજનની સહાયથી દરવાજો ખોલી નાખ્યો. અમને દરવાજો ઉઘાડતા જોઈ થોડા વિસ્મયના કારણે અથવા કોઈ અન્ય રીતે, દરવાજા આગળ સરઘસ ટોળાના રૂપમાં ફેરવાઈ ગયું હતું તે શાંત થઈ ગયું. મેં જોયું કે ટોળાની આગલી હરોળમાં નગરના કેટલાક જાણીતા પ્રૌઢ વયના ગૃહસ્થો પણ હતા. એ સૌને મારો પરિચય હતો જ. ઝીણી નજરે હું જોઈ શક્યો કે ટોળામાં કેટલાક વિદ્યાર્થીઓ પણ હતા.

પથરાયેલી શાંતિનો આધાર લઈને મેં કહ્યું : 'લક્ષ્ય તો આપણા સૌનું એક છે – જુદું નથી. આપણું આંદોલન મહાગુજરાત છે. અત્યારે મારી એક-બે વાત સાંભળી લો પછી તમે મને જે કંઈ સૂચવવું હોય તે સૂચવજો.

'તમારામાં અત્યારે કેટલાક વિદ્યાર્થીઓ પણ ઊભા છે. એમાંના કેટલાક સર્વ વિદ્યાલયના પણ છે. એ સૌ જાણે છે કે સર્વ વિદ્યાલયમાં પણ શિક્ષણ બંધ છે એટલે કે ત્યાં પણ સંપૂર્ણ હડતાળ છે. વાત રહી છાત્રાલયની. નિશાળો બંધ રહેતાં એના આચાર્યો તો નિશ્ચિંત થઈ ગયા. એ સૌ નિરાંતની ઊંઘ લઈ શકે છે. ઊંઘ તો અમારા જેવા છાત્રાલયના ગૃહપતિઓની ઊડી ગઈ છે. ખાસ કરીને મુખ્ય ગૃહપતિની. હું મુખ્ય ગૃહપતિ છું. છાત્રાલયમાં સાડાત્રણસો કરતાં વધારે છાત્રો છે. તમે કદાચ જાણતા હશો કે એમાં ૫૦ કરતાં વધારે સૌરાષ્ટ્રના છે. અમદાવાદ જિલ્લાનાં ગામડાંના છાત્રોની સંખ્યા પણ ઘણી છે. મહેસાણા જિલ્લાના છેક ખેરાળુ અને હારીજ-સમી વિસ્તારોના છાત્રોની સંખ્યા પણ સારા પ્રમાણમાં છે. ગૃહસ્થો તરીકે આપણા સૌનો અનુભવ છે કે બહાર તોફાનો ચાલતાં હોય ત્યારે આપણે આપણાં સંતાનોને ઘર બહાર જવા દેતા નથી અને આપણી જાણ બહાર એ ચાલ્યાં જાય તો આપણા મનની શી સ્થિતિ થાય એ તમે સમજી શકો છો. વાલીઓ પોતાનાં બાળકોને અહીં મૂકવા આવે છે ત્યારે, તમે કદાચ નહીં જાણતા હો, પણ એ વાલીઓમાંથી કેટલાક લાગણીવશ થઈને ગદ્દ્ગદ સ્વરે અમને કહે છે, 'દીકરો તમને સોંપ્યો. હવે તમે જ એનાં માબાપ. એને સાચવજો...

'છાત્રોમાં દૂર દૂર અને અંતરિયાળ ગામડાના ઘણા છે. વતન પહોંચતાં પહેલાં એમને કોઈ શહેર કે તાલુકા મથકે બસમાં પહોંચવું પડે. અમદાવાદ, રાજકોટ, ભાવનગર, કલોલ, વીરમગામ, મહેસાણા, વડનગર... આવાં અનેક શહેરો આવે. અત્યારે સર્વ સ્થળોની અશાંતિથી આપણે અજાણ નથી. હવે તમે જ કહો, આ છોકરાઓને અમે શી રીતે ઘેર મોકલી દેવા છૂટા મૂકી દઈએ ? વાલીઓએ તો અમને કહ્યું છે, 'તમે જ એનાં માબાપ !' અને અમે એ જવાબદારી

સ્વીકારીને એમને નચિંત કર્યા છે. તમે જ કહો અમારે શું કરવું ?'

મને ભરોસો જ નહોતો કે ટોળામાં આવેલા આ ભાઈઓ મારી આટલી લાંબી વાત શાંત રહીને સાંભળશે. કદાચ આ એટલે બની શક્યું કે એમણે મારી વાતમાં સચ્ચાઈનો રણકો પારખ્યો હોય.

ટોળામાંથી કોઈ ઠરેલ ભાઈનો ટોળાને સંબોધતો અવાજ સંભળાયો : 'ચલો ભાઈઓ, સાહેબની વાત સાચી છે.'

અને છવાયેલા ગંભીર મૌનના માહોલના ભાર નીચે સૌએ પાછા જવા માટે પીઠ ફેરવી.

'અમારા સ્થાને હવે તમે છો', 'હવે તમે જ એનાં માબાપ' વગેરે જેવા ઉદ્‌ગારો દ્વારા છાત્રનાં માતાપિતાએ ગૃહપતિને પોતાના બાળકની શ્રદ્ધાપૂર્વક કરેલી સોંપણી ક્યારેક ગૃહપતિને કેવા ધર્મસંકટમાં મૂકી દે છે એના કેટલાક કિસ્સા અનુભવમાં છે. એમાંથી એક કિસ્સો ઉદાહરણ તરીકે અહીં નોંધવાનું પસંદ કરું છું.

એક દિવસ લાંબી મુસાફરી કરીને આવતો હોય એવો એક માણસ મારી ઑફિસમાં મારી સામે આવીને ઊભો રહ્યો. એણે પ્રથમ તો પોતાની ઓળખાણ આપતાં કહ્યું : 'હું બ્રાહ્મણ છું. દ્વારકાથી આવું છું. પંડાનું કામ કરું છું અને સાથે સાથે ત્યાંની એક પેઢીમાં પણ નોકરી કરું છું. પેઢીના માલિક રઘુનાથભાઈએ આપના જોગ લખેલા પત્રથી હું કેમ આવ્યો છું એ બધી વાત આપને સમજાઈ જશે.' આમ કહી એણે એક પત્ર મારા હાથમાં મૂક્યો.

પત્ર આ પ્રમાણે હતો :

'છાત્રાલયના ગૃહપતિ સાહેબની સેવામાં –

મુ. કડી

શ્રી દ્વારકાથી લિ. રઘુનાથ કામેશ્વર તરવાડી*ના નમસ્તે.

આપના છાત્રાલયમાં અમારી પુત્રીના ચિ. જગદીશકુમાર યજ્ઞેશ્વર રહે છે.

– ખાસ વિગત એ છે કે જગદીશનાં માતુશ્રીનું ખાસ રોગના કારણે હૉસ્પિટલમાં અવસાન થયું છે. ત્યાં અમારા પૈકી કોઈ હાજર ન હોવાના કારણે અંતિમ વિધિ ન થઈ શકી હોય તે સ્વાભાવિક છે. તેથી તેમની પાછળ હિન્દુ સમાજના ધાર્મિક રિવાજ મુજબ તેમની માતાજીની ઇચ્છા તેમના આત્માની શાંતિ માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહ બેસાડવાની છે અને તેમની વાર્ષિક મિતિ કારતક

---

* નામ બદલ્યાં છે.

વદ આઠમ, સોમવાર આવે છે તેથી કારતક વદ ૧ સોમવારે ભાગવત પધરાવી માહાત્મ્ય વાંચે. વદ બીજ મંગળવારથી પ્રારંભ કરી વદ આઠમે સમાપ્તિ થાય એ નક્કી કરેલ છે. આ શુભ કાર્યમાં તેમનાં બચ્ચાં હાજર હોય તો સારું. તેમના હાથે જ આ કામ થાય. પરંતુ જગદીશ તમારી પાસે છે. ટાઇમ જૂજ છે. આપ કૃપા કરો અને ઉપરની મિતિની અંદર જેટલા દિવસની રજા આપી શકો તેટલી આપો તો ઉપકાર. તેમાં મારા માનવા મુજબ અભ્યાસને જરૂર હરકત તો આવશે, પરંતુ આ કામ પણ ખરેખર ધાર્મિક છે. તેમની માતાનું છે તેમાં પુત્રની હાજરીથી સ્વર્ગમાં પણ તેનો આત્મા ખુશ થઈ આશીર્વાદ આપશે અને તેમ થવાથી અત્રે તેમની નાની પણ બહુ ખુશ થશે. બીજું આ બાબત તેમના પિતાશ્રી યજ્ઞેશ્વરને જણાવી છે. તેની હાલત હાલ તો અહીં-તહીં બદલીમાં જ છે. પંદર દિવસ ઉપર પત્ર હતો કે હું થોડા દિવસની રજા લઈને આવીશ. પણ પાછળથી પત્ર મળ્યો કે મને નવી જગ્યા ઉપર ચાર્જ લેવા બોલાવ્યો છે, ત્યાં શું થાય છે તે હું પત્ર લખીશ. તેમના પત્રની રાહ જોઉં છું પણ કંઈ જવાબ નથી. એ આવી જાય તો સારું પણ હાલ કશો ભરોસો પડતો નથી. મુખ્ય વાત જેના નિમિત્તે કાર્ય કરવાનું છે તેમના જ ઘરનું કોઈ હોય તો સારું, આ ભાવના છે. પછી તો ઈશ્વરની મરજી હશે તેમ થશે. જગદીશની એક બહેન છે તે કલકત્તા રહે છે. તે દૂર ગણાય માટે તમારા ઉપર નજર ગઈ છે. કૃપા કરીને આપ દસ દિવસ રજા આપો. આપને વખતે એમ થાય કે જગદીશના પિતાશ્રીની રજા નથી તો તે વાજબી છે. પણ હાલ તે ક્યાં છે તે નક્કી નથી. તેમ તેમની રજા મંગાવી પછી તમને જાણ કરું તેટલો ટાઇમ નથી. છતાં આ કાર્ય યજ્ઞેશ્વરની પત્નીનું છે અને ચિ. જગદીશની માતાનું છે. માતાના કાર્ય માટે છોકરું જાય તેમાં પિતા નારાજ ન હોય તેમ માની આપ જ માવતર છો. આપને અમારી વિનંતી વાજબી જણાય તો આવેલ અમારા માણસ સાથે ચિ. જગદીશને જરૂર મોકલશો.

લિ.

**રઘુનાથ કામેશ્વર તરવાડીના પ્રણામ.**

એક પેચીદો પ્રશ્ન સામે આવીને ઊભો હતો. રઘુનાથના પત્રમાં કશી બનાવટ ન હોવાની પ્રતીતિ તો થઈ જ, પણ આવા પ્રસંગે છાત્રના પિતાની સંમતિ વગર આમ કોઈ ત્રીજી જ વ્યક્તિ સાથે છોકરાને કેમ મોકલી દેવાય ? જગદીશની માતાના મૃત્યુ પછીની ઘટનાઓ કશો નિર્ણય લેવા આડે ઘણી ગૂંચવણ પેદા કરતી હતી. જગદીશના પિતાનું, આવી મરણની ઘટના પછી આટલું દૂરત્વ કેમ ? પત્નીના મરણ નિમિત્તે રજા મેળવવામાં મુશ્કેલી પડે એ વાત ગળે

ઊતરે એવી નથી. રજા મેળવવા યજ્ઞેશ્વરે કોઈ પ્રયત્ન જ કર્યો જણાતો નથી. પિતા આ બાબતમાં આટલો ઉદાસીન કેમ છે ? એ આવી ધાર્મિક ક્રિયાઓમાં માનતા નહીં હોય ? એમ હોય તો હું છોકરાને દ્વારકા મોકલી દઉં એમાં એને જરૂર વાંધો પડે. આમ થાય તો જવાબ આપવાની સ્થિતિમાં મારે મુકાવું પડે.

મને વિચારમાં પડી ગયેલો જોઈ દ્વારકાથી આવનાર ભાઈ બોલ્યા : 'હું બ્રાહ્મણ છું. તમે મારામાં વિશ્વાસ રાખો સાહેબ. આ ધર્મનું કાર્ય છે. કોઈના આત્માની સદ્‌ગતિનો સવાલ છે. આપ કૃપા કરીને જગદીશને મારી સાથે મોકલો. કાર્ય પત્યે હું જાતે જ એને અહીં આવીને મૂકી જઈશ...'

જરા થોભીને એ ભાઈએ બોલવાનું શરૂ કર્યું. 'જગદીશના પિતાને બબ્બે સંદેશા મોકલ્યા. રૂબરૂ માણસ પણ મોકલ્યો છતાંય એમણે એ તરફ લક્ષ આપ્યું નથી. ખરેખર તો આ બધું કામ એમનું જ હતું. પણ દાદાએ આ બધું આદર્યું છે. જગદીશ વિના ચાલી શકે એમ નથી એટલે એનો આગ્રહ કરીએ છીએ. આટલા માટે જ આપને વિનંતી કરું છું, આજીજી કરું છું. સાહેબ, જગદીશને મારી સાથે મોકલો. જેવો એને લઈ જાઉં છું એવો જ મૂકી જઈશ...'

આ માણસનો ચહેરો મેં વાંચ્યો અને કહી દીધું : 'ભલે જગદીશને લઈ જાઓ અને કાર્ય સંપન્ન થાય એટલે એને મૂકી જજો.'

■

# ૧૭
# છાત્રવૃંદ

કિશોરાવસ્થામાંથી તરુણાવસ્થામાં પ્રવેશી રહેલા કિશોરના માનસને સમજવા ઘણું લખાયું છે. આ સમયગાળાને No man's land કહેવાયો છે. સવારે ઘરમાં કશીક વ્યાવહારિક ચર્ચા ચાલતી હોય તે વખતે આ કિશોર પોતાના થકું કંઈ બોલે તો તરત જ તેને બોલતો અટકાવીને કહેવામાં આવે, 'બેસ, આમાં તને કંઈ સમજણ ન પડે. હજી તું છોકરું છે.' અને સાંજે કંઈ કામ સોંપવાનું હોય ત્યારે એને કહેવામાં આવે, 'હવે તું મોટો આદમી થયો, સમજણ કેમ ન પડે ?' આ 'તું હજુ છોકરું છે' અને 'હવે તો તું મોટો આદમી થયો' આ બે વિધાનો વચ્ચે ફંગોળાયા કરતા કિશોરની ખરેખર માનસિક સ્થિતિ અને એની શક્તિ શી છે એનો તાગ આ કિશોર સમૂહમાં હોય ત્યારે રૂડી રીતે મેળવી શકાય છે. એની વ્યક્તિગત શક્તિ પણ ક્યારેક આપણને મુગ્ધ કરી મૂકે એવી હોય છે. એનો ઉત્તમ દાખલો જે. એસ. મિલની શક્તિનો છે. એણે છ વર્ષની ઉંમરે રોમનો ઇતિહાસ લખ્યો હતો એ વાત કોણ માને ? એ સંશયનો ધરાર છેદ ઉડાડી દે એવો એણે લખેલા ઇતિહાસનો પ્રથમ ફકરાનો અંશ આ રહ્યો :

'We know not any part says Diongsins of Halicarnassus of the history of Rome till the Sicilian invasions. After the expulsion of the Sicilians, lberian kings reigned for several years, but in the time of Latinus...

આટલો અંશ મિલની શક્તિનો પરિચય મેળવવા માટે પૂરતો છે.

સામાન્ય રીતે વિધ્વંશાત્મક પ્રવૃત્તિઓમાં સમૂહમાનસ (Group mind) ઘણી નીચી કક્ષાએ ઊતરી જતું હોય છે, પણ રચનાત્મક પ્રવૃત્તિઓમાં તે કાર્યશક્તિની ટોચ પર પહોંચે છે. કિશોરો કે તરુણો આમાં અપવાદરૂપ ન હોય. ઈ. સ. ૧૯૬૫માં અમને છાત્રાલયના કિશોરો અને તરુણોની સંઘશક્તિનો

યાદગાર પરિચય થયો હતો. માત્ર એક જ ઘટનામાં અમે એ છાત્રોમાં રહેલાં સૂઝ, સમજદારી, કાર્યકુનેહ અને એમની સાહસિક મનોવૃત્તિ તેમ જ નિર્ણયશક્તિ જોઈ શક્યા હતા.

ઈ. સ. ૧૯૬૫ના શિયાળામાં સર્વ વિદ્યાલયના મેદાન પર ગુજરાતના સાત જિલ્લાઓની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ફૂટબૉલની રમતની હરીફાઈ યોજાઈ હતી. હરીફોના આગમનથી માંડીને તેમની વિદાય સુધીની સર્વ પ્રકારની સુવિધાઓનું આયોજન સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે મારે કરવાનું હતું. કૅમ્પસમાંના છાત્રાલયોના કારણે જમવા-રહેવાની કશી ચિંતા નહોતી. જે સમસ્યા હતી તે માત્ર મેદાનની હતી. સંસ્થા પાસે રમતગમત માટે ત્રણ મોટાં મેદાન હતાં. એમાંનાં બે જે શાળાની નજીક હતાં તે રોજિંદા ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. એમાંના એક ઉપર વિદ્યાર્થીઓ હૉકી અને ફૂટબૉલ રમતા હતા. પણ આ મેદાન ફૂટબૉલની રમત માટે નિયત ક્ષેત્રફળ કરતાં થોડું નાનું હતું. જ્યારે આંતરશાળેય સ્પર્ધાઓ હોય ત્યારે રમત અંગે નક્કી કરેલા નિયમોમાં સહેજ પણ બાંધછોડ કેમ ચાલે ? સંસ્થાનું મોટું મેદાન છાત્રાલયની પૂર્વે હતું. એ ઘણું મોટું હતું. પણ એ મેદાનને આ સ્પર્ધાઓ માટે ઉપયોગમાં લેવામાં એક નડતર હતું. એ નડતર મેદાનની મધ્યમાં સમજ વગર બે શિક્ષકોએ રોપેલો એક વડ હતો. એ બે મિત્રો એનું સારી રીતે જતન કરતા હતા. સ્પર્ધાના વર્ષે એ પંદરેક ફૂટની ઊંચાઈ અને વીસેક ફૂટ જેટલી પહોળાઈનો વિસ્તાર ધારણ કરી ચૂક્યો હતો. એક નાનું સરખું ઘાટીલું વૃક્ષ જ જાણે !

આ વડ ન હોય તો એ મેદાન ઉપયોગમાં લઈ શકાય. ઉપરાંત ચારે તરફ ઘણી મોટી સંખ્યામાં પ્રેક્ષકોને પણ સમાવી શકાય. પણ હવે આ બાબતે કશો વિચાર કરવાનો રહેતો ન હતો, કારણ કે અમે કોઈ જીવતું અને ફાલેલું વૃક્ષ કાપવાના મતના ન હતા.

કોઈ ઉત્સવની તૈયારીઓ ચાલતી હોય ત્યારે વિદ્યાર્થીઓની હાજરી હોય જ. વિદ્યાર્થીઓ – છાત્રો એની તૈયારીઓમાં ઊલટપૂર્વક ભાગ લે. યોજાયેલી ફૂટબૉલની આ સ્પર્ધાઓ પણ અમારા માટે એક મોટો ઉત્સવ હતો. બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓના સ્પર્ધકો આવવાના હતા. એમના રહેવા-જમવા વગેરેની તૈયારીઓ ખૂબ સારી રીતે થઈ ગઈ હતી. માત્ર ચિંતા મેદાન પૂરતી હતી.

આ પ્રશ્ન બાબતે અમે આ વડ નીચે જ વિચારણા કરી રહ્યા હતા. કેટલાક છાત્રો પણ ત્યાં ઉપસ્થિત હતા. એક છાત્રે કહ્યું : “આ વડને મૂળ સોતો ખસેડીને

બીજે રોપીએ તો ?''

વાત હસી કાઢવા જેવી હતી. પણ વિદ્યાર્થીનો સૂર હૈયાના ઉમળકાથી રંગાયેલો અને સચ્ચાઈભર્યો હતો એટલે ત્યાં ઊભેલા સૌ સાંભળી રહ્યા. કોઈ હસ્યું નહીં.

એ જ વિદ્યાર્થીએ પોતાની વાતમાં ઉમેર્યું : ''વ્યાયામશાળા આગળ ઘણી છૂટ છે. વડ ત્યાં હશે તો લેઝીમ, મગદળ વગેરેની પ્રેક્ટિસ માટે ઉનાળામાં ખૂબ ઉપયોગી થશે.''

વિદ્યાર્થીનો ઉત્સાહ આ બોલી રહ્યો હતો. એને ઉત્સાહભંગ કરવા હું ઇચ્છતો નહોતો. પણ વાસ્તવિકતા સમજાવવાના હેતુથી મેં કહ્યું : ''એ કંઈ રમત વાત છે, ભાઈ ? અશક્ય.''

''સાહેબ, એક વખત તમે મંજૂરી આપો. પછી અમારું કામ.''

આ સાથે જ બેત્રણ છાત્રો એકીસાથે બોલી ઊઠ્યા : ''હા, સાહેબ. તમે સંમતિ આપો.''

''એની ઊંચાઈ-પહોળાઈનો ખ્યાલ કર્યો ?''

''તે ભલેને મોટું ઝાડ હોય, અમે તેને સમાલી લઈશું.'' એક વિદ્યાર્થીએ ભારે આત્મશ્રદ્ધાથી આમ કહ્યું.

આ દરમિયાન છાત્રોમાં ઉત્સાહનું એક મોજું ફરી વળ્યું હતું. સૌના ચહેરા ઉપર થનગનાટ જોઈ શકાતો હતો.

આ ઉત્સાહ અને થનગનાટ પર ઠંડું પાણી રેડવા જેવું મને ન લાગ્યું. મેં કહ્યું : ''ત્યારે, કસો કમર.''

અને પછી આ છાત્રોએ જે કામ કર્યું એને એક વિરલ ઘટના ગણી શકાય.

છાત્રોએ સૌપ્રથમ તો વડના થડથી ચારેક ફૂટના અંતર સુધી થડને ફરતી ખાઈ જેવો ઊંડો ખાડો કર્યો. અગાઉ શાળામાં ઉદ્યોગમાં ખેતીનો વિષય ચાલતો હતો. એટલે તે સમયનાં કોદાળી, પાવડા, તબડકાં વગેરે ઘણાં સાધનો હજુ સ્ટોરરૂમમાં સચવાયેલાં હતાં. આ કામના ઉપયોગ માટે છાત્રો જરૂરી માત્રામાં એ સાધનો લઈ આવ્યા.

ત્યાર પછી, કંઈક કરી છૂટવા થનગની રહેલા છાત્રોએ સમાંતર કાર્ય તરીકે વ્યાયામશાળા આગળની જગ્યામાં એક પહોળો અને ઊંડો ખાડો તૈયાર કર્યો.

હું સ્થળ ઉપર હાજર રહીને ધીરજપૂર્વક આ બધું નિહાળી રહ્યો હતો

અને ખાડા તૈયાર થયા પછી છાત્રો એન્જિનરૂમમાંથી તેમ જ કોઠારમાંથી અને અન્ય સ્થળોથી મોટાં વરેડાં (જાડાં દોરડાં) લઈ આવ્યા. આ દોરડાંને વડનાં જુદાં જુદાં ડાળાં-ડાળીઓમાં સિફતથી પરોવ્યાં અને છેડા એમાં બાંધ્યા. દરેક દોરડાનો એક અથવા બે છેડા બહાર રાખ્યા. આ છાત્રોમાં મોટા ભાગના તો ખેડૂતોના દીકરાઓ હતા. બાળપણથી જ તાલીમ પામ્યા હોય એમ આ બધું સહજ આવડતથી કરી રહ્યા હતા.

ખરી કરામત અને કસોટીનો તબક્કો હવે આવતો હતો. ખેડૂતોનો છોડ અને વૃક્ષપ્રેમ આ તરુણોમાં સંસ્કારરૂપે ઊતર્યો હોય એમ હવે ભારે કાળજી અને સાવચેતીથી એમણે કામ કરવા માંડ્યું. આવા સમયે સામાન્ય રીતે ઘણો શોરબકોર અને હાકોટા-પડકારા થતા હોય પણ અત્યારે કોઈ કટોકટીભર્યું ઑપરેશન ચાલતું હોય અને સૌ ગંભીર બનીને મૌન સેવે એમ આ છાત્રો હોઠ બીડીને કામ કરતા હતા. આ છાત્રો પેલાં દોરડાંના છેડા સંપૂર્ણ તાકાતથી અને સાવચેતીપૂર્વક ખેંચવા લાગ્યા. કેટલાંક મૂળ ખેંચાયાં, કેટલાંક તૂટ્યાં પણ વડ જીવતો રહી શકે એટલાં મૂળ સાથે એને છાત્રોએ જમીનમાંથી ખેંચી કાઢ્યો. અત્યાર સુધી કશાક ભાર હેઠળ છાત્રોની બંધ થઈ ગયેલી વાચા એકદમ વિસ્ફોટ પામતી હોય એમ ‘છગનભા કી જય’ના ગગનભેદી નાદ સાથે બહાર આવી. છગનભા સંસ્થાના સ્થાપક.

છાત્રો આ જમીનમાંથી ખેંચાયેલા વડને કોઈ આત્મિક લાગણીના ભાવથી વ્યાયામશાળા આગળ તૈયાર કરેલા ખાડા સુધી લઈ ગયા. એમણે વડને ખાડામાં ઉતાર્યો. એ પછી કેટલાક છાત્રો વ્યાયામશાળાના છાપરા પર ચઢ્યા અને કેટલાક બાજુના ઝાડ પર ચઢી ગયા. દોરડાંને લંબાવવાની જરૂર પડી તે દોરડાંને છેડે બીજાં દોરડાં બાંધ્યાં અને વ્યાયામશાળાના છાપરા અને ઝાડ ઉપર રહ્યે રહ્યે દોરડાં ખેંચીને વડને ખાડામાં ઊભો કર્યો.

હવે અત્યાર સુધી વિસ્મયના ભાવથી આ બધું જોઈ રહેલા પ્રાથમિક વિભાગના છાત્રોએ (તેમાં ઉપરનાં ધોરણોના છાત્રો તો ખરા જ) વડવાળા ખાડામાં માટી ધરબવાનું અને માટી દાબ્યા પછી પાણી સિંચવાનું કામ આરંભી દીધું. રસોડાની ટાંકીથી વ્યાયામશાળા સુધી છાત્રોની એક સાંકળ બની ગઈ અને પાણી ભરેલી બાલદીઓ એક હાથમાંથી બીજા હાથમાં રમતી રમતી વડના ખાડા સુધી પહોંચવા લાગી.

અજવાળી રાત હતી. છાત્રોનો ઉત્સાહ અદમ્ય હતો. થાકનું નામનિશાન ન હતું. બપોર નમ્યા પછી શરૂ થયેલું કામ (ભોજનનો વચ્ચે અવકાશ) અડધી

રાત વીત્યે પૂરું થયું.

મેદાન પર ફૂટબૉલની સ્પર્ધાઓ બહુ સારી રીતે અને સુમેળમાં પૂરી થઈ.

સ્થળાંતર પામેલા વડ સંદર્ભે છાત્રોનાં કુતૂહલ અને ઉત્સાહ એવાં ને એવાં હતાં. છાત્રો રોજ એને પાણી પાતા અને સ્નિગ્ધ ભાવે નીરખી રહેતા.

પહેલાં તો વડનાં પાન ખરી પડ્યાં. પછી પંદરેક દિવસે ડાળીએ ડાળીએ નવી કૂંપળો ફૂટવા લાગી. સહેજ નારંગી અને લાલના મિશ્ર રંગવાળી નાજુક કૂંપળો !

રોજ નવી નવી કૂંપળો ફૂટતી જોઈ છાત્રો રાજી થતા. પણ એ રાજીપાને ઊધઈએ લાંબો સમય ટકવા ન દીધો. વડને મૂળમાં ઊધઈ લાગી અને એ પૂરો ખીલી ઊઠે એ પહેલાં જ મૂરઝાયો.

વડ ફરી પાંગરી ન શક્યો એનો રંજ છાત્રોને અને અમને સૌને રહ્યો. પણ છાત્રોએ જે સાહસ દાખવ્યું, અઘરા જણાતા કાર્યને હસતાં-ખેલતાં ઉપાડી લીધું અને એને સમજદારી, કુનેહ અને જવાબદારીથી પાર પાડ્યું એણે છાત્રો-તરુણોમાં રહેલી શક્તિનું એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું.

સર્વ વિદ્યાલય અને તેને સંલગ્ન છાત્રાલયોનો વિશેષ એ રહ્યો છે કે કેળવણી મંડળના ઉગમ કાળથી એનાં સ્થાપેલાં આચાર-ધોરણો બહુધા જળવાઈ રહ્યાં છે. ઈ. સ. ૧૯૬૫માં વડના સ્થળાંતર વખતે છાત્રોએ જે કૌવત, ખમીર અને સમજદારી દાખવી એ જ કૌવત, ખમીર અને સમજદારી ઈ. સ. ૧૯૭૭માં મંડળના ગાંધીનગર કૅમ્પસમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલના મકાનના ખાતમુહૂર્ત અંગે દાખવ્યાં.

ગાંધીનગરના ૨૩મા સેક્ટરમાં ગુજરાત સરકારે શૈક્ષણિક હેતુ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ફાળવેલી ૧૩ એકર જમીનમાં ૬.૫ એકર જમીનનો કબજો મળ્યા પછી ત્યાં સૌપ્રથમ માધ્યમિક શાળાનું મકાન બાંધવાનો ઠરાવ મંડળે કર્યો. આના આધારે ૩-૧૧-૧૯૭૭નો દિવસ શેઠ સી. એમ. હાઈસ્કૂલના મકાનના ખાતમુહૂર્ત માટે નક્કી થયો.

ગાંધીનગર વિસ્તારની જમીન હતી તો ફળદ્રુપ, પણ પાટનગરની બાંધણી માટે જે વિસ્તાર એક્વાયર કરવામાં આવ્યો ત્યાં ખેતીનું કામ બંધ થતાં એ જમીન પડતર બની અને ધીરે ધીરે ઉજ્જડ વગડામાં ફેરવાઈ રહી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળને જે ૬.૫ એકર જમીનનો કબજો સોંપાયો હતો એ જમીનની આ સ્થિતિ હતી : ખેડાયા સિવાય વરસાદના મારાના કારણે જમીન રણકી અને કઠણ બની ચૂકી હતી. એના પર પાર વગરનાં ઝાડવાં અને ઝાંખરાં

ઊગી નીકળ્યાં હતાં. પગમાં વાગે એવા ગોખરૂનો પથરાટ પણ ખરો. એ જમીન ઉપર છાયા આપી શકે એવું એક પણ વૃક્ષ નહોતું. મૂળ ખેતર એટલે એમાં ઝાડ ન હોય. શેઢાની વાત જુદી. પણ અહીં એવું પણ કંઈ નહોતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા અને ગુજરાતના પાટનગર જેવું સ્થળ. સમારંભ સંસ્થાને શોભે એવા દબદબાભર્યો હોવો જોઈએ ને !

જ્યારે જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તરફથી કોઈ પણ પ્રકારના ઉત્સવ કે સમારંભ યોજાય ત્યારે એમને સફળ અને શોભાયમાન બનાવવામાં વિદ્યાર્થી આશ્રમના છાત્રો એક મોટું બળ બની રહે છે.

ગાંધીનગરનું સંકુલ તો હજુ હવે ઊભું થવાનું હતું. એના માટે અત્યારે જે કાર્ય કરવાનું હતું એની જવાબદારી કડી કૅમ્પસના માથે ! કડી કૅમ્પસમાં કોણ ? આચાર્ય (મુખ્ય ગૃહપતિ) ગૃહપતિઓ અને વિદ્યાર્થી આશ્રમના છાત્રો.

એવા સ્થળે તૈયારીમાં લાગી જવાનું હતું જ્યાં સંસ્થાનાં કોઈ સાધન કે સુવિધા ઉપલબ્ધ નહોતાં. નવેમ્બર મહિનાનો પ્રથમ દિવસ હતો, પણ હજુ ગરમી મધ્ય ઑક્ટોબરમાં હોય એટલી પ્રખર હતી. ખુલ્લી જમીન, ન કોઈ શેડ કે પીવાના પાણીની સુવિધા. મહેમાનોની ગાડીઓનો કાફલો આવે એના પાર્કિંગની તેમ જ અતિથિઓ સ્થળ પર છૂટથી થોડું હરીફરી શકે એવી સાફસુથરી જમીનની વ્યવસ્થા કરવી જરૂરી હતી. એટલે જમીનના મોટા વિસ્તારમાંથી ઝાંખરાં, ઝાડવાં અને ગોખરુ વગેરે દૂર કરીને જમીન સાફ કરવાની હતી.

પહેલી તારીખના દિવસે છાત્રાલયના વિદ્યાર્થીઓ ભોજન વગેરેથી પરવારે એ પછી અમે એટલે કે લગભગ ૭૦ છાત્રો, ત્રણ ગૃહપતિઓ અને હું. એક ટ્રકમાં જરૂરી સાધનો લઈને નીકળવાનું રાખ્યું હતું. સાધનોમાં ડઝનબંધ કોદાળી-પાવડા, તબડકાં, ઊભા સાવરણા વગેરે અને સાંજના નાસ્તા માટે પૂરી, એક મોટા તપેલામાં બટાટાનું શાક, એક કરંડિયો ભરીને વઘારેલાં આખાં મરચાં અને પૂરતા પ્રમાણમાં પાણીનાં કેન.

બપોરે 'છગનભા કી જય'ના ગગનભેદી જયઘોષ સાથે પ્રસ્થાન કર્યું ત્યારે જેમણે આ દશ્ય જોયું તે સૌ છાત્રોનો આ અદમ્ય ઉત્સાહ જોઈ ભાવવિભોર બની ગયા. છાત્રાલય, છાત્ર અને કેળવણીની મહત્તા આવા પ્રસંગોએ ભરપૂરપણે સમજાય છે. આ ધન્ય પળ કદી વીસરી શકાય એવી નહોતી.

આ છાત્રો અગાઉ વડ પ્રસંગે જણાવ્યું હતું તેમ મોટા ભાગે ખેડૂતના દીકરા, શરીરે કસાયેલા અને ખડતલ. સ્થળ ઉપર પહોંચ્યા પછી ટ્રકમાંથી કૂદી

કૂદીને સીધા જમીન પર ઊતર્યા. પ્રત્યેક છાત્રની આંખમાં તેજ ચમકતું હતું. આકાશમાંથી ઊતરી રહેલા ઉત્તરા-ચિત્રાના તાપ-પ્રકાશ કરતાંય જાણે વધારે જ્વલંત !

ક્યારેક મોસમ પણ પોતાનો પ્રભાવ દાખવવા રૂખ બદલે છે. આ વર્ષે મોસમે આંખ કરડી કરી હતી. એક કિંવદન્તી પ્રમાણે ઉત્તરા-ચિત્રાના કપરા તાપના કારણે ખેતરમાં બાજરી વાઢવાનું ત્યજી દઈને તેર જણા સંસાર છોડીને બાવા બની ગયા હતા. કદાચ સંસાર ત્યજનારા આ તેર જુવાનોએ જે ગરમીનો અનુભવ કર્યો હશે એના કરતાંય આજની આ ગરમી વધારે કપરી હતી. પણ આ ગરમીએ યુવાનીના ઉંબરે પહોંચેલા આપણા આ છાત્રો પર કશી અસર ન કરી. જે ઉત્સાહથી અને જે ગતિથી અત્યારે આ ભૂમિ ઉપર કામ ચાલી રહ્યું હતું એનું વર્ણન કરવા કરતાં આ વાંચનાર એ કલ્પી લે એવું સૂચન અત્યારે વાજબી ગણાશે. પાંચ વાગ્યા સુધી કામ એકધારું ચાલ્યું. છાત્રોને નાસ્તો આપવાનું અમે વિચાર્યું. આ માટે કામ થોભાવવા અંગે ચાર-પાંચ વાર હાકલ કરવી પડી. કામ અટક્યું. સૌ એકત્રિત થયા. એક બાજુ પતરાળાં અને કાગળના ટુકડા વહેંચવાની તૈયારી થતી હતી ત્યાં બીજી બાજુ શાક અને મરચાં સંભાળનારા છાત્રોમાંથી કોઈનો અવાજ આવ્યો : 'શાક બગડી ગયું લાગે છે !'

એક આંચકા જેવો અનુભવ થયો. નજીક જઈને શાકનાં બે ફોડવાં સૂંઘી જોયાં. શાક ખરેખર બગડી ગયું હતું. વૈશાખનો ગમે તેવો કપરો તાપ હોય તોપણ આટલા ટૂંકા ગાળામાં વાનગી ન બગડે, પણ ચોમાસાના ભેજવાળા કપરા તાપની વાત જ જુદી છે. ઘામ-બફારો બટાટાના શાકને જલદી સ્પર્શી જાય. મરચાં તપાસ્યાં. એમની પણ એ જ સ્થિતિ હતી ! અમે મૂંઝવણમાં મુકાયા. ચઢતા લોહીવાળા આ છોકરાઓને આટલી સખત મહેનતના કામ પછી નાસ્તો ન આપી શકીએ એ કેવું ? એ વર્ષોમાં ગાંધીનગરમાં લોજ, હોટલ કે નાસ્તાઘર જેવું કશું નજરે પડતું નહોતું.

અમારી મૂંઝવણ કળી જઈને એક-બે મોટા વિદ્યાર્થીઓએ કહ્યું : 'કંઈ વાંધો નહીં, સાહેબ. રોજ બપોર કે સાંજનો નાસ્તો ક્યાં લઈએ છીએ ? કડી જઈને જમીશું. અને કકડીને ભૂખ લાગશે તો એકલી પૂરી ક્યાં નથી ખવાતી ?'

એક વિનોદી સ્વભાવવાળા છાત્રે રમૂજમાં હસતાં હસતાં કહ્યું : 'નાનપણમાં એકલો રોટલો પણ કરડ્યો છે. પૂરી તો હોંશે હોંશે ખવાશે.'

'ખાવાની વાત એક કોરાણે મૂકો. ચાલો, પહેલાં કામ પાર પાડી દઈએ.' ધીર ગંભીર થઈને એક છાત્રે હૈયામાંથી આવતી વાત હોય એમ ઉચ્ચાર કર્યો.

ધન્ય પળો વહી રહી હતી. ધન્ય એટલા માટે કે આ એ જ વિદ્યાર્થીસમૂહ હતો જે ભોજનશાળામાં જમવાનો બેલ વાગવામાં થોડો વિલંબ થયો હોય તો ઉપરાઉપરી વૉર્નિંગ બેલ વગાડ્યા કરે. (જમવાનો સમય થાય એટલે ઑફિસ આગળ લટકાવવામાં આવેલો બેલ, જેને કામ સોંપ્યું હોય તે બેલ વગાડે. રસોડે જમવાનું તૈયાર થયું હોય તો રસોડાનો બેલ વાગે. ઑફિસ આગળ વગાડવામાં આવતા બેલને વૉર્નિંગ બેલ કહેવામાં આવતો) ભોજન ઉપર બેઠા પછી રોટલી આવતાં કે પીરસવામાં સહેજ વિલંબ થાય તો બૂમાબૂમ કરી મૂકે એ જ વિદ્યાર્થીઓ જમવાની બાબતે અમને નિશ્ચિંત રહેવાનું કહેતા હતા !

છાત્રોની ગમે તેટલી તૈયારી હોય પણ એમને એમ કંઈ ભૂખ્યા રહેવા દેવાય ? શ્રી મનહરભાઈ અને શ્રી ચતુરભાઈ જેવા ખબરદાર ગૃહપતિઓ સાથમાં હોય અને છાત્રોને ભૂખ્યા કેમ રહેવા દેવાય ?

અમે વિદ્યાર્થીઓને કહ્યું : 'તમે ચિંતા ન કરો, આપણે ગમે તે વ્યવસ્થા કરીશું.'

લગભગ સાડા પાંચનો સમય થયો હતો. ત્યાં સદ્ભાગ્યે સર્વ વિદ્યાલયના-વિદ્યાર્થી આશ્રમના ભૂતપૂર્વ છાત્ર શ્રી મોહનભાઈ જે ગાંધીનગરમાં એન્જિનિયર હતા અને ગાંધીનગર માટેની સર્વ વિદ્યાલયની શાખાની એડ્હૉક સમિતિના સભ્ય હતા તે સ્થળ ઉપર આકસ્મિક જ આવી ચઢ્યા. એમની સાથે ટુંડાવ ગામના એક બીજા એન્જિનિયર શ્રી માધુભાઈ હતા. આ બંને મહાનુભાવોને ઝટ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. એમણે કહ્યું : 'કશી ચિંતા કરવાની જરૂર નથી. અમે અબઘડી વ્યવસ્થા કરી દઈએ છીએ.'

એ બંને મનહરભાઈ અને ચતુરભાઈને સાથે લઈને ગયા અને થોડી વારમાં જ એ ધારાસભ્યોની હૉસ્ટેલના રસોડામાં છાત્રોના જમવાની વ્યવસ્થા ગોઠવીને આવ્યા.

જમીન સાફસૂફીનું કામ ધાર્યા કરતાં વધારે સારી રીતે અને ધારણા કરતાં ઘણું વહેલું પૂરું થયું. ધારાસભ્યોના રસોડે છાત્રો સંતોષપૂર્વક જમ્યા અને રાત્રે સૌ ટ્રકમાં આનંદપૂર્વક ગીતો ગાતા ગાતા કડી પરત થયા.

આજે ગાંધીનગરના આ સેક્ટરમાં ૧૯ એકરના વિસ્તારમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં ત્રણ શિક્ષણ સંકુલમાં ૧૩ કૉલેજો, કેટલીક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, બાલમંદિરો, કમ્પ્યૂટર અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ, કન્યા અને વિદ્યાર્થીઓ માટેનાં છાત્રાલયો વગેરેમાં ૪૮ હજાર કરતાં વધારે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

હૉસ્ટેલમાં રહેનાર છાત્ર-છાત્રાઓની સંખ્યા ચાર હજાર કરતાં વધારે છે.

ઈ. સ. ૧૯૭૭ના પેલા છાત્રો – જેમણે અહીં ઉજ્જડ, ઝાડવાં, ઝાંખરાંવાળું મેદાન સૂર્યના પ્રખર તાપમાં કામ કરીને સાફ કર્યું હતું-માંથી કોઈ હવે આ કૅમ્પસમાં પગ મૂકે ત્યારે એને કેટલો રોમાંચ થાય એની માત્ર કલ્પના કરવી રહી અને હું જ્યારે જ્યારે આ કૅમ્પસમાં પ્રવેશું છું ત્યારે ત્યારે નવેમ્બર માસના પેલા પ્રથમ દિવસની સ્મૃતિમાં ખેંચાઉં છું. સુખદ અનુભવ થાય છે અને પેલા એક છાત્રનો મીઠો સૂર અવશ્ય સંભળાય છે : 'નાનપણમાં એકલો રોટલો પણ કરડ્યો છે, પૂરી તો હોંશે હોંશે ખવાશે.'

છાત્રાલયના વિદ્યાર્થીઓનું ગ્રૂપ-માઇન્ડ જેટલી ઊંચાઈએ પહોંચીને રચનાત્મક કાર્યોમાં સંગીન અને સરાહનીય પુરુષાર્થ કરી બતાવે છે એટલું જ નકારાત્મક દિશામાં નીચે પણ જઈ શકે છે. ઈ. સ. ૧૯૫૩માં છાત્રાલયના વિદ્યાર્થીઓમાં બે તડ પડી ગયેલી. એ બે ગ્રૂપ વચ્ચે સતત ઝઘડા ચાલ્યા કરતા હતા. દિવસે દિવસે એ ઝઘડાઓનું રૂપ વધારે ને વધારે વિકૃત થતું જતું હતું. એ વર્ષોમાં શ્રી નાથાભાઈ શાળાના આચાર્ય અને મુખ્ય ગૃહપતિની જવાબદારી શ્રી અંબાલાલ સંભાળતા હતા. શ્રી અંબાલાલ આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓમાં લડાઈ-ઝઘડા ન થાય કે થયા હોય તો એ માટે જરૂરી પગલાં લઈ ઝઘડાનું કારણ દૂર કરી છાત્રોમાં સમાધાન કરાવે એવું ઝાઝું કંઈ કરવાની એમની ફાવટ જોવા મળી નહોતી. પરિસ્થિતિ સ્ફોટક બને એ પહેલાં એના ઉકેલ માટે શ્રી નાથાભાઈ પોતે પ્રયત્ન તો કરતા હતા પણ કોઈ ખાસ પરિણામ જણાતું નહોતું. આખરે એક દિવસ આ માટે કંઈક કરવા વિચાર્યા પછી બપોરના સમયે ત્રણેક વાગ્યે બધા છાત્રોને વ્યાયામશાળાના મકાનમાં ભેગા કર્યા. એ વખતે હું કુંજના છાત્રો (ધોરણ ૫થી ૮ સુધીનાં છાત્રો)નો ગૃહપતિ. ઉપલા ધોરણના એટલે કે વિદ્યાર્થી આશ્રમના મુખ્ય મકાનમાં રહેતા છાત્રોને વશ રાખવાની મારી સીધી જવાબદારી નહોતી. પણ શ્રી નાથાભાઈને મારામાં વિશ્વાસ એટલે વ્યાયામશાળામાં ભેગા કરેલા છાત્રોને સંબોધીને એમને સમજાવવાનું કામ એ સમયે મને સૂચવ્યું.

એ દિવસે મેં મારી બધી વાચિક શક્તિનો ઉપયોગ કરીને આ છાત્રોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. અમારી છાયામાં પોતાનાં બાળકો સંપૂર્ણપણે સલામત છે એવા નિર્ભેળ ભરોસા સાથે નિશ્ચિંત રહેતાં માતા-પિતા અને કુટુંબની એ લાગણી ઉપર કેવો કુઠારાઘાત થઈ રહ્યો છે અને માબાપ આવા છેલ્લી કોટિના ઝઘડા વિશે જાણે તો એમની શી માનસિક સ્થિતિ થાય અને ક્રોધના આંધળા

ઝનૂનમાં શું થઈ બેસે એ બધી વાતો મારી પોતાની લાગણીનો ઘેરો રંગ રસીને મેં છાત્રોને ઘણુંબધું કહ્યું. મેં મારી નજર છૂટક છૂટક છાત્રો (જે આગેવાન હતા તે છાત્રો)ની નજર સાથે મેળવીને અને વચ્ચે વચ્ચે બંને પક્ષના કોઈ કોઈ છાત્રોના પ્રેમથી નામ નિરૂપીને ઘણું કહ્યું. જે પરિણામ આવ્યું એનું વિશ્લેષણ કરતાં મને લાગ્યું કે ઉપલાં ધોરણના વર્ગોમાં એક ઉત્તમ શિક્ષક તરીકેની મારી લોકપ્રિયતાએ ઘણું કામ કર્યું હતું. એ દિવસ પછી કોઈ અણધારી મારામારીનો ભય ટળી ગયો એ અમે જોઈ શક્યા. અલબત્ત, બહુ લાંબો સમય સ્થાયી રહેલી અશાંતિના કારણે એ વર્ષે શાળાનું S.S.C.નું પરિણામ ફક્ત ૫૩ ટકા આવ્યું હતું.

છાત્રસમૂહ ક્યારેક માત્ર ગમ્મત અને સ્વાનંદ ખાતર કેટલાંક ટીખળ કરે છે. માત્ર નિર્દોષ અને નિખાલસ ટીખળ. આને નિર્દોષ ટીખળ પણ કેમ કહી શકાય ? એમની આ રમૂજવૃત્તિ રસોડાના રસોયાઓ અને કંઈક અંશે ગૃહપતિને પણ મૂંઝવણમાં મૂકી દે છે. એ રમૂજ પૂરતો નક્કી કરેલો નેતા એક આંગળીનું નિદર્શન કરે એટલે બધા જ છાત્રો રોજ પોતે જેટલી રોટલી ખાતા હોય એના કરતાં એક રોટલી વધારે લે એટલે રસોડામાં સાડાત્રણસો રોટલીની ઘટ પડે. નેતા બે આંગળી દેખાડે તો સૌ બે રોટલી વધારે લે અને રસોડામાં ૭૦૦ રોટલીની ઘટ પડે. રસોયા તત્ક્ષણ પહોંચી ન વળે એટલે રસોડામાં હો-હા મચી જાય. ત્યાં ઉપસ્થિત ગૃહપતિને આ ગોકીરો કાબૂમાં લેતાં થોડી મહેનત પડે અને છાત્રો તો રોટલી કરતાં મજા વધારે લૂંટતા રહે.

છાત્રસમૂહનું હાથવગું હથિયાર હડતાળ. કંઈ અસંતોષ હોય, અન્યાય થતો જણાય, ગૃહપતિઓ કે મંડળ તરફથી કોઈ કડક પગલું ભરવામાં આવ્યું હોય ત્યારે છાત્રો આ હથિયાર ઉપાડે. ઘણુંખરું તો હડતાળ રસોડાના કોઈ પ્રશ્નના આધારે હોય.

છાત્રાલયના આરંભનાં વર્ષોમાં પડેલી આવી એક હડતાળ વિશે કેળવણી મંડળના મંત્રી શ્રી ધનાભાઈ વકીલ પાસેથી સાંભળેલું. (શ્રી ધનાભાઈ એ વખતે છાત્રાલયના છાત્ર હતા) છાત્રાલયમાં મહિને એક વાર ફીસ્ટ (મીઠાઈવાળું ભોજન) અપાય. એ વખતે એક વાર ફીસ્ટમાં શીરો બનાવેલો. સમય પ્રમાણે વિદ્યાર્થીઓની સ્વાદ-રુચિ બદલાઈ હશે એટલે એમણે શીરો ખાવાનો ઇન્કાર કર્યો. હડતાળ આરંભાઈ. ગમે તેટલું સમજાવવા છતાં છાત્રો મક્કમ. આખરે સમસ્યાનો ઉકેલ લાવવા છાત્રોની રુચિ પ્રમાણેનું ભોજન આપવું પડ્યું અને શીરો ગૌશાળાની ગાયોને ખવડાવ્યો.

ક્યારેક રુચિ બાબતમાં આશ્ચર્ય થાય એવી હડતાળ પણ પડ્યાનો અમને અનુભવ થયેલો. સામાન્ય રીતે પાંચમા-છઠ્ઠા દાયકાના અરસામાં ફીસ્ટમાં છાત્રોને મોહનથાળ આપવામાં આવતો. છાત્રોને આ અંગે કોઈ ફરિયાદ નહોતી. એક વખત અમે વિચાર્યું કે હવે મોહનથાળ એ જૂના જમાનાની વાનગી છે, એટલે વાનગીમાં ફેરફાર કરીએ. વિચારણાને અંતે ફીસ્ટમાં શિખંડ-પૂરી આપવાનું વિચાર્યું. ખાનગી રાહે એક છાત્ર આ વાનગીના વિરોધમાં પ્રચાર કરી રહ્યો હતો. એના વિસ્તારના છાત્રોને હડતાળ પાડવા એણે ઉશ્કેર્યા. એક માગણી પકડી – અમારે શિખંડ નહીં, મોહનથાળ જ જોઈએ. છાત્ર હતો હોશિયાર (પાછળથી એ ડૉક્ટર બન્યો હતો) એણે બીજા છાત્રોને પણ પોતાના મતમાં ભેળવ્યા. બે ગ્રૂપ પડી ગયાં. જે શિખંડના ચાહક હતા એ પણ બીજા વિદ્યાર્થીઓને મૂકીને પોતે જમવા શી રીતે જાય ? આ વિચારથી એ પણ જમવા ન ગયા. ઘણી મથામણને અંતે મોહનથાળ હવે જૂના સમયની વાનગી છે એ વાત ગળે ઉતારી અને હડતાળિયાઓને શિખંડ તરફ વાળ્યા અને હડતાળ સમેટાઈ.

છાત્રાલયના વિદ્યાર્થીઓ હડતાળ પર ઊતરે ત્યારે કોઈક વખત એની પાછળ આશ્રમ (છાત્રાલય)માં રહેવાજમવાની સગવડ ભોગવતા શિક્ષકોની ઉશ્કેરણી કામ કરતી હોય છે. આવા પ્રકારની હડતાળનો ઉકેલ માથાના દુખાવારૂપ બની રહેતો હોય છે.

■

# ૧૮
# ઈ. સ. ૧૯૬૦નું વર્ષ

ઈ. સ. ૧૯૬૦માં સર્વ વિદ્યાલયમાં રાજીનામું મૂકી મેં અમદાવાદના ભાષાભવનમાં એમ.એ.ના રેગ્યુલર વિદ્યાર્થી તરીકે બીજા વર્ષનો અભ્યાસ શરૂ કર્યો હતો અને હું યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહેતો હતો. અભ્યાસના સમયગાળા દરમિયાન હીરા પાટણ ખાતે રહેવાની હતી.

એવામાં એક દિવસ હીરાના કાકાની માંદગીના સમાચાર મળ્યા. એમને મહેસાણાના એક ખાનગી દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા હતા. હીરાના સૂચનના આધારે અમે એમની ખબર કાઢવા જવાનું ગોઠવ્યું. હીરા બપોરની ગાડીમાં મહેસાણા આવવાની હતી. મહેસાણા પહોંચી જઈને રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર ગાડીની રાહ જોતો હું ઊભો રહ્યો.

ગાડી આવી. ડબો શોધીને એને આવકારવા હું ડબા આગળ ઊભો રહ્યો. એ ગાડીમાંથી ઊતરી. એના કોણીથી વાળેલા હાથ પર અમારી નાની દીકરી શર્વરી હતી. એણે હીરાના ખભા પર માથું ઢાળી દીધેલું હતું.

આ જોઈને હું હાલી ઊઠ્યો. આ સ્ત્રી અમારા સંસારનો સઘળો ભાર ઉઠાવીને જીવી રહી હતી અને હું કારકિર્દી પાછળ દોટ મૂકી રહ્યો હતો !

થોડા કષ્ટ સાથે હીરાએ પ્લૅટફૉર્મ પર પગ ઠરાવ્યો. મેં અમારી દીકરીને મારા ખભા પર લઈ લીધી અને હીરાએ પૂછ્યું : 'શર્વરીની તબિયત ઠીક નથી ?'

'એવું કંઈ નથી પણ આજે જરા ઢીલી છે.'

'તો પછી મહેસાણાનું મુલત્વી રાખવું હતું ને.'

'ચાલે એવું નહોતું, કાકાની તબિયત વધારે બગડ્યાનું સાંભળ્યું હતું... એટલે તમને ના ન કહેવડાવી.'

માંદગીની ખબર કાઢ્યા પછી જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી હીરા

દવાખાનામાં રોકાઈને થોડા દિવસ પિયર જવાની હતી.

કાકાની તબિયતની સ્થિતિ હમણાં સ્થિર છે એવું ડૉક્ટરે કહ્યું એટલે હીરાએ બીજે દિવસે પિયર જવાનો નિર્ણય કર્યો.

પાટણથી ચાર વાગ્યે ઊપડતી ગાડીમાં હું અમદાવાદ જવાનો હતો. હીરા મને સ્ટેશન પર મૂકવા આવી. અમે સ્ટેશને આવવા નીકળ્યાં ત્યાં સુધી શર્વરી એક ખુરશીમાં શાંત બેસી રહી હતી. અમે જ્યાં જઈએ ત્યાં અમારી આગળ-આગળ ઊછળતી-કૂદતી-દોડતી શર્વરી આજે ચાલવાની સ્થિતિમાં પણ નહોતી. મેં એને ખભે લઈ લીધી.

અમે પ્લૅટફૉર્મ પર એક જગ્યાએ જઈને ઊભાં રહ્યાં. અમારામાં ઉલ્લાસપૂર્વક વાતો કરવાનો ઉત્સાહ નહોતો. અમે બંને મન ઉપરના કશાક ભાર તળે ચંપાયાં હોઈએ એમ મૌન ધારણ કરીને ઊભાં રહ્યાં.

સ્ટેશનમાં પાંચ ટકોરા થયા. એ સાંભળી હીરાએ કહ્યું : 'ગાડી પાંચોટથી નીકળી ચૂકી છે. શર્વરીને લાવો મારી પાસે.'

શર્વરીને આપતાં પહેલાં મેં એને બોલાવવાનો પ્રયત્ન કર્યો. શર્વરી બોલી નહીં પણ મને વિદાય આપતી હોય એમ એણે હાથ ઊંચો કર્યો અને હલાવ્યો.

ગાડીને આવતી જોઈ મેં હીરાને કહ્યું : 'હવે તમે નીકળી જાઓ. હમણાં ઉતારુઓની ભીડ થશે. નીકળવામાં મુશ્કેલી પડશે.' સાંભળ્યું ન હોય એમ હીરા ઊભી રહી. ગાડી આવી. એક ડબામાં જગ્યા લીધી.

હીરા ડબા આગળ આવીને પ્લૅટફૉર્મ ઉપર ઊભી રહી. હજુ એ મૌન ધારણ કરીને જ ઊભી હતી.

ગાડી ઊપડવાની વ્હીસલ થઈ અને એ મને પહેલી વાર જોતી હોય એમ મારી સામે જોઈ રહી.

એની આંખોમાં શું હતું ?

મને એમાં એક વિશાળ અને શાંત સમુદ્રનાં દર્શન થયાં. અને બીજી જ ક્ષણે સમુદ્ર કરતાં વધારે ગહરાઈ ધારણ કરીને ઊભેલી એક સ્ત્રી જોઈ.

વરાળથી ચાલતા એન્જિને ભખ્...ભખ્... અવાજ સાથે ગતિ આરંભી.

શર્વરીએ એકાએક હીરાના ખભા પરથી માથું ઊંચું કરીને મારી તરફ જોઈને હાથ ઊંચો કરીને મને વિદાય આપતી હોય એમ એને હલાવ્યો.

હીરાએ પણ એ જ ભાવથી હાથ હલાવ્યો અને પછી શર્વરીનો હાથ પકડી રાખ્યો.

ગાડીનો છેડો યાર્ડ બહાર નીકળી ગયો ત્યાં સુધી મા-દીકરી એ જ જગ્યાએ ઊંચા હાથ સાથે ઊભાં હતાં.

અત્યારે હું કશી અકળ મનોવેદના અનુભવી રહ્યો હતો. મેં આ સ્ત્રીને કશું સુખ આપ્યું નહોતું. હું કઠોર હતો ? ના, એવું નહોતું. હું હંમેશાં પત્ની સાથે રહ્યો હતો. કેટકેટલાં દવાખાનાં ! કેટકેટલા ડૉક્ટરો ! કેટકેટલી લૅબોરેટરીઓ... કેટકેટલા રિપોર્ટો... મેં એને જીવનમાં ક્યારેય ખાલીપો ન લાગે એની તકેદારી રાખી છે. પણ મારું ઘડતર જ એવું થયું છે કે મેં જીવનને હળવાશથી લીધું છે. મેં મનમાન્યા નિર્ણયો લીધા છે. લોકસમુદાયથી હંમેશાં દૂર રહ્યા કર્યો છું. પત્ની પ્રત્યે અપાર પ્રેમ હોવા છતાં એની સાથેનો વ્યવહાર સૂનકારભર્યો રહ્યો છે.

પાંચ દિવસ પછી મોટા ભાઈ તરફથી સમાચાર મળ્યા કે શર્વરીને પોલિયો થઈ ગયો છે. ગામડે એને એક દિવસ તાવ આવ્યો અને કમરથી નીચેનાં અંગ કામ કરતાં બંધ થઈ ગયાં છે. હું તરત પાટણ પહોંચી ગયો. હીરા અને શર્વરીને અમદાવાદ લઈ આવ્યો. રવિવારે દવાખાનાં બંધ હતાં પણ મારા મિત્ર બિપિનચંદ્ર (જેમનો ઉલ્લેખ આ કથામાં અન્યત્ર વિગતવાર છે) એમણે એમના સ્નેહી બાળકોના ડૉક્ટર સોમાભાઈ છક્કડદાસનું દવાખાનું ઊઘડાવ્યું. ડૉક્ટરે બરાબર તપાસ કરી ઘટતી દવાઓ લખી આપી અને ખાસ તો, પ્રીતમનગરના અખાડામાં આ માટે કરાવવામાં આવતી કસરત માટે ભલામણ કરી.

પોલિયોના કારણે દીકરીનું જીવતર ધૂળધાણી થઈ ગયાનો હીરાના મન ઉપર કારમો ઘા હતો છતાં એણે ધૈર્ય અને હિંમતથી કામ લેવા માંડ્યું. અમદાવાદ તેમ જ એના બસ રૂટોથી એ સાવ અજાણી હતી. પણ એક વખત જરૂરી જાણકારી મેળવી લીધા પછી એ શર્વરીને લઈને એકલી પ્રીતમનગરના અખાડે જતી અને શર્વરીને કસરત કરાવતી. બિપિનચંદ્રને ત્યાં રહીને એણે ત્રણ મહિના સુધી પ્રીતમનગરના આંટાફેરા કર્યા. ત્યાં જે કસરત કરાવવામાં આવતી હતી તેની રીત એણે બરાબર જાણી લીધી હતી.

પાટણ ગયા પછી એ શર્વરીને નિયમિતપણે સવારે અને સાંજે કસરત કરાવતી હતી એટલું જ નહીં પણ ડૉક્ટરે આપેલી સલાહ પ્રમાણે લકવાગ્રસ્ત અંગો પર માલિશ પણ કરતી હતી.

મસલ્સમાં થોડી તાકાત આવ્યા પછી દાક્તરી સલાહ પ્રમાણે અમે શર્વરી માટે બૂટ અને કેલિપર તૈયાર કરાવ્યાં.

બૂટ અને કેલિપર પહેરાવીને એને ઠેલણગાડીનો આધાર આપીને વારંવાર ચલાવવી પડતી. આ કામ ભારે કંટાળાભર્યું હોવા છતાં હીરા ખૂબ ધીરજ અને કાળજીથી એ કામ, કંટાળ્યા વગર કરતી.

લાંબા સમય સુધી આ કામ ચાલ્યું.

અંતે શર્વરી ચાલતી થઈ. અલબત્ત, એ અપંગ તો રહી પણ બે કિલોમીટર જેટલા અંતરે કૉલેજ સુધી ચાલીને જતી હતી.

અગાઉ જણાવ્યું છે તેમ એ વર્ષોમાં કડીમાં ત્રણ ઘોડાગાડીઓ સિવાય ભાડાનાં કોઈ વાહનો નહોતાં એટલે કૉલેજ ચાલીને જવું પડતું.

■

## ૧૯

# આચાર્ય બનતાં પહેલાં

ઈ. સ. ૧૯૬૦-૬૧ના વર્ષમાં યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહીને મેં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો. પરીક્ષા પૂરી થઈ એ પછી એક દિવસ એ. જી. ટીચર્સ કૉલેજમાં હિસ્ટ્રી ઑફ એજ્યુ.ના પ્રાધ્યાપક શ્રી આર. એસ. ત્રિવેદીનો મારા પર ફોન આવ્યો : 'આજે રાત્રે મારે ત્યાં આવો. પ્રકાશ એજ્યુકેશન ટ્રસ્ટના ગવર્નિંગ ટ્રસ્ટી શ્રી જેઠાલાલ આવવાના છે. થોડી મહત્ત્વની વાત કરવાની છે. શ્રી આર. એસ. ત્રિવેદી સાથે બી.એડ્.ના અભ્યાસ દરમિયાન ઘનિષ્ઠ નિકટત્વ સાંપડ્યું હતું. એમને ત્યાં ઘણી વાર ગોષ્ઠી નિમિત્તે બેસવાનું થતું (એ વખતે એ મીઠાખળીમાં કલ્યાણ સોસાયટીમાં રહેતા હતા) રાત્રે લાલ દરવાજાથી યુનિવર્સિટી તરફની ૧૦-૨૦ની છેલ્લી બસ ઊપડવાનો સમય થાય તોપણ શ્રી ત્રિવેદી એમના વાર્તાલાપમાં મને બરાબર જકડી રાખતા. શ્રી જેઠાલાલ શાહનો નિર્દેશ અગાઉના પ્રકરણમાં થઈ ગયો છે. એમના હસ્તે જ ન્યુ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેનો ઑર્ડર મને મળેલો. એ વખતે શ્રી જેઠાલાલ ન્યુ હાઈસ્કૂલમાં હેડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા.

રાત્રે હું આર. એસ. ત્રિવેદીના સાધના સોસાયટીમાંના નિવાસ પર પહોંચ્યો. શ્રી જેઠાલાલ આવી પહોંચેલા હતા.

આરંભમાં થોડી ઔપચારિક વાતો દરમિયાન શ્રી જેઠાલાલે કહ્યું : 'ગુજરાત સમાચાર'માં દર સોમવારે આવતી તમારી નવલકથા હું બે વાર વાંચું છું. છાપું આવે ત્યારે સવારે અને જમ્યા પછી આરામના સમયે બપોરે.' એ પછી મૂળ વાત ઉપર આવતાં એમણે કહ્યું : 'જૂનથી શ્રી ત્રિવેદીસાહેબ પ્રકાશ આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજનું આચાર્યપદ સંભાળવાના છે. હું ઇચ્છું છું કે તમે કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાઓ. ત્રિવેદીસાહેબે તમારા ઉપર ખાસ

પસંદગી ઉતારી છે.'

મેં આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક થવાની ગણતરીએ જ સર્વ વિદ્યાલયમાં રાજીનામું આપીને એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો હતો. પરીક્ષા થઈ હતી પણ હજુ પરિણામ બાકી હતું એટલે કોઈ નિર્ણય લેવાની આ પળ નહોતી. મેં કહ્યું : 'હજુ પરિણામ બાકી છે. પરિણામ આવ્યા પછી જે-તે નિર્ણય લઈ શકાય.'

'પરિણામની રાહ જોવાની જરૂર ક્યાં છે ?' જેઠાલાલે કહ્યું.

બી.એ.ના પરિણામ પહેલાં શ્રી જેઠાલાલના હસ્તે મને ન્યુ હાઈસ્કૂલમાં ઑર્ડર (પ્રોવિઝનલ) અપાયો હતો તેનું સ્મરણ થયું.

જેઠાલાલે એમની વાતના સમર્થનમાં ઉમેર્યું : 'પરિણામની રાહ જોવાની જરૂર નથી.'

'એ કેવી રીતે ?'

'એજ્યુકેશન ફેકલ્ટીના આધારે ઑર્ડર આપી શકાશે.'

એ વર્ષોમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર સ્નાતકો કૉલેજમાં અધ્યાપક થઈ શકતા. હું બી.એડ્.માં પ્રથમ વર્ગમાં અને યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે ઉત્તીર્ણ થયો હતો. વળી આર્ટ્સના પરીક્ષાર્થીઓમાં પ્રથમ હતો.

મેં કહ્યું : 'એજ્યુકેશન કૉલેજમાં કામ કરવાની ઇચ્છા હોત તો ૧૯૫૫માં એ. જી. ટીચર્સ કૉલેજમાં ફેલો તરીકે કામ કરવા માટે પ્રિન્સિપાલ એલ. આર. દેસાઈ તરફથી શ્રી એચ. જી. દેસાઈ મારફતે સંદેશો મળ્યો હતો. પણ મેં વિનયપૂર્વક એ તકનો ઇન્કાર કર્યો હતો. હું સાહિત્યનો માણસ છું એટલે મારો સંકલ્પ તો આર્ટ્સ કૉલેજમાં જ અધ્યાપક તરીકે કામ કરવાનો છે.'

જેઠાલાલે કહ્યું : 'બંને ફેકલ્ટીઓ ધરાવતી એક જ કૉલેજ છે. તમે ફક્ત એક દિવસ એજ્યુકેશન ફેકલ્ટીમાં અને બાકીના દિવસોમાં આર્ટ્સ કૉલેજમાં કામ કરજો. તમારો આગ્રહ હશે તો પરિણામ પછી નવો ઑર્ડર આપી શકાશે.'

અને શ્રી આર. એસ. ત્રિવેદીના આગ્રહથી શ્રી જેઠાલાલ શાહની યોજના પ્રમાણેનો ઑર્ડર સ્વીકાર્યો અને હું કૉલેજનો અધ્યાપક બન્યો.

હજુ વૅકેશન ચાલતું હતું. વૅકેશનમાં પૂર્વઆયોજન બાબતે એક સ્ટાફ મિટિંગ થઈ એમાં મેં હાજરી આપી અને પછી હું વતન પાટણ ગયો.

એક દિવસ બપોરના સમયે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી પ્રતિનિધિ રૂપે શ્રી ભાઈલાલભાઈ પટેલ મારે ત્યાં આવ્યા. મેં એમને આવકાર્યા. ઘટતી સરભરા કરી. પછી એમના આગમનનો હેતુ સ્પષ્ટ કરતાં એ બોલ્યા :

'મંડળના પ્રમુખ અને મંત્રીઓનો સંદેશ લઈને આવ્યો છું. તમારે સર્વ વિદ્યાલયનું સુકાન સંભાળવાનું છે.'

'સર્વ વિદ્યાલયનું સુકાન ?' મારા આશ્ચર્યનો પાર નહોતો.

'હા, નાથાભાઈએ આચાર્યપદેથી રાજીનામું આપ્યું છે.'

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરતાંય એક વર્ષ અગાઉ એટલે કે ઈ. સ. ૧૯૧૯માં સ્થપાયેલી આ સંસ્થા. રાષ્ટ્રભાવનાથી રંગાયેલી અને રાષ્ટ્રીય કેળવણી આપતી આ સંસ્થા. જે સંસ્થાની ગાંધીજીએ સ્વેચ્છાએ મુલાકાત લઈને ત્યાં પાંચ કલાક જેટલો સમય ગાળ્યો હતો તે સંસ્થાનું સુકાન સંભાળવાનું કહેણ આવ્યું હતું. વળી, આચાર્ય તરીકે એક દિવસનો પણ મને અનુભવ નહોતો અને છતાં સંસ્થાએ આ કામ માટે મારા પર પસંદગી ઉતારી હતી !

શ્રી નાથાભાઈ દેસાઈ અત્યંત લોકપ્રિય આચાર્ય હતા. એમણે આમ એકાએક રાજીનામું આપ્યું એથી લોકોને અનેક તર્ક માટેનું કારણ મળ્યું. એવી એક વાત વહેતી થઈ કે નાથાભાઈએ સંચાલક મંડળ સાથેના મતભેદના કારણે રાજીનામું આપ્યું છે. એકાદ વ્યક્તિ સિવાય મૅનેજમેન્ટના બધા સભ્યોને નાથાભાઈ માટે ઘણો આદરભાવ હતો. પણ જ્યારે કોઈ વાત વહેવા માંડે ત્યારે આવી ચકાસણી કોણ કરવા બેસે છે ?

ભાઈલાલભાઈએ કહ્યું : 'નાથાભાઈના રાજીનામાની વાત જાણ્યા પછી વિદ્યાર્થીઓ શાળા છોડી જવા લાગ્યા છે. લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ શાળા છોડ્યાનો દાખલો મેળવી લીધો છે (આ આંકડો માત્ર અંદાજી ધારણાનો હતો) હજુ એ સિલસિલો ચાલુ છે. તમે આચાર્યપદ સંભાળો તો સ્થિતિ સુધરી જશે એવું મંડળનું માનવું છે. તમે મંડળની દરખાસ્ત સ્વીકારી લો.'

હું મંડળની દરખાસ્તને અનુકૂળ થઈ શકું એમ નહોતો. એ વર્ષોમાં સાહિત્યસર્જનમાં હું ખૂબ વ્યસ્ત હતો. જાણીતાં સામયિકોમાં મારી વાર્તાઓ પ્રગટ થતી હતી. મારા ત્રણ વાર્તાસંગ્રહો અને ત્રણ નવલકથાઓ પ્રગટ થઈ ચૂક્યાં હતાં. 'ગુજરાત સમાચાર'માં ધારાવાહિકરૂપે પ્રગટ થઈ ચૂકેલી મારી નવલકથા 'અંતિમ દીપ' ખૂબ આવકાર અને પ્રશંસા પામી હતી. તત્કાલીન મુંબઈ સરકારે મહારાષ્ટ્રના આઠ પત્રકારો અને ગુજરાતના મૂર્ધન્ય ૧૫ લેખકો તેમ જ એક પત્રકારને વિદર્ભમાં સંપન્ન થયેલા કેટલાક પ્રોજેક્ટોના અવલોકન માટે ૧૫ દિવસના પ્રવાસ માટે આમંત્રણ આપ્યું હતું. ગુજરાતના ૧૫ સાહિત્યકારોમાં મારો સમાવેશ હતો. સાહિત્યિક કારકિર્દી માટે અમદાવાદ ઘણું મહત્ત્વનું સ્થળ ગણાય. વળી કૉલેજમાં અધ્યાપનકાર્ય આ કારકિર્દી માટે સૌથી વધારે ઉપયોગી

વ્યવસાય. એટલે અમદાવાદ છોડીને કડી જવાનો નિર્ણય લેવાનું કામ મારા માટે લગભગ અશક્ય હતું. એટલે મારી આ અશક્તિ આગળ ધરીને મેં શ્રી ભાઈલાલભાઈને વિદાય કર્યા.

વૅકેશન પૂરું થાય એ પહેલાં હું અમદાવાદ ગયો. કડીની સંસ્થાનો પ્રશ્ન વધારે ને વધારે ગૂંચવાતો જતો હોવાના સમાચાર મળતા હતા. કટોકટી ઘેરી બનતી જતી હતી.

મૅનેજમેન્ટના બે મંત્રીઓ અમદાવાદ આવીને મને મળ્યા. એમણે સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકારવા મને ઘણો આગ્રહ કર્યો. હું એમની મૂંઝવણ બરાબર સમજી શકતો હતો. મેં ૧૯૫૦ના જુલાઈથી ૧૯૬૦ના વૅકેશનના અંત સુધી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે અને વિદ્યાર્થી આશ્રમમાં ગૃહપતિ તરીકે તેમ જ લગભગ સાડાચાર વર્ષ માનદ મુખ્ય ગૃહપતિ તરીકે સેવાઓ આપી હતી. આ બંને કામગીરીમાં વિદ્યાર્થીઓ તેમ જ છાત્રોનો મને અપાર પ્રેમ મળ્યો હતો. મને કડીની સંસ્થામાં લઈ જવાનો મૅનેજમેન્ટનો આટલો બધો આગ્રહ હતો તેની પાછળ આ કારણ હતું. બાકી, નાથાભાઈના રાજીનામાની જાણ પછી મહેસાણા જિલ્લાની જાણીતી સંસ્થાઓના આચાર્યોનો સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે નિમણૂક મેળવવાનો પ્રયત્ન તો ચાલુ હતો જ. પણ સંચાલક મંડળ પરિસ્થિતિને બરાબર સમજીને કોઈના પ્રયત્ન તરફ ધ્યાન આપતું નહોતું.

મને મળવા આવેલા મંત્રીઓ એ વખતે તો આચાર્યપદ સ્વીકારવા માટેની મારી સંમતિ મેળવી ન શક્યા, પણ એક અઠવાડિયા પછી મળનાર સંચાલક મંડળની મિટિંગમાં હાજરી આપવાનું મારી પાસેથી વચન લઈને ગયા.

આ પછી કડી સંસ્થાના વર્ષોજૂના હિસાબનીશ અને કડી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી માધવલાલ મારફતે શ્રી નાથાભાઈનો એક સંદેશો મને આ મતલબનો મળ્યો : 'તમે સંસ્થાના હિતમાં કડી જાઓ. તમે આચાર્યપદ સંભાળશો તો બધું શાંત થઈ જશે. સંસ્થાને અત્યારે તમારી જરૂર છે.' નાથાભાઈ સંસ્થાનું અહિત ઇચ્છે નહીં. એમના વિશ્વાસમાં રહીને મેં એ સંસ્થામાં એક દાયકા જેટલા સમયગાળામાં કામ કર્યું હતું. એમના આ સંદેશાથી હું ધર્મસંકટમાં મુકાયો.

સંચાલક મંડળની મિટિંગના દિવસે હું, મેં આપેલા વચન પ્રમાણે કડી ગયો. મિટિંગના એજન્ડા પર આચાર્યની પસંદગી સિવાય બીજું કોઈ કામ નહોતું. મિટિંગમાં ઘણી ચર્ચાઓ થઈ. મને આચાર્યપદ સ્વીકારવા માટે પ્રેમભર્યો ઘણો આગ્રહ થયો. ચર્ચાઓ અને પરિસ્થિતિની ચકાસણી પછી મને લાગ્યું કે મારે

મારી અંગત મહત્ત્વાકાંક્ષાઓને કોરાણે રાખીને, જ્યારે આ સંસ્થાને મારી જરૂર જ છે ત્યારે, આચાર્ય તરીકે મારી પૂરી ક્ષમતા છે કે કેમ તેનો ઝાઝો વિચાર કર્યા સિવાય ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં શિક્ષણના દીવા રૂપ બની ગયેલી સંસ્થાનું સુકાનીપદ સ્વીકારી લેવું જોઈએ.

અને મેં સર્વ વિદ્યાલયના આચાર્ય બનવા માટેની સંચાલક મંડળને મારી સંમતિ આપી. મને લાગ્યું કે મારી આ સંમતિની ક્ષણે સંચાલક મંડળના સભ્યોએ એક 'હાશ'ની લાગણીનો અનુભવ કર્યો.

આચાર્યનું નક્કી તો થયું, પણ એથી સમસ્યાનો અંત આવી ગયો એવું કેમ માની લેવાય ? નાથાભાઈના રાજીનામા નિમિત્તે કડીના નગરજનો તેમ જ નજીકનાં ગામડાં જ્યાંથી વિદ્યાર્થીઓનો મોટો સમૂહ સર્વ વિદ્યાલયમાં અભ્યાસ માટે આવતો હતો એ વિદ્યાર્થીઓના વાલીસમૂહમાં, પૂરી જાણકારીના અભાવે સંચાલક મંડળને રાજીનામાનું કારણ ગણીને રોષની લાગણી વધતી જતી હતી. શાળા છોડ્યાનો દાખલો મેળવી લઈને શાળા છોડનાર વિદ્યાર્થીઓમાં પણ એ ભાવ હતો. ચારે તરફ વ્યાપક બનેલી લાગણીનો ખ્યાલ એક ઉદાહરણથી આવી શકે એમ છે. વૅકેશન દરમિયાન મહેસાણામાં સતીશભાઈ નામના સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીનો ભેટો થયો. આ ભાઈ વેપારમાં અમારાં એક ફોઈના દીકરાના ભાગીદાર હતા. એમને મહેસાણામાં આકસ્મિક રીતે જ મળવાનું થયેલું. એમનાથી રહેવાયું નહીં હોય એટલે મનનો રોષ બહાર કાઢતા એમણે કહ્યું : 'વિદ્યાર્થીઓ તમને ધિક્કારશે.' નાથાભાઈની જગ્યા ઉપર હું આવતો હતો એટલી જાણ અને એટલા ખ્યાલ માત્રથી એમણે આવા શબ્દોનું ઉચ્ચારણ કર્યું ! મારે એમને બધી ભૂમિકા ક્યાં સમજાવવાની હતી ? પણ વ્યાપક બની રહેલા વાતાવરણનો મને અંદાજ આવી ગયો.

હું કોઈને વચન કે બાંહેધરી આપું એમાંથી હું કદી પાછો ન પડું એવો મારો એક સ્વભાવ છે. આના કારણે ઘણી વાર નુકસાન અને મુશ્કેલીઓનો અનુભવ કરવો પડ્યો છે, પણ તેથી વચનભંગ થવાની ઇચ્છા થઈ નથી. હવે સર્વ વિદ્યાલયના આચાર્ય બનવાનું મારું નક્કી હતું.

કૉલેજની નિમણૂક સંદર્ભે રાજીનામું અને તે અંગે નોટિસ પગાર ભરવો પડે એવી કોઈ મુશ્કેલી નહોતી. આર. એસ. ત્રિવેદી સાથે નિકટનો સંબંધ હતો અને જેઠાલાલ મારા ત્યાગની કદર કરી શકે એવા દૃષ્ટિવંત માણસ હતા.

૧૨મી જૂનના દિવસે શાળાના પ્રથમ સત્રનો આરંભ થવાનો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે શાળાના ચાલુ વિદ્યાર્થીઓ, નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓ

અને વિદ્યાર્થીઓ સાથે આવેલા વાલીઓ બધાની હાજરી અગિયાર વાગ્યે પ્રાર્થના અને મંગલ પ્રવચન વખતે સંસ્કારભવનમાં હોય.

શાળામાં આચાર્યની ઑફિસમાં જતાં પહેલાં મેં સેન્ટ્રલ હૉલના કા. પા. ઉપર નજર કરી. આનંદાશ્ચર્ય વચ્ચે મેં એક પાટિયા પર નાથાભાઈના હસ્તાક્ષર જોયા. એમણે વિદ્યાર્થીઓને શુભાશિષ આપીને મને હૃદયપૂર્વકનો સહકાર આપવાનો નિર્દેશ કર્યો હતો.

બેલ વાગ્યો. વિદ્યાર્થીઓ, વાલીઓથી સંસ્કારભવન ભરચક હતું. અને મેં જેવો સંસ્કારભવનમાં પ્રવેશ કર્યો કે તરત વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ તાળીઓના ગડગડાટથી મને વધાવી લીધો. ક્યાંય સુધી તાળીઓના આ ગડગડાટથી સંસ્કાર-ભવન ગુંજતું રહ્યું.

■

# ૨૦
# કંટકછાયો પંથ

સર્વ વિદ્યાલય વિવિધલક્ષી પ્રવૃત્તિઓનું કેન્દ્ર. ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ અને તે અગાઉનાં સ્વાતંત્ર્યલક્ષી આંદોલનો, પાટીદાર પરિષદ સમેત સામાજિક પ્રવૃત્તિલક્ષી સભાઓ, અધિવેશનો વગેરેનું સંચાલનકેન્દ્ર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો વ્યાપ વધતો ગયો તેમ તેમ સર્વ વિદ્યાલય ઝાઝી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનતું રહ્યું. સર્વ વિદ્યાલયનું સુકાન સંભાળ્યું ત્યારે સર્વ વિદ્યાલયને સંલગ્ન બે છાત્રાલયો, મહેસાણા જિલ્લા શાળા સંઘ (જેમાં ૩૦૦ જેટલી શાળાઓ સભ્ય હતી)નું કાર્યાલય, કડી તાલુકા વ્યાયામ મંડળનું પ્રમુખ સ્થાન, એસ.એસ.સી. પરીક્ષા બોર્ડનું પરીક્ષા કેન્દ્ર, જી. સી. સી. ટાઇપ રાઇટિંગની પરીક્ષાઓનું પરીક્ષા કેન્દ્ર, ડ્રોઇંગ ગ્રેડ પરીક્ષાઓનું પરીક્ષા કેન્દ્ર (આ બધી જ પરીક્ષાઓના ચીફ કંડક્ટર કે કેન્દ્રસંચાલક સર્વ વિદ્યાલયના આચાર્ય) સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનાં કાર્યાલયો સર્વ વિદ્યાલય કેમ્પસમાં એટલે એના હસ્તકની સઘળી પ્રવૃત્તિઓમાં સીધી કે આડકતરી રીતે જોડાયેલા રહેવું પડે.

હું ૩૩ વર્ષનો યુવાન આચાર્ય. શાળાના આચાર્ય તરીકેનો એક દિવસનો પણ અનુભવ નહીં. શાળાના સ્ટાફ ઉપર જેમને મારા હાથ નીચે કામ કરવાનું હતું એમાંના ઘણા તો એક વખતના મારા સિનિયર શિક્ષકો હતા. ૧૯૫૫-૫૬માં શ્રી નાથાભાઈના પંચગનીમાં નિવાસ સમયે આચાર્યપદ સંભાળી ચૂકેલા શ્રી અંબાલાલ, સુપરવાઇઝર તરીકે એ વખતે પણ ફરજ બજાવતા હતા તે શ્રી રામભાઈ, નિવૃત્તિના આરે પહોંચેલા લગભગ અર્ધો ડઝન શિક્ષકો... આ બધા ખુશીથી મારી સત્તા હેઠળ કામ કરવા તૈયાર હશે ? જે આચાર્ય તરીકેની લાયકાત ધરાવતા હોય એમને એ પદ ન સોંપાયાનો અસંતોષ મારા વહીવટમાં બાધક ન બને ? સંચાલક મંડળે સ્ટાફના સભ્યોમાંથી કોઈ આ કામ કરવા તૈયાર

હોય તો તે જાણી લેવા પૃચ્છા કરેલી એવું મને જાણવા મળ્યું હતું. એ પૃચ્છા વખતે કોઈએ આચાર્ય તરીકે કામ કરવાની તૈયારી બતાવી નહોતી. અલબત્ત, એ વખતે તૈયારી ન બતાવવા પાછળ સંસ્થામાં ઊભી થયેલી કટોકટી હતી. વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રજાનો રોષ એ વખતે કારણરૂપ હોય પણ બધું થાળે પડીને શાળાનું તંત્ર સરળતાથી ચાલવા માંડે એ પછી સત્તાની ભૂખ બળવો કરવા માંડે એવું કેમ ન બને ?

આ બધી જાણકારી સાથે મેં સંસ્થાનું સુકાન સંભાળ્યું હતું. મારે પૂરી કાર્યક્ષમતા દાખવીને વહાણ હંકારવાનું હતું. વહીવટી અનુભવ ભલે ન હોય પણ કાર્યવિવેક, સૂઝ, સાહસ અને આત્મવિશ્વાસના આધારે ક્યાંય કશી અડચણ નહીં આવે એવી શ્રદ્ધા તો મારામાં હતી જ.

આજે પણ મને એ વાતનું આશ્ચર્ય થાય છે કે શાળાનું સુકાન સંભાળ્યા પછી વય નિવૃત્ત થતા સુધી એટલે કે ચોવીસ વર્ષ સુધી આચાર્ય તરીકેના વહીવટમાં એક પણ ગૂંચ આવી નથી. બધું જ સરળ રીતે કશી ચિંતા કે મૂંઝવણભરી સમસ્યાઓ વિના કામ ચાલ્યું. કોઈ શિક્ષક ફરિયાદ લઈને મારી ઑફિસમાં આવ્યો નથી. કોઈ વાલી અસંતોષ કે રોષભર્યો અને ઊંચા સાદે બોલતો આવ્યો નથી. વિદ્યાર્થીઓ પણ મારી આગળ ખૂબ વિનયથી વર્ત્યા છે. આમ કહેવામાં આપવડાઈ કે આત્મશ્લાઘા નથી પણ તંત્ર ચાલનની સૂઝે કામ કર્યું છે એની પાછળ આચાર્યનો એક આદર્શ Code of Conduct કામ કરતો રહ્યો છે.

એવું પણ કહેવાનો હેતુ નથી કે વહીવટમાં ક્યાંય કોઈ સમસ્યા ઊભી થઈ નથી જે સમસ્યાઓ ઊભી થઈ તે ઊંઘ ઉડાડી દેનારી નહોતી.

આચાર્ય તરીકે કાર્ય સંભાળ્યું એ પછીના થોડાક જ દિવસે એક પ્રશ્ન ઊભો થયો. આઠમા ધોરણના એક વર્ગમાં એક શિક્ષકે નાથાભાઈના રાજીનામાની વાતનો આધાર લઈને વર્ગમાં સંચાલક મંડળના એક મંત્રી વિશે, એ વર્ગમાં અભ્યાસ કરતા મંત્રીના પુત્રને સીધેસીધું આક્ષેપાત્મક કડવું વચન કહ્યું. મંત્રીના તરુણ વયના પુત્ર માટે આ અસહ્ય હતું. ઊભા થઈને એ ટેબલ આગળ આવીને પોતાનાં પુસ્તકો પછાડીને 'ફોડી નાખીશ' શબ્દો (જે શિક્ષકે ફરિયાદરૂપે કહ્યા) ઉચ્ચારીને વર્ગમાંથી ભાગી ગયો.

શિક્ષકોએ કૉમન-રૂમમાં મારી સાથે વિદ્યાર્થીના વર્તન વિશે સામૂહિક ફરિયાદ કરી પ્રશ્નનો નિકાલ એમની ધારણા પ્રમાણેનો ન થાય તો એમની ફરિયાદ પાછળનો ઇરાદો સામૂહિક વર્ગ-બહિષ્કારનો હોય એવું જણાયું.

શિક્ષકનું વાણી-વર્તન વિદ્યાર્થીના અવિવેક કરતાં ઘણું ખરાબ, બેજવાબદારીભર્યું અને ગુનાઈત હતું એ તરફ લક્ષ આપવાની શિક્ષકોની તમા નહોતી. અત્યારે એ વાતને મુદ્દો બનાવીને આગળ વધવામાં મેં સાર ન જોયો. જરૂર જણાયે એ થઈ શકશે એવું વિચારી એ વખતે મેં શિક્ષકોને કશું ન કહ્યું. માત્ર એમની ફરિયાદની નોંધ લીધી. સાંજે મેં વિદ્યાર્થીના પિતા અને કેળવણી મંડળના મંત્રી શ્રી છગનભાઈ પટેલને આ પ્રશ્ન અંગે બોલાવ્યા. મેં એમને પ્રશ્નથી વાકેફ કર્યા. મોડા સુધી દીકરો ઘેર આવ્યો નહોતો એ પણ એક ચિંતાનો વિષય હતો. હું એમને કંઈ કહું એ પહેલાં એમણે જ મને કહ્યું : 'મહેન્દ્રનું મન હવે અહીં લાગશે નહીં. આપણે એને પિલવાઈ મૂકીએ. (પિલવાઈની શાળા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ હતી) એ વખતે જ કૅમ્પસમાં રહેતા હેડ ક્લાર્કને બોલાવીને શાળા છોડ્યાનું સર્ટિફિકેટ એમણે મેળવી લીધું. આમ પ્રશ્ન દુઃખદ રીતે ઊકલ્યો ખરો, પણ શિક્ષકોનું 'ગ્રૂપ માઇન્ડ' મારા મન ઉપર એક ઉઝરડો કરી ગયું. મંત્રીશ્રીએ પણ ઉદાર મન દાખવીને એ પ્રશ્નને bone of contension ન બનાવવાનું વલણ દાખવ્યું.

એક વખત મારે આકાશવાણી ઉપર વાર્તા રેકોર્ડિંગ માટે અમદાવાદ જવાનું હતું. રેકોર્ડિંગ માટેનો સમય બે વાગ્યાનો હતો એટલે શાળામાં મેં રજા લીધી હતી. સાડાબાર વાગ્યાની બસમાં હું અમદાવાદ જવાનો હતો. અગિયાર વાગ્યે શાળા શરૂ થવાનો ઘંટ વાગ્યો એ પછી પાંચ-સાત મિનિટે શાળાનો પટાવાળો મારે ત્યાં આવ્યો અને મને કહ્યું : 'રામભાઈ સાહેબ તમને સ્કૂલમાં બોલાવે છે.'

'કેમ ? શા કારણથી બોલાવે છે ?'

'શિક્ષકો વર્ગમાં જતા નથી.'

કોઈ સમસ્યા ઊભી થયાનું સમજાઈ ગયું. રામભાઈ સુપરવાઇઝર હતા અને આચાર્યનો ચાર્જ રણછોડભાઈના હસ્તક હતો.

ઇમરજન્સી સમજી હું તરત સ્કૂલમાં ગયો. શિક્ષકો હજુ કૉમન રૂમમાં હતા.

વર્ગમાં ન જવાનું કારણ પૂછતાં એક સિનિયર શિક્ષકે કહ્યું : 'ગોસ્વામીને એક વિદ્યાર્થી સાથે ઝઘડો થયો છે. વિદ્યાર્થીએ ગોસ્વામીનો સામનો કરીને એમનું અપમાન કર્યું છે. વિદ્યાર્થીને બરતરફ નહીં કરવામાં આવે ત્યાં સુધી શિક્ષકો વર્ગમાં નહીં જાય.'

ગ્રાન્ટ ઇન એઈડ કોડના નિયમ પ્રમાણે કોઈ વિદ્યાર્થીને જિલ્લા

શિક્ષણાધિકારીની મંજૂરી વગર બરતરફ કરી શકાય નહીં. પણ અત્યારે શિક્ષકોના ગ્રૂપ માઇન્ડના આવેશની સ્થિતિમાં આ નિયમ બતાવવાનો કશો અર્થ નહોતો.

વિગત અંગેની પૂછપરછથી જાણવા મળ્યું કે આ ઝઘડો નર્યાં અંગત કારણોસર થયો હતો અને ઝઘડાનું સ્થળ રેલવે સ્ટેશન હતું. આ ઝઘડા સાથે શાળાના વહીવટને કશી જ લેવાદેવા નહોતી. એટલે આ મામલામાં શાળાના આચાર્ય હાથ ઊંચા કરી દે તો તે પણ વાજબી હતું.

પણ મેં એમ ન કરતાં શિક્ષકોનો આક્રોશ આપોઆપ ઠંડો પડે એવો માર્ગ અપનાવ્યો. મેં શિક્ષકોને કહ્યું : 'હું તો આજે રજા ઉપર છું અને આકાશવાણીમાં મારા રેકોર્ડિંગની તારીખ નિશ્ચિત છે એટલે એમાં કશો ફેરફાર થઈ શકે એમ નથી એટલે આજે મારી સહીથી કશો નિર્ણય થઈ શકે એમ નથી. આજે તો રણછોડભાઈની સહીથી જ જે-તે કાર્યવાહી થઈ શકે. એટલે અત્યારે આ સમસ્યાનું સૂત્ર રણછોડભાઈએ સંભાળવું રહ્યું.' ને આ તબક્કે મેં ગ્રાન્ટ-ઇન-એઈડ કોડની વાત પણ જાણકારી ખાતર રજૂ કરી. રણછોડભાઈ મૂંઝાય એવી સ્થિતિ પેદા થઈ. શિક્ષકોની પકડ એકાએક ઢીલી થઈ ગઈ. સૌ વર્ગમાં જવા તૈયાર થયા.

આ સમસ્યાની ચર્ચામાં સમય ઠીકઠીક પસાર થયો હતો. સાડાબારની બસ અનિવાર્યપણે પકડવી પડે એમ હતી. ગોસ્વામીએ મને કહ્યું : 'સાહેબ, ચાલો હું તમને મારા બાઇક પર બસ-સ્ટૅન્ડે મૂકી જાઉં.'

ગોસ્વામીના ચહેરા પર પ્રસન્નતા વ્યાપ્ત હતી એ મને ગમ્યું.

કોઈ પણ સમસ્યાનો ઊભરો શમ્યા પછીની સ્થિતિ કેવી હોય છે એ આપણે જાણીએ છીએ. સ્થિતિ કેવો વળાંક લેશે એની મને બરાબર ખબર હતી એટલે બીજે દિવસે મેં ગોસ્વામીને મારી ઑફિસમાં બોલાવ્યા અને કહ્યું : 'બોલો કાન્તિભાઈ, આખરે શો નિર્ણય લેવો છે ?'

અને ગોસ્વામીએ પોતે જ, વિદ્યાર્થીને ઘટતો ઠપકો આપવામાં આવે એમાં રાજીપો દેખાડ્યો અને પછી પ્રશ્ન રાબેતા મુજબની કાર્યવાહીનો બની રહ્યો.

સમયનો મિથ્યા વ્યય કરનારો અને માનસિક કંટાળો ઉપજાવનારો એક અનુભવ અહીં નોંધવા જેવો છે. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓના પ્રવેશની પદ્ધતિ નિશ્ચિત અને પારદર્શી. ક્યાંય ભ્રષ્ટાચારનું નામ નહીં. માધ્યમિક કક્ષા સુધીનાં ધોરણોમાં આસપાસનાં ગામડાંઓમાં જ્યાં હાઈસ્કૂલ ન હોય તેવાં ગામડાંના વિદ્યાર્થીઓને પરીક્ષામાં મેળવેલા ગુણના નિરપેક્ષપણે હું પ્રવેશ

આપતો. કન્યાઓને ગમે તેટલા ગુણ હોય તો પ્રવેશ મળતો. મારી આ નીતિ જાહેર હતી એટલે સમાજમાંથી આ અંગે પ્રવેશ બાબતે કોઈ ફરિયાદ આવતી નહીં. આ નીતિથી એસ.એસ.સી.ના પરિણામ પર માઠી અસર થતી પણ એની મેં કદી ચિંતા કરી નહોતી. ઉચ્ચતર માધ્યમિક વર્ગોમાં હું વિદ્યાર્થીને પરીક્ષામાં મેળવેલા ગુણના આધારે પ્રવેશ આપતો. વર્ગમાં ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિયમ હતો. પ્રવેશ માટે ધસારો વધારે રહેતો. જરૂર પડ્યે વધારે સંખ્યાના પ્રવેશની મંજૂરી મંગાવી લેતો. ખાસ તો વિજ્ઞાન પ્રવાહમાં આ કાર્યવાહીની જરૂર રહેતી.

એક વખત શહેરની ઝવેરી હાઈસ્કૂલના વિદ્યાર્થીનું અગિયારમા ધોરણના જનરલ પ્રવાહમાં પ્રવેશ માટે ફોર્મ ભરાયું હતું. ત્રીજા ટ્રાયલે આ વિદ્યાર્થી S.S.C.માં પાસ થયો હતો. માર્ક્સ પણ ૩૫ ટકા જેટલા હતા. ઝવેરી હાઈસ્કૂલમાં હાયર સેકન્ડરીનો સામાન્ય પ્રવાહ ચાલતો હતો. એ વિદ્યાર્થી સામાન્ય સંજોગોમાં સહેલાઈથી એ શાળાના ૧૧મા ધોરણમાં દાખલ થઈ શક્યો હોત પણ વાલી એને સર્વ વિદ્યાલયમાં દાખલ કરવા માગતા હતા. વર્ગોમાં ૬૦-૬૦ પ્રવેશ અપાઈ ચૂક્યા હતા. પ્રવેશ માટે ફોર્મ ઘણાં ભરાયાં હતાં એટલે ઊંચી ટકાવારીવાળા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપી શકાયો નહોતો. આ વિદ્યાર્થીની પ્રવેશ માટે કોઈ શક્યતા હતી જ નહીં. પ્રવેશ આપી શકાય એમ નથી એવું રૂબરૂ આવેલા વાલીને જણાવ્યું. વાલીએ કહ્યું : ‘લેખિતમાં આપશો ?’

‘બધાને ટપાલ દ્વારા લેખિત જાણ કરીએ જ છીએ. તમારે એ રૂબરૂ જોઈતું હોય તો અત્યારે જ મળી જશે.’ આ વાલીને છાપેલું કાર્ડ આપવા મેં ઑફિસમાં સૂચના આપી દીધી.

કાર્ડ મેળવ્યા પછી આ વાલીએ, પોતે પછાત વર્ગનો હરિજન છે માટે પ્રવેશ આપવામાં આવ્યો નથી એવી શિક્ષણાધિકારીને, સમાજકલ્યાણ અધિકારીને તેમજ શિક્ષણનિયામક વગેરેને અરજીઓ કરી.

અરજીના સંદર્ભમાં સૌપ્રથમ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાંથી એ.ડી.ઈ.આઈ. તપાસ માટે આવ્યા. એમને આવકાર આપીને મેં એમને પ્રવેશ ફોર્મની ફાઇલો તેમજ અન્ય જે રેકોર્ડ જોવું હોય તે તપાસવાની સગવડ માટેની તત્પરતા બતાવી. પ્રતિવર્ષના ઇન્સ્પેક્શનના કારણે આ સંસ્થાની સઘળી પદ્ધતિઓથી આવનાર અધિકારી વાકેફ હતા. એ કશું તપાસવાના મિજાજમાં નહોતા, પણ ફરજથી બંધાયેલા એટલે અને મારો આગ્રહ, એટલે એમણે એ જોયું અને ઘટતો રિપોર્ટ તૈયાર કર્યો.

થોડા દિવસ પછી સમાજકલ્યાણ ખાતાના અધિકારી અરજીના કારણે તપાસમાં આવ્યા. એ કડીમાં ગાંધી આશ્રમ (હરિજન બાળકો માટેનું છાત્રાલય)માં ઊતર્યા અને ત્યાંથી જ ફોન કર્યો. એમણે કહ્યું, કશું મારાથી અજાણ નથી. હું ત્યાં સુધી આવતો નથી. એ ન આવ્યા અને એમણે કયા પ્રકારનો રિપોર્ટ કર્યો એની મને જાણ નથી. આ પછી વાલીએ ઉપલા અધિકારીઓ (ડી.ઈ. તેમ જ શિક્ષણખાતામાં) તેમ જ જિલ્લા કલેક્ટરને અગાઉ તપાસ કરનારા અધિકારીઓ ફૂટી ગયા છે અને સાચી તપાસ થઈ નથી એવી અરજી કરી. આ અરજીઓના કારણે ઉપરથી દબાણ આવતાં ખુદ શિક્ષણાધિકારી જયંતીભાઈ ભટ્ટ પોતે તપાસ અર્થે આવ્યા. તપાસની વાત તો બાજુએ રહી પણ એમણે જિલ્લા કલેક્ટરના તપાસ અર્થે ફરમાનનો હવાલો આપતાં મને કહ્યું: ‘મોહનભાઈ, આ છોકરાને પ્રવેશ આપી દો ને, અમારા માથા પરની તાવણી દૂર થાય.’

મેં શિક્ષણાધિકારીને સાફ શબ્દોમાં જણાવી દીધું, ‘પ્રવેશના મામલામાં કલેક્ટરે આવી રીતે હસ્તક્ષેપ કર્યો છે એટલે હું ખોટી મચક નહીં આપું.’

કલેક્ટર શ્રી ડેવિડ હતા અને એમણે આવી બાબતમાં કેમ રસ લેવા માંડ્યો હશે એ મેં મારી રીતે વિચારી લીધું હતું.

જિલ્લા શિક્ષણાધિકારીની તપાસ-મુલાકાત સફળ ન થઈ.

પણ કલેક્ટર શ્રી ડેવિડને ઝનૂન ચડ્યું હોય એમ એમણે તથ્યથી વિપરીત જઈને પોતાની ઝુંબેશ ચાલુ રાખી. સમસ્યામાં અંગત ભાવ નિરૂપતા હોય એમ આ પ્રશ્નને પકડી રાખ્યો.

થોડા દિવસ પછી એમણે જિલ્લા શિક્ષણાધિકારી ઉપર એક પત્ર લખ્યો અને એની પ્રત મારા ઉપર પણ મોકલી. એમાં એમણે આ પ્રશ્ન કોઈ અધિનિયમના આધારે ગુનો બને છે કે કેમ તેની તપાસ કરીને એમને જાણ કરવા સૂચવ્યું હતું. એ વર્ષોમાં હાયર સેકન્ડરીના વર્ગોમાં પ્રવેશ માટે કોઈ પ્રકારનું રિઝર્વેશન નહોતું. સર્વ વિદ્યાલયના તંત્રની સ્થિતિ એટલી ચોખ્ખી હતી કે એને ક્યાંય કશું અડચણરૂપ બને એમ નહોતું. ઊલટું, જિલ્લા કલેક્ટર જેવી હસ્તીએ પ્રવેશ માટે આ પ્રકારના લીધેલા ઉપાડા માટે જાહેર નિવેદન કે ચર્ચાપત્રનું કારણ બની શકે એ ન વિચાર્યું. જાતિવાદમાં ખરડાવા જેવી સ્થિતિમાં એ ઊતરી રહ્યા હતા.

પ્રવેશ અંગેની આ બધી અણઘટતી કાર્યવાહીમાં જન્માષ્ટમીની રજાઓ આવી પહોંચી. એ પછી મારે હાયર સેકન્ડરીના વર્ગોના ઇન્સ્પેક્શન માટે

ઇન્સ્પેક્શન પેનલના સભ્ય તરીકે લાંઘણજ જવાનું થયું. ત્યાં શિક્ષણાધિકારીની કચેરીના અધિકારીઓ હતા. એમાંથી એક-બે અધિકારીઓએ મને વિનંતીના રૂપમાં, પેલા વિદ્યાર્થીને પ્રવેશ આપીને એમની કચેરીને, કલેક્ટરની કચેરીના તાપમાંથી મુક્ત કરવા જણાવ્યું. આ વિનંતી તો ખરી પણ હું બીજી રીતે વિચારતો થયો હતો. સર્વ વિદ્યાલયના આચાર્ય પક્ષે વાત ગમે તેટલી સાચી હોય પણ એક પકડમાં એક વિદ્યાર્થીનું વર્ષ બગડી રહ્યું હતું. વાલી પણ પોતાના હઠાગ્રહમાં દીકરાનું વર્ષ બગાડી રહ્યા હતા એ પણ સમજવાની તૈયારી રાખતા નહોતા. કલેક્ટરનો અહમ્ જે હોય તે, પણ મેં વિદ્યાર્થીના હિતમાં નમતું મૂકીને શિક્ષણાધિકારીની કચેરીના સભ્યોની વાત માન્ય રાખી અને વિદ્યાર્થીને પ્રવેશ આપવાની તૈયારી બતાવી. વિદ્યાર્થીને જનરલ સ્ટ્રીમ (સામાન્ય પ્રવાહ)માં પ્રવેશ લેવાનો હતો.

આ આખા પ્રકરણની વાત જે હતી તે, પણ એનું બીજું પાસું આશ્ચર્ય પમાડે એવું છે. ઉક્ત વિદ્યાર્થીના વાલી આરોગ્ય કેન્દ્રમાં ગાડીના ડ્રાઇવર હતા. પ્રવેશનો પ્રશ્ન પતી ગયા પછી એક દિવસ કડીથી ડાંગરવા જતી બસમાં આ વાલીનો ભેટો થયો. એમણે કેટલીક પોતાની અંગત વાતો મને કહી. અગાઉ એ ભાઈ અમારી સંસ્થાના એક વખતના પ્રમુખ ડૉ. માણેકલાલની ગાડીના ડ્રાઇવર હતા અને એક વખત એમણે કરેલા જાન લેવા અકસ્માતના કારણે ચાલી રહેલા કેસમાં અમારી સંસ્થાના પ્રમુખ અને સંસ્થાનાં સઘળાં સૂત્રો સંભાળનાર દાસકાકા શ્રી પુરુષોત્તમદાસ પટેલે એમને વકીલ તરીકે બચાવ્યા હતા. જે સંસ્થાના કાર્યકરોના ઉપકારવશ રહી ચૂકેલા આ શખ્સે સંસ્થાની સામે આવું બહારવટું ખેડ્યું એ આશ્ચર્યની વાત તો ખરી જ ને !

એક વખત પોતે દલિત કોમનો હોવાના કારણે જ અન્યાયનો ભોગ બન્યો છે એથી એક અરજીની પ્રત જિલ્લા શિક્ષણાધિકારી તરફથી મને મળી. અરજી નોકરી માટે ઇન્ટરવ્યૂમાં હાજર થયેલ એક હરિજન ઉમેદવારની હતી. અરજીમાં એણે એવું પણ લખ્યું હતું કે પોતે નોકરી માટે જ્યાં જ્યાં અરજી કરી હતી અને જ્યાં જ્યાં ઇન્ટરવ્યૂ માટે ઉપસ્થિત થવાનું બન્યું હતું ત્યાં ત્યાં પોતે આ જ કારણે (હરિજન હોવાના કારણે) અન્યાયનો ભોગ બનેલો છે. વળી, અરજીમાં એણે એ પણ લખ્યું હતું કે પોતે બધા ઉમેદવારોમાં સૌથી વધારે સારો દેખાવ કરનાર હોવા છતાં આ અન્યાય થયો હતો.

બીજી એકાદ શાળાના આચાર્ય મારફતે એમની સંસ્થા સામે પણ આ ભાઈ દ્વારા આવી જ ફરિયાદ થયાનું જાણવા મળ્યું હતું. એમની પાસેથી એ

પણ જાણવા મળ્યું કે બીજી શાળાઓ સામે પણ આ ઉમેદવારે અરજીઓ કરેલ છે.

અમારી શાળામાં આ ઉમેદવારનો ઇન્ટરવ્યૂ વખતે કેવો દેખાવ હતો એની મને બરાબર ખબર હતી, કારણ કે પસંદગી સમિતિ તરફથી પૂછવામાં આવેલા એક પણ પ્રશ્નનો સાચો ઉત્તર આ ભાઈ આપી શક્યા નહોતા. આ ઉમેદવારની ફરિયાદ અંગે કશી ચિંતા કરવા જેવું નહોતું. લાંબો જવાબ પણ આપવો પડે એમ નહોતો. મેં શિક્ષણાધિકારીને લખ્યું : આપ અમારી સંસ્થાની કાર્યપ્રણાલીથી વાકેફ છો જ એટલે એમાં કંઈ લખવાની જરૂર મને જણાતી નથી. આમ છતાં આ અરજીના ખુલાસા-રૂપે એટલું જ કહેવાનું કે આ ઉમેદવાર ઇન્ટરવ્યૂ વખતે પૂછવામાં આવેલા પ્રશ્નો (કેટલાક સાવ સરળ હોવા છતાં)માં એકનો પણ સાચો જવાબ આપી શક્યા નથી. આ અંગે આપ પસંદગી સમિતિના અન્ય સભ્યોને પણ પૂછી શકો છો. આ સમિતિમાં સમાજ કલ્યાણ ખાતાના સભ્ય પણ હોય છે એ કંઈ આપની ધ્યાન બહાર ન હોય.

આ ઉમેદવારે આપની કચેરીને ગેરમાર્ગે દોર્યાનો પુરાવો એ ભાઈની અરજીમાંથી જ મળી રહે એમ છે. એમણે લખ્યું છે કે બધા ઉમેદવારોમાં એમનો દેખાવ (performance) સૌથી સારો હતો. ઉમેદવારોને સમૂહમાં હાજર રાખીને ઇન્ટરવ્યૂ લેવાતાં નથી. આ ભાઈએ બધા ઉમેદવારોના દેખાવ સાથે તુલના કેવી રીતે કરી ?

આપ જાણો છો કે સર્વ વિદ્યાલય સંલગ્ન પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરના સ્ટાફ ઉપર કરિયર માસ્ટર, ક્લાર્ક અને એક પટાવાળા એમ ત્રણ પછાત વર્ગના સભ્યો છે. સર્વ વિદ્યાલયને સંલગ્ન છાત્રાલયમાં પછાત વર્ગના એક વિદ્યાર્થીને પ્રવેશ મળેલો છે એ તો આ વિસ્તારમાં જાણીતી થયેલી વાત છે. આ શાળાના આચાર્યને વરતિયા ભાઈઓ તરફથી ગીતાજયંતી નિમિત્તે વ્યાખ્યાન માટે બોલાવવામાં આવેલા તે જ સૂચવે છે કે આ સંસ્થાના આચાર્ય તરફથી કોઈ પછાત વર્ગના હોવાના કારણે અન્યાય થાય એવું શક્ય નથી.

મારા આ પત્ર પછી અન્યાય થયાના આક્ષેપનું આ પ્રકરણ બંધ થયું.

■

## ૨૧

# ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં

પરિપત્રોના અર્થઘટન બાબતમાં ખાતામાં કેવું અજ્ઞાન, અંધેર અને અરાજકતા પ્રવર્તે છે એનો લાંબો, રમૂજભર્યો અને ઉદ્વેગભર્યો એક અનુભવ જાણવા જેવો છે. સર્વિસમાં તૂટ (બ્રેક) અને તેને કોન્ડોન કરવા બાબતની ઉપરોક્ત અરાજકતાએ લગભગ બે વર્ષ, કદાચ તેથી વધારે સમય અને શક્તિ વેડફ્યાં એની આ વાત છે. ઈ. સ. ૧૯૫૯-૬૦ના શૈક્ષણિક વર્ષના અંતે એમ.એ.ના અભ્યાસ માટે સર્વ વિદ્યાલયમાં રાજીનામું આપીને હું છૂટો થયો હતો. એક વર્ષના અંતે અભ્યાસ પૂરો થતાં (એમ.એ.નું પ્રથમ વર્ષ મેં ચાલુ નોકરીએ વિસનગરની કૉલેજમાં કર્યું હતું અને બીજું વર્ષ હૉસ્ટેલમાં રહીને અમદાવાદના ભાષા-સાહિત્ય ભવનમાં કર્યું હતું.) મારે ફરીથી સર્વ વિદ્યાલયમાં જોડાવાનું થયું. આમ નોકરીમાં એક વર્ષની તૂટ પડી. એ વખતે બી.એડ્.ના અભ્યાસ માટે પડેલી નવ મહિનાની તૂટને કોન્ડોન કરી આપવાનો નિયમ હતો. તે ઉપરાંત છ મહિનાનો સર્વિસબ્રેક કોન્ડોન કરવા માટેનો નિયમ પણ હતો. છ મહિનાની તૂટ કોન્ડોન કરી આપવાનો જે નિયમ હતો એમાં છ મહિનાને બદલે એક વર્ષ ગણવું એવો સરકારી ઠરાવ દ્વારા સુધારો થયો. શરત એટલી કે એ ગાળા દરમિયાન કર્મચારીએ બીજે ક્યાંય નોકરી કરેલી ન હોવી જોઈએ. આ સુધરેલા ઠરાવના આધારે મારી નોકરીની તૂટ કોન્ડોન થઈ શકે એમ હતું. આના આધારે મેં મારા બ્રેક કોન્ડોન માટે ખાતામાં અરજી કરી.

સરકારી ખાતાઓમાં રૂઢ થઈ ગયેલી રીત પ્રમાણે ઠીક ઠીક રાહ જોવડાવ્યા પછી લાંબા સમયગાળાના અંતે જવાબ આવ્યો : બી.એડ્.ની તાલીમ માટે જનારની સર્વિસનો નવ મહિનાનો બ્રેક કોન્ડોન થઈ શકે. તમારો પૂરા વર્ષનો બ્રેક છે જે કોન્ડોન થઈ શકે નહીં. આશ્ચર્ય ! શી માગણી અને શો જવાબ ! કોન્ડોનના આ મામલામાં આ પહેલું અટકસ્થાન. મેં મારી અરજીમાં કરેલી

માગણીની વાત એક નવી અરજીમાં દોહરાવી. સરકારી તંત્રમાં કેટલાંક કામ રૂબરૂ ધક્કા ખાધા સિવાય ધ્યાન પર લેવામાં આવતાં નથી એ સર્વાનુભવસિદ્ધ વાતથી સૌ વાકેફ છે. હું તત્કાલીન જિલ્લા શિક્ષણાધિકારી મિરઝાબહેનને મળ્યો. સુધારેલા સરકારી ઠરાવની પ્રત એમની સમક્ષ ધરીને મેં મારી વાત તરફ એમનું ધ્યાન દોર્યું. એમણે ઠરાવ જોયા પછી કહ્યું : 'ઈફ વી રીડ બિટવીન ધ લાઇન્સ તમે કહો છો એવો અર્થ નીકળે છે.' આમાં રીડિંગ બિટવીન ધ લાઇન્સ ક્યાં આવ્યું ? સ્પષ્ટ શબ્દોમાં અને જરા પણ ગૂંચ વગર સમજાય એવો ઠરાવ હતો.

મેં કહ્યું : 'તમારે આ કેસને એના વાજબીપણાને અનુલક્ષીને આગળ રજૂ કરવો જોઈએ.'

'તે થશે.' કહી શિક્ષણાધિકારીએ વાત ત્યાં અટકાવી.

રાહ જોઈ. પણ કંઈ વળ્યું નહીં.

મિરઝાબહેનની બદલી થઈ અને એમની જગ્યાએ શ્રી અરવિંદચંદ્ર શુક્લ આવ્યા. એ એક પ્રભાવશાળી, સમજદાર અને સારું કરવામાં રાજી થનાર અધિકારી હતા. હું એમને મળ્યો. મેં એમને કહ્યું : 'આપને કોઈ હરકત ન હોય તો મારા કામ બાબતે હું શિક્ષણખાતામાં અપીલ કરું.' એમણે કહ્યું : 'જરૂર અપીલ કરો. મારી સહાનુભૂતિ છે. નિર્ણય ઉપલા લેવલે લેવાનો છે.'

મેં અપીલ કરી. સાથે સરકારી ઠરાવની પ્રત પણ સામેલ કરી. ઠીક ઠીક રાહ જોયા પછી અગાઉની જેમ રાબેતા મુજબનો જવાબ આવ્યો. હાથ નીચેના અધિકારી પાસેથી માગેલી નોંધના આધારે આમ થયું હશે. નવા સુધારા તરફ ધ્યાન અપાતું નહોતું. આખરે કંટાળીને હું નાયબ શિક્ષણ નિયામક શ્રી આદમભાઈ વોરાને મળ્યો. એમની આગળ મેં મારી વાત રજૂ કરી. મેં છ મહિનાના બ્રેકને સ્થાને બાર મહિનાના બ્રેકને કોન્ડોન કરવાની જોગવાઈના સુધારાવાળા ઠરાવ તરફ એમનું ધ્યાન દોર્યું. પણ આશ્ચર્યની વાત એ હતી કે એમણે એ કેસની ચર્ચા કરવાને બદલે એમના મનમાં ઘર કરી ગયેલી એક વાતને ઉખેળતાં એમણે કહ્યું : 'તમે બધાએ નાથાભાઈને તગડી મૂક્યા ને ?' એમણે આઘાત લાગે એવા શબ્દ 'તગડી મૂક્યા'નો ઉપયોગ કર્યો પણ એમના મુખ ઉપર પારદર્શી નિખાલસતા હતી. એ પોતે બાવળાના હતા અને એ કારણે જ કદાચ એમને નાથાભાઈના રાજીનામાની જાણકારી હશે.

મેં આ બાબતમાં કેટલીક સંતોષકારક ચોખવટ કરી. એ પછી શ્રી વોરા બ્રેક કોન્ડોનની વાત પર આવ્યા. મેં કહ્યું : 'સરકારી ઠરાવની શરત પ્રમાણે બ્રેકના વર્ષ દરમિયાન મેં ક્યાંય નોકરી કરી નથી. એનું પ્રમાણપત્ર હું લાવી

શકું એમ છું.'

વોરા સાહેબે કહ્યું : 'તમે એ ગાળામાં નોકરી કરી નથી એ હું જાણું છું.'

'એ કેવી રીતે ?' આશ્ચર્યથી મેં પૂછ્યું.

'તમે યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહેતા હતા એની મને ખબર છે. તમે યુનિવર્સિટી હૉસ્ટેલના 'બી' બ્લોકમાં હતા એ વર્ષે હું બી.એડ્.માં હતો અને 'બી' બ્લોક સામેના નવા બનેલા બ્લોકમાં હતો.'

આટલી વાત પછી એમણે કહ્યું : 'બ્રેક કોન્ડોન કરવા માટે સક્ષમ અધિકારી રાજગોર સાહેબ છે. તમારી અરજી મંગાવીને હું ઘટતો શેરો કરું છું. તમારો કેસ નિયમસરનો છે એટલે વાંધો નહીં આવે. ચિંતા ન કરતા.'

શિવપ્રસાદ રાજ્યગોર (રાજગોર) મને સારી રીતે જાણતા હતા. ગુજરાતના ઇતિહાસના ઊંડા અભ્યાસી અને સંશોધક હતા. ગુજરાતના વહાણવટા પરનું એમનું પુસ્તક જાણીતું હતું. એ મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં (એ વખતે પાટણ જિલ્લો અલગ નહોતો) અધિકારી હતા ત્યારે મેં એમને, એમની માગણીના આધારે અમારી શાળાના પુસ્તકાલયમાંથી 'ગુજરાતની રાજધાનીઓ'(લેખક રસિકલાલ પરીખ) પુસ્તક આપેલું.

આદમભાઈની મુલાકાત પછી થોડા જ સમયમાં મારી નોકરીમાંની તૂટ કોન્ડોન થયાનો પત્ર મને મળી ગયો અને આખરે આ પ્રકરણનો સુખદ અંત આવ્યો.

વીસમી સદીના સાતમા અને આઠમા દાયકા દરમિયાન ગુજરાત સરકારને સાચા શિક્ષણ સાથે કશી નિસબત ન હોય એવો કાળા કલંક જેવો અનુભવ (અનુભવપરંપરા જ કહો) થયો. ત્રીજી પંચવર્ષીય યોજનામાં શિક્ષણથી વંચિત રહેલા અથવા drop-out થયેલા કિશોરો માટે શિક્ષણ અને ધંધાકીય તાલીમની જોગવાઈ ઉપર ભાર મૂકવા વડાપ્રધાન શ્રી નહેરુએ એક લાગણી પ્રદર્શિત કરી હતી. આના આધારે એ યોજનામાં પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરોની સ્થાપનાની યોજના અમલમાં આવી. યુનિસેફ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને કોઈ કેળવણીની સંસ્થાના સહિયારા સાહસરૂપે દેશમાં ૬૫ પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરો સ્થપાયાં. આ સેન્ટરો પૈકી ગુજરાતમાં ચાર હતાં. એ ચાર પૈકી એક સર્વ વિદ્યાલયને સંલગ્ન હતું.

એક અદ્‌ભુત પ્રોજેક્ટ. દિશાદોર વગર રખડતા થઈ ગયેલા અને હોટલમાં ચપણિયાં ધોતા, રેસ્ટોરાંઓમાં ટેબલ સાફ કરતા, સંગદોષના કારણે માબાપના માથાના દુખાવારૂપ બની ગયેલા કિશોરોને એકેડેમિક તેમ જ ધંધાકીય શિક્ષણ

આપીને જીવનસુધારની આ એક અત્યંત જરૂરી અને સમાજોપયોગી યોજના હતી. આ કિશોરોને શિક્ષણ અને તાલીમ આપનાર સ્ટાફ તે કેવો ! આઈ. ટી. આઈ. કરતાં ઉપલા દરજ્જાનો અભ્યાસ કરી ચૂકેલા અને સિકંદરાબાદમાં આ કેન્દ્રને અને કિશોરોને અનુલક્ષીને ખાસ તાલીમ મેળવી ચૂકેલા ઇન્સ્ટ્રક્ટરો, એકેડેમિક અભ્યાસક્રમ માટે તાલીમ પામેલા ગ્રેજ્યુએટો અને સિકંદરાબાદની જવાહર ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ પામેલા એક કરિયર માસ્ટર, પ્રિન્સિપાલ તરીકે જે શાળા સાથે આ કેન્દ્ર સંલગ્ન હોય તે શાળાના આચાર્ય ઉદ્યોગોમાં ટર્નિંગ, ફિટીંગ, લો પ્રેશર ગૅસ વેલ્ડિંગ, ઓજારો તો બ્રિટન, જર્મની, જાપાન, અમેરિકાથી યુનિસેફ દ્વારા મોકલવામાં આવેલાં મશીનો અને સાધનો ગ્રંથાલય માટે યુનિસેફ દ્વારા ચૂંટેલાં ઉત્તમ પુસ્તકો, કબાટ, ફર્નિચર, ઉદ્યોગોની તાલીમ માટેનાં ખાસ ટેબલો...કશાની કમી નહીં.

મકાન માટે કેન્દ્ર જેને સંલગ્ન હોય તે સંસ્થા જમીન આપે. મકાન બાંધકામનો બધો ખર્ચ કેન્દ્ર સરકાર આપે. સ્ટાફના પગારમાં ઇન્સ્ટ્રક્ટરો, કરિયર માસ્ટર અને પ્રિન્સિપાલનું માનદ વેતન યુનિસેફ આપે, બાકીના સ્ટાફ-વર્ગ માટેના બે શિક્ષકો, કારકુન અને બે પટાવાળાનો પગાર રાજ્ય સરકાર આપે. વિદ્યાર્થીઓને મિડ-ડે મીલ (બપોરનું ખાણું)નો બધો ખર્ચ યુનિસેફ આપે (પાછળથી આ મિડ-ડે-મીલને બદલે યુનિસેફે વિદ્યાર્થી દીઠ માસિક દસ રૂપિયા સ્ટાઇપેન્ડ આપવાનું ઠરાવ્યું હતું.) કેન્દ્રનો સઘળો રિકરિંગ ખર્ચ પાંચ વર્ષ માટે કેન્દ્ર સરકાર ભોગવે. એ પછી એ ખર્ચ રાજ્ય સરકારે ઉપાડવાનો હતો.

શિક્ષણમાં કશી કમી ન રહે એ માટે યુનિસેફ તરફથી અવારનવાર સિકંદરાબાદ, બૅંગ્લોર, કોલકાતા વગેરે સ્થળોએ પ્રિન્સિપાલ અને ઇન્સ્ટ્રક્ટરો માટે સેમિનાર યોજાતા. આવા સેમિનારમાં રાજ્યના સર્વોચ્ચ શિક્ષણ અધિકારીઓને પણ આમંત્રણ અપાતાં.

આ બધું જોતાં એમ જ લાગે કે આના કરતાં વધારે ઉમદા અને આદર્શ શિક્ષણ જોગવાઈ બીજી શી હોઈ શકે ?

વાત સાચી હતી. કોલકાતામાં ત્રણ દિવસના એક સેમિનારમાં અમે એ જોઈ શક્યા. કોલકાતાના સેમિનારમાં એક રાત્રિ કાર્યક્રમમાં રામકૃષ્ણ સેવાશ્રમ સાથે જોડાયેલા. આવા કેન્દ્રના કિશોરોએ કાર્યક્રમ પ્રદર્શિત કર્યો એનાથી અમે સૌ અત્યંત પ્રભાવિત થયેલા. આ સેમિનારમાં ગુજરાત સરકાર તરફથી શ્રી ભામરી અને ગુલબહેન બામે હાજરી આપી હતી.

પણ ગુજરાતનાં ચાર કેન્દ્રોના સંચાલનમાં અન્ય કેન્દ્રોની તો ખબર નથી

પણ કડીના કેન્દ્રમાં ગુજરાત સરકારે જે ભાગ ભજવ્યો એની કથા એવી શરમજનક છે કે નસેનસમાં ઊભરાતા ઉદ્વેગથી આંખે અંધારાં આવે.

પ્રથમ તબક્કે તો શિક્ષણ ખાતાએ બે તાલીમ પામેલા સ્નાતક શિક્ષકો, એક કરિયર માસ્ટર અને એક કારકુનને કેન્દ્રમાં મૂક્યા. કરિયર માસ્ટર તરીકે શ્રી કરસનભાઈ સોલંકી અને કારકુન તરીકે શ્રી રાઠોડને મૂક્યા. શ્રી કરસનભાઈએ કરિયર માસ્ટર તરીકે સિકંદરાબાદની તાલીમ લીધેલી નહોતી. પણ એ દૃષ્ટિવંત, નિષ્ઠાવાન અને કાર્યમાં કુશળ શિક્ષક હતા. એમના કારણે કેન્દ્રના સંચાલનમાં મને ઘણી રાહત હતી. શ્રી રાઠોડ કારકુન તરીકે હોશિયાર અને પ્રામાણિક હતા એટલે હિસાબી કામમાં મારે કશી ચિંતા કરવી પડે એમ નહોતી. બે શિક્ષકો પણ એમની ફરજ સારી રીતે બજાવતા હતા.

પણ પછી આવાં કેન્દ્રોમાં હોશિયાર માણસોનું કામ નહીં એવી કોઈ ગ્રંથિથી જ જાણે ખાતાએ આ કામગરા કર્મચારીઓને એક પછી એક ઉઠાવી લેવા માંડ્યા. પ્રથમ ખાતાએ બે શિક્ષકોને બદલ્યા. એમની જગ્યાએ સૌરાષ્ટ્રની વીસાવદર અને માણાવદર જેવાં શહેરોની શાળાઓમાં કામ કરતા અને જેને લોકો ખડ્ડૂસ કહે છે એવા જૂના સમયથી નોકરીમાં રહેલા બે ફક્ત મૅટ્રિક્યુલેટ શિક્ષકોને મૂક્યા. ન કોઈ ભણતર પ્રત્યે લગાવ, ન કામ કરવાનો કોઈ ઉત્સાહ, એક ભાઈ તો મહેસાણાથી અપ-ડાઉન કરે. બંને વાણીમાં મીઠા પણ ફરજની વાતમાં કંઈ ન કહીએ એ જ સારું. કેન્દ્રની સ્થાપના વખતે એ શરત હતી કે એકેડેમિક અભ્યાસક્રમ માટે તાલીમ પામેલા સ્નાતકોને જ નિમણૂક આપવી. આ શરતનો ખાતાએ જ ખરાબ રીતે ભંગ કર્યો.

આ અણઘટતા પગલા પછી ખાતાએ કરિયર માસ્ટર તરીકે કામ કરતા શ્રી સોલંકીને બદલીને એક અણઘડ અને છીછરા જ્ઞાનવાળા ભાઈને એમની જગ્યાએ મૂક્યા. આ અપ્રામાણિક માણસે સૌ પહેલાં એસ. ટી. બસ સ્ટેશનથી પોતાના નિવાસસ્થાન સુધી 'સામાન' ફેરવવાનું બિલ મૂકવાનું કામ કર્યું. એમના કથિત નિવાસસ્થાન અને બસસ્ટૅન્ડ વચ્ચે માત્ર એક જાહેર રસ્તો. ભાગ્યે જ સો-સવાસો ફૂટનું અંતર. એ વર્ષોમાં આટલા અંતરે માલ ફેરવવાનું બિલ ૬૦ રૂપિયા મૂક્યું. શો માલસામાન હતો એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. આ બિલ મંજૂર કરવાનો અધિકાર શિક્ષણાધિકારીનો હતો. મારે તો ફક્ત forward કરવાનું હતું. સર્વ વિદ્યાલયમાં આવું કદી બને નહીં અને બને તો એને કોઈ સંજોગોમાં મંજૂર કરવામાં ન આવે. એક વખત આ ભાઈને, ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ સિક્યોરિટી તરફથી આવેલા પત્રનો જવાબ મેં જાતે તૈયાર કરીને એ

ખાતા તરફ મોકલવા માટે એમને આપ્યો. મેં એમને કહ્યું : આવેલા પત્રના મથાળે સરનામું છે તે પ્રમાણે સરનામું કરીને રાઠોડને આપજો. રાઠોડ ટપાલમાં એને રવાના કરશે.

આ કાર્ય સોંપ્યા પછી, થોડા દિવસે અહીંથી રવાના કરેલો પત્ર ડિલિવર થયા વગર ટપાલમાં પાછો આવ્યો. પત્ર ઉપરનું સરનામું આ કરિયર માસ્ટરે કર્યું હતું તે વાંચીને ગુસ્સો તો આવ્યો પણ આ માણસની સામાન્ય જાણકારીના ઘોર અજ્ઞાન વિશે શું સમજવું એ જ સમજાયું નહીં. ખાતાના મૂળ પત્રના મથાળે અંગ્રેજી અક્ષરોમાં ૧૨, ભાદ્રપદ અને શક સંવતના વર્ષનો આંકડો હતો. આ લખાણને જ સરનામું સમજીને આ માણસે ન્યુ દિલ્હીનો નંબર ટાંકીને ન્યુ દિલ્હી તરફ પત્ર રવાના કર્યો હતો. આ માણસની કરિયર માસ્ટર તરીકે કેવી કામગીરી હશે એ વિશે બીજું કંઈ લખવાની જરૂર ખરી ? આ ભાઈ એમની સંકુચિતતાના કારણે વી. એસ. ભટ્ટ નામના ઇન્સ્ટ્રક્ટર સાથે વારંવાર ઘર્ષણમાં આવતા. એક વખત એમણે મને કશી ફરિયાદ કર્યા વગર કે કશી જાણ કર્યા વગર આવડ્યું એવા અંગ્રેજીમાં શિક્ષણાધિકારીને તાર કર્યો : 'Come for Problems.'

આ માણસની અનધિકાર ચેષ્ટા માટે મેં કડક શબ્દોમાં લખ્યું, 'શિક્ષણાધિકારી આટલી વાત ઉપર આ માણસને અહીંથી ઉઠાવી લે તો સરકારી તંત્ર, સરકારી તંત્ર કેમ કહેવાય ?'' આ કરિયર માસ્ટર તકસાધુ. એ પોતાની પ્રગતિના લાભાર્થે એક વખત દોઢ મહિનાના ગ્રંથપાલના કોર્સમાં જોડાવા માટેની અરજી લઈને મારી પાસે આવ્યા. જે કોઈ નિમિત્તે એ અહીંથી જાય તો એમને જવા દેવા હું તૈયાર હતો. અરજી ફોરવર્ડ કરી. મંજૂરી માટે ભલામણ પણ કરી. ગમે તે માર્ગે એ ભાઈએ અરજી પાટણની ઑફિસમાં મંજૂર પણ કરાવી લીધી. એ ભાઈ ગયા. કરિયર માસ્ટરની જગ્યા ખાલી પડી અને આશ્ચર્ય તો એ વાતનું કે આ કેન્દ્રમાં કરિયર માસ્ટરની જગ્યા કરોડરજ્જુ સમાન ગણાય પણ એ જગ્યા કેન્દ્ર બંધ થયું ત્યાં સુધી ખાલી જ રહી !

આ જગ્યા ખાલી થયા પછી વારો આવ્યો કારકુનની જગ્યાનો. ખાતાએ કારકુન રાઠોડને બદલ્યા. એમની બદલી પછી એ જગ્યા ભરવામાં જ ન આવી. બીજું બધું તો ઠીક, પણ હિસાબ ન લખાય તે કેમ ચાલે ? નિયમિતપણે હું કેશબુકમાં હિસાબ લખતો રહ્યો. આ મહત્ત્વની અને અનિવાર્ય જગ્યા ભરવાની ખાતાને કશી પડી નહોતી કે તમા પણ નહોતી. કેન્દ્ર બંધ થયું ત્યાં સુધી એ કામ હું કરતો રહ્યો.

પ્રિ વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો હું પ્રિન્સિપાલ. માનદ વેતન માસિક રૂપિયા

પચાસ ! સરકારના કેળવણી ખાતાની રેઢિયાળ નીતિ અને બેદરકારીથી કેળવણીના અદ્યતન પ્રવાહોથી સાવ અજાણ અને જૂની ઘરેડના બે મૅટ્રિક્યુલેટ શિક્ષકો અને પાંચ ઇન્સ્ટ્રક્ટરોથી ચાલી રહેલા આ કેન્દ્રની શી સ્થિતિ હશે એ ઊંડાણથી વિચાર કર્યે સમજી શકાય. આમ છતાં જવાબદારીપૂર્વક આ કેન્દ્રનું સંચાલન હું શા માટે સંભાળી રહ્યો હતો એ પ્રશ્ન કદાચ થાય. મારી નજર સમક્ષ પેલા ૯૦ કિશોરોના ભવિષ્યનો ખ્યાલ મને આ ઢસરડો સ્વેચ્છાએ ખેંચી રહેવા પ્રેરી રહ્યો હતો. દર વર્ષે ત્રીસ કિશોરો અહીંથી તાલીમ પામીને વિદાય થતા હતા. સત્તર-અઢાર વર્ષની વયે અહીંથી વિદાય થઈને યુવાનીના ઉંબરે પહોંચેલા આ કિશોરોનો ઉદ્યોગોનાં જુદાં-જુદાં કારખાનાંઓમાં કે નાની ફૅક્ટરીઓમાં ગોઠવાતા હોવાના રિપોર્ટ મને મળી રહ્યા હતા.

કેન્દ્રની આવી કીમતી ઉપયોગિતા આપણા શિક્ષણખાતાને ન સમજાઈ અને ગુજરાતનાં આવાં ચારેય કેન્દ્રો ગળે ઘંટીનાં પડ હોય એમ સરકારે ઠરાવ કરીને એક ઝાટકે બંધ કરી દીધાં. કેવાં ઉત્તમ ઓજારો, મશીનો, પુસ્તકો, અન્ય સાધનો સરકારે ઉપયોગ વગરનાં કરી મૂક્યાં !

પણ કેન્દ્રો બંધ થયાં ત્યારે, પંડિત જવાહરલાલ નહેરુનું એક સુંદર અને સોનેરી સ્વપ્નું રોળાઈ ગયું એનો ઉદ્વેગ મનમાં વ્યાપ્ત બની રહ્યો. સરકારે સાચા શિક્ષણની ઘોર ખોદી હતી એની સાબિતી શોધવાની જરૂર પડે એવું જરાય નથી.

સરકારી ખાતામાં ક્યારેક કેવા ઉતાવળિયા અને આડેધડ નિર્ણયો લેવાય છે અને એના કારણે જેનો તલમાત્ર દોષ ન હોય એવી સંસ્થાઓની પ્રતિષ્ઠા કેવી જોખમાય છે તેનો એક ફિલ્મી ઢબનો અને રોમાંચક અનુભવ જાણવા જેવો છે.

જી.સી.સી.ની ટાઇપની પરીક્ષાનું કેન્દ્ર સર્વ વિદ્યાલયમાં હતું. શહેરમાં ચાલતા ટાઇપના વર્ગો તેમ જ ઝવેરી આર. ટી. હાઈસ્કૂલના ટાઇપની તાલીમ લેતા વિદ્યાર્થીઓ આ કેન્દ્રમાં પરીક્ષા આપતા. એક વખત વિસનગરમાં ચાલતા ટાઇપના વર્ગનો પરીક્ષાર્થી આ કેન્દ્રમાં બેસનાર હતો.

પરીક્ષા પૂરી થઈ અને ઉમેદવારો વિખરાવા લાગ્યા એ પછી મારા પર એક ફોન આવ્યો – પરીક્ષામાં વિસનગરના મૂળ ઉમેદવારના બદલે બીજો વિદ્યાર્થી બેઠેલો છે. પરીક્ષા પૂરી થઈ ગયા પછી આ ફોન આવ્યો એટલે તપાસનું કામ મુશ્કેલ હતું. આમ છતાં મારી શાળાનો એક પટાવાળો ખૂબ ખબરદાર અને કોઈ પણ ઘટનામાં સતર્ક રહીને કામ કરે એવો. એને બોલાવીને મેં કહ્યું :

'કેશવ, અત્યારે વિના વિલંબે તું બસસ્ટેશને જા અને વિસનગરના વિદ્યાર્થીને ખબર આપ કે તારું કંઈક અધૂરું રહ્યું છે એટલે સાહેબ તને ઑફિસે બોલાવે છે.' કેશવ બસસ્ટેશને પહોંચી ગયો. વિસનગરની બસ ઊપડી નહોતી.

પરીક્ષાર્થી આવ્યો. મેં એને કહ્યું, 'તારી રિસીપ્ટ (ઓળખપત્ર) લાવ.'

એણે મને ઓળખપત્ર આપ્યું. ઓળખપત્રમાં મેં ફોટો જોયો એ જ વિદ્યાર્થીનો ફોટો હતો. ફોટાને પ્રમાણભૂત કરી આપતી જે. પી. ભોળાભાઈની સહી હતી. ઓળખપત્રમાં વિદ્યાર્થીની જેવી સહી હતી એવી જ સહી જુદા કાગળ ઉપર થયાનું મેં તપાસી લીધું. ઓળખપત્ર મેં મારી પાસે રાખ્યું અને વિદ્યાર્થીને જવા દીધો.

પરીક્ષાઓ પૂરી થઈ. વૅકેશન હતું એટલે હું પાટણ ગયો. થોડા દિવસ પછી ટેક્નિકલ પરીક્ષા બોર્ડમાંથી આવેલો મિરઝાબહેનની સહીવાળો પત્ર લઈને શાળાના કારકુન શ્રી ઉમેદભાઈ પાટણ આવ્યા. પત્રમાં જી.સી.સી.ની પરીક્ષામાં થયેલી ગેરરીતિની આવેલી ફરિયાદ અંગે તપાસ કરીને ખુલાસો માગ્યો હતો. પત્રનો તાત્કાલિક જવાબ માગવામાં આવ્યો હતો એટલે ઉમેદભાઈ પાટણ આવ્યા હતા. હું એક લગ્નના કામમાં રોકાયેલો હતો એટલે તરત કડી જઈ શકું એમ નહોતો. મેં ઉમેદભાઈને કહ્યું, તાત્કાલિક જવાબ આપવાની કંઈ જરૂર નથી. હું કડી આવીશ એટલે ઘટતો ખુલાસો મોકલીશું. હું કડી પહોંચું એ પહેલાં અગાઉના ખુલાસો માગતા પત્રનો સ્મૃતિપત્ર આવ્યો હતો. મેં જવાબ લખ્યો : 'ગેરરીતિની ફરિયાદ અંગે તપાસ કરતાં, કોઈ ગેરરીતિ થઈ હોવાનું જણાતું નથી.' અમારી ધારણા કરતાં આ પ્રકરણ વધારે ચગ્યું હતું. ટેક્નિકલ પરીક્ષા બોર્ડ ઉપર મારો પત્ર ગયો. એ પછી નાયબ શિક્ષણ નિયામક ગુલબહેન બામની સહીથી કડીનું જી.સી.સી. કેન્દ્ર બંધ કર્યાનો પત્ર આવ્યો. પૂરી તપાસ વગર લીધેલો આ અન્યાયકર્તા અસાધારણ ઠરાવ હતો. મેં આ પત્રને વિગતવાર ખુલાસાબંધ પત્ર લખ્યો : 'જે વિદ્યાર્થી પરીક્ષામાં બેઠો હતો એની બરાબર ઓળખ ફી રસીદ (ઓળખપત્ર)માંના ફોટા પ્રમાણે જ હતી. સુપરવાઇઝરે ઓળખપત્રમાં ઉમેદવારની કરાવેલી સહી પણ બરાબર ઓળખપત્રમાં ઉમેદવારે કરેલી સહી જેવી જ હતી. એટલે પરીક્ષાનાં ધોરણો પ્રમાણે પરીક્ષાખંડમાં ગેરરીતિ થઈ હોય એવી કોઈ સાબિતી નથી.' વધારામાં મેં લખ્યું : 'શક્ય છે કે ઓળખપત્રમાં ખોટા ઉમેદવારે પોતાનો ફોટો ચોંટાડીને, પોતાની સહી કરીને જે.પી.નો ખરાઈનો સહીસિક્કો કરાવ્યાં હોય. એટલે એ ક્ષેત્રમાં તપાસ થવી જરૂરી છે. અને ભારપૂર્વક લખ્યું કે નાયબ શિક્ષણ નિયામક અર્થાત્ શિક્ષણ

નિયામકકચેરીએ કડીનું કેન્દ્ર બંધ કર્યાનો નિર્ણય ઉતાવળિયો, પૂરતી તપાસ કર્યા વગર લીધેલો અને અન્યાયકર્તા તેમ જ સંસ્થાની ઉજ્જ્વળ પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારો છે જે ચલાવી લઈ શકાય નહીં.'

મારા પત્રની અસર હેઠળ કે અન્ય કોઈ કારણસર બામબહેન (નાયબ શિક્ષણ નિયામક)નો D.O. પત્ર મને મળ્યો. 'શ્રી મોહનલાલભાઈ' એવા લાંબા સંબોધનથી લખાયેલો એ પત્ર હતો અને કડી કેન્દ્ર બંધ કર્યાનો નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો છે એવી મને જાણ કરવામાં આવી હતી.

આવું કેમ થયું એ મને જાણવા મળ્યું કે વિસનગરના ભોળાભાઈના કારણે આખા કેસને રાજકીય રૂપ આપવામાં આવ્યું હતું. ફોજદારી કેસ થયો હતો અને આમાં ભોળાભાઈને સ્થાનિક પોલીસે આરોપી ગણીને કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ભોળાભાઈની ધરપકડ થાય એ પહેલાં ભોળાભાઈએ મહેસાણા ડી.એસ.પી.ને ગુસ્સામાં ફોન કર્યો. ભોળાભાઈના રાજકીય દ્વેષીઓના કારણે આ પ્રકરણે ગંદો વળાંક લીધો હતો એ ડી.એસ.પી.ને સમજાયું હશે. આખરે ભોળાભાઈને આરોપીને બદલે સાક્ષીમાં લેવામાં આવ્યા. પરીક્ષામાં બેસનાર ખોટા વિદ્યાર્થીની ધરપકડ થઈ હતી અને એને કડીની જેલમાં રાખવામાં આવ્યો હતો. કૉર્ટમાં કેસ ચાલે એ પહેલાં ઓળખપરેડની કાર્યવાહી થઈ. કડીની કૉર્ટમાં ભોળાભાઈને, મને અને પરીક્ષા વખતના સુપરવાઇઝરને હાજર કરવામાં આવ્યા. વિસનગરની નૂતન સર્વ વિદ્યાલયના આચાર્ય કલ્યાણભાઈ પટેલ અમેરિકા હતા એટલે હાજર રહી શકેલા નહીં. કડીના મામલતદાર શ્રી ત્રિવેદીએ ઊંચા સાદે (લગભગ ગુસ્સાભર્યા સાદે) મારા સાંભળતાં ફોજદારને કહ્યું, 'આમાં મોહનભાઈને શા માટે બોલાવ્યા છે ? મોહનભાઈ ઇઝ એ બીગ મૅન.'

બાર વાગે હાજર થયેલા અમે લગભગ ચાર વાગ્યા સુધી ધોખતા રહ્યા. ભોળાભાઈ અને હું વડોદરાના છાત્રાલયમાં બે વર્ષ સાથે રહેલા એટલે અમે કંટાળાભરેલા આ સમયને સંસ્મરણો ઉખેળીને થોડો રસભર્યો બનાવ્યો.

ઓળખપરેડ થઈ. સુપરવાઇઝરે ગુનેગારને ઓળખી બતાવ્યો. પછી ચાલેલા કેસમાં શું થયું એની મને જાણ નથી અને નિસબત પણ નથી. જ્યાં સુધી મારી સંડોવણી હતી તેટલી વિગત અહીં લખી.

■

## ૨૨

# સમસ્યાઓના વમળમાં

આચાર્ય સમક્ષ નાનીમોટી ફરિયાદો તો આવતી રહેવાની. આચાર્યની વહીવટી કુનેહ સતત એરણ ઉપર રહેવાની. એક વખત એક મુસ્લિમ વાલીની ફરિયાદના આધારે શિક્ષણાધિકારી તરફથી ખુલાસો માગતો પત્ર આવ્યો. આ મુસ્લિમ બિરાદરે એવી ફરિયાદ કરેલી કે ઈ.બી.સી. માફી માટેનાં ફોર્મ ભરવા બાબતે એમના પુત્રને અંધારામાં રાખવામાં આવ્યો છે. પરિણામે એ ફોર્મ ભરી ન શક્યો અને શાળા ફીની માફીથી વંચિત રહ્યો છે. શાળામાં આ ફોર્મ ભરવાનો સમય હતો એ દરમિયાન હું સંસ્થાના વિકાસ અર્થે, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આમંત્રણથી સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ વકીલના સાથમાં, ઑગસ્ટની ૧૩મી તારીખ સુધી અમેરિકાના પ્રવાસે હતો. આ સમયગાળામાં આચાર્ય તરીકેનો ચાર્જ શ્રી રણછોડભાઈ પાસે હતો. એટલે શિક્ષણાધિકારીના પત્રનો ખુલાસો આપવા અર્થે શ્રી રણછોડભાઈનું નિવેદન (અલબત્ત, મૌખિક અને મારી સમક્ષ) જરૂરી હતું. ઈ.બી.સી. અંગેનાં ફોર્મ ભરાતાં હોય એ દિવસોમાં શાળાનું સમગ્ર વાતાવરણ ઈ.બી.સી.ની કાર્યવાહીથી સતત તાજું અને જામેલું રહેતું. આ માટે ૭-૧૨ના ઉતારા તેમજ આવકના દાખલા મેળવવા / મંગાવવા અને ફોર્મ સાથે રજૂ કરવાની આચાર્યની ઑફિસમાંથી વર્ગોમાં ઇન્ટરકોમ દ્વારા જાહેરાત થયા કરતી. ઓછામાં ઓછું એક મહિનો ચાલતા આ વાતાવરણથી હું પાછલાં બધાં વર્ષોથી વાકેફ હતો જ એટલે રણછોડભાઈના નિવેદનની મારે જરૂર નહોતી છતાં કાર્યવાહી ઉપલકપણે થઈ છે એવું ન લાગે એટલે એમના વતી હું શું લખવાનો છું એની જાણકારી માટે મેં રણછોડભાઈ સાથે ચર્ચા કરી લીધી.

મેં શાળામાં ઈ.બી.સી.નાં ફોર્મ ભરાતાં હોય, ભરાયેલાં ફોર્મ મેળવી લેવા માટે વર્ગશિક્ષક તરફથી વારંવાર સૂચનાઓ આપવામાં આવતી હોય અને

આચાર્ય તરફથી ઇન્ટરકોમ દ્વારા તાકીદ કરવામાં આવતી હોય એ વિશે શિક્ષણાધિકારીને વિગતે લખીને જાણ કરી કે આવા વાતાવરણમાં કોઈ વિદ્યાર્થી આ ફોર્મ ભરવા અંગે અંધારામાં ન જ રહે. આ ખુલાસો સાવ સ્વાભાવિક હતો. પણ મેં શિક્ષણાધિકારીના ગળે સચોટ રીતે ઉતારવા એક વાત એ લખી કે ફરિયાદ કરનાર વિદ્યાર્થીના વર્ગશિક્ષક શ્રી સૂરજવાલા એક મુસ્લિમ શિક્ષક તો ખરા, પણ એ એટલા ભલા છે કે કોઈ તરફ એમને કશી કિન્નાખોરી ન હોય. એટલે વિદ્યાર્થી મુસલમાન હોવાના કારણે એને અન્યાય થયો છે એ વાત વાહિયાત છે અને ફરિયાદ સદંતર ખોટી છે. મારા આ પત્રથી પેલી ફરિયાદનો અંત આવી ગયો.

પ્રશ્નને સલુકાઈથી કેવી રીતે ઉકેલી શકાય છે એનો એક પ્રસંગ જાણવા જેવો છે. ઈ. સ. ૧૯૮૨ સુધી મારા સ્ટાફની મારી સામે કોઈ સામૂહિક ફરિયાદ નહોતી અર્થાત્ ૧૯૬૧થી ૧૯૮૨ સુધી કોઈને કશું કહેવાપણું નહોતું, પણ એક દિવસ સમગ્ર સ્ટાફની સહીઓવાળો એક પત્ર મને પટાવાળા મારફતે મળ્યો. એમાં ફરિયાદ એવી હતી કે આચાર્યની ઑફિસ વૈભવશાળી છે અને કૉમનરૂમમાં એવો કશો વૈભવ નથી. પ્રાથમિક સગવડોનો સ્ટાફરૂમમાં કશો અભાવ નહોતો. પણ સ્ટાફના સભ્યોને આચાર્યની ઑફિસ કોઈ મોટી કંપનીના મૅનેજિંગ ડિરેક્ટરની ચેંબર જેવી લાગી હશે. અને તેની તુલનામાં સ્ટાફરૂમ વૈભવહીન લાગ્યો હશે. મારી રિવૉલ્વિંગ ખુરશી એ સમયે બે હજાર રૂપિયાની હતી. ટેબલ ત્રણ હજાર રૂપિયાનું હતું. સામે સોફાસેટ હતો. એક મોટું અને એક નાનું શોકેસ હતાં. મારા ટેબલની બાજુમાં એક આકર્ષક રિવૉલ્વિંગ બુક-શેલ્ફ (સાગનું, પૉલિશ કરેલા ફર્નિચર જેવું સ્તો) હતું.

આ હિલચાલ કોની હશે એ સમજવામાં મને કશી વાર ન લાગી. ૧૯૬૧માં એ શિક્ષકની મારા હાથે જ નિમણૂક થયેલી. એ શિક્ષકને મંડળ દ્વારા હું નિમણૂકપત્ર અપાવું એ પહેલાં આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આ શિક્ષકના સહાધ્યાયીએ મને ચેતવતાં કહ્યું હતું, ‘આ માણસ ધાંધલિયો, ધમાલિયો, વાંધાવચકા પાડીને વિવિધ પ્રકારના અવરોધો ઊભા કરનાર એટલે કે ઝઘડાખોર છે. એને નોકરી પર રાખી શકાય નહીં.’

આ બધું હશે, પણ મેં એનામાં ઉત્સાહ અને તરવરાટ જોયાં હતાં, કામ કરવાની ધગશ અને નિષ્ઠા જોયાં હતાં. પેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીએ સંસ્થાના હિતમાં આ બધું કહેલું પણ મેં એ શિક્ષકને નિમણૂક આપેલી.

સ્ટાફના સભ્યોનો પત્ર મળ્યા પછી મેં સ્ટાફમિટિંગ કરીને કંઈ કહેવાનું

ટાળ્યું. એમ કરવાની જરૂર પણ નહોતી. પૂર્વતૈયારી રૂપે મેં ઑફિસમાંથી ફક્ત ડેડસ્ટોક રજિસ્ટર મંગાવ્યું અને પછી ઉપર જેનો ઉલ્લેખ થયો છે એ શિક્ષક એમના ફ્રી પિરિયડમાં મને મળે એવું પટાવાળા મારફતે જણાવ્યું.

શિક્ષક ભાઈ આવ્યા. કયા સંદર્ભે મેં એમને બોલાવ્યા હતા એ તો એમને સમજાઈ જ ગયું, કારણ કે સ્ટાફ તરફથી પાઠવવામાં આવેલો પત્ર ટેબલ પર એમની નજર સમક્ષ હતો. બધા શિક્ષકો દ્વારા લખાયેલો આ પત્ર છે અને મને જ શા માટે બોલાવ્યો એવું એ કહી શક્યા હોત પણ મારી ઑફિસમાં કંઈ રજૂ કરવા કે બળાપો કાઢવા આવેલો શિક્ષક એમાંનું કશું જ કહ્યા વગર માત્ર ભળતી વાત કરીને વિદાય લેતો એવો મારો અનુભવ હતો. એટલે આ ઘટનામાં જે-તે મારે જ કહેવાનું હતું. મેં મારા ટેબલની સામે દીવાલને લગતા મોટા શો-કેસ તરફ આંગળી કરી અને કહ્યું : ‘આ ચીજ દેખાવે ખૂબ સરસ અને કીમતી ચીજ છે...’ પછી નિવેદન કરતો હોઉં એમ હું બોલ્યો : તમે આ શાળામાં નહોતા અને હું અહીં આચાર્ય નહોતો ત્યારે આ શાળાના જૈફ વયના શિક્ષક શ્રી જે. યુ. રાવલનું અવસાન થયેલું. ખૂબ નિષ્ઠાવાન શિક્ષક, મહેનતુ પણ ખરા. એમના અવસાન પછી અમે શિક્ષકોએ એમની સ્મૃતિ માટે કંઈક કરવા વિચારેલું. ફંડ કર્યું. મારે ન કહેવું જોઈએ કે એકઠી થયેલી રકમમાં સૌથી મોટો ફાળો મારો હતો. વિઝ્યુઅલ એઇડ્ઝનાં સાધનો, ટેપ રેકોર્ડર, માઈક, ઇન્ટરકોમની વ્યવસ્થા માટેની બધી સામગ્રી આ કબાટમાં રહે છે. હવે નજર કરો તમારી સામેની બાજુનાં બે સ્ટીલનાં કબાટો તરફ. એમના મથાળે પીળા અક્ષરે P.V.T.C. વંચાય છે. પી.વી.ટી.સી. એટલે પ્રિવૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર. એ યુનિસેફ તરફથી મળેલાં છે. યુનિસેફ જે વસ્તુ આપે એમાં શું કહેવાપણું હોય ? આ કબાટોનો ખર્ચ આપણી શાળામાં પડ્યો નથી અને યુનિસેફે મારા કહેવાથી પાડ્યો નથી. હવે આ ડેડસ્ટોક રજિસ્ટરમાં આ સોફાસેટ પર નોંધેલા નંબરો વાંચીને નજર કરો. એની કિંમત જુઓ. પાંચસો રૂપિયા. આવો સોફાસેટ ક્યાંય અઢી હજાર રૂપિયામાં પણ મળતો હોય તો તપાસ કરજો. શાળાની મુલાકાતે આવતા અતિથિઓ, અધિકારીઓ કે વાલીઓ આરામથી બેસી શકે એ માટે મેં આ સેટના ઉત્પાદનકર્તાને, શાળાને જાણે દાન કરતા હોય એવું વલણ રાખવા સમજાવીને આટલી ઓછી કિંમતમાં ખરીદ્યો છે અને હવે ખુરશી-ટેબલની વાત. તમે જ્યારે આ શાળામાં શિક્ષક તરીકે નિમાયા ત્યારે હું આ ઑફિસમાં કેવાં ખુરશી-ટેબલનો ઉપયોગ કરતો હતો એ તમે જોયું હશે. સાદી ખુરશી હતી. એના ઉપર ખાખી ખોળિયામાં રૂ ભરેલી અને સફેદ કવરવાળી ગાદી હતી. સાંકડું, લાંબું અને

પુરાણાપણાને લીધે શ્યામ બની ચૂકેલું ટેબલ હતું. પી.વી.ટી.સી. થયું એ પછી ત્રણેક વર્ષ સુધી એટલે કે લગભગ નવ વર્ષ એ ફર્નિચરનો ઉપયોગ કર્યો. એ પછી પી.વી.ટી.સી.ના આચાર્ય માટે યુનિસેફ તરફથી એના ખર્ચે આકર્ષક અને ઊંચી કિંમતનાં ખુરશીટેબલ આવ્યાં એ કંઈ આપણા વૈભવ માટે આપણી સંસ્થાના ખર્ચે વસાવવામાં આવ્યાં નહોતાં. યુનિસેફની પ્રતિષ્ઠા માટે એ હતું...

...અને આ મોટો એક વખતનો ૧૦ Bનો ક્લાસરૂમ વચ્ચે ફક્ત છ ફૂટ ઊંચા પાર્ટિશનથી આચાર્યની ઑફિસ બની છે. પાછળ ડોકિયું કરો તો કાટમાળનો જથ્થો જણાશે.

હવે આ મોંઘાં ખુરશીટેબલની વાત કરી લઈએ. ૧૯૭૭માં સરકારે પ્રિ. વૉકેશનમ ટ્રેનિંગ સેન્ટરો બંધ કરવાનો ઠરાવ કર્યો. એટલે એ કેન્દ્ર અંગે જે કંઈ હતું એ શિક્ષણખાતાના હસ્તક જઈ શકે. શાળાના ઇન્સ્પેક્શન વખતે શિક્ષણાધિકારી આવતા. એમણે આ ઑફિસનાં પેલાં ખુરશીટેબલ જોયેલાં. એમને ગમી ગયેલાં જ હતાં. હવે એ એનો કબજો લઈ શકે એમ હતા. પણ સજ્જન માણસ. એનો કબજો મેળવતાં પહેલાં એમણે મને કહેલું 'તમે આના કરતાં સવાયું વસાવજો. એમ કરશો તો અમને સંતોષ થશે.' મારે નિવૃત્ત થવાનાં બે વર્ષ બાકી. ઝાઝું ભોગવવાનો અવકાશ નહોતો. ખરીદી માટે આપણી ઑફિસના જયંતીભાઈ વગેરે હતા. એમનો આગ્રહ અને આ ખરીદાયું ! મેં શિક્ષકભાઈને કહ્યું : સ્ટાફના સામૂહિક પત્રનો મારો આ જવાબ છે. તમે સ્ટાફને મારા આ જવાબથી વાકેફ કરશો તો મને આનંદ થશે. અને પછી કોઈને કશું કહેવાપણું ન રહ્યું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શાળાઓ નૂતન સર્વ વિદ્યાલય (જે ૧૯૫૦થી સ્વતંત્ર થયેલું છે) વિસનગર, શેઠ જી. ડી. હાઈસ્કૂલ (જે ૧૯૬૨થી સ્વતંત્ર થયેલી છે) પિલવાઈ, નવીન સર્વ વિદ્યાલય, વડનગર, આઈ. એમ. જે સર્વ વિદ્યાલય, બલોલ (તા. મહેસાણા)નું એક શાળાજૂથ. એ વર્ષોમાં (ઈ. સ. ૧૯૮૦ પહેલાં) આ શાળાઓના શિક્ષકોની અરસપરસ શાળાઓમાં બદલી થઈ શકતી. સામાન્ય રીતે શાળાના સંચાલનમાં કોઈ શિક્ષક ઉપદ્રવી નીવડે તો જે-તે શાળાના આચાર્ય એ શિક્ષકને અન્ય શાળામાં બદલવા મંડળને વિનંતી કરતા. પણ સામાન્ય શિરસ્તો એવો થઈ પડ્યો હતો કે બદલવામાં આવનાર શિક્ષકને સર્વ વિદ્યાલય, કડીમાં મૂકવામાં આવતો. વાસ્તવિક સ્થિતિ તો એ થઈને રહેતી કે બદલાયેલા શિક્ષકને જાણે પ્રમોશન મળ્યું હોય. પિલવાઈ, વડનગર, બલોલમાંથી આ રીતે બદલાઈને આવેલા શિક્ષકો

સર્વ વિદ્યાલયને ઉપયોગી અને લાભદાયી નીવડ્યાનો અનુભવ છે. પણ એક અત્યંત કડવો અનુભવ થયાનો દાખલો પણ છે. બલોલની શાળાના આચાર્ય માટે માથાના દુઃખાવારૂપ થઈ પડેલા બે શિક્ષકોને કડી ખાતે બદલવામાં આવ્યા. બદલાઈને આવ્યા તો ખરા, પણ સર્વ વિદ્યાલયની પરંપરા જ ન્યારી. અગાઉ બદલાઈને આવેલા શિક્ષકોની જેમ સર્વ વિદ્યાલય માટે આ બે શિક્ષકો લાભદાયી તો ન નીવડ્યા પણ સંચાલનમાં કશો ડખો કરે એ શક્ય નહોતું.

પણ એક વર્ષ પછી એમનું પોત પ્રકાશવા માંડ્યું. વિદ્યાર્થીને પાસ કરી આપવાની ગેરન્ટી સાથે એમણે ટ્યૂશન રાખવા માંડ્યું. સાવ ઠોઠ કહી શકાય એવા વિદ્યાર્થીઓને ગેરન્ટી મળવા માંડી. આ હકીકત મારા જાણવામાં આવી. આ બે શિક્ષકો શાળાનું વાતાવરણ ન બગાડે એ જરૂરી હતું. હું કશીક યોજના વિચારું એ પહેલાં વિદ્યાર્થીઓની ટપાલમાં મારા જોવામાં એક એવું પોસ્ટકાર્ડ આવ્યું જેમાં મને આ શિક્ષકોની ગુનાઈત યોજના હાથ લાગી. એ પોસ્ટકાર્ડમાં વિદ્યાર્થીના વાલીએ વિદ્યાર્થીને એની માગણી અંગે લખેલો જવાબ હતો. વિદ્યાર્થીએ આ બે શિક્ષકો પાસ કરવાની ગેરન્ટી સાથે ટ્યૂશન રાખે છે એવી જાણ કરીને એણે આ (બંનેના વિષય અલગ હતા તેથી બંને) શિક્ષકોનું ટ્યૂશન રાખવા સંમતિ આપવાની માગણી કરી હશે. વિદ્યાર્થીએ કાગળમાં શિક્ષકોનાં નામ અને ટ્યૂશન ફીની રકમ પણ લખી હશે. ઉપયોગી વાત તો એ હતી કે વાલીના કાગળમાં સંમતિ સાથે રકમ અને શિક્ષકોનાં નામ પણ લખેલાં હતાં. પોસ્ટના સિક્કાવાળું આ કાર્ડ. ગેરરીતિની નિશ્ચિત સાબિતી. પરીક્ષાના થોડા દિવસ જ બાકી હતા એટલે ભણાવીને આ વિદ્યાર્થીને પાસ કરવાની શક્યતા નહોતી. વિદ્યાર્થી ઠોઠ હોવાનું હું જાણતો હતો.

આ શિક્ષકો ગેરરીતિનો કયો માર્ગ લે છે એ જોવાનું રહ્યું. બલોલની શાળા મહેસાણા જિલ્લા શાળા સંઘની સભ્ય હતી. પ્રશ્નપત્રો કડીમાં છપાતાં હતાં અને શાળાદીઠ પ્રશ્નપત્રોનાં બંડલ પેક કરીને મોકલવામાં આવતાં હતાં. સંઘની શાળાઓ માટે છપાતાં પ્રશ્નપત્રો ન ફૂટે એની સંગીન વ્યવસ્થા અમારા પ્રેસમાં હતી. આ માટે સંઘ અને પ્રેસ બંનેની ઊંચી પ્રતિષ્ઠા હતી. કોઈ વખતે કદાચ કોઈ પ્રશ્નપત્રના એકાદ-બે પ્રશ્નો ફૂટ્યા હોય એવું બન્યું હશે પણ તે તો પ્રશ્નપત્ર સેટ કરનારની ગેરલાયકાતના કારણે. પણ આ વખતે ઉપલાં બધાં ધોરણોનાં બધાં પ્રશ્નપત્રો ફૂટ્યાં. સંઘના મંત્રી તરીકે મારે આ કટોકટીને પાર કરવાની પહેલી જરૂરિયાત જણાઈ. પહેલા બે દિવસની પરીક્ષાઓની નવી તારીખની તત્કાળ

બધી શાળાઓને જાણ કરવામાં આવી. ચુનંદા પેપરસેટરો (મોટા ભાગે અમારી શાળાના) ને કડી બોલાવી લીધા. નવાં પેપર સેટ થવા લાગ્યાં. ગેસ્ટેટનરનાં બે મશીન અને અમારું પ્રેસ રાતદિવસ કામે લાગી ગયાં. પટાવાળાઓ અને બીજા વિશ્વાસુ માણસોની મદદ લઈને એક-એક દિવસની પરીક્ષાઓનાં બંડલ (શાળાવાઇઝ) તૈયાર કરાવવા માંડ્યાં. અને રોજેરોજ વાહન મારફતે અમારી પદ્ધતિ પ્રમાણે શાળાઓને મોકલવા માંડ્યાં. ચોવીસ કલાકમાં ગમે ત્યારે (મધરાત, વહેલી સવાર વગેરે સમયે) બંડલ પહોંચતાં થશે એટલે શાળામાં રાત્રે પણ જવાબદાર માણસને હાજર રાખવાની સૂચના શાળાઓને આપી રાખી.

રાતદિવસ, ઊંઘ, થાક, ઉજાગરો કશું જોયા વગર કામ ચાલતું રહ્યું. અને પરીક્ષાની શુદ્ધિ અને પ્રતિષ્ઠા જાળવવામાં આંખે પાણી આવી જાય એવી સ્થિતિ હતી. પણ વફાદાર પટાવાળા, વિશ્વાસુ શિક્ષકો અને આ કામ માટે વ્યસ્ત પેપરસેટરો અને બોલાવેલા વિશ્વાસુ માણસો દ્વારા કામ પાર પાડીને સંઘની આબરૂ જાળવી રાખી.

પરીક્ષા સારી રીતે પાર પાડ્યા પછી હવે મહત્ત્વનું કામ હતું પ્રશ્નપત્રો ફોડનારનું પગેરું કાઢવાનું. આ શોધ માટે કશી મહેનત લેવી પડે એમ નહોતી. જાણવા મળેલી વિગત પ્રમાણે શાળાનાં પ્રશ્નપત્રો રૂબરૂ લેવા આવેલા પટાવાળાને એક શિક્ષકને ત્યાં રોકવામાં આવેલા અને રાત્રે પેપર ફુટામણીનું કાવતરું પાર પાડવામાં આવ્યું. પણ પૂરી વિગતો અને નક્કર સાબિતીઓ એકઠી કરવાની જરૂર હતી. આ કામ પણ વિદ્યાર્થી આશ્રમના છાત્રોમાં પૂછપરછ કરવાથી થઈ શકે એમ હતું. આ કાર્ય છાત્રાલયના ગૃહપતિ શ્રી મનહરભાઈ સારી રીતે પાર પાડી શકે એમ હતા. વિદ્યાર્થીઓને વિશ્વાસમાં લેવાની એમની ફાવટ દાદ માગી લે એવી હતી. પરીક્ષા પૂરી થયા પછી વિદ્યાર્થીઓ વતન ભેગા થઈ જાય એ પહેલાં આ કામ આટોપી લેવાનું હતું. પરીક્ષા પૂરી થઈ એ રાત્રે જ શ્રી મનહરભાઈએ આ કામ આરંભી દીધું હતું. એમણે પેલા શિક્ષક સાથે પાસ થવા અંગેના સોદામાં સંડોવાયા હતા એમાંના કેટલાકનાં ઝીણવટપૂર્વકની વિગતો સાથે નિવેદન લીધાં.

આ બધું એટલા માટે જરૂરી હતું કે હવે કોઈ શિક્ષકને નોકરીમાંથી છૂટા કરવા હોય તો તે માટેની કાર્યવાહી જટિલ હતી. વળી, શિક્ષક સંઘ કે શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કોઈ અવરોધ ઊભા ન થાય એ માટે મેં શિક્ષક સંઘના પ્રમુખ. શ્રી વીરમભાઈ ચૌધરીને આખું પ્રકરણ સમજાવતો વિગતવાર

પત્ર લખ્યો. શ્રી ચૌધરી આખા પ્રકરણથી વાકેફ હોય એમ એમનો પત્ર આવ્યો. એમાં એમણે જણાવ્યું હતું કે જિલ્લા શિક્ષક સંઘ આ પ્રકરણમાં માથું નહીં મારે. જિલ્લા શિક્ષણાધિકારી મિરઝાબહેનને પણ મેં આ પ્રકરણ વિશે લખ્યું. એમનું વલણ પણ સહકારભર્યું હતું. આશ્ચર્યની વાત તો એ હતી કે વૅકેશન દરમિયાન પ્રશ્નપત્રો ફોડનાર શિક્ષકો પર મેં શા પગલાં લીધાં એની પૃચ્છા એમણે કરી.

ગ્રાન્ટ ઈન એઈડ કોડની કલમ ૩૬-૧ અનુસાર પ્રશ્નપત્ર પ્રકરણના કૌભાંડના સર્જકો અને સૂત્રધારોને નોકરીમાંથી રૂખસદ આપવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. એમનો ખુલાસો માગ્યો. ખુલાસો અસંતોષકારક ગણી આક્ષેપ સંદર્ભે કાર્યવાહી માટે સમિતિ રચવાનો નિર્ણય લઈ સમિતિમાં આરોપી શિક્ષકોના પ્રતિનિધિનું નામ સૂચવવા જણાવ્યું. શિક્ષકોએ ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણની તાલીમી કૉલેજના આચાર્ય શ્રી પુરુષોત્તમ એ. પટેલનું નામ મોકલી આપ્યું. શ્રી પુરુષોત્તમભાઈ સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી.

સમિતિની મિટિંગની તારીખ નક્કી કરવાનું વિચારાતું હતું ત્યાં પ્રકરણે નવો વળાંક લીધો. આ વળાંક કયા કારણસર આવ્યો એ તો માત્ર અનુમાનનો વિષય હતો. કદાચ શ્રી પી.એ. પટેલે આરોપી શિક્ષકોના પ્રતિનિધિ તરીકે ખસી જવાનો નિર્ણય લીધો હોય. પ્રકરણ વિશે પૂરી જાણકારી પછી એમણે આરોપી શિક્ષકોને ઘટતી સલાહ આપી હોય અથવા આરોપી શિક્ષકોને પ્રકરણના અંતની સાચી સમજ મળી ગઈ હોય.

શિક્ષકોએ મારી પાસે આવીને શાળામાંથી શિક્ષકો તરીકે રાજીનામું આપવાની તૈયારી બતાવી.

હવે રાજીનામા બાબતમાં ખાતાકીય નિયમો કડક બન્યા હતા. સંચાલકો કોઈ શિક્ષક પાસે બળજબરીથી રાજીનામું લખાવી ન લે એટલે રાજીનામાની પ્રક્રિયામાં જિલ્લા શિક્ષણાધિકારીની દરમિયાનગીરી આવશ્યક હતી. મેં શિક્ષકોને કહ્યું : 'તમે શિક્ષણાધિકારીને મળો. ત્યાં રાજીનામાં આપો. શિક્ષણાધિકારી ઘટતો શેરો કરીને એ અમને મોકલી આપશે. અત્યારે ઉપસ્થિત પ્રકરણમાં એક સામાન્ય રસમરૂપે રાજીનામું અપાઈને સ્વીકારાઈ જાય એ અમને ગમશે. તમારું કશું અહિત ન થાય એ અમને કે મંડળને પણ ગમશે. બીજો કોઈ માર્ગ (બરતરફી) લેવાનું અમે પસંદ ન કરીએ' અને શિક્ષકોના રાજીનામાથી પ્રકરણનો અંત આવ્યો.

સર્વ વિદ્યાલયના સ્ટાફની કક્ષા અને સજ્જતાની વાત અગાઉ કરેલી છે એટલે અહીં એનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. સર્વ વિદ્યાલયની પ્રતિષ્ઠાને અનુરૂપ તો માંડ આઠદસ શિક્ષકો હતા. રેઢિયાળ અને પોતાના વિષયમાં સજ્જતાની દૃષ્ટિએ મંદ એવા કેટલાક શિક્ષકો પણ હતા. આવા શિક્ષકોને ચલાવી લઈ શકાય નહીં. ૧૯૬૪માં ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ અમલમાં આવ્યો ત્યાં સુધી તો કોઈ પણ શિક્ષકને સરળ માર્ગે દૂર કરી શકાય એવી જોગવાઈ હતી. ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ અમલમાં આવ્યો એ પછી પણ શિક્ષકને દૂર કરવાની પ્રક્રિયા ઝાઝી મુશ્કેલ નહોતી. સમય જતાં અને અનુભવે ખાતા તરફથી શિક્ષકને અપાતા રક્ષણનું પ્રમાણ વધતું ગયું એટલે એ કામ મુશ્કેલ બન્યું. પણ ઘણા સમયથી સંસ્થામાં કામ કરતા શિક્ષકો રેઢિયાળ હોવા છતાં એમને દૂર કરવાનું માનવીય દૃષ્ટિએ સલાહભર્યું નહોતું તેમ જ ઉચિત પણ નહોતું.

આમ છતાં ચારિત્ર્યની દૃષ્ટિએ શિથિલ હોય અથવા જેમની છાપ આ બાબતમાં સારી ન હોય એવા શિક્ષકોને ચલાવી લેવાની મારી તૈયારી નહોતી. એટલે ત્રણ શિક્ષકોને એમની ચાલચલગત સારી ન જણાતાં જુદાં જુદાં વર્ષોમાં છૂટા કરેલા. એ તો સરળતાથી પતી ગયેલું. એક શિક્ષકના સાગરિત તરફથી જાસાપત્ર આવેલો પણ એમાં કંઈ ઊપજે એવું નહોતું. પણ ચોથા કેસમાં સાવધાની રાખવી પડે એમ હતું. અગાઉના બે કેસ ટેક્નિકલ વિભાગના હતા એટલે એમાં તો ઠંડા પાણીએ ખસ મટાડ્યા જેવું હતું. પણ આ કેસમાં સાવધાનીપૂર્વક કામ ન લેવામાં આવે તો શાળાનું વાતાવરણ દૂષિત થાય એવું હતું. એક દિવસ એક શિક્ષિકાએ મારી પાસે આવીને એક શિક્ષકે એમની જાતીય સતામણી કર્યાની ફરિયાદ કરી. પહેલાં તો મેં એ શિક્ષિકાને વાત આટલે સુધી કેમ આવી એ અંગે કહેવા માટે, સહાનુભૂતિ દ્વારા પ્રેરણા આપી. શિક્ષિકાએ નિર્દોષ અને મીઠા (એટલે કે મૈત્રીભર્યા) સંબંધની વાત કરી. શિક્ષકનો ક્યાંક છપાયેલો લેખ વાંચીને પોતે શિક્ષકની પ્રશંસા કરેલી, એટલું જ નહીં એ લેખમાં પોતાને ગમેલાં વિધાનો નીચે લીટીઓ (અંડરલાઇન) પણ તાણેલી. શિક્ષિકાએ એ લેખ હજુ પોતાની પાસે હોઈ મને બતાવ્યો. મેં એ લેખમાં ઘણી અંડરલાઇનો જોઈ. એમાં મેં પ્રશંસા તો ઠીક, મુગ્ધભાવે થયેલું કાર્ય જોયું.

મેં શિક્ષિકાને કહ્યું : 'તમારી નક્કર ફરિયાદ શી છે ?'

શિક્ષિકાએ કહ્યું : 'એ ભાઈએ મારી સામે અયોગ્ય અને નિર્લજ્જ માગણી મૂકી...'

ફરિયાદમાં ગંભીર તથ્ય હતું.

મેં જરાક ગંભીર થઈને શિક્ષિકાને કહ્યું : 'આમાં ચારિત્ર્યની વાત પર કોઈના ઉપર શિક્ષાત્મક પગલાં લેવાનો સવાલ છે. તમે સમજી શકો છો કે કશા નક્કર પુરાવા વગર કે સચોટ લિખિત ફરિયાદ વગર પગલાં લેવાની ચેષ્ટાથી, જેના પર પગલાં લેવાનાં હોય એ તો બાજુમાં રહી જાય અને પગલાં લેનાર એટલે કે સંસ્થા (અથવા આચાર્ય) અવળી ભેરવાઈ પડે. માટે તમે મને લેખિત ફરિયાદ આપો.'

બીજે દિવસે શિક્ષિકાએ મને લેખિત ફરિયાદ આપી. એમણે શિક્ષકે કરેલી ગંદી માગણીની વાત પણ લખી હતી.

હવે આ ફરિયાદમાં મારે આગળ વધવાનું હતું. પણ હું કંઈ વિચારું એ પહેલાં બીજા દિવસે શિક્ષિકાએ મારી પાસે આવીને કહ્યું : 'સાહેબ, ગઈ આખી રાત મને ઊંઘ ન આવી.'

'કેમ ?'

કશું કારણ આપ્યા વગર શિક્ષિકાએ કહ્યું : 'સાહેબ, મને પેલો કાગળ પાછો આપો, પ્લીઝ.'

'આવી ગંભીર બાબતને તમે રોળી નાખવા માગો છો ?' મેં દૃઢ અવાજે કહ્યું.

'એ વાતનો આટલે પડદો પડી ગયો સમજીને પણ મને મારો કાગળ પાછો આપો. મને કાગળ પાછો નહીં મળે ત્યાં સુધી મારી ઊંઘ હરામ થઈ જશે.'

'કાગળ પાછો માગવા પાછળ...'

'ના, ના સાહેબ...' શિક્ષિકા આગળ કંઈ ન બોલી શકી. પણ એના હાવભાવ પરથી મને સમજાઈ ગયું કે આ સ્ત્રી હવે સાવધ થઈ ગઈ છે અને કશો અનર્થ સર્જાય એમ નથી.

આ શિક્ષિકાની નિમણૂક એક સબ્સીટ્યુટ તરીકે મર્યાદિત સમય માટેની હતી. મુદત પૂરી થયે એક્સટેન્શનની વાત વિચારવામાં ન આવી એટલે નવો કોઈ પ્રશ્ન ઊભો થવાનો સવાલ નહોતો.

ટેક્નિકલ વિભાગના બે કર્મચારીઓને એમની આપસ-આપસની તકરારમાં મારે છૂટા કરવા પડ્યા હતા. એક હતા એ વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ અને બીજા હતા મશીન ડ્રોઇંગના ઇન્સ્ટ્રક્ટર. બેને એવો અણબનાવ કે

વાતવાતમાં ફરિયાદ લઈને અલગ-અલગ અથવા ક્યારેક લડતા-ઝઘડતા (અલબત્ત, શાબ્દિક તકરાર) મારી ઑફિસમાં આવી પહોંચતા. સુપરિન્ટેન્ડેન્ટ સત્તાના શોખીન હતા એ હું જાણતો હતો. એમના આદેશો કે હુકમો મશીન ડ્રોઇંગ ઇન્સ્ટ્રક્ટરથી સહ્યા જતા નહોતા. આ ઇન્સ્ટ્રક્ટર તો એટલે સુધી સુપરિન્ટેન્ડેન્ટની પાછળ પડી ગયા હતા કે એમની અગાઉની જ્યાં નોકરી હતી ત્યાંથી એમના અંગે જે કાર્યવાહી થઈ હોય એનો અહેવાલ મને આપવા આવતા. આવા રિપોર્ટ અહીં બિનજરૂરી હતા એટલું જ નહીં એ સંસ્થાકીય શિસ્ત માટે બાધક હતા. આ પ્રવૃત્તિ સદંતર બંધ કરવા માટે એમને સૂચના આપવી પડેલી અને સુપરિન્ટેન્ડેન્ટને મારે ચીમકી આપવી પડેલી કે 'તમારે તમારા વિભાગનું કામ સંભાળવાનું છે. પ્રિન્સિપાલની સત્તા હાથમાં લેવાની નથી. પ્રિન્સિપાલ અને વાઇસ પ્રિન્સિપાલ વચ્ચે કોઈ હોદ્દો નથી. તમારે તમારી મર્યાદા સમજીને ચાલવું જોઈશે. એમ ન થઈ શકે તો તમારે રાજીનામું આપીને સ્થાન છોડવું પડશે.' ઇન્સ્ટ્રક્ટર હું કંઈ કાર્યવાહી કરું એ પહેલાં રાજીનામું આપીને છૂટા થયા. અને વર્ષને અંતે સુપરિન્ટેન્ડેન્ટને સંસ્થાના મંત્રી દ્વારા રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી.

સામાન્ય રીતે કોઈ શિક્ષક કે કર્મચારીને, એનો દોષ હોવા છતાં પણ છૂટો કરવામાં આવે ત્યારે શાળાનું વાતાવરણ બગડતું હોય છે. અહીં એવું ન બન્યું એ આ સંસ્થાનો એ સમયગાળા પૂરતો વિશેષ હતો.

એથીય અદકેરો આશ્ચર્યજનક વિશેષ તો એ હતો જ્યારે મેં શાળામાં વિદ્યાર્થીમંડળની ચૂંટણી સદંતર નાબૂદ કરી અને વિદ્યાર્થીઓ તરફથી કશો ઊહાપોહ કે ધાંધલ-ધમાલ ન થયાં. ઈ.. સ. ૧૯૫૫-૫૬માં જ્યારે શ્રી નાથાભાઈ પંચગની હતા અને શ્રી અંબાલાલ આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં વિલંબ થયો એટલે વિદ્યાર્થીઓ અધીરા થયા અને ચૂંટણી નહીં થાય એવા એક ખ્યાલ હેઠળ વિદ્યાર્થીઓએ હડતાળ પાડી. એ વિશે અગાઉ કહેવાઈ ગયું છે.

પણ મેં ચૂંટણીનો કાર્યક્રમ મૂળથી જ રદ કર્યો અને કશો ઊહાપોહ કે ધાંધલ-ધમાલ ન થઈ. કોઈ વિદ્યાર્થીએ કે વિદ્યાર્થીઓ વતી એમના પ્રતિનિધિઓએ કશી રજૂઆત ન કરી. શાળા રાબેતા મુજબ ચાલતી હતી તેમ ચાલતી રહી.

મેં ચૂંટણી કેમ બંધ કરી એની થોડી ભૂમિકા પ્રસ્તુત કરવી ઇષ્ટ ગણાશે.

વિદ્યાર્થીઓ ચૂંટણી દ્વારા લોકશાહીની પ્રક્રિયા જાણે, એના દ્વારા સારા નાગરિકત્વની તાલીમ પામે, વિદ્યાર્થી લોકશાહીનું મૂલ્ય સમજ્યો હોય તો ભવિષ્યમાં એ જ્યારે મતનો અધિકાર મેળવે ત્યારે એક જાગ્રત નાગરિક તરીકે અધિકારી ઉમેદવારને જ મત આપતો થાય એવી વિદ્યાકાળ દરમિયાન મેળવેલી તાલીમની ઓછી ઉપલબ્ધિ નથી. કેળવણીના માણસ તરીકે આ જાણવા છતાં મેં ચૂંટણીની પ્રથા સર્વ વિદ્યાલયમાંથી કેમ નાબૂદ કરી એ જાણવું જરૂરી પણ ખરું.

ચૂંટણીનાં ઊજળાં પાસાં ગમે તેટલાં હોય પણ એક પાસું ભારે અનર્થકારી છે. તે છે એના કારણે ઊભો થતો જૂથવાદ. એમાં પ્રગટ થતાં વેરઝેર, ઝઘડા અને લોહિયાળ મારામારી.

કોઈ પણ પ્રકારની ચૂંટણી હોય એમાં આ કુત્સિત પાસું એની ખરાબમાં ખરાબ કક્ષાએ પોત પ્રકાશ્યા વિના રહેતું નથી. શાળાકીય ચૂંટણીમાં એની મર્યાદામાં આ અનિષ્ટ સ્થિતિ ભાગ ભજવ્યા વગર કેમ રહે ? જે શાળામાં જુદા જુદા ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય, જે શાળાને સંલગ્ન બેત્રણ છાત્રાલયો હોય. ૧૯૬૦ની આસપાસનાં વર્ષોના ગાળામાં ગામડેગામડે માધ્યમિક શાળાઓ નહોતી. ગામેગામથી તાલુકામથકે આવતી એસ.ટી. બસોની સગવડ નહોતી. આના કારણે સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની લગભગ અર્ધી સંખ્યા ચાલીને નિશાળે આવતી. દેઉસણા, કરણનગર જેવાં ગામોને રેલવેની સગવડ હતી.

દરેક ગામ અલગ અલગ રીતે પંકાયેલું કે વગોવાયેલું હોય છે. આપણે એને ગ્રામવ્યક્તિત્વની મુદ્રાથી અંકિત કરી શકીએ. કેટલાંક ગામ અનેક રીતે ગુનાઈત માનસવાળાં ઝઘડા-ટંટાથી ખદબદતાં. લાકડી, ધારિયાં જેવાં હથિયારોનો ઉપયોગ એમના ડાબા હાથનો ખેલ. એમાં કેટલાંક માથાભારે તત્ત્વો આખા ગામની ઇમેજ ખરાબ કરતાં રહે છે. જ્યારે કેટલાંક ગામની છાપ ઘણી સારી હોય છે. એનાં મોટા ભાગનાં માણસો શાંત, સજ્જન અને અરસપરસ સહકારની ભાવનાવાળાં હોય છે.

સર્વ વિદ્યાલયમાં છાત્રાલય સિવાય અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ કડી શહેર, કુંડાળ, ઊંટવા, સરસાવ, ખેરપુર, કરણનગર, જાસલપુર, નાની કડી, સુજાતપુરા, નરસિંહપુરા, શિયાપુરા, વીડજ, વીસતપુરા, ધરમપુર વગેરે ગામના હતા.

સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીમંડળની છેલ્લી ચૂંટણી ગણીએ એ ચૂંટણી ઝઘડાખોર નીવડી હતી. ઉપર જણાવ્યાં તેમાં બે ગામ સિવાય બધાં જ શાંત પ્રકૃતિનાં હતાં. પેલાં બે ગામમાંથી એક ગામનો વિદ્યાર્થી મહામંત્રીની જગ્યા પરનો ઉમેદવાર હતો. ઉંમર ગમે તે હોય, પણ ગામના જે વાતાવરણમાં ઊછર્યો હોય એ વાતાવરણના સંસ્કાર એના ઘડતરમાં સિંચાયા વગર કેમ રહે ?

અણધારી રીતે જૂથ થયાં. વાતાવરણ દૂષિત થયું. જે વિદ્યાર્થી મહામંત્રી થવા ઉમેદવાર તરીકે ઊભો હતો એની પાસેથી એક મોટું ચપ્પું પકડાયું...

અને મેં એ વર્ષે એ ચૂંટણી રદ કરી.

વિદ્યાર્થીઓને ગળે વાત ઊતરે એવી જ હતી. મોટા ભાગનો સમૂહ તો શાંત અને સરળ હોય છે. એમને આ નિર્ણયમાં કશો વાંધો-વચકો નહોતો. જે વિદ્યાર્થી પાસેથી ચપ્પુ પકડાયું તે ગુનેગાર હતો. બરતરફ થવાની બીકે એ કશું બોલી શકે એમ નહોતો. એના કારણે એના મળતિયા પણ ચૂપ રહ્યા.

અને તે વર્ષથી સર્વ વિદ્યાલયમાં વિદ્યાર્થી મંડળની ચૂંટણી બંધ થઈ તે થઈ આજ સુધી.

■

## ૨૩

## આચાર્ય એક નાયક

આચાર્ય તરીકેની આ પ્રકારની સફળતા એ કોઈ ચમત્કાર નથી. પણ એની પાછળ સીધાં-સાદાં ભૌતિક કારણો છે. શાળાના વાતાવરણનાં મુખ્ય પરિબળોમાં પ્રથમ સ્થાન આચાર્યનું છે. વિદ્યાર્થી પર કેવા આચાર્યનો અસરકારક પ્રભાવ પડી શકે ? પ્રથમ તો એ ઉત્તમ શિક્ષક હોય. કલાના સર્જકોમાં જે એક નૈસર્ગિક શક્તિ હોય છે એવી જ કોઈ સર્ગશક્તિ શિક્ષકની અધ્યાપનકળામાં પણ હોય તો જ વ્યક્તિ ઉત્તમ શિક્ષક બની શકે. વ્યક્તિમાં આ શક્તિ હોય, પણ એણે જે વિષયનું અધ્યાપન કરવાનું છે એ વિષયનું એનું જ્ઞાન છીછરું, અધૂરું કે તત્ત્વની પકડ વિનાનું હોય તો એની અધ્યાપનકળા પૂરી કારગત નહીં નીવડે. વળી, એના વિષય સાથે સંકળાયેલા બધા જ વિષયો ઉપર પણ એની જરૂરી પકડ હોવી જોઈએ. કોઈ પણ વિષય એવો નથી જે બીજા વિષયોના જ્ઞાન સાથે સંકળાયેલો ન હોય. એક રીતે કહીએ તો શિક્ષકની પહોંચ સામાન્ય જ્ઞાનના સ્રોતરૂપ બધા વિષયોમાં હોવી જરૂરી છે.

આચાર્ય વિદ્યાર્થીઓ પ્રત્યે માન અને પ્રેમની લાગણી ધરાવતો હોવો જોઈએ. એ વિદ્યાર્થીઓને માનપૂર્વક બોલાવે. કોઈ શાળાકીય દોષ માટે વિદ્યાર્થીને જાહેરમાં શિક્ષા ન કરે. શિક્ષા એટલે શારીરિક શિક્ષા તો નહીં જ. એનું અપમાન, ધમકાવવું વગેરે શિક્ષાના પ્રકારો ગણાય.

આચાર્ય દંભરહિત હોય.

પ્રામાણિક અને પારદર્શી વહીવટવાળો હોય.

વાલીઓ પ્રત્યે માનવીય અભિગમ ધરાવતો હોય. એમના કોઈ પ્રશ્નને સમજીને સંતોષકારક જવાબ આપતો હોય. વાલીની કોઈ ફરિયાદનું, વાલીને પૂર્ણ સંતોષ થાય એવી રીતે શાંતિથી તેમ જ સમાધાનકારી વલણ દાખવતો હોય.

આચાર્યમાં હોવાં જોઈએ એ લક્ષણોમાં હું કેટલો ખરો ઊતર્યો છું એ હું પોતે કહું એના કરતાં મારા પરિચયમાં આવનાર સ્નેહીઓ, મિત્રો, સદ્‌ગૃહસ્થો, અધિકારીઓ કહે એ વધારે વિવેકભર્યું ગણાય. મારા અમૃત મહોત્સવ વખતે ઈ. સ. ૨૦૦૧માં પ્રકાશિત થયેલા અભિવાદન ગ્રંથમાં ઘણું કહેવાયું છે.

કિશોરાવસ્થાથી જે વાચનસામગ્રી હાથવગી બને તે વાંચી લેવાની મારી આદત ખરી. આ રીતે વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય એવું બધું વંચાતું રહ્યું. એમાં વિજ્ઞાન અને સાહિત્યમાં દિલચશ્પી વધતી રહી. માધ્યમિક શાળામાં ભણતરમાં જે આવ્યું તેમાં આજે સૌથી વધારે વિજ્ઞાનની વિગતો અને સિદ્ધાંતો યાદ છે. મારા અંગત પુસ્તક-સંચયમાં વિજ્ઞાનનાં ઘણાં પુસ્તકો છે. બી.એ.માં હું ઑનર્સના અભ્યાસક્રમ સાથે ઇતિહાસ ભણ્યો. મારા સંચયમાં ઇતિહસનાં પુસ્તકો પણ સારી સંખ્યામાં છે. ડૉ. કોમિસેરિયટના ગુજરાતના ઇતિહાસનાં અગાઉ બે વૉલ્યૂમ પ્રગટ થયેલાં (ત્રીજું લેખકના અવસાન પછી પ્રકાશિત થયું) એમાં બીજું વૉલ્યૂમ મારા ઉપભોગ માટે ખરીદી લીધેલું ખરું. ભો. જે. વિદ્યાભવન દ્વારા પ્રાપ્ત ગુજરાતના ઇતિહાસનાં નવ વૉલ્યૂમ મારી પાસે ખરાં. ધ યુનિવર્સલ હિસ્ટ્રી ઑફ ધ વર્લ્ડનાં સોળ વૉલ્યૂમ મારી ઑફિસમાં હું રિવૉલ્વિંગ ઘોડામાં રાખતો. સમય મળતાં એમાંથી કંઈ ને કંઈ વાંચ્યા કરું. 'હિસ્ટ્રી ઑફ રોમ' પુસ્તક મારા અંગત સંચયમાં ખરું. ઇતિહાસનાં બીજાં ઘણાં પુસ્તકો મારા અંગત સંચયમાં છે. એની યાદી અહીં અપ્રસ્તુત છે. કેટલાંક વર્ષો માટે હું અમેરિકાની નૅશનલ જ્યોગ્રોફિક સોસાયટીનો સભ્ય હતો. નૅશનલ જ્યોગ્રોફિક મૅગેઝિનના ઘણાં વર્ષોના અંક મારા પુસ્તક-સંચયમાં છે જેનો રેફરન્સ માટે હું ખૂબ ઉપયોગ કરું છું. એસ્ટ્રોનોમી મારા ખાસ રસનો વિષય. એનાં મારા સંગ્રહમાં સારી એવી સંખ્યામાં પુસ્તકો છે અને હું સાહિત્યનો માણસ તો ખરો. મેં આચાર્યપદ ભોગવ્યું ત્યાં સુધીમાં તો સાહિત્યના કવિતાસ્વરૂપ સિવાય મેં લગભગ બધાં સ્વરૂપોમાં સર્જન કર્યું હતું અને લગભગ ૪૦ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં હતાં. સાહિત્યના વાચનમાં બ્રિટિશ, ફ્રેન્ચ, રશિયન, જર્મન, અમેરિકન સાહિત્યનાં ઉત્તમ ગણાયેલાં પુસ્તકો (ફ્રેન્ચ રશિયન, જર્મન ભાષાનાં અંગ્રેજીમાં અનુવાદ) સારી સંખ્યામાં વાંચવામાં આવેલાં. મુનશી અને શરદ બાબુનાં પુસ્તકો તો હું થર્ડ (હાલનું સાતમું)માં હતો ત્યારથી વાંચવા મંડેલો... અધ્યાપનમાં અંગ્રેજી, ગુજરાતી અને ભૂગોળ મુખ્ય વિષયો. ભૂગોળમાં તો મૅટ્રિકની પ્રિલિમિનરી પરીક્ષા પછી ધોરણ ૧૧ના ત્રણેય વર્ગના વિદ્યાર્થીઓને લીમડાના વૃક્ષની ઘટા નીચે લાકડાની ઘોડી પર કા. પા. રાખીને બેત્રણ કલાક સામટું ભણાવ્યાના દાખલા છે.

શિક્ષકોને પ્રેરણા મળે એ આશયથી એક પણ ગુજરાતી શબ્દ બોલ્યા વગર એવી જ રીતે વિદ્યાર્થીઓ પાસેથી જવાબ મેળવીને ધો. ૧૦ના વિદ્યાર્થીઓ સમક્ષ અંગ્રેજી વિષયના પાઠના ડેમોન્સ્ટ્રેશન લેસન આપેલાં.

હું કૉલેજનું અધ્યાપકપદ અને અમદાવાદ જેવા સાહિત્યના ક્ષેત્રને છોડીને કડીની આ સંસ્થામાં આવ્યો એનો પણ શિક્ષકો, વાલીઓ અને સ્થાનિક સમાજ પર સારો એવો પ્રભાવ હોવાનું હું જાણી શક્યો હતો.

વાલીઓ સાથેનો વ્યવહાર મોટા ભાગે શાળામાં પ્રવેશ વખતે થતો. પ્રાથમિકથી માંડીને હાયર સેકંડરી વિભાગનાં બધાં ધોરણોમાં પ્રવેશ માટે ઘણો ધસારો રહેતો. પ્રવેશફોર્મ ઘણાં ભરાતાં. આસપાસનાં ગામડાંઓમાં જ્યાં માધ્યમિક શાળા ન હોય એવાં ગામનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવાની નીતિ અંગે મેં વાત કરી છે. નબળા વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તોપણ કશી ફરિયાદ ન ઊઠતી.

ક્યારેક મંત્રીઓની ભલામણચિઠ્ઠીઓમાં નોંધેલાં નામ પ્રવેશપાત્ર ગુણ ન ધરાવતાં હોય તો પ્રવેશ અવગણવો પડતો. કોઈ મંત્રીએ આ અંગે નારાજગી વ્યક્ત કરી નહોતી.

ખાવડ ગામના બહેચરદાસ નામના એક મહાનુભાવની પોતાના ગામના વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની એમની આગવી ‘લીલા’ હજુ સ્મૃતિમાં એવી ને એવી છે. અમારી પ્રથા એવી કે જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી ન શકાયો હોય એમને અમે પીળા રંગનાં છાપેલાં પોસ્ટકાર્ડ દ્વારા જાણ કરીને દિલગીરી જાહેર કરતા. આમ છતાં કેટલાક વાલીઓ પ્રવેશ માટે ઑફિસમાં આવીને પોતાની વાત રજૂ કરીને વિદ્યાર્થીના પ્રવેશ માટે આગ્રહભરી મથામણ કરતા. આવા સમયે હું એમને મારી સ્થિતિની વિગતવાર સમજ આપતો. પ્રવેશ માટે કોઈ માર્ગ રહ્યો નથી એ વાત એ વાલીના ગળે ઉતારવા વાણીનો પૂરો ઉપયોગ કરી છૂટતો. કોઈ વાલીને ‘જગ્યા નથી’ એવો ટૂંકો અને નફ્ફટ જવાબ આપીને મેં કમાડ વાળ્યાં નથી. શક્ય જણાતું હોય ત્યાં કોઈ વિદ્યાર્થી ન આવે અને જગ્યા પડશે તો જાણ કરીશું. અથવા અમુક દિવસ પછી વાલીએ તપાસ કરવી એમ જણાવ્યું હોય. મારી આ પદ્ધતિથી વાલીઓમાં એક પ્રકારના સંતોષની લાગણી રહેતી. પણ ખાવડ ગામના ઉપરોક્ત બહેચરદાસની વાત જુદી છે. એ શાળાની ઑફિસમાં કદી ન આવે. ઑફિસમાં પ્રવેશાર્થીઓની ભીડ હોય છે એની એમને બરાબર ખબર હતી એટલે એ ત્યાં ન આવે. નિવાસસ્થાને પણ નહીં. પ્રવેશના દિવસોમાં શાળા સવારની હોય. બપોરના સમયે હું વિદ્યાર્થી આશ્રમ

(છાત્રાલય)ની ઑફિસે હોઉં. એ મારા ટેબલ પર પાંચ-સાત પીળાં કાર્ડ મૂકીને એમનું નક્કી કરેલું એક વાક્ય બોલે : 'તમે આ ક્યાડ (કાર્ડ) જુઓ, હું બહાર બેઠો છું.' બહાર એટલે આશ્રમના જંગી પ્રવેશદ્વારની જમણી બાજુના ઓટલા પર. થોડી વાર પછી ખુરશીમાં બેઠા બેઠા જ હું ડોક ફેરવું. એ પલાંઠી વાળીને એક જ સ્થિતિમાં બેઠા હોય. થોડી વાર પછી હું માત્ર કુતૂહલ ખાતર પેલાં કાર્ડનાં સરનામાં પર નજર કરું. એકે સરનામામાં એમનું નામ ન હોય. ક્યારેક સરનામામાં ઠાકોર, વાળંદ જેવી અટકો પણ હોય. આ પરગજુ માણસ પોતાના દીકરાઓ માટે નહોતો આવતો એ નક્કી હતું. એમની બસનો ટાઇમ થાય ત્યાં સુધી એક જ સ્થિતિમાં એ બેઠા રહે. પછી જવા માટે ઊભા થાય એટલે એક વાક્ય બોલે : 'કાલે પાછો આવીશ, છોકરાઓ દાખલ ન થાય ત્યાં સુધી રોજ આવતો રહીશ. છોકરાંને દાખલ કર્યા સિવાય તમારો કે મારો છૂટકો નથી' પ્રતિ વર્ષના મહાવરાના કારણે અને પંચમાં બોલતા હોય એ હેસિયતથી આત્મીયતાના સૂર સાથે એ આવું બોલતા. મને એ ગમતું અને હું સાંખી લેતો.

બેચાર દિવસ સુધી આમ ચાલ્યા કરે અને આખરે હું હસીને કહેતો 'બેચરદાસ જાઓ, તમારો વિજય થયો.' અને હું જિલ્લા શિક્ષણાધિકારીની અને ૪૮ની સંખ્યા થઈ ગઈ હોય તો શિક્ષણ નિયામકની કચેરીની મંજૂરીથી બેચરદાસનાં આ 'બાળકો'ને દાખલ કરી દેતો. કડી વિસ્તારમાં અમારું સુખ એ હતું કે આવી રીતે દાખલ કરેલા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કોઈ વાંધો ઉઠાવતું નહીં.

પ્રાથમિક અને માધ્યમિક ધોરણોમાં મારી પ્રવેશનીતિ કરતાં ઉચ્ચતર માધ્યમિક ધોરણો માટેની પ્રવેશનીતિ ભિન્ન હતી જેનો નિર્દેશ અગાઉ થઈ ગયો છે. આ ધોરણોમાં પ્રવેશ માટે સરકારી ખાતાના નિયમો અને ધોરણોને હું ચુસ્તપણે અમલમાં મૂકતો હતો. તાલુકામાં વિજ્ઞાન-પ્રવાહ ચલાવતી ત્રણચાર શાળાઓ હતી, તેમાંની એકાદ સિવાય બાકીની સંખ્યાના અભાવે અને શિક્ષકો ન મળતા હોવાના કારણે વિજ્ઞાન-પ્રવાહ બંધ કરવા માટે મજબૂર બની હતી. નગરો અને શહેરોમાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓનાં હજારો રૂપિયાની ફીવાળાં ટ્યૂશનો મળતાં હોવાથી વિજ્ઞાનના શિક્ષકો ગામડાંમાં જવા તૈયાર નહોતા એટલે ગામડાંની શાળાઓને વિજ્ઞાન-પ્રવાહના શિક્ષકો મળવા મુશ્કેલ બાબત હતી.

કડીની સ્થાનિક એક શાળા વિજ્ઞાન-પ્રવાહ શરૂ કરવા બેત્રણ વર્ષથી પ્રયત્ન કરતી હતી પણ પૂરતી સંખ્યાના અભાવે તેમ થઈ શકતું નહોતું.

એક દિવસ હાયર સેકન્ડરી શિક્ષણ બોર્ડ તરફથી મને એક પત્ર મળ્યો.

એમાં, હવે પછી વિજ્ઞાન-પ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. આમ કેમ બન્યું એ સહેજે કલ્પી શકાય એવું છે. સર્વ વિદ્યાલયમાં વિજ્ઞાન-પ્રવાહના બે વર્ગો હતા અને એમાં દરેકમાં સિત્તેર-સિત્તેર જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. અલબત્ત, વધારાની સંખ્યા હા. સે. શિક્ષણ બોર્ડના ચેરમૅનની મંજૂરીથી જ આટલા પ્રમાણમાં પ્રવેશ અપાયો હતો. સ્થાનિક શાળા વિજ્ઞાન-પ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે એ હેતુથી જ પેલો પત્ર લખાયો હોય એ દેખીતું છે. અને કોની માગણીથી એ થયું હશે એ પણ સમજી શકાય એવી વાત હતી.

સર્વ વિદ્યાલયના વિજ્ઞાન-પ્રવાહના વર્ગોમાં પ્રવેશ માટે ધસારો રહેતો હતો એનાં બે કારણ હતાં. એક તો ત્યાં અપાતું શિક્ષણ બોલતું હતું અને બીજું, એનું છાત્રાલય, ગામડાના વિદ્યાર્થીઓ જ્યાં છાત્રાલયની સગવડ હોય ત્યાં જ પ્રવેશ માટે પ્રયત્ન કરે એ દેખીતું છે.

બોર્ડના ચેરમૅનના આદેશ અનુસાર અમે પ્રવેશ બંધ કર્યો.

કડીની પેલી સ્થાનિક શાળા માટે પ્રવેશ આપવાની સુવિધા ઊભી તો થઈ પણ સરકારી ગ્રાન્ટ મળી શકે એટલા પ્રમાણમાં સંખ્યા ન થઈ.

પ્રવાહ ચલાવવાનું શક્ય નહીં જણાયું હોય એટલે એક દિવસ એ સંસ્થાના કાર્યકરો અને બેચાર વાલીઓ સહિત લગભગ સાતઆઠ મહાનુભાવો મારી ઑફિસમાં આવ્યા. મેં એમનું ઘટતું સ્વાગત કર્યું અને પછી એમના આગમનનું પ્રયોજન પૂછ્યું. જવાબમાં સ્થાનિક શાળાના આચાર્ય અને મંત્રીએ એમની શાળામાં શરૂ કરેલા વિજ્ઞાન-પ્રવાહમાં વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યાના અભાવે પ્રવાહ ચાલુ રાખી શકાય એમ નથી એવું જણાવીને એમણે દાખલ કરેલા વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલયમાં પ્રવેશ આપવા વિનંતી કરી.

આ પછી મેં બોર્ડના ફરમાનરૂપ પત્રની વાત કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મારી અશક્તિ દર્શાવતાં કહ્યું : 'એક આચાર્ય તરીકે વિદ્યાર્થીઓનો અભ્યાસ કે એમનું વર્ષ ન બગડે એવું હું પણ ઇચ્છું, પણ બોર્ડ પોતાનો પત્ર આપમેળે રદ ન કરે ત્યાં સુધી પ્રવેશ શક્ય નથી. હું આ બાબતમાં બોર્ડને કશી વિનંતી ન કરું.'

આખરે સ્થાનિક શાળાના પ્રયત્નથી જ કદાચ, બોર્ડનો અગાઉનો પત્ર રદ કરતો નવો પત્ર મને મળ્યો અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાયો.

■

# ૨૪
# કથમડપિ પુણ્યેન...

એક સમયે ભત્રીજાવહુ મણિ ત્રણેક વર્ષના બાળ નીતિનને લઈને હીરાને મળવા અમારા નિવાસસ્થાને આવી હતી. શિયાળાની ઋતુ, ગાજરની ભરપૂર મોસમ. નીતિનને એક લાલચટક ગાજર આપીને માસ્તર કુટુંબની, આ વહુવારુઓ પારિવારિક વાતોમાં ગૂંથાઈ ગઈ.

થોડી વાર પછી નીતિનના ગળામાંથી હળવા ખોંખારા માટે પ્રયત્ન થતો હોય એવો અવાજ આવતો સંભળાયો. એક-બે વખત 'ખોં...ખોં' સંભળાયું અને એ પણ બંધ થઈ ગયું. બંને સ્ત્રીઓ એકદમ સાવધ થઈ ગઈ. હવે નીતિનના ગળામાંથી કશો અવાજ નહોતો આવતો. શ્વાસ લેવા માટે નીતિન મરણિયાં ઝાવાં મારી રહ્યો હતો. એક ભયંકર સ્થિતિનું નિર્માણ થઈ ગયું હતું. ગાજરની કરચ અથવા છોતરું નીતિનની શ્વાસનળીમાં ભરાઈ ગયું હતું. બાળક છત્તર-વત્તર થવા માંડ્યો હતો. એક પળ પણ ગુમાવ્યા સિવાય કશો સચોટ ઉપાય ન થાય તો ભારે અનર્થ થયા વિના ન રહે. ગમે તેવો ખબરદાર કે હિંમતવાન પુરુષ પણ આવી કટોકટીની પરાકાષ્ઠાવાળી પળમાં કિંકર્તવ્યમૂઢ બનીને દિશાશૂન્ય બન્યા વગર ન રહે. આ તો બે સ્ત્રીઓ હતી ! કાર્ય દિવસ ! સૌ પોતાના વ્યવસાયમાં વ્યસ્ત હતા. ચોમેર સૂનકાર હતો.

તેમની ગમે તેવી રાડ કોઈ સાંભળે એમ નહોતું. જે તે નિર્ણય હીરાએ લેવાનો હતો.

આ સંજોગોમાં એક ચમત્કાર થયો ! સમયનો તકાદો થતાં હીરામાં આજ સુધી અગોચર રહેલી કોઈ શક્તિ પ્રચંડ આવેગ સાથે બહાર આવી. સ્ત્રીમાં વહેતું નર્યું ખમીર ! એમેઝોન* દ્વય (બે એમેઝોન) હીરાના આ અમીરનું વાહન બની રહી.

---

* દરિયામાં પ્રવેશ કર્યા પછી પણ ૫૦ માઇલ સુધી પોતાના વેગીલા પ્રવાહને દૃશ્યમાન રાખતી બ્રાઝિલ (દક્ષિણ અમેરિકા)ની એમેઝોન નદી.

રોમન સામ્રાજ્યમાં લડાઈના મોરચે પ્રથમ હરોળમાં લાંબા ભાલા સાથે રહેતી લડાયક સ્ત્રીઓ એમેઝોન કહેવાતી –

અત્યારે હીરા, હીરા નહીં પણ ત્રાટકેલી આસ્માનરૂપ વિપત્તિ સાથે લડનારી રોમન એમેઝોન હતી. એક પળની પણ ચૂક ખેલ ખલાસ કરી નાખે એમ હતી. એણે નાણાં માટે ન કબાટ ખોલ્યું, ન બટવો કે પાકીટ લીધાં. બારીબારણાં બંધ કરવા હાથ ન લંબાવ્યા. જે આવ્યું તે પગમાં પહેરીને, ખભા પર નીતિનને રાખીને ભાગવા માંડ્યું. જાણે બ્રાઝિલની સાક્ષાત્ એમેઝોન ! એ આગળ અને લથડતા પગે મણિ પાછળ !

કડી શહેર, ૨૫૦૦૦નો આંક ધરાવતી એની વસ્તી. પણ ભાડાનાં વાહનની જરૂરી સુવિધા નહીં. રિક્ષાનો પ્રવેશ હજુ થયો નહોતો. શહેરમાં ભાડે ફરતી ફક્ત ત્રણ ઘોડાગાડીઓ. એના માલિકો સ્ટેશનથી પૂર્વમાં અઢી-ત્રણ કિલોમીટરના અંતરે રહે. અમારા નિવાસનો સ્ટેશન વિસ્તાર ઘોડાગાડીના માલિકોનો સંપર્ક અશક્ય. હીરા અને મણિએ અત્યારે લાંબી ફલંગે શહેરના કોઈ પણ દવાખાના સુધી ભાગવું હતું. સ્ટેશન રોડ પૂરો થતાં અમદાવાદી દરવાજાની અંદરની બાજુએ પહેલું દવાખાનું ડૉ. ભૂધરભાઈનું આવે. (ડૉ. રામભાઈનું દવાખાનું હજુ પીર બોરડી વિસ્તારમાં હતું.) ડૉ. ભૂધરભાઈ અગાઉ ડૉ. માણેકલાલના કમ્પાઉન્ડર. પણ આર. એમ. પી. (રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર) થયા પછી પોતાનું આગવું દવાખાનું કર્યું હતું. હજુ મણિ તો નીચે હતી. હીરા દવાખાનાનાં પગથિયે ચઢી. ડૉ. ભૂધરભાઈ અમને સારી રીતે ઓળખે. તાકીદની પળ સમજીને એ પોતે જ સ્ટવ સળગાવવા લાગ્યા. દાળ ગળે એમ નથી સમજીને કશું કહ્યા વગર હીરા પગથિયાં ઊતરી ગઈ અને દોટ મૂકી ડૉ. માણેકલાલના દવાખાના તરફ.

ડૉ. માણેકલાલ કડીના જૂના અને ઘણા અનુભવી ડૉક્ટર. કડીમાં અમારો પ્રથમ નિવાસ એમના દવાખાનાની બરાબર સામે ગોવિંદભાઈ પરીખના મકાનના પહેલા અને બીજા માળે. ડૉક્ટરના પુત્ર લેફ્. કર્નલ હસમુખના ધોરણ-૮ના અભ્યાસ વખતે અંગ્રેજી ભાષાના વિશેષ શિક્ષણ માટે હું એમના સાબ્બાના માઢના રહેઠાણ પર જતો.

ડૉક્ટરે નીતિનને જોયો. ડૉક્ટરને તરત સમજાઈ ગયું કે કેસ પોતાની પહોંચ બહારનો છે એટલું જ નહીં પણ એ જાણી શક્યા કે એક પળનો વિલંબ પૂરો જોખમી છે. એમણે એમના કમ્પાઉન્ડરને કહ્યું : 'કનુ સાઇકલ પર લઈ જા. તારામાં શક્તિ હોય એટલી ઝડપે સાઇકલ દોડાવજે. ડૉ. પંડ્યા પાસે પહોંચી જા.'

કનુ બધી રીતે પહોંચી વળે એવો ખડતલ અને હોશિયાર માણસ. એણે નીતિનને ખભે લઈને સાઇકલ મારી મૂકી.

ડૉક્ટરે હીરાને કહ્યું : 'તમે પણ તાબડતોબ જનરલ હૉસ્પિટલે પહોંચી જાઓ.'

કનુભાઈ ડૉક્ટર પંડ્યા પાસે પહોંચ્યા.

ડૉક્ટર એક ઘણી અગત્યની મિટિંગમાં હતા.

છોકરો કનુભાઈના ખભે હતો તે સ્થિતિમાં જ એની હાલત પારખી લીધી. એમણે મિટિંગ પડતી મૂકી અને કનુભાઈને કહ્યું : 'તમે સીધા ઑપરેશન થિયેટરે પહોંચી જાઓ. નર્સને જાણ કરી દેજો એ હાજર થઈ જાય.'

બધું વીજળીની ત્વરાથી થયા કરતું હતું.

ઑપરેશન પહેલાં નિશ્ચિત ફૉર્મ પર વાલીની સહીની ઝંઝટમાં પડ્યા વગર ડૉક્ટરે કામ શરૂ કરી દીધું.

છોકરાની હડપચી નીચે ગળા પર કાણું પાડીને સ્ટીલની એક નાની ભૂંગળી બેસાડી દીધી.

પોતાના વ્યવસાયમાં ડૉ. પંડ્યાનું નૈપુણ્ય કડીમાં કહેવતરૂપ તો હતું જ પણ અત્યારે ડૉક્ટર પંડ્યાના નૈપુણ્ય ઉપર ચાર ચાંદ લાગી જાય એવું એમનું કરુણાભર્યું માનવીય કૃત્ય હતું !

નીતિન છૂટથી શ્વાસ લેતો થયો. એના ચહેરાની ત્વચાનો બદલાયેલો રંગ ધીરે-ધીરે મૂળ સ્થિતિમાં આવવા લાગ્યો.

આ બધું સારી રીતે સંપન્ન થયા પછી ડૉ. પંડ્યાએ મને ફોન કર્યો. લંબાણથી કેસ અને ઑપરેશનની વિગત આપી અને કહ્યું : 'હવે ચિંતા જેવું કશું જ નથી. તમારી અનુકૂળતાએ આવો.'

આ અસાધારણ ઘટનાની સંપૂર્ણ જાણકારી તો મને પછી મળી.

આ જગતમાં સારા માણસો પણ ઘણા છે. ડૉ. ભૂધરભાઈ, ડૉ. માણેકલાલ, કમ્પાઉન્ડર કનુભાઈ, ડૉ. પંડ્યા જેવી વ્યક્તિઓથી પૃથ્વી રળિયામણી છે. એ સૌ મહાનુભાવોને શત્ શત્ પ્રણામ.

પ્રસ્તુત કષ્ટભરી ઘટનાનો બોજ હીરાએ આરંભથી અંતસુધી પોતાના શિર પર ઉઠાવીને સુખમય અંત આણવા એનાથી શક્ય એ બધું કર્યું – ધૈર્ય, સમયસૂચકતા, સાહસ, અને દ્રુત ગતિ.

એના માટે હું આટલું કહું : એના જેવી અર્ધાંગિનીનો યોગ કથમડપિ પુણ્યેન ભવતિ ! એના થકી હું ધન્ય થયો છું.

■

# ૨૫

# કુઠારાઘાત

શૈક્ષણિક સંસ્થા દ્વારા કેળવણીનું ઉત્તમ ફળ મેળવવું હોય તો કૅમ્પસમાં એક જ શૈક્ષણિક સંસ્થા હોય એ જરૂરી છે. એમ હોય તો બાળકના ચારિત્ર્યઘડતરનાં શ્રેષ્ઠ પરિણામો મેળવી શકાય. સર્વ વિદ્યાલય અને એને સંલગ્ન છાત્રાલય – 'વિદ્યાર્થી આશ્રમ' ૨૪ વીઘાના કૅમ્પસમાં સ્વતંત્રપણે કામ કરતાં હતાં. શાળાની ઉચ્ચ શૈક્ષણિક ઉપલબ્ધિઓ દ્વારા સંસ્થા પ્રસિદ્ધ હતી. વ્યાયામ ક્ષેત્રે એણે ખો-ખો અને કબડ્ડીમાં સારાયે ગુજરાતમાં સંસ્થાનું નામ ગાજતું કર્યું હતું. વળી, એન.સી.સી.માં રાષ્ટ્રકક્ષાએ સંસ્થાનું નામ ઉજાળ્યું હતું. એક વર્ષે તો શાળાના ૩૨ કેડેટ્સને ૨૬મી જાન્યુઆરીની પ્રજાસત્તાક દિનની ઉજવણી વખતે દિલ્હી ખાતેની પરેડમાં જોડાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

આવું સરસ એકરંગી વાતાવરણ ઈ. સ. ૧૯૬૫ સુધી તો બરાબર જળવાયું. પણ એ જ વર્ષમાં પરિસરમાં સાયન્સ કૉલેજ શરૂ થઈ ત્યારથી સર્વ વિદ્યાલયની મૂળ પ્રતિભાને જાણે ગ્રહણ લાગવું શરૂ થયું.

એક જ કૅમ્પસમાં બીજી સ્વતંત્ર સંસ્થાનો આરંભ થયાનો કડવો અનુભવ ૧૯૫૬માં જ્યારે કૅમ્પસમાં અધ્યાપન મંદિર શરૂ થયું ત્યારે થયો હતો. પણ કૅમ્પસમાં સાયન્સ કૉલેજની સ્થાપના પછી સંસ્થાના વાતાવરણ તેમ જ હાઈસ્કૂલનાં બાળકોની કેળવણી અને એમના વ્યક્તિત્વઘડતર ઉપર જે માઠી અસર પડી એનો ખયાલ કદાચ અહીં નોંધેલી કેટલીક વિગતો પરથી આવી શકશે.

ઈ. સ. ૧૯૬૫માં કેન્દ્રના પ્રધાનમંડળમાં રેલવેપ્રધાન શ્રી એસ. કે. પાટીલના હસ્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કૉલેજનો આરંભ થયો. એ વખતે સાયન્સ કૉલેજ માટે સ્વતંત્ર મકાન નહોતું એટલે પહેલી તરાપ આવી સર્વ વિદ્યાલયના મકાન પર. સર્વ વિદ્યાલયના મુખ્ય મકાનની સામે

સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓની આર્થિક સહાયમાં ઘટતો ઉમેરો કરીને સર્વ વિદ્યાલયનાં પ્રાથમિક ધોરણો માટે જે મકાન બાંધવામાં આવ્યું હતું તે આખું કૉલેજને આપવાનું થયું એટલે સર્વ વિદ્યાલયને બે પાળીમાં કામ કરવું પડે એ સ્થિતિ ઊભી થઈ. શાળા એક જ પાળીમાં ચાલવી જોઈએ એવો મારો ચુસ્ત મત. પણ એ ખ્યાલ તજીને મારે શાળાને બે પાળીમાં ચલાવવાનું શરૂ કરવું પડ્યું. શાળાના આચાર્યને બંને પાળી સંભાળવી પડે ત્યારે એની કાર્યશક્તિમાં ફેર પડ્યા વિના ન રહે. Physical efficiancy આપણા હાથની વાત નથી. આચાર્ય પોતાની ફરજ માટે ગમે તેટલો ઉત્સાહી હોય તોપણ એકસામટું બે પાળીમાં કામ કરવાથી એ બોર્ડમ-કંટાળો અને થાકનો અનુભવ કર્યા વિના ન રહે. આના કારણે શાળાના કામકાજ ઉપર વિપરીત અસર થયા વિના કેમ રહે ? બીજી પાળી શરૂ થાય એ પહેલાં બહારગામથી ચાલીને કે બસમાં આવતા વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા હોય. સ્થાનિક વિદ્યાર્થીઓમાંથી પણ કેટલાક વહેલા આવી પહોંચ્યા હોય. આ બધી સંખ્યાના કારણે શાળાની આસપાસ કેટલી ગરબડ અને ઘોંઘાટ મચેલાં રહે ! આના કારણે પહેલી પાળીના વિદ્યાર્થીઓના છેલ્લા એક અથવા બે તાસના ભણતર ઉપર માઠી અસર થયા વિના ન રહે. પહેલી પાળીને સમયપત્રક માટે નિયત સમય મળી રહે એટલે શાળા વહેલી શરૂ કરવી પડે. આના કારણે શિયાળાની મોસમમાં ભારે અગવડ અનુભવવી પડે. એવી જ રીતે એ મોસમમાં બીજી પાળીના છૂટવાનો સમય લંબાયેલો જણાય. પગે ચાલીને અથવા બસમાં બહારગામ જનાર વિદ્યાર્થીઓ એવી જ અગવડનો અનુભવ કરે. સમયની ખેંચના કારણે ઇતર પ્રવૃત્તિઓનું પૂરતા પ્રમાણમાં આયોજન ન થઈ શકે. આના કારણે પણ છેવટે તો કેળવણીએ જ સહન કરવાનું રહે.

કૉલેજ માટે વાપરવા મળેલું સર્વ વિદ્યાલયનું આ મકાન એટલું મોકળાશ અને સગવડવાળું હતું કે સંચાલકમંડળ તરફથી કૉલેજના નવા મકાન માટે કશી ઉતાવળ કે અધીરાઈ દાખવવાની જરૂર ન રહે. એટલે સર્વ વિદ્યાલય ફરીથી એક પાળીમાં ક્યારે કામ કરતું થશે એનું અનુમાન પણ થઈ શકે એમ નહોતું.

હવે કૉલેજ અને હાઈસ્કૂલ વચ્ચે માંડ બસો ફૂટનું અંતર. શિસ્તના નામે કૉલેજના વિદ્યાર્થીઓ ઉપર કશું નિયંત્રણ નહીં. વિદ્યાર્થીઓનાં ધીંગા-મસ્તી કે હો-હા ચાલ્યા કરતાં હોય. આ ગેરશિસ્તની માઠી અસર સર્વ વિદ્યાલયના કાર્ય અને વિદ્યાર્થીઓના માનસ ઉપર થયા વગર કેમ રહે ?

સાયન્સ કૉલેજની ઇતર પ્રવૃત્તિઓ તેમ જ અન્ય કેટલાક પ્રકારના કાર્યક્રમો

માટે સર્વ વિદ્યાલયના ઑડિટોરિયમ (જે સંસ્કાર ભવન તરીકે ઓળખાતું)નો ઉપયોગ થતો. આ માટે છાપવામાં આવતાં આમંત્રણકાર્ડમાં કાર્યક્રમના સ્થળનું નામ 'સંસ્થાનું સંસ્કારભવન' છાપવામાં આવતું. આ કૉલેજના આચાર્ય દ્વારા આચરવામાં આવતી છલના હતી. સંસ્કારભવન સંપૂર્ણપણે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનું હતું. એ બાંધવા માટે સરકાર તરફથી હાઈસ્કૂલને ગ્રાંટ મળી હતી. હાઈસ્કૂલનું નામ લખવામાં પોતાની મોટાઈને આંચ આવતી હોય એવું કૉલેજના આ આચાર્ય સમજતા હોય એવું જણાતું હતું. એકતાની જગ્યાએ તિરાડ ઊભી કરવાની આ ચેષ્ટા હતી. કૉલેજના કાર્યક્રમ વખતે માઇક, એમ્પ્લિફાયર, લાઇટ વ્યવસ્થા આ બધું હાઈસ્કૂલના માણસો દ્વારા અને હાઈસ્કૂલના ખર્ચે થતું. આ બધું તો ઠીક, પણ જે કંઈ તોડફોડ કે નુકસાન થતું એના સમારકામ કે નુકસાનની ભરપાઈ કરવાની વાત તો બાજુએ રહી પણ નુકસાન અંગે વાત કરવાનો કે રંજ પ્રદર્શિત કરવાનો વિવેક પણ આચાર્યશ્રી દાખવતા નહીં. એક વખત આવા કાર્યક્રમ વખતે મોટી જાજમ ચોરાઈ. એ અંગે તપાસ કરવાની તમા આચાર્યશ્રીએ ન દાખવી. છએક મહિના પછી કૉલેજ હૉસ્ટેલમાં એક વિદ્યાર્થીના પલંગ ઉપર ગાદલા નીચે ગડીબંધ સંતાડેલી કોઈકના જોવામાં આવી. જાણ થઈ. વાત અમારા સુધી પહોંચી. જાજમનો કબજો તો અમે મેળવ્યો પણ એ જાજમ સર્વ વિદ્યાલયની જ હતી કે કેમ એ જાણી લેવા આચાર્ય મારી ઑફિસમાં આવ્યા. મારે કશી દલીલ કરવાની નહોતી. મેં ડેકસ્ટોક રજિસ્ટર અને જાજમ મંગાવ્યાં. ખાતરી કરી લેવાનું એમને સૂચવ્યું. સંસ્થાઓમાં ભાવાત્મક એકતા ક્યાંથી સ્થપાય ? જાજમની ચોરી કરનાર વિદ્યાર્થીને કશી શિક્ષા કરવામાં આવી નહોતી. એ પણ અમારા જાણવામાં આવ્યું હતું.

એક વખત કૉલેજ તરફથી ફિલ્મી ગીતોના ગાનનો કાર્યક્રમ સંસ્કાર ભવનમાં રાખ્યો હતો. આ કયા પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિ છે એ સમજાય એવું નથી. ૧૯૫૦ પહેલાંનાં ગીતોનો સમય હવે રહ્યો નથી. યુવાન પેઢીને કયા પ્રકારનાં ફિલ્મી ગીતો ગમે છે એ પણ હવે અજાણ્યું રહ્યું નથી. અને એમાંય જ્યારે યુવાન છોકરીઓની હાજરી હોય ત્યારે કેવાં ગીતો ઉપર પસંદગી ઊતરે છે એ પણ સમજાય એવું છે. કૉલેજની સંખ્યા સાથે આવા કાર્યક્રમોમાં સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ હોય. ફિલ્મી ગીતોના આ કાર્યક્રમ વખતે છોકરા-છોકરીઓથી સંસ્કારભવન ભરચક હતું. ગવાતાં ગીતોમાં સંસ્કારભવનમાં ઉપસ્થિત છોકરા-છોકરીઓ વચ્ચે વચ્ચે કોરસરૂપે ગાવા મંડી પડતાં હતાં. ત્રાસદાયક માહોલ રચાયો હતો. કાર્યક્રમને બંધ કરાવી દેવા મન બળવો કરતું

હતું. પણ કાર્યક્રમ કૉલેજનો હતો. એ બંધ કરાવવા મારી સત્તા નહોતી. જે શક્ય હતું એ મેં કહ્યું. કાર્યક્રમ ત્યજીને હું હૉલ બહાર નીકળી ગયો.

થોડા સમય પછી કૉલેજના આયોજન હેઠળ હિપ્નોટિઝમનો કાર્યક્રમ યોજાયો. આમાં કોઈ હલકટ પ્રદર્શન નહીં હોય એમ સમજીને મેં આમંત્રણનો સ્વીકાર કર્યો અને હું કાર્યક્રમ શરૂ થતાં સંસ્કાર ભવનમાં હાજર થયો. થોડા સમય માટે તો બધું બરાબર ચાલ્યું. પછી ડાન્સમાં ઉતારેલા એક યુવાન વિદ્યાર્થીને કહેવામાં આવ્યું, ‘સામે છોકરીઓનો સમુદાય છે. જે છોકરી મનમાં વસી ગઈ હોય એને શોધી કાઢ.’ સાત આસ્માન તૂટી પડે એવી આ ઘોષણા હતી. ડાન્સમાં ઊતરેલો વિદ્યાર્થી લળતો, ઢળકતો જાણે લથડિયાં ખાતો હોય એમ છોકરીઓના સમૂહમાં જઈને ઘૂમવા લાગ્યો. કોઈ છોકરી પાછળ અટકે, આગળ જાય, વળી અટકે... આવું ઘોર અને બેહૂદું પ્રચલન ચાલતું રહ્યું. મેં દાંત પીસ્યા. મૂઠીઓ ભીડી અને ત્યાંથી ભાગ્યો.

બીજા દિવસે, ‘કાર્યક્રમ બહુ સારો રહ્યો’ એવા અભિપ્રાયો મળતા રહ્યા.

આવી ઘટનાઓ શિક્ષણસંસ્થાના વાતાવરણને કેટલા મોટા અનર્થકારી પ્રમાણમાં પ્રદૂષિત કરે છે એ દર્શાવવા અહીં અનેક પૈકી બે ઘટનાઓ ઉદાહરણ રૂપે લખી છે. સર્વ વિદ્યાલય આ પ્રદૂષણનો ભોગ બનતું રહ્યું.

■

# ૨૬
## ડંખ

ઑફિસની બંધ બારીઓમાંથી ગળાઈને આવતો એક અવાજ મેં સાંભળ્યો. રૂંધાયેલા ગળામાંથી નીકળતો હોય એવો Muffled અવાજ. એમાં એકધારા ક્રંદનનો ભાસ થતો હતો. એપ્રિલ મહિનાનો કોઈ એક દિવસ હતો. નમ્યા બપોર પછીનો સમય. લગભગ સાડાચાર વાગ્યા હશે.

મેં ઝટ ઊભા થઈને ઑફિસની એક બારી ખોલી નાખી. બારી બહાર ડોક લંબાવીને નજર કરતાં સર્વ વિદ્યાલયના મકાનથી થોડા અંતરે એક વિદ્યાર્થી લીમડા નીચે ભાંખોડિયે હતો. એના આખા શરીરને મધમાખીઓ વળગી હતી. કેટલીક હજુ એના શરીરની આસપાસ અને ઉપર ઊડતી હોય એવું ઝાંખું ઝાંખું જોઈ શકાયું. આંખે અંધારાં આવે અને મન છળી ઊઠે એવું એ દૃશ્ય હતું.

સર્વ વિદ્યાલય અને કિશોરકુંજ, (ધો. ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટેનું છાત્રાલય)નાં મકાનો વચ્ચે તેમ જ સંસ્કાર ભવનના પ્રાંગણમાં હજુ છોકરાઓની ભાગદોડ મચી રહેલી હતી અને મોટા અવાજો સંભળાતા હતા. જોઈ અને સમજી શકાયું કે મોટા પાયા ઉપર 'મધ ઊડ્યું' હતું.

સર્વ વિદ્યાલયનું કામ તો સવારે ચાલતું હતું. સાયન્સ કૉલેજનાં લેક્ચર્સનો સમય પણ પૂરો થઈ ગયેલો હતો. જે ભાગદોડ હતી તે પ્રેક્ટિકલ પૂરાં કરીને બહાર નીકળી રહેલા વિદ્યાર્થીઓની હોય એવું સમજાતું હતું. મધમાખીઓના આક્રમણનો ભોગ બનનાર વિદ્યાર્થી પણ સાયન્સ કૉલેજનો જ હોય. એવું અનુમાન થઈ શક્યું.

જે હોય તે, મધમાખીઓના જીવલેણ આક્રમણમાંથી એને બચાવી લેવો જોઈએ.

એક ક્ષણનો પણ વિલંબ જાનલેવા બની શકે.

હું ઑફિસ બહાર ધસી આવ્યો. લૉબીમાં લૅબોરેટરીનો સેવક રેવાભાઈ

કામ કરતો હતો. મેં એને નજીક બોલાવી સૂચના આપી : 'એકદમ જઈને સ્ટાફના કૉમનરૂમના ટેબલ પરનું ટેબલક્લૉથ લઈને તું મારી સાથે ચાલ.'

મારા બોલવાની રીત અને હાવભાવથી રેવાને ઘણું સમજાઈ ગયું. એ ટેબલક્લૉથ ખેંચી લાવ્યો. અમે મકાનની બહાર નીચે આવી ગયા. મકાનના ખૂણા પર પહોંચીને મેં રેવાને કહ્યું : 'લાવ ટેબલક્લૉથ. અને તું અહીં જ ઊભો રહેજે. વખતે મારા બીજા કામ માટે તારી જરૂર પડે.'

રેવાને મધમાખીઓ સુધી લઈ જઈને હું એને કોઈ પણ જોખમમાં મૂકવા માગતો નહોતો.

પેલા વિદ્યાર્થી પાસે પહોંચી જઈને મેં મારા હાથમાંનું ટેબલક્લૉથ લાઠીની જેમ એના શરીરની આસપાસ વીંઝવા માંડ્યું. એ છોકરાના શરીરને પણ જરા જરા અડતું રહે એની પણ કાળજી રાખી. આમાં બેવડું જોખમ તો હતું જ. છોકરાના શરીર પરથી જે માખીઓ ઊડે તે મારા શરીર ઉપર વળતો હુમલો પણ કરે એવો સંભવ હતો. પણ છોકરાના શરીર પરથી જે માખીઓ દૂર કરવા માટે મેં જે માર્ગ અખત્યાર કર્યો તે સિવાય બીજો કોઈ માર્ગ નહોતો. છોકરાને મૃત્યુમાંથી ઉગારવાનો આ એકમાત્ર ઉપાય હતો. સાથે-સાથે મારે પોતાને બચવા માટે મરણિયા થઈને ટેબલક્લૉથ વીંઝીને માખીઓને દૂર રાખવાની હતી. કોઈ અજ્ઞાત શક્તિએ મારામાં પ્રવેશ કર્યો હોય એમ સાધારણ સંજોગોમાં દાખવું એના કરતાં ઘણી વધારે તાકાતથી માખીઓ સામે હું ઝઝૂમતો રહ્યો. વિદ્યાર્થીના શરીર પરથી માખીઓને ભગાડવામાં સફળતા મળી ખરી, પણ ટેબલક્લૉથનો રક્ષણાત્મક આધાર હોવા છતાં હું મધમાખીઓના ડંખનો ભોગ બનતો રહ્યો. મારા જોશમાં ઓટ નહોતી આવી એ એક મોટું જમા પાસું હતું.

આ સંઘર્ષ ચાલતો હતો એ દરમિયાન વિદ્યાર્થી આશ્રમ (છાત્રાલય)ના ગૃહપતિ શ્રી મનહરભાઈ સ્થળ પર આવી પહોંચ્યા. ગમે તેવી કટોકટીમાં પૂરી શક્તિ અને હૈયા ઉકલતથી કામ કરનાર મનહરભાઈ જેવો બીજો કોઈ ગૃહપતિ આજ સુધી મેં જોયો નથી. એમણે મારા ઉપર તોળાઈ રહેલું જોખમ જોઈ લીધું અને પરિસ્થિતિનો હવાલો પોતાના મસ્તક ઉપર લઈ લીધો. એક ગર્જના જેવો અવાજ કરીને એમણે મને કહી દીધું : 'તમે અબઘડી ત્યાંથી ખસી જાઓ. તમારે હવે ત્યાં એક મિનિટ માટે પણ થોભવાનું નથી' આટલું બોલીને એ બીજા બે સશક્ત છાત્રોની સહાયથી વિદ્યાર્થીને ઢસડીને કિશોરકુંજની દીવાલ સુધી લઈ ગયા. પછીથી મને જાણવા મળ્યું કે મનહરભાઈએ એ વિદ્યાર્થીને આશ્રમની લારી દ્વારા તત્કાલ દવાખાને પહોંચાડ્યો અને વાલીને જાણ કરી.

મધમાખીઓના ડંખથી હવે મારા શરીરમાં બળતરા શરૂ થઈ હતી. સેવકને સાથે લઈને હું શાળાના મકાનમાં સીધો લૅબોરેટરીમાં ગયો. અને હાથ, મુખ, ગર્દન વગેરે ભાગોમાં જ્યાં મધમાખીઓના ડંખ નજરે જોઈ શકાતા હતા ત્યાં બૉટલમાંથી એમોનિયા લગાડવાનું રેવાને સૂચવ્યું. રેવો લૅબોરેટરીનો જ માણસ. એણે રૂના પૂમડા વડે ચોકસાઈથી એ કામ કરવા માંડ્યું એટલું જ નહીં, કેટલાક ડંખને તો એણે નખથી ખોતરી નાખ્યા. લૅબોરેટરીમાં રાહત અંગે સારું એવું કામ તો થયું, પણ આ તો ઝેરી ડંખ, એની અસર માત્ર એમોનિયા લગાડવાથી સર્વથા નાબૂદ કેમ થાય ?

ઘેર ગયા પછી એ અસર એક વિચિત્ર પ્રકારે તીવ્ર બનવા લાગી. બળતરા તો થતી હતી પણ નસેનસમાં એક તીવ્ર તરસ ઊઠી. માત્ર પાણીની તરસ ! આવા કિસ્સામાં એક ઘરગથ્થુ કીમિયો મારી પત્નીના જાણમાં હતો. અલબત્ત, એ કીમિયો અત્યાર સુધી તો એની જાણમાં વીંછીના ડંખ પૂરતો હતો. હું કિશોરકુંજમાં ગૃહપતિ હતો ત્યારે અમારા નિવાસની બાજુમાં સૂરજ ગામના એક વિદ્યાર્થીને વીંછી કરડ્યો જાણીને મારી પત્નીએ એક કટોરામાં ખાંડનું પાણી તૈયાર કરીને એને પાયું હતું. આજે એ કીમિયો એણે મધમાખીના ડંખ ઉપર અજમાવ્યો. હું શાળાએથી ઘેર આવ્યો ત્યારે એણે પાણીમાં ખાંડ ઓગાળીને પીણું તૈયાર કરી દીધું. એક ગ્લાસ ભરીને આ પાણી પીધા પછી તરસ તો એની એ રહી હતી ! બલકે, જાણે એ વધી હતી ! બીજો ગ્લાસ... ત્રીજો ગ્લાસ... ‘હવે થોભો.’ પત્નીએ કહ્યું, ‘કદાચ ઉલમાંથી ચૂલમાં પડવાનું થાય.’

ઘરમાં એકત્ર થઈ ગયેલા આશ્રમવાસીઓએ મને દવાખાને પહોંચાડવાની વાત કરી. પણ હું એ માટે સંમત નહોતો. મારી તબિયતમાં હવે મને કોઈ કટોકટી જણાતી નહોતી. એના કરતાં બીજું, દવાખાને પહોંચીને આખા શહેરમાં હું ન્યૂઝસ્ટોરી બનવા માગતો નહોતો. તદ્ઉપરાંત સર્વ વિદ્યાલયના કૅમ્પસમાં મધમાખીઓ આવો કેર વર્તાવી શકે છે એ હકીકતને હું શહેરમાં લોકચર્ચા થવા દેવા ઇચ્છતો નહોતો. સંસ્થાની પ્રતિષ્ઠાને આંચ આપનારું કંઈ બની રહે એવું હું થવા દેવા માગતો નહોતો. વિદ્યાર્થી દવાખાને જાય અને સંસ્થાનો વડો દવાખાને જાય એ તફાવત લોકબત્રીસીએ જુદી રીતે ચર્ચાય એવી મારી માન્યતા હતી. એટલે દવાખાને જવાની વાતને મેં ગણકારી નહીં.

દિવસ આથમ્યા પછી દીવાબત્તીના ટાણે કડીની પહેલા નંબરની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી જીવણભાઈ મારે ત્યાં આવ્યા. મધમાખીઓએ કૉલેજના જે વિદ્યાર્થી પર આક્રમણ કર્યું હતું તે વિદ્યાર્થી આ જીવણભાઈનો પુત્ર

હતો.

શ્રી જીવણભાઈ મારી ખબર કાઢવા અને આભાર માનવાના બેવડા હેતુથી આવ્યા હતા.

'હવે એને કેમ છે ?' એમના પુત્રની સ્થિતિ વિશે મેં જીવણભાઈને પૂછ્યું.

'હવે ભય ટળી ગયો છે.'

'પણ તમે એને દવાખાનામાં સૂનો મૂકીને કેમ અહીં આવ્યા ?'

જીવણભાઈએ પહેલાં તો એક વ્યવહારદક્ષ માણસ જે જવાબ આપે તે આપ્યો : 'દવાખાનામાં એ સૂનો નથી, આખો પરિવાર ત્યાં હાજર છે.' આટલું કહ્યા પછી હૈયામાંથી આવતી વાણીને ઉચ્ચારતા હોય એમ બોલ્યા : 'અત્યારે દીકરો દવાખાનામાં હેમખેમ છે, તે સાહેબ, તમારા લીધે. તમે એને બચાવવા તમારી જાત ધરી દીધી. તમારો ઉપકાર અમારે કયા શબ્દોમાં માનવો ?'

મેં જીવણભાઈને આવું વધારે બોલવા ન દીધા. મેં ઉમળકાપૂર્વક મારી ફરજની વાત કરી. કૅમ્પસમાં સંસ્થાભેદ નથી. સર્વ વિદ્યાલયના કે કૉલેજના, બધા છોકરા અમારે સરખા દીકરા છે. મેં કશું વધારે કર્યું નથી. ગૃહપતિ મનહરભાઈનો મારે પણ આભાર માનવો જોઈએ. પણ અમે એક પરિવારના સભ્ય, કોણ કોનો આભાર માને ?

જીવણભાઈ સાથે શક્ય બની એટલી આત્મીયતાભરી વાત કરી મેં એમને ઝટ-ઝટ વિદાય કર્યા. દવાખાનામાં એમની વધારે જરૂર હતી.

સવાર સુધીમાં તો આ કારમી ઘટનાનો અંત આવી ગયો એ ખરું, પણ મારા મનમાં હવે એક ઘેરા ઉચાટનો આરંભ થયો.

મધમાખીઓનું આક્રમણ એક અસાધારણ ઘટના હતી. માખીઓનું આ સમજપૂર્વકનું આક્રમણ હતું એ જોઈ શકાયું. એમાં માખીઓના ગાઢ એકત્વની શિસ્ત જોઈ શકાતી હતી. તમે એક માખી પ્રત્યે અટકચાળું ન કરી શકો.

આ કારમા અનુભવ પૂર્વે અમે આ મધમાખીઓથી સાવ અજાણ્યા હતા એવું પણ નહોતું. ક્યારેક-ક્યારેક અમે વિખરાયેલા વાદળની જેમ મધમાખીઓને કૅમ્પસમાં ઊડેલી જોતા હતા. આવી ઊડતી કે 'ઊડેલી' મધમાખીઓના કારણે છોકરા-છોકરીઓની ભાગદોડ પણ મચી જતી હતી. પણ સાવધાનીના કારણે ક્યારેક કશી આપત્તિ સર્જાઈ નહોતી. અલબત્ત, એક વખત જોખમી બની રહે એવી સ્થિતિનું નિર્માણ થયું હતું. સંસ્કારભવન (શાળાનું ઑડિટોરિયમ) અને હીંચકા (અત્યારે એનું અસ્તિત્વ નથી) વચ્ચેના મેદાન જેવા ભાગમાં મધમાખીઓ ટોળાબંધ ઊડેલી હતી. મોટા ભાગે એ જગ્યાથી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વેગળાં

હતાં. રડ્યાંખડ્યાં જે હતાં એ જીવ લઈને ભાગી રહ્યાં હતાં. પણ કેટલીક માખીઓ એક છોકરીના માથે મંડરાવા લાગી હતી અને બીજી ઘણી એ તરફ ધસી રહી હોય એવું જણાતું હતું. (જેણે આ જોયું હતું એણે કરેલા બ્યાનના આધારે આ હકીકત) સદ્દભાગ્યે આ સમયે કૉલેજના પ્રોફેસર દેસાઈ ત્યાંથી નીકળ્યા. એમણે આ જોયું અને એકી છલાંગે છોકરીને ઉઠાવીને કમાનમાંથી છૂટેલા તીરની જેમ ભાગવા માંડ્યું અને છોકરીને એક ગૃહપતિનિવાસના આંગણામાં સહીસલામત રૂપે ઊભી કરી દીધી ! આ ગમખ્વાર ઘટના બની ગઈ હોત પણ પ્રોફેસર દેસાઈની ચપળતાને લીધે એવું કંઈ ન બન્યું. ખૂબીની વાત તો એ બની કે પ્રોફેસર દેસાઈનું સાહસ એટલું બધું રોમાંચક હતું કે મધમાખીઓના આક્રમણના ભયથી જોનારનો જીવ ઊંચો થવાને બદલે પ્રોફેસરનું બચાવકાર્ય રસનિષ્પત્તિનું કારણ બની રહ્યું અને મધમાખીઓના આક્રમણનો પ્રયાસ હળવાશમાં ખપી ગયો !

પણ અત્યારે એવું ન બન્યું.

કલ્પનારૂપે એ દશ્ય ફરી ભજવાયું. આ પ્રત્યક્ષ અનુભવની વાત નહોતી, માત્ર કલ્પના ! હવે વિષય રસનિષ્પત્તિનો નહીં, બુદ્ધિનો હતો, પ્રાધાન્ય ભયનું થયું. આ એક પ્રકારના કાલ્પનિક ભયથી હું જરાક માનસિક તાણ અનુભવી રહ્યો.

જ્યારે-જ્યારે પેલો મધપૂડો નજરે પડતો ત્યારે હું આછી શી છતાં તાણનો અનુભવ કરતો. મનના ઉદ્વેગનાં એકાધિક કારણો થવા લાગ્યાં હતાં. જીવણભાઈના પુત્રની ઘટના ફરી બને તો ? એમાં હું મારી પ્રતિષ્ઠાનું જોખમ પણ જોવા લાગ્યો.

દિવસો પસાર થતા હતા પણ કશું વિસ્મૃતિમાં જતું નહોતું. મધપૂડાનો પ્રભાવ અસંપ્રજ્ઞાત મન (Subconscious)માં ઊતર્યો હોય એમ હવે તો એને લગતા ઘણા વિચારો આવવા લાગ્યા. એમાંનો એક વિચાર આ મધમાખીઓના ઊડવાના સમય અંગેનો હતો. પાછલાં વર્ષો સ્મરણમાં આપોઆપ આવવા લાગ્યાં અને એક અનુમાન બાંધી શકાયું કે આ મધમાખીઓ ઊતરતી વસંતે ઊડતી હતી. આપણા પંચાંગ પ્રમાણે કહીએ તો ચૈત્ર મહિનો અને તેની આસપાસના સમયગાળામાં આ ઉપદ્રવ થતો હતો.

વસંતઋતુ – ફૂલોની મોસમ. આટલા મોટા પૂડાની માખીઓ મધ માટે ક્યાંથી રસ ચૂસતી હતી ? એમના માટે અહીં ક્યાં બગીચાઓ ખીલતા હતા ?

અમારું પચાસ વીઘાનું કૅમ્પસ. એમાં અનેક પ્રકારનાં નાનાંમોટાં વૃક્ષો,

વેલીઓ, ફૂલછોડ અને મોસમ પ્રમાણે બદલાતી ફૂલ-ક્યારીઓ વગેરે હતાં. મોટાં વૃક્ષોમાં સંખ્યાબંધ છૂટાછવાયા અને કુંજ-ઘટારૂપ લીમડા (અગાઉ ઑડિટોરિયમના અભાવે શાળાની ઘણી સભાઓ આ લીમડાની ઘટામાં થતી), વિથીના રૂપમાં ઉછેરેલા હારબંધ આસોપાલવ, ગગનને ચૂમતા હોય એવા આકાશનિમ્બ (બૂચ), વિરાટ કદ ધારણ કરતા કાયજેલિયા, મે મહિનામાં આકાશને રાતા રંગથી ભરી દેતા મહાકાય ગુલમોર અને સપ્ટેમ્બરમાં ખીલતી નાના કદની એ જ જાત, શિરીષ, બકુલ (બોરસલી), કોડિયા, ચંપો, પારિજાત, બૉટલ બ્રશ, શિવરી, જાસૂદ, કાંચનાર, ચાંદની વગેરે અને વેલાઓમાં બોગનવેલ, મધુમાલતી, જૂઈ, ચમેલી વગેરે બગીચાની શોભારૂપ ફૂલછોડમાં મોગરો, ડમરો, હજારીગલ, બારમાસી, તુલસી, કેના વગેરે અને મોસમી ફૂલક્યારામાં લછમનબૂટી (ઑફિસ ટાઇમ), કાલી હબસી અને માળીની પસંદગીની અનેક જાતો.

આટલી બધી જાતોમાં મધમાખીઓને રસથી તૃપ્ત કરી શકે એટલી જાતો કેટલી ? બકુલનાં બોરિયાં મધમાખી માટે દુરારાધ્ય. પારિજાત રાત્રે મઘમઘી ઊઠે પણ સવાર પડતાં તો પોતાની નીચે શ્વેત-કેસરી ચાદર પાથરીને પોતે અકિંચન શું ઊભું રહ્યું હોય. અને ચંપો ? અમારા અધ્યારુસાહેબ ઘણી વાર વર્ગમાં મોટા સાદે લલકારતા : 'ચંપા તુજમેં તીન ગુન, રંગ-રૂપ-ઔર બાસ પર એક અવગુન ઐસો ભયો, ભ્રમર ન આવે પાસ...' આકાશનિમ્બનું વસંતઋતુમાં કશું કામ નહીં એ તો નવેમ્બર-ડિસેમ્બરમાં ખીલે, પણ સુગંધની વાત નહીં. મધુમાલતી મધમાખીઓ માટે મધુકોશ ખરો, પણ એની સંખ્યા માત્ર બે શાળાના મકાનની પાણીની ટાંકીની બહારની બે દીવાલ પર. એનાં પુષ્પોની જબરદસ્ત માદક ગંધ ખરી પણ અમે એના પર મધમાખીઓનો આવરોજાવરો જોયેલો નહીં એટલે શું કહીએ ?

કુતૂહલ શમતું નહોતું. આ મધમાખીઓ મધ માટે રસ ક્યાંથી ચૂસતી હતી ? કૅમ્પસમાં હતો કોઈ સ્રોત ? મનમાં તર્ક ઊઠતા હતા : પણ કોઈ મેળ બેસતો નહોતો. જાણવું તો હતું જ. છેવટે 'રીડક્ષીઓ – એડ – ઍબ્સર્ડમ'ની પદ્ધતિ અખત્યાર કરી. આ નહીં, આ નહીં, આ નહીં... કૅમ્પસનાં ઝાડ, છોડ, વેલ આ પદ્ધતિએ ટાળતાં-ટાળતાં છેવટે લીમડો રહ્યો !

કૅમ્પસની આસપાસનો વિસ્તાર ? નજર પહોંચે ત્યાં સુધી ડાંગરના વાવેતરવાળી અત્યારે સૂકી ભઠ્ઠ થઈને તપતી ક્યારીઓ અને પાક લેવાઈ ગયેલા હજારો એકર સુધી વિસ્તરેલાં ઘઉંના વાવેતરવાળાં ખેતર, માત્ર સૂકો ખંખ

વગડો !

લીમડો જ રહ્યો !!

હકીકતનો ઉદય થતાં વાર ન લાગી. હા, લીમડો આ મોસમ-ઊતરતી વસંત એટલે ચૈત્ર માસમાં પુરબહારમાં ખીલ્યો હોય છે.

અને આપોઆપ બધી ચોખવટ થવા લાગી. જ્યારે-જ્યારે મધમાખીઓને અમે ઊડેલી જોઈ તે બધી ઉપર કહ્યું તેમ આછા કે વિખરાયેલા વાદળની જેમ લીમડાવાળા વિસ્તારમાં ઘુમરાતી હતી.

મધપૂડાના અસ્તિત્વ અને પોષણનું મૂળ, સાચું કે ખોટું, મારા અંગત તારણ પ્રમાણે લીમડો હતું. ઉપર જણાવ્યા તે બધા વિચારો અને તર્ક વચ્ચે મધપૂડાના ભયથી મુક્ત થવાનો વિચાર તો મને સતત સાબદો રાખ્યા કરતો હતો. એક દિવસ એનો માર્ગ પણ કૉમનરૂમમાં સ્ટાફના સભ્યો સાથેની ચર્ચામાં મળી આવ્યો. ગામડેથી આવ-જા (અપ-ડાઉન) કરતા એક શિક્ષકે કહ્યું : 'અમારા ગામના બે માણસો આ કામ કરે છે. નાના-મોટા નડતરરૂપ મધપૂડાના એ નિકાલ કરી આપે છે.'

'એ કેવી રીતે ?'

'મધપૂડાને કોથળામાં ભરી લે અને દૂર મૂકી આવે !'

'આપણા મધપૂડાનો એ નિકાલ કરી શકે ?'

'એક વાર એ જુએ પછી કહી શકે.'

'તમે એ માણસોને વાત કરશો ?'

'જરૂર. એ લોકો મારા પરિચયમાં છે.'

માણસો આવ્યા. એમણે જોયું. છતને વળગેલા મોટી ઢાલ જેવા મધપૂડાને બારીમાંથી બહાર ડોકાઈને બીજા કશા આધાર વગર માત્ર વાંશી, લાકડી, કમાન વગેરે ટાંચાં સાધનોથી ઉપાડવાનું કામ કરવાનું હતું. જોખમી હતું.

માણસો તૈયાર થયા.

કામ થયું.

લાકડીના એક છેડે ગેમેક્ષીનના દ્રાવણથી લથબથ બાંધેલા ગાભા વડે છત નીચે મધપૂડાના સ્થાને બરાબર ઘસીને આ માણસોએ પોતું કર્યું : મધમાખીઓ ફરીથી એ જગ્યા પર ન બેસે એ હેતુ હતો.

મધપૂડો બંધ કોથળે વિદાય થયો.

રાહત થઈ.

પણ થોડા જ દિવસને અંતે એ રાહત ઠગારી નીવડી. મધમાખીઓ ફરીથી એમની મૂળ જગ્યા ઉપર જ મંડરાવા લાગી અને મધપૂડો એનું મૂળ કદ લેતો હોય એવું જણાયું.

મારી માફક પેલા શિક્ષકભાઈ પણ આ સ્થિતિ નીરખતા હતા. એક દિવસ એમણે મને કહ્યું : 'મેં પેલા ભાઈઓને આ વાત કરી છે. એ લોકો ફરીથી આ કામ રિપીટ કરશે.'

'પછી પણ આ થયું ને, ફરીથી થઈને રહેશે ને ?'

'આ વખતે કોથળો દૂર મૂકી આવશે.'

'દૂર એટલે ક્યાં ?'

'કટોસણ.'

કટોસણ રેલવે લાઇન ઉપરનું એક જંક્શન. કડીથી સવારે ચાર વાગે ઊપડતી કડી-રણુજ ટ્રેનના માર્ગમાં આવતું આ સ્ટેશન. એ સ્ટેશને સૌરાષ્ટ્ર અને મહેસાણા તરફ જતી ગાડીઓમાં માર્ગ ફંટાય. કડીથી નીકળેલી એ ટ્રેન દેઉસણા અને પછી ભોંયણી સ્ટેશનો વટાવીને કટોસણ પહોંચે. આ ગાડીમાં કોચ ઝાઝા પણ ઉતારુ ઓછા. કટોસણ કહેવાય જંક્શન પણ વેરાન પ્રદેશ. સ્ટેશન બહાર નાની એક-બે હોટલ અને બે-ત્રણ દુકાનો. ગાડીઓના સમય વખતે માણસોની ચહલપહલ દેખાય પછી બધું સૂનું સૂનું !

નક્કી કરેલા સ્થળે, કોથળાનું મુખ ખુલ્લું કરી દેવાની સમજ સાથે આ વખતે પણ મધપૂડાને રવાના કર્યો.

પણ થોડા જ દિવસમાં પરિણામ એનું એ !

આ માખીઓએ પણ કબૂતરવાળી કરી.

મધમાખીઓએ અંતર કાપ્યાનું આશ્ચર્ય એ તો એક સ્વાભાવિક બૌદ્ધિક ચમક હતી. વીજળીના ઝબકાર જેવો ક્ષણભરનો તરંગ.

પણ મૂળ જગ્યાએ ઝનૂનપૂર્વક મંડરાતી મધમાખીઓ હવે મારી દૃષ્ટિએ મધમાખીઓ નહીં પણ એક સૈન્ય હતું. દુશ્મનનું સૈન્ય !

આ વિચારની સાથે જ મહાભારતના શાંતિપર્વમાંનો પેલો શ્લોક આ વિચાર સાથે જોડાઈ ગયો :

**न उत्खनेद्यस्य न मूलम उद्धरेत ।**
**हन्यान्न तं यस्य शिरो न पातयेन् ॥**

મૂળ સમેત ઉખાડી નાખી ન શકાય તો વૃક્ષને ખોદવું નહીં અને ધડથી

માથું જુદું ન કરી શકાય તો દુશ્મનને હણવો નહીં. (અર્થાત્ ઘા કરવો નહીં.)

મારી નજરે જેમ મધમાખીઓ માખીઓ રહી નહીં એમ હું પોતે પણ ચકલું પંખાની હડફેટમાં ન આવી જાય એટલા માટે મોડી રાત સુધી પરસેવે રેબઝેબ થઈને કામ કરતો, કૂતરું ભૂખે મરી ન જાય એ ખ્યાલથી ગોળ ખવડાવીને એને જિવાડતો અને કાગળના દોડિયાના કોતરમાં ફસાઈ ગયેલા ભમરાને પોતાનાં હાડકાં ભાંગવાના જોખમે પણ બચાવી લેતો. હું ઋજુ અને દયાળુ માણસ નહીં પણ જે કૅમ્પસમાં એકાધિક શિક્ષણસંસ્થાઓ, પાંચ છાત્રાલયો, સ્ટાફ ક્વાટ્ર્સ, ગૃહપતિ નિવાસો, રસોડાના તેમ જ અન્ય કર્મચારીઓ અને સેવકોનો બહોળો પરિવાર વસતો હતો તે કૅમ્પસનો હું વડો હતો. આ વડપણ હેઠળ અનેક જવાબદારીભરી અને ક્યારેક જોખમી ઘટનાઓમાં નાયક તરીકે મેં ફરજ અદા કરી હતી. હવે ફરી એક વાર સેનાનાયક બનીને આગળ થવાનું હતું.

નળરાજાને દમયંતીથી અલગ થઈ જવાનો વિચાર આવતાં જ કલિ વસ્ત્રછેદન માટે છરીરૂપે રાજાની નજરે પડ્યો હતો એવી રીતે કશી પૂર્વભૂમિકા વગર અને વાત કરવાના કે મુલાકાતના પૂર્વ સંકેત વગર મારા મદદગાર શિક્ષકભાઈએ મારી ઑફિસના દ્વારનું ફ્લૅપ ખોલીને ઑફિસમાં પ્રવેશ કર્યો. અને ખુરશીમાં બેસે એ પહેલાં એ બોલ્યા : 'હવે છેલ્લો ઉપાય અજમાવ્યા વગર છૂટકો નથી, સાહેબ.'

'છેલ્લો ઉપાય ?'

'હા, છેલ્લો ઉપાય.'

'એ કયો ઉપાય છે ?'

'મધપૂડા હેઠળ ભડકો.'

આ સાંભળ્યા પછી મેં જરાક મૌન સેવ્યું.

કંઈક જુદું સમજ્યા હોય એમ શિક્ષકે પ્રશ્ન કર્યો : 'શું કહો છો, સાહેબ ?'

સંકેત આપ્યો.

અને એક દિવસ રાત્રિના અગિયાર વાગ્યા પછી રસ્તે અવરજવર બંધ થઈ ત્યારે પેલા બે માણસોએ કામ શરૂ કર્યું.

એ માણસો છત નીચેની બારી આગળ હતા.

શિક્ષકભાઈ અને હું નીચે રસ્તા ઉપર ઊભા હતા.

આખી છત ભગવા રંગે રંગાઈ. એ રંગ દીવાલ પર પણ ખરડાયો. નીચેની

રેતી ભડકીલા રંગી બની ગઈ. સામેનાં વૃક્ષોએ અગ્નિની લપટોના રંગને ઘટાઓમાં છુપાવ્યો. અને આખું આકાશ રંગતરંગી બની રહ્યું.

૧૯૪૫ના ઑગસ્ટની છઠ્ઠી તારીખે સવારે સવા આઠ અને પંદર સેકન્ડે હીરોશીમાના આકાશમાં ૧૮૫૦ ફૂટની ઊંચાઈએ ૫૦૦ ફૂટના વ્યાસના એક અગનગોળાનો વિસ્ફોટ થયો. એનોલા ગેના બૉમ્બ બેમાંથી ફેંકાયેલા સાડાચાર ટન વજનના પરમાણુ બૉમ્બનું આ કાળું કામ ! વિસ્ફોટ પછી વિમાનના સહચાલક (કો-પાઇલોટ) રોબ્રટ લૂઈ બોલી ઊઠ્યો : 'My God, what have we done ?'

અમારા મુખમાંથી આવો કોઈ ઉદ્ગાર ન નીકળ્યો.

કામ થઈ ગયું હતું.

રાજી થવું કે ઉદ્વિગ્ન થવું એની એ પળે ખબર ન પડી.

દિવસો વીતતા ગયા, મહિના અને વર્ષો પણ વીત્યાં.

તે દિવસે તો શરીર ઉપર એમોનિયા લગાડીને મધમાખીઓના ડંખની બળતરાને હળવી કરી હતી પણ હૈયે લાગેલા ડંખની બળતરાને કેમ કરીને હળવી કરવી ? ન જાને.

■

# ૨૭
# કોશગત દ્વિરેફ

ઉનાળુ કે દિવાળી વૅકેશનનો આરંભ થાય એટલે સર્વ વિદ્યાલય પરિસર (કૅમ્પસ) સૂનકારનો દરિયો બની રહે. કૅમ્પસમાં રહેતા પરિવારો પોતપોતાના સમાજમાં ભળી જવા વતનમાં પહોંચી જાય. માત્ર વહીવટી કાર્યવાહી સંભાળવા વારામાં જેની ફરજ બનતી હોય તે એક ગૃહપતિ કૅમ્પસમાં હાજર રહે.

આ વખતના દિવાળી વૅકેશનમાં હાજર રહેવાનો મારો વારો હતો.

નર્યા વગડામાં અમારી સંસ્થા ૪૦ વીઘાનું કૅમ્પસ. શિક્ષણનું એક સત્ર પૂરું થયું હોય. નવું કશું કામકાજ ન હોય એટલે બહારના લોકોની કશી અવરજવર ન હોય.

વચ્ચે અધિક માસનો પ્રક્ષેપ થયો હતો એટલે આ વખતે દિવાળીનો ઉત્સવ નવેમ્બર મહિનામાં હતો. ઠંડીની મોસમનો આરંભ થઈ ચૂક્યો હતો. કામકાજ કશું હતું નહીં, સમય પસાર કરવાનો પણ એક સવાલ હતો.

બપોરે આરામના બદલે હું નાની કડી તરફ ખેતરો વચ્ચે થઈને ફરવા નીકળતો. ઠંડી મોસમમાં વગડાનો નિખાર પણ આગવો અને ભારે આકર્ષક હોય છે. હું ચાલતો હતો રસ્તે-રસ્તે પણ મારી નજર પ્રફુલ્લ વગડામાં ફર્યા કરતી. ભરપૂર ખીલેલાં આવળનાં ઝાડવાં પર બેઠેલાં ભરચક ફૂલના કારણે પીળો રંગ ઊભરાતો હતો. અને કેરડા ? કેસરી છાંટવાળા લાલ વસ્ત્રોથી જાણે આવૃત્ત હતા. ક્યાંક-ક્યાંક વખડાનાં ઝાડ નજરે પડતાં હતાં. એમની ઘટામાં રસભર્યાં ગુલાબી અને શ્વેત પિલુના કારણે તો એ વખડાઓની ઘટાઓમાં અત્યારે બપોરના સમયે પણ મેનાઓનો ભારે કલશોર દૂરથી પણ સંભળાતો હતો.

રસ્તે નાની કડી ગામ નજીકના એક નાળા પર હું બેસતો. નિસર્ગની અપાર સમૃદ્ધિ વચ્ચે આસન લગાવીને બેઠો હોઉં એવો અનુભવ મને એ સ્થળે થતો.

ગામની નજીક એક તળાવડું હતું એનાં પાણી છેક નાળાની નીચે સુધી પહોંચતાં હતાં. એ તળાવડાના કાંઠે ઊભેલો બાવળ મારું મનહરી બેઠો હતો. કહેવાય બાવળિયો – તદ્દન શુષ્ક અને કઠોર, અણીદાર શૂળોથી પૂરેપૂરો સજ્જ, પણ અત્યારે આવળનાં આવરણોની હરીફાઈ કરતો હોય એમ પીળા રંગના વાઘાથી પૂરેપૂરો પરિધૃત હતો અને સુઘરીના માળાઓનાં અનેક લટકણિયાં ધારણ કર્યાં હતાં. તળાવડાના એક કાંઠે લાંબા પગવાળી એક ટીટોડી મૌન ધારણ કરીને આઘીપાછી થયા કરતી હતી. કદાચ કાંઠે એણે ઈંડાં મૂક્યાં હોય. વરસાદની મોસમ પૂરી વિદાય થયાની એક સુચવણી. વરસાદ ભલે ગયો પણ ફૂલોની બહાર જામેલી હતી. વગડો હજુ તો પુરબહારમાં પ્રફુલ્લ હતો. સપ્ટેમ્બર મહિનો ભલે વીત્યો પણ એનો પ્રભાવ હજુ જામેલો હતો. સપ્ટેમ્બર મહિનો વસંતનો જાણે હરીફ. સપ્ટેમ્બર એટલે ફૂલોનો મહિનો એટલે જ તો આપણે ‘Come September’નું ગાન કરીએ છીએ ને !

શિયાળાના તડકાની મીઠી હૂંફ માણ્યા પછી મારા નિવાસસ્થાને પાછો ફરું છું એટલે જાણે એક બંધ કોશેટામાં પુરાયો. મારું ગૃહપતિપદ ધોરણ પાંચથી આઠનાં બાળકોનું. આ બાળકો માટેનો બ્લોક અલગ. એ કિશોરકુંજ નામથી ઓળખાય. સ્કેવર બ્લૉક. ચારેબાજુથી બંધ. અંદરના મધ્ય ભાગમાં એક ઘટાદાર બોરસલીનું વૃક્ષ. અને બે ખૂણાઓમાં લીમડાનાં એક-એક મોટાં ઝાડ. પૂર્વ તરફની દીવાલમાં લોખંડી ઝાંપો અને અંદરની બાજુએ એક મોટી ટાંકી.

આ સ્ક્વેર બ્લૉકમાં પ્રવેશ્યા પછી મારા રહેઠાણમાં દાખલ થાઉં એટલે ફાંસી પહેલાંની એક સજા Solitary Confinement – કોઈનો પણ સંપર્ક ન થઈ શકે એવી એકાંતવાસની સજાનો કેદી હોઉં એવો અનુભવ થાય. મારું રહેઠાણ એટલે કિશોરકુંજમાં છાત્રોની શરૂ થતી ઓરડીઓમાં પહેલી રૂમને ફેરવેલો ગૃહપતિ નિવાસ. ઘરનો આભાસ જરૂર થાય. ત્રણ-ચાર વર્ષથી હું કિશોરકુંજ છાત્રાલયના ગૃહપતિ તરીકેના ચાર્જમાં હતો. અત્યારે ફરજના નામે સોલિટરી કન્ફાઇન્મેટની સજા ભોગવી રહ્યો હતો.

ચોવીસે કલાક કંઈ વગડામાં રહી શકાય છે ?

સમયનો મોટો ભાગ તો આ ‘ઘર’માં જ પસાર કરવો પડતો. ઘણાં વર્ષોથી ધોળ્યા વિનાની મેલખોરિયા થઈ ગયેલી, નજરને પાછી પાડતી અણગમાભરી દીવાલો પર મારી નજર ફરતી. એમાં વધારે અણગમાભર્યું દીવાલ પર ઘણી ઊંચાઈએ લટકતું એક કાગઝી જંબો વાસણ – જેને છાત્રાલયના સ્થાનિક

માણસો 'દોડિયું' તરીકે ઓળખતા. મેં અહીંનો ચાર્જ સંભાળ્યો એ દિવસથી જ એ અણગમતા 'દોડિયા'ને નજરથી દૂર કરવા હું ઇચ્છ્યા કરતો હતો. એ એટલી ઊંચાઈએ હતું કે કોઈની મદદ વગર એ થઈ શકે એમ નહોતું. મારા કહેણ પછી સંસ્થાનો એક સેવક મારી પાસે આવ્યો. મારી ઇચ્છા જાણ્યા પછી એને નવાઈ લાગી હોય એમ એ બોલ્યો : 'છો ને રહ્યું સાહેબ, આવી વસ્તુઓ જલદી હાથમાં આવતી નથી. સંઘર્યો સાપ પણ કામનો. કોક દિવસ એ તમારા જ કામમાં આવશે. તમારો આગ્રહ હોય તો હું એને અબઘડી ઊતરાવી દઉં. પણ એ ખૂબ પ્રેમથી તૈયાર થયું છે. હું તો કહું છું, એને ત્યાં રહેવા દો, સાહેબ. ખરેખર એ સંપ અને સદ્‌ભાવથી બનેલી વસ્તુ છે.'

'આવી ચીજમાં પ્રેમ અને સંપ ક્યાંથી આવ્યાં ?'

'કહું; તમારા અગાઉ અહીં જે ગૃહપતિ હતા તે એક લેખક હતા. ખૂબ લખતા. કાગળનો જ ધંધો ! માસિકો, ચોપાનિયાં પણ એમના પર ખૂબ આવે. અહીં કામ કરનારા માણસો મોટા ભાગે ગામડાના. એમની પત્નીઓ પણ ગામડાની અને ઓછું ભણેલી. નવરાશના સમયમાં એ સૌ ક્યારેક-ક્યારેક કાગળનો માવો કરીને નાનાં-મોટાં વાસણ બનાવે. આ કામ માટે લેખકનાં પત્ની સૌને કાગળ પૂરા પાડે. લેખકનાં પત્ની કોઈ દિવસ આવું કાગળનું વાસણ ન બનાવે. એક વખત અહીંની ચાર-પાંચ બહેનોએ લેખકની પત્નીને કહ્યું : 'તમે અમને જોઈએ એટલા કાગળ આપો છો પણ તમારા માટે કશું બનાવતાં નથી. રહો, અમે જ તમારા માટે એક દોડિયું બનાવી દઈએ. અને આ બહેનોએ આ દોડિયું બનાવ્યું. બારથી પંદર કિલોગ્રામ દાણાનો સમાવેશ થાય એવું મોટું દોડિયું ! એટલે સાહેબ, મારું માનો તો એ દોડિયું ત્યાં જ રહેવા દો.'

સેવકે ભાવવાહી વાણીમાં આ બધું કહ્યું અને દોડિયું હજુય અણગમતું હોવા છતાં એને ત્યાં જ રહેવા દેવાની વાતમાં હું સંમત થયો.

સંમત તો થયો પણ એ ચીજ માટેનો મારો અણગમો કંઈ દૂર ન થયો. ઘરમાં હોઉં ત્યારે વારંવાર મારી નફરતભરી નજર એના પર જડાઈ જતી. જાણે નજરથી જ એને હું હડસેલી દેવા માગતો હોઉં.

એક દિવસ મારી નજરને એ દોડિયા પર જાંબુ જેવા રંગનો અને જાંબુ જેટલા કદનો કાળો ડાઘ દેખાયો. રોજ કરતાં આજે આ નવું દર્શન હતું. ત્યાં કાળો ડાઘ થયો કેવી રીતે ? એ ડાઘની જાણ અને ઓળખાણ માટે હું નજીક ગયો. કંઈ સમજાતું નહોતું. સમજાતું નહોતું એટલે મારું કૌતુક વધ્યું. એ દીવાલ

નજીક એક સ્ટૂલ મૂક્યું અને એના પર ચઢીને બરાબર જોવા પ્રયત્ન કર્યો. ઠીકઠીક ક્ષણો સુધી તાકી રહ્યા પછી એ ડાઘમાં થોડું હલન થતું જણાયું. ચલન નહીં, પણ હલન ! વિશેષ ધ્યાનથી જોતાં એમાં હલન કરતાં હાંફ જેવું વધારે સમજાયું. છાતી ઉપર-તળે થતી હોય એવી હાંફ ! બહુ સૂક્ષ્મ ! તર્કને બરાબર પળોટ્યા સિવાય તારણ નીકળે એવું નહોતું. ચિત્તના ભારે પુરુષાર્થ પછી મને એ સત્ય સમજાયું કે એક ભમરો કાગળની બનેલી દોડિયાની નરમ અને મુલાયમ ચીજને કોતરતાં-કોતરતાં ઊંડો ઊતરી ગયો છે. પાંખો તો શરીર સાથે જડાયેલી જ હોય એટલે એ પણ ભમરા સાથે બિડાયેલી જ રહી અને એના ઊડવા માટે કોઈ શક્યતા રહી નહોતી. ફસાયેલો અત્યારે મુક્ત થવા, ઉપર-તળે થવા પ્રયત્ન કરી રહ્યો હતો. ક્યારની એની આ સ્થિતિ થઈ હતી એનો અંદાજ તો શી રીતે નીકળી શકે ?

મારામાં જે કંઈ સત્ત્વ હતું એ અત્યારે મને પોકારીને કહી રહ્યું : ભમરાને આ સ્થિતિમાંથી મુક્ત કરીને બચાવી લેવો જોઈએ.

માણસની મૂળભૂત ૧૪ વૃત્તિઓ (instincts) પૈકી એક જિવાડવાની વૃત્તિ છે. આ જિવાડવાની વૃત્તિ એટલે કરુણાનું ઉત્કૃષ્ટ રૂપ. એની સાથે આનંદ સમાવિષ્ટ છે. જે જિવાડે છે એ આનંદના પરમ તત્ત્વને પામે છે. અત્યારે પેલા ભમરાને જિવાડવાના ખ્યાલ માત્રથી મારા ચિત્તમાં એક પ્રકારની પ્રસન્નતા પ્રગટવા માંડી અને એનું પહેલું અને સુખદ પરિણામ એ જણાયું કે પેલા દોડિયા માટેની મારી નફરત અદૃશ્ય થઈ ગઈ.

દોડિયામાં ફસેલા ભમરાને બચાવી લઈને મારે આ દૈવી આનંદ માણવો હતો.

મેં દોડિયા સામે જોયું.

સહેલી વાત નહોતી.

આ વિચાર સાથે જ મને રસાયણશાસ્ત્રના એક દળદાર ગ્રંથના ઊઘડતા પાન પર બૉક્સમાં છાપેલું એક પ્રેરણાત્મક સૂત્ર વાંચેલું તે સદ્ય યાદ આવી ગયું. એમાં લખ્યું હતું કે માત્ર સારી રીતે સંપન્ન નહીં થઈ શકે એટલા જ સંદેહ કે ભીતિથી કેટલાંક મહાન કાર્યો આરંભાતાં જ નથી !

એક મરણોન્મુખ થઈ ચૂકેલા ભમરાને બચાવી લેવાનું કાર્ય પણ મહાન હતું. એ કાર્ય નર્યું સાહસ છે એમ માનીને એનાથી વેગળા ન રહેવાય. મેં મારા મનને સાબદું કર્યું અને ધ્યેયથી પાછા ન હઠવાના સંકલ્પને બળવત્તર કર્યો.

અને સાહસનો આરંભ થયો. સૌ પહેલાં તો ભમરો દીવાલ પર કેટલી ઊંચાઈએ છે એનો બરાબર અંદાજ મેળવી લેવાની જરૂર હતી. એ ઊંચાઈ કોઈ ફૂટપટ્ટી કે મેઝર ટેપથી માપી શકાય એમ નહોતી. તેથી શું થયું ? મહંમદ ઘોરીને બાણથી વીંધી નાખવા માટે ચંદ બરદાયીએ કેટલી બધી ચોકસાઈપૂર્વકનો સંકેત પૃથ્વીરાજ ચૌહાણને આપ્યો હતો : 'ચાર બાંસ ચોતીસ ગજ અંગુલ અષ્ટ પ્રમાણ...' એટલું લાંબું અંતર પણ અંદાજથી ચોકસાઈપૂર્વક કરી શકાતું હોય તો આ ઊંચાઈની તે શી વિસાત ?

છત સુધીની ઉઠામણી ૧૪ ફૂટની હોય. મારી ઊંચાઈ છ ફૂટની. દોડિયું પકડવા હાથ ઊંચા કરું એટલે દોઢ ફૂટ ઉમેરાય બાકીના સાડા છ ફૂટની પુરવણી કરવાની રહે. મેં ઘરમાં નજર ફેરવી. ટેબલ, ગાદલું, બાથરૂમમાં પત્ની વાપરે છે તે ટૂંકા પાયાવાળું સ્ટૂલ જેવું નાનું સાધન... આ બધાંનો ઉપયોગ કરી શકાય. આ બધાં સાધનની ઊતરડ પર ચઢ્યા પછી સમતુલા જાળવવા માટે શો આધાર ? પકડ માટે દીવાલ સિવાય કશો આધાર નહીં. દીવાલ તો સપાટ-સરફેસ. શું પકડવાનું ?

સમતુલા ગુમાવવાનો અને પછડાટનો પૂરો ભય. પછડાટ માથાભેરની હોય. એવા અકસ્માતની શક્યતા કે શરીરનાં હાડકાં ભાંગી શકે અને બ્રેઇન ઇન્જરી પણ થાય. હાડકું ભાંગે એ વખતે બૂમ કે કૂકવો કોણ સાંભળે ? અને મગજની ગંભીર ઈજા થાય તો બેભાન અવસ્થાની કોણ સંભાળ લે ? માણસની અવર-જવર તો હોય નહીં. ક્યાં સુધી, કેટલા દિવસ અસ્પંદ દેહ ઘરના ભોંયતળિયે પડ્યો રહે ?

આવા અકસ્માતની પૂરી શક્યતાઓ હતી. એમાં મુખ્ય નિમિત્ત પેલું ટેબલ બને એમ હતું. એ ટેબલની વાત સમજવા જેવી છે. સર્વ વિદ્યાલયના સ્ટાફના એક સભ્ય વધારે અભ્યાસ માટે અમેરિકા જવાના હતા. ઘરની આર્થિક સ્થિતિ સાધારણ. ઘરવખરી એમણે વેચવા કાઢી હતી. મેં એમનું આ ટેબલ લીધું હતું. હાલક-ડોલક થતું એ ટેબલ. સાલ બરાબર નહીં અને લોખંડના કાટખૂણિયા ચાપડા પણ પાયાના સાંધા ઉપર લગાવેલા નહીં એટલે એક બાજુ સહેજ દબાણ થાય તો બીજી બાજુ તરત નમી જાય. એટલે જ તો એને હાલક-ડોલક ટેબલ કહ્યું ને ! દબાણ થાય એટલે એના લંબચોરસત્વમાં ભારે ફેરફાર થઈ જાય. સામસામેના બે લઘુકોણ બની જાય અને એવી જ રીતે બીજા બે ગુરુકોણ બની જાય. ભૂમિતિની પરિભાષામાં કહીએ તો આ ટેબલ રેક્ટૅંગલમાંથી ફેરવાઈને રોમ્બસ બની જાય. બતાવેલી આકૃતિઓથી આ વાત વધારે સ્પષ્ટ થશે.



કાટખૂણ લંબચોરસ



રૉમ્બસ

માણસનું મન સાંકળથી બાંધેલું હોતું નથી. એ ક્યારે વળાંક લે કે ક્યારે નિર્ણયો બદલી નાખે એ અંગે કશું કહી શકાય નહીં. હમણાં પેલા અકસ્માતના વિચારો આવ્યા એ પછી મારો નિર્ણય બદલાઈ ન જાય એ માટે હું સાબદો થઈ ગયો. અને આમેય સમયની તાકીદ અને તકાજો તો હતાં જ. મેં કામ આરંભી દીધું.

પેલા હાલક-ડોલક ટેબલને ભીંત સરસું દબાવીને ગોઠવી દીધું. એના પર ગાદલાને બેવડવાળીને ગોઠવ્યું. એના પર પેલું નાવણિયાનું ટૂંકા પાયાવાળું સ્ટૂલ ઠરાવી દીધું.

હવે આ ઉતરડ પર મારે ચઢવાનું હતું. મનમાં એક પ્રકારનો ગભરાટ તો શરૂ થઈ ગયો હતો પણ એને પ્રયાસપૂર્વક દાબી દીધો.

આ ઉતરડ પર ચઢવા માટે પણ એક પ્લૅટફૉર્મ તો જોઈએ. બારી પાસેની ખુરશી ખેંચી લાવ્યો. જૂની અને જૂના ઘડતરની હતી. એના ચાર પાયાઓ ઉપર ઓકના પાટિયાનું ચેર-ઓ-પ્લેન હતું. લાકડાનું જડતર નહીં.

સાવધાની રાખીને ખુરશીના કાંઠા પર પગ રાખીને હું પેલા સ્ટૂલને બે પગ વચ્ચે રાખીને સમજણ અને પ્રયત્નપૂર્વક ગાદલાના પ્લૅટફૉર્મ ઉપર ખડો થઈ ગયો. પણ હવે ખરી કસોટી તો સ્ટૂલ પર ચઢવાની હતી. હથેળીઓને ભીંત સાથે દાબીને જ એ થઈ શકે. ઉપર કહ્યું તેમ આ કંઈ ટેકો ન કહેવાય અને આધાર પણ ન કહેવાય. છતાં હથેળીઓ દીવાલ સાથે ચુસ્ત રાખી રાખીને એક પછી એક ઊંચે ગોઠવી-દાબીને હું સ્ટૂલ પર ચઢ્યો ખરો. હથેળીઓ દીવાલ સાથે બરાબર જડેલી હતી, છતાં દુનિયા રસાતાળ જવાની તૈયારીમાં હોય એવું લાગવા માંડ્યું.

અત્યારે મારી સ્થિતિ ઘોડી (mare)ની પીઠ ઉપર ઊભેલા, પેલી 'ધ પ્રીસ્ટ ઍન્ડ ધ મલબેરી ટ્રી' કવિતાના પાદરી જેવી હતી. પાદરી મહાશય ઘોડી પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તે એમણે એક કાંટાળી વાડના થડમાં

શેતૂરનું ઝાડ જોયું. ઝાડ ઉપર પાકેલાં શેતૂર ભરપૂર પ્રમાણમાં હતાં. પાદરીને એ ખાવાની લાલચ થઈ. એણે ઘોડીને વાડના થડ આગળ ઊભી રાખી. પાદરીની આ ઘોડી એક બાબતે બરાબર કેળવાયેલી હતી. પાદરી જ્યારે 'હે' કહે ત્યારે એ એકદમ ભાગતી. અને 'હે' કહે ત્યારે ઊભી રહી જતી. પાદરીએ ખૂબ શેતૂર ખાધાં. તૃપ્તિ પછી એમની પોતાની સમજ બહાર પેલા 'હે' શબ્દનો ઉચ્ચાર મુખમાંથી નીકળી ગયો ! અને જે થવાનું હતું એ પાદરીનું તો થયું, મારું એવું ન થાય એના માટે હું સતત સાવધ રહ્યા કરતો હતો. પણ ઉતરડનાં બધાં સાધનો મારા કાબૂમાં નહોતાં. એક હથેળીની દીવાલ સાથે બરાબર ચુસ્ત કરવામાં મારું સહેજ હલન થયું. આના કારણે પેલા સ્ટૂલનો એક પાયો ગાદલાનો મુલાયમ સપાટીમાં સહેજ ઊંડો ઊતર્યો. સપાટી થોડી નમી અને એની અસર તળે પેલું ટેબલ રૉમ્બસ બની ગયું. આના કારણે ઊતરડનું સ્થૈર્ય ડગી ગયું. પરિણામે એનો મને આંચકો લાગ્યો. રિફ્લેક્સ એક્શનથી મારા હાથ દોડિયાને વળગ્યા. પણ દોડિયું તો કોઈને વળગેલી એક ચીજ હતું એ એના સ્થાનેથી છૂટીને નીચે તરફ ફેંકાયું. દોડિયું જેને વળગેલું હતું એ દીવાલનો ખૂંટો મારા બંને હાથમાં આવી ગયો.

મોટો અકસ્માત થતો રહી ગયો. કાળજી રાખીને હું નીચે ઊતર્યો. મેં જોયું કે ભમરો બંધનમાંથી મુક્ત થઈને ઊડી ગયો હતો. પછડાટના કારણે એ શક્ય બન્યું હશે.

■

# ૨૮

# સંસ્થામાં હું

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અર્થાત્ સંસ્થા વિશે થોડી વાત કરી લેવી અહીં મને જરૂરી જણાય છે. સંસ્થા સાથેનો મારો નાતો ઈ. સ. ૧૯૫૦થી આજ સુધીનો – એટલે કે ૨૦૧૨ સુધીનો (જેનું આજે પૂર્ણવિરામ નથી) છે. આટલા લાંબા સમયગાળામાં સંસ્થા સાથેનો મારો અત્યંત સુખદ અનુભવ છે. સંસ્થામાં હું માત્ર મદદનીશ શિક્ષક હતો ત્યારે પણ સંસ્થા સાથેના મારા અનુભવો સુખદ અને માનભર્યા હતા. એના કારણે તો સંસ્થાએ મને છાત્રાલયમાં ગૃહપતિ અને તે પછી મુખ્ય ગૃહપતિ તરીકે સ્થાપ્યો.

મેં અમદાવાદમાં ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવીને હૉસ્ટેલમાં રહીને એમ.એ.નો અભ્યાસ કરવાનો નિર્ણય ૧૯૬૦માં લીધો ત્યારે સર્વ વિદ્યાલયમાં રાજીનામું આપતાં રાજીનામામાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે 'જો માધ્યમિક શાળામાં નોકરી કરવાનું થશે અને સર્વ વિદ્યાલયમાં મારા માટે જગ્યા હશે તો બીજે ક્યાંય નોકરી કરવાની ઇચ્છા નથી.' એક કર્મચારીનું આ લખાણ સંસ્થાના ઉમદાપણા અંગે આથી વધારે સારું શું કહી શકે ? સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું મારા ચિત્તમાં આટલું ઊંચેરું સ્થાન હતું.

હું એમ.એ. થયો. અમદાવાદની એક કૉલેજમાં અધ્યાપક તરીકેની મેં નિમણૂક પણ લીધેલી. આમ છતાં સંસ્થાના કાર્યકર્તાઓ આગ્રહપૂર્વક મને સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે લઈ ગયા તે અને તે અગાઉ જ્યારે શ્રી નાથાભાઈ દેસાઈને તબિયતના ઉપચાર માટે એક વર્ષ માટે પંચગની જવાનું થયું ત્યારે સંચાલકોએ આચાર્ય તરીકે મારે કામ કરવું એવો નિર્ણય કર્યો જ હતો આ અંગેની વિગત અને પ્રવાહો આ પુસ્તકમાં અન્યત્ર દર્શાવ્યા છે. અહીં તો

સંચાલકમંડળની નજરમાં મારું શું સ્થાન હતું એ દર્શાવવાનો ખ્યાલ છે.

ચોવીસ વર્ષ મેં આચાર્ય તરીકે કામ કર્યું. મંડળે મારા કામમાં – વહીવટની દૃષ્ટિએ કદી પણ માથું માર્યું નથી. નાણાં કેવી રીતે ખર્ચાય છે એનો કદીયે મંડળે હિસાબ જોવા માગ્યો નથી. સંસ્થા (શાળા) ભારે ખોટ કરતી હોવા છતાં મંડળે એ અંગે કશી પૃચ્છા કરી નથી. શાળાનો આચાર્ય મંડળનો આટલો અસાધારણ વિશ્વાસ ધરાવતો હોય એ આજના જમાનામાં નાનીસૂની વાત નથી.

હું નિવૃત્ત થયો એ પછી પણ મંડળે મને આદર અને મોભાના ઊંચા આસને બેસાડ્યો છે. નિવૃત્તિ પછી ઝળહળતું બહુમાન તો કર્યું જ, સંસ્થામાં એક અથવા બીજા અનુકૂળ સ્વરૂપે સેવા આપવાનો પ્રેમભર્યો આગ્રહ રાખ્યો. ક. પા. કે. ઉત્તેજક મંડળમાં તો મને ઘણાં વર્ષો પૂર્વે કારોબારીનો સભ્ય બનાવી મૂક્યો હતો. નિવૃત્તિ પછી લગભગ તરત (૧૯૮૪) સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગરની શાખામાં મંત્રીપદે બિરાજમાન કર્યો અને કડી સર્વ વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ના બોર્ડ ઑફ ગવર્નર્સમાં સભ્યપદનું માનવંતું સ્થાન આપ્યું. બાકી રહેતું હોય એમ ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખનું અવસાન થતાં એ પદ ઉપર હું ઉત્સુક ન હોવા છતાં મને એ સ્થાન ઉપર બેસાડ્યો છે. મને ૮૫ વર્ષ તો થઈ ચૂક્યાં છે આંખે ઝામરની તકલીફ તેથી દૃષ્ટિની ભારે ઝાંખપ છે. મારી આ મુશ્કેલી પિછાણીને મંડળે મારા ગાંધીનગર કે કડીના આવન-જાવન માટે મોટી કારની વ્યવસ્થા રાખી છે. હું ભારપૂર્વક કહું કે મેં સંસ્થાને સેવા દ્વારા જે કંઈ આપ્યું એના કરતાં અનેકગણું વધારે સંસ્થાએ મને આપ્યું છે. અને મને ખૂબ પ્રતિષ્ઠા અપાવી છે.

આ પ્રતિષ્ઠાને સંસ્થાના મંત્રીશ્રી એ પછી સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલ મા. પટેલે ચાર ચાંદ લગાડી આપ્યા એ હકીકતની નોંધ સંસ્થાની વાત સાથે લેવાવી જોઈએ એમ હું માનું છું. એક વર્ષે કડીની લાયન્સ ક્લબ તરફથી કડીના સાહિત્યકારોના બહુમાનનો સમારંભ હતો. તે વખતે શ્રી માણેકલાલભાઈએ 'કડી વાર્તા વર્તુળ'ને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' નામ આપીને એને એક સંસ્થારૂપે રજિસ્ટર કરાવવાનું સૂચન કર્યું અને એના નિભાવ અર્થે એ સભામાં જ મોટા દાન (એક લાખ પાંત્રીસ હજાર)ની જાહેરાત થઈ.

મને પંચોતેર વર્ષ થતાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી મણિભાઈ પ્રજાપતિ દ્વારા શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીર ચૌધરી સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી મારા અમૃત મહોત્સવની ઉજવણી કરવાનું થયેલું સૂચન શ્રી માણેકલાલ પટેલે પ્રેમ અને ઉત્સાહપૂર્વક સ્વીકારી લીધું. આ ઉજવણી

નિમિત્તે રચાયેલી સમિતિના અધ્યક્ષપદે રહીને મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો પાસેથી સાત લાખ કરતાં વધારે ભંડોળ એકત્રિત કરીને એમાંથી પાંચ લાખ રૂપિયાની સખાવત એમણે 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'નો આરંભ કરવાની શરતે ઉત્તર ગુજરાત (હાલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત) યુનિવર્સિટીને કરી. આ આયોજન હેઠળ પ્રતિવર્ષ સાહિત્યના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત સાહિત્યકારના પ્રવચનની યોજના થાય છે.

હું અમદાવાદમાં કૉલેજનો અધ્યાપક બની રહ્યો હોત તો મને આર્થિક લાભ વધારે થયો હોત. સાહિત્યની ઘણી વધારે રચનાઓ કરી શક્યો હોત અને એ રીતે પણ સાહિત્યકાર તરીકેની વધારે પ્રતિષ્ઠા તેમ જ નાણાંનો લાભ થયો હોત, પણ કડીમાં રહીને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આશ્રયે રહીને કામ કરવામાં જે પ્રતિષ્ઠા મળી છે એની તોલે પેલી ઉપલબ્ધિ કદી ન આવી શકત. ઉક્ત મંડળોમાં કામ કરવાના આધારે ઉત્તર ગુજરાતના મોટા વિસ્તારમાં પરોક્ષ રીતે કેળવણીનું ઘણું કામ કરી શકાયું છે.

આ પ્રતિષ્ઠા મળી કડીનાં બે કેળવણી મંડળોના આધારે જેનું ઋણ સ્વીકારવું રહ્યું.

■

# ૨૯
# મારા વિદ્યાગુરુઓ

પ્રાથમિક, માધ્યમિક અને એમ.એ. સુધીના ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિમાં અનેક શિક્ષકોનો ફાળો હતો. એમાંના લગભગ બધા શિક્ષકો સ્મૃતિમાં છે. આરંભના બાળપોથી, પહેલી અને બીજી એમ ત્રણ વર્ષનું શિક્ષણ પિતાશ્રીએ ઘેર જ આપ્યું પછી ત્રીજા ધોરણમાં પણ એ જ શિક્ષક, ચોથા ધોરણમાં મગનલાલ, હાઈસ્કૂલમાં રામલાલ દવે, એમ.એમ. અધ્યારુ, રા. ચુ. મોદી, લાલજીભાઈ મહેતા, હરિલાલ ત્રિવેદી, વી. જે. પંડ્યા, આર. એચ. રાવલ, જે. એમ. ગોઠી, જે. કે. શાહ, સી. સી. પરીખ, વિષ્ણુકુમાર દેસાઈ (આચાર્ય) વગેરે કૉલેજનાં બી.એ. સુધીનાં વર્ષોમાં અંગ્રેજીમાં જોશી, સી. એમ. શુક્લ, એસ. એમ. વાડિયા, વી. એસ. ટિળક, પ્રિન્સિપાલ પી. સી. રોમન્સ, સંસ્કૃતમાં ડૉ. ભાવે, જી. કે. ભટ્ટ, ગુજરાતીમાં ચતુરભાઈ પટેલ અને મંજુલાલ મજમુદાર, સિવિક્સમાં કેશુભાઈ દેસાઈ, લૉજિકમાં ડી. એમ. પટેલ, અર્થશાસ્ત્રમાં સુંદર રાજન, ઇતિહાસમાં કે. એચ. કામદાર એમ. એ. (પ્રથમ વર્ષ વિસનગરમાં) હસિત બૂચ, ચિમનલાલ ત્રિવેદી, ભગવતીપ્રસાદ પંડ્યા, મહેન્દ્ર દવે, બીજું વર્ષ (અમદાવાદ)માં ઉમાશંકર જોશી, પ્રબોધ પંડિત, નગીનદાસ પારેખ, યશવંત શુક્લ, બિપિન ઝવેરી, સંસ્કૃતમાં દલપત મુનીમ, તપસ્વી નાન્દી વગેરે હતા.

આટલા વિશાળ ગુરુમંડળમાં સૌનો વિદ્યાપ્રદાનમાં કંઈ ને કંઈ ફાળો હોવાનો. પણ જેમનું વિશેષ પ્રદાન હોય એવા ગુરુઓની સંખ્યા મર્યાદિત હોવાની. આવા ગુરુઓની ગણના કરું તો રામલાલ દવે, એમ. એમ. અધ્યારુ, ઉમાશંકર જોશી, પ્રબોધ પંડિત અને પ્રિન્સિપાલ પી. સી. રોમન્સનાં નામ ગણાવી શકાય.

સ્વ. રામલાલ દવે હાઈસ્કૂલમાં અમારા પહેલા ધોરણના વર્ગશિક્ષક. પગે થોડાક અપંગ. ઉત્તમ શિક્ષક તો ખરા જ, ધંધાદારી ફોટોગ્રાફર પણ ખરા. અમારા વર્ગમાં એ બધા વિષય ભણાવે પણ અંગ્રેજી વિષય અંગે એ મને વધારે

યાદ. દરેક વિદ્યાર્થીને ટેબલ આગળ બોલાવીને પાઠ્યપુસ્તક (ન્યુ મેથડ રીડર્સ ભા. ૧)માંથી ચાલતા પાઠનું વાચન કરવાનું કહે. વિદ્યાર્થી ઉચ્ચાર સાચા અને બરાબર કરે છે કે નહીં તેનું ધ્યાન રાખે. પ્રશ્ન પણ પૂછે. એક વખત હું ટેબલ પાસે રહીને પાઠ વાંચતો હતો ત્યારે કશીક (પ્રશ્નના જવાબ અંગે કદાચ) ભૂલ થઈ અને દવેસાહેબે ગર્દન પાછળ એક હળવી ટપલી મારી. પ્રેમ અને ઠપકાનું મિશ્રણ હોય એવો એ અનુભવ હતો. ગુસ્સો હોત તો જોરથી થપાટ મારી હોત. પેલી હળવી ટપલીનો કશોક ચમત્કાર થયો. આખું ચેતાતંત્ર ઝણઝણી ઊઠ્યું. મને યાદ છે બીજા દિવસે ઘરની મેડીની પૂર્વ તરફની બારીમાં બેસીને અંગ્રેજી પાઠનો ધ્યાનસ્થ ચિત્તે અભ્યાસ થયો. એટલું જ નહીં અંગ્રેજી ભાષા પ્રત્યેના લગાવનો આરંભ થયો. બધું ફાવી ગયું. બીજા વર્ષથી અંગ્રેજી વિષયની પરીક્ષાઓમાં વર્ગમાં સૌથી વધારે ગુણ મેળવતો થયો અને ઇનામ પણ.

દવેસાહેબ વિજ્ઞાન પણ ભારે ચાહથી ભણાવે. વર્ગમાં કેટલાક પ્રયોગો કરીને અમને બતાવે. એક વખત એમણે ઘઉંના દાણાને પાણીમાં પલાળી રાખીને ફણગાવ્યા અને પછી માઈક્રોસ્કોપ મંગાવીને આ દાણાનાં ફૂટેલાં અંકુરનાં મૂળ અમને એ યંત્રમાં બતાવેલાં. બીજા એક પ્રયોગમાં એમણે કાચની એક જારમાં રંગીન પાણી ભરીને એમાં મૂળસોતો બારમાસીનો એક છોડ ઉતાર્યો અને થોડા વખત પછી બારમાસીના પાન વચ્ચેની સફેદ ધોરી નસ જારમાંના પાણીનો રંગ ધારણ કરી ચૂકી હતી તે બતાવ્યું હતું.

એમણે અમને એક કોરાં પાનાંની નોટબુક લઈને એમાં જુદી જુદી વનસ્પતિનાં પાન ચોંટાડવાનું અથવા સાંધી લેવાનું સૂચવ્યું હતું. આ સૂચનના કારણે અમારું વિવિધ પ્રકારની વનસ્પતિ પ્રત્યે લક્ષ ખેંચાયું હતું અને અમને પ્રકૃતિ પ્રત્યેના આકર્ષણનો એક દૂરગામી લાભ અવશ્ય થયો હતો.

આ સાહેબ અમને વિકસતા વિજ્ઞાનની અને અવનવી શોધોની વાત પણ વર્ગમાં કરતા. એમણે વાદળાં (ચોમાસુ વાદળાં)માં સિલ્વર આયોડાઈડના કણોના છંટકાવથી કૃત્રિમ વરસાદ થાય છે એ વાત કરેલી. અને એમના સાથી શિક્ષક શ્રી દેસાઈ જે પાનના ભારે શોખીન હતા એમની પાસેથી, એમના પાન (છૂટાં પાન)માં આવેલા એક ઇયળ જેવા જીવને એમની પાસેથી મેળવીને અમને એ બતાવેલો અને એ તંબોળી નાગ હોવાનું જણાવેલું. એ નાગ હોવાનું એમને પણ કહેવામાં આવ્યું હશે જે કહેનારનો પણ ભ્રમ હોઈ શકે. એકાદ ઇંચની ઇયળ નાગ કેમ હોઈ શકે ? એ ઇયળ નાગરૂપે ઓળખાતી હોય તો જુદી વાત છે.

અમારા વર્ગ ટાઇમ-ટેબલમાં એક દિવસ છેડાના બે સામટા પિરિયડ 'નેચર

સ્ટડી' નામે ફાળવવામાં આવતા. દવેસાહેબ અમને 'રાણકી વાવ' અને સહસ્રલિંગ તળાવના વિસ્તારમાં ફરવા લઈ જતા. એ વર્ષોમાં વડોદરા રાજ્ય તરફથી સહસ્રલિંગ સરોવર વિસ્તારમાં, સરોવરના અવશેષો ખુલ્લા કરવાના હેતુથી ખોદકામ ચાલતું હતું. આખો વિસ્તાર બોરડીનાં જાળાંથી પથરાયેલો હતો. કામ કરતા મજૂરોને કામે ચઢવા, લંચબ્રેક તેમ જ છૂટવા માટે ઘંટનો ઉપયોગ થતો. ચારે બાજુએ સ્થંભના અંશો મંદિરનાં શિખરો, અન્ય સ્લેબ વગેરેના સેન્ડ સ્ટોન (પથ્થરો) અને આરસના પથ્થર છૂટા અથવા જથ્થામાં વેરાયેલા હતા. એક કાળા રંગના મોટા પથ્થરને અમે બીજા પથ્થરથી બજાવવાનો પ્રયત્ન કરતા. અસલ લોખંડનો સૂર એમાંથી નીકળતો.

એ વર્ષોમાં રાણીની વાવ તો એક વિશાળ ખાડા નીચે દટાયેલી હતી. ફક્ત પશ્ચિમ છેડે વાવના કૂવાનો, એના કોલમો સાથે સૌથી ઉપરનો ભાગ દૃશ્યમાન હતો. ટોચ ઉપર થાળું પણ હતું. કૂવાના ભાગમાં ઊતરવા માટે લોકોએ માટી કોતરીને પગથિયાં બનાવ્યાં હતાં. કૂવામાંનું લીલા રંગની શેવાળથી છવાયેલું પાણી, લોકો આ પગથિયાં ઊતરીને, ઉટાંટિયાના ઔષધ તરીકે લઈ જતા.

આ ખાડાના પૂર્વ છેડે, ખાડાના ઉપરના ભાગે અમને બેસાડીને ચાર-ચાર, પાંચ-પાંચના ગ્રૂપમાં દવેસાહેબ ફોટા પાડતા. દીવાસળીની પેટી જેટલા આકારના (અત્યારે આપણે પાસપોર્ટ સાઇઝ કહીએ છીએ) ફોટાની કોપી દવેસાહેબ અમને એક આનામાં આપતા. અમારા ગ્રૂપમાં મેં ઘાસના વર્તુળાકાર ભોથામાં બંને પગ રાખીને (બેઠાં બેઠાં) ફોટો પડાવેલા. ગ્રૂપમાં એ. એ. બલોચ તુર્કી ટોપી સાથે ઊભેલો હતો. રાણીની વાવના ખાડા સાથેનો આ ફોટોગ્રાફ મેં સાચવી રાખ્યો હોત તો એ એક અમૂલ્ય ચીજ બની રહ્યો હોત.

દવેસાહેબ અમને નેચર સ્ટડીના પિરિયડોમાં અહીં લાવતા એ મારા માટે એક અમૂલ્ય અનુભવ બની રહ્યો હતો. એ વખતે કિશોરાવસ્થામાં સિદ્ધરાજ જયસિંહના સમયનું આ (કાલ્પનિક) સ્થળ મારા માટે એક પરિપ્રદેશ બની રહ્યો હતો. આ સ્થળનું ખેંચાણ એવું રહ્યું કે પછીનાં વર્ષોમાં પણ હું એની મુલાકાત લેતો રહ્યો. પેલો પરિપ્રદેશ ઇતિહાસનું રૂપ લેતો ગયો અને એના કારણે મારી 'અંતિમ દીપ' નવલકથાએ આકાર લીધો અને ઘણાં વર્ષો પછી 'લાંછન' નવલકથા પણ રચાઈ. બંને નવલકથાઓ કર્ણદેવ વાઘેલાના રાજ્યકાળને અનુલક્ષીને રચાઈ છે.

બીજા એક ગુરુ અધ્યારુસાહેબ – એમ. એમ. અધ્યારુ. ધોરણ ચાર (હાલનું આઠ)માં અધ્યારુસાહેબ અમારા વર્ગશિક્ષક. વર્ગના વિદ્યાર્થીઓને એ

વ્યક્તિગત રીતે ઓળખતા હતા કે નહીં એ અમને કદી સમજાયું નહોતું. એમનો અમારી સાથે કદી સીધો સંવાદ થયેલો નહીં. અભ્યાસના એકમ ઉપર એ પ્રશ્નો પૂછે અને અમે જવાબ આપીએ એટલો અમારો સંવાદ. ભણાવવું એટલી જ વર્ગ સાથે એમની નિસબત. વર્ગમાં આવે, ભણાવે અને ઘંટ વાગતાં ચાલ્યા જાય.

સારા શિક્ષકની ઘણી વ્યાખ્યાઓ થયેલી છે. સારો શિક્ષક બાળકોને ચાહે અને બાળકો એને ચાહે. અધ્યારુસાહેબ બાળકોને ચાહતા હતા કે કેમ, એ તો અમને જાણવા મળ્યું નહોતું, પણ અમે એમને ચાહતા નહોતા એ હું જાણું છું. અધ્યાપન ચાલતું હોય ત્યારે અધ્યારુસાહેબ ક્યારે અને કોના પર ગુસ્સે થઈ જશે એ કંઈ કહેવાય નહીં. એમના તાસમાં અમે અધ્ધર શ્વાસે ભણતા હતા એમ કહું તો એમાં જરા પણ અતિશયોક્તિ નથી. જે દિવસે અધ્યારુસાહેબ રજા પર હોય એ દિવસ વર્ગનાં બાળકો માટે ઉત્સવનું પર્વ બની જતું. જોકે અધ્યારુસાહેબે આખા વર્ષમાં માંડ ચારેક વાર આવી તક આપેલી.

ગુજરાતી અને અંગ્રેજી વિષયો એ અમને ભણાવે. હું અનેક શાળાઓના શિક્ષકોના સંપર્કમાં આવ્યો છું, પણ મેં અધ્યારુસાહેબ જેવો અંગ્રેજી ભાષાનો શિક્ષક ક્યાંય જોયો નથી. અત્યારની પેઢીમાં કોઈ કદી ન માની શકે એવી અંગ્રેજી ભણાવવાની આગવી એમની રીત હતી. ભણાવતાં ભણાવતાં કેટલાક અંગ્રેજી શબ્દોનાં લૅટિન મૂળ અમને યાદ રહી જાય એ રીતે એ આપતા. 'કંપેનિયન' શબ્દ આવે એટલે અધ્યારુસાહેબ બોલ્યા જ હોય – 'કૉન ટુ નેધર ઍન્ડ પેનસ બ્રેડ, ધોઝ હું ઈટ બ્રેડ ટુગેધર !' ઇન્જેક્શન શબ્દ આવે એટલે એ બોલે જ – 'ઇન ઇન્ટુ ઍન્ડ જેસ્યુ આઇ થ્રો ઇન્જેક્શન !' ચોથા ધોરણનાં બાળકો આગળ આવાં લૅટિન રૂટ બોલાતાં હોય અને બાળકો એને ઝીલી લેતાં હોય એ માનવા અત્યારે કોણ તૈયાર હોય ?

ભણાવવાની બાબતમાં એ ગમે તેવા મોટા તહેવારને પણ આડે આવવા દેતા નહીં. એનું એક ઉદાહરણ જાણવા જેવું છે. ઈ. સ. ૧૯૩૯નું વર્ષ. જાન્યુઆરીની ૧૩મી તારીખ. એ દિવસે અંગ્રેજીના પિરિયડમાં અધ્યારુસાહેબે રેન ઍન્ડ માર્ટિનના ગ્રામરમાંથી એનાલેસિસ શીખવવાનું શરૂ કર્યું. પિરિયડ પૂરો થયો એટલે એમણે જાહેર કર્યું : 'એકથી ચાર એક્સરસાઈઝનું હોમવર્ક કરીને આવતીકાલે દરેક વિદ્યાર્થીએ પોતપોતાની નોટબુક મને મારા ઘેર પહોંચાડવાની છે. નોટબુક નવી લેવી.'

'આવતી કાલ' એટલે મકરસંક્રાન્તિનો તહેવાર. એક મોટા ઉત્સવનો

દિવસ. બાળકો માટે પતંગનો મહિમા મોટો પણ એ દિવસે પાટણમાં પતંગનું નામ નહીં. મકરસંક્રાન્તિના દિવસોમાં પાટણના આકાશમાં સમ ખાવા પૂરતો પણ પતંગ જોવા ન મળે. અલબત્ત, પાટણમાં આગંતુકોનો વસવાટ વધતાં હવે એ સ્થિતિ રહી નથી. અધ્યારુસાહેબે કદાચ પતંગની આ સ્થિતિ લક્ષમાં રાખીને હોમવર્ક સોંપ્યું હોય. પણ તેથી શું ? ઉત્સવ એટલે ઉત્સવ. આખા શહેરમાં સવારથી જ ફળિયે ફળિયે પશુઓને લીલા ઘાસચારાના નીરણની પ્રવૃત્તિ ચાલતી હોય. સરસ્વતી નદીમાં હજુ થોડોઘણો પાણીનો પ્રવાહ ચાલુ હોય એટલે કપરી ઠંડીને અવગણીને પણ લોકો સ્નાન માટે ઉત્સાહભેર નદીએ જતા હોય. રસ્તે ભિક્ષુકોનાં પાથરણામાં એકાદ બે સિક્કા નાખતા રહે. અભ્યાસગૃહ તરફથી એ દિવસે વિદ્યાદાન માટે એ સંસ્થાના આગેવાન કાર્યકરો શહેરમાં ટહેલ નાખતા ફરતા હોય. બાળકો ખીચડો, જલેબી, તલના લાડુ, સુખડી વગેરે વાનગીઓની જ્યાફત માટે આતુર હોય.

આવા માહોલમાં બજારમાંથી નોટબુક ખરીદી લાવીને વ્યાકરણનું ગૃહકાર્ય કરવાનું અને તે પછી નોટબુક અધ્યારુસાહેબના ઘેર આપી આવવાનું કામ કેટલું અકારું થઈ પડે એ તો કોઈ કિશોર જ કહી શકે.

અધ્યારુસાહેબની સૂચના તરફ આંખમીંચામણાં એટલે શું ? આ પ્રશ્ન ધોરણ ૪-સીના વિદ્યાર્થીઓની આંખે અંધારાં લાવી દે એવો હતો. તહેવારને બાજુએ રાખીને ગૃહકાર્ય કર્યા સિવાય છૂટકો નહોતો.

હું બજારમાં જઈને નોટબુક લઈ આવ્યો. ગૃહકાર્ય આરંભ્યું. બહાર ફળિયામાં બાળકો અને કિશોરો ધીંગામસ્તી અને આનંદની કિકિયારીઓ કરતાં હતાં.

બપોરે લગભગ બે વાગ્યે હું અધ્યારુસાહેબને ત્યાં જવા નીકળ્યો. મેં એમનું ઘર જોયું નહોતું. કોને પૂછવું એ પણ એક સવાલ હતો. પણ ચમત્કારો હજુય બને છે એવા કોઈ ન્યાયે પાવરહાઉસથી થોડે આગળ જતાં ખુદ અધ્યારુસાહેબને જ રસ્તે જતા જોયા. કોઈની સાથે વાતો કરતા એ ધીમે પગલે ચાલી રહ્યા હતા. મેં ઝડપ વધારીને એમની બાજુમાં જઈને એમને પૂછ્યું : 'ઘેર જાઓ છો, સાહેબ ?'

એમણે મારા હાથમાં નોટબુક જોઈ અને મારા પ્રશ્નના જવાબમાં એ ખિજાયા. એમણે છણકા સાથે કહ્યું : 'તારી નોટબુક લઈ જાઉં, એમ ?'

'ના સાહેબ, મેં તમારું ઘર જોયું નથી એટલે પૂછું છું. ઘેર જવાના હો તો તમારી પાછળ પાછળ આવું.' મેં શક્ય એટલા વિનમ્ર ભાવે કહ્યું.

'ઘેર જાઉં છું.' એમણે કહ્યું.

પાંચ-સાત ફૂટનું અંતર રાખી હું એમને અનુસર્યો. ઘેર જઈને મેં એમને નોટબુક આપી. એમના ઘરમાંથી હું બહાર નીકળ્યો ત્યારે મકરસંક્રાન્તિનો અર્ધો તહેવાર તો વીતી ચૂક્યો હતો ! આ બધું તો ખરું, પણ અધ્યારુસાહેબે અંગ્રેજી ભાષામાં અમને એવી રીતે તૈયાર કર્યા હતા અને અમારું શબ્દભંડોળ એવું વધાર્યું હતું કે પાંચમા ધોરણમાં આવ્યા પછી હું એ. એલ. બ્રાઇટ સ્ટોરી રીડર્સ વાંચતો થયો હતો અને મૅટ્રિકના વર્ગમાં આવતાં સુધીમાં તો ભાઈઓ એમના અભ્યાસકાળમાં અંગ્રેજી ઇતર વાચનનાં જે પુસ્તકો ભણી ગયા હતા તે પણ કશી રુકાવટ વગર વાંચતો થઈ ગયો હતો. આ બધો પ્રતાપ અધ્યારુસાહેબનો.

મારા માધ્યમિક શાળાના અભ્યાસ વખતના શિક્ષકોનું હું હજુય આદરપૂર્વક સ્મરણ કરું છું. એમાં અધ્યારુસાહેબ ટોચના બે શિક્ષકો પૈકીના એક છે. અગાઉ આ લેખમાં મેં નોંધ્યું છે કે એમના વર્ગના વિદ્યાર્થીઓ એમને ચાહતા નહોતા પણ આજે ૮૫મા વર્ષની વયે એમના જ વર્ગનો હું, એમને મારી સૌથી વધારે પ્રિય વ્યક્તિઓમાંના એક ગણું છું. અંગ્રેજી ભાષામાં મારી જે કંઈ ઉપલબ્ધિ થઈ હોય એના પાયામાં અધ્યારુસાહેબનો ફાળો ઘણો મોટો છે.

શ્રી રામલાલ ચુ. મોદીને અમે ફક્ત 'મોદીસાહેબ' તરીકે જાણીએ. અમને એ આઠમા ધોરણમાં સંસ્કૃત અને દસમા ધોરણમાં (અગાઉનાં ફોર્થ અને સિક્સ્થ) ગુજરાતી ભણાવે. કદાવર કહી શકાય એવું મેદસ્વી શરીર. આછા બદામી રંગનો લાંબો કોટ, માથે મૂકવા ખાતર મુકાયેલી હોય એવી ખાદીની ટોપી. જાડા કાચનાં ચશ્માં. ધીમે ડગલે ચાલે. ગંભીર મુખમુદ્રા. કોઈનામાં કશો રસ ન હોય એમ કોઈની તરફ નજર માંડીને ન જુએ. અમે એમને કદી હસતા જોયા નહોતા. મુખ ઉપર સ્મિત પણ ક્યાં ?

આ મોદીસાહેબ કદી પોતાના મુખે પોતાની વાત ન કહે. એ એક મોટા ઇતિહાસવિદ્. ગુજરાતના ઇતિહાસના સત્યાન્વેષી સંશોધક. સોલંકીકાળના ઇતિહાસની જાણકારીમાં કોઈ ભાગ્યે જ એમની બરાબરી કરી શકે. ગુજરાતના મૂર્ધન્ય વિદ્વાનોમાં રામપ્રસાદ બક્ષીએ એમને વિદ્વાન સેવાભાવી સત્યનિષ્ઠ સંશોધક તરીકે બિરદાવ્યા હતા. બ. ક. ઠાકોરને એમના સંશોધનની ચોકસાઈ માટે માન હતું. રસિકલાલ પરીખે એમને ગુજરાતના એક વિચક્ષણ સંશોધક કહ્યા હતા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એમણે સંશોધનમાં દાખવેલી સ્વતંત્રતા અને સત્યભક્તિની નોંધ લીધી હતી. ભોગીલાલ સાંડેસરાએ એમના પ્રત્યેક લેખમાં પુરાતત્ત્વના ક્ષેત્રમાં કોઈ ને કોઈ પ્રકારનું મૌલિક ચિંતન જોયું હતું અને રમણલાલ

વસંતલાલ દેસાઈએ એમની તથ્યાન્વેષણ શક્તિ તેમ જ ઐતિહાસિક સારાસારનો વિવેક કરીને ઇતિહાસ શોધી કાઢવાની શક્તિની ભરપૂર પ્રશંસા કરી હતી.

સહસ્રલિંગ તળાવનું ઉત્ખનન થયું એ પહેલાં એમણે સરસ્વતી પુરાણનો આધાર લઈને તળાવની રચનાનું ઝીણવટપૂર્વકનું સંશોધન કરીને શ્રી મણિલાલ મિસ્ત્રી પાસે સરોવરનો નકશો તૈયાર કરાવ્યો હતો અને એને કલાગુરુ રવિશંકર રાવળ પાસે આખરી રૂપ અપાવ્યું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે વડોદરા રાજ્ય અને તે પછી ઘણાં વર્ષે સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી સરોવરનું ખોદકામ થયું ત્યારે નકશાની – તે પરનાં સર્વ તીર્થસ્થળો અને અન્ય પ્રકારનાં બાંધકામ બરાબર નકશા પ્રમાણે જ નીકળ્યાં હતાં.

એમનું એક ઘણું અગત્યનું સંશોધન માધવે દિલ્હી જઈને અલાઉદ્દીન ખલજીને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેર્યો તે અંગેનું છે. કેશવ અને તેની પત્ની અંગેની વાત તો પ્રચલિત છે પણ શ્રી રામલાલ મોદીનું સંશોધન એક બીજી દિશાનું છે. સુલતાનને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેરવા પાછળ માધવનો શો હેતુ હતો ? શું કાવતરું હતું તે વિશે શ્રી મોદીએ વિશ્વસનીય જણાય એવી વિગતો બહાર આણી છે. એમણે ધોળકાના ચંડુ પંડિતે 'નૈષધ કાવ્ય'ની ટીકાની પ્રશસ્તિમાં રચેલા એક શ્લોક પરથી લગભગ અજાણ્યું એક સત્ય તારવી કાઢ્યું – અલાઉદ્દીન દ્વારા ગુજરાત પર આક્રમણ કરાવીને સગીર વયના કુમાર ઉદયરાજને ગુજરાતની ગાદી પર બેસાડવાની માધવની પેરવી હતી. શ્રી મોદી એટલું કહીને અટક્યા નથી, એમણે આ ઉદયરાજ કોણ હતો એ વિશે પણ કેટલાંક તર્કસંગત અનુમાનો કર્યાં છે અને જિજ્ઞાસુઓને ઉદયરાજનો પરિચય આપ્યો છે.

વાઘેલા વંશનો કર્ણ (કર્ણ વાઘેલા તરીકે ઓળખાય છે તે) દુશ્ચરિત નહોતો એ વિશે પણ એમણે શિલાલેખ અને ધર્મારણ્ય જેવા આધારભૂત ગ્રંથોમાંથી અવતરણો ટાંકીને તેમ જ ફારસી ઇતિહાસ ગ્રંથોનો આધાર લઈને પ્રતિપાદિત કરવાનો પુરુષાર્થ કર્યો છે.

અમારા આ વિદ્યાગુરુ પાસેથી વર્ગમાં તો અમે સંસ્કૃત અને ગુજરાતી ભાષા ભણ્યા. પછી પરોક્ષપણે એમની પાસેથી મેં તો ઘણું મેળવ્યું છે. શ્રી ભોગીલાલ સાંડેસરાએ એમના લગભગ ૩૦૦ લેખોમાંથી ચયન કરીને બે લેખસંગ્રહોનું સંપાદન કર્યું છે. મેં આ બે ગ્રંથોનું વારંવાર અધ્યયન અને પઠન કર્યું છે અને ગુજરાતના ઇતિહાસના આધાર ઉપર રચાયેલી મારી બે નવલકથાઓ ('અંતિમ દીપ' અને 'લાંછન')માં મોદીસાહેબના લેખોના આધારે

કથામાં સાચા ઇતિહાસનું આલેખન કરવામાં મને ખૂબ મદદ મળી છે. એટલે મોદીસાહેબ મારા સાચા અને ઉત્તમ ગુરુ નીવડ્યા છે.

કૉલેજના અભ્યાસકાળના કેટલાક અધ્યાપકો એમની વિદ્વત્તા માટે ખૂબ જાણીતા હતા પણ એ બધા વિશે વાત કરવાનો અહીં અવકાશ નથી. વડોદરા કૉલેજના અધ્યાપકો પૈકી અહીં કૉલેજના પ્રિન્સિપાલ મિ. પી. સી. રોમન્સ વિશે વાત કરવા ધારું છું, તે એટલા માટે કે એમના અસરકારક અધ્યાપનકાર્યમાંથી અધ્યાપનકળા અંગે મને ઘણી પ્રેરણા મળી છે. બી.એ.નાં બે વર્ષોમાં એમણે અમને શેક્સપિયરનાં બે નાટકો ભણાવ્યાં હતાં. પ્રિન્સિપાલ અંગ્રેજ હતા એટલે ટર્મના થોડાક સમય માટે એમને સમજવામાં જરા તકલીફ જેવું જણાયું હતું, પણ પછી તો બહુ સરસ રીતે ફાવી ગયું. ભણાવતી વખતે એ પોતે જાણે પાત્ર સાથે આત્મૈક્ય સાધી લેતા. માનસિક સમતુલા ખોરવાયા પછી કિંગ લિયરની લાંબી સ્પીચ વખતે ગુલાબી ચામડીના આ અંગ્રેજનો ચહેરો જે રાતોચોળ થઈ જતો અને એમની આંખો રક્તરંગી થઈ જતી તે આજે સ્મૃતિમાં એવાં ને એવાં તાજાં છે. શિક્ષણના એકમમાં તદાકાર થઈને ઉત્તમ અધ્યાપનકાર્ય કેવી રીતે કરી શકાય એ હું અમારા એ પ્રિન્સિપાલ પાસેથી શીખ્યો. બે-બે વર્ષ સુધી એ પ્રક્રિયાનો હું સાક્ષી રહ્યો, એ કલાને આત્મસાત્ કરતો રહ્યો અને મારા વ્યવસાયમાં મેં એનો ભરપૂર ઉપયોગ કર્યો.

ઈ. સ. ૧૯૬૦-૬૧માં એમ.એ.ના અભ્યાસ માટે અમદાવાદમાં યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહીને ભાષા-સાહિત્ય ભવનમાં પ્રવેશ મેળવ્યો. એમ.એ.નું પહેલું વર્ષ વિસનગરની કૉલેજમાં કર્યું હતું. અહીં બીજું વર્ષ હતું. અહીં ભાષાભવનના ડાયરેક્ટર પદે ઉમાશંકર જોશી હતા. આખું વર્ષ અભ્યાસ કરવામાં ઉમાશંકરભાઈના વ્યક્તિત્વનાં અનેક પાસાંનો પરિચય થયો. અહીં મુખ્યત્વે તો એમનો એક શિક્ષક તરીકે અર્થાત્ ગુરુ તરીકેનો પરિચય આપવાનો ઉપક્રમ છે. આમ કરવામાં એમના વ્યક્તિત્વનાં અન્ય પાસાંઓ પર પ્રકાશ પડતો રહે એ સ્વાભાવિક છે.

શિક્ષણ સત્રના આરંભે નવો પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને ઉમાશંકરભાઈ એમની ઑફિસમાં બોલાવીને એક ગુરુને છાજે એવો સંવાદ કરી લેતા. પદ્ધતિ અનુસાર મેં એમની ઑફિસમાં પ્રવેશ કર્યો. એમના ચહેરા પર મધુર સ્મિત હતું અને પ્રેમભર્યો આવકાર.

હું ઊભો રહું એ પહેલાં જ એમણે સામેની ખુરશી પર બેસવા સંકેત કર્યો.

એમનું પહેલું વાક્ય : 'અગાઉ આપણું મળવાનું થયું છે.'

એ જે મિલનની વાત કરતા હતા એને મિલન ગણવાની ધૃષ્ટતા હું કેમ કરું ? ઈ. સ. ૧૯૫૫ના ફેબ્રુઆરી માસમાં બી.એડ્.ના વર્ગના મારા એક સહાધ્યાયી ઉમાશંકર જોશીનું 'ઘેરૈયા' કાવ્ય બી.એડ્.ની યુનિવર્સિટીની પરીક્ષામાં પાઠના એકમ તરીકે વર્ગમાં ભણાવવાના હતા. એની એ તૈયારી કરી રહ્યા હતા. એ ભાઈએ પ્રસ્તુત કાવ્યની છેલ્લી બે પંક્તિઓ (ક્રાઉનિંગ કપ્લેટ)માં રહેલા વિચારને સ્પષ્ટ કરવા મને કહ્યું. મેં એમને કહ્યું : 'હું એ વિશે કંઈ કહું એના કરતાં કવિ પોતે જ કહે તો, કેમ ?'

પૃચ્છક ભાઈ વિસ્મયના ભાવથી મારી સામે તાકી રહ્યા. 'આ વિનોદ નથી, સાચી દરખાસ્ત છે,' મેં કહ્યું અને ઉમેર્યું : 'આપણે ભાષાભવનમાં જઈએ. ત્યાં બધી વ્યવસ્થા થઈ જશે.'

અમે ભાષાભવન પર ગયા. ત્યાં રિસર્ચનું કામ કરી રહેલા રમણલાલ જોશી મને જાણતા હતા. એમણે મારા પ્રથમ વાર્તાસંગ્રહ 'હવા, તુમ ધીરે બહો !'નું વિસ્તૃત અવલોકન 'બુદ્ધિપ્રકાશ' દ્વારા પ્રગટ કરેલું.

અમે એમને મળ્યા અને એ પ્રસન્નતાપૂર્વક અમને ઉમાશંકરભાઈ પાસે લઈ ગયા.

છેલ્લી બે લીટી વિશે ઉમાશંકરભાઈને પૂછતાં એમણે પ્રત્યાયનનો મુદ્દો આગળ ધરીને આવું કંઈક કહ્યું : 'ભાવકને જે બોધ થાય એ સૌથી વધારે ઉચિત પ્રક્રિયા છે. એ જ સાચો ભાવનવ્યાપાર છે. એટલે તમારા પાઠમાં, છેલ્લી પંક્તિઓમાં તમને જે ધ્વનિ પ્રાપ્ત થયો હોય તે જ તમારે અભિવ્યક્ત કરવો.'

અમારી આટલી મુલાકાત. ભાગ્યે જ પાંચેક મિનિટનો સમય.

ઈ. સ. ૧૯૬૧માં ઉમાશંકરભાઈ '૫૫ની એક સાવ સામાન્ય ઘટનાને સ્મૃતિમાં સંઘરી રહ્યા હતા. આશ્ચર્ય પમાડે એવી આ એમની શક્તિ.

પછી તો એમણે અંગત વિગતો પૂછીને એક વડીલ તરીકેની છાપ મારા ચિત્ત ઉપર અંકિત કરી. હૉસ્ટેલમાં રહીને નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવામાં થનાર ખર્ચ અને તેની જોગવાઈ અંગે પણ એમણે પૂછપરછ કરી લીધી.

ઉમાશંકરભાઈ વર્ગને સ્વર્ગ માનતા હતા એ જાણીતી હકીકત છે. જેમણે ઉમાશંકરભાઈને વર્ગમાં અધ્યાપન કરતા જોયા હોય તેને જ કદાચ આ હકીકતનું સત્ય સમજાય. અમે તો ઉમાશંકરભાઈના કથનનો જાતઅનુભવ કર્યો છે. કૉલેજના વ્યાખ્યાતાઓની અધ્યાપન પદ્ધતિથી સાવ ભિન્ન ઉમાશંકરભાઈની ભણાવવાની રીત હતી. તાલીમ લઈને તૈયાર થયેલા કોઈ માધ્યમિક શાળાના

નિષ્ઠાવાન અને પોતાના વ્યવસાયમાં ચુનંદા શિક્ષકની જેમ ઉમાશંકરભાઈ એમ.એ.ના વિદ્યાર્થીઓને ભણાવતા. વર્ગમાં વિદ્યાર્થી-સમૂહને પ્રશ્ન પૂછે અને વર્ગમાં બરાબર નજર ફેરવતા રહીને ઉત્સુક વિદ્યાર્થી પાસેથી પ્રશ્નનો જવાબ મેળવે.

ક્યારેક સાહિત્યમીમાંસા કે સિદ્ધાંતને લગતા કોઈ એકમ (topic) ઉપર લખવાનું સૂચવે અથવા સાઇક્લોસ્ટાઇલ કરેલા કોઈ કાવ્યની પ્રતો વર્ગમાં વિદ્યાર્થીઓને વહેંચે અને એનો આસ્વાદ કે અવલોકન કરવાનું કામ સોંપે. વિદ્યાર્થીએ અલગ કાગળમાં એ લખવાનું અને મથાળે નામ સાથે, લખેલો કાગળ ઉમાશંકરભાઈને સોંપવો પડે. ભેગા કરેલા એ કાગળમાંનું લખાણ ઉમાશંકરભાઈ તપાસે, જરૂર જણાય ત્યાં સુધારા કરે અને લખાણની ગુણવત્તા વિદ્યાર્થીને સમજાય એ હેતુથી લખાણના માર્જિનમાં ૧૦માંથી માર્ક્સ પણ આપે. આવાં બે લખાણો મેં સાચવી રાખ્યાં છે. પોતાની સહી સાથે એમાં ગુણ આપેલા છે.

અમને એ ટૂંકી વાર્તા, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ અને અનસીન ભણાવતા. એમની સૂત્રાત્મક શૈલી. એક વાક્ય બોલ્યા હોય પણ એમાં ઘણું-બધું સમાયેલું હોય.

વિદ્યાર્થીના ભણતરનો દિવસ એળે ન જાય એની એ ખૂબ કાળજી રાખતા. શનિવારના દિવસે મુખ્ય અને ગૌણ એમ બંને વિષયોના વિદ્યાર્થીઓ વર્ગમાં બેસતા. દોઢસો જેટલી સંખ્યા થતી. એક વખત ઉમાશંકરભાઈને આકસ્મિક સંજોગોવશ શનિવારના દિવસે દિલ્હી જવાનું થયું. દિલ્હીના કાર્યક્રમની એમને અગાઉથી જાણ હોત તો આગલા શનિવારે એમણે વિદ્યાર્થીઓને આની જાણ કરી હોત. આવેલા વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત ન રહે એની ચિંતામાં એ હતા. જનરલ સેક્રેટરી શ્રી મહેન્દ્ર શાહ સાથે આ અંગેની વાતચીતમાં એવું નક્કી થયું કે શનિવારના દિવસે ઉમાશંકરભાઈના બદલે મારે એમનો પિરિયડ લેવો. ટૂંકી વાર્તા વિશેનો પિરિયડ હતો. મને એ ગમ્યું. શનિવારે મેં એ પિરિયડ લીધો. વિદ્યાર્થીઓની હાજરી પૂરેપૂરી હતી. થોડી ક્ષણો પહેલાં લૉબીમાં વિદ્યાર્થીઓનો કોલાહલ હતો તે એકદમ શાંત થઈ ગયેલો જાણી થોડા વિસ્મય સાથે પ્રબોધભાઈ પંડિત એમની ચૅમ્બરમાંથી બહાર નીકળ્યા અને વર્ગમાં નજર કરી. મને ભણાવતો જોઈ પ્રસન્નતાપૂર્વક એમની ચૅમ્બરમાં ચાલ્યા ગયા. એ દિવસે મેં એક કલાકના બદલે દોઢ કલાકનો પિરિયડ લીધો. વિદ્યાર્થીસમૂહ રાજી થયો એ હું જોઈ-સમજી શક્યો હતો. થોડા દિવસ પછી આ રાજીપાનો રિપોર્ટ મને

વર્ગની એક વિદ્યાર્થિનીએ આપ્યો હતો.

વિદ્યાર્થીઓ તરફથી યોજવામાં આવતા એક દિવસીય પ્રવાસ કે પિકનિકમાં પોતાનો કીમતી સમય ફાળવીને ઉમાશંકરભાઈ વિદ્યાર્થીઓ સાથે રહેતા અને પોતે પણ એમાંના એક હોય એ રીતે વિદ્યાર્થીવૃંદમાં ભળેલા રહેતા. પંડિતોમાં હોય છે એવો મિથ્યા અહંભાવ એમણે કદી સેવ્યો નહોતો. વિદ્યાર્થી સાથે પણ નિખાલસપણે સાહિત્યગોષ્ઠી કરતા અને વિદ્યાર્થીનું વિત્ત પારખી એને બિરદાવતા. શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં ભદ્રેશ્વરના સ્થળે વિદ્યાર્થીઓ તરફથી પિકનિકનું આયોજન થયું હતું. ઉમાશંકરભાઈ અને નગીનદાસ પારેખ પણ એમાં જોડાયા હતા. સ્થળ ઉપર આનંદનું વાતાવરણ જામ્યું હતું. વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ ઊભી ખો રમતાં હતાં. નગીનદાસ પણ એ રમતમાં જોડાયા હતા. આ રમતમાં મારી રુચિ નહોતી એટલે હું એક વૃક્ષના ચોતરા પર બેસીને સાથે લાવ્યો હતો તે રડ્યાર્ડ કિપ્લીંગનો વાર્તાસંગ્રહ વાંચતો હતો. ઉમાશંકરભાઈ એ ચોતરા પર આવીને બેઠા. થોડી વાતચીત પછી એમણે લખવા ધારેલા સંશોધન લેખ વિશે વાત કાઢી. સરસ્વતીચંદ્રના ચોથા ભાગના ઉત્તરાર્ધમાં સુંદરગિરિ પર પાંચ રાત્રિના સમયગાળાની વાત છે. આ સમયગાળો ખરેખર પાંચ રાત્રિ સુધી પહોંચે છે કે કેમ તેનું વિશ્લેષણ ઉમાશંકરભાઈ એમના આ લખવા ધારેલા લેખમાં કરવાના હતા. એમણે એ વિશે વિગતે વાત કરી. આ વખતે મેં શેક્સપિયરના 'મીડ સમર નાઇટ્સ ડ્રીમ'નો ઉલ્લેખ કરીને રાજા ઓબેરોન રાણી હિપોલ્યીટાને ચાર દિવસ અને ચાર રાત્રિની વાત કરે છે એમાં પણ સમયગાળો રાજાના વક્તવ્ય સાથે બંધબેસતો નથી એ વાત મેં કરી.

અહીં આ પ્રસંગનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે સામાન્ય રીતે પંડિતો કે વિદ્વાનો ઊંચભ્રમરિયા હોય છે. એ લોકો પોતાના બરોબરિયા સિવાય કશી સાહિત્યગોષ્ઠી કે ચર્ચા કરવા રાજી હોતા નથી. અહીં ઉમાશંકરભાઈ પોતાના એક વિદ્યાર્થી સાથે નિખાલસભાવે પોતાના આયોજનની વિગતે વાત કરી રહ્યા હતા !

ઉમાશંકરભાઈ વિદ્યાર્થીઓ સાથે પિકનિક કે પ્રવાસમાં હોય ત્યારે હળવા થઈને વિદ્યાર્થીઓ સાથે, એમનામય બનીને હળવા વાતાવરણમાં ભાગીદાર અને પ્રેરક બનતા. બીજા સત્રમાં ઉત્કંઠેશ્વરનો પ્રવાસ ગોઠવાયો હતો. વળતી વખતે બસમાં આનંદનું વાતાવરણ જામ્યું હતું. વિદ્યાર્થીઓમાંથી એકાદ જણ બસમાં કે બહારની કોઈ વસ્તુ કે ઘટનાનો ઉચ્ચાર કરતો અને પછી બસમાંનાં બધાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સમૂહમાં કોરસ ગાન કરતાં હોય એમ 'રામધૂન લાગી'નો

મોટેથી ધ્વનિ-ઉચ્ચાર કરતાં. એક પળે ઉમાશંકરભાઈ બોલ્યા : 'મોહનભાઈના મફલર પેં...' અને બસમાં સમૂહઘોષ થયો – 'રામધૂન લાગી' એ દિવસે મેં મુલાયમ અને બારીક કલકત્તી ખાદીનાં ધોતી કફની પહેર્યાં હતાં અને બ્લૂ ભરતવાળું ક્રીમ રંગનું મફલર ગળે વીંટ્યું હતું. દિલ્હીના ચાંદની ચોકના બજારમાં આ મફલર ખૂબ ગમી ગયેલું એટલે મેં ખરીદેલું. સામાન્ય મફલર કરતાં આ જુદા પ્રકારનું હતું. એક ખેસ હોય એવું એનું રૂપ હતું. એનું પોત પશ્મીનો શાલ જેવું મુલાયમ હતું. આ મફલર ઉપર ઉમાશંકરભાઈએ માત્ર એક વાર નહીં પણ સતત ત્રણ વાર રામધૂન બોલાવી હતી.

ઉમાશંકરભાઈની વિદ્યાર્થીઓ માટેની લાગણી માત્ર વર્ગ કે અભ્યાસ પૂરતી જ મર્યાદિત નહોતી. એ પોતાના વિદ્યાર્થીઓની અંગત તકલીફો બાબતમાં પણ ચિંતિત રહેતા. અગાઉ કહ્યું તેમ વિદ્યાર્થી ભાષાભવનમાં દાખલ થાય ત્યારે એ એની સ્થિતિ વિશે જાણી લેતા તેમ વર્ગમાં વ્યાખ્યાનો બંધ થાય અને વિદ્યાર્થી પરીક્ષાની તૈયારીઓમાં લાગે ત્યારે પણ ઉમાશંકરભાઈ એની સ્થિતિ વિશે જાણકારી મેળવી લેતા. વ્યાખ્યાનો બંધ થયા પછી વિદ્યાર્થીઓને વિદાય અને પરીક્ષા અંગે શુભેચ્છા આપવા માટે વિદાય માટેનું મિલન ઉમાશંકરભાઈ પોતાના નિવાસસ્થાને રાખતા. આ રીતે વિદાય માટે અમે ઉમાશંકરભાઈને ત્યાં મળ્યા હતા. આઇસક્રીમ આરોગવાનું ચાલતું હતું તે વખતે ઉમાશંકરભાઈ મને એકાંતે લઈ ગયા અને ધીમેથી કહ્યું : 'આપણા આ ભાઈઓમાં કેટલાક નોકરી કરતા હશે. પરીક્ષાની તૈયારી માટે લાંબી રજા પણ મૂકવી પડી હોય. એટલે કોઈ ભાઈઓ આર્થિક મૂંઝવણમાં હોય તો તે વિશે જાણીને મને વાકેફ ન કરો ?'

મેં કહ્યું : 'મારી જાણમાં એવા બે ભાઈઓ છે. એ બે ભાઈઓને મેં જરૂર પૂરતી મદદ કરી છે. બીજા કોઈ જરૂરતમંદ ભાઈની જાણ મળશે તો હું આપને વાકેફ કરીશ.'

અહીં એક વાતની સ્પષ્ટતા કરું કે એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યા પછી કૉલેજમાં અધ્યાપક થવા જેટલું સારું પરિણામ લાવવા બાબતે મને રજ માત્ર શંકા નહોતી એટલે મેં સર્વ વિદ્યાલયમાં રાજીનામું આપેલું અને પ્રોવિડંડ ફંડની રકમ ઉપાડી લઈને અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલ નીચેની બૅંક ઑફ બરોડાની શાખામાં ખાતું ખોલાવીને એ રકમ જમા કરાવેલી. વળી મારી 'અંતિમ દીપ' નવલકથા અને 'મોટી વહુ' વાર્તાસંગ્રહની પ્રથમ આવૃત્તિઓ પ્રકાશિત કરવા એમની હસ્તપ્રતો 'ભારતી સાહિત્ય સંઘ'ને રૉયલ્ટીના કરારથી આપેલી એમાં મેં એવી શરત રાખેલી કે રૉયલ્ટીની રકમની ચુકવણી પ્રત્યેક મહિને રૂપિયા

દોઢસો પ્રમાણે કરવી. એટલે આ રકમ પણ મારા ખાતામાં હું જમા કરાવતો. આ સ્થિતિના કારણે હું બે મિત્રોને આર્થિક લોનની સહાય કરી શકેલો. (યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહેતા મારા વતનના એક ભાઈને પણ મેં મદદ કરેલી.)

જરૂર પડ્યે વિદ્યાર્થીને ઉમાશંકરભાઈ તરફથી આશ્વાસનની કેવી હૂંફ મળી રહેતી એનો મારો એક અંગત અનુભવ પણ અહીં નોંધવા પ્રેરાઉં છું. ઈ. સ. ૧૯૬૧ના એપ્રિલ (!)માં મેં એમ.એ.ની પરીક્ષા આપી. રોજનું એક એમ સળંગ આઠ પેપર. એ પદ્ધતિ તો અગાઉથી ચાલી આવતી હતી પણ એ વર્ષે પ્રત્યેક પ્રશ્નપત્રના બધા પ્રશ્નો (છ)ના ઉત્તર લખવાનું ફરજિયાત થયેલું. પહેલું પેપર ટૂંકી વાર્તાના સ્વરૂપનું હતું. મેં આ પરીક્ષા આપી એ અગાઉ મારા ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થઈ ગયા હતા અને ચોથો પ્રેસમાં હતો. ટૂંકી વાર્તા વિશે મેં ઠીક ઠીક અભ્યાસ કર્યો હતો. પરદેશી વાર્તાકારોની ઉત્તમ વાર્તાઓ પણ ઠીક ઠીક સંખ્યામાં વાંચી હતી એટલે ટૂંકી વાર્તા પરના પ્રશ્નપત્રના ઉત્તર લખવાનું કામ મારા માટે એક આનંદની પ્રવૃત્તિ જેવું હતું. કયો પ્રશ્ન પહેલો લખવો અને બીજા પ્રશ્નોના ઉત્તર કયા ક્રમે લખવા એ મારા માટે ગણતરીનો કોઈ સવાલ નહોતો. પહેલા પ્રશ્નથી ક્રમવાર ઉત્તર લખવાનો મેં આરંભ કર્યો. ઊડતી નજરે જોતાં દરેક પ્રશ્ન માટે એક વિકલ્પ હોવાનું મને જણાયું. ત્રીજા પ્રશ્ન માટે બે વિકલ્પ હતા એ મારા ધ્યાનમાં ન આવ્યું. મેં ડાબી બાજુએ લખેલા પ્રશ્નોના નંબર તરફ જાણે જોયું જ નહીં માત્ર પ્રશ્નોની text ઉપર જ નજર રહી. આના કારણે ત્રીજા પ્રશ્નનો જવાબ બે વાર મર્યાદાના નિરપેક્ષપણે લંબાણથી લખાતા હતા. મારાથી થયેલા આ છબરડાની પાછળથી ખબર પડી ! અર્ધા કલાક કરતાં વધારે સમયનું ગાબડું પડ્યું. છેલ્લા બે ઉત્તરો, ખૂબ આવડતું હોવા છતાં, પહોંચી વળવા માટે વેઠરૂપે જ જાણે લખાયા. આ નાનીસૂની ગફલત નહોતી. આવડતું હોય અને ન લખાય એમાં નીપજતી હતાશા તો જેણે અનુભવ કર્યો હોય એ જ સમજી શકે. આ હતાશા પાછળના પ્રશ્નપત્રો ઉપર પણ કેટલેક અંશે વ્યાપ્ત રહી.

પરીક્ષા પૂરી થયા પછી પ્રશ્નપત્રોની બ્લૂપ્રિન્ટ અંગે મારા મનમાં ધૂંધવાટ હતો. જેમ કે ગુજરાતી વિષયના છેલ્લા (છઠ્ઠા) પ્રશ્નપત્રમાં છેલ્લો પ્રશ્ન નિબંધનો હતો. એમાં એક વિષય 'રવીન્દ્રનાથ ટાગોર' હતો. એમ.એ.નો વિદ્યાર્થી ઇચ્છે તો ત્રણ કલાક સુધી ટાગોર વિશે લખ્યા કરે. મારી વાત કરું તો ૧૯૪૫-૪૬ના શૈક્ષણિક વર્ષમાં કારેલીબાગના અમારા છાત્રાલયમાં અનામીનું ટાગોર પરનું લગભગ એક કલાક કરતાં વધારે સમયનું પ્રવચન સાંભળ્યા પછી હું ટાગોર

અને ટાગોરના સાહિત્ય તરફ અભિમુખ થયો હતો. સર્વ વિદ્યાલયમાં જોડાયા પછી ટાગોરસાહિત્ય વાંચવાની મોટી સગવડ એના પુસ્તકાલયમાં મળી. અંગ્રેજી ગીતાંજલિની યીટ્સની પ્રસ્તાવના તો મેં વારંવાર વાંચી હતી. ટાગોરનું 'પ્રાચીન સાહિત્ય' પણ અહીં વાંચ્યું હતું. આ પછી ૧૯૫૪-૫૫માં બી.એડ્.ના અભ્યાસ વખતે વિશ્વભારતી સંદર્ભે ટાગોર વિશે ઠીક ઠીક વાંચ્યું અને એમ.એ.ના વર્ષમાં ટાગોરની ટૂંકી વાર્તાઓ વિશે ઊંડાણથી અભ્યાસ કર્યો. પરીક્ષામાં પુછાયેલા નિબંધના ઉત્તરરૂપે લખવા માટે મારી પાસે કેટલી બધી સામગ્રી હતી ! કોઈ કહેશે – સમય પ્રમાણે ટૂંકાવવાની કળા પણ આવડવી જોઈએ ને ? ટાગોર એ એવી પ્રતિભા છે જેના વિશે આપણે જેટલું જાણતા હોઈએ એમાં એક તસુ જેટલો પણ કાપ મૂકી શકાય નહીં. અફસોસ સાથે કહેવું પડે છે કે પરીક્ષામાં ટાગોર વિશે લખવાનું છોડી દીધું અને વિજ્ઞાનના વિષયને લગતો નિબંધ લખવો પડ્યો !

એમ.એ.નાં પ્રશ્નપત્રોની બ્લૂપ્રિન્ટ વિશેનો મારો ધૂંધવાટ એ વખતના મારા સહાધ્યાયી મિત્ર અમૃત ઠક્કર જાણતા હતા. અને વિશેષ કરીને ટૂંકી વાર્તાના પ્રશ્નપત્રમાં મને જે હાનિ પહોંચી તેને કારણે થયેલી નિરાશાને અનુલક્ષીને અમૃતલાલે મને કહ્યું : 'આપણે ઉમાશંકરભાઈને મળીએ. આખું વર્ષ એમણે આપણને ટૂંકી વાર્તા વિશે ભણાવ્યું છે એટલે પ્રશ્નપત્ર વાંચવામાં થયેલી ભૂલના કારણે થનાર નુકસાન વિશે, આપણા સંતોષ ખાતર પણ આપણા એ વિષયના અધ્યાપકને જાણ કરવી જોઈએ. આપણે ઉમાશંકરભાઈને મળીએ જ.'

મને આ વાત ગમી અને અમે ઉમાશંકરભાઈને મળવા ગયા.

પ્રશ્નપત્ર વાંચવામાં મારી બાઘાઈ વિશે વાત કરવાનો કશો અર્થ નહોતો. એમ કહીને મૂર્ખાઈનું પ્રદર્શન કરવાની પણ મારી ઇચ્છા ઓછી હતી. એટલે મેં પ્રશ્નપત્રના ઢાંચા અને બિનતાર્કિકતા વિશે વાત કરવા માંડી. મેં કહ્યું : 'ટૂંકી વાર્તાના પ્રશ્નપત્રમાં પહેલો પ્રશ્ન ચેખૉવ અને મોપાસાંની વાર્તાકળાની તુલના કરવા અંગેનો હતો. બંને લેખકોની વાર્તાકલાની તુલના કરવામાં કેટલું બધું લખી શકાય ! ઉદાહરણ સહિત લખવા માટે કેટલો બધો સમય જોઈએ ? આવા પ્રશ્નનો શો અર્થ ? ઘણું લખવાનું બાકી જ રહે.'

ઉમાશંકરભાઈએ સ્મિત સાથે કહ્યું : 'લખવાનું જે બાકી રહી ગયું હોય તેની ચિંતા કરવાની ન હોય. યુદ્ધમાં યોદ્ધો એક કરતાં વધારે હથિયારોથી સજ્જ હોય. એ બધાં હથિયારોનો ઉપયોગ ન કરી શકે પણ એણે જે હથિયાર વાપર્યાં હોય એમાં એની બધી શક્તિ પરખાઈ જાય અને વિજયનો અધિકારી બની

શકે. એમ તમે મોપાસાં અને ચેખૉવ વિશે જેટલું લખ્યું હોય એના પરથી તમારી સજ્જતા મપાય અને બધું લખ્યું હોય અને જેટલા ગુણ મળવાના હોય તેટલા જ આ લખાણ પરથી પણ મળી શકે.'

એક ઉત્તમ ગુરુનું ઉદાહરણ ડૉ. પ્રબોધ પંડિતના અધ્યાપનકાર્યમાં જોઈ શકાશે. પંડિતસાહેબ અમને ભાષાવિજ્ઞાન ભણાવે. એ વિષયમાં એમનું અગાધ જ્ઞાન. ગુજરાત બહાર પણ એમની ખ્યાતિ ભારે. અઠવાડિયાના છયે દિવસ એમનો પિરિયડ પહેલો. કદી મોડા ન પડે એ તો ઠીક, પણ કલાકનો પિરિયડ પૂરો થયા પછી પણ ઓછામાં ઓછી દસ મિનિટ વધારે લે. ભાષાવિજ્ઞાન જેવો અઘરો વિષય પણ સારી રીતે સમજાય એવો સરળ બનાવીને વર્ગમાં રજૂ કરે. બધું સરળ ગુજરાતીમાં જ શીખવે. પારિભાષિક શબ્દો પણ શુદ્ધ ગુજરાતીના જ.

ઈ. સ. ૧૯૬૧માં ક્વીન એલિઝાબેથની એક દિવસ અમદાવાદની મુલાકાત હતી. રજાનો દિવસ હતો. ઇંગ્લૅન્ડની રાણી શહેરમાં પધારતી હોય એટલે જાણે Red letter day ! આખા શહેરમાં એક અનોખો માહોલ રચાયો હતો. શહેર થોડું શણગારાયું પણ હતું. રજાનો દિવસ હતો. અને પંડિતસાહેબે એક એક્સ્ટ્રા પિરિયડ એ દિવસે રાખ્યો હતો. પંડિતસાહેબનો પિરિયડ ગુમાવવાનું પોસાય નહીં એટલે વિદ્યાર્થીઓ પિરિયડનો સમય થતાં વર્ગમાં ઉપસ્થિત થયા હતા. રજાના દિવસનો એક્સ્ટ્રા પિરિયડ કેટલો લાંબો ચાલે એ કંઈ કહેવાય નહીં. લગભગ ૪૦-૪૫ મિનિટ થઈ હશે એટલે વિદ્યાર્થીઓ તરફથી માગણી થઈ – 'સાહેબ, ઇંગ્લૅન્ડનાં રાણી અમદાવાદમાં પધાર્યાં છે. પિરિયડ આટલે અટકાવો તો અમે શહેરમાં જઈ શકીએ !' પંડિતસાહેબ મીઠું હસ્યા. એમણે કહ્યું : 'હું તમને ક્યાં બોલાવવા આવ્યો હતો ? શહેરમાં જતાં તમને કોણ રોકી રહ્યું હતું ? હજુ પણ જેને જવું હોય તે ખુશીથી જઈ શકે છે.'

પણ વિદ્યાર્થીઓ પંડિતસાહેબનો વર્ગ છોડીને જાય ખરા ?

બીજા એકાદ-દોઢ કલાક સુધી પંડિતસાહેબ ભણાવતા રહ્યા અને અમે સૌ પ્રેમથી ભણતા રહ્યા.

આવા અધ્યાપકો ક્યાં મળે ? દુર્લભ !

એટલે જ તો પ્રબોધભાઈ પંડિતે અમારા હૈયે માનભર્યું સ્થાન લીધું છે.

■

# ૩૦
# મારો વાચનવિહાર

પુસ્તકો સાથે મારો સંબંધ આકસ્મિક રીતે જ થયો હતો. હું પાટણ હાઈસ્કૂલમાં બીજા ધોરણ (હાલનું છઠ્ઠું)માં હતો ત્યારે મારા ઘરની મેડીના એક ગોખમાંથી મને બે પુસ્તકો હાથ લાગ્યાં. એ પુસ્તકોમાં એક હતું, 'પાષાણ પ્રતિમા યાને માનવમૂર્તિ' અને બીજું હતું, 'બકુલાભાભી.' પહેલું એક રહસ્યકથા ઉપર રચાયેલું હતું અને બીજામાં કૉલેજમાં અભ્યાસ કરતા નાયક દિનેશ અને નાયિકા વિલાસની નિષ્ફળ પ્રણયકથા હતી.

પછીના વર્ષે એટલે કે હું ત્રીજા ધોરણમાં હતો ત્યારે પુસ્તકો બીજા માર્ગે મને આપમેળે આવી મળ્યાં. મારા એક ભાઈ સાર્વજનિક પુસ્તકાલયમાંથી પોતાના વાચન માટે પુસ્તકો લાવતા. ભાઈ પુસ્તક ન વાંચતા હોય ત્યારે તક મળતાં હું એને ઉઠાવી લેતો અને વાંચતો. આવા આકસ્મિક લાભમાં મને મુનશી, ર. વ. દેસાઈ અને શરદબાબુનાં કેટલાંક પુસ્તકો વાંચવા મળ્યાં.

એક બાજુ આ રીતે વાચનરુચિનો વિકાસ થતો જતો હતો ત્યારે બીજી બાજુએ શાળામાં પ્રથમ ત્રણ ધોરણોમાં અભ્યાસક્રમમાં ચાલતાં અંગ્રેજી વિષયમાં ચાલતાં 'ન્યુ મેથડ રીડર્સ' પાઠ્યપુસ્તકો વાચનરુચિના વિકાસમાં પૂરક બનતાં હતાં. એ પુસ્તકોએ મારા માટે વાર્તાસાહિત્યનાં દ્વાર ખોલ્યાં. 'ધ સ્લીપિંગ પ્રિન્સેસ', 'ધ બ્લૂ બિયર્ડ', 'ધ અગ્લી ડકલિંગ', 'જેક ધ જાયન્ટ કીલર', 'વલીદાદ ધ ગ્રાસકટર', 'બ્યુટી ઍન્ડ ધ બીસ્ટ', 'ધ કિંગ્ઝ ન્યુ ક્લોધ્ઝ', 'હન્સેલ ઍન્ડ ગ્રેટલ', 'રોબિન હૂડ', 'અલીબાબા ઍન્ડ ધ ફૉર્ટી થીવ્ઝ' વગેરે વાર્તાઓએ મારા મુગ્ધ કલ્પનાજગતને એક નવો જ પરિપ્રદેશ ભેટ ધરી દીધો. એ રીડર્સમાંનો વાર્તા સિવાયનો એક પાઠ આજે પણ મારા માટે ચિરંજીવ સ્મૃતિરૂપ બની રહ્યો છે. ઈ. સ. ૧૯૨૪માં જ્યોર્જ મેલોરી અને ઈરવિનના માઉન્ટ એવરેસ્ટ પરના આરોહણ-સાહસનો એ પાઠ હતો. એમાં પર્વત ઉપર ચઢી રહેલા આ બે

સાહસવીરો નજર સામે ધીરે ધીરે માત્ર બે ટપકાં બની રહ્યા ત્યાં સુધીનું રોચક વર્ણન હતું (મેલોરી અને ઈરવિન પાછા ફર્યા નહીં. મૃત્યુ પહેલાં એ એવરેસ્ટની ટોચ ઉપર પહોંચી શક્યા કે નહીં એનું રહસ્ય હજુ અકબંધ છે.)

સાહિત્યવાચનની રુચિ ઉત્તરોત્તર વધતી ગઈ. એમાં શાળાનાં ઉપલાં ધોરણોમાં ચાલતાં ઇતરવાચન માટેનાં પુસ્તકોએ પણ ઘણો ભાગ ભજવ્યો. એ વર્ષોમાં વડોદરા રાજ્યની માધ્યમિક શાળાઓનાં ઉપલાં ધોરણોમાં અંગ્રેજી સાહિત્યનું એક-એક પુસ્તક મૂળ કે સંક્ષેપમાં અભ્યાસ માટે નક્કી થતું. અમારું બહોળું કુટુંબ. અભ્યાસમાં પુરોગામી ભાઈઓ જે પુસ્તકો ભણી ગયા હોય તે અમારા ઘરની મેડી પરના એક કબાટમાં સંઘરવામાં આવતાં. મને આ પુસ્તકોમાં સાહિત્યનો એક ખજાનો જ મળી ગયો. એ ખજાનામાં મારા અભ્યાસમાં આવ્યાં તે ઉપરાંત, 'વિકાર ઑફ વેકફિલ્ડ', 'અ ટેલ ઑફ ટુ સિટીઝ', 'પ્રિઝનર ઑફ ઝેન્ડા', 'રોબિન્સન ક્રુઝો', 'કાઉન્ટ ઑફ મોન્ટેક્રિસ્ટો', 'ફેમસ હીરોઝ ઑફ ઇન્ડિયા', 'માય અર્લિ લાઈફ', 'ટેલ્સ ફ્રોમ શેક્સપિયર' વગેરે પુસ્તકો હતાં. આ ઉપરાંત એ. એલ. બ્રાઈટ સ્ટોરી રીડર્સનો સેટ પણ એ ખજાનામાં ખરો.

એ વર્ષોમાં અમારી શાળામાં વાર્ષિક પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં સૌથી વધારે ગુણ મેળવનારને રોકડ ઇનામ મળતું. એક વખત એ ઇનામ મને ભાગીદરીમાં મળ્યું. બાકીનાં વર્ષોમાં એનો હકદાર હું એકલો હતો. આના કારણે અંગ્રેજી ભાષા પ્રત્યેનો લગાવ અને ઉત્સાહ ખૂબ વધેલાં. આથી કબાટમાંનાં પેલાં પુસ્તકો પૂરાં સમજાય ન સમજાય તોપણ હું રસપૂર્વક વાંચતો. ધીરે ધીરે ફાવટ આવી ગઈ અને મૅટ્રિક સુધી પહોંચતાં તો ખાસ રુકાવટ સિવાય અંગ્રેજી પુસ્તકો હું વાંચતો થઈ ગયો હતો.

મૅટ્રિકની પરીક્ષા આપ્યા પછી કૉલેજનો અભ્યાસ શરૂ થાય ત્યાં સુધીના લાંબા સમયગાળામાં મેં ફત્તેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલયમાંથી પુસ્તકો મેળવીને વાંચવાનો આરંભ કર્યો. આ સમયગાળામાં મુનશી, ર. વ. દેસાઈ, ધૂમકેતુ, રામનારાયણ પાઠક, મેઘાણી વગેરેનાં બાકી રહેલાં કેટલાંક પુસ્તકો વાંચ્યાં. ઉપરાંત સોપાન, ચુ. વ. શાહ, રામનારાયણ ના. પાઠક વગેરે કેટલાક લેખકોનાં પણ થોડાં પુસ્તકો વાંચ્યાં.

થોડા દિવસ પછી મારો ઘણો સમય હું પુસ્તકાલયના કાર્યાલયમાં ગાળતો થયો. (ગ્રંથપાલે મારામાં એક ઉત્સાહી અને જિજ્ઞાસુવાચક જોયો હશે.) અહીં રશિયન વાર્તાઓના અંગ્રેજી અનુવાદનો એક સંગ્રહ મારા વાંચવામાં આવ્યો.

એમાં 'પોસ્ટ માસ્ટર' નામની એક વાર્તા વાંચવાનું બન્યું. રશિયાનો વિશાળ પ્રદેશ. ટ્રાન્સ સાઈબિરિયન રેલવેને પૂર્વથી પશ્ચિમ અથવા પશ્ચિમથી પૂર્વ છેડે પહોંચતાં એક અઠવાડિયું લાગે. (ટૉલ્સ્ટૉયની લઘુનવલ 'ક્રુટ્ઝર સોનેટા' રેલવેની મુસાફરીના આ લાંબા સમયગાળામાં નાયક દ્વારા કહેવાઈ છે.) રશિયાના લાંબા પથરાટ પર જેવો રેલવેનો, એવો ઘોડાઓથી જોડાયેલા સિઘરામનો વાહનવ્યવહાર પણ ખરો. માર્ગ લાંબો. ઘોડા થાકે એટલે એમને આરામ આપવો પડે. આ આરામ માટે વ્યવસ્થા એવી કે અમુક માઈલના અંતરે અંતરે ઘોડા બદલવાનું સ્થળ (સ્ટેશન) આવે. અહીં ઘોડા બદલાય એટલે ઘોડાઓને આરામ મળે. ઉતારુ થોડો પોરો ખાઈ નવા જોડાયેલા ઘોડાઓ સાથે સિઘરામમાં આગળ વધે. આરામના આ સ્થળનો અધિક્ષક 'પોસ્ટ માસ્ટર' કહેવાતો. આવા એક સ્ટેશનના પોસ્ટ માસ્ટરની દીકરીને ભોળવીને કોઈ ઉતારુ ઉઠાવી ગયેલો. પુત્રીથી વિખૂટો પડેલો આ પિતા ભારે સંતાપ હેઠળ દીકરીના પત્રની રાહ જોતો દિવસો વિતાવી રહ્યો હતો. આ વાર્તા વાંચી ત્યારે મનમાં એક પ્રશ્ન ઊઠ્યો હતો : 'પોસ્ટ ઑફિસ'ના લેખક ધૂમકેતુએ આ વાર્તા વાંચી હશે ?

અહીં આ પુસ્તકાલયમાં 'સાહિત્ય અને પ્રગતિ' નામનું એક પુસ્તક વાંચવામાં આવ્યું. એમાં સાહિત્ય અંગેના કેટલાક લેખો, ચાર વાર્તાઓ, થોડાં કાવ્યો અને અન્ય સ્વરૂપની કેટલીક કૃતિઓનું સંપાદન હતું. ઈ. સ. ૧૯૪૦ના અરસામાં પશ્ચિમના દેશોના પ્રભાવ હેઠળ ગુજરાતમાં પણ પ્રગતિશીલ સાહિત્યની હવા ફૂંકાયેલી. અમદાવાદમાં પ્રગતિશીલ સાહિત્યકારોનું મંડળ રચાયેલું. આ મંડળની એક સામાન્ય સભામાં સુંદરમ્‌ના મંગળ પ્રવચન પછી સૌમ્યેન્દ્રનાથ ટાગોરે પ્રગતિશીલ સાહિત્ય વિશે કેટલીક વાતો કરી હતી. ઉપર નિર્દિષ્ટ 'સાહિત્ય અને પ્રગતિ' પુસ્તકમાં સુંદરમ્‌ની 'પેકાર્ડનો પ્રવાસ' નામની એક સરસ વાર્તા સમાવિષ્ટ હતી. આ વાર્તા વાંચીને મેં એનું વિસ્તારપૂર્વક અવલોકન લખ્યું હતું જે મારા 'સાહિત્ય સંકેત' પુસ્તકમાં સંપાદિત કર્યું છે.

ઈ. સ. ૧૯૪૩થી ૧૯૪૭ સુધી વડોદરા કૉલેજમાં બી.એ. સુધી અભ્યાસ કર્યો. અહીં અભ્યાસની સાથે સાથે બીજું ઘણુંબધું વાંચવાનો અવકાશ મળ્યો. પન્નાલાલ, સુંદરમ્‌, ઉમાશંકર વગેરેની કેટલીક સાહિત્યરચનાઓ આ સમયગાળામાં વાંચવાનું બન્યું. મેઘાણીનાં પરિભ્રમણ, પરકમ્મા, એમની નવલિકાઓના બે ભાગ, બળવંતરાય ઠાકોરનાં સૉનેટ અને ન્હાનાલાલના જયાજયંત, ઇન્દુકુમાર વગેરે પણ અહીં વાંચ્યાં.

બી.એ. સુધીના અભ્યાસકાળ દરમિયાન અંગ્રેજી સાહિત્યનું પણ નોંધપાત્ર વાચન થયું હતું. ગોલ્ડસ્મિથનું 'સિટીઝન ઑફ ધ વર્લ્ડ' મેકોલેના નિબંધો, બ્રાઉનિંગ અને હાર્ડીના કાવ્યસંગ્રહો, લિટન સ્ટ્રેચીનું 'એમીનન્ટ વિક્ટોરિયન્સ', કીટ્સનું 'ઇવ ઑફ સેન્ટ એગ્નિસ' મિલ્ટનનું 'પેરેડાઈઝ લોસ્ટ બુક-૨', 'ગોકાક દ્વારા સંપાદિત 'પેજન્ટ ઑફ ઇંગ્લિશ લાઈફ ઇન લિટરેચર', કાર્ડિનલ ન્યુમેનનું 'આઇડિયા ઑફ એ યુનિવર્સિટી' વગેરે ખૂબ ધ્યાનપૂર્વક વંચાયાં. અભ્યાસમાં શેક્સપિયરનાં નાટકો વિશેષ ઉલ્લેખનીય છે. શેક્સપિયરનું 'મીડ સમર નાઇટ્સ ડ્રીમ' ઇન્ટરના અભ્યાસ વખતે અધ્યયનમાં આવેલું પણ બી.એ.નાં જુનિયર અને સિનિયરનાં વર્ષોમાં અંગ્રેજ પ્રિન્સિપાલ ફિલિપ સી. રોમન્સ દ્વારા 'કિંગ લિયર' અને 'સિમ્બેલાઈન' ભણવા મળ્યાં તે જીવનનો એક અમૂલ્ય લહાવો હતો. પ્રિન્સિપાલ રોમન્સ શેક્સપિયરના ઊંડા અભ્યાસી હતા. કૉલેજનાં વર્ષો દરમિયાન જેવો શેક્સપિયરનો લાભ મળ્યો એવો જ લાભ કાલિદાસનો પણ મળ્યો હતો. હાઈસ્કૂલમાં હતો ત્યારે નાનાલાલ શાહનું 'મહાકવિ કાલિદાસની પ્રસાદી' વાંચ્યું હતું. કૉલેજનાં પ્રથમ બે વર્ષ દરમિયાન ડૉ. ભાવે અને પ્રો. જી. કે. ભટ્ટ – આ બંને વિદ્વાન અધ્યાપકોએ કાલિદાસની 'મેઘદૂત', 'કુમાર સંભવ', 'માલવિકા-અગ્નિમિત્ર' અને 'અભિજ્ઞાન શાકુન્તલ' રચનાઓનો ચિત્ત તૃપ્ત થાય એટલી માત્રામાં અભ્યાસ કરાવ્યો.

એમ.એ.નાં બે વર્ષમાં 'ઉત્તરરામચરિત', 'મહાવીરચરિત' અને 'શિશુપાલ વધ'ના બે સર્ગનો અભ્યાસ થયો. એ વર્ષોમાં ગોવર્ધનરામ, પ્રેમાનંદ અને ગાંધીજીનો ઊંડાણથી અભ્યાસ કરવાનું થયું. આ સર્જકોને લગતાં ઘણાં સંદર્ભ પુસ્તકો ખરીદ્યાં અને વાંચ્યાં. સરસ્વતીચંદ્રના ચોથા ભાગનો ઉત્તરાર્ધ જ અભ્યાસ માટે નિશ્ચિત થયો હતો, પણ મેં ચારેય ભાગ ખરીદી લઈને (એ વર્ષે કોપીરાઇટની મુદત પૂરી થતાં સરસ્વતીચંદ્રની સસ્તી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી.) ખૂબ કાળજીથી અભ્યાસ કર્યો હતો. એમ.એ.માં અભ્યાસ માટે સાંસ્કૃતિક ઇતિહાસ પણ હતો. આના માટે અમદાવાદના ફર્નાન્ડીઝ બ્રિજ નીચે વિદ્યાર્થી બુક ડીપોમાંથી ઘણાં સંદર્ભ પુસ્તકો ખરીદીને વાંચ્યાં હતાં. આમ અભ્યાસનાં વર્ષો માત્ર નિશ્ચિત પાઠ્યપુસ્તકોનાં વાચનનાં નહીં પણ વાચનવિહારના મોટા ક્ષેત્રરૂપ સિદ્ધ થયાં હતાં.

ઈ. સ. ૧૯૪૭થી ૧૯૫૦ના જૂન સુધી મેં અમદાવાદમાં ન્યુ હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે નોકરી કરી તે દરમિયાન ઝાઝું વાંચવાનો અવકાશ

ન રહ્યો, પણ ૧૯૫૦ના જુલાઈથી કડીની સર્વ વિદ્યાલયમાં જોડાયો ત્યારે મને શાળાના ઉત્તમ પુસ્તકાલયનો ભરપૂર લાભ મળ્યો. એ વખતે શાળાના આ પુસ્તકાલયમાં ૧૫ હજાર જેટલાં પુસ્તકો હતાં અને વાચનાલય માટે ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષાનાં ૬૩ સામયિકો આવતાં હતાં. ઉપરાંત ઉત્તમ ગણાતાં સામયિકોની વીતેલાં વર્ષોની ફાઇલો સારી રીતે સચવાયેલી હતી.

ઈ. સ. ૧૯૬૧માં હું આ સંસ્થામાં આચાર્ય બન્યો એ પછી ખરીદી માટે પુસ્તકોની પસંદગીનું કામ મેં મારા હસ્તક રાખ્યું. ઈ.સ . ૧૯૮૪માં હું નિવૃત્ત થયો ત્યાં સુધી આ જવાબદારી મેં સંભાળી. એ વર્ષોમાં સરકારી ગ્રાન્ટ પૂરતા પ્રમાણમાં મળતી હતી એટલે આ ૨૪ વર્ષો દરમિયાન ઘણાં પુસ્તકો ખરીદાયાં આટલા લાંબા ગાળા દરમિયાન ખરીદાયેલાં પુસ્તકોમાંથી મેં ઘણાં વાંચ્યાં. વંચાયેલાં એ બધાં પુસ્તકોની યાદી માટે અહીં અવકાશ નથી. એ પુસ્તકોમાંથી કેટલાંક અને અન્ય માર્ગોથી મેળવેલાં કેટલાંકની થોડી શી નોંધ આ રહી : ચર્ચિલનાં યુદ્ધસ્મરણોના છ ગ્રંથો, સાર્ત્રની નવલત્રયી ('ધ એજ ઑફ રીઝન', 'રીપ્રિવ', 'આયર્ન ઇન ધ સોલ'), સાર્ત્રનાં અન્ય પુસ્તકોમાં 'વોટ ઇઝ લિટરેચર ?', 'અ સ્કેચ ફોર થિયરી ઑફ ઇમોશન્સ' અને વાર્તાસંગ્રહ 'ઇન્ટીમસી' આલ્બેર કામૂનું 'આઉટસાઇડર' અને એનો એક લેખ અને વિવેચનસંગ્રહ, બેકેટની બે નવલકથાઓ – 'લેબિરિન્થ' અને 'જેલસી' તેમ જ એનો 'સ્નેપ શૉટ્સ ઍન્ડ ન્યુ નૉવેલ' લેખસંગ્રહ, કાફકાનો વાર્તાસંગ્રહ 'મેટામૉર્ફસીસ' એની ડાયરીઓનો સંગ્રહ તથા એની નવલકથાઓ 'અમેરિકા' અને 'ધ ટ્રાયલ', જ્હોન સ્ટાઈન બેકનું 'ગ્રેપ્સ ઑફ રૉથ', રૉબર્ટ શેરવૂડનું બે ભાગમાં ૧૨૦૦ પાનાનું 'રૂઝવેલ્ટ ઍન્ડ હોપકીન્સ', હેમિંગ્વેનું 'ધ ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી', એનો વાર્તાસંગ્રહ અને એના ઉપર લખાયેલું 'ધ એસેન્શ્યલ હેમિંગ્વે', સોમરસેટ મોમનો સંપૂર્ણ વાર્તાસંગ્રહ અને એની નવલકથા 'ઑફ હ્યુમન બોન્ડેજ' વાન ગોધના ચરિત્ર પર લખાયેલી નવલકથા 'લસ્ટ ફૉર લાઈફ', 'ધ લાસ્ટ ડેઝ ઑફ પૉમ્પિયાઈ (પૉમ્પે), આ ઉપરાંત 'ધ પોપ્યુલેશન બૉમ્બ', 'રેસ રાયટ્સ ઈન અમેરિકા', 'સિક્રેટ ઍન્ડ સ્ટોરીઝ ઑફ સેકન્ડ વર્લ્ડ વૉર'નાં બે વૉલ્યૂમ, 'સ્કોટલૅન્ડ યાર્ડ'નાં બે વૉલ્યૂમ, જેમ્સ જોઈસનો વાર્તાસંગ્રહ 'ડબ્લીનર્સ' અને પ્રત્યેક વર્ષે પ્રગટ થતા 'ધ બેસ્ટ અમેરિકન શોર્ટ સ્ટોરીઝ'ના કેટલાક સંગ્રહો વગેરે એક સરસ વાચનપાથેય બની રહ્યાં.

ક્યારેક જરૂરી સંદર્ભ-પુસ્તકો મેળવવા માટે ઘણી શોધખોળ કરવી પડી

હતી. 'અંતિમ દીપ' નવલકથા લખતી વખતે મારે ઐતિહાસિક ઘટનાઓ સાથે રાજધાની પાટણની નગરરચના, એના મુખ્ય માર્ગો, એનો રાજગઢ, સપ્તભોમી મહાલય, નગરના આવાસો, વસતીઓ (મહોલ્લા), પ્રાસાદો, મંદિરો, પ્રજાના રીતરિવાજ, ઉત્સવો, ખાનપાન, પરિધાન વગેરેનું નિરૂપણ કરવાનું જરૂરી હતું. કથા સોલંકી કાળની હતી એટલે એ સમય કે તેની આસપાસના કાળમાં રચાયેલા ગ્રંથો વાંચી-તપાસીને જે તે માહિતી એકઠી કરવી પડી હતી. આ બધાં પુસ્તકો મેં વડોદરા, પાટણ, નડિયાદ, ધીણોજ (ઉત્તર ગુજ.) કડી, અમદાવાદ વગેરે સ્થળોથી મેળવ્યાં. રાજવલ્લભ શિલ્પ-સ્થાપત્યનો ગ્રંથ મેળવ્યો. એ સમયમાં ઝેરોક્ષની સુવિધા નહીં, મારે ઉપયોગી ૬૦ જેટલાં પાન ચિત્રો અને રેખાંકનો સાથે મેં એ ગ્રંથમાંથી ઉતારી લીધેલાં.

મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓના સંપાદનનું કામ મેં હાથ ધર્યું ત્યારે મોપાસાંની લગભગ ત્રણસો વાર્તાઓ મેળવવાનું ભગીરથ કાર્ય સામે હતું. મોપાસાંના ત્રણેક સંગ્રહો મારા અંગત સંચયમાં હતા. સર્વ વિદ્યાલયના પુસ્તકાલયમાં ૮૮ વાર્તાઓનો એક સંગ્રહ હતો. બાકીની મેળવવાની હતી. પોણા બસો જેટલી વાર્તાઓ મેળવી શકાઈ. ઘણાં વર્ષો પહેલાં વાઇકિંગ લાઇબ્રેરીનો એક ઉત્તમ સંગ્રહ મારા વાંચવામાં આવેલો, પણ તે ન મળ્યો. એમાંની મારા મનમાં વસી ગયેલી એક વાર્તા સંપાદનમાં ન લઈ શકાઈ એનો રંજ મનમાં રહી ગયો છે.

ગમી ગયેલાં પુસ્તકો વારંવાર વાંચવાનું મન તો ઘણુંય થાય પણ નવું નવું વાંચવાનું એટલા વિપુલ પ્રમાણમાં આવતું રહે છે કે કોઈ પુસ્તકને ફરી ફરી વાંચવાનો સમય ક્યાંથી કાઢવો ? આમ છતાં એક અન્ય પ્રવૃત્તિ દ્વારા કોઈ પુસ્તકને વારંવાર નજર તળે કાઢવાનું બને છે. એ પ્રવૃત્તિ છે સારી સાહિત્ય રચનાઓના અનુવાદ, આસ્વાદ, અવલોકન કે વિવેચનનું કાર્ય. મેં જ્હૉન સ્ટાઈનબેકની વાર્તા 'ધ સ્નેક' તૈયબ સાલિહની 'અ હેન્ડફૂલ ઑફ ડેટ્સ', હેનિયા વુલ્ફની 'ધ લાસ્ટ ડે', માજોરી કિન્નન રોલિંગ્ઝની 'મા', આલ્ફોન્ઝ દૂદાંની 'લાસ્ટ લેસન' વગેરે વાર્તાઓના અનુવાદ; ૧૪ ગુજરાતી મૂર્ધન્ય વાર્તાકારોની વાર્તાઓ, રવીન્દ્રનાથ ટાગોરની 'બલાઈ', સુન્દર નાડકર્ણીની 'પ્રતીક્ષા', તિ. જાનકી રામનની 'ગૂંચવાયેલા વાળ', સ્ટીફન ઝવીગની 'ધ ઇન્વીઝીબલ કલેક્શન', જ્હૉન ઓ હારાની 'ઓવર ધ રીવર ઍન્ડ થ્રુ ધ વૂડ' વગેરે વાર્તાઓના આસ્વાદ, મોપાસાંની 'હૉટૉટ ઍન્ડ હીઝ સન' તેમજ 'એટ સી' રડ્યાર્ડ કીપ્લિંગની 'ઑન ધ સિટી વૉલ' સાત્રની 'ધ વૉલ' અને 'ધ રૂમ', હેમિંગ્વેની 'ધ શૉર્ટ હેપી લાઇફ

ઑફ ફ્રાન્સીસ મકુંબર' અને 'અ ક્લીન વેલ લાઈટેડ પ્લેસ', સીન ઑ ફઓલીનની 'ધ ટૉકિંગ ટ્રીઝ' હાઈનરીખ બ્યોલની 'ધ ડેથ ઑફ એલસા બાસ્કોલીટ' વગેરે વાર્તાઓનો મિતાક્ષરી પરિચય, ચેખૉવની વાર્તા 'વૉર્ડ નં. છ', જ્હૉન સ્ટાઈનબેકની વાર્તા 'જુનિયસ માલ્ટબી' તેની નવલકથા 'ગ્રેપ્સ ઑફ રોથ' વગેરે સાહિત્યરચનાઓનાં વિવેચન જિજ્ઞાસુ ભાવકો માટે મેં આપ્યાં છે. આ પ્રવૃત્તિમાં સદર સાહિત્યરચનાઓ એક કરતાં વધારે વાર વાંચવાની જરૂર પડી છે.

કેટલાંક પુસ્તકો એક અથવા બીજા કારણસર વારંવાર refer કરવાની જરૂર પડે છે. જરૂર પડે ત્યારે એનો ખપ પૂરતો ઉપયોગ કરી લઉં છું. લખવા બેસું તો આ સૂચિ ઘણી લાંબી થઈ શકે એમાં નેશનલ જ્યોગ્રાફિક મૅગેઝિન જેવા સામયિકના કબાટમાં ગોઠવેલા અંકોનો સમાવેશ પણ થઈ શકે (આઠમા દાયકાનાં કેટલાંક વર્ષો સુધી અમેરિકાની આ સંસ્થાનો હું સભ્ય હતો એટલે ઘણા અંકોનો જથ્થો હાથવગો છે) પણ પુસ્તકોની વાત કરું તો, 'ધ યુનિવર્સિલ હિસ્ટ્રી ઑફ ધ વર્લ્ડ'નાં પુસ્તકો મેળવીને વાંચું છું. વારંવાર જેનો ઉપયોગ કરું છું તેમાંનાં કેટલાંક આ છે : 'સિક્રેટ્સ ઍન્ડ સ્ટોરીઝ ઑફ સેકન્ડ વર્લ્ડ વૉર' વૉલ્યૂમ ૧ અને ૨, ચર્ચિલનાં યુદ્ધસંસ્મરણોના છ ભાગમાંથી પ્રથમ બે વૉલ્યૂમ, 'માર્વેલ્સ ઍન્ડ મીસ્ટરીઝ એરાઉન્ડ અસ', 'સ્કોટલૅન્ડ યાર્ડ' વૉલ્યૂમ ૧ અને ૨, કાર્લ સેગનનું 'કોસમોસ', 'ધીસ ફેસિનેટિંગ એસ્ટ્રોનોમી', 'એટમ ફોર પીસ', 'અમરુશતક' ઉમર ખય્યામની રુબાઈઓ (અંગ્રેજી અનુવાદ) વગેરે

એવું પણ બન્યું છે કે પુસ્તક ખરીદાયા પછી વર્ષો સુધી કબાટમાં untouched પડ્યું રહે. એને વાંચવા માટેનો મનમાં આશાપિંડ બંધાયેલો રહે. માત્ર તકની રાહ જોવાયા કરે એમાંનું એક દળદાર પુસ્તક (નવલકથા) હેલ્ડોર લેક્સનેસનું 'ઇન્ડિપેન્ડન્ટ પીપલ' છે. આ પુસ્તકને નોબેલ પ્રાઇઝ મળ્યું છે, પણ એનું દળ જોઈને મન આજ સુધી ભડકતું રહ્યું છે. એવું એક પુસ્તક હતું 'History of Rome' જુલિયસ સીઝર ઉપર એક નાટક લખવાનો સંકલ્પ કર્યો ત્યારે આ પુસ્તક હાથમાં લેવાયું. સિઝર એક વર્ષ સુધી ઇજિપ્તમાં ક્લિયોપેટ્રા સાથે રહ્યો પણ લગ્ન માટે વશ ન થયો એ વિગતના સંશોધન માટે આ પુસ્તકનાં પાનાં ૨૦૧૧માં ફેરવાયાં.

'Uncle Tom's, Cabin' વાંચ્યા પછી ઘણા સમય સુધી મન ઉદ્વિગ્ન રહ્યું હતું. એની લેખિકા પ્રમુખ અબ્રાહમ લિંકનને વ્હાઇટ હાઉસમાં મળવા ગઈ

ત્યારે પ્રમુખે હૈયામાંથી નીકળતો ઉદ્ગાર કાઢ્યો હતો : 'Is this the little woman who caused so great a war ?!' ૧૮૬૩થી ૧૮૬૫ વચ્ચે અમેરિકાના આંતરવિગ્રહમાં આ પુસ્તકનો પણ મહત્ત્વનો ફાળો હતો એવો નિર્દેશ લિંકને આ ઉદ્ગાર દ્વારા કર્યો હતો. અમેરિકન પ્રજાના હબસીઓ ઉપરના અત્યાચાર વિશે, આ પુસ્તક વાંચ્યા પછી કદાચ બીજું કંઈ વધારે વાંચવામાં ન આવે તોપણ અમેરિકામાં હબસીઓની સ્થિતિ વિશેનું એક સુરેખ ચિત્ર નજર સમક્ષ આવ્યા વિના ન રહે.

રેડ ઇન્ડિયનોના ઇતિહાસને આલેખતું D. Brownનું પુસ્તક 'Burry my Heart at Wounded Knee' (વુન્ડેડની યુદ્ધભૂમિનું નામ છે) 'What Man has made of Man' સૂત્રને નજર આગળ સ્થિર જ કરેલું રાખે. Uncle Tom's Cabin તો સંવેદના હૃદયદ્રાવક બનીને મનને લાગણીથી અભિસિક્ત કરતું હતું પણ આ પુસ્તકમાં લેખકે યુરોપની પ્રજાઓ જે અમેરિકન પ્રજા બની રહી તેમણે અમેરિકાની મૂળ પ્રજા (રેડ ઇન્ડિયન્સ તરીકે જે ઓળખ પામી છે) પ્રત્યે શયતાનિયતનું ચરમ સીમાએ પહોંચેલું રૂપ આલેખીને અમેરિકન પ્રજાને બેનકાબ કરી મૂકી છે.

એક વખત અમેરિકાની આ મૂળ પ્રજા અમેરિકાની સમૃદ્ધ ભૂમિ ઉપર પૂરું આધિપત્ય ભોગવતી હતી. એ પ્રજાને યુરોપની પ્રજાઓ યુદ્ધમાં અદ્યતન શસ્ત્રોના જોરે એના મૂળ સ્થાનથી પશ્ચિમ તરફ ખદેડતી રહી. આ પ્રજાના યુરોપની પ્રજાઓ સાથેના સંઘર્ષ અને યુદ્ધની વિગતો એ પુસ્તકમાં છે. જલિયાંવાલા બાગની યાદ તાજી કરાવે એવી માનવસંહાર અને રક્તપાતની કેટલીક ઘટનાઓ પણ એમાં છે.

અમેરિકાની ભૂમિ ઉપર સૌપ્રથમ પહોંચનાર પરદેશી કોલંબસે આ પ્રજા વિશે એનાં ડચ રાજા-રાણીને આ લખ્યું હતું : 'So tractable, So peaceable, are these people that I swear to your Majesties there is not in the world a better nation. They love their neighbours as themselves, and their discourse is ever sweet and gentle and accompanied with a smile; and though it is true that they are naked, yet their manners are decorous and praiseworthy.'

કોલંબસની વાત સાચી છે. એને સાચી ઠરાવતાં ઘણાં ઉદાહરણો આ પુસ્તકમાં છે. અંગ્રેજપ્રજા જ્યારે ન્યુ ઇંગ્લૅન્ડ વિસ્તારમાં ઊતરી ત્યારે આ પ્રજાએ

એમની કેટલીક જરૂરિયાતો પૂરી પાડી. જમીન આપી અને ખેતી કરતાં શીખવ્યું.

આજે આ રેડ ઇન્ડિયન પ્રજા ક્યાં અને કેવા રિઝર્વેશન કન્ફાઈન્મેન્ટોમાં વસે છે એ જાણવું પણ મુશ્કેલ છે.

અહીં મારે એક વાતની સ્પષ્ટતા કરવી જોઈએ કે મેં આ લેખમાં મારી વાચનસામગ્રી તરીકે ઘણુંખરું અંગ્રેજી ભાષાનાં પુસ્તકોનો નિર્દેશ કર્યો છે. મારે નિખાલસપણે કબૂલવું જોઈએ કે ઉપર જણાવેલા આગલી પેઢીના અને એ પેઢીના બીજા કેટલાક લેખકો સિવાય ગુજરાતી લેખકોનું મારું વાચન નહીંવત્ કહી શકાય એવું છે. આની પાછળ રહેલાં કારણોમાં હું ઊતરવા ઇચ્છતો નથી છતાં આ ઉદાસીનતા પાછળની હકીકતરૂપે આ નોંધ અહીં કરું છું.

પલટાતી જનચેતનાના નામે કેટલાક વિવેચકોએ આધુનિક, અનુઆધુનિક (એમની આ વિભાવનાની ગણતરીના કોષ્ટક પ્રમાણે ચઢતી ભાંજણી માટે નવા શબ્દો પ્રયોજવા રહ્યા) વિશે અધિકારપૂર્વક લખતા હોય એમ લખવા માંડ્યું છે. એટલું જ નહીં, આધુનિકતાની કારિકાની વાત ન કરનારાને અભણ કહેવાનું જોર પકડાતું જાય છે. પણ આધુનિકતાના આ કડખેદ ભાઈઓનું ધ્યાન એ તરફ કેમ જતું નથી કે જે ખરેખરો સર્જક છે એ તો જ્યારે લખે છે ત્યારે જે-તે યુગની છબીને બરાબર પોતાની રચનાઓમાં પ્રતિબિંબિત કરે છે. એમાં પલટાયેલી યુગચેતનાને કોઈ નવું નામ આપવાની જરૂર જ ક્યાં છે? જે લેખક પોતે જે સમયની વાત કરતો હોય તે સમયની ચેતનાને સ્પર્શી ન શક્યો હોય તેને સર્જક-કલાકાર કેમ કહી શકાય? એટલે એમ કહી શકાય કે આધુનિક-અનુઆધુનિક વગેરે શબ્દવળગણો એક પ્રકારની વિચાર-રુગ્ણતાનાં પરિણામ છે.

ગુજરાતી સાહિત્યમાં હાલ ગઝલની જે ધોધમાર વૃષ્ટિ થઈ રહી છે એમાં નબળી કૃતિઓનો ઉભાર ચિંતાજનક છે. એવું અછાંદસ કાવ્ય વિશેનું છે. વાહિયાત અને તર્કશૂન્ય કલ્પનો અત્યારે ઉત્તમ કાવ્યમાં ખપવા લાગ્યાં છે. આપણે ત્યાં ટૂંકી વાર્તાના સંગ્રહોના સંપાદનમાં જે પ્રમાદ, વાર્તાઓ વાંચવાની કે સંપાદન માટે તેમને શોધવાની અને કોઈ પણ પૂર્વગ્રહ વિના બધા જ લેખકોને ઘટતો ન્યાય આપવાની વૃત્તિમાં જડતાભરી બેપરવાઈ અને ક્યારેક ટૂંકી વાર્તાના સ્વરૂપનું ઘોર અજ્ઞાન મૂલ્યહીન સંપાદનનું કારણ બને છે. ક્યારેક તો એવી છાપ ઊપસે છે કે સંપાદન વાર્તાઓનું નહીં પણ લેખકોના નામનું થાય છે. કાવ્ય કે વાર્તાઓનાં વર્ષવાર થતાં ચયનમાં ગુજરાતી સાહિત્યમાં પ્રવર્તતી

અરાજકતા ચરમ સીમાએ પહોંચેલી જોવા મળે છે. વિવેચનના ક્ષેત્રમાં પણ વર્તમાન સ્થિતિ કોઈ રીતે સુખદ કહી શકાય એમ નથી.

ગુજરાતી સાહિત્યમાં હાસ્યનું ક્ષેત્ર પોતે જ ઉપહાસનું કારણ બની રહ્યું છે. જીવનમાં અનુભવાતી હાસ્યપ્રેરક પરિસ્થિતિમાં કૃત્રિમતાનું ઉમેરણ કર્યા વિના, જરા સરખી પણ અતિશયોક્તિ વગર અને ભાષાને કૃત્રિમ સાધન બનાવ્યા સિવાય નિર્ભેળ હાસ્ય પ્રગટાવતું લખાણ આપનાર સર્જકો આપણે ત્યાં કેટલા ?

આ બધી સમસ્યા ખાસ પ્રકારના વાચકોની છે. બાકી તો, ઘણું લખાય છે, ઘણું છપાય છે, ઘણું વંચાય છે. પ્રકાશન સંસ્થાઓ પણ વધતી જાય છે. પ્રકાશકો વેચાણ માટેની અવનવી રીતો પણ જાણે છે. એટલે એમ જ કહો કે, 'God is in His heaven and all is well with the world.'

■

# ૩૧
# મારી સાહિત્યસર્જન યાત્રા

## ૧
## નવલકથા

મારી પહેલી નવલકથા 'હેતનાં પારખાં'નો ઘાટ જંગલમાં નાચતા મોર જેવો થયો. જંગલમાં મોર કળા કરે, ગમે તેટલું નૃત્ય કરે, પણ એને કોણ જુએ ? નવલકથા પ્રગટ થઈ. પણ એની ગતિ બજાર સુધી ન થઈ. એટલે એ ગુજરાતના આમ વાચક સુધી ન પહોંચી શકી. એનું પ્રકાશન 'પ્રકાશ સાહિત્ય ભંડાર'નું. એના માલિક પ્રકાશન ક્ષેત્રના અનુભવી ખરા, પણ પ્રકાશક તરીકે નવા. એમણે પ્રકાશન માટે એક નવલકથા એમને આપવા માટે મને વારંવાર આગ્રહ કરેલો. અપાર નિષ્ઠા એમના સ્વભાવનો ગુણ. મેં એમને 'તંતુબંધ' નામની નવલકથાની હસ્તપ્રત આપી. પ્રસન્ન તો થયા, પણ એમની વ્યાપારી દૃષ્ટિને આ નામ ન ગમ્યું. નામ બદલવા માટે એમનો ઘણો આગ્રહ. મેં નમતું મૂક્યું અને નવલકથાને બજારુ નામ મળ્યું – 'હેતનાં પારખાં'. મને એ નામ ગમતું નહોતું. આજે પણ ગમતું નથી.

નવલકથા છપાઈ. સરસ કાગળ, પ્રિન્ટિંગ પણ આંખને ગમી જાય એવું. અને નાયિકાનું ચિત્ર તો મુનિવરને ચળાવે એવું. પણ દુર્ભાગ્યે બન્યું એવું કે બિલનાં નાણાં ન ભરી શકવાના કારણે પુસ્તકની પ્રતો બાનમાં રહી. થોડી થોડી પ્રતો મેળવતા રહી પ્રકાશકે અમદાવાદમાં છૂટક છૂટક એનું વેચાણ કરવા માંડ્યું. અવલોકન માટે થોડા વિવેચકોને એની નકલો મળી હશે. વિવેચકો તરફથી થોડાં અવલોકન થયાં અને મને પણ કેટલાક પ્રતિભાવ મળ્યા. અનંતરાય રાવળે લખ્યું હતું : 'હેતનાં પારખાં' હું અઢી કલાકમાં વાંચીય ગયો... તમે વાચકોને એક નવા વસ્તુવાળી પ્રેમકથા આપી છે. જંગલની ભીલી જેવી બોલીનો ઉપયોગ

સારો અને વાતાવરણ જમાવે એવો કર્યો છે. નવલકથા સુવાચ્ય છે ને વાચકોને ખેંચી રાખે એવી છે. તખ્તસિંહ પરમારે લખ્યું હતું : 'સાદ્યંત રસપૂર્વક વાંચી શકાય એવી, સરસ વાર્તાપ્રવાહયુક્ત લીલી, હમીર અને જનમનના અંતરનો પરિચય કરાવતી પ્રથમ નવલકથા 'હેતનાં પારખાં' માટે અભિનંદન ! આ શિષ્ટાચાર નથી કરતો.' આકાશવાણી પર સમીક્ષા કરતાં જયંત જોષીએ કહ્યું હતું : 'આ પ્રણયકથામાં પ્રેમીપાત્રોનાં હૃદયની પાંખડીએ પાંખડી ખુલ્લી કરી, પ્રણયના વ્યક્ત-અવ્યક્ત ભાતભાતના પ્રવાહોનું દર્શન લેખક કરાવે છે. બરાબર પન્નાલાલની કોઈ જીવી કે રાજુ જેવી નારીની પ્રણયકથા હોય એવી પ્રણયકથા આ બની રહે છે... આ નારીનું પાત્ર કાવ્યલોકનું મધુર પાત્ર બની ગયું છે.' રમણલાલ પાઠકે લખ્યું : 'સરોજે હજી ચોવીસ કલાક નથી થયા ત્યાં વાંચીય કાઢી.' અને સરોજ પાઠકે પ્રતિભાવ આપતાં જણાવ્યું, 'પન્નાલાલની વાર્તાઓનું સ્મરણ થઈ જાય એવું વાતાવરણ છે, હોં !' ભોળાભાઈએ ઈ. સ. ૨૦૦૦માં આ નવલકથા વિશે લખ્યું : 'આજે પણ આ નવલકથા વાચકને તૃપ્ત કરે એવી સાહિત્યકતાથી રસાન્વિત છે.'

ઈ. સ. ૧૯૫૭માં પ્રકાશિત થયેલી આ નવલકથાની સફળતા પાછળ જંગલ અને આદિવાસી પ્રજાનો પ્રત્યક્ષ પરિચય ખરો. અમારું સંયુક્ત કુટુંબ. ઈ. સ. ૧૯૫૪-૫૫માં ધંધાર્થે દાંતાના જંગલની રેન્જની કેટલીક પેદાશોનો ઠેકો રાખેલો. હું વૅકેશનમાં ત્યાં જતો. મુનીમ સાથે ઊંટ પર સવારી કરીને જંગલનાં અંતરિયાળ ગામડાંમાં જતો. એ રીતે ત્યાંની પ્રજાને નજીકથી અવલોકવાનું બન્યું હતું.

'હેતનાં પારખાં' પછી 'ખાલી ખેપ' નવલકથા રચાઈ. એક ટાઇમ-કૅપ્સ્યૂલ ! મનમાં એક તરંગ ઊઠ્યો – માનવસમાજ બદલાતો રહે છે – આચારવિચાર, રીતરિવાજ, ખોરાક, પહેરવેશ... ઓગણીસમી સદીના માનવસમાજને નવલકથાના ટાઇમ કૅપ્સ્યૂલમાં કેમ ન ભંડારી દેવો ? અને એ યુગનો માનવસમાજ 'ખાલી ખેપ'માં યથાતથ આલેખાયો. મળેલા પ્રતિભાવો પ્રમાણે આ કથાનો પ્રવાહ 'હેતનાં પારખાં'ની વાર્તા કરતાંય વધારે ખેંચી રાખે એવી પકડવાળો હતો. એની ખપત એટલી થઈ કે એની બાકી રહેલી એક પ્રત સાચવી રાખવા માટે ખાસ તકેદારી રાખવી પડી.

મારી ત્રીજી નવલકથા 'અંતિમ દીપ' એક ઐતિહાસિક રચના. અણહિલપુરના ધ્વંસને કેન્દ્રમાં રાખીને નવલકથા લખવી હતી. આ ધ્વંસનો સમય એટલે કર્ણદેવ વાઘેલાનો રાજ્યકાળ. ફક્ત ત્રણ વર્ષનો એ રાજ્યકાળ.

એક નગરના ધ્વંસની વાત એટલે રાજા કર્ણદેવ કરતાં બીજું ઘણું બધું કથાના વસ્તુરૂપે આવે. આ એક મોટું કાર્ય હતું. ઇતિહાસ માટે પહેલેથી જ રુચિ ખરી. બી.એ.માં મુખ્ય વિષય તરીકે ઇતિહાસ (ઑનર્સ) રાખેલો. જરૂરી સંશોધન માટે ભરપૂર માત્રામાં સાહિત્ય ઉપલબ્ધ હતું. ઇતિહાસના ગ્રંથો તો ખરા, પણ એમાંની વિગતોની ખરાઈ માટે રા. ચુ. મોદીના બે લેખસંગ્રહો, ધર્મારણ્ય ગ્રંથ, હેમ સારસ્વત ગ્રંથ, રસિકલાલ પરીખની કાવ્યાનુશાસનની લગભગ ૨૫૦ પાનાંની પ્રસ્તાવના, રત્નમણિરાવના સાંસ્કૃતિક ઇતિહાસના ત્રણ ખંડ, ભોગીલાલ સાંડેસરાના કેટલાક લેખ વગેરે ઉપરાંત એ સમયની પ્રજા, એના રીતરિવાજ, ઉત્સવ, આવાસો, ધર્મસ્થાનો નગરરચના, શિલ્પસ્થાપત્ય વગેરેની જાણકારી માટે દ્વયાશ્રય, કીર્તિકૌમુદી, પ્રબંધચિંતામણિ, નાભિનંદનોદ્ધાર પ્રબંધ, મોહરાજ પરાજ્ય નાટક, મોટો કુમારપાળ રાસ, રાજવલ્લભ, અપરાજિતપૃચ્છા, પાટણ ચૈત્ય પરિપાટી વગેરે અનેક ગ્રંથો મારા માટે સંદર્ભસામગ્રી બની રહ્યા. આ ઉપરાંત ઉપમિતિ ભવપ્રપંચા પરની ટીકાનો શ્રી કાપડિયાનો દળદાર ગ્રંથ ઝીણવટપૂર્વક વાંચ્યો અને આચાર્ય હેમચંદ્ર રચિત ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના ગુજરાતી અનુવાદના દસ ગ્રંથોનો અભ્યાસ એ હેતુથી કર્યો કે પુસ્તકોમાંની વિગતનો સમય જુદા યુગોનો હોવા છતાં, જેમ પ્રેમાનંદનાં આખ્યાનોમાં ગુજરાતી સમાજની છબી ઊપસે છે તેમ આચાર્ય હેમચંદ્રના લખાણમાં સોલંકીયુગનો લોકલ કલર હોવાનો સંભવ ઉપયોગી નીવડે.

ગુજરાતી વાચક જે પ્રકારની ઐતિહાસિક નવલકથાઓ વાંચીને સંતુષ્ટ હતો અને એમને વારંવાર વાંચીને આનંદ માણતો હતો તેના કરતાં સાવ જુદા પ્રકારની નવલકથા એની આગળ ધરવામાં મોટું સાહસ હતું. એક પડકાર જ.

ગુજરાતી સાહિત્યમાં લખાયેલી બધી ઐતિહાસિક નવલકથાઓ મેં વાંચી હતી એમ તો નહીં કહું, પણ જે વાંચી હતી તે મોટા ભાગે ઐતિહાસિક નવલકથાઓ નહીં પણ રોમાન્સના સ્વરૂપની હતી. ઐતિહાસિક નવલકથા અને રોમાન્સની ભેદરેખા બહુ પાતળી છે. એડવર્ડ આલ્બર્ટે એ વાત આ રીતે સ્પષ્ટ કરી છે :

'...broadly speaking, we may day that the romance depends for its chief interest on incident and adventure, whereas the novel depends more on the display of eharacter and motive.'

મારે મારી કથાને રોમાન્સનો ઘાટ આપવો નહોતો. પાત્રો પાસે માનવીની શારીરિક શક્તિ બહારનાં સનસનાટીભર્યાં સાહસ કરાવવાં નહોતાં.

પૂરા અભ્યાસ અને જરૂરી સંશોધન પછી મેળવેલી ઐતિહાસિક હકીકતોને

જરા પણ વિકૃત કર્યા સિવાય એમને મારી નવલકથામાં આલેખવાનો મારો નિર્ણય હતો. વળી, કથામાં ઇતિહાસના પ્રમાણ બાબતમાં પણ હું ચોક્કસ હતો. આપણા કેટલાક સર્જકોમાં એવો ખ્યાલ પ્રવર્તે છે કે નવલકથા એ ઇતિહાસ નથી એટલે ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ ભોજનમાં મીઠાના પ્રમાણ જેટલું હોય તો ચાલે. આ ખ્યાલ મને હાસ્યાસ્પદ લાગ્યો છે. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ ભોજનોમાં ખાદ્ય પદાર્થના પ્રમાણ જેટલું હોવું જોઈએ એવો મત હું ધરાવું છું. ઇતિહાસની રસાત્મકતામાં અવિશ્વાસ રાખવાની જરૂર નથી.

પૂરતી તૈયારી પછી નવલકથા લખી અને નામ આપ્યું 'અંતિમ દીપ' – ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કર્ણદેવ.

નવલકથા 'ગુજરાત સમાચાર' ઉપર મોકલી. એ વર્ષોમાં 'ગુજરાત સમાચાર'માં ગુણવંતરાય આચાર્ય અને ઈશ્વર પેટલીકરની નવલકથાઓ ધારાવાહિક રૂપે વારાફરતી આવ્યા કરતી. આ ગઢમાં ગાબડું પડવાની શક્યતા જણાતી નહોતી છતાં નવલકથા મોકલવાનું સાહસ કર્યું હતું. વળી, એ દિવસોમાં ગુણવંતરાય આચાર્યની સોલંકીકાળની ઐતિહાસિક નવલકથા ચાલતી હતી.

થોડા દિવસ પછી કપિલરાય મહેતાનો કાગળ મને મળ્યો. એમાં ચુનીલાલ વર્ધમાન શાહની સલાહ અનુસાર ગુણવંતરાયની નવલકથા પૂરી થાય એ પછી તરત 'અંતિમ દીપ' પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો હોવાના સમાચાર હતા. આશ્ચર્ય તો એ વાતનું હતું કે એક ઐતિહાસિક નવલકથા પછી તરત બીજી ઐતિહાસિક નવલકથા પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો હતો.

'ગુજરાત સમાચાર'માં આ નવલકથા પૂરી થઈ એ પછી ફરી કપિલરાય મહેતાનો પત્ર મને મળ્યો. એમાં નવલકથા ખૂબ વંચાઈ હોવાના સમાચાર હતા.

લેખક તરીકે ધારણા કરતાં વધારે પ્રતિષ્ઠા મળી. આના કારણે જ કદાચ, ઈ. સ. ૧૯૫૯માં જૂના મુંબઈ રાજ્ય તરફથી વિદર્ભમાં ચાલતી વિવિધલક્ષી યોજનાઓનું અવલોકન કરવા ૧૫ દિવસના પ્રવાસના આયોજનમાં ગુજરાતના પસંદ કરવામાં આવેલા ૧૫ મૂર્ધન્ય સાહિત્યકારોમાં મને પણ સ્થાન મળ્યું હતું.

જેમાં રાજા, લશ્કર અને યુદ્ધ હોય તેને જ ઐતિહાસિક નવલકથા કહેવાય એવો આપણો ખ્યાલ હોય તો તે એક ભ્રમ છે. પ્રજાની કોઈ ધ્યેય કે લક્ષ માટેની લડત ઐતિહાસિક નવલકથાનું વસ્તુ બની શકે. આપણી આઝાદી માટેની ચળવળ ઉપર રચાયેલી, નવલકથાઓને ઐતિહાસિક નવલકથાઓ ગણી શકાય. આ રીતે મારી 'રણમાં છાઈ શ્યામ ઘટા', 'ભવપ્રપંચ' અને 'ડેડ એન્ડ' ઐતિહાસિક નવલકથાઓ છે.

૧૯૪૨ની ચળવળ વખતે હું મૅટ્રિક્યુલેશન વર્ગમાં હતો અને પછી ચળવળનો અંત આવ્યો ત્યાં સુધી કૉલેજમાં. એ ચળવળમાં ગજા પ્રમાણે ભાગ લીધો અને ઘણું નજરે જોયું. 'રણમાં છાઈ શ્યામ ઘટા' અને 'ડેડ એન્ડ', '૪૨ના આઝાદીના જંગ ઉપર રચાયેલી કથાઓ છે. અને 'ભવપ્રપંચ' ૧૯૩૫થી ૧૯૩૮ સુધીનાં વર્ષોના રાષ્ટ્રીય ભાવનાથી સંયુક્ત વાતાવરણને આલેખતી નવલકથા છે. 'ડેડ એન્ડ'માં ચળવળનું વાસ્તવિક મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન થયો છે એ ચળવળની ફળશ્રુતિરૂપે દેશમાં રાષ્ટ્રભાવનાની જ્યોત સંકોરાઈને વધારે તેજસ્વી બની, ઉત્સાહને બુલંદી મળી, પણ હાથમાં પકડેલું ફળ તોડી લઈ શકાય એ પહેલાં છટકી ગયું. સફરે નીકળેલો કાફલો મંજિલ સુધી પહોંચે એ પહેલાં કોઈ આંધીમાં ગૂંચવાયો અને એનો માર્ગ જ જાણે ખોવાઈ ગયો ! આના કારણે જ નવલકથાનું નામ 'ડેડ એન્ડ' અપાયું.

ઈ. સ. ૧૯૬૦માં 'અંતિમ દીપ'ના પ્રકાશન પછી એક આશ્ચર્યકારક થોભ આવ્યો. લેખક જીવનનો એક અણધાર્યો વળાંક. સુખ અને સમૃદ્ધિમાં આળોટતો કોઈ યુવાન એકાએક સંન્યસ્ત કે દીક્ષા લે એવું જ કંઈક બન્યું. 'અંતિમ દીપ'ના સર્જન પછી ૧૫ વર્ષ સુધી મેં એક પણ નવલકથા ન લખી. ૧૫ વર્ષનો અવકાશ સાહિત્ય-કારકિર્દી પર શી અસર કરે એ સમજી શકાય એવું છે.

બન્યું હતું એવું કે ઈ. સ. ૧૯૬૧માં અમદાવાદની પ્રકાશ આર્ટ્સ ઍન્ડ એજ્યુકેશન કૉલેજમાં બંને ફેકલ્ટીઓમાં કામ કરવાની શરતે મેં અધ્યાપક તરીકેની નિમણૂક લીધી હતી. એ જ વર્ષે કડીની સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જવાનું થયું. વિવિધલક્ષી શાળાનું આચાર્યપદ, ૪૦૦ કરતાં વધારે શાળાઓના સંઘની કાયમી મંત્રી તરીકેની જવાબદારી, ત્રણ છાત્રાલયોના એક જ રસોડે એકસાથે જમતા ૩૫૦ કરતાં વધારે છાત્રોના મુખ્ય ગૃહપતિ તરીકેની કામગીરી, તાલુકા કક્ષાનાં કેટલાંક મંડળોનું પ્રમુખપદ – આવી આવી કેટલીક જવાબદારીઓ હેઠળ દબાયેલા રહેવાના કારણે નિરાંતે નવલકથા લખવાનો અવકાશ મેળવવો મુશ્કેલ હતો. એમાં વળી ૧૯૬૫થી યુનિસેફ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સર્વ વિદ્યાલયના સંયુક્ત સાહસના પ્રિવોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના માનદ પ્રિન્સિપાલ તરીકે કામ કરવાની જવાબદારી આવી પડી. નવલકથા-લેખન બંધ થયું. એ અરસામાં પીતાંબર પટેલ સંસ્થાના મંત્રીઓ પૈકી એક હતા. એક દિવસે એમણે મીઠો ઠપકો આપતાં મને કહ્યું : 'બધું ચાલશે, પણ તમે નવલકથા ન લખો તે નહીં ચાલે. તમારે 'સંદેશ' માટે નવલકથા લખવાની છે.' એ વર્ષોમાં 'સંદેશ' માટે પીતાંબર પટેલ નવલકથાઓ પસંદ કરતા

હતા. 'સાંજ ઢળે, સૂના માળા' લખાઈ. એ પછી 'સંદેશ' માટે નવલકથાઓ લખવાનો આગ્રહ થતો રહ્યો અને 'જલતા હિમગિરિ' અને 'શમણાં ન લાગે હાથ' લખાઈ.

'શમણાં ન લાગે હાથ' માદક દ્રવ્યોના સેવનના રવાડે ચઢીને જીવન બરબાદ કરી મૂકતા યુવાનોને અનુલક્ષીને રચાયેલી કથા છે. 'લાઈફ' મૅગેઝિનમાં માદક દ્રવ્યો (મારીજુઆના-ગાંજો, હાશિશ, એલ.એસ.ડી. વગેરે) ઉપર છપાતા લેખો વાંચવામાં આવેલા. આવાં દ્રવ્યોના રવાડે ચઢ્યા પછી એમાંથી છૂટવા માટે જીવતોડ પ્રયત્ન કરી રહેલા રવીન્દ્રસિંઘ નામના યુવાનનું 'કન્ફેશન ઑફ અ ડ્રગ એડિક્ટ' પુસ્તક વાંચવામાં આવ્યું. દ્રવ્ય કોઠે પડી જતાં એની અસર બરાબર થતી રહે એ માટે ઉત્તરોત્તર દ્રવ્યની માત્રા વધારતા જતા વ્યસનીને દ્રવ્ય મળતું બંધ થાય ત્યારે એના શરીરની છત્તરવત્તર જેવી થતી દશા અરેરાટી ઉપજાવે એવી હોય છે એ સમજાયું અને 'શમણાં ન લાગે હાથ'ની રચના થઈ.

'નયન શોધે નીડ' છાત્રાલય જીવન આધારિત નવલકથા છે. છાત્રાલય એટલે વિવિધ પ્રદેશના, વિવિધ કુટુંબોમાંથી વિવિધ સંસ્કારો લઈને આવતા, ક્યારેક ઘરમાં ઉપદ્રવી નીવડેલા (પ્રૉબ્લેમ ચિલ્ડ્રન), જુદાં જુદાં વયગ્રૂપના કિશોરો અને તરુણોનો સહનિવાસ. ક્યારેક ગામવાર, ક્યારેક જ્ઞાતિવાર, ક્યારેક ધોરણવાર જૂથમાં છાવણીના રૂપમાં ફેરવાઈ જાય, ક્યારેક યુગ્મરૂપે તો ક્યારેક જૂથબંધીમાં ઝઘડે, રખડવાના, ચોરીના બનાવો પણ બને. એકાએક માંદા પડી જવાના, પડવા-આખડવાના બનાવો બનતા રહે. વિવિધ પ્રકારનાં રાજકીય આંદોલનો, કોમી રમખાણો, કુદરતી આફતો વખતે છાત્રોની સલામતી બાબતે મન ઉપર એક પ્રકારનો ભાર રહે. એક પ્રકારની અગ્નિપરીક્ષા જ. અલબત્ત, બાળકોના વિકાસ અને ઘડતરની આનંદમય ઘટનાઓ પણ પાર વગરની. ચિત્ત ઉપર એની કશી તાણ નહીં.

'નયન શોધે નીડ'ની જેમ 'બંધન' નવલકથા પણ પ્રત્યક્ષ અનુભવના આધારે રચાઈ. અમેરિકામાં સ્થાયી થયેલા સંસ્થાના ૧૦૦ કરતાં વધારે છાત્રો તરફથી વારંવાર આગ્રહ થતાં બે વખત અમેરિકા જવાનું થયેલું. કુલ ત્રણેક મહિનાના ગાળામાં ત્યાંનાં ૧૭ જેટલાં રાજ્યોમાં ફરવાનું થઈ શક્યું હતું. માત્ર અર્થોપાર્જનની લાલસાથી અમેરિકા તરફની અવિચારી દોટ, અમેરિકામાં જન્મીને ત્યાંની આબોહવામાં ઊછરેલાં સંતાનોના આચાર-વિચારને લીધે તેમ જ એમનાં લગ્ન બાબતે ઊભી થતી સમસ્યાઓ વગેરેને વસ્તુ બનાવી 'બંધન'નું સર્જન કર્યું છે.

કોઈ પૂછે, 'તમારી પસંદગીની નવલકથા કઈ ?' તો હું ક્ષણના પણ વિલંબ વિના કહી દઉં – બે ભાગમાં પથરાયેલી 'ભાસ-આભાસ' અને 'રઝળપાટ'.

'ભાસ-આભાસ'ની નાયિકા એક બહેનપણીને બ્લૅકમેઇલ કરીને એના પર સતત બળાત્કાર કરતા એક માણસની હત્યા કરવામાં સહાય કરે છે. પણ પુરાવાના અભાવે એ નિર્દોષ છૂટી ગઈ છે. માનવહત્યાના આરોપમાં સંડોવાયેલી સ્ત્રી નિર્દોષ છૂટી જાય તોપણ એનું શેષ જીવન રફેદફે થઈ જાય છે. મહિષાસુર-મર્દિનીને આપણે ભક્તિભાવે પૂજીએ છીએ પણ ગુંડા જેવા અસામાજિક તત્ત્વને ખતમ કરનાર સ્ત્રીને આપણે ક્યાંયનીય રહેવા દેતા નથી. આવી 'ભાસ-આભાસ'ની નાયિકાના શેષજીવનના રઝળપાટની કહાણી આ નવલકથામાં છે. કથામાં મોટા ઉદ્યોગ, ઊર્જા વગેરેની તાત્ત્વિક અને ઝીણવટભરી ચર્ચાઓ પણ સમાવિષ્ટ છે.

થોડું ભાષાકર્મ વિશે ભાષા અને સાહિત્યનો ધર્મ એક. પ્રત્યાયન (કૉમ્યુનિકેશન). પણ સાહિત્ય આગળ ભાષા વામણી. સર્જકના વિસ્તાર પામેલા ચિત્તમાં નિર્માણ પામેલી આત્માની કલારૂપ સૃષ્ટિને યથાતથ વર્ણવવાનું ભાષાનું ગજું કેટલું ? છતાં, સર્જક ભાષાના સાધન દ્વારા એ સૃષ્ટિને પોતાની કૃતિમાં આલેખવા મથામણ કરે છે. પ્રત્યેક સર્જકની આ મથામણ ભિન્ન એટલે પ્રત્યેક લેખકની શૈલી પણ ભિન્ન હોવાની. શૈલી વિશેની મારી મથામણની વાત કહું એના કરતાં ઈ. સ. ૧૯૮૨ના ઑગસ્ટ માસના અંકમાંની નોંધનો એક અંશ અહીં પ્રસ્તુત કરું : 'મોહનલાલ પટેલને માત્ર લેખક કે વાર્તાકાર કહેવાથી પૂરતો ન્યાય નહીં થાય. આ કલાકાર પાસે બે સિદ્ધિઓ છે. ભાષાશૈલીની અદ્‌ભુત સરળતા અને લાઘવનું લાવણ્ય.'

અત્યાર સુધી પ્રગટ થયેલી મારી ૨૦ નવલકથાઓમાંથી 'હેતનાં પારખાં' સિવાય સઘળી રચનાએ 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'સમભાવ', 'પ્રભાત' અને 'હમ લોગ' દૈનિક સમાચારપત્રોમાં પ્રગટ થયેલી છે. ધારાવાહિકરૂપે પ્રગટ થતી નવલકથાઓ માટે એક એવો મત પ્રચલિત છે કે આ પ્રકારની નવલકથાઓ સામાન્ય માનવીના મનોરંજન માટે લખાતી હોવાથી કલાકૃતિની કક્ષા સુધી પહોંચી શકતી નથી. એમાં વાર્તાની પકડ ઝાઝી, પણ જીવન ફિલસૂફી ઓછી. બધી ધારાવાહિક નવલકથાઓ માટે આવું મંતવ્ય ધરાવવું બરાબર નથી. મારી 'સાંજ ઢળે' અને 'જલતા હિમગિરિ' નવલકથાઓ વાચકના મનોરંજન માટે લખાઈ એ ખરું, પણ અન્ય કથાઓમાં ઇતિહાસ, રાજકારણ, શિક્ષણ, સંસ્કૃતિ, ઉદ્યોગ, ઊર્જા વગેરે જીવનને લગતાં અનેક ક્ષેત્રોને સ્પર્શતા વિચારોની છણાવટ

થયેલી છે. મારી નવલકથાઓ કેટલે અંશે કલાકૃતિ બની શકી છે એ તો જેણે મારા નામે સંપાદિત થયેલો અધ્યયનગ્રંથ વાંચ્યો હશે એ જાણતા જ હશે. ધારાવાહિકરૂપે લખાઈ હોવા છતાં 'લાંછન', 'ડેડ એન્ડ' અને 'બંધન' ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદનાં શ્રેષ્ઠ પુસ્તકો માટેનાં પારિતોષિકો મેળવી ચૂકી છે.

નિવૃત્તિકાળમાં સમય તો મળી રહે છે. લખવાની ક્ષમતા પણ ટકી રહી છે છતાં હમણાં ફરી એક વાર નવલકથા લખવા ઉપર થોભ આવી ગયો છે. કારણ મનમાં રાખવાં છે. કોઈને દોષ દેવાથી સ્થિતિ સુધરી જતી નથી.

## ૨
## ટૂંકી વાર્તા

ઈ. સ. ૧૯૪૮ના આરંભમાં એક દિવસ વ્રજલાલ દવે અને મહેન્દ્ર દવે અમદાવાદના મારા નિવાસસ્થાને આવ્યા. એમણે વાર્તામાસિક 'માનસ-સુધા' માટે મારી પાસે વાર્તાની માગણી કરી. આ દવે ભાઈઓ, શંકર જોશી અને હું ઘણી વાર સાહિત્યગોષ્ઠીમાં ચર્ચા તો ઘણી કરતા હતા, પણ મેં વાર્તા લખી નહોતી. આ મિત્રોના આગ્રહવશ મેં વાર્તા લખવાનું સ્વીકાર્યું. 'ભૂરું કાર્ડ' નામની વાર્તા લખી અને તે 'માનસ-સુધા'ના ઑગસ્ટ, ૪૮ના અંકમાં પ્રગટ થઈ. એક પત્ની પોતાના વર્તમાન દામ્પત્યને કથળવા દીધા વિના માત્ર એક રમતમાં ઊતરી હોય એમ પતિનાં કેટલાંક વલણો, કેટલીક ઉક્તિઓ, કેટલીક ચેષ્ટાઓ, કેટલાક ગમા-અણગમા, કેટલાક આગ્રહો, કેટલાક નિર્ણયો પરથી એક હાયપોથિસિસના આધારે પતિની પહેલી પ્રીતનો સ્ફોટ આ રીતે કરે છે : 'તમે એક છોકરીના પ્રેમમાં હતા. મહાબળેશ્વરમાં એક તાલીમ કૅમ્પમાં તમે એની સાથે પરિચયમાં આવ્યા હતા. પરિચયે મૈત્રીનું રૂપ પકડ્યું હતું. પ્રેમ જ સમજો. એક વખત કોઈ સમજફેર (આ મારું અનુમાન છે) થતાં. તમારો સંબંધ પૂરો થયો...'

'આટલા પરથી અમારી વચ્ચે પ્રેમ-સંબંધ હતો એમ કેમ માની લઈ શકાય ?'

'એનો પુરાવો પ્રત્યેક મહિનાના પહેલા અઠવાડિયામાં મળી જાય છે.'

'કયાં આધારે ?'

'દર મહિને નામઠામ અને લખનારની સહી વગરનું એક ભૂરા રંગનું કાર્ડ તમારા ઉપર આવે છે. એ કાર્ડમાં ફક્ત જીવન-ફિલસૂફીનો એક વિચાર લખેલો હોય છે. એમાં કશું છુપાવવા જેવું ન હોવા છતાં તમે એને છુપાવતા રહો છો.

સામેની વ્યક્તિની ઘણા વખતથી નિયમિત બની રહેલી પ્રવૃત્તિ (હું તો એને ચેષ્ટા જ કહું) આશ્ચર્યકારક અને નોંધપાત્ર હોવા છતાં તમે મને એનાથી અંધારામાં જ રાખી છે. આનાથી વધારે પ્રતીતિકર બીજો કયો પુરાવો હોઈ શકે ?'

વાર્તાનું આધારબિન્દુ અતીતમાં છે અને એ માત્ર સંકેત રૂપે રહે છે. વાર્તા એ સમયની દૃષ્ટિએ નવી શૈલીએ લખાઈ હતી.

'ભૂરું કાર્ડ' તો ફક્ત પ્રાઇવેટ સર્ક્યુલેશન માટેના માસિક માટે લખાઈ હતી. પણ ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં મારો જાહેર પ્રવેશ તો સપ્ટેમ્બર, ૧૯૪૯ના 'નવચેતન'ના અંકથી થયો. પૂરા ઠાઠ સાથેનો એ પ્રવેશ ! કાળી શાહીમાં છપાયેલા એ અંકમાં બ્લૂ શાહીમાં, પ્રથમ ક્રમે અને કનુ દેસાઈ તથા કલાબ્ધિ જેવા એ વખતના ખૂબ જાણીતા કલાકારોનાં ચિત્રો સાથે એ વાર્તા પ્રકાશિત થઈ હતી. 'બહાદર' એ વાર્તાનું નામ. રાત્રિના નવ વાગ્યા પછી વહેલી સવાર સુધી અને એ પછી લગભગ બપોરના એક વાગ્યા સુધી યાત્રાળુઓને ચાંદોદથી અનસૂયા સુધી નર્મદાના જળ ઉપર હોડીમાં લઈ જવા અને પરત લાવવા માટે બહાદર અને તેનો દીકરો સખત પરિશ્રમ કરતા. થોડા મહિના પહેલાં બહાદરે તેના દીકરાને પરણાવ્યો હતો. બાપ હવે વૃદ્ધ થયો હતો. એટલે એકલા હાથે કામ કરવા જેટલું એના બાવડામાં બળ નહોતું. હોડી પર દીકરાની હાજરી અનિવાર્ય હતી. દીકરાનું લગ્નજીવન વેડફાતું જોઈને દુઃખી બાપની આંતરવેદનાની આ કથા છે. એક વખત જેને પ્રાણપ્રિય ગણતો એ હોડીને આ વૃદ્ધ બાપ હવે એને એક દુશ્મનની નજરે જોતો થયો છે.

એ જ વર્ષમાં (૧૯૪૯) કુમારના તંત્રી બચુભાઈ રાવતનો પત્ર મળ્યો : 'તમે જે કંઈ લખ્યું હોય તે લઈને કુમાર કાર્યાલયમાં આવો.' બચુભાઈનો આવો અણધાર્યો પત્ર વાંચીને મને આશ્ચર્ય થયું. પછી મને જાણવા મળ્યું કે મારી સાથે રહેતા મારા મિત્ર રાવજી (પેલા જાણીતા કવિ, વાર્તાકાર, નવલકથાકાર નહીં, પણ આ ફક્ત કવિ રાવજી)એ મારી જાણ બહાર મેં લખેલી બે-ત્રણ વાર્તાઓ કુમાર કાર્યાલયમાં પહોંચાડેલી. મિત્રની આ ચેષ્ટાનું પરિણામ તે બચુભાઈનો પત્ર.

હું બચુભાઈને મળ્યો. મારી વાર્તાઓ 'કુમાર'માં છપાવા લાગી. ઈ. સ. ૧૯૫૦માં 'કુમાર'માં પ્રગટ થયેલી વાર્તાઓમાં શ્રેષ્ઠ વાર્તા માટેનું પારિતોષિક મારી વાર્તા 'ચક્રવત્પરિવર્તન્તે'ને મળ્યું.

૧૯૫૪માં મારો પ્રથમ વાર્તાસંગ્રહ 'હવા ! તુમ ધીરે બહો !' પ્રગટ થયો.

વર્તમાનપત્રો અને સામયિકોમાં એને ૨૦ જેટલાં અવલોકન મળ્યાં. 'જયહિન્દ' દૈનિક પત્રે તો આઠ કૉલમનું હેડિંગ બાંધીને એના વિશે લખ્યું હતું.

દૈનિક પત્રો અને સામયિકોએ આ સંગ્રહની વાર્તાઓનાં વસ્તુવૈવિધ્ય, રસવૈવિધ્ય, જીવનરહસ્યનું આલેખન (સાહિત્યપદાર્થ) પાત્રાલેખન, આયોજનકળા, શૈલી વગેરે જુદાં જુદાં પાસાંઓ ઉપર વિગતે પ્રકાશ પાડીને સંગ્રહને ખૂબ બિરદાવ્યો. વસ્તુ વૈવિધ્યની દૃષ્ટિએ 'હવા ! તુમ ધીરે બહો !'ની વાર્તાઓ કેવી રીતે જુદી પડતી હતી તે સંગ્રહની પહેલી વાર્તા 'ભૂતકાળ વિનાનો માનવી' તપાસતાં સમજાશે. વાર્તાનો નાયક રણછોડ પછાત વર્ગનો એક દલિત યુવાન છે. કહેવાતા સવર્ણ વર્ગ તરફથી સહન કરવી પડતી યાતનાઓના કારણે આ યુવાન angry youngman બની ચૂક્યો છે. કહેવાતા ઊંચા વર્ગના લોકો સાથેના સંબંધોનો એણે છેડો ફાડી નાખ્યો છે. ઘોડાગાડી ભાડે ફેરવીને એ જીવનનિર્વાહ કરે છે. એક દિવસ એનો એક વખતનો સહાધ્યાયી મિત્ર કલકત્તાથી વતન આવ્યો છે. ટ્રેનના ડબામાંથી સામાન ઊતરાવીને પ્લૅટફૉર્મ પરથી બહાર આવતાં એને વાર લાગી. બધી ઘોડાગાડીઓ ઉતારુઓને લઈને ચાલી ગઈ છે. ફક્ત રણછોડની ખાલી ગાડી ઊભી છે. કલકત્તાથી આવેલો મિત્ર રણછોડને ઓળખી લે છે અને એની ગાડીમાં બેસે છે. રસ્તે જતાં એ પ્રેમ અને ઉમંગથી શાળાજીવનનાં સંસ્મરણો તાજાં કરવા કેટલીક ઘટનાઓને યાદ કરે છે. પણ રણછોડ તો આ માણસને જાણતો જ ન હોય એમ વર્તે છે. મિત્રને એના ઠેકાણે ઉતાર્યા પછી ખાલી ગાડી લઈને પાછો ફરી રહેલો રણછોડ શેરીનો ખૂણો વટાવ્યા પછી આંખ લૂછે છે.

આ વાર્તા લખાઈ એ વર્ષોમાં દલિત સાહિત્ય કે દલિત વાર્તાનું નામ ક્યાંય ગાજતું નહોતું. 'ભૂતકાળ વિનાનો માનવી' એક દલિત વાર્તા હતી એટલું જ નહીં પણ એનાં રચનાવિધાન અને સાહિત્યપદાર્થ આજની દલિત વાર્તા કરતાં ભિન્ન હતાં. એમાં કોઈ પ્રકારના સિતમનાં રોદણાં કે આક્રોશનું આલેખન નથી પણ એક ખુમારીવાળો માણસ આલેખાયો છે.

'હવા ! તુમ ધીરે બહો !'માં 'માલ વિનાનો જીવનયાત્રી' એક અકિંચન અને ફક્કડ-અલગારી માણસની કથા છે. વસ્તુની દૃષ્ટિએ એ સમયમાં રચાતી પરંપરાગત વાર્તાઓ કરતાં જુદી છે. ફ્રાન્સિસ વિવિથનનું આ મંતવ્ય, 'With or without your kind permission I will kick the word 'plot' right into the sea hoping that, it will sink and never reappear.' 'માલ વિનાનો જીવનયાત્રી' વાર્તા લખી એ પહેલાં વાંચવામાં આવ્યું હતું કે

એ પછી એ યાદ નથી પણ આ વાર્તામાં પ્લૉટ નથી. માત્ર માણસ છે ગરીબ છે, પણ આનંદનો વૈભવ સાથે રાખીને એક ધનાઢ્ય આદમીની જેમ હરેફરે છે.

આ સંગ્રહમાંની 'ઑતમ જોશી' વાર્તા હાસ્યકથા રૂપે નિરૂપાયેલી વાર્તાનો નવતર પ્રયોગ છે. રમણલાલ દેસાઈના તંત્રીપદે ચાલતા માસિક 'નાગરિક'માં એ પ્રકાશિત થઈ હતી.

'હવા ! તુમ ધીરે બહો !'ના પ્રાકટ્ય પછી ઈ. સ. ૧૯૫૬માં 'વિધિનાં વર્તુળ', ૧૯૫૮માં 'ટૂંકા રસ્તા' અને ૧૯૬૬માં 'મોટી વહુ' વાર્તાસંગ્રહો પ્રગટ થયા. 'વિધિનાં વર્તુળ' અને 'ટૂંકા રસ્તા'ની વાર્તાઓ 'હવા ! તુમ ધીરે બહો !' સંગ્રહની વાર્તાઓની ઘરેડની છે પણ 'મોટી વહુ' સંગ્રહમાં લાંબી ટૂંકી વાર્તાઓ સમાવિષ્ટ છે. એ સંગ્રહની વાર્તાઓને પરંપરાગત વાર્તાઓ કહી શકાય. એ વાર્તાઓ ઉપર શરદબાબુની શૈલીનો પ્રભાવ કદાચ જોઈ શકાય. એમાંની 'ઝબલ' વાર્તા પીતાંબર પટેલના સંપાદન નીચે ચાલતા સંદેશ જૂથના 'આરામ' માસિકમાં હપતાવાર પ્રગટ થયેલી. પીતાંબર પટેલના કહેવા પ્રમાણે એ વાર્તાનો હપતો પ્રેસમાં મળે ત્યારે એને વાંચી લેવા કંપોઝિટરોમાં પડાપડી થતી. ત્રણ હપતામાં પૂરી થનાર આ વાર્તાના ત્રીજા હપતાને અંતે સરતચૂકથી 'ક્રમશઃ' છપાયું. સંપાદકના આગ્રહના કારણે મારે ચોથા હપતાની રચના કરવી પડી. અલબત્ત, આ હપતો વાર્તા જ્યારે 'મોટી વહુ' સંગ્રહમાં ગ્રંથસ્થ થઈ ત્યારે મેં રદ કર્યો હતો.

'વિધિનાં વર્તુળ'માંની 'એમના સોનેરી દિવસો' વાર્તા મધુર અને થોડો કડવો ઇતિહાસ લઈને અવતરી છે. મુંબઈના 'સવિતા' માસિકની વાર્તા હરીફાઈમાં એ સુવર્ણચંદ્રક વિજેતા બની હતી. એનું પહેલી વાર રેડિયો રૂપાંતર થયું ત્યારે અમદાવાદના આકાશવાણી સ્ટેશનથી સમયાંતરે બે વાર અને મુંબઈ સ્ટેશનથી એક વાર પ્રસારિત થયું હતું. ૪૫ વર્ષ પછી જયંત શાહે એનું ફરીથી રેડિયો રૂપાંતર કર્યું જે આકાશવાણી અમદાવાદ સ્ટેશનથી પ્રસારિત થયું હતું. એ વાર્તાનું એક કલાક ચાલે એવું ટી.વી. વાર્તા રૂપાંતર થયું હતું અને બે હપતે ટેલિકાસ્ટ થયું હતું. રઘુવીર ચૌધરી આજે પણ એનો એક ઉત્તમ વાર્તા તરીકે એમનાં વક્તવ્યોમાં ઉલ્લેખ કરે છે. એમણે વર્તમાનપત્ર માટે પણ લંબાણપૂર્વક એનું અવલોકન કર્યું હતું. એ વાર્તા મારી જાણ પ્રમાણે ત્રણ સંચયોમાં સંગૃહીત થઈ છે. એ વાર્તા સંદર્ભે આટલી મધુર વાત. પણ કડવી વાત ઉદ્વેગપ્રેરક છે. 'શ્રીરંગ' માસિકના સંપાદકે આ વાર્તાને મારી કે સવિતા માસિકના તંત્રીની

પરવાનગી સિવાય 'શ્રીરંગ'માં છાપી. 'સવિતા' માસિકની વાર્તા – હરીફાઈમાં એક એવી શરત હતી કે હરીફાઈમાં પુરસ્કૃત થયેલી વાર્તાને લેખક અથવા 'સવિતા'ના તંત્રીની લેખિત પરવાનગી સિવાય કોઈ છાપી શકે નહીં. 'શ્રીરંગ'માં વાર્તા છપાયા પછી એ વાર્તા છાપવા માટે સંપાદકે મારી પરવાનગી લીધી છે કે કેમ એવી પૃચ્છા 'સવિતા'ના તંત્રીએ મને કાગળ લખીને કરી. પરવાનગી ન લેવાયાનો જવાબ મેં લખ્યો. આ પછી 'સવિતા'ના તંત્રીએ 'શ્રીરંગ'ના તંત્રી વિરુદ્ધ કૉપીરાઇટના ભંગનો કેસ મુંબઈની કૉર્ટમાં દાખલ કર્યો. કેસનો નિકાલ આવે ત્યાં સુધી મુદતે મુદતે મુંબઈના ધક્કા ખાવા પડે એવી સ્થિતિ 'શ્રીરંગ'ના તંત્રી માટે ઊભી થઈ. આખરે સમાધાન થયું અને 'ગુજરાત સમાચાર'માં અંગ્રેજીના કેપિટલ અક્ષરે An Apology શીર્ષક હેઠળ 'શ્રીરંગ'ના મુદ્રક અને પ્રકાશક શ્રી સુરેન્દ્ર બળવંતરાય દ્વારા દિલગીરી જાહેર કરવામાં આવી. અલબત્ત, આ ઘટનામાં હું રાજી નહોતો.

મેં ટૂંકી વાર્તાના લેખનનો આરંભ કર્યો તે પહેલાં અને તે પછી પણ ટૂંકી વાર્તાના સ્વરૂપ અને તેની સાથે સાથે ઉત્તમ વાર્તાઓનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો હતો. જેમણે મારું 'ટૂંકી વાર્તા મીમાંસા' પુસ્તક વાંચ્યું હશે તે આ વાત જાણતા હશે.

વાર્તાના પ્રવાહમાં તબક્કે તબક્કે બદલાવ આવતા રહે છે અને વળાંકો પણ આવે છે. વાર્તાલેખક આનાથી વાકેફ ન હોય તો એક સર્જક તરીકે ઝાંખો થઈને ભાવકની નજરમાંથી ઊતરી જાય છે.

વાર્તાના પલટાના પ્રવાહો સાથે સતત સંપર્કમાં રહેવા માટે અમેરિકામાં બોસ્ટનથી Houghton Miffin Company દ્વારા પ્રતિ વર્ષ પ્રકાશિત થતા 'The Best American Short Stories' સંગ્રહો મને બહુ ઉપયોગી જણાયા છે. સંગ્રહોની આ સિરીઝ ઈ. સ. ૧૯૧૫થી આરંભાઈ છે જે આજે પણ ચાલુ છે. આ શ્રેણી ધ્યાનાર્હ અને સમજવા જેવી છે. આ સિરીઝ માટે એક પૂર્ણકાલીન સંપાદક હોય છે. એણે અમેરિકા અને કેનેડામાં ટૂંકી વાર્તા પ્રગટ કરતાં સર્વ પ્રકારનાં સામયિકો-માસિકોમાં વર્ષ દરમિયાન પ્રગટ થતી બધી જ (કોઈ પણ અપવાદ સિવાય) વાર્તાઓ વાંચવી પડે છે. આના કારણે આ સંપાદકે વર્ષ દરમિયાન ત્રણથી ચાર હજાર જેટલી વાર્તાઓ વાંચવાની થાય છે. આ વાર્તાઓમાંથી આ સંપાદક ઉત્તમ જણાતી ૧૦૦ વાર્તાઓ પસંદ કરે છે. આ સંપાદક દ્વારા પસંદ થયેલી આ ૧૦૦ વાર્તાઓમાંથી ઉત્તમ ૨૦ વાર્તાઓ પસંદ કરવા માટે એ ૧૦૦ વાર્તાઓ કંપની તરફથી ઊંચી કક્ષાના સાહિત્યકારને ગેસ્ટ

એડિટર તરીકે સોંપવામાં આવે છે. ગેસ્ટ એડિટર દ્વારા પસંદ થયેલી આ ૨૦ વાર્તાઓ જે-તે વર્ષની 'The Best American Short Stories' તરીકે પ્રસિદ્ધ થાય છે.

આ પસંદગી પ્રક્રિયામાં કોઈ માસિક-સામયિક કે લેખકની ઉપેક્ષા થવાનો સંભવ નથી, કારણ કે વર્ષને અંતે પસંદ થયેલી વાર્તાઓનો સંગ્રહ જ્યારે બહાર પડે ત્યારે એનાં પાછલાં પાનાંઓમાં અમેરિકા અને કેનેડામાં વાર્તા પ્રકાશિત કરતાં સામયિકોના નામની યાદી તેમનાં સરનામાં સાથે હોય છે. વળી જે ૧૦૦ વાર્તાઓ ઉત્તમ લાગી હોય તેનાં શીર્ષકો પણ પાછળ પરિશિષ્ટની જેમ આપેલાં હોય છે.

૧૯૧૫થી શરૂ થયેલી આ સિરીઝમાં પ્રતિવર્ષ પ્રગટ થયેલા ૧૯૯૯ સુધીના સંગ્રહોમાંથી વળી પાછી પસંદ કરેલ ૫૬ વાર્તાઓનો સંગ્રહ હમણાં પ્રકાશિત થયો છે એના મુખ્ય સંપાદક જ્હોન અપડાઇક છે. એ નવી વાર્તાના જબર પુરસ્કર્તા છે અને પ્રથમ હરોળના વાર્તાલેખક છે. સહાયક સંપાદક તરીકે કેટ્રીના કેનીસને કામ કર્યું છે.

આપણે ત્યાં ટૂંકી વાર્તાના સંગ્રહોના સંપાદનમાં જે પ્રમાદ, વાર્તાઓ વાંચવાની કે શોધવાની જડતાભરી બેપરવાઈ, ક્યારેક ટૂંકી વાર્તાના સ્વરૂપનું ઘોર અજ્ઞાન મૂલ્યહીન સંપાદનોનું કારણ બને છે. ક્યારેક તો એવી છાપ ઊપસે છે કે સંપાદન વાર્તાઓનું નહીં પણ લેખકોના નામનું થાય છે. ક્યારેક સંપાદનમાં સર્જકની પેઢીલક્ષી ગ્રંથિ કામ કરી ગઈ હોવાનું સમજાય છે.

'આ કલાકાર (મોહનલાલ પટેલને માત્ર લેખક કે વાર્તાકાર કહેવાથી પૂરતો ન્યાય નહીં મળે.) પાસે બે સિદ્ધિઓ છે. ભાષા શૈલીની અદ્‌ભુત સરળતા અને લાઘવનું લાવણ્ય.'

(ગ્રંથ : ઑગસ્ટ, ૧૯૮૨)

'પ્રસ્તુત સંગ્રહની મોટા ભાગની કૃતિઓ નમૂનેદાર સંતર્પક નવલિકાઓ બની છે એ તો દેખાઈ આવે છે...

શ્રી મોહનલાલ પટેલ પાસેથી એક સત્ત્વવંતો વાર્તાસંગ્રહ આપણને મળે છે એ આનંદપ્રદ ઘટના છે.'

(સંસ્કૃતિ; એપ્રિલ-જૂન, ૧૯૮૨)

ટૂંકી વાર્તાઓનાં ઉત્તમ પ્રકાશનોની સંખ્યા ઘટતી જાય છે ત્યારે આવા વાર્તાસંગ્રહ આપવા બદલ લેખક અભિનંદનના અધીકારી છે. વાચકો અને

વિવેચકોની ટૂંકી વાર્તા પ્રત્યેની શ્રદ્ધા વધારે એવો આ સંગ્રહ આ સમયગાળાનો નોંધપાત્ર વાર્તાસંગ્રહ ગણાશે.

(પરબ; સપ્ટેમ્બર, ૧૯૮૨)

આ સંગ્રહની 'બ્લાઇન્ડ વર્ષ' વાર્તાને શ્રી રમણલાલ જોશીએ દાયકાની શ્રેષ્ઠ વાર્તાઓ પૈકીની એક ગણાવી હતી.

એ વાર્તાને ઈ. સ. ૧૯૭૨નો સંદેશ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

આ સંગ્રહની 'ઘર' વાર્તાને વાંચ્યા પછી સાહિત્યકાર શ્રી નીરવ પટેલે લખ્યું હતું : 'વાહ મોહનભાઈ, અદ્ભુત વાર્તા !'

'મત્સ્યવેધ' વાર્તાસંગ્રહને મળેલા એક માત્ર અવલોકનમાંથી આ નોંધ :

'ટૂંકી વાર્તા સિદ્ધ કરવી એ મત્સ્યવેધ જેવું કઠણ કામ છે. મોહનલાલ પટેલના આ સંગ્રહમાં સફળ મત્સ્યવેધ કરતી ઘણી વાર્તાઓ છે.'

(પરબ; ઑગસ્ટ, ૧૯૯૮)

મારી વાર્તાઓનું લક્ષ્ય શુદ્ધ સાહિત્યપદાર્થને સિદ્ધ કરવા તરફ હોય છે. સાહિત્યપદાર્થ એ જીવનફિલસૂફી છે. આ ફિલસૂફી એટલે માણસની વાત; માત્ર માણસની વાત. પછી એ માણસ એકલો હોય, પરિવારમાં હોય કે સમાજમાં હોય, વાર્તા એના એકલાની હોવાની. એના ચિત્તનાં વિવિધ સ્થિત્યંતરોની હોવાની. એને કહેવા માટે વિવિધ વિધાઓ અખત્યાર કરી હોવાની. મેં આ વિધાઓમાં પ્રયોગ પણ કર્યા છે અને એ સિવાય મને અનુકૂળ પડે એ રીત અજમાવીને માણસની વાત કરી છે જેને સામાન્ય લેબલ લગાડીને કહેવું હોય તો પરંપરા મુક્ત રીત કહી શકાય. સૈદ્ધાંતિક રીતે વાર્તાલેખન માટેની મારી આ પદ્ધતિ છે. આમ છતાં આ બધું વૉટર ટાઇટ કંપાર્ટમેન્ટ જેવું ચુસ્ત પણ ન હોય. ક્યારેક પરંપરાગત વાર્તા રચાઈ પણ હોય. પણ એ સ્વીકારેલી નીતિ રૂપે ન હોય.

વાર્તા લેખનમાં મેં થોડા પ્રયોગો પણ કરેલા છે. અલબત્ત, મારે સ્વીકારવું જોઈએ કે હું પ્રયોગોની ખૂબ તરફદારી કરનાર માણસ નથી. છતાં મેં એ દિશામાં થોડું કામ કર્યું છે અને મારી કેટલીક વાર્તાઓ 'પ્રયોગશીલ વાર્તા', 'નવી વાર્તા', 'વિશિષ્ટ વાર્તા' તરીકેનાં શીર્ષક ધારણ કરતા સંગ્રહોમાં સંપાદિત થયેલી પણ છે. ચુનીલાલ મડિયા ('રુચિ'નો નવી વાર્તા વિશેષાંક જેમાં માત્ર ૧૩ વાર્તાઓ લેવાઈ હતી જે પૈકી મારી 'આકૃતિઓ' વાર્તા સમાવિષ્ટ હતી) રાધેશ્યામ શર્મા (નવી વાર્તા : 'આકૃતિઓ') પ્રવીણ દરજી (કેટલીક વિશિષ્ટ વાર્તાઓ : 'ક્રૉસ

રોડ') મફત ઓઝા (પ્રયોગશીલ વાર્તાઓ : 'આવરણ') વગેરેનાં સંપાદનોમાં એ જોઈ શકાશે.

'બે સોહરાબની વાત', 'શાહમૃગ', 'મડદાં', 'આકૃતિઓ', 'સ્મૃતિચિહ્ન', 'અજવાળું', 'શીતોષ્ણ', 'આવરણ', 'એક આભાસી મિલન', 'દાહ' વગેરે પ્રયોગશીલ વાર્તાઓ છે. જ્યારે 'બ્લાઇન્ડ વર્ષ', 'ઘર', 'બ્રેકેટ', 'રણ ખજૂરીની છાયામાં', 'ઇલમ', 'ખેપ', 'પૂતળું', 'સાત ભવનો', 'ફરિયાદ', 'દેશદ્રોહી', 'મકરગ્રાહ', 'ભૂખનો ઓડકાર', 'રૂસ્તમ તુમ આગે બઢો' વગેરે વાર્તાઓ પરંપરાથી સંપૂર્ણપણે મુક્ત છે.

'ગામની વહુવારુ', 'રણખજૂરીની છાયામાં' અને 'ઘર' જેવી કેટલીક વાર્તાઓનાં કથાબીજ ભાવકની ઊંચી સજ્જતા વિના પકડાય એવાં નથી. 'બે સોહરાબની વાત'માંનું કબાટ એક સેક્સ સિંબોલ છે જેણે બાપ અને કિશોર વયના પુત્રના ચિત્તને બરાબર કબજામાં લઈ રાખ્યાં છે આના કારણે માલિકીનો ભાવ સતત આડે આવે છે અને કિશોરનું મન પિતા વિરુદ્ધ સતત ઉગ્રતાનો ભાવ અનુભવતું રહે છે. 'શહીદનો દીકરો', 'ગાંઠી' (જે વાર્તા સંગ્રહમાં મેટામોર્ફસિસ નામથી ગ્રંથસ્થ થઈ છે) અને 'પાનો' વાર્તાઓ માનવમનની ઊંડી ગહરાઈઓ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. 'ઘર' વાર્તામાં વાર્તાનાયકનો પોતાના ઘર માટે જે ગાઢ પ્રેમ છે એ ભાવકની સજ્જતાના અભાવે ધિક્કારમાં નજરાતો જોવા મળે પણ ખરો. વાર્તાનું ગરવાપણું પેલા પ્રેમમાં છે.

## ૩

## લઘુકથા

ઈ. સ. ૧૯૫૦માં 'કુમાર'ના તંત્રીશ્રી બચુભાઈ રાવતે 'કુમાર' માટે એક કૉલમની વાર્તાઓ લખવા માટે મને સૂચવ્યું હતું. એ વખતે મેં એમના આ સૂચનને વિનયપૂર્વક નકારેલું. આમ છતાં અનાયાસે અને પેલા સૂચનના નિરપેક્ષપણે મેં 'ડબલ સોપારી' વાર્તા લખી અને તે 'કુમાર'ના ઑગસ્ટ, ૧૯૫૧ના અંકમાં પ્રગટ થઈ. ગણવી હોય તો આ રચનાને ગુજરાતી સાહિત્યની પ્રથમ લઘુકથા ગણી શકાય. 'ડબલ સોપારી'ના પ્રાકટ્ય પછી શ્રી બચુભાઈએ મારી 'શાળાનો રિપોર્ટ' રચનાને 'કુમાર'ના નવેમ્બર, ૧૯૫૩ના અંકમાં 'લઘુકથા' સંજ્ઞા હેઠળ પ્રકાશિત કરી. ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા' નામ સાથે લઘુકથાનું એ પહેલું દર્શન. આમ છતાં, 'ડબલ સોપારી' અને 'શાળાનો રિપોર્ટ' તો લઘુકથાના સ્વરૂપ વિશે મારે જે વિચારવાનું હતું એના બીજ રૂપ રચનાઓ

હતી. 'બદલો', 'મોતનો મિનાર' વગેરે કૃતિઓ પણ પેલી બે કૃતિઓ જેવી અત્યંત ટૂંકી અને લઘુકથા નામ આપી શકાય એવી રચનાઓ હતી. પણ હજુ લઘુકથાના સ્વરૂપની વિભાવનાઓ ચિત્તમાં આકાર લઈ રહી હતી. એટલે મેં જેને લઘુકથાની ગણનામાં લીધી એ રચનાઓ તો ઈ. સ. ૧૯૬૨માં લખાવી શરૂ થઈ અને ૧૯૬૪થી 'કુમાર'માં એક પછી એક એમ નિયમિત રીતે પ્રતિમાસ પ્રગટતી રહી.

આરંભમાં વાચકોના પ્રતિભાવ ઉત્સાહપ્રેરક નહોતા. એક વાચકે તો 'વાચકો લખે છે' વિભાગમાં 'કુમાર'નું અર્ધું પાન લઘુકથાને લીધે વ્યર્થ જતું હોવાની ફરિયાદ કરી હતી. જોકે એ જ વિભાગમાં દેશળજી પરમાર જેવા અધિકારી ભાવકે 'લઘુકથા' સારી આવે છે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

કેટલાક વાચકોના નકારાત્મક પ્રતિભાવના કારણે સર્જક તરીકે મારા કે તંત્રી તરીકે બચુભાઈના ઉત્સાહમાં ઓટ આવે એમ નહોતું. પણ હું જુદી દિશામાં વિચારી રહ્યો હતો. બચુભાઈની અને મારી આપસી સમજ પ્રમાણે મારે 'કુમાર' માટે જ લઘુકથાઓ લખવાની હતી. હું પણ લઘુકથાઓ બીજે ક્યાંય મોકલવા માટે ઇચ્છુક નહોતો. 'કુમાર'ના તંત્રી લઘુકથા પ્રગટ કરવા માટે ઉત્સાહ ધરાવતા હોય તોપણ 'કુમાર'ના વાચકો ઉદાસીન હોય તો લઘુકથાઓ પ્રગટ કરવાનો શો અર્થ ? આથી મેં ૧૯૬૪ના નવેમ્બર માસના આરંભમાં બચુભાઈને આ અંગે પત્ર લખ્યો. એમાં મેં લઘુકથાઓ લખવાનું બંધ કર્યું હોવાની જાણ એમને કરી. તા. ૯-૧૧-૧૯૬૪નો એમનો પત્ર વળતા પ્રતિભાવરૂપે મળ્યો. એમાં એમણે લખ્યું હતું :

રા. ભાઈ શ્રી,

આજના ઊગતા લેખકોનું તો સમજાય, પણ તમારા જેવા શાણા અને સમજુ માણસો પણ આવા આળા હોય એ નવાઈની વાત ગણાય.

હમણાં સરકારી કમિટીના કામે બહારગામ જવાનું થયા કરે છે. આથી તમારો પત્ર આવીને વાંચ્યો. વાચકો લઘુકથા માટે લખે એટલા ઉપરથી વાર્તા જ લખવી પડતી મૂકવી ? હું તો ચાલુ રાખવા જ માગું છું અને 'નતાયુધા' ડિસેમ્બર અંકમાં આવે છે. આપણે એને વધારે તીક્ષ્ણ બનાવીએ, આમ હારી ખાઈએ તે શોભે ?

એક વાચકનો પત્ર આવ્યો છે. તેમાંના વિચારો તમને જણાવવા એ અગાઉથી તમને મોકલું છું. એ વિચારો નોંધવાપાત્ર છે. અને તમારામાં મને જે શ્રદ્ધા છે તેને આધારે કહું છું કે એવી વાર્તાઓ લખવી તમારા માટે મુશ્કેલ નથી જ.

માનું છું કે તમને મારે આગ્રહ કરવો ન પડે. તમારા અભિપ્રાય સાથે આ પત્ર પાછો મોકલશો.

કુશળ હશો.

શુ.
બચુભાઈ

જવાબમાં મેં આ પત્ર લખ્યો :

વંદનીય બચુભાઈ,

આપનો પત્ર મળ્યો, મારા પ્રત્યેની આપની લાગણી માટે ઘણો ઋણી છું. માત્ર શિષ્ટાચાર માટે લખતો નથી.

લઘુકથા માટેની મારી શ્રદ્ધા ઘટી તો નથી જ. પણ લઘુકથાઓ લખવાનું બંધ કરવા પાછળ મારો ખ્યાલ એવો હતો કે જો વાચકોને એ અનુકૂળ ન આવે તો નવી વાર્તાઓ મોકલીને આપને મૂંઝવણમાં શા માટે મૂકવા ? આવા હેતુથી હમણાં લઘુકથાઓ લખવાનું બંધ કર્યું હતું. વળી, લઘુકથાઓ બીજે ક્યાંય મોકલવી નહોતી એટલે નવી લખવાની ઉતાવળ પણ નહોતી. લઘુકથા લખવાનું શરૂ કરતાં પહેલાં મારા મનમાં એક સંદેહ હતો એ કેટલેક અંશે સાચો પડ્યો છે. કથારસ ઘટઘટ પી જવા ટેવાયેલા વાચકને આ કલાપ્રકાર ખાસ રુચિ વગર ન ફાવે. વળી વાચકને આમાં તૈયાર ખીચડી ન મળે. એટલે એ પૂરતો સંવેદનશીલ ન હોય તો પ્રથમ વાચને એ આ લઘુકથાઓ નહીં માણી શકે. બાકી લઘુકથામાં ઘણું ઘણું હોય છે જ.

*

એટલું તો હું ચોક્કસપણે માનું છું કે કોઈ પણ અજાણ્યા કલાપ્રકારથી ટેવાતાં ભાવકને કેટલોક સમય લાગે જ છે. ધીરે ધીરે ટેવાયા પછી તો એ કલાપ્રકાર માટે ખરેખરો રસ જાગે છે. લઘુકથા માટે મને આ બાબતે પૂરી શ્રદ્ધા છે અને એટલે જ કહેવાની રજા લઉં છું કે વાચકો થોડા વખત પછી એ કથાઓ ખૂબ માણશે.

આપનો,
**મોહનલાલના**
**વંદન**

વાચક વર્ગ લઘુકથાના આ કલાપ્રકાર તરફ આટલી ઉદાસીનતા શાથી દાખવતો હતો એ સમજવા માટે લઘુકથાના સ્વરૂપ વિશે થોડી જાણકારી હોવી

જરૂરી બને છે. લઘુકથા ટૂંકી વાર્તા કરતાં સાવ ભિન્ન પ્રકારનું સાહિત્યસ્વરૂપ છે. આકસ્મિક રીતે પ્રગટેલી કોઈ ક્ષુદ્ર ઘટના દ્વારા ક્ષુબ્ધ થયેલા ચિત્તમાં નિર્માણ પામેલી ભાવપરિસ્થિતિ લઘુકથાના જન્મનું કારણ બને. લઘુકથાની સર્જન-પ્રક્રિયાના નિમિત્તરૂપ ઘટના આકસ્મિક અને ક્ષુદ્ર હોવી જરૂરી છે, કારણ કે ઘટનાનું આકસ્મિકપણું અને ક્ષુદ્રત્વ જીવનના કોઈ એક જ સંદર્ભને સ્પર્શતાં હોઈને લઘુકથાના પુદ્‌ગળ અને કલેવરને ચુસ્તીભર્યો ઘાટ આપનારાં નીવડે છે. લઘુકથામાં જે લાઘવ છે તે આ બે લક્ષણોના આધારે નિષ્પન્ન થયેલું હોય છે.

ભાવ પરિસ્થિતિની નિષ્પત્તિ માટે આધારરૂપ ઘટના જેટલી ક્ષુદ્ર, લઘુકથા એટલી એના સ્વરૂપને વધારે ઉજાળે. ક્યારેક કોઈ બૃહદ્ ઘટનામાં લઘુકથાના સર્જકને પોતાની રચના માટે ક્ષુદ્ર સિચ્યુએશનનો આધાર મળી રહે એવું પણ બને. કોઈ પણ બનાવ અનેક ઘટનાઓથી ગૂંથાયેલું એક સંકુલ હોય છે. લઘુકથાકાર એવા કોઈ ઘટના-સંકુલમાંથી લઘુકથાક્ષમ એક સિચ્યુએશન પસંદ કરીને, એના આધારે પોતાની કૃતિની રચના કરી શકે.

લઘુકથાએ માત્ર એક વિચાર (Literary idea) દ્વારા માનવજીવનના કોઈ એક રહસ્યને ઉઘાડ આપવાનો છે. આ વિચાર અનુભૂતિમૂલક ખરો, વાયવ્ય પણ એટલો જ. સમજી શકાય. એના પ્રભાવ હેઠળ ચેતોવિસ્તાર થાય છતાં એને શબ્દોમાં ઝટ કહી નાખી ન શકાય. એ સૂક્ષ્મ એટલો કે એને પકડીને લઘુકથામાં પરોવવાનું કામ યક-બાલ-કલમ વડે ચિત્ર આલેખવાના કામ જેટલું દુષ્કર. સાગર જેટલી વિશાળ સ્થિતિ અને અતળ જણાતી ગહરાઈ ધરાવતા માનવહૈયામાં કોઈ અગોચર સ્થાને રહેલી છીપમાં રહેલા વિચારમોતીને મરજીવા જેવું કૌશલ દાખવીને બહાર આણ્યા પછી લઘુકથાકારે એને પોતાની સાહિત્યરચનામાં પરોવવાનું હોય છે.

ચિત્તના ભાવને વ્યક્ત કરવા ટૂંકી વાર્તાનો લેખક વિવિધ ઘટનાઓ-પ્રસંગોની સંકલનાનું આયોજન કરે છે. પણ લઘુકથાના લેખક માટે આ સરળ માર્ગ ઉપલબ્ધ નથી. એની કૃતિની રચનાના મૂળમાં તો એક ક્ષુદ્ર ઘટના હોવાના કારણે ઘટનાબાહુલ્યનો એના માટે અવકાશ નથી. આ કારણવશાત્ એને ભાષાકર્મનાં કેટલાંક ઉપકરણોનો આશ્રય લેવો પડે છે. આ ઉપકરણોમાં વ્યંજના (જેમાં વ્યંજનાત્મક ઉક્તિ, ઉદ્‌ગાર, પાત્રની કાયિક ચેષ્ટા વગેરે હોઈ શકે), આડકથા, ઉપકથા, કલ્પન, પ્રતીક વગેરે મહત્ત્વની પ્રયુક્તિઓ છે. કલ્પન બે પ્રકારનાં હોય છે – ઇમોટિવ અને સજેસ્ટિવ જે કલ્પન દ્વારા ચિત્તક્ષોભ થાય

એ ઇમોટિવ કલ્પન અને જે દ્વારા પાત્રના ચિત્તની સ્થિતિનો તાગ મળે એ સજેસ્ટિવ કલ્પન.

કલ્પન હંમેશાં દશ્ય (visual) હોય એવું નથી. એ શ્રાવ્ય પણ હોઈ શકે. દશ્ય કલ્પન જેવી રીતે સંવેદન માટેનું આલંબન બને છે તેવી જ રીતે શ્રાવ્ય કલ્પન પણ ચિત્તક્ષોભ કરે છે. આકાશમાં ચઢેલો મેઘ (વાદળ) દશ્ય કલ્પન છે જ્યારે કોયલનો ટહુકાર, મોરનો ગેહકાર, ચીબરીનો ચિત્કાર, શિયાળની લાળી, રેંટનો કિચુડાટ, વૃક્ષનાં પર્ણોનો મર્મર ધ્વનિ, ખળખળ વહેતા ઝરણાનો મધુર રવ... આ બધાં શ્રાવ્યકલ્પનો છે. દૂરથી આવતો ગીતધ્વનિ પણ શ્રાવ્યકલ્પન ગણાય.

ચિત્તમાં ઊભરાતા કોઈ ભાવને વ્યક્ત કરવા પ્રતીક પણ એક સબળ ઉપકરણ છે. આ જગત માનવીના ગૂઢતમ હૃદયભાવોને વ્યક્ત કરવા સક્ષમ નીવડે એવાં પ્રતીકોથી ભર્યું ભર્યું છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર દેખાતી કોઈ એક ચીજ પણ ચિત્તમાં ઘોળાઈ રહેલા ભાવને સરળતાથી અભિવ્યક્ત કરવાની ક્ષમતા ધરાવે છે.

લઘુકથામાં પુરાકલ્પન પણ એક અસરકારક ઉપકરણ બની શકે.

આ બધાં ઉપકરણોના લઘુકથામાં વિનિયોગના કારણે એમને સમજવા કે પામવા માટે ભાવકની સજ્જતા અપેક્ષિત છે.

ટૂંકી વાર્તામાં જુદા જુદા પ્રસંગોની સંકલના દ્વારા કથાના વાંછિત ભાવનું પુનઃરટણ થયા કરે છે અને ભાવક માટે કથાનું આસ્વાદન સુગમ બને છે, જ્યારે લઘુકથાની રીત નિરાળી છે. એમાં કથાના કોઈ અંશનું પુનઃકથન હોતું નથી. ઊલટું, લઘુકથામાં ક્યારેક મૂળ કથાના કોઈ કોઈ અંશોને ગોપિત રાખીને માત્ર સંકેત દ્વારા એમને વ્યક્ત કરવામાં આવે છે. ક્યારેક લઘુકથા ગ્રાફ્ટ (કલમ) રૂપે બીજી કોઈ કથા ઉપર વિકસે છે. ક્યારેક કોઈ કથાનો અંતર્ભાગ બનીને રહે છે તો ક્યારેક પેરેસાઇટ (અમરવેલ) રૂપે ફાલતી રહે છે. આમ વિવિધ રૂપો ધારણ કરતી લઘુકથા ભાવકની ઊંચી સજ્જતાની અપેક્ષા રાખે છે. આવાં બધાં કારણોને લીધે જ કદાચ આરંભમાં ગુજરાતી લઘુકથાના વાચક એ સ્વરૂપ પ્રત્યે ઉદાસીન જણાતો હતો.

પણ પછી તો મેં બચુભાઈને લખેલા પત્રમાં શ્રદ્ધા વ્યક્ત કરી હતી તે પ્રમાણે લઘુકથામાં એ રુચિ ધરાવતો થયો. વાચક સહૃદયી ભાવક બનીને લઘુકથામાં રસ લેતો થયો, એટલું જ નહીં પણ કેટલાક સર્જકો લઘુકથાની રચના કરવા લાગ્યા. સામયિકોના તંત્રીઓ અને સંપાદકોએ પણ આ કલાપ્રકારને

આવકાર્યો અને એમનાં સામયિકોમાં લઘુકથાને સ્થાન આપવાનું શરૂ કર્યું. ધીરેધીરે લઘુકથાના સંગ્રહો પણ પ્રગટ થવા લાગ્યા. ગુજરાતી વિષયમાં પાઠ્યપુસ્તકોમાં એને સ્થાન મળ્યું. પણ ખેદની વાત એ રહી કે ઊંચા ગજાના સાહિત્યકારો અને વિવેચકો આ નવા સાહિત્યસ્વરૂપ પ્રત્યે સાવ ઉદાસીન રહ્યા. એટલું જ નહીં પણ લઘુકથાના સ્વરૂપની ગણતરીપૂર્વકની ઉપેક્ષા કરતા રહ્યા. લઘુકથાના સ્વરૂપના ઉદય પછી અર્ધી સદી જેટલો સમય વીતવા છતાં આજે પણ વિવેચકો પોતાનાં વક્તવ્યો કે પ્રવચનોમાં લઘુકથાના સ્વરૂપ વિશે વાત કરતા નથી. એમનાં અવલોકનોમાં કે સમીક્ષાઓમાં લઘુકથાને ક્યાંય સ્થાન નથી. જ્ઞાનસત્રોમાં, અધિવેશનોમાં, ચર્ચાઓમાં કે પરિસંવાદોમાં ક્યાંય લઘુકથાની વાત છેડાતી નથી. અપવાદરૂપે કહી શકાય કે ગુજરાત સાહિત્ય અકાદમીએ એકાદ વખત સ્વતંત્રપણે (મોરબીમાં) અને બે વખત કડી સાહિત્ય વર્તુળની દરખાસ્તથી એના સહયોગમાં લઘુકથા પર પરિસંવાદનું આયોજન કર્યું હતું. અને ગુજરાતી સાહિત્ય પરિષદે એના ૨૩મા જ્ઞાનસત્રમાં લઘુનવલની સાથે લઘુકથા વિશે ચોથી બેઠકમાં આયોજન કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે લઘુકથાની આ સ્થિતિ સામે હિન્દી સાહિત્યના ક્ષેત્રમાં લઘુકથાની વાત મૂકીને એમાં રહેલા અંતરની વાત સમજવા જેવી છે. હિન્દી લઘુકથાના આરંભ વિશે ઊંચા ગજાના હિન્દી સાહિત્યકારોએ ચર્ચા કરેલી છે. અને હિન્દી લઘુકથાના સ્વરૂપ વિશે પણ હિન્દી સાહિત્યના મોટા સર્જકો અને જાણીતા વિવેચકોએ ખૂબ ચર્ચા કરેલી છે. સામસામે આક્ષેપો અને પ્રતિ-આક્ષેપો થયેલા છે. અને એ ચર્ચાઓનો વંટોળ એટલે સુધી ચાલતો રહ્યો કે હિન્દી લઘુકથાના લેખકો અને વિવેચકો ત્રણ છાવણીઓમાં વહેંચાઈ ગયા હતા – લઘુકહાની, લઘુકથા અને વ્યંગકથા. વિવેચકો આ ત્રણ સંજ્ઞાઓને નજરમાં રાખીને કૃતિઓની સમીક્ષા, અવલોકન કે વિવેચન કરવા લાગ્યા. આમાં ક્યારેક કટુ આક્ષેપબાજી પણ થતી રહી. આખરે આ ધૂંધવાટભરી સ્થિતિ નિવારવા ૨૩ નવેમ્બર, ૧૯૮૦ના રોજ હોશંગાબાદમાં 'અખિલ ભારતીય લઘુકથા સંગોષ્ઠી'નું આયોજન થયું એમાં દેશના જુદા જુદા પ્રદેશોના હિન્દી કથાકારો અને વિવેચકોએ ભાગ લીધો. એમાં ડૉ. પુણતામ્બેકર અને ડૉ. બાલેન્દુશેખર તિવારી જેવા અભ્યાસી વિવેચકોએ લઘુકહાની, લઘુકથા અને વ્યંગકથા વચ્ચેના તાત્ત્વિક ભેદની વિશદતાથી છણાવટ કરી. આખરે આ સંમેલનમાં સૌએ સમાધાનકારી વલણ અપનાવીને એક ઠરાવ દ્વારા લઘુકહાની અને વ્યંગકથા એ બે રૂપોને લઘુકથા સંજ્ઞામાં ભેળવીને લઘુકથા નામને આખરી રૂપ આપ્યું.

સમાધાન તો થયું, પણ હિન્દી લઘુકથા ઉપર પ્રભાવ તો વ્યંગકથાનો જ રહ્યો. હિન્દી ભાષામાં લઘુકથા નામ હેઠળ લખાતી રચનાઓનો ઝુકાવ મોટા ભાગે વ્યંગકથા તરફ જ રહ્યો. આના કારણે હિન્દી લઘુકથા મોટા ભાગે ભ્રષ્ટાચાર, રાજકારણ, ગરીબી, શોષણ, દંભ, ધર્મના નામે ધતિંગ વગેરેની મોજણી કરવા નીકળી હોય એમ જુદાં જુદાં સરકારી ખાતાંઓની કચેરીઓ, અમલદારો અને અધિકારીઓની ચેમ્બરો અથવા કેબિનો, કારકુનોનાં ટેબલો, કમજોર પુલો, બિસ્માર અને ઊબડખાબડ માર્ગો, ચૂંટણીની સભાઓ, નોકરી માટે વારંવાર ઇન્ટરવ્યૂમાં જઈને હતાશ હૈયે પાછા ફરતા ઉમેદવારો – આવાં આવાં ગણતાં પાર ન આવે એવાં સ્થાનોએ ઘૂમતી રહી છે. હિન્દી લઘુકથાઓમાં બાળકો માટે લખાતી બોધકકથાઓ પણ જોવા મળે છે અને પરંપરાગત વાર્તાઓ પણ સીધેસીધી અથવા થોડા ફેરફાર સાથે લખાયેલી વાંચવામાં આવી છે. આશ્ચર્ય પમાડે એવી કેટલીક હિન્દી લઘુકથાઓ જે વિશ્વલઘુકથા કોશ (સંપાદક બલરામ)માં સ્થાન પામી છે એ ઉપરથી પણ હિન્દી લઘુકથાની ગતિવિધિનો ખ્યાલ આવી શકશે. કઠિયારાની કુહાડીની વાર્તા (લે. રોહતાસ તંવર) કુટુંબના સભ્યોની ઊંચાઈનો સરાસરી હિસાબ કાઢીને બે કાંઠે વહેતી નદીમાં કુટુંબને ઉતારીને નાશ નોતરનાર કુટુંબના વડાની વાત (લે. રામેશ્વર મિશ્ર) – જે ગુજરાતના દેહાતી પ્રદેશોમાં, 'ભણ્યા કણબી કટમ બોળે' કહેતીથી પ્રચલિત લોકકથાનક છે. સાંકડો પુલ ઓળંગવા માટે સામસામે આવી ગયેલી બે બકરીઓની વાત (લે. ડૉ. સુરેન્દ્ર મંથન) જે ગુજરાતના પ્રાથમિક ધોરણમાં એક પાઠરૂપે બાળકોના ભણવામાં આવતી.

લઘુકથા શીર્ષક હેઠળ પસંદગી પામેલી ઉપર દર્શાવેલી રચનાઓની તુલનામાં ગુજરાતી લઘુકથા ગૌરવ અપાવે એવી હોવા છતાં, હોંશે હોંશે એની વાત કરવાને બદલે ઉચ્ચ ભમરિયા ગુજરાતી સાહિત્યકારો અને વિવેચકો દ્વારા સેવાતી ઉપેક્ષા ખેદ ઉપજાવ્યા વિના કેમ રહે ? અલબત્ત, એક હકીકત નોંધવી રહી કે રાધેશ્યામ શર્મા, બાબુ દાવલપુરા, નીતિન વડગામા અને પ્રવીણ દરજી જેવા વિવેચકોએ લઘુકથાને સચ્ચાઈપૂર્વક બિરદાવીને એના વિશે લખ્યું પણ છે. રઘુવીર ચૌધરીએ તો લઘુકથાના સંગ્રહોના પ્રકાશનમાં સક્રિય રસ દાખવ્યો છે.

લઘુકથાના સ્વરૂપને તો એના ઉદયકાળથી જ ઉપેક્ષાનું ગ્રહણ લાગ્યું હતું. 'કુમાર'માં પ્રગટ થયેલું એક એકાંકી 'કુમાર ચંદ્રક'નું હકદાર બની શકે, પણ અઢાર મહિનાઓ સુધી નિયમિતપણે પ્રગટ થતી રહેલી અને એક નવા

સાહિત્યસ્વરૂપનું નિર્માણ કરી રહેલી લઘુકથાઓ તરફ 'કુમાર ચંદ્રક'ના નિર્ણાયકોની નજર ન ગઈ !

આવું નકારાત્મક વલણ એ કોઈ નવી વાત નથી. કોઈ પણ ક્ષેત્ર હોય, કંઈક નવું કે અજાણ્યું બધું સરળતાથી સ્વીકારાતું નથી કે અપનાવાતું નથી. જે. જે. થોમ્સને કરેલી ઇલેક્ટ્રોનની શોધ (ઈ. સ. ૧૮૯૭)નો આરંભમાં તો કેટલાક મોટા ગજાના વિજ્ઞાનીઓ દ્વારા ઉપહાસ જ થયો હતો. ઈ. સ. ૧૮૯૭ના એપ્રિલની ૩૦મી તારીખે જે. જે. થોમ્સને રૉયલ ઇન્સ્ટિટ્યૂટની સાંજની બેઠકમાં પોતાની આ શોધ વિશે વાત કરી ત્યારે એમની વાતને એક વિજ્ઞાનીએ hoax કહીને હસી કાઢી હતી. અને રોન્ટજને (Roentyen) તો અણુ કરતાંય વધારે સૂક્ષ્મ કોઈ પદાર્થ હોવાનો ઇન્કાર કરીને થોમ્સનની વાત ઉપર ચોકડી મારી દીધી અને પોતાની લૅબોરેટરીમાં ઇલેક્ટ્રોન શબ્દના ઉચ્ચારણ ઉપર પ્રતિબંધ મૂકી દીધો.

વિજ્ઞાની રૂધર ફોર્ડ પણ આવી જ ઉપેક્ષાનો ભોગ બન્યા હતા. એમણે દસ વર્ષના સખત પુરુષાર્થને અંતે પ્લેનેટરી મૉડલ તૈયાર કર્યું હતું. ઈ. સ. ૧૯૧૧માં બ્રસેલ્સ મુકામે ભરાયેલી કૉન્ફરન્સમાં આઇન્સ્ટાઈન, મેક્સ પ્લેન્ક, મેડમ ક્યુરી વગેરે ટોચના વિજ્ઞાનીઓ હાજર હતા. રૂધર ફોર્ડ પોતે પણ હાજર હતા. કૉન્ફરન્સમાં કોઈએ પ્લેનેટરી મૉડલ વિશે એક હરફ પણ ન ઉચ્ચાર્યો ! જગતનો ચહેરો બદલી નાખનારી આવી મહાન ઉપલબ્ધિઓને પણ ઉપેક્ષાનો સામનો કરવો પડ્યો હોય તો લઘુકથાનો તે શો હિસાબ ?

આ મનોવૃત્તિ ઉપર તીખો વ્યંગ કરતાં ડેનિયલ ડેનિને એમના પુસ્તક 'Probabilities of the duantum world'માં આ પ્રમાણે લખ્યું છે : 'The best way not to experience a catastrophy in ideas is not to pay attention to it and since only ideas are involved (no houses are destroyed, no storms are raging) one can pretend for a long time that nothing at all has happened.'

આમ, આરંભ કાળથી જ બર્ફીલા વાતાવરણમાં ફૂટેલા અંકુર (Thaw)ની જેમ ટકી રહીને ગુજરાતી લઘુકથાએ પ્રતિકૂળ સંજોગોમાં સંઘર્ષ વેઠીને વિકાસ સાધ્યો છે. કડી સાહિત્ય વર્તુળ અને ભાવનગર ગદ્યસભાએ લઘુકથાને પ્રતિષ્ઠિત કરવામાં પાયાનું કામ કર્યું છે અને અગાઉ કહ્યું તેમ ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદે લઘુકથા માટે પ્રોત્સાહક ભાગ ભજવ્યો છે. 'કુમાર', 'નવચેતન', 'વિ', 'સાધના', 'પ્રખર', 'પરબ', 'શબ્દસૃષ્ટિ', 'મુદ્રાંકન',

'જીવનપ્રકાશ', 'સમાજમિત્ર' વગેરે જેવાં સામયિકોએ લઘુકથાનું પ્રકાશન કરવાની રીત અપનાવી છે. કેટલાંક સામયિકોએ તો ભૂતકાળમાં લઘુકથા હરીફાઈનું આયોજન કરીને લઘુકથાના સર્જકોના ઉત્સાહને બિરદાવ્યો છે.

આજકાલ ક્રાઉન સાઇઝના પુસ્તકનું એક પાન લઘુકથાના લેખકોની નામાવલિથી ભરાય એટલી સંખ્યામાં એ સર્જકો લઘુકથાના સાહિત્ય પ્રકારને પોતાની રચનાઓ દ્વારા ખેડી રહ્યા છે. (લઘુકથાકારોની નામાવલિ માટે જિજ્ઞાસુ ભાવકે 'લઘુકથા સ્વરૂપ પરિચય' લે. મોહનલાલ પટેલ પુસ્તક refer કરવું.)

લઘુકથા ઉપેક્ષિત રહે કે ન રહે પણ એણે એક સ્વતંત્ર સાહિત્યસ્વરૂપ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. એના પર કોઈ અન્ય ભાષાની લઘુકથાનું અનુકરણ કરતી હોવાનો આરોપ નથી. હિન્દી લઘુકથાનો ઉદય થયો ત્યારે તો ગુજરાતી લઘુકથા પોતાની આગવી વિભાવનાઓ સાથે સ્થિર થઈ ચૂકી હતી.

આમ છતાં ગુજરાતી ભાષામાં રચાતી બધી જ કૃતિઓ નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચે છે એવું માની શકાય નહીં. ગુજરાતી ભાષામાં નબળી લઘુકથાઓની સંખ્યા પણ ઘણી મોટી છે. એક ભય એવો રહે છે કે વાર્તાના ઘાટમાં ઊતરી રહેલી આ લઘુકથાઓ, પ્રસંગકથાઓ કે રૂપકોના રૂપમાં દેખાતી આ મોટા જથ્થાની રચનાઓ સાચી લઘુકથાઓને પોતાની ઓળખ આપવાની તક રહેવા દેશે નહીં. આ સ્થિતિમાંથી ઊગરવાનો એક જ માર્ગ – વિવેચકો પોતાનાં ભવાં નીચે ઉતારે અને અભ્યાસીઓ, અર્ધી સદી જેટલા સમયથી સાહિત્યાકાશમાં પ્રવેશ પામી ચૂકવા છતાં નવા પ્રકારના નામે નિંદાતા આ સ્વરૂપનો અભ્યાસ કરીને એની મીમાંસા કરવા અભિમુખ બને.

**નોંધ** : કવિતા સિવાય ગુજરાતી સાહિત્યમાં લગભગ બધાં સ્વરૂપોમાં મેં ખેડાણ કર્યું છે. એકાંકીની પૂરતી સંખ્યા ન હોવાથી એને ગ્રંથસ્થ કર્યાં નથી.

મારાં સઘળાં પ્રકાશિત પુસ્તકોની યાદી વર્ષ અને પ્રકાશકના નામ સાથે આ પુસ્તકને અંતે મૂકી છે.

■

# ૩૨
# એવૉર્ડ નહીં, સુખડનો હાર

આ પ્રકરણ લખવું જ નહોતું, પણ એમાં રજૂ થયેલી કેટલીક વિગતો પરથી એનું ઔચિત્ય સમજાશે.

શ્રી રાધેશ્યામ શર્માએ 'રંગતરંગ' પાક્ષિક માટે 'સાક્ષરનો સાક્ષાત્કાર' વિભાગ માટે મારો સાક્ષાત્કાર કરેલો. અને એ સાક્ષાત્કાર ઉક્ત પાક્ષિક લેખરૂપે પ્રગટ થયો ત્યારે એ પાક્ષિકના ટાઇટલપેજ પર મોટા અક્ષરે 'દિલ્હીની આંખ ક્યારે ઊઘડશે ?' છપાયું હતું. શ્રી રાધેશ્યામનો આ પ્રશ્ન મને શ્રેષ્ઠ શિક્ષક માટેનો રાષ્ટ્રીય ઍવૉર્ડ કેમ મળ્યો નથી એ અંગેનો હતો. એમના આ પ્રશ્નમાં રહેલી તીખાશ અકારણ નહોતી. ઉમાશંકર જોશીએ મારા માટે કડી સાહિત્ય વર્તુળના મૅનેજિંગ ટ્રસ્ટી પરના પત્રમાં આ લખ્યું હતું :

'મોહનલાલભાઈ અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકોની વચ્ચે જઈને તેઓ બેઠા છે.'

ઉમાશંકર જોશીના આ અભિપ્રાય પછી બીજા કોઈ ઍવૉર્ડની જરૂર ખરી ?

આમ છતાં જે પ્રશ્ન રાધેશ્યામ શર્માના મનમાં પ્રગટ્યો એ મહેસાણા જિલ્લાના પાંચ-પાંચ શિક્ષણાધિકારીઓના મનમાં પ્રગટ્યો હશે. મહેસાણા જિલ્લા શાળા સંઘની ચારસો કરતાં વધારે સભ્ય શાળાઓના આચાર્યોના મનમાં પ્રગટ્યો હશે. મહેસાણા જિલ્લાનાં છાત્રાલયોના ગૃહપતિઓના મનમાં પ્રગટ્યો હશે અને રાતદિવસ મારા સંપર્કમાં રહેનાર કડીની સુજ્ઞ જનતાના મનમાં પણ એ થયો હશે. કોઈ શિક્ષક કે આચાર્યના કાર્યને જિલ્લાના શિક્ષણાધિકારી શિક્ષણખાતાના કોઈ પણ અધિકારી કરતાં વધારે સારી રીતે જાણે. રાજ્યકક્ષાએ કે રાષ્ટ્રકક્ષાએ અપાતા ઍવૉર્ડ માટે જિલ્લા શિક્ષણાધિકારીની ભલામણ કે અભિપ્રાય સૌથી વધારે ધ્યાનાર્હ ગણાવાં જોઈએ. કેટલુંક દસ્તાવેજી સાહિત્ય

પણ આ માટે ઉપયોગી બને, જેમ કે મારી બાબતમાં ઉમાશંકરભાઈના અભિપ્રાય ઉપરાંત કેટલાંક પુસ્તકો જેમાં મારા અંગેના ચરિત્રલેખોનો સમાવેશ થયો હોય. મારા માટે 'કેળવણીના કીમિયાગરો', 'શિક્ષણના સિતારા', 'શબ્દલોકના યાત્રીઓ' વગેરે ઘણાં પુસ્તકો ઉપયોગી થઈ શકે એમ હતાં.

રાષ્ટ્રીય ઍવૉર્ડ મળે એ માટે સૌ પહેલાં જિલ્લા શિક્ષણાધિકારી એન. એ. મિરઝાએ મને એ માટે જરૂરી ફાઇલ તૈયાર કરવાનું સૂચવ્યું. આપણે આપણા વિશેની વાતોની ફાઇલ તૈયાર કરીએ અને જિલ્લા શિક્ષણાધિકારી પોતાની ભલામણ સાથે એને શિક્ષણખાતામાં મોકલે – આ કાર્યવાહી મને પસંદ નહોતી પણ શિક્ષણાધિકારીનું ભારપૂર્વકનું સૂચન હતું એટલે મેં કશી અતિશયોક્તિ સિવાય ફાઇલ તૈયાર કરી. ન ગમે એવી વાત તો એ હતી કે આ ફાઇલની અગિયાર પ્રતો (અગિયાર ફાઇલો !) રજૂ કરવાની હતી. તે તૈયાર કરીને શિક્ષણાધિકારીની કચેરીમાં સોંપી. પરિણામ શૂન્ય.

આશ્ચર્યની વાત તો એ છે કે મિરઝાબહેન પછી બદલાઈને આવ્યા તે ચાર શિક્ષણાધિકારીઓએ પણ રાષ્ટ્રીય ઍવૉર્ડ માટે મારી ફાઇલો એમના વહીવટકાળ દરમિયાન મોકલી. પણ એકે વખત મારા માટે શ્રેષ્ઠ શિક્ષકો માટેનો રાષ્ટ્રીય ઍવૉર્ડ જાહેર ન થયો.

આ રજૂઆત (ફાઇલોની)ની પ્રક્રિયા ચાલતી હતી તે દરમિયાન એક મદદનીશ શિક્ષણ અધિકારી (એ.ડી.ઈ.આઈ.) જે મારા માટે ઘણો આદરભાવ ધરાવતા હતા તેમણે મને કહ્યું : 'તમારા મંડળમાં મોખરાના વિવિધ રાજકીય આગેવાનો છે. એમના તરફથી સાધારણ ઇશારો થાય તોપણ કામ થઈ જાય. કેવા કેવા બોદા માણસોને આ ઍવૉર્ડ મળે છે એ તમે નથી જોતા ? એ શી રીતે મળે છે એ કોણ નથી જાણતું ?'

મેં આ અધિકારીની લાગણી માટે આભાર માનીને કહ્યું : 'આ ઍવૉર્ડ આપણે કોના માટે મેળવીએ છીએ ? જેમને જાણ કરવા માટે મેળવીએ છીએ એ તો સૌ આપણને જાણે છે ! અને પ્રપંચ રચીને કશું મેળવવા હું તૈયાર નથી. ઍવૉર્ડ મળે તોપણ હું એનો ઢંઢેરો પીટતો ફરવાનો નથી... છાત્રાલયોમાં રાતદિવસ જાગ્રત રહીને બાળકોની સંભાળ રાખું છું. શિક્ષણનું સ્તર સુધરે એ માટે મહેસાણા જિલ્લા શાળા સંઘની પ્રવૃત્તિરૂપે પરીક્ષાસુધારણાના વર્કશોપ, સેમિનાર વગેરે મંત્રી તરીકે યોજું છું અને એમાં સક્રિય રહું છું. પ્રામાણિકપણે અને નિષ્ઠાપૂર્વક શાળાનું સંચાલન કરું છું. વિદ્યાર્થીની જેમ અભ્યાસી રહીને ખૂબ વાંચું છું અને લખું પણ છું... પરમ સંતોષની મારી આ દુનિયા છે એમાં

આકંઠ આનંદરસપાન કરું છું. મારે બીજા કોઈ બિરુદની જરૂર નથી...'

ઉનાળાના વૅકેશનની એક સવારે વતન પાટણમાં કુટુંબીઓમાંથી એકના લગ્નપ્રસંગે ભોજનની તૈયારીઓ ચાલતી હતી ત્યાં ભોજનખંડમાં યુવાનો સાથે હું પણ થોડીઘણી મદદમાં હાજર હતો. લગભગ દસેક વાગ્યા હશે એ વખતે શિક્ષણાધિકારીની કચેરીમાંથી એક સેવક મને શોધતો, હું હતો ત્યાં આવ્યો. એણે મારી પાસે આવીને કહ્યું : 'સાહેબ તમને યાદ કરે છે.'

'સાહેબ' એટલે શિક્ષણાધિકારી શ્રી મોતીભાઈ પટેલ. મેં સેવકને કહ્યું : 'તમે જુઓ છો ને ભાઈ, હું આ પ્રસંગમાં રોકાયેલો છું. તમે એની સાહેબને જાણ કરજો અને કહેજો કે અત્યારે હું આવી શકું એમ નથી. પછી એમને મળીશ એવું પણ કહેજો.'

સેવકે કહ્યું : 'સાહેબે ભારપૂર્વક કહ્યું છે. થોડી વાર માટે પણ આવી શકો તો સારું.'

'ભલે, થોડી વારમાં આવું છું.'

અર્ધા કલાક પછી હું શ્રી મોતીભાઈને મળ્યો.

એમણે કહ્યું : 'તમારી ફાઇલ શિક્ષણખાતામાં મોકલવી છે. ત્રણ-ચાર દિવસમાં તૈયાર કરી આપો.'

મેં વિનયપૂર્વક કહ્યું : 'આ ઑફિસ તરફથી ચાર-પાંચ વાર મારી ફાઇલ મોકલવામાં આવી છે. કશો અર્થ સર્યો નથી. હવે ક્ષમાયાચના સાથે કહું કે ફાઇલ મોકલવા હું રાજી નથી, અને મારી તૈયારી પણ નથી.'

મોતીભાઈ બોલ્યા : 'આ વખતે રાજ્ય ઍવૉર્ડ માટે રજૂઆત કરવી છે. પૂરી જવાબદારી સાથે હું તમારી ફાઇલ મોકલવા માગું છું.'

'એક પગલું નીચે ઊતરવા જેવું થયું.'

'એવું ન વિચારો મોહનભાઈ, અહીંનું કે ત્યાંનું, શ્રેષ્ઠત્વ એ શ્રેષ્ઠત્વ છે. એમાં સ્થાનની તુલના ન હોઈ શકે. આ વખતે હું જોઈશ કે તમને રાજ્યનો ઍવૉર્ડ મળે. આ વખતે મારી પ્રતિષ્ઠા ખાતર પણ તમે ફાઇલ તૈયાર કરો. તમારી પાસે અગાઉનું મેટર તૈયાર છે જ. ફરી નવેસરથી ત્રણ પ્રતો મને તૈયાર કરી આપો.'

આ પછી મોતીભાઈએ પ્રેમભર્યો આગ્રહ કર્યો અને મારે નમતું મૂકવું પડ્યું. ફાઇલ (ત્રણ પ્રતમાં) તૈયાર કરીને શિક્ષણાધિકારીની કચેરીમાં સોંપી અને ૧૯૮૪નો રાજ્યનો શ્રેષ્ઠશિક્ષકો માટેનો ઍવૉર્ડ જાહેર થયો.

ઈ. સ. ૧૯૮૬માં ત્રણ વર્ષમાં શ્રેષ્ઠ શિક્ષકો તરીકે ઍવૉર્ડ મેળવનાર શિક્ષકોને ઍવૉર્ડ એનાયત કરવા માટેનો સમૂહ કાર્યક્રમ યોજાયો. ગવર્નર શ્રી આર. કે. ત્રિવેદીના હસ્તે સૌને કવરમાં પાંચસો રૂપિયા, પાંચસો રૂપિયાનું નૅશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટ, શાલ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

ઈ. સ. ૧૯૮૪ના ઑક્ટોબરને અંતે નિવૃત્ત થયા પછી પાંચ વર્ષ હું પાટણમાં રહ્યો. આ વર્ષો દરમિયાન એક મનગમતી પ્રવૃત્તિમાં જોડાવાનું બન્યું. એ વખતે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક હતા. અગાઉ એ વડોદરાના કલેક્ટરપદે રહી ચૂક્યા હતા અને સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા એ વખતે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાં સચિવ તરીકે ફરજ બજાવતા હતા. રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકો માટેના ઍવૉર્ડનો પત્ર મને એમની સહીથી મળ્યો હતો. ઍવૉર્ડ એનાયત થયો ત્યાં સુધીની સઘળી કાર્યવાહીના પત્રો મને એમની સહીવાળા મળતા હતા. રાષ્ટ્રીય ઍવૉર્ડ માટેની ભલામણ એમની મારફતે થતી હોય એ સમજી શકાય એમ છે.

કુલીનચંદ્ર નડિયાદના નાગર, વિદ્વાનોમાં એમની ગણતરી થાય. વહીવટમાં એમની કુનેહ ભારે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એ પ્રથમ કુલપતિ. યુનિવર્સિટીના કામકાજનો આરંભ એમના હાથે થયો. સ્થાપના પછીના આરંભ કાળે જમીન અંગે ઘણા અવરોધો આવ્યા. મકાનો, ભવનો, કાર્યાલયો વગેરે નવેસરથી ઊભાં કરવાનાં. આર્થિક સંકડામણ વારંવાર બાધક બળ બને. પણ શ્રી યાજ્ઞિક એ બધી મુશ્કેલીઓમાંથી સફળતાપૂર્વક પાર ઊતર્યા અને એમણે યુનિવર્સિટીને સ્થિર રૂપ આપ્યું.

એ પોતે વિદ્વાન અને સાહિત્યના માણસ એટલે એમણે યુનિવર્સિટીના અર્થાત્ કૉલેજોના તેજસ્વી વિદ્યાર્થીઓ વધારે તેજસ્વી બને એ માટે જ્ઞાનગોષ્ઠીની યોજના કરી અને આવા વિદ્યાર્થીઓ દર બુધવારે સાંજે પાંચ વાગ્યે મળે એવું આયોજન કર્યું. મળવાનું યુનિવર્સિટી ગ્રંથાલયમાં રાખ્યું. મળવા માટેનો સમય નિશ્ચિત પણ છૂટા પડવાનો સમય નિશ્ચિત નહીં. ચર્ચામાં માર્ગદર્શક અને વિશેષ માહિતી પૂરી પાડનાર તરીકે યાજ્ઞિકસાહેબ તો ખરા જ, હું પાટણમાં છું એવી કોઈએ એમને જાણ કરી હશે એટલે આ ગોષ્ઠીમાં માર્ગદર્શક તરીકે સેવા આપવાનું કહેણ મને મળેલું એટલે હું બુધવારના ગોષ્ઠી કાર્યક્રમમાં નિયમિત હાજરી આપતો થયો હતો. ઉપરાંત પ્રા. નવનીતભાઈ શાહ પણ માર્ગદર્શક તરીકે ખરા. અમે યુનિવર્સિટી ગ્રંથાલયમાં મળતા. એ વખતે યુનિવર્સિટી ગ્રંથાલય સરકારી આરામગૃહ સામે 'ગાંધી સ્મૃતિ' મકાનમાં હતું. અમારી સાથે

યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી મહેતા પણ ખરા. સાહિત્ય, ઇતિહાસ, રાજકારણ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર વગેરે ઘણા વિષયોમાંથી કોઈ એક topic ઉપર ચર્ચા થતી. એકાદ અઠવાડિયા પહેલાં વિષય અને એકમ વિદ્યાર્થીઓને આપવામાં આવતો. રસપ્રદ ચર્ચા થતી અને અમે કોઈ પણ વિષય ઉપર આધારભૂત માહિતી આપતા. ખૂબ સારું કામ થતું.

મારી હાજરી નિયમિત હતી. મારા પરફોર્મન્સથી યાજ્ઞિકસાહેબ ખૂબ પ્રસન્ન હતા. દોઢસોમી બેઠક વખતે યાજ્ઞિકસાહેબે મારા માનમાં એ બેઠકને મેળાવડામાં ફેરવી અને એમણે પોતે મને સુખડનો હાર પહેરાવ્યો.

આ ઘટનાની ડ્રામેટિક આયરની સમજવા જેવી છે. યાજ્ઞિકસાહેબ શિક્ષણ ખાતામાં સચિવ હતા ત્યારે શ્રેષ્ઠ શિક્ષકો માટેના રાષ્ટ્રીય ઍવૉર્ડની ભલામણ એમની મારફતે ઉપર જતી. ગમે તે કારણસર, પાંચ-પાંચ જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા ફાઇલો મૂકવામાં આવી હોવા છતાં દિલ્હી તરફ મારી ભલામણ જતી નહોતી અને એ જ યાજ્ઞિકસાહેબ કદરરૂપે મને સુખડનો હાર પહેરાવી રહ્યા હતા !

■

# ૩૩
# રાગ અને રંજ

આપણો દેશ આઝાદ થયો એ પહેલાં ભારતીય માનવીનું સરાસરી આયુષ્ય માત્ર ૨૩ વર્ષનું હતું. એમાં બાળમરણનો હિસ્સો ઘણો મોટો હતો. આજે ચિકિત્સા બાબતે જેટલી સુવિધા, સાધનો અને ઔષધો ઉપલબ્ધ છે તેમ જ રોગનાબૂદી માટેનાં જેટલાં સંશોધનો થયાં છે તેમાંનું એ વખતે લગભગ નહિવત્ જેવું હતું. ક્ષય, શીતળા, ટાઇફોઇડ, ન્યુમોનિયા, ઇન્ફ્લુએન્ઝા, કમળો વગેરે રોગો પણ પેલા મરણપ્રમાણમાં સારો એવો ભાગ ભજવતા. જીવલેણ ન ગણાતા મેલેરિયામાં પણ આપણા દેશમાં પ્રતિવર્ષ દસ લાખ જેટલાં માનવી મોતનો ભોગ બનતાં. (દેશની વસ્તી ૪૦ કરોડ હતી ત્યારનું આ પ્રમાણ) અમારા મહોલ્લામાં ભાદરવા મહિનામાં મેલેરિયાનાં દર્દીઓના ઘેર ઘેર ખાટલા મેં જોયેલા છે. તાવના કારણે ધ્રૂજતા દર્દી ઉપર એક પછી એક ઓઢાડાતાં ગોદડાં જોઈને મન કમકમાટી અનુભવતું. ક્ષય માટે એ વખતે કોઈ ખાસ દવા નહોતી (સ્ટ્રેપ્ટોમાઈસિનનાં ઇન્જેક્શન તો પછી આવ્યાં) બધો આધાર શક્તિવર્ધક દવાઓ અને ખોરાક પર હતો. વાસ મારતું કોડ લિવર ઓઇલ આપવામાં આવતું. કેલ્શિયમ સેન્ડોઝ જેવાં સામાન્ય પ્રકારનાં ઇન્જેક્શન અપાતાં. સારવાર ગણવી હોય તો એરપ્રેશરની ટ્રીટમેન્ટ. ફેફસાંમાં લાંબી સોય દ્વારા હવા ભરાતી હોય ત્યારે દર્દીની આંખમાં આંસુ આવી જતાં.

ઈ. સ. ૧૯૪૨ સુધીમાં પાટણમાં કુલ છ દાક્તરો. એમાંના ત્રણ તો જનરલ હૉસ્પિટલના – ડૉ. નિંબાલકર જે સિવિલ સર્જન તરીકે ખ્યાત હતા. પરદેશ ભણી આવેલા અને એમના વ્યવસાયમાં અત્યંત નિપુણ. બીજા બે ડૉક્ટરોમાં એક વીરચંદ શાહ અને બીજા શાંતિલાલ પટેલ. પાટણમાં ચોથા એક ડૉક્ટર આચાર્ય ઉજમશી પીતાંબરનું સાર્વજનિક દવાખાનું ચલાવે. પાંચમા ડૉ. ભુજંગીલાલ દેસાઈ, આંખના ડૉક્ટર એવી જ રીતે છઠ્ઠા ડૉ. મહેતા પણ આંખના

દાક્તર – પંજાબી ડૉક્ટર પછીથી આવ્યા એ રીતે સાત દાક્તર ગણી શકાય. ઉજમશી પીતાંબર આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ઠા. ન. જલુંધવાલા ડૉક્ટર ખરા, પણ એમની સેવાઓ કૉલેજ પૂરતી મર્યાદિત હતી. ૧૯૪૨ પછી (અથવા એ દરમિયાન) મુંબઈથી ડૉ. સેવંતીલાલ શાહ અને ડૉ. રમણલાલ શાહ પાટણ આવ્યા. એમની સેવાઓનો લાભ પાટણવાસીઓને મળવા લાગ્યો.

ઈ. સ. ૧૯૩૮ના અરસામાં મારાં એક ભાભી માંદાં હતાં. ડૉ. નિંબાલકરની વિઝિટની જરૂર જણાઈ. ડૉ. નિંબાલકર સ્વભાવના ભારે કડક. એમનો મિજાજ જીરવવો દોહ્યલો. વૉર્ડમાં રાઉન્ડમાં નીકળે ત્યારે દર્દી અને તેની સારવારમાં હોય તે સૌના જીવ ઊંચા થઈ જાય.

ડૉ. નિંબાલકરને વિઝિટે બોલાવવાનો નિર્ણય તો લેવાયો પણ આ મોટા દાક્તરને ઘર સુધી કેવી રીતે લાવવા ? ઘોડાગાડી એમના મોભાને પહોંચી ન શકે. પાટણમાં ત્રણ મોટરકાર હોવાનું મનાતું હતું. એ ત્રણ કાર પૈકી એક ઉદ્યોગપતિ કાન્તિલાલ નહાલચંદની. પાટણનું નહાલચંદ લલ્લુચંદ રુગ્ણાલય (જનરલ હૉસ્પિટલ) એ પરિવારની સખાવતથી નિર્માણ પામેલું. કાન્તિલાલ પરિવાર સાથે મુંબઈ રહે, પણ પાટણમાં બગવાડા દરવાજા સામેનો એમનો બંગલો ચાલુ વપરાશમાં હોય એવી સ્થિતિમાં રહેતો. કાન્તિલાલના કાકા ક્યારેક જોગીવાડામાં દેવદર્શને આવતા. એ આવે ત્યારે મારા મોટા કાકા પાસે બેસતા. જૂની-પુરાણી પેઢીના આ બે માણસ. એમનો સારો મનમેળ હતો.

કાન્તિલાલ શેઠની કારમાં ડૉ. નિંબાલકરને વિઝિટે લઈ આવવાનું ગોઠવાયું. ડૉક્ટર આવ્યા. એમણે ભાભીને તપાસ્યાં અને કશા ખચકાટ વગર અંગ્રેજી ભાષામાં કહી દીધું : બે અઠવાડિયાં નહીં કાઢી શકે.

અને ડૉક્ટરે કહેલી મુદત પહેલાં ભાભીનું અવસાન થયું.

ઈ. સ. ૧૯૪૩માં એક ભાઈ એકાએક ગંભીર માંદગીનો ભોગ બન્યા. આ ભાઈ એ વર્ષે જ પાટણની આયુર્વેદિક કૉલેજમાં બાયોલૉજીના અધ્યાપક તરીકે નિમાયા હતા. આ એ ભાઈ, જેમણે મને કૉલેજમાં વિજ્ઞાન ફેકલ્ટીમાં દાખલ થવાનો મોહ છોડીને, હું ખરેખર જે રુચિનો માણસ છું તે અંગેની સાચી સમજ આપીને મને આર્ટ્સ કૉલેજ તરફ પ્રેર્યો હતો.

માંદગી અસાધારણ અને ગંભીર હતી. સતત લોહીની ઊલટીઓ થયા કરતી હતી. ડૉ. નિંબાલકરના કાળજીપૂર્વકના ઉપચારથી લોહીનું સતત વમન તો બંધ થયું, પણ પછીનો ઉપાય એમના હાથમાં નહોતો. નિદાન ‘ગેલપિંગ ટી.બી.નું થયું. આ રોગનું નામ જ અજાણ્યું રહ્યું છે. આ ક્ષયનો દર્દી ચારેક

મહિના કરતાં વધુ ન જીવી શકે એવો ડૉક્ટરનો મત હતો. ભાઈને સારવાર માટે અમદાવાદ લઈ જવાનું નક્કી થયું. આવા દર્દ સાથે કોઈ સગા કે સ્નેહીને ત્યાં રહેવાય નહીં એવી સમજ સાથે બીજા ભાઈઓએ દિલ્હી દરવાજા બહાર મકાન ભાડે રાખ્યું.

ભાઈની આ માંદગી વખતે હું વડોદરા કૉલેજમાં પ્રથમ વર્ષમાં હતો. ભાઈની માંદગીના સમાચારથી હું ચિંતાગ્રસ્ત બની જઈશ અને અભ્યાસમાં ખલેલ પહોંચશે એવા ખ્યાલથી મને આ માંદગી વિશે ઘર તરફથી કશી જાણ કરવામાં આવી નહોતી. પણ એક દિવસ હું શહેરમાં ગયો હતો ત્યારે ન્યાયમંદિર આગળ મારા ગામના વેપારી શંકરભાઈનો ભેટો થઈ ગયો. એમણે મને ભાઈની માંદગીના સમાચાર આપ્યા. હું પાટણ ગયો. એ પછી વિગતો મેળવીને અમદાવાદ દિલ્હી દરવાજા બહાર ભાડે રાખેલા મકાન ઉપર પહોંચ્યો.

ભાઈની સારવાર મિરઝાપુર રોડ પર ડૉ. ટંકારિયાની ચાલતી હતી. રોજબરોજની દેખરેખ એમણે સૂચવેલા ડૉ. ચંદ્રકાન્ત બારોટને સોંપી હતી.

એ દિવસોમાં અમદાવાદમાં કોમી અશાંતિનું વાતાવરણ હતું. ભાઈને ડૉ. ટંકારિયાના દવાખાને લઈ જવા જે દિવસે એમ્બ્યુલન્સ ગાડીનો મેળ ન પડે એ દિવસે ભાઈને અમે સ્ટ્રેચરમાં લઈ જતા હતા. હું અમદાવાદમાં રોકાઈ ગયો હતો એટલે આ કામમાં ઉપયોગી થઈ શકતો હતો. મિરઝાપુર રોડ એટલે કોમી અશાંતિની દૃષ્ટિએ ભારે સંવેદનશીલ માર્ગ. એકસાથે અમે નીકળીએ (એમ્બ્યુલન્સનો મેળ ન પડ્યો હોય ત્યારે) એ પૂરી જોખમી સ્થિતિ હતી પણ અમે એને કદી મન ઉપર લીધી નહોતી.

ડૉ. ટંકારિયા ખૂબ ભલા માણસ હતા. જ્યારે ડૉ. બારોટ થોડા અક્કડ ખરા. એ કોઈ મોટા કન્સલ્ટિંગ ડૉક્ટર હોય એવું એમનું બિલ ચઢતું હતું. ભાઈની ઉંમર પચીસ વર્ષ, આવી ભારે માંદગી. પરિવારનો કોઈ માણસ આવી સ્થિતિમાં નાણાંના ખર્ચનો વિચાર ન કરે. પિતાશ્રી ભાઈની માંદગી પાછળ અઢળક નાણાં ખર્ચવા તૈયાર હતા.

એક દિવસ ડૉ. ટંકારિયાએ નિખાલસપણે કહ્યું : 'કોઈ ઉપચાર કામ આવે એવો નથી. તમે દર્દીને ઘેર લઈ જાઓ.'

બીજો કોઈ રસ્તો નહોતો. અમે ભાઈને ઘેર લઈ આવ્યા અને ડિસેમ્બર, ૧૯૪૪માં એમનું અવસાન થયું.

એ પછી ત્રણેક વર્ષે એટલે ૧૯૪૭ના શિયાળાના એક દિવસે સવારે લગભગ નવેક વાગતાં મારાથી મોટા ભાઈના મુખમાંથી લોહીની એક આછી શી

છાલક બહાર આવી. ભાઈ એકદમ સાવધ થઈ ગયા. ભીતિમિશ્રિત સાવધાની ! હું અમદાવાદથી ઘેર આવેલો હતો. ઘરમાં ફક્ત પિતાજી હાજર હતા. હું ઘેર ન હોત તો પિતાજીને રઘવાટનો અનુભવ થાત.

એક ક્ષણ પણ ગુમાવવી પાલવે એમ નહોતી. ઝડપથી બુકડીમાં જઈને હું ઘોડાગાડી લઈ આવ્યો. ચાલીને જતાં એક મિનિટને અંતરે બુકડી. ભાડાની ઘોડાગાડી ત્યાંથી ઝટ મળે. એ રિક્ષાઓનો જમાનો નહોતો. પાટણમાં ૧૦૪ નંબરની ઘોડાગાડી હું ઘણી વાર જોતો. એટલે ઓછામાં ઓછી એટલી ઘોડાગાડીઓ તો પાટણમાં ભાડે ફરતી હતી.

ભાઈને હું ડૉ. નિંબાલકરના બંગલે લઈ ગયો. ડૉક્ટરનો બંગલો હૉસ્પિટલના કૅમ્પસમાં જ હતો. ડૉક્ટરના મિજાજની વાત આગળ કરી છે. પણ અત્યારે એમના મિજાજનો વિચાર કર્યે ચાલે એમ નહોતું. ગેલપિંગ ક્ષયનો ભય માથે તોળાઈ રહ્યો હતો. અગાઉના કેસની જેમ ઝાઝું લોહી વહી ગયા પછી વાત કાબૂ બહારની થઈને રહે એ સમજ હતી. એટલે ડૉ. નિંબાલકરની સહાયની તાતી જરૂર હતી. મેં બંગલામાં પ્રવેશ કરીને ડૉક્ટરને વાત કરી. એ બહાર આવ્યા. ભાઈને નીરખતા હોય એમ થોડી ક્ષણો સુધી ભાઈ ઉપર એ નજર માંડી રહ્યા. કઠોર સ્વભાવના માણસો વખત આવ્યે કેટલા ઋજુ થઈ શકે છે એનો અનુભવ અમને અહીં થયો.

મોટા ભાઈનો અગાઉનો કેસ ડૉક્ટરના સ્મરણમાં ઝબકાર કરી ગયો હોય એમ જણાયું. એમણે નરમાશથી કહ્યું : 'તમે દવાખાને પહોંચો, હું આવું છું.'

ડૉક્ટર મોટા માણસ. એમણે કહ્યું તો ખરું – હું આવું છું. પણ કોણ જાણે એ ક્યારે આવશે ? અમારા પગનું જોર જાણે ખતમ જ થઈ ગયું હતું. અમે દવાખાને પહોંચ્યા અને અમારા આશ્ચર્ય વચ્ચે, લગભગ તરત જ ડૉક્ટર આવી પહોંચ્યા.

જે પૂછવાનું હતું એ પૂછી લીધું. અગાઉ જે ભાઈ અવસાન પામ્યા એમની દેખભાળ અને જરૂરી સારવારમાં આ ભાઈ સતત રહેતા હતા એ પણ જાણી લીધું. દવાખાનાના પુરુષોના એક પણ વૉર્ડમાં એક પણ જગ્યા ખાલી નહોતી એ આ ડૉક્ટર જાણતા હતા. એમણે લૉબીમાં એક પલંગ મૂકવા માટે દવાખાનાના એક માણસને સૂચના આપી દીધી. બીજા એકને દવાખાનાના ફ્રીજમાંથી બરફના ક્યુબ્ઝ એક ટ્રેમાં કાઢી લાવવા જણાવ્યું. ડૉક્ટરે મને કહ્યું 'આ બરફ છાતી પર સતત મૂક્યા કરજો. રાતદિવસનું અંતર વિચારતા નહીં. જરૂરી બરફ બજારમાંથી મેળવતા રહેજો. કશું અસાધારણ હોય તો વિના સંકોચે ગમે ત્યારે મને જાણ કરજો. પૂરક દવાઓ તો હું હમણાં લખી આપું છું. ડૉ. શાહ અને ડૉ. પટેલને હું ઘટતી સૂચનાઓ આપી રાખું છું. મૂંઝાતા નહીં,

સઘળું સારું થઈ જશે.'

એ દિવસોમાં મારી નોકરી અમદાવાદમાં ન્યુ હાઈસ્કૂલમાં હતી. એકાદ-બે દિવસ માટે પાટણ આવ્યો હતો. ભાઈની માંદગીના કારણે રોકાઈ ગયો. ૧૪ દિવસ સુધી વત્તાઓછા સમયના અંતરે બરફ મૂકવાનું ચાલુ રાખ્યું. બ્લીડિંગ બંધ થયું હતું પણ સાવચેતીરૂપે અમે ભાઈની છાતી પર બરફ મૂકવાનું ચાલુ રાખ્યું હતું. શિયાળાના દિવસો હતા. બજારમાં બરફ મળે નહીં. ફક્ત એક કોલ્ડ્રિંગ હાઉસમાંથી અમે એ મેળવી શકતા હતા. આ કોલ્ડ્રિંગ હાઉસ ચમનલાલ બટાટાવાળાનું. એ બરફના કારખાનાના માલિક. એમનું બરફનું કારખાનું જે જમીન (ખેતર) ઉપર હતું તે જમીન અને અમારું છ વીઘાંનું એક ખેતર જોડાજોડ. વચ્ચે રેલવેના ગરનાળાના કારણે રસ્તો જતો હતો. આ નોંધ એટલા માટે કે અમે ખેતપડોશી હોવા છતાં અને માંદગી નિમિત્તે બરફ લેવાનો હતો છતાં એમનું કોલ્ડ્રિંક હાઉસ અમારી પાસેથી પંદર આને રતલ પ્રમાણે પૈસા વસૂલ કરતું હતું. સામાન્ય રીતે સિઝન વખતે બજારમાં બે પૈસે રતલ પ્રમાણે એ સમયમાં બરફ મળતો હતો. આ માણસો ગેરમોસમનો કેવો લાભ ઉઠાવતા હતા ! પડોશીધર્મનો તો છેદ જ ઊડી ગયો હતો !

દવાખાનેથી રજા મળ્યા પછી ભાઈએ પોતાના સ્વાસ્થ્ય માટે ખૂબ કાળજી રાખી. આયુર્વેદનાં વિવિધ ઔષધોનો આશ્રય લીધો અને ૭૧ વર્ષે અવસાન પામ્યા ત્યાં સુધી સારી તંદુરસ્તી જાળવી રાખી. ધંધામાં ઈસબગુલના સત્ત્વ બાબતે અમેરિકાની બે કંપનીઓ અને ભારતમાં શિપિંગ એજન્ટ સાથેનો બધો અંગ્રેજી ભાષાનો વ્યવહાર એ સંભાળતા હતા.

ભારતમાં બાળમરણ બહુ મોટા પ્રમાણમાં હતું એનો નિર્દેશ આ અગાઉ થઈ ગયો છે. ત્રીશી અને ચાળીશીના દાયકાઓમાં અમારા પરિવારમાં પણ ત્રણ બાળકોનાં અવસાન થયાં હતાં. અવસાન યુવાન વ્યક્તિનું હોય કે બાળકનું, મર્મવેધી હોય છે. ક્યારેક કોઈ અબોલ બાળકને પ્રાણ છોડતું જોઈને હૈયે જે આઘાત પહોંચે છે એ જીવનપર્યંત દુઃખદ બની રહે છે. એવી એક ઘટના ચિત્તમાં સ્થાયી રૂપ ધારણ કરીને બેઠી છે. બીજી એક ઘટના પણ હૈયું દળનારી બની રહી છે. એક બાળ ભત્રીજાનું અવસાન થયું. ઉંમર માંડ દોઢથી બે વર્ષની હશે. આટલી ઉંમરનાં બાળકોને કોઈ એકાંત વગડામાં ખાડો ખોદીને દાટવામાં આવતાં. અવસાન પામેલા પેલા બાળકને નવું કપડું ઓઢાડીને મેં ખભે લીધો. મોટા ભાઈએ કોદાળી અને મીઠાની કોથળી ખભે લીધી... બાળકને ખાડામાં સુવાડ્યા પછી ઉપર મીઠાના ગાંગડા પધરાવવામાં આવતા. ભાઈ મંદ પગલે

આગળ ચાલી રહ્યા હતા. હું એવી જ ગતિએ એમને અનુસરી રહ્યો હતો. મારા મનમાં કશુંક ઘૂંટાઈ રહ્યું હતું. હા, ઘણાં વર્ષો પૂર્વે ભાભીશ્રીના અવસાન વખતે અને પછી ભાઈના અવસાન વખતે ચિત્તમાં જે વમળાતું હતું તે જ આ હતું.

મોટા ભાઈએ ખાડો ખોદ્યો. મેં પણ એમાં થોડી મદદ કરી. બાળકને એમાં સુવાડ્યું. મીઠું ધરબ્યું. એ પછી મોટા ભાઈ થોરની વાડમાંથી શાખા સાથેનો એક થુવર કાપી લાવ્યા. માટીથી પેલો ખાડો પૂર્યા પછી ઉપરની માટીમાં થોડો દટાયેલો રહે એ રીતે પેલા થુવરને દાબ્યો. આ દાબ એટલા માટે કે કોઈ કૂતરું કે રાની જાનવર માટી ફેંદી નાખીને બાળકના મૃતદેહને ખેંચી ન કાઢે.

અમે ઘર તરફ વળ્યા. વર્ષોથી ચિત્તમાં ઘુમરાતું પેલું વમળ અત્યારે જાણે વૈખરીનું રૂપ ધારણ કરીને બહાર આવ્યું : 'પરિવારમાં એક ડૉક્ટર તો હોવો જોઈએ.'

અને હવે આ આરત મારા માટે એક ઝંખના બનીને રહી.

અમે છ ભાઈઓ. એમાંથી કોઈ દાક્તર ન બની શક્યું. જે ભાઈ અવસાન પામ્યા એમણે મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કર્યો હતો. છેવટે, એલ.સી.પી.એસ. થવાય તો તે, એવું વિચારીને ઍડ્‌મિશન માટે એ પૂના સુધી જઈ આવ્યા પણ ઍડ્‌મિશનનો મેળ ન પડ્યો. એ ડૉક્ટર થયા હોત તો શું ? એમણે તો યુવાનીમાં જ ચિર વિદાય લીધી હતી. ભાઈઓનાં સંતાનોમાં કેટલાક સારું ભણ્યા પણ ડૉક્ટર ન થયા. બે ઘણા તેજસ્વી હતા પણ એ એન્જિનિયર થયા.

પછી તો આ વાત છેક આઠમા દાયકે ગઈ. મારો પુત્ર મયંક અભ્યાસમાં ઘણો તેજસ્વી. કડીમાં ઘરની સામે જ વિજ્ઞાન કૉલેજ એટલે એમાં એ દાખલ થયો (અથવા કહો, મેં દાખલ કર્યો.) ઇન્ટરની પરીક્ષામાં બી ગ્રૂપમાં યુનિવર્સિટીમાં એ દસમે નંબરે ઉત્તીર્ણ થયો. એટલે મેડિકલ કૉલેજમાં પ્રવેશ માટે કશી અડચણ આવે એવું નહોતું. સમય બદલાયો હતો. મેડિકલ સાયન્સ ઘણું આગળ વધ્યું હતું. ઘણા અસાધ્ય રોગો પૂરેપૂરા કાબૂમાં આવી ગયા હતા. ડૉક્ટરોની સંખ્યા પણ ઘણી વધી હતી – ગામડે ગામડે દવાખાનાં થયાં હતાં. પાટણમાં ૧૯૪૨નો હિસાબ આપતી વખતે પાટણના નસીબમાં છ દાક્તરો હોવાનું જણાવ્યું હતું. હવે પાટણમાં આઠમા દાયકામાં સો ઉપરાંત દાક્તરો હતા. અને મહોલ્લાના જે રહેવાસીઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને પરિવારનો ડૉક્ટર એમને પણ ઉપયોગી થશે એવી શુભ ભાવના રાખેલી, પણ હવે તો મહોલ્લાવાસીઓ સ્થળાંતર કરીને (થોડા અપવાદ સિવાય) સોસાયટીઓમાં રહેવા જતા રહ્યા હતા.

સ્થિતિ આવી બદલાયેલી હોવા છતાં પેલી મારા મનની, જે હૈયાની બની ચૂકી હતી એ આરતમાંથી હું હજુ મુક્ત થયો નહોતો.

મયંકને મેડિકલ કૉલેજમાં દાખલ થવાની ઇચ્છા નહોતી એ એની સાથેની વાત ઉપરથી મને ખ્યાલ તો આવ્યો હતો, પણ મારામાં પેલી આરત ઉપરાંત વાસ્તવિક જગતનો જાણતલ કોઈ જણ મારા મનનો કબજો કરી બેઠો હતો. માન, મોભો વગેરે તો નજર આગળ હતાં પણ આવા તેજસ્વી પુત્રને કોઈ સામાન્ય કૉલેજમાં દાખલ કરવામાં લોકો શું કહેશે ? વળી એ એમ.એસસી. અને પછી પીએચ.ડી. થાય તો કૉલેજનો અધ્યાપક બને. વ્યાપારી સંચાલકોની દુનિયામાં અધ્યાપકોની શી સ્થિતિ હોય છે એની મને ખબર હતી. એ ક્યાંય ગુલામ બને એવું હું ઇચ્છતો નહોતો. મેં એને મેડિકલ કૉલેજમાં દાખલ થવાનો આગ્રહ રાખ્યો. મનના કચવાટની સહેજ પણ જાણ થવા દીધા સિવાય એણે મારી વાત સ્વીકારી લીધી અને એ અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાં દાખલ થયો. એ રેડિયોલૉજી સાથે એમ.ડી. થયો અને એ જ કૉલેજમાં એ. પી. (આસિસ્ટંટ પ્રોફેસર) બન્યો. કૉલેજમાં પાંચેક વર્ષ સેવા આપ્યા પછી એમ.ડી. થયેલા એના જ વિદ્યાર્થીની ભાગીદારીમાં એણે પ્રેક્ટિસ શરૂ કરી. નીતિથી જરા પણ વિચલિત થયા વગર એ કામ કરે છે. પૈસા પાછળ એની દોટ નથી (મારા પિતાશ્રીની પણ નહોતી, મારી પણ નહોતી અને એની પણ નથી) એ કલાકાર છે. કાવ્યો રચે છે અને ચિત્રો આલેખે છે કાગળ ઉપર અને કેન્વાસ ઉપર પણ. એના બે બાલકાવ્યસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે.

પરિવારમાં અમને એક ઉત્તમ ડૉક્ટર મળી રહ્યો. એક જ કેમ ? એના હાથ નીચે શિક્ષણ લઈને બનેલા ડૉક્ટરોની સેવા પણ અમારા પરિવારને સહેલાઈથી મળી રહે છે. અને પોતે રેડિયોલૉજિસ્ટ હોવાથી ધંધાકીય રીતે ઘણા ડૉક્ટરોના સંપર્ક અને સંબંધમાં છે. જરૂર પડ્યે એમની સેવાનો લાભ પણ અમારા પરિવારને મળે છે.

પેલી આરત એક રીતે તો સંતોષાઈ. પણ દીકરાને એના ઇચ્છિત માર્ગે ન જવા દીધો એનો ડંખ મારા મનને આજે પણ સતત સંતાપ આપતો રહે છે.

■

# ૩૪
# ખેતર, ખેતી અને અમે

આઠ વર્ષની ઉંમરે શહેરથી પૂર્વ દિશામાં આવેલા અમારા એક ખેતરમાં જવાનું બન્યું હતું. ૧૮ વીઘાનું આ ખેતર. સરસ્વતી નદીનો આ વિસ્તાર કહેવાય. જમીનની સપાટીથી એકાદ વેંત નીચે પાણીનું લેવલ. આ ખેતરના મધ્યભાગમાં કૂવો હતો એમાં પાણીની આ સપાટી જોયેલી. વડદાદાની માલિકીનું આ ખેતર. એમને ત્રણ દીકરા. વહેંચણીમાં દરેકને છ-છ વીઘા ભોંય મળી. મારા દાદાને ત્રણ પુત્રો એટલે પિતાજીને ભાગબટાઈમાં આ ખેતરના બે વીઘાનો વિસ્તાર મળ્યો. આ બે વીઘાની વહેંચણી થાય ત્યારે અમે ચાર ભાઈઓ (એક ભાઈ અવસાન પામ્યા હતા અને એક ભાઈએ હક જતો કર્યો હતો એટલે ચાર) અર્ધો-અર્ધો વીઘો પામીએ. વળી, આ બે વીઘામાં થઈને ઇશાન તરફનાં ગામડાં માટે પાણીની પાઇપ જતી હતી એટલે આ બે વીઘાના ખેતરની કિનારનો અર્ધા વીઘાનો પટ્ટો એક્વિઝિશનમાં જાય એ માટે નક્કી થઈ ગયું હતું. એટલે જે કંઈ કરવું હોય તે માટે દોઢ વીઘાને લક્ષમાં રાખવો પડે. અમે ભાઈઓએ મળીને આ ખેતરને વેચી નાખવાનો શાણપણભર્યો નિર્ણય લીધો. ખરીદનાર (ખેતી માટે તો બે વીઘા ઉપયોગમાં લઈ શકાય છતાં) તો દોઢ વીઘાના પૈસા આપે. કિશોરાવસ્થામાં વાવેતરથી લહેરાતું ૧૮ વીઘાનું ખેતર જોયું હતું તે પછી ૮૦ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી એ દિશામાં જવાનું બન્યું નહોતું. હવે તો રસ્તાની પણ કશી જાણકારી નહીં. ખેતર વેચાઈ જાય એ પહેલાં એક વખત નજર ઠરાવીને જોઈ લેવું જોઈએ એમ મન કહેતું હતું. ભત્રીજાને ભોમિયો બનાવીને હું ખેતરે ગયો. વિધિની કેવી વક્રતા ! ૮ વર્ષની ઉંમરે જોયું ત્યારે એ ૧૮ વીઘાનું હતું અને ૮૦ વર્ષની ઉંમરે બે વીઘાનું – વાસ્તવિક સ્થિતિમાં જે દોઢ વીઘાનું – બનવાનું હતું !

અમારું બીજું ખેતર એક કીમતી જણસ. અસ્ક્યામત અને ઉપયોગિતા – બંને દૃષ્ટિએ ઘણું મૂલ્યવાન. પણ અમારી પાસેથી એ લૂંટાયું અને ઝૂંટવાયું. પાટણના રેલવે સ્ટેશન નજીકના નાળામાંથી સિદ્ધપુર તરફના માર્ગે બહાર નીકળતાં લગભગ તરત એનું સ્થાન. ગુંગડી તળાવની ધીંગી પાળ પૂરી થાય એટલે અમારા આ ખેતરનો ઝાંપો આવે. છ વીઘાનો એનો વિસ્તાર. એના બરાબર બે ભાગ. ત્રણ વીઘા ખેતી માટે વપરાય અને ત્રણ વીઘામાં બાવળનાં ઊંચાં ઊંચાં વૃક્ષો. બાવળનો વ્યવસ્થિત ઉછેર. એની મધ્યમાં એક જગ્યા એવી સાફસૂથરી અને કાંટા વગરની કે અમારા માટે પિકનિકનું એ સ્થાન. ઘણી વાર મિત્રો બની રહેલા પિતરાઈ ભાઈઓ સાથે અહીં આવીએ અને આનંદમેળો જમાવીએ. એક ભાઈ (જે પછીથી આયુર્વેદ કૉલેજમાં જીવશાસ્ત્રના અધ્યાપક બન્યા હતા તે) ઘર માટે આ બાવળના ઝુંડમાંથી નિયમિતપણે દાતણ કાપી લાવતા. અમને સૌને આ ખેતરના બાવળ સાથે લગાવ એવો કે કોઈ બાવળની શૂળ વાગે તોપણ મુખમાંથી કશો સિસકારો ન નીકળે !

ખેતી માટે વપરાતા ત્રણ વીઘા એક વાઘરીને ઊધડથી (નિશ્ચિત કરેલી ભાડાની રકમ) વાવવા આપેલા. આ વાઘરી સાથે સંબંધ ધરાવતા અમારા મહોલ્લાની શેરીના એક માણસે ગણોતધારા(૧૯૫૪)નો માર્ગ લઈને ખેતર બથાવી પાડવા વાઘરીને ભંભેર્યો. વાઘરી એ માર્ગે ચાલ્યો અને ખેતરનો કબજો છોડવાનો ધરાર ઇન્કાર કરતો રહ્યો. આ એક પ્રકારની લૂંટ હતી.

એ પછી પ્રશ્ન આવીને ઊભો રહ્યો પાટણના માર્કેટ યાર્ડની સ્થાપનાનો. અમારી છ વીઘા જમીનની અડોઅડ સવાઈલાલ પારધી (નાગર સદ્‌ગૃહસ્થ)ની ૩૪ વીઘા જમીન હતી. સ્થાનની ઉપયોગિતાની દૃષ્ટિએ આ કુલ ૪૦ વીઘા જમીન આયોજકોની નજરમાં વસી ગયેલી. જમીન સંપાદન માટેની જરૂરી કાર્યવાહી થઈ અને અમારી જમીન એક્વાયર થઈ. એ જમીનનું જે વળતર મળ્યું એ પિતાજીના નામે બૅંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે મૂકવામાં આવ્યું જેના વ્યાજનો ઉપયોગ પિતાજી માટે કરવામાં આવે એ હેતુ હતો. આ રકમ કેટલી હતી એ મેં પિતાજીને કદી પૂછ્યું નહોતું. પણ પિતાજીના અવસાન પછી જાણવા મળ્યું કે ડિપોઝિટ તરીકે મુકાયેલી રકમ ચારહજાર રૂપિયા હતી.

જે જમીન એક્વાયર થઈ એ વેચવી પડે એવી અમારા માટે કોઈ પરિસ્થિતિ ઊભી થઈ નહોતી. આજેય એ અમારી માલિકીની હોત. એનો આજે બજાર ભાવ શો હોય એ તો જે એનું સ્થાન જાણે છે એને બધી ખબર છે. અત્યારે માર્કેટ યાર્ડમાં જ્યાં ઑફિસ છે તેને અમારી જમીનનું કેન્દ્ર કહી શકાય.

પાટણ-ચાણસ્માનો રસ્તો ક્રૉસ કર્યા પછી પદ્મનાથના રસ્તે અમારું પાંચ વીઘાનું પાંચ ભાઈઓનું હજુ સહિયારું એક ખેતર છે. મેં સિત્તેર વર્ષ વટાવ્યાં ત્યાં સુધી એને જોયેલું નહીં. એ ખેતર વાવનાર ગણોતિયા તરફથી નક્કી કરેલી રકમ નિયતપણે મળ્યા કરતી હતી. ખેતરની મુલાકાત લેવાની જરૂર પડી નહોતી અને એવી કોઈ ઇચ્છા પણ થતી નહોતી. પણ જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના અંગે સ્થળપસંદગી માટે કમિટી નિમાઈ એ પછી આ ખેતરે ચિત્તનો કબજો લીધો. સ્થળપસંદગી માટે એ અંગેની ઉક્ત કમિટીના ધ્યાનમાં સરકારી ઘેટાફાર્મ પણ આવ્યું છે એ અમારા જાણવામાં આવ્યું. આ ઘેટાફાર્મ એક વિશાળ જગ્યા છે. પણ યુનિવર્સિટી માટે એટલી જમીન પૂરતી ન ગણાય. અમારું તેમ જ અમારા એક ખેતપડોશીનું ખેતર આ ઘેટાફાર્મની લગોલગ છે. યુનિવર્સિટી માટે ઘેટાફાર્મ પસંદ થાય તો અમારું ખેતર પણ નિશ્ચિતપણે એક્વાયર થાય. એક્વિઝિશન માટેની છાપ લઈને જ અમે અવતર્યા હોઈએ એવો ઘાટ થતો હતો. આગળનાં બે આ પકડમાં આવ્યાં હતાં અને આ ત્રીજા માટેનાં વાદળ ઘેરાતાં હતાં. આ સમસ્યા ચિત્ત ઉપર છાઈ એ પછી મને એ ખેતરનું દર્શન કરવાનું સૂઝ્યું ! રોડ (ઘેટાફાર્મના કારણે સ્તો)ની ધાર ઉપર એકસરખું સમથળ મજાનું અમારું આ ખેતર હતું. યુનિવર્સિટીનું સ્થળ અન્ય જગ્યાએ પસંદ થયું અને અમને અમારા ખેતરના માલિકપણામાં કશી હરકત ન આવી.

બેત્રણ દાતરડાં, બે કોદાળી અને એકાદ પાવડા સિવાય ખેતીના ઉપયોગમાં લેવાતાં કોઈ પણ સાધન, ઓજાર કે હથિયાર અમારે ત્યાં નહોતાં. ગાડાં, હળ, કોશ કે વરત-રાશની વાત શી ? આમ છતાં અમારો પરિવાર ખેતીના વ્યવસાય સાથે ચુસ્તપણે સંકળાયેલો હતો. એક ખેતરમાં પિતાજીની સીધી દેખરેખ નીચે ખેતી થતી હતી. ખેતી આકાશિયા એટલે સિંચાઈનો સવાલ રહેતો નહોતો. આના કારણે બળદ અનિવાર્ય નહીં. ખેતરમાં બાજરી, જુવાર, વિવિધ પ્રકારનાં કઠોળ અને એરંડા તેમ જ કાળિંગડાંનું વાવેતર થાય. કઠોળમાં તુવર અને મગ-ચોળા મુખ્ય. ખેડ, ખાતર અને વાવણી ભાડે કામ કરતા કુશળ ખેડૂતો દ્વારા થાય. નિંદામણ અને કાપણી રોજ (દાનગી) ઉપર આવતાં મજૂરોથી થાય. બાકીનું બધું કામ અમારે કરવાનું. જેમ કે બાજરીના પાકની કાપણી કરીને મજૂરોએ સાંઠાના પાથરા કર્યા હોય તો તેમને પૂળામાં બાંધીને એક જગ્યાએ થરબંધ મોટા ચોરસ આકારની આંઘલીમાં ગોઠવી દેવાના. લણણી માટે તેમ જ લણણી પછી ડૂંડાંમાંથી દાણા છૂટા પાડવાના હેતુથી હાલરું કરવા માટે ખેતરના

એક ભાગમાં ખળું ટીપવું પડે. આ કામ અમારે કરવાનું. ખળું તૈયાર થાય એટલે બાજરીના ત્રણચાર પૂળાનો આધાર લઈને અંદર બેસી શકાય એવો શંકુ આકારનો શેડ તૈયાર કરવાનો. એમાં બેસીને પૂળા લાવી લાવીને એમાંથી કણસલાં લણી લેવાનાં.

લણેલાં કણસલાંનો અંબાર ખળા વચ્ચે થાય. છેવટે આ અંબારને ખળામાં પાથરી દઈને એમાંથી દાણા છૂટા પડે ત્યાં સુધી રોજ ઉપર બળદ સાથે આણેલા ખેડૂતને હાલરાના રૂપમાં ફેરવ્યા કરવાનો. દાણા તો છૂટા પડે પણ સાથે સાથે એ જેમાં ભરાયેલા હોય એ ઢૂંઢાં પણ છૂટાં પડીને એમાં ભળેલાં હોય. આ ઢૂંઢાંને દૂર કરવા પડવો કરવો પડે. પડવો એટલે પછેડીની ઝાપટથી પેદા કરેલો પવન. આ માટે પછેડીને ત્રિકોણિયા રૂપ આપીને ત્રિકોણના બે છેડા પરિવારના બે તરુણના હાથમાં પકડાવવામાં આવે અને શિરોબિંદુવાળા છેડાને થોડા સાંઠા ઉપર વીંટીને બળપૂર્વક ઊંચીનીચી ગતિ આપીને પવનનું જોશ પેદા કરવું પડે. ઘરનો બીજો કોઈ સભ્ય ઢૂંઢાં સાથેના દાણા આ પવનમાં ઊપણે. ઢૂંઢાં વજનમાં સાવ હલકાં હોય એટલે દૂર ફેંકાય અને ખળાની ભોંય પર દાણાનો ઢગલો થતો રહે. વીસમી સદીના મધ્યાંતર સુધી દાણા છૂટા પાડવામાં થ્રેશર કે ઢૂંઢાં સાથેના દાણા ઊપણવા માટેના યાંત્રિક પંખા અસ્તિત્વમાં આવ્યા નહોતા એટલે ઉપર જણાવી તે મંદ અને કંટાળા ભરેલી રીત અખત્યાર કરવી પડતી. આ બધું ઑક્ટોબર મહિનામાં થતું. આ ઉત્તરા-ચિત્રાના ત્રાસદાયક તાપની મોસમ. કણસલાં લણવાથી માંડીને દાણા લેવા સુધીનું કામ સૂર્યની કપરી ગરમીમાં કરવાનું થતું. છતાં એમાં કશીક પ્રાપ્તિનો આનંદ ભળેલો રહેતો એટલે એક ઉલ્લાસમય વાતાવરણનું નિર્માણ અવશ્ય થતું. બાજરીના પૂળાના શંકુ આકારના ઘરમાં બેઠાં બેઠાં પૂળામાંથી કણસલાં લણતાં લણતાં સ્વચ્છ ભૂરા આકાશમાં તરતી શ્વેત વાદળીઓનું ખૂબ માણેલું મનોહર કાવ્ય આજે પણ ચિત્તને એક મીઠા આહ્લાદથી ભરી દે છે.

બાજરીના પાક કરતાં જુવારના પાકની કથા અમારા માટે વધારે રોચક અને આનંદભર્યો અનુભવ બની રહેતી. આ કથા અમારા માટે શરૂ થાય દિવાળી વૅકેશનમાં. એ વખતે તો ખેતરમાં જુવાર પહોંચી હોય માથોડું ઊંચી. એના ઝૂડા બંધાઈ ચૂક્યા હોય (જુવારનો સાંઠો છ સાત ફૂટની ઊંચાઈએ પહોંચ્યો હોય એટલે એ એકલો ટટાર ઊભો ન રહી શકે એટલે પાંચ-સાત સાંઠા ભેગા રાખીને એને બાંધવામાં આવે. પાંચ-સાત ભેગા બંધાયેલા આ છોડ ઝૂડા તરીકે ઓળખાય છે) ઝાડનાં ડાળાં અને ડાળીઓ કાપીને પિતાશ્રીએ ખેતરની મધ્યમાં

માળો તૈયાર કર્યો હોય. ઉપરના ભાગમાં ઝીણી ડાળખીઓ જાણે ગૂંથી હોય એ રીતે એકમેકને આલિંગતી હોય એમ ભરાવી હોય. ઉપર ઘાસનો થર રચ્યો હોય. ગાફેલિયતમાં નીચે પડી ન જવાય એ હેતુથી માળાની કિનારીઓ થોડી ઊપસેલી હોય. માળાની ઊંચાઈ જુવારની સાધારણ ઊંચાઈ કરતાં વધારે હોય. માળા ઉપર ચઢીને ગોફણના સાધનથી માટીના ગોળા ફેંકીને પાકને નુકસાન કરતાં પંખીઓને ઉડાડી મૂકવાનું કામ હાઈસ્કૂલમાં ભણતા અમ ત્રણ ભાઈઓનું. ત્રણમાં મોટા ઈશ્વરભાઈ ચીકણી માટી (તળાવના સુકાયેલા ખોટની માટી)ના જથ્થાબંધ ગોળા બનાવી રાખે. જુવારનાં ડૂંડાંમાં દાણા ખરેખરા દિવાળી પછી તગતગે. વૅકેશન એટલે અમે આખો દિવસ નવરા. દિવાળીના ઉત્સવટાણે ઘણા દિવસ ચાલે એટલો સુંવાળી (ગળી અને તીખી બે પ્રકારની પૂરી) અને વડાંનો જથ્થો તૈયાર કર્યો હોય. એમાંથી નાસ્તાજોગ લઈને ખેતરે જઈએ. પંખીઓને ટોઈને જુવારના પાકનો બગાડ થતાં રોકીએ. ગોફણમાંથી ગોળો ફેંકતાં પહેલાં ગોફણને બરાબર વીંઝવી પડે. આ કરતી વખતે આખો માળો હાલકડોલક થાય. ક્યારેક તો માળાસોતા ભોંયભેગા થઈ જવાની બીક લાગે. માળા ઉપર બે જણ તો હોઈએ જ, ત્રણ હોઈએ ત્યારે આવી બીક વધારે લાગે.

આ ખેતરમાં ખેતીના કામમાં આંશિકપણે કંઈ કામ કર્યું એનો અનુભવ મળ્યો અને એ અનુભવ ભારે આનંદપ્રેરક રહ્યો. એણે જીવનને મધુર બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો એ ખરું. એ ભજવણીમાં કાચો કે પોચો મારો અંગત ફાળો હતો. એને પુરુષાર્થ કે કર્મ એવું નામ પણ આપી શકાય. પણ મારા ચૈતસિક ઘડતરમાં ખુદ આ ખેતરે જે કામ કર્યું એ જુદા પ્રકારનું છે. આ ખેતરે પ્રકૃતિ અને પર્યાવરણ સાથે મને ગાઢ સંબંધથી જોડ્યો. વગડો શું છે એ મને આ ખેતરે જ કહ્યું. જેણે મારું 'દિયર-ભાભી' પુસ્તક વાંચ્યું હશે એને આ વાત સમજાવવી નહીં પડે. આ ખેતરે જવા-આવવામાં કેરડા, આવળ, વખડા, બાવળ, જવાસાની સાચી ઓળખ મને તો થઈ પણ મારા અંતરમાં ઊતરેલી સમૃદ્ધિ મેં મારી કથાઓના ભાવક સુધી પહોંચાડી. વૈશાખમાં આકાશમાંથી આગ ઝરતી હોય અને ખેતરમાં જવાસાના લીલા ધરખમ પાન વચ્ચે ઝીણાં ઝીણાં ઘૂંટેલા ગુલાબી રંગનાં ફૂલ ખીલ્યાં હોય એનો એક રઢિયાળો લૅન્ડસ્કેપ મને આ ખેતરે દશ્યમાન કરી આપ્યો હતો. કવિ વર્ડ્ઝવર્થને યાદ કરીને મેં આ સત્ય મારા 'ટૂંકી વાર્તા : મીમાંસા' પુસ્તકમાં એક ઉદાહરણરૂપે મૂક્યું હતું. આ ખેતરમાં પ્રવેશતાં જ એના છીંડામાં ચણોઠીનો વેલો ! એનાં પાને ઘણી વાર મોંને વધારે પડતાં ગળ્યાં કરી મૂક્યાં હતાં અને પ્રવેશ કર્યા પછી ત્રણ વીઘાના આ ખેતરની

સામેની વાડમાં ઊગેલાં ગુંદીનાં ઝાડ રસભર્યાં ગુંદાંના ઝાડથી લચી રહેતાં, હોંશે હોંશે ખૂબ ખાધાં છે એ ગુંદાં. પશ્ચિમ તરફની વાડમાં કોણ જાણે કેટલાં બધાં વર્ષોથી બોરડીનું એક ઝાડ મુલાયમ ભગવા ગર્ભવાળાં ચણીબોર આપતું હતું ! કાંટા વાગે, ક્યારેક ચામડી ઉઝરડાય પણ ઘેરા લાલ રંગનાં ચણીબોર ચૂંટી લેવા બોરડીનાં ઊંડાં જાળાંમાં અમે હાથ નાખ્યા કરતા.

પૂર્વ તરફની વાડમાં એક શાહુડીનું ઘર. ખેતરમાં ફરીએ ત્યારે ક્યારેક એ વાડની નજીક એનાં ફેંકાયેલાં ભાલોડિયાં નજરે ચઢે. એ વીણી લેવા પ્રેરાઈએ. વીણતાં વીણતાં ડર તો લાગે પણ ઊંચા જીવે શોધી શોધીને વીણી લઈએ.

ચોમાસામાં પહેલા વરસાદ પછીના આ ખેતરના આકર્ષણની વાત વડીલોથી ખાનગી હતી. પહેલો વરસાદ થાય અને ઘરમાંથી કોઈ મોટેરું ખેતરની ભોંયમાં કેટલો ભેજ ઊતર્યો એ જોવા માટે ખેતરમાં જવા તૈયાર થાય ત્યારે હું પણ તૈયાર થઈ જાઉં. મોટેરા ભાઈ મને ઘણું વારે પણ હું પાછો ન હઠું. પહેલા વરસાદ પછી મને ખેતરમાં જે જોવા મળવાનું હોય એ પછી આખી મોસમ દરમિયાન ક્યારેય ન મળે એટલે જ તો ખેતરમાં જવાની મારી જીદ. ખેતરમાં ભાઈની સાથે પહોંચી જાઉં અને જો નીકળ્યા હોય તો પહોળી આંખે વિસ્મયથી જોયા કરું લાલ મોચીડા, મખમલી લાલ મોચીડા ! કુદરતમાં આવો લાલ રંગ ક્યાંય જોવા મળતો નથી. કદાચ મળે તો મરચીના છોડ પર શિયાળામાં એની મોસમ વખતે છોડ ઉપર જ પાકેલા લાલ મરચામાં જોવા મળે, પણ તેય પેલા મોચીડા જેવો ઊજળો અને મુલાયમ તો નહીં જ.

આ ખેતર સાથે મારી નિસબતનો આરંભ ક્યારે એટલે કે કઈ ઉંમરથી થયો એ હકીકત આ ગ્રંથના ત્રીજા પ્રકરણ – 'શૈશવ અને કૈશોર્ય'માં આલેખાયેલી કૂઈવાળી ઘટના પરથી સમજી શકાશે.

ત્રણ-સાડા-ત્રણ ફૂટના વ્યાસવાળી એ કૂઈનું પાણી સામાન્ય ઉપયોગમાં વપરાતું હતું. પાણીનાં તળ (લેવલ) ઊંચાં હતાં ત્યાં સુધી એ ચાલ્યું. પછી તો કૂઈનું પાણી કૂઈના તળિયાથી નીચે ગયું. કૂઈનો ઉપયોગ ન રહ્યો. અમે ભાઈઓએ એક નિર્ણય કરીને ખેતીને સિંચાઈ માટે ઉપયોગી થાય એવો મધ્યમ કદનો કૂવો તૈયાર કરાવ્યો અને એમાં ઇલેક્ટ્રિક મોટર મુકાવી. બધું સારી રીતે ચાલતું હતું.

હવે સંયુક્ત કુટુંબ ન રહેતાં અમે બધાં ભાઈઓ જુદા થયા હતા એ વાત અન્યત્ર કહેવાઈ ગઈ છે. અમે સૌ આ ખેતરની ભાગમાં આવેલી જમીન પોતપોતાની રીતે ઉપયોગમાં લેતા હતા. હજુ સરકારી રેકોર્ડમાં એ ખેતર અમારી

સંયુક્ત માલિકીનું હતું. માલિકી સંયુક્ત હતી એટલે જેમ જેમ પરિવારનો વિસ્તાર બહોળો થતો જતો હતો તેમ તેમ વારસદારોની સંખ્યા વધતાં હકદારોની સંખ્યા વધતી જતી હતી. જમીનની માલિકી ભલે સંયુક્ત હતી પણ હવે કુટુંબ સંયુક્ત રહ્યું નહોતું એટલે હવે અગાઉ વર્ણવેલી પારિવારિક ખેતીની વાત ભૂતકાળની હકીકત બની ગઈ હતી. ખેતરમાં સિંચાઈની સુવિધા ઊભી થાય એટલે કૂવાની સગવડ ઊભી કરી ખરી પણ એ તો ભાઈઓ પાસેથી ફાળે આવતું નાણાભંડોળ ઊભું કરીને આદરેલું એક સાહસ હતું. સંયુક્ત પુરુષાર્થ નહોતો. હવે ભાઈઓ અને તેમના પુત્રો મોટા ભાગે પોતપોતાની પસંદગીના વ્યવસાયોમાં વ્યસ્ત હતા. હવે ખેતર કે ખેતીમાં કોઈનો રસ ઝાઝો ટક્યો હોય એવું જણાતું નહોતું.

ખબર ન પડે એમ પરિસ્થિતિ નવા વળાંક લીધે જતી હતી. માલિકો વધતા જાય એટલે વહેંચણીની સમસ્યા જટીલ બને. અમારી સામે આ સમસ્યા વર્ધમાન બનતી જતી હતી. ખેતીના વ્યવસાયમાંથી રસ ક્ષીણ થતો જતો હતો. (અર્થોપાર્જન માટે એ ધંધો આકર્ષક રહ્યો નહોતો એ પણ રસક્ષતિનું કારણ ખરું) બદલાતી પરિસ્થિતિમાં ઉમેરો કરતી એક પરિસ્થિતિ વિચારણા માટે સામે આવીને ઊભી રહી. વ્યાપારધંધો અને ફૅક્ટરી હવે રહ્યાં નહોતાં. એની જવાબદારી જે બે ભાઈઓના માથે હતી એમાંના એક અપુત્ર હતા. એમનું વય પાંસઠ વર્ષ કરતાં વધારે હતું. હવે કોઈ નવું સાહસ કરવાની એમની એ ઉંમર નહોતી. ભાગમાં આવેલી જમીન ઉપર ખેતીની દેખરેખ સિવાય એમનાથી બીજું કંઈ થઈ શકે એમ નહોતું. આના કારણે એમને આર્થિક સંકડામણ ખરી. અમને વિચાર આવ્યો : ભાઈ ખેતરોની જમીનની માલિકીમાં ભાગીદાર છે. જમીનના ભાવ આસમાને પહોંચવા લાગ્યા છે. ભવિષ્યમાં કોઈક વખત એનો અઢળક પૈસો ઊપજવાનો છે પણ તે વખતે તો ભાઈની હયાતી નહીં હોય. એ અપુત્ર છે. ભવિષ્યમાં જમીનનો ગમે તેટલો પૈસો ઊપજે પણ એમને શા કામનો ? આજે એ આર્થિક ભીંસ વેઠી રહ્યા છે. શેર સર્ટિફિકેટનું કામ કરે છે પણ તે કેટલું ? એ પણ ગજા પ્રમાણે જ થાય ને ? ખેતર વેચવામાં આવે તો એમની જમીન એમના લેખે લાગે. આ વિચાર દિવસે દિવસે દઢતા પકડતો ગયો. પેલાં બે કારણો તો હતાં જ એમાં આ એક બળકટ કારણ ઉમેરાયું. અને અમે આ ખેતર વેચવાનો નિર્ણય લીધો. ફક્ત આ ખેતર એટલા માટે કે એ વિસ્તારમાં સોસાયટીઓ રચાતી હતી એ કારણથી એ જમીનના ભાવ ઘણા ઊંચા હતા.

ખેતર વેચવાનો નિર્ણય કર્યો, પણ વાત સહેલી નહોતી. એ ખેતર સાથે આત્મિક લગાવ તો હતો જ એ સહેલાઈથી કેમ છૂટે ? પણ ભાઈની સુખાકારીના

ખ્યાલ સામે કોઈ પણ સેન્ટિમેન્ટ ટકી શકે એમ નહોતો. કઠોર નિર્ણય અમે હસતા મુખે લીધો હતો.

અને અમે ખેતર વેચ્યું. વેચાણ દસ્તાવેજમાં, ખેતરની માલિકી માટે હકદાર હતા તે, પરિવારના ૧૭ સભ્યોની સહીની જરૂર પડી હતી. કોઈ પણ વાંધાવિરોધ વગર આટલા બધા સભ્યોની રાજીખુશીથી સહીની ઉપલબ્ધિ એ પણ એક જૂજ જોવા મળતી ઘટના કહી શકાય. વિરલ ઘટના એટલા માટે કે જ્યારે જમીનના ભાવ ઉત્તરોત્તર વધતા જતા હતા અને ભવિષ્યમાં મોટો આર્થિક લાભ થાય એમ હોવા છતાં, સહોદરોની વાત તો ઠીક પણ પુત્ર-પૌત્રો કે વહુવારુઓમાંથી પણ કોઈએ અસંતોષનો હરફ ઉચ્ચાર્યો નહોતો. માસ્તર (પિતાજી) કુટુંબનું આ એક પંકાયેલું લક્ષણ હતું.

આ ખેતર વેચાયા પછી મેં મારી અંગત માલિકી માટે પાટણ-ચાણસ્મા રોડના દક્ષિણ વિસ્તારમાં ત્રણ વીઘાનું એક ખેતર ખરીદ્યું.

■

## ૩૫

# બે પારિવારિક ઘટનાઓ

ઉત્કૃષ્ટ કુટુંબભાવનાને પોષક એવા ઘણા અનુભવોનું સ્મરણ આજે પણ જીવનની સાર્થકતા વિશે એક મિષ્ટ સંતોષનું કારણ બનીને આનંદ આપતું રહે છે.

ભાઈઓના વ્યવસાય જુદા. પણ કુટુંબ સંયુક્ત એટલે સૌની આવક એક નાણાં હિસાબમાં સરવાળો પામે. આવક ભેગી, એમ જવાબદારી પણ સંયુક્ત.

અમારી સત-ઇસબગુલની ફૅક્ટરી. સત એટલે સત્ત્વ. ઇસબગુલના દાણા પરથી ઉતારી લેવામાં આવેલું શ્વેત આવરણ. એને ફોતરી કહી શકાય. આ ફોતરી પરદેશમાં સિલિયમ સીડ હસ્ક નામે ઓળખાય અને તેની અમેરિકામાં માગ મોટી. ઔષધમાં તેમ જ વિવિધ રૂપે એનો ઉપયોગ થાય. અમારો આ ધંધો ચાલતો હતો ત્યારે ઇસબગુલનું વાવેતર ફક્ત પંજાબ અને ગુજરાતમાં મહેસાણા જિલ્લાના ઊંઝા અને સિદ્ધપુર વિસ્તારમાં જ થાય. (આજે સૌરાષ્ટ્ર, રાજસ્થાન વગેરેમાં એનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે)

અમારી ફૅક્ટરીનો વેપાર અમેરિકા સાથે. આનો સઘળો વહીવટ બે ભાઈઓ સંભાળે. અમેરિકાની કંપની સાથે પ્રતિ વર્ષ એક વાર કૉન્ટ્રેક્ટ થાય. આખા વર્ષ દરમિયાન ફૅક્ટરી હપતે હપતે જેટલો માલ મોકલવાની તૈયારી દર્શાવે એનો સોદો એક જ. સોદો થાય તે સમયે જે ભાવ નક્કી થયો હોય તે આખા વર્ષ માટે લાગુ પડે.

આખા વર્ષ દરમિયાન જેટલા ટન માલ મોકલવાનો હોય તેના ઉત્પાદન માટે તો જંગી જથ્થામાં ઇસબગુલ ખરીદવું પડે. એટલી મોટી રકમનું એક હપતે રોકાણ ગજા બહારનું હતું. જેમ જેમ જરૂર પડે તેમ તેમ સ્થાનિક ગંજ બજારમાંથી ભાઈ ઇસબગુલ ખરીદતા.

ઇસબગુલનો છોડ નાજુક. એક ફૂટ કરતાંય એની ઊંચાઈ ઓછી. આકાશ વાદળાંથી ઘેરાયેલું રહે તોપણ નીપજ પર માઠી અસર થાય. માવઠું થાય તો પાક નિષ્ફળ જાય. ઇસબગુલના સ્થાનિક બજારભાવ આસમાને પહોંચે. અને અમેરિકા સાથેનો ધંધો ભારે ખોટનો બની રહે.

અમારી ફૅક્ટરી મુંબઈના અમારા શિપિંગ એજન્ટ દ્વારા અમેરિકા ખાતે માલ મોકલતી. માલ રવાના થાય કે તરત એલ.સી. (લેટર ઑફ ક્રેડિટ)ના આધારે ૯૦ ટકા નાણાં ચેક દ્વારા અમારી કંપનીને મળી જતાં.

એક વર્ષે ધંધામાં સામટી ત્રણ આફતો અમારા કુટુંબ પર ઊતરી આવી. ઇસબગુલનો સ્થાનિક પાક નિષ્ફળ ગયો એટલે ઉપર કહ્યું તે વ્યાપાર-પદ્ધતિના કારણે ફૅક્ટરીમાં ભારે ખોટ ખમવી પડે એવું થયું.

ઇસબગુલ સતનો ધંધો તો ખરો જ પણ આ આફતના વર્ષે ભવાનગઢ (દાંતા) રેન્જનાં જંગલની અઢાર પેદાશોનો ઠેકો અમે રાખેલો એમાં કઢાયા ગુંદરની પેદાશ મુખ્ય. ઠેકાના વર્ષે શિયાળામાં ખૂબ ઠંડી પડી. ખૂબ ઠંડી હોય ત્યારે કઢાયાના ઝાડ ઉપર ગુંદરનો સ્રાવ સાવ મંદ પડી જાય. અમારી ફૅક્ટરી આ ગુંદરનો પણ અમેરિકામાં નિકાસ કરતી. ઠંડીના કારણે ધારણા કરતાં ઉત્પાદન ઓછું થયું અને આ ધંધામાં પણ ભારે ખોટ આવી. આ બીજી આફત.

અને ત્રીજી આફત વિધિની વક્રતા જેવી હતી. એ વર્ષે અમેરિકામાં મોકલેલા સત ઇસબગુલના એલ.સી.નાં નાણાંનો ચેક નૅશનલ બૅંકની શાખામાં જમા કરાવ્યો. અમારી ફૅક્ટરીનો નાણાકીય વહીવટ બે બૅંકોમાં થતો. એક બૅંક ઑફ બરોડા અને બીજી નૅશનલ બૅંક. આ બૅંકની હેડ ઑફિસ કલકત્તા (હાલનું કોલકાતા) હતી. આ બૅંકમાં કામકાજ ખૂબ ઓછા સમયમાં અને ઝડપથી થતું. કમનસીબીની વાત તો એ બની કે ઉપર કહ્યું તે ચેક નૅશનલ બૅંકમાં જમા કરાવ્યો એના બીજા જ અઠવાડિયે એ બૅંક ફડચામાં ગઈ.

એકસામટી ત્રણ આફતોના કારણે આર્થિક કટોકટી ઊભી થઈ. આ કટોકટીમાં અમે અમારા સૌની કુટુંબભાવના સોળે કળાએ ખીલી ઊઠેલી જોઈ અને અનુભવી. કુટુંબમાં કોઈએ ધંધાની ખોટ માટે ફૅક્ટરીનો વહીવટ કરતા ભાઈઓનો કશો દોષ ન કાઢ્યો. સૌએ સાથે મળીને ખોટ કેમ પૂરી કરવી એનો વિચાર કરવા માંડ્યો. એક દિવસ આ અંગે વિચારણા ચાલતી હતી તે વખતે મારાં એક ભાભી આવી પહોંચ્યાં. આ એ ભાભી હતાં જેમના સ્વભાવ વિશે ‘બા’ નામના પ્રકરણમાં નિર્દેશ થયેલો છે. આખાબોલાં, સ્વભાવનાં ઉગ્ર અને ક્યારેક સામેની વ્યક્તિની લાગણીનો વિચાર કર્યા વગર કડવાં વેણ પણ ઉચ્ચારી નાખે. અમને થયું, હમણાં કશોક ધડાકો કરશે કાં તો આંધળો ધંધો કરવા બદલ કંપની સંભાળનાર ભાઈઓનો અને ભેગો અમારો પણ ઊધડો લેશે. પણ એવું ન બન્યું. એમણે શાંત સ્વરે કહ્યું : ‘આટઆટલા દિવસથી આમ માથે ચિંતા લઈને કેમ બેઠા છો ? ધંધો છે તો નફો-ખોટ ચાલ્યા કરે. ખોટ વખતે આમ હતાશ ન થઈ જવાય. આવા સમયે અમારી જણસો (ઘરેણાં) કામમાં

ન આવે તો જણસો કેમ કહેવાય ? પહેલ હું કરીશ. પછી દેરાણી-જેઠાણીઓ ક્યાં જવાની છે ? એમનાં પણ મન મેં જાણી લીધાં છે. વાંધો નહીં આવે.'

લાગણીનો એક માહોલ રચાઈ ગયો.

સૌનાં હૈયાં ગદ્‌ગદ થયાં.

પણ ભાભીની આ દરખાસ્ત કોઈને સ્વીકાર્ય નહોતી. ખોટ અને ચિંતાના દિવસો વહી ગયા પણ ભાભીની પેલી દરખાસ્તે કુટુંબભાવનાના ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ ઉમેરી દીધું !

આવી ઉજ્જ્વળ અમારા ભાઈઓમાં બંધુત્વની ભાવના હતી. તેના આધારે અમારી કુટુંબભાવના વધારે ઉજ્જ્વળ બનીને પ્રકાશતી હતી.

સંયુક્ત કુટુંબમાં રહીને ત્રણ ભાઈઓ તો હવે નિવૃત્તિની વય નજીક પહોંચ્યા હતા. પિતાજીની ઇચ્છાના આધારે એમના સંતોષ ખાતર અમે વારસામાં મળનાર તથા અમારી સહિયારી કમાણીની મિલકતની વહેંચણી કરવાનું નક્કી કર્યું. એક રીતે જોઈએ તો ઘણી મથામણ કરવી પડે અને ઘણો સમય માગી લે એવું આ કામ હતું. પિતાએ અમારા માટે ખરીદી રાખેલાં (ચાલુ રહેઠાણ સિવાયનાં) પાંચ ઘર, ત્રણ ખેતર, માતાનાં તેમ જ પિતાએ બનાવડાવેલાં ઘરેણાં, રોકડ અને વિવિધરૂપે રોકાયેલાં નાણાં, ઘર વપરાશની પાર વગરની વસ્તુઓ, વાસણ-કૂસણ, પલંગ-ખાટલા, ફર્નિચર, ગાદલાં વગેરે આ બધું વહેંચવાનું હતું.

અમે માત્ર ભાઈઓ આ કામ આટોપવા માટે બેઠા. આમાં સ્ત્રીવર્ગની જરૂર નથી એવું સર્વસંમતિથી નક્કી થયું હતું. માતા પણ આ મહત્ત્વની ઘટનાથી વેગળાં રહ્યાં. પિતાજી હાજર રહ્યા પણ એમણે વહેંચણીના આ કામને સાક્ષીભાવે જોવાનું હતું.

હૈયાની ધડકન નૉર્મલ હતી. કશી ઉત્સુકતા નહોતી. કશો રોમાંચ નહોતો અને કશી સ્વાર્થપટુતા નહોતી. જે મળે તે લેવાના અને જે જતું કરવું પડે એ જતું કરવાના મૂડમાં સૌ હતા. કોઈને કશું છુપાવવાનું નહોતું. સૌ પોતપોતાનાં ભરેલાં વીમાનાં પ્રીમિયમ અને પ્રોવિડંડ ફંડમાં જમા થયેલી રકમના હિસાબ પણ લાવ્યા હતા.

ઘરેણાં ચિઠ્ઠીઓ નાખીને વહેંચાયાં. જેમને જે નહોતું જોઈતું તે આવ્યું ત્યારે મેળવનારનો મુખભાવ જોઈને સૌએ ખૂબ તાળીઓ પાડી અને હસ્યાં. તાંબાપિત્તળનાં વાસણમાં આજના સમયમાં કોને રસ હોય ? જેને જે લેવું હોય તે લેવાની છૂટ આપી. લેવું પડે એવા ભાવથી પસંદગી આગળ ધરીને લીધું. ખેતરો સહિયારાં રાખ્યાં પણ માલિકો નક્કી કરવા માટે ત્રણેય ખેતરના ભાઈઓની સંખ્યાજોગ ભાગ પાડીને ચિઠ્ઠીઓનો આધાર લઈને ભાગ વહેંચાયા.

દરેક ઘરની કિંમત નક્કી કરીને, રકમના ચઢાવાની ફૉર્મ્યુલા ઘડી કાઢી. આપ-લે કરવાની રકમ નક્કી કરી. પછી ચિઠ્ઠીઓ નાખીને વહેંચણી કરી લીધી.

ભારે ખોટ ખાધા પછી સત-ઇસબગુલ અને કઢાયા ગુંદરનો ધંધો બંધ કર્યો હતો એટલે તત્કાળ એના માટે કશો વિચાર કરવાનો નહોતો.

વહેંચણીનું કામ પૂરું થયા પછી એની વિગતોની નોંધ ચોકસાઈપૂર્વક કરી લીધી. એ પછી એની નકલો કરીને દરેક ઉપર ભાઈઓની સહી લીધી અને પિતાજી રૂબરૂ આ કાર્ય સંપન્ન થયું એના નિર્દેશ માટે દરેક પ્રત પર એમની પણ સહી લીધી. આમ તૈયાર થયેલી પ્રતો ભાઈઓને સોંપી દીધી.

અવસાન પામેલા ભાઈનો ભાગ સમાજના રિવાજ પ્રમાણે અલગ રાખ્યો.

વહેંચણીમાં આનંદ, ગમ્મત, વ્યંગ અને મજાક થતાં રહ્યાં હતાં. ન માની શકાય એટલી સહેલાઈથી અને એટલી ઝડપથી ઉકલી ગયેલા અમારી વહેંચણીના કામ વિશે જેણે જેણે જાણ્યું એ સૌ આશ્ચર્ય પામ્યા અને વર્ષો સુધી અમારી આ વહેંચણીમાં રહેલી કૌટુંબિક પ્રેમભાવના અમારા સમાજમાં ઉદાહરણરૂપે કહેવાતી, ચર્ચાતી અને પ્રશંસા પામતી રહી.

એ હતી લોહીની સગાઈ.

'લોહીની સગાઈ' શબ્દોમાં ભારતીય સંસ્કૃતિના ઘણાબધા તંતુઓ ગૂંથાયેલા છે. વિવિધ વિભાવનાઓરૂપે એનાં ઘણાં બધાં ઉજ્જ્વળ પાસાં છે. પ્રેમ, ત્યાગ, સહિષ્ણુતા, ક્ષમા, ઔદાર્ય જેવાં અનેક તત્ત્વો ગૂંથાઈને સંસ્કૃતિનું એક અતૂટ રજ્જુ બને છે. આ રજ્જુ એ કોઈ દોરડું નથી પણ એ એક ભાવસૂત્રોનો વણાટ છે જે એક રજ્જુરૂપે પરિવારના સભ્યોને સુખમય બંધનમાં રાખે છે.

પણ પ્રશ્ન એ છે કે લોહીની સગાઈ ક્યાં સુધી પહોંચે છે ? કદાચ એની ક્ષેત્રમર્યાદા સહોદર સુધી જ રહેતી હશે. આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ જગતનો આ જ સાચો અનુભવ છે.

પછીની પેઢી કદાચ લોહીની સગાઈની વાત હોંશે હોંશે કરે, પણ એમાં સચ્ચાઈ નથી હોતી. એમાં માત્ર વિવેક, આદર અને ખાનદાનીનો ઔપચારિક રંગ હોય છે. આ વાત કરનારા એમની ઉપલી પેઢીનાં મોટેરાંઓની અદબ અને મર્યાદા જાળવે છે. લગ્ન, મરણ જેવા પ્રસંગો કે અવસરો વખતે સૌ ભેગા મળે ત્યારે ખબરઅંતર પૂછે. અને ભેગા મળ્યા એટલે સંસાર, સમાજ કે ધંધા રોજગારની વાતો ઊલટપૂર્વક કરવાના. અને અવસર પત્યે અવારનવાર ફોન કરીને તબિયત અને ખુશીના ફોન કરતા રહેવાના આગ્રહ સાથે વિખરાવાના. અને પછી નવા અવસરના મેળા સુધી લોહીની સગાઈનો જાણે dead end !

■

## ૩૬

# સ્ત્રીઓ અને હું

અમે છ ભાઈ. કોઈ બહેન નહીં. પિતાશ્રી વગેરે ત્રણ ભાઈઓ. એમને પણ કોઈ બહેન નહીં. મારા શૈશવકાળ અને કિશોરાવસ્થામાં ત્રણ ભાભીઓ ખરી, પણ એ બધી માતાના સ્થાને શોભે એવી. આવા પરિવારમાં મારા વયગ્રૂપની છોકરીઓની અવરજવર શાની હોય ? એટલે મારા માટે કોઈ છોકરી સાથે સહીપણાની વાત શક્ય નહોતી. હું શાળાએ જતો થયો ત્યાં સુધીના સમયગાળામાં એટલે કે સાત વર્ષની ઉંમર સુધી મારાં એક પિતરાઈ બહેનની છોકરી સાથે બોલવાનું કે રમવાનું જે કંઈ થોડું બને તે થતું.

જમાનો એવો કે છોકરીઓને દૂરથી જોઈ શકાય, એમનાં વાણી-વર્તનની નોંધ લઈ શકાય પણ એમનામાં ભળી જઈને દોસ્તી બાંધી ન શકાય.

સ્કૂલમાં પણ એવું.

આવા વાતાવરણને લીધે ઘડતર એવું થયું કે કોઈ છોકરી કે સ્ત્રી સાથે વાત કરવા બાબતમાં હું ભારે સંકોચશીલ રહ્યો. સ્વભાવના શરમાળપણાએ પણ એમાં સારો એવો ભાગ ભજવ્યો. સંકોચ અને શરમાળપણાએ મારામાં બાઘાપણાનું પાસું ઉમેર્યું.

એક સાધારણ ગણાય એવી ઘટનાથી સ્વભાવના આ પાસાનો ખ્યાલ આવી શકશે. ઈ. સ. ૧૯૪૩ના એપ્રિલ માસમાં મૅટ્રિકની પરીક્ષા આપવા માટે હું અને મારા વર્ગનો એક મિત્ર વડોદરા ગયા હતા. વડોદરાના સ્ટેશને ઊતર્યા પછી અમારે બંનેને પોતપોતાના ઉતારા પર પહોંચવા માટે જ્યુબિલીબાગ સુધી ઘોડાગાડીમાં જવાનું હતું. ઘોડાગાડીમાં ચાર માણસ બેસે. જ્યુબિલીબાગ સુધીનું ભાડું માણસ દીઠ ચાર આના. એક ઘોડાગાડીવાળાએ અમને બે જણને સાથે જોઈને ત્રણ ત્રણ આના કહ્યા. મેં ઘોડાગાડીમાં ચઢવા માટે પાછળના પગથિયા

ઉપર પગ મૂક્યો અને ગાડીમાં નજર કરી તો એક યુવાન અને ખૂબસૂરત સ્ત્રીને બેઠેલી જોઈ. એને જોતાં જ રિફ્લેક્ષ પ્રતિક્રિયાવશ જ જાણે, પગથિયા પરથી પગ ઉઠાવીને હું બીજી ગાડી તરફ ભાગ્યો. બીજી ગાડીમાં અમે ચાર-ચાર આના આપીને જ્યુબિલીબાગ સુધી પહોંચ્યા !

સ્ત્રીઓ તરફ મારામાં કોઈ સ્વાભાવિક અણગમો હોય એવું તો હતું નહીં. બાળપણમાં હું જ્યારે મારા આંગણામાં હોઉં ત્યારે ઘણી વાર સવારે એક યુવાન શ્રાવિકાને અમારા મહોલ્લામાં શ્રી શામળા પાર્શ્વનાથનાં દર્શન કરવા જતી જોયા કરતો. એ સ્ત્રી મને ખૂબ ગમતી. આ ગમો શાના કારણે હતો એ સમજવાની એ ઉંમર નહોતી. પણ વય વધતાં અને સમજદારી કેળવાતાં મને બરાબર સમજાઈ ગયું કે એ જાતીય આકર્ષણ હતું. હું તરુણ વયે પહોંચ્યો અને એ સ્ત્રી મધ્યવયે પહોંચી ત્યાં સુધી પેલા આકર્ષણમાં કશો ફેર પડ્યો નહોતો.

ઈ. સ. ૧૯૪૩થી ૧૯૪૭ સુધી વડોદરા કૉલેજમાં અભ્યાસ કરવાનું બન્યું. અહીં પણ છોકરા-છોકરીઓનાં જૂથ અલગ. કૉલેજના મકાનમાં પ્રવેશવા માટે છોકરીઓ માટેનાં માર્ગ અને સીડી અલગ. છોકરા-છોકરીઓએ અરસપરસ બોલવાના કે ભળવાના કોઈ સંજોગ નહીં. ખાનગીમાં કોઈ મળી લેતાં હોય તો તે હકીકત ખુલ્લી પડતાં એને 'એફેર'નું રૂપ મળતું. ચર્ચા ચાલ્યા કરે. કોઈના દાંતે ન ચઢી જવાય એટલા માટે સૌ સાવધાનીપૂર્વક અળગાં રહ્યા કરે.

બી.એ.ના વર્ગમાં ઇતિહાસ વિષયમાં ઑનર્સ રાખનાર અમે ત્રણ જણ – એક વ્યાસ, બીજી મિસ આલા પેસ્તનજી માસ્ટર અને ત્રીજો હું. અમે ત્રણ જ જણ હોવા છતાં હું મિસ માસ્ટર સાથે વાત કરતો નહોતો. મારી પાસે 'બેલેન્સ ઑફ પાવર', 'રેવોલ્યુશનરી યુરોપ' અને 'મૉડર્ન યુરોપ' આ ત્રણ ગ્રંથોને સમાવી લેતું એક પુસ્તક હતું. મિસ માસ્ટરને એ જોઈતું હતું. મેં એ પુસ્તક કશા સંવાદ વગર મિસ માસ્ટરને આપેલું. વ્યાસ મિસ માસ્ટર સાથે છૂટથી બોલે, હું નહીં. એક વખત વ્યાસે મિસ માસ્ટરને ત્યાં જવાનું ગોઠવ્યું. અમે ગયા. મેં મિસ માસ્ટર સાથે કેટલાક ઔપચારિક શબ્દોની આપલે સિવાય વાત કરવાનું ટાળ્યું. પણ માસ્ટરના પિતા સાથે વાત કર્યે રાખી. મારા સ્વભાવના આ પાસાને એક પ્રકારની રુગ્ણતા જ ગણવી જોઈએ. મારે મિસ માસ્ટર સાથે બોલવું નહોતું એવું નહોતું. પણ છોકરીઓ કે સ્ત્રીઓ સાથે સંવાદ કરવાની પટુતા હું કેળવી શક્યો નહોતો. કૃત્રિમ સંવાદ કરવા કરતાં મૌન ધારણ કરવું વધારે સારું એવું સમજી મેં મિસ માસ્ટર સાથે કશી લાંબી વાત ન કરી પણ એના પિતા સાથે છૂટથી વાત કરવામાં

સમય ગાળ્યો. ઉમદા વિચારના આ પારસી સદ્‌ગૃહસ્થ પર મારી સારી છાપ પડી હોય એવું મને લાગેલું.

આ રીતે છોકરીઓ કે સ્ત્રીઓ સાથેના વાણી-વાર્તાલાપમાં હું અણઘડ હતો, પણ એમની સાથેના દુન્યવી વ્યવહારોમાં પૂરો સ્માર્ટ હતો. એનું એક ઉદાહરણ પર્યાપ્ત થશે. ૧૯૪૭ના એપ્રિલ માસના આરંભમાં પાટણથી શ્રી જ. મુ. ગોઠીસાહેબનો એક ભલામણપત્ર મને મળ્યો. એમાં એમણે બી.એ.ના અંગ્રેજી વિષયની પરીક્ષા માટેનાં કોરાણેનાં સજેશન્સ મુંબઈના સરનામે અરુણાના નામજોગ મોકલવાનું સૂચવ્યું હતું. પત્રમાં પાટણના ધનાઢ્ય શ્રેષ્ઠી હેમચંદ મોહનલાલનું સરનામું હતું. શ્રી હેમચંદભાઈની મુંબઈ ખાતે ધનજી સ્ટ્રીટમાં ઝવેરાતની પેઢી. એન્ટવર્પમાં એમની પેઢીની શાખા ખરી. અને જાપાન સાથે પણ એમનો વ્યાપારી સંબંધ પણ ખરો. ગોઠીસાહેબ પાટણ હાઈસ્કૂલના વિજ્ઞાનના શિક્ષક પણ હેમચંદભાઈની પેઢીના પ્રતિનિધિ તરીકે જાપાન જઈ આવેલા.

ગોઠીસાહેબના સૂચનના આધારે મેં અરુણાને કોરાણેનાં સજેશન્સ એ જ દિવસે મોકલી આપ્યાં અને સાથે-સાથે પત્રમાં કોરાણે દ્વારા સજેશન્સના ઉત્તર રૂપે પેમ્ફ્લેટ્સ પણ પ્રકાશિત થયેલાં હોવાની જાણ કરી. બીજે જ દિવસે પેમ્ફ્લેટ્સ મોકલવા માટેનો અરુણાનો વિનંતીપત્ર મને મળ્યો. એ જ દિવસે મેં એને પેમ્ફ્લેટ્સ મોકલી આપ્યાં જે એને બીજે જ દિવસે મળી ગયાં. એ વર્ષોમાં ટપાલ સેવા અદ્‌ભુત હતી. રાત્રે ૧૧ વાગ્યે સ્ટેશન પર R.M.S.માં ટપાલ નાખીએ તે બીજે દિવસે મુંબઈમાં અચૂક મળી જતી.

પરીક્ષા પૂરી થઈ.

અને હું પાટણ પહોંચી ગયો.

થોડા દિવસ પછી મને અરુણાનાં લગ્નની આમંત્રણ-પત્રિકા મળી.

એક નજીવા કામની કેવી ઉમદા મૂલ્ય-આંકણી !

પરીક્ષા અંગે સજેશન્સ અને પેમ્પલેટ્સ મોકલવાનું કોઈ મોટું કામ નહોતું. પરિવારે મને આમંત્રણ આપવા જોગ માણસ ગણીને વધાવ્યો હતો !

પણ હું જાત તરફ સતત જોનારો માણસ.

હું ગુંગડી તળાવનું માછલું, રાજસમંદ કે જયસમંદ જેવાં વિશાળ સરોવરનું મગર-મત્સ્ય બનવા ન લલચાઉં ! એ વયાં લગ્નપ્રસંગે કંકુ છાંટેલું પોસ્ટકાર્ડ અમારા સમાજની આમંત્રણપત્રિકા અર્થાત્‌ કંકોતરી અને ધોમધખતા વૈશાખમાં

નજીકના કોઈ ગામડે પગે ચાલીને સૂર્યાસ્ત પહેલાં લગ્નસ્થળે પહોંચવાનું...

લૂંટથી બચવા જાન સાથે બંદૂકધારી બે વળાવિયા (ઍસ્કૉટ કહો) હોય.

પહેલેથી જ મારામાં વિવેકનો તોલ ખરો આખું સૂત્ર – Fools rush in where angels fear to frade – રાજસમંદ અને જયસમંદ રાજસ્થાનનાં વિશાળ સરોવર છે. સાબરમતી નદી જયસમંદ (ઢેબર) સરોવરમાંથી નીકળે છે. Fools rushinવાળું સૂત્ર સર્વદા મારી નજર સમક્ષ હોય.

મેં અરુણાના લગ્નોત્સવમાં હાજરી ન આપી.

વ્યવહારજડ હોવાનું જોખમ વહોર્યું. એક વાર અરુણાને નજરે જોઈ લેવાની તક ગુમાવી !

ઘટનાની સ્મૃતિ રૂપે અરુણાના અત્યંત વિનયશીલ, આભાર અને શુભેચ્છાની લાગણીથી સંપૃક્ત બે પત્રો મારા પત્રસંગ્રહમાં સચવાયા છે.

ઈ. સ. ૧૯૪૭ના જૂન માસથી હું અમદાવાદની ન્યુ હાઈસ્કૂલમાં નોકરી અર્થે જોડાયો એ વાત મેં આ અગાઉ કરેલી છે. ન્યુ હાઈસ્કૂલ માત્ર છોકરાઓ માટેની શાળા. સ્ટાફ ઉપર પણ કોઈ શિક્ષિકા નહીં. એટલે અહીં નટીશૂન્ય નાટકની ભજવણી જેવો ઘાટ. આમ છતાં શાળાના મુખ્ય બિલ્ડિંગના પૂર્વ તરફની વિંગના એક વર્ગમાં અધ્યાપનકાર્ય કરતાં કરતાં સ્ત્રીઓની એક નવતર દુનિયાની ઝાંખી થઈ. ન્યુ હાઈસ્કૂલના મુખ્ય મકાનની આ પૂર્વ વિંગથી માત્ર દસબાર ફૂટના અંતરે ગોલવાડનાં કેટલાંક ખુલ્લા ઓટલાબંધ મકાનોની હાર હતી. ઓટલા ઉપર માળની છત ખરી. એટલે ઓટલો ઓસરીના રૂપે જ જણાય. બપોરે બધાં કામકાજથી પરવારીને સ્ત્રીઓ ઓટલા ઉપર આરામ કરવાના મિષે પોતાના અને ક્યારેક એકબીજાના ઓટલા પર એકઠી થાય. જાતજાતની વાતો નીકળે એમાં કોઈના ગૃહજીવનની, સંસારની, દામ્પત્યની વગેરે તેમ જ ક્યારેક કોઈના ચારિત્રસ્ખલનની ઉઘાડી વાતો થાય. આ રસભર્યા વાતમેળા વખતે કોઈક સ્ત્રી આડેપડખે થઈને અમળાતી પણ હોય. આ અનોખી દુનિયાનું દર્શન હવા-અજવાળા માટે વર્ગની દીવાલના ઉપલા ભાગમાં મૂકેલી સળંગ અને મોટી ગ્રીલના કારણે થઈ શકતું.

ન્યુ હાઈસ્કૂલની નોકરીનાં વર્ષો દરમિયાન હું કોચરબમાં રૂમ ભાડે રાખીને રહેતો હતો. જમવાનું ગાંધી રોડ પરની ચંદ્રવિલાસ લોજમાં. આ લોજમાં છૂટક જમવું પડતું. સાંજનું જમવાનું અનિયમિત. ક્યારેક મોડું થતું અને ક્યારેક લોજ સુધી ધક્કો ન ખાતાં રેસ્ટોરાંમાં નાસ્તો કરીને ચલાવી લેતો. સાંજે ચંદ્રવિલાસમાં

જમીને પાછા ફરતી વખતે વી. એસ. હૉસ્પિટલના બસસ્ટૉપે ઊતરી જતો અને સામેના ફૂટપાથ પર બેસીને દાતણ વેચનારી સ્ત્રી પાસેથી દાતણ લઈને ચાલતો રૂમ પર જતો. એ વર્ષોમાં મારી ઉંમર બાવીસ-ત્રેવીસ વર્ષની. પહેરવેશમાં પેન્ટ-શર્ટ, બૂટ-મોજાં અને ક્યારેક કોટ પણ ખરો. મોટા ભાગે પેન્ટ ઇંગ્લિશ સાટીન-ડકનું. બૂટના કારણે હલનચલનમાં ચાંચલ્ય ખરું. એક રીતે ગણીએ તો દાતણવાળીનો હું નિયમિત ગ્રાહક. એક શિયાળાની સાંજે બસમાંથી હું થોડો મોડો ઊતર્યો. માણસોની અવરજવર પાંખી હતી. ઠંડી જરા વધારે હોવાના કારણે જ હશે કદાચ. દાતણવાળી હજુ એના સ્થાને જ હતી. દાતણ પસંદ કરવા હું એના પાથરણા તરફ નમ્યો. દાતણની પસંદગી પૂરી થઈ એ વખતે દાતણવાળીએ એક ઉમળકાભર્યા લહેકાથી મને કહ્યું : 'મારે એક વખત તમારે ત્યાં ચા પીવા આવવું છે.' મારા સંદર્ભમાં આ સ્ત્રીએ ઘણુંબધું ધારી લીધું હશે, પછી જ આ બોલ એના મુખમાંથી નીકળ્યો હશે. એના આ શબ્દોમાં આતશનો વિસ્ફોટ થયો હોય એમ એ સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો. પહેલી વાર નજર માંડતો હોઉં એમ મેં એ સ્ત્રી તરફ જોયું. પચીસેક વર્ષની આ સ્ત્રી કશાક પ્રતિભાવ અથવા ઉત્તરની અપેક્ષાએ મારી તરફ તાકી રહી હોય એમ મને લાગ્યું. પ્રતિભાવ ? ઉત્તર ? એક બૉમ્બશેલ ઝીંકાયો હતો. મને ખબર નથી, મેં એ સ્ત્રીના પાથરણામાં કેટલા પૈસા નાખ્યા ! હાથમાં હતા તે પૈસા નાખીને હું ત્યાંથી ભાગ્યો !

આ એક અસાધારણ અનુભવ હતો. સ્થળ પરથી ભાગીને મેં એ સ્ત્રીને નજર આગળથી વેગળી કરી દીધી, પણ રૂમમાં વહેલી સવારે આંખ મીંચાઈ શકી ત્યાં સુધી હું એ સ્ત્રીને નજર આગળથી વેગળી કરી શક્યો નહીં. અને પછી ? પછીના દિવસોમાં વી. એસ. આગળથી દાતણ ખરીદવાનું બંધ કરીને હું એ સ્ત્રીથી વેગળો રહ્યો પણ એ સ્ત્રી તો ચિત્તને વળગેલી રહી. એ સ્ત્રીના કથનનો મારી પાસે કોઈ જવાબ નહોતો. એ સ્ત્રીના મનમાં વ્યભિચારની લાલસા હતી કે પછી આર્થિક મજબૂરી ? જે હોય તે, એ સ્ત્રીને હું મનથી ખરેખર ધિક્કારી ન શક્યો. હજુય કોઈક વખત એ સ્ત્રી સ્મૃતિમાં આવી ચઢે છે. અને હવે તો એના માટે મનમાં રહી છે માત્ર અનુકંપા !

છોકરીઓ કે સ્ત્રીઓ સાથે સંવાદ કરવા બાબતમાં મારામાં જે કંઈ ક્ષોભ, સંકોચ કે અન્ય પ્રકારની ખામી હતાં તે ઘણે અંશે ૧૯૫૪-૫૫ના વર્ષમાં બી.એડ્. કૉલેજમાં તાલીમના સમયગાળા દરમિયાન દૂર થયાં. એ સમયગાળા દરમિયાન

હું અમદાવાદની એ. જી. ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં તાલીમાર્થી – વિદ્યાર્થી હતો. તાલીમાર્થીઓની સંખ્યા ૧૦૦ જેટલી, એમાં ૩૦ કે ૩૫ જેટલી યુવા અને પ્રૌઢ વયની મહિલાઓ. તાલીમાર્થીઓએ પોતે પસંદ કરેલા વિષયોમાં જુદી જુદી શાળાઓમાં વિદ્યાર્થીઓ સમક્ષ નમૂનાના પાઠ આપવા પડે. એવી જ રીતે આ અપાતા ૫૦ પાઠનું અવલોકન પ્રત્યેક તાલીમાર્થીએ કરવું પડે. આ પાઠ આપવાની અને અવલોકન કરવાની પ્રક્રિયા એવા પ્રકારની હતી કે એમાં તાલીમાર્થી શિક્ષક કે શિક્ષિકાઓ માટે અરસપરસ ચર્ચા કે ગોષ્ઠીનો ભરપૂર અવકાશ રહે. આ ઉપરાંત કૉલેજમાં ચાલતી ઇતર પ્રવૃત્તિઓના કારણે પણ શિક્ષક-શિક્ષિકાઓને એકબીજા સાથે છૂટથી મળવાનું અને ભળવાનું થતું. આ વાતાવરણમાં મને છોકરીઓ (તાલીમાર્થીઓમાં કેટલીક યુવાન છોકરીઓ પણ હતી) અને સ્ત્રીઓ સાથે સંવાદ કરવાની ઠીક ઠીક ફાવટ આવી ગઈ. સંવાદની ફાવટ આવી એટલું જ નહીં પણ કેટલાંકની સાથે સારો એવો પરિચય પણ થયો. એ પરિચયમાં વિશેષ તો મિસિસ રાસેશ્વરી દેસાઈનો થયો. મિસિસ દેસાઈ માંડ પચીસ વર્ષની ઉંમરનાં. આટલી નાની ઉંમરમાં કમનસીબે વૈધવ્યનો કારમો યોગ થયેલો. સ્વભાવે મિલનસાર અને નિખાલસ. જીવનનો ખાલીપો ઢાંકીને પ્રસન્નતા અને મીઠાશથી વાત કરે. પણ એમના વિશે વિચાર કરતાં ઉદ્વેગની લાગણી થયા કરે. આ સ્ત્રીએ હજુ કેટલા લાંબા અને શુષ્ક જીવનપંથની ખેપ કરવાની છે ! આ સંવેદનના કારણે એમની સાથેના મારા સંવાદમાં ક્યારેક ક્યારેક સમભાવની લાગણી રસાતી. અલબત્ત, સંવાદ વખતે બોલચાલમાં હું બરાબર સંયમ જાળવતો હતો અને હંમેશાં એમને માનપૂર્વક સંબોધતો. એમનું મારી પ્રત્યેનું વર્તન નિકટના કોઈ મિત્રનું હોય એવું હું જોઈ શકતો. મને એમાં કશી હરકત નહોતી. હું પણ મૈત્રીભાવ અર્થે રાજી હતો.

એક દિવસ રાસેશ્વરીએ મને કહ્યું : ‘મારી બહેનને ભૂગોળનો પાઠ તૈયાર કરવાનો છે. તમારી મદદની જરૂર છે. તમે એના ઘેર આવશો ?’

મેં કહ્યું : ‘આવીશ.’

‘આપણે રાયખડ જવું પડશે.’

‘જઈશું.’

‘રાત્રે જવાનું છે.’

મને સહેજ વિચારમાં પડેલો જોઈ એણે કહ્યું : ‘આપણી સાથે લહેરીબાળા-બહેન આવશે.’

લહેરીબાળા અમારા વર્ગનાં તાલીમાર્થી બહેન અને નરસિંહરાવ દિવેટિયાના પરિવારનાં એક સભ્ય. (વર્ષને અંતે વાર્ષિકોત્સવમાં શિવકુમાર જોશીના 'લતા, ઓ લતા.' એકાંકી નાટકમાં એમની મુખ્ય ભૂમિકા હતી. શિક્ષકના પાત્રમાં હું હતો.)

રાત્રે રાસેશ્વરીના સૂચન પ્રમાણે રાયખડ જવાનું થયું. રાત્રે મોડા સુધી ત્રણ મહિલાઓ સાથે કામ કરવાનો અનુભવ સ્ત્રી-ભીરુપણું ઘટાડવામાં ઠીક ઠીક ઉપયોગી નીવડ્યો.

તાલીમનું વર્ષ પૂરું થયું.

એક વર્ષ માટે મળેલા સાથીદારોને છૂટા પડીને વિદાય થવાનો દિવસ આવી પહોંચ્યો. અન્ય સાથીદારો અને મિત્રોની જેમ વિદાયની પળે મેં અને રાસેશ્વરીએ પણ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી. રાસેશ્વરીની આંખમાં મને એક આછીશી વેદનાનાં દર્શન થયાં. કોઈ શબ્દો નહોતા. મૂક રહેવા સિવાય મારા માટે બીજો કોઈ માર્ગ નહોતો. એ પળે સાચી સમજણ પડી કે રાસેશ્વરી મારી એક હૈયે વસેલી મિત્ર હતી.

આ પછી રાસેશ્વરીને કદી મળવાનું થયું નહીં.

૭ વર્ષ પછીના સમયની વાત.

ત્યારે હું સર્વ વિદ્યાલયના આચાર્યપદ પર હતો. અને એસ.એસ.સી. પરીક્ષા બોર્ડની પરીક્ષાઓમાં કડી કેન્દ્રના મુખ્ય સંચાલક તરીકે મારે ફરજ બજાવવાની થતી. રોજરોજની પરીક્ષા પૂરી થયે ઉમેદવારોની ઉત્તરવહીઓનાં બંડલ રેલવે અથવા પોસ્ટ મારફતે પરીક્ષકોને મોકલવાનાં થતાં. પરીક્ષાને ઉત્તરવહીઓનું પાર્સલ મળ્યે એ મળ્યાની પહોંચ કેન્દ્ર ઉપર અર્થાત્ મારા હાથમાં આવતી. એક દિવસ ટપાલમાં રાસેશ્વરીની સહીવાળી પહોંચ મારા હાથમાં આવી. રાસેશ્વરી પરીક્ષક નહોતી, કારણ કે એના ઉપર મારા તરફથી આવું કોઈ પાર્સલ મોકલવામાં આવ્યું નહોતું. પહોંચમાં મેં સરનામું જોયું. પ્રોફેસર્સ કૉલોનીનું એ સરનામું. મારા મિત્ર ભોળાભાઈ એ ફ્લૅટવાળા બિલ્ડિંગમાં રહે. પેલો સરનામાવાળો ફ્લૅટ ભોળાભાઈના ફ્લૅટની બરાબર સામે. ભોળાભાઈને પૂછીને માહિતી મેળવી શકાય. પણ એ પૂછવાની ક્યાં જરૂર હતી ? આ માત્ર તર્કનો વિષય હતો. સરનામાવાળા ફ્લૅટના ધારક પ્રોફેસરને સાહિત્યક્ષેત્રના નાતે હું જાણતો હતો. દેસાઈ અને પંડ્યા અટકોનો મેળ લગ્ન સિવાય ક્યાંથી સાંપડે ? મેં કશું ન પૂછ્યું. માત્ર આનંદની લાગણીનો અનુભવ કર્યો. રાસેશ્વરીનાં

પુનર્લગ્નની વાત કરતાં વધારે આનંદદાયક બીજી શી વાત હોય ?

કેટલાંક વર્ષ પછી પ્રો. પંડ્યા વિધુર થયાના સમાચાર સાહિત્યની દુનિયામાં પ્રસર્યા. આનો અર્થ એ થયો કે રાસેશ્વરીનું અવસાન થયું. આઘાત આપે એવી ઘટના હતી.

કેટલાક દિવસો પછી આ અંગે મેં પ્રા. ઉષાબહેનને પૂછ્યું. ઉષાબહેન અને એમના પતિ પ્રો. રવિભાઈ રાવલનો ફ્લૅટ પ્રોફેસર્સ કૉલોનીમાં છે. પણ અત્યારે એમનો વસવાટ સત્યાગ્રહ છાવણીમાં છે. રાસેશ્વરીના અવસાનની વાતમાં એમણે હકારનો સૂર તો પૂર્યો પણ પછી રાસેશ્વરી એક ઉત્તમ મહિલા અને માનવી હોવા વિશે કહેવા માંડ્યું. આ બધું તો હું જાણતો હતો, ઉષાબહેનને શું કહું ? છૂટા પડતાં ઉષાબહેને કહ્યું : 'સ્મરણમાં રહે એવું એક ઉત્તમ માણસ, રાસેશ્વરી.'

હા, ઈ. સ. ૧૯૫૪-૫૫થી એ માણસ સ્મરણમાં રહ્યું છે.

ઈ. સ. ૧૯૫૪-૫૫ના બી.એડ્. કૉલેજના તાલીમ વર્ષ પછી સ્ત્રીઓ સાથેના વ્યવહારમાં હું લગભગ એક નૉર્મલ માણસ થઈ ગયો હતો અને એક વ્યવહારદક્ષ ગૃહસ્થની ભૂમિકા સારી રીતે ભજવી શકતો હતો.

ઈ. સ. ૧૯૬૦માં હું અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય ભાષાભવનમાં એમ.એ.ના બીજા વર્ષમાં દાખલ થયો. એમ.એ.નું પહેલું વર્ષ મેં વિસનગરની કૉલેજમાં કરેલું. ત્યાં વર્ગમાં એક પણ છોકરી નહોતી જ્યારે અહીં છોકરીઓનો મોટો સમૂહ હતો. અહીં એકબીજા સાથે છૂટથી ભળવાની ઘણી તકો હતી. પણ મારા માટે એ સુગમ નહોતું. 'સુગમ' શબ્દનો પ્રયોગ મેં સહેતુક કર્યો છે. અહીં સંજોગો એવી રીતે નિર્માયા કે વર્ગનો હું એક મુરબ્બી વિદ્યાર્થી બની ગયો. એક તો હું આઝાદી પહેલાં એટલે કે ૧૯૪૭ પહેલાં ગ્રેજ્યુએટ થયેલો. ઘણુંખરું ભણતર અંગ્રેજીમાં. થોડી અકડાઈ પણ ખરી. ૧૯૬૦ સુધીનાં વર્ષોમાં મારા ચાર વાર્તાસંગ્રહો અને બે નવલકથાઓ પ્રગટ થઈ ચૂકેલાં. જૂના મુંબઈ રાજની સરકાર તરફથી વિદર્ભના પ્રોજેક્ટોના અવલોકન માટે ગુજરાતના ૧૫ મૂર્ધન્ય સાહિત્યકારો અને મહારાષ્ટ્રના આઠ પત્રકારોને પસંદ કરેલા તેમાં મારી પણ પસંદગી થયેલી (આ અવલોકન પ્રવાસ ૧૫ દિવસનો હતો). વર્ગમાં ક્યારેક કશીક જવાબદારી વહન કરવાનું પણ થતું. એક વખત ચુનીલાલ મડિયાનું વક્તવ્ય વર્ગમાં ગોઠવાયું હતું. ઉમાશંકરભાઈએ મડિયાનો પરિચય આપવાનું કામ (અગાઉ કશી જાણ કે સૂચના વગર) મને સોંપેલું. એક વખત

ઉમાશંકરભાઈને એકાએક દિલ્હી જવાનું થયું એ વખતે એમના બદલે વર્ગમાં અધ્યાપનકાર્ય કરવાનું મને સોંપવામાં આવ્યું હતું એ હકીકત આ પુસ્તકમાં મેં અન્યત્ર જણાવી છે. વર્ગમાં પ્રશ્નોત્તરી વખતે મારી સક્રિયતા વિશેષ પ્રમાણમાં રહેતી. આવા સંજોગોમાં વણમાગી મુરબ્બીવટ ગળે ભેરવાઈ ગઈ હતી. અને તેથી જ તો હળવાશથી છોકરીઓમાં ભળવાનું મને ફાવતું નહીં. મને ભલે એ ફાવતું ન હોય, પણ વર્ગની બે છોકરીઓને મારી સાથે વાત કરવાનું બહુ ફાવી ગયું હતું. એમણે મને કદાચ મુરબ્બી માન્યો નહીં હોય. લક્ષણ બધાં મિત્રતાનાં હતાં. એમના માટે એ સહેલું નહીં હોય. સ્વભાવે હું ગંભીર ખરો ને ! પણ એમણે મને હળવાશથી બોલતો કરી દીધો હતો. આ બે છોકરીઓ પૈકી પ્રતિભા શાહ વાત કરવા માટે કોઈ ને કોઈ બહાનું શોધી કાઢતી. હિંમતભર્યાં વિધાન પણ કરે. એક વખત એણે કહેલું, 'તમે હસો છો ત્યારે રડમસ લાગો છો !' વિચિત્ર અને ન ગમે એવું તારણ. વળતું કંઈક કહેવું જોઈએ ને, પ્રતિભાના વિધાન સાથે કશો સંબંધ નહીં છતાં મેં જવાબ આપવા ખાતર શેલીની આ પંક્તિનું ઉચ્ચારણ કર્યું : 'Our sincerest laughter with some pain is fraught.'

સમજાયું કે ન સમજાયું કોણ જાણે, પણ પ્રતિભા મોટેથી હસી પડી. મેં સ્મિત સાથે કહ્યું : 'મુખમાંથી નીકળેલું આ ખોટ્ટેખોટ્ટું હાસ્ય !'

આવું ચાલ્યા કરતું. પ્રતિભાની હિંમત અને નિખાલસતા મને ગમતાં.

બીજી છોકરી હતી ઇલા શાહ. શ્રીમંતની દીકરી. મોટો બંગલો એનું નિવાસસ્થાન. પણ એને કશો ભપકો કે ઠઠારો ગમે નહીં. પહેરવેશ સાદો. ગુજરાતી ઢબે સાડી પહેરે. કપાળમાં સૂકા કંકુનો મોટો ચાંલ્લો કરે. એના આગ્રહથી એક-બે વખત એના ઘેર જવાનું થયેલું. એની માતા સાથેની વાત પરથી મને લાગ્યું કે એની સાદગી એ એની માતાની ચિંતાનો મોટો વિષય છે. લગ્નસંબંધની જ ચિંતા સ્તો. નવા જમાનામાં આવી સાદી છોકરીને કોણ પસંદ કરે ? ઊંચા ચારિત્ર્યને સાદગી ઢાંકી રહી છે એવું કોણ ચિંતન કરે ? માતાની ચિંતા ખોટી ઠરી. લગ્ન માટે એને એક સરસ વર મળી ગયો. હવે એ દંપતી મારું મિત્ર બની રહ્યું છે.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (હવે હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુનિ.)ના ગ્રંથાલયમાં એક બુધવારની સાંજે જ્ઞાનગોષ્ઠીની બેઠક વખતે એક વિદ્યાર્થિનીએ એક ડાયરી મારી સામે ધરતાં કહ્યું : 'મેં રચેલાં કાવ્યો આ ડાયરીમાં છે. તમે એ વાંચીને

મને જરૂરી માર્ગદર્શન આપજો.'

મેં ડાયરી હાથમાં લીધી. પાકા બાઇન્ડિંગની દળદાર ડાયરી. પાનાં ફેરવતાં લાગ્યું કે લગભગ આખી ડાયરી કાવ્યોથી ભરેલી છે એટલું જ નહીં, સુંદર અક્ષરે લખાયેલા દરેક કાવ્યની નીચે પાનમાં ખાલી રહેલી જગ્યા ઉપર જુદા જુદા રંગની શાહીમાં ડિઝાઇનો, પક્ષીઓ, પતંગિયાં, ફૂલ, વેલ વગેરે આલેખાયેલાં છે. કાવ્યોમાં જે સત્ત્વ હોય તે ખરું, પણ આખી ડાયરી એક રૂપકડી ચીજ હતી.

મારી અનુકૂળતાએ ડાયરીમાંનાં કાવ્યો વાંચીને જે કંઈ કહેવા જેવું હશે તે કહીશ એવી હૈયાધારણ આપીને આ ઉદયમાન કવયિત્રીને એ વખતે તો મેં રાજી કરી. પણ એ કાવ્યો વિશે કંઈ પણ કહ્યા સિવાય હું એને એક વેદનાભરી સ્થિતિમાં મૂકીશ એવી એ વખતે મને કલ્પના ક્યાંથી આવે ?

બન્યું એવું કે એક સાંજે મારા ઘરના આંગણામાં હું પલંગ ઉપર શેતરંજી નાખીને આ ડાયરીનાં કાવ્યો વાંચતો બેઠો હતો. સામાન્ય રીતે આવી રીતે હું આંગણામાં બેસતો નથી, પણ ઉનાળાની કોઈક સાંજે મન રુચિ દાખવે ત્યારે આવો ઠાઠ કરું છું.

કાવ્યો તો મને બહુ પકડી રાખી શકતાં નહોતાં, પણ ફળિયાની એક ઘટનાએ મને બરાબર જકડી લીધો. ઉનાળાની સાંજે ખૂબ મોકળાશવાળું અમારું ફળિયું માણસોથી ભર્યું ભર્યું રહેતું. રમતાં બાળકોનો કોલાહલ, જુદા જુદા ગ્રૂપમાં મળીને અલકમલકની વાતો કરતી સ્ત્રીઓ, ગપાટે ચઢેલા પ્રૌઢ વયના આદમીઓ...

એક પચરંગી ઘોંઘાટવાળી એ સાંજ હતી. એમાં બે કિશોરો સાધારણ વાત પર બથ્થંબથ્થી ઉપર આવી ગયા. એમાંના એકે સાવ ગંદી, ઉઘાડી અને ગલીચ ગાળો રેડવવા માંડી. ગાળોનો આવો વરસાદ ન ખમાતાં ઉગ્ર મિજાજના વિઠ્ઠલભાઈએ તે સ્થળ પર દોડી જઈને ગાળો બોલનાર છોકરાને ધમકાવવા સાથે એક હળવી થપાટ લગાવી દીધી.

આ થપાટનો વીજળી કરંટ દૂરના એક આંગણામાં બેઠેલા આદમીને લાગ્યો હોય એમ એ એક ઝંઝાવાતી વેગે વિઠ્ઠલભાઈ તરફ ધસી ગયો અને રાડો પાડતો હોય એવા અવાજે એણે વિઠ્ઠલભાઈ ઉપર શાબ્દિક હુમલો શરૂ કર્યો : 'આ ભાણિયો છે, ભાણિયાને કેમ માર્યો ?'

આ ધસી આવનાર માણસને હું બરાબર જાણતો હતો. ઝઘડાખોર આ

માણસ...

બે ગજવેલ અથડાવા ઉપર જ હતાં. મને થયું, આમાંથી વાત વધી પડશે અને ધીંગાણું મચી જતાં વાર નહીં લાગે. પેલાં કાવ્યોની ડાયરી પલંગ ઉપર જ રહેવા દઈને પેલા ઝઘડાનો અનર્થ અટકાવવાના હેતુથી બંને માણસોને ઠંડા પાડવા હું એ સ્થળ ઉપર પહોંચું તે પહેલાં ફળિયાની એક સ્ત્રીના અધ્ધર શ્વાસે અને મોટેથી ઉચ્ચારાયેલા શબ્દો મારા કાને પડ્યા : 'ગાયે ચોપડી મોઢામાં લીધી છે, ચાવી ખાતાં વાર નહીં લાગે !'

ફળિયામાં રખડતી ગાયોનો ભારે ત્રાસ હતો. મેં પાછળ નજર કરી. ગાયે સઘળાં કાવ્યોને મોઢામાં દાંત વચ્ચે લીધાં હતાં. હું શ્વાસભેર ગાય તરફ દોડ્યો. ગાયના મુખમાંથી મેં ડાયરી ખેંચી તો લીધી પણ તે અર્ધી ચવાયેલી હાલતમાં હતી.

કાવ્યવાચન પછી પ્રતિભાવની ઉત્સુકતાથી રાહ જોઈ રહેલી છોકરીને મારે ભાગે શું કહેવાનું હતું ? મારી મૂંઝવણનો પાર નહોતો.

અગાઉના પરિચિત ચહેરાઓને થોડા સમયગાળા પછી ઓળખવા બાબતમાં મારી સ્મૃતિ નબળી છે અને સ્ત્રીઓની બાબતમાં તો એ નબળાઈનું પ્રમાણ વધારે છે. પણ ચિંતન કરતાં મને એમ લાગે છે કે આમાં સ્મૃતિનો દોષ નથી. ચિત્તનું એક પ્રકારનું પાંગળાપણું સમજો. ચહેરાની ઓળખને લગતા કેટલાક અનુભવો થયા કરે છે. આ નબળાઈમાં સંબંધ બગાડવાનું જોખમ પણ ખરું. સંબંધના આધારે ઉત્સાહથી મળવા આવેલી વ્યક્તિને તમે ઓળખતા જ નથી એવો દેખાવ થાય ત્યારે ?

અહીં સ્ત્રીઓ અંગેની જ થોડી વાત કરી લેવાની છે. એક વખત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅન શ્રી માણેકલાલ પટેલ એક ઠસ્સાદાર યુવતી સાથે મારી ઑફિસમાં આવ્યા. એમણે મને કહ્યું : 'આ મનીષા તમને ખાસ મળવા માગતી હતી એટલે લઈ આવ્યો છું.'

કોઈ અજાણ્યું માણસ મળવા આવે ત્યારે આપણે આગંતુકને જે નજરે જોઈએ એ રીતે મેં આગંતુકા તરફ નજર માંડી.

મારી નજરમાં રહેલા ભાવને પારખીને માણેકલાલ અને મનીષા બંને વિસ્મયમાં પડી ગયાં.

માણેકલાલ અત્યંત ચતુર માણસ. એ બોલ્યા : 'આ મનીષા મારી ભાણેજ-વહુ છે. એ એમ.એ.માં તમારી સાથે ભણતી હતી. અત્યારે અમેરિકામાં

સ્થાયી થયેલી છે.'

જરાક અણસાર મળતાં હું બોલ્યો : 'તમે તારાબહેન તો નહીં ?'

'હા, પણ તમે તો સાવ ભૂલી ગયા ને ?' મનીષાને થોડો ખટકો લાગી ગયો હતો તે આ વાક્યમાં દબ્યો દબ્યો પણ પ્રગટ થયો.

માણેકલાલની હાજરીમાં મારે શું કહેવું કે તમારી ભાણેજવહુ એક વખતની સાવ સાદાં વસ્ત્રો અને કશા મેક-અપ વગરની છોકરી અત્યારે આવા ભપકામાં મનીષા નામરૂપે સામે ઊભી રહે તો ક્યાંથી ઓળખાય ?

મન આવું કારણ આપવા ભલે તૈયાર થાય, પણ એ તો એક બહાનું જ. આને હું બાઘાઈ જ કહું.

અગાઉ જેનો નિર્દેશ થયો છે તે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનાં તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની પ્રત્યેક બુધવારે મળતી જ્ઞાનગોષ્ઠીની બેઠકમાં દીપુબા દેવડાની પણ નિયમિત હાજરી રહેતી. ઘણી તેજસ્વી છોકરી. કારકિર્દીમાં ઘણી ઊંચાઈનાં શિખરોને આંબશે એવી અમારી ગણતરી.

બેઠકોમાં હાજરી આપવા સાથે સાથે વ્યવસાયમાં જોડાઈ શકે એવી લાયકાતો પણ મેળવી લીધી. સર્વ વિદ્યાલયનાં શૈક્ષણિક એકમોમાં ઊંચી લાયકાત ધરાવનારા કર્મચારીઓની ભરતી કરવાનું મંડળનું ધોરણ ખરું. એક દિવસ મેં દીપુબાને કહ્યું : 'ગાંધીનગરની સંસ્થામાં – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રિન્સિપાલ તરીકે આવો.'

પ્રથમ તો દરખાસ્ત માટે દીપુબાએ આભાર માન્યો અને પછી પૂરતા વિનય સાથે કહ્યું : ' 'પીએચ.ડી.' માટે ભાવનગર જવાનું નક્કી કર્યું છે.'

એ વાત ત્યાં અટકી.

પછી દીપુબાનો સંપર્ક રહ્યો નહીં.

ઈ. સ. ૧૯૮૦થી ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળમાં પાઠ્યપુસ્તકોના સંપાદન કે પરામર્શનની સેવાઓ હું આપતો રહ્યો હતો. સંપાદનકાર્ય માટે અમે સ્થળ બદલતા રહેતા હતા. ક્યારેક અંબાજી જેવું દૂરનું સ્થળ પણ પસંદ કરતા. એક વખત ગૂજરાત વિદ્યાપીઠ ઉપર સ્થળ તરીકે પસંદગી ઊતરી હતી.

સાંજે અમે કામ આટોપી રહ્યા હતા ત્યારે ખાદીની સાડીમાં એક કૃશકાયા મહિલા મારી સામે આવીને ઊભી રહી. બે હાથ જોડીને એણે આદરપૂર્વક મને નમસ્તે અદા કર્યા. મેં હાથ તો જોડ્યા, પણ અજાણી વ્યક્તિને જોતો હોઉં એમ

એ મહિલા તરફ જોતો રહ્યો.

મહિલાએ કહ્યું : ‘મને ન ઓળખી, સાહેબ ?’ એકાદ ક્ષણ માટે થોભી જઈને એણે જ કહ્યું : ‘હું દીપુબા...’

‘અરે, અરે...દીપુબા ! ક્ષમા કરજો ન ઓળખી શકવાની બેઅદબી માટે !’

ચપળ દીપુબાએ સરળ ઉદ્‌ગાર કાઢ્યો : ‘તમે નજર ઠરાવીને ક્યાં કોઈને જોતા હતા તે ઓળખો !’

‘એવું નહીં, દીપુબા. તમારામાં ઘણો ફેરફાર થઈ ગયો છે. ઓળખાઓ એવાં રહ્યાં નથી. આ ખાદીની સાડી...’

‘હું અહીં અધ્યાપિકા છું.’

‘બરાબર, બરાબર.’ મેં મારી લાચારીને ઢાંકવાનો પ્રયત્ન કરતાં સહેજ હસીને કહ્યું.

‘નહીં નહીં સાહેબ, આ બધું ઉંમરનું કારણ છે. એ વખતેય (ઉ. ગુ. યુનિવર્સિટીની બુધવારની બેઠકો) તમારી નિવૃત્તિ પછીય થોડાં વર્ષો વીતી ગયાં હતાં. એ પછી વીત્યાં હોય એ જુદાં. જવાદો એ બધું, અત્યારે તમારી શી સેવા કરું ?’

‘તમારી આ લાગણી મારા માટે મોટી સેવાનું ફળ છે. તમે સુખી રહો એવી શુભેચ્છા હૈયામાં કોળી રહી છે. ફરી કોઈક વાર મળીશું. અત્યારે તો અમે જઈએ.’

શુભેચ્છાની લાગણીઓ ભલે વ્યક્ત થતી રહી, પણ દીપુબાને ઝટ ન ઓળખી શકાયાનો રંજ મનને અસુખ આપતો રહ્યો.

રેખાબા સરવૈયાના પરિચયનો આરંભ રેખા સરવૈયા નામથી સાહિત્યસર્જન સંદર્ભે થયો. એમની લઘુકથાઓનો સંગ્રહ ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત થનાર હતો. આ સંગ્રહની પ્રસ્તાવના લખવા માટે એમણે મને પત્ર દ્વારા જણાવ્યું. રેખા સરવૈયા નામથી પ્રગટ થતી લઘુકથાઓ ઊંચી ગુણવત્તા સાથેની હોવાની મને જાણ હતી એટલે મેં એમના સંગ્રહની પ્રસ્તાવના લખવાનું સ્વીકાર્યું. એ પછી એકાદ-બે ફોન કૉલ દ્વારા એમની સાથે થોડો ઔપચારિક સંવાદ થયો હશે. સ્મરણમાં નથી, પણ એકાદ બે પત્રોનો વ્યવહાર પણ થયો હોય. આ વ્યવહારમાં સંભવતઃ એમને મારા સ્વભાવ અંગેના સંકેત મળ્યા હોય. પરિણામે જ કદાચ, મને એક દિવસ એમનો આ પત્ર મળ્યો :

'સાહેબ ! આપણે રૂબરૂ મળ્યાં નથી પણ છતાં ન જાણે કેમ એક ઋણાનુબંધથી આ કાગળ લખું છું. આજના જમાનામાં Communication આટલું devlope થયું છે છતાં કાગળનું માધ્યમ જ મને તો પોતીકું લાગે છે અને એમાં હું મારી વાત રજૂ કરું છું એને આપ 'પોતીકી' ગણશો એવી 'શ્રદ્ધા' (વિશ્વાસ નહીં) ધરાવું છું.'

આમ લખ્યા પછી રેખાબાએ કશો પડદો રાખ્યા વગર નિખાલસપણે પોતાના અંગત જીવનની કેટલીક વાતો લખી હતી. કેટલીક મુશ્કેલીઓ અને હાડમારીઓ વચ્ચે એમણે કશા ટ્યૂશન કે માર્ગદર્શન વગર B.Sc. અને M.Sc.માં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે રહીને ઉપાધિઓ મેળવી હતી. એમાં વળી, M.Sc. કરવા માટે રાજકોટ સુધી બસમાં અવરજવરમાં રોજના ૨૦૦ કિલોમીટરની ખેપ કરવી પડતી હતી.

પત્રલેખિકા રેખાની ઉંમર વિશેની મને કશી જાણકારી નહોતી. હું લેખિકા રેખા સરવૈયાને બાવીસ-પચીસ વર્ષની સ્માર્ટ રજપૂત યુવતી ધારતો હતો. એણે અગાઉના પત્રમાં પોતે ગરાસદારની દીકરી હોવાનું લખ્યું હતું એટલે આ યુવતીની નસોમાં રાજવી રુધિર વહેતું હોવાની મેં કલ્પના કરી હતી.

ખુમારીવાળી યુવતી ખરી સ્તો ! સગપણ કે લગ્નની જંજાળમાંથી મુક્ત રહીને કારકિર્દીના ઘડતર માટે સક્રિય બનીને એણે G.P.S.C.ની પરીક્ષાની તૈયારી કરવા માંડી. G.P.S.C.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી એ અંગેના સમાચાર રેખાબાએ બે અત્યંત દુઃખદ ઘટનાઓની વિગત સાથે મને લખ્યા હતા. એ બંને ઘટનાઓનો સમયગાળો અલગ હતો. પ્રથમ ઘટના રેખાબાના જ શબ્દોમાં : '૨૦-૮-૨૦૦૩ (જન્માષ્ટમી)ની સાંજે અન્યની જિંદગીને તારવા જતાં એક માત્ર કુલદીપક 'નીતિ'નો જીવનદીપ બુઝાઈ ગયો. પિતાજીની અંતિમ ક્ષણોમાં દીકરાને ચિતા પર આગ આપવાનું કારમું દૃશ્ય ન દેખાય એ કારણથી ક્ષત્રિયાણીની ખુમારીને છાજે એ રીતે મક્કમ ચાલે, કોરી આંખે લાડકવાયા ભાઈને અગ્નિદેવને સોંપ્યો.

G.P.S.C.નું viva આ મનોસ્થિતિમાં આપ્યું.'

પત્રમાંની બીજી ઘટના વખતે રેખાબા જૂનાગઢના મામલતદારના પદ પર હતાં. એ ઘટના પણ એમના જ શબ્દોમાં : 'છેલ્લો ઘા નિયતિનો... પપ્પાની વિદાયરૂપે હતો. માણાવદરના ૫૦ વર્ષના ઇતિહાસમાં એ પ્રસંગ કારુણ્યપૂર્ણ હતો કે વહીવટની ટોચ પર બેઠેલી મહિલા અફસર એક અજબની મક્કમતાથી

૨ કિ.મી. સુધીના સ્મશાન ઘાટ પર, ઉઘાડા પગે પોતાના બાપને કાંધ આપીને અંતિમ વિદાય કરે છે ! જે હાથ બાપને વીંટળાઈ વળતો એણે જ આગ આપી. વ્હાલથી જે બાપ બાથમાં લઈ માથું સૂંઘતો એ ધીરે ધીરે રાખનો ભુક્કો થઈ ઠરતો જોયા કર્યું આ આંખોથી ! જે ભાઈને આ બહેનના જવતલ હોમવાની હોંશ હતી એ જ ભાઈનો સાથરો આ હાથોથી લીંપ્યો... એની નિષ્પ્રાણ કાયાને પીઠી ચોળી ! પણ ત્યારે બાપ હતો... અમ સૌને સંભાળી લેવા. બે વર્ષ પહેલાં એ વડલો પણ ધ્વસ્ત ! ફરિયાદ નથી ઈશ પ્રત્યે કશાની ! ઊલટાની પાંડવોની જેમ વિપત્તિઓમાં જ ઈશની વધુ નજીક ગઈ છું એટલે જ તો બધું કદી કદી ખૂબ ખૂબ ક્ષુલ્લક અને તુચ્છ ભાસે છે, સાહેબ ! માણસનું ગજું કેટલું ? ઈશની મરજી જેટલું...'

રાજ્ય સરકારના આરોગ્ય અને સ્વાસ્થ્ય ખાતાએ ઈસરો (ISRO) દ્વારા આયોજેલી જળવપરાશમાં કાળજી અને કરકસર અંગેની સ્પર્ધામાં રેખાબાના કાવ્યસૂત્રને ઍવૉર્ડ જાહેર થયેલો. આ ઍવૉર્ડનાં રોકડ રકમ, પ્રતીક અને પુસ્તક એનાયત કરવા માટેનો સમારંભ તા. ૨૫-૮-૨૦૦૩ના રોજ અમદાવાદ ખાતે યોજાયો હતો. ઍવૉર્ડ સ્વીકારવા માટે રેખાબાએ અમદાવાદ આવવું પડે. પાંચ દિવસ પહેલાં જ એમના ભાઈનું અવસાન થયેલું એટલે એ અમદાવાદ કેમ આવી શકે ? એમણે પોતાના વતી ઍવૉર્ડ સ્વીકારવાનું મને લખ્યું. આ માટે અધિકારપત્ર જોઈએ, એવું મેં વળતા પત્રમાં જણાવ્યું. સમારંભ પહેલાં પત્ર મળી જાય એ શક્ય નહોતું. એ પછી જ્યારે મને અધિકારપત્ર મળ્યો ત્યારે પાર્લામેન્ટ તેમ જ ગાંધીનગરમાં અક્ષરધામ ઉપર આતંકવાદીઓના હુમલાના કારણે ઈસરોનો વિસ્તાર પ્રતિબંધિત અને કડક બંદોબસ્ત હેઠળ હતો. ઈસરોના એક સિનિયર અધિકારી જે મારા અંગત સ્નેહી હતા એમને સાથે રાખીને એમની દરમિયાનગીરીની મદદથી મેં ઈસરોમાં પ્રવેશ મેળવીને ઍવૉર્ડની રકમ (રૂ. ૧૫૦૦), પ્રતીક અને પુસ્તક (જેમાં હરીફોની કૃતિઓ છપાઈ હતી)ની બે પ્રત મેળવી લીધાં. બૅંકમાં રકમનો ડ્રાફ્ટ કઢાવીને રેખાબાને મોકલ્યો અને બાકીની સામગ્રીનું પાર્સલ તૈયાર કર્યું જે રેખાબા તરફથી એ લેવા આવનાર માણસને સોંપવાનું હતું.

રેખાબાનો લઘુકથાસંગ્રહ તો રેખા સરવૈયા નામથી પ્રગટ થયો પણ પત્રોમાં રેખાબા નામ આવ્યા કરતું હતું. આ 'બા' સંલગ્ન શબ્દ પ્રત્યે મેં નારાજગી વ્યક્ત કરતાં એમને લખ્યું : 'ઉત્તર ગુજરાતમાં 'બા' શબ્દ પ્રૌઢત્વનો

સૂચક છે. તમે રેખા લખો એ વધારે સારું લાગે છે.' મેં એમની ધારેલી ઉંમરના કારણે આવો આગ્રહ રાખ્યો હતો. પણ એમણે તો રેખાબા લખવાનું ચાલુ રાખ્યું. આખરે એમના આગ્રહવશ મેં 'રેખાબા' નામ સ્વીકારી લીધું ત્યારે એમણે મને લખ્યું : 'આપ 'રેખાબા' લખવા માટે કબૂલ થઈ ગયા એ મારી આપ 'વડીલ' પાસેની એક 'બાળહઠ' પૂરી કરાવ્યાની લાગણી જન્માવે છે !'

હજુ મને રેખાબાની ઉંમરની જાણ નહોતી પણ રેખાબાએ 'શબ્દસૃષ્ટિ'ના 'નવલકથા અને હું' વિશેષ અંકમાં મારો લેખ વાંચ્યો હશે. લેખના મથાળે છપાયેલી મારી જન્મતારીખ વાંચીને એમણે મને લખ્યું : 'હું આપને એક જુદી જ વાત કહેવાની છું કે આપની જન્મતારીખ / વર્ષ જોયા બાદ આજ લગી આપે મારા માટે જે સદ્ભાવ-હેત-સૌજન્ય દાખવ્યાં છે એ બધું ભેગું મળીને મને મારા 'દાદાજી'ની તીવ્રતમ સ્મૃતિ કરાવનારું લાગ્યું. હવે આપ જ નક્કી કહો કે – આપને મારા વિશે ચિંતા-દુઃખ કે કાળજીની લાગણી ન થાય તો જ નવાઈ ને ?

'આપના વ્યક્તિત્વનું જમા પાસું – વિનમ્રતા – સરળતા છે. મને આ વાતથી એવું લાગે છે કે આપની આવી જ ખાસિયતો થકી આવડું નિરામય – દીર્ઘાયુ આપ પામ્યા છો. (આ બધી ખાસિયતો મારા દાદાજીમાં મેં નજીકથી જોયેલી અને અમને બેઉને ઓળખનારા સૌ એમ કહે છે કે મારામાં મારા દાદાજીના ઘણા ગુણો છે !')

અમારો પરોક્ષ પરિચય ૨૦૦૩થી આરંભાયો. આજ ૨૦૧૧ સુધી રૂબરૂ મળાયું નથી. એક વખત જ્યારે એ સ્પીપા (સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન)માં મામલતદાર તરીકેની તાલીમ માટે કેટલાંક અઠવાડિયાં માટે આવ્યાં ત્યારે મળવાની તક હતી. સ્પીપાથી અમારી સોસાયટી પગે ચાલતાં આઠદસ મિનિટના રસ્તે છે. એમણે મારી ઉપસ્થિતિ વિશે તપાસ કરેલી પણ હું કેટલાક સમય માટે વતન પાટણ રોકાયેલો હતો એટલે મળવાનું બન્યું નહોતું.

મેં એમના લઘુકથાસંગ્રહના ચોથા ટાઇટલ પર છપાયેલો એમનો ફોટોગ્રાફ જોયેલો પણ મને એ ખાસ આકર્ષક નહીં લાગેલો. પણ સ્ત્રીશક્તિ વિષયક એક મોટા સમારંભમાં કેટલીક માનાર્હ મહિલાઓના મિતાક્ષરી પરિચય સાથે 'અભિયાન' સામયિકમાં ફોટોગ્રાફ્સ પ્રગટ થયેલા એમાં એમનો આકર્ષક ફોટોગ્રાફ છપાયેલો હતો. એ ફોટોગ્રાફમાં સહેજ દેખાતા બે રાજદંત ચહેરાની

શોભામાં ખાસ વધારો કરતા હતા. આ જોયા પછી મેં એમને ટેલિફોન દ્વારા સમારંભમાં એમની સફળતા અંગે અભિનંદન આપવા સાથે ફોટામાંના એમના રાજદંતની એક સૌંદર્ય માટે અતિ પ્રસિદ્ધ અભિનેત્રીના ટી.વી.ની એક જાહેરખબરમાં જોયેલા રાજદંત સાથે સરખામણી કરી હતી. આમ કહેવામાં કોઈ હરકત થવાનો સંભવ એટલા માટે નહોતો કે કોઈ પણ પ્રકારની ગેરસમજ ન થવા બાબતે અમારી વચ્ચે એક નિખાલસ કરાર થયલો જ હતો.

એક વખત ફોનમાં સંવાદ દરમિયાન રેખાબાએ મને કહ્યું : 'મારા ઉપર એક નવલકથા લખો.' સદ્ય સ્વીકારી લેવાની ઇચ્છા થાય એવું એ સૂચન હતું. એમના વ્યક્તિત્વની એક સુરેખ છબી મારા મન ઉપર અંકિત થઈ ચૂકી હતી. એક મેધાવી, સ્વમાની, મુશ્કેલીઓ કે આફતોમાં હિંમતથી સામે પૂર તરી શકવાની ક્ષમતા ધરાવનાર, ઊંચી ચિંતનક્ષમતા ધરાવતી, ક્ષાત્રતેજથી સોહતી, એક સાહિત્યસર્જક યુવતી... આ ઉપરાંત ઘણુંબધું કહી શકાય.

એમના સૂચનમાં કશી લાંબી ચર્ચા કર્યા સિવાય મેં કહી દીધું : 'ના, હું એ ન લખું.' મેં રેખાબાને તો ના કહી દીધી, પણ મારા મનમાં આવું આવું કંઈક હતું : લેખકે પોતાની સાહિત્યરચનાની ઊંચી ગુણવત્તા સિદ્ધ કરવા માટે પાત્રોમાં 'પરકાયા પ્રવેશ'ની પ્રયુક્તિ અજમાવવી પડે. મનના બધા પ્રકારની સ્થિતિનો તાગ મેળવવા પાત્રના હૈયાના ઊંડાણ સુધી પહોંચવું પડે. આ માટે ક્યારેક મૂંઝવણભર્યા પ્રશ્નો પૂછવા પડે. એમાં ક્યારેક મનોગત સેક્સને સ્પર્શતી પ્રશ્નોત્તરીમાં ઊતરવું પડે. કથાને રસભરી બનાવવા માટે કલ્પનાના રંગો ઉમેરવાની લાલચને રોકી ન શકાય. રેખાબાએ મને દાદાજીની કક્ષામાં મૂકી દીધો હતો એટલે રેખાબાના જીવનમાં ઉત્તમ નવલકથાને આકાર આપે એવી ઘટનાઓ હોવા છતાં મેં એમના વિશે નવલકથા લખવાની ના કહી દીધી.

આ બાબતે રેખાબાને જે લાગ્યું હોય તે ખરું.

જુલાઈ, ૨૦૧૧ સુધી રેખાબાની ઉંમરની મને જાણ નહોતી. એમની એક આભાસી ઉંમર મારા મનમાં ગોઠવાયેલી હતી. એ આભાસ પેદા કરવામાં એમનાં જોશ અને ખુમારી મુખ્ય હતાં. જુલાઈની એક સાંજે એમણે મને એમના જીવનના એક અત્યંત મહત્ત્વના, હિંમતભર્યા, સમાજની દૃષ્ટિએ ક્રાંતિકારી પણ દીર્ઘ દૃષ્ટિવાળા નિર્ણયના સમાચાર આપતાં અગાઉ પોતાની ઉંમરની જાણ કરતાં મને કહ્યું : 'હવે મારું ૩૯મું વર્ષ પૂરું થયું. લગ્નના ખ્યાલમાં રહેવાનો કશો અર્થ નથી. મેં ટેસ્ટ ટ્યૂબ બેબીવાળો પ્રયોગ અપનાવ્યો છે અને તે સફળ પણ

થયો છે.' મેં એમના આ I.V.F. પદ્ધતિથી ગર્ભાધાન કરીને સંતાનપ્રાપ્તિ માટેના ક્રાંતિકારી અને હિંમતભર્યા પગલા માટે અભિનંદન આપ્યા અને પ્રયોગની છેક સુધીની સંપૂર્ણ સફળતા માટે કામના અને શુભાશિષ પ્રગટ કર્યાં.

અને રેખાબાને આ પ્રયોગમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ. સદ્‌ભાગ્યે ત્રણ અગિયારને સાથે રાખતા શુકનવંતા દિવસ – ૧૧-૧૧-૧૧ (૨૦૧૧)ના દિવસે રેખાબાની કૂખે એક સુંદર અને તંદુરસ્ત કન્યારત્નનો અવતાર થયો.

સંતાનપ્રાપ્તિની આ અનોખી ઘટનાની સર્વત્ર ઉલ્લાસપૂર્વક નોંધ લેવાઈ. ગુજરાતી તેમ જ અંગ્રેજી દૈનિકો અને સાપ્તાહિકોએ પોતાનાં પત્રોમાં મહત્ત્વના સમાચાર તરીકે સ્થાન આપ્યું. એક દૈનિકપત્રમાં અનોખી શૈલીએ રેખાબાની મુલાકાત પણ પ્રકાશિત થઈ.

રેખાબાએ વ્હાલસોયી નવજાત દીકરી માટે નામ પણ મનોહર રાખ્યું છે – અભિજ્ઞા !!

આવા સારા પ્રસંગે આંખે ઝામરના ભારે ઉપદ્રવના કારણે રેખાબાને રૂબરૂ મળવા અને નવજાત શિશુને આશીર્વાદ આપવા જઈ શક્યો નથી એનો અફસોસ છે. અમદાવાદના ઉત્તમ આંખના દાક્તરોનો ઉપચાર હોવા છતાં એક આંખે તો નૂર ગુમાવ્યું છે. બીજી આંખનું વિઝન પણ ક્ષીણ થયું છે. અનિવાર્ય કારણ સિવાય બહાર નીકળવાનું નિવારવું પડ્યું છે. અલબત્ત, સોસાયટીના જ વૉકિંગ ટ્રેક ઉપર વૉકિંગ સ્ટીક સાથે વ્યાયામ ખાતર ચાલવાનું રાખ્યું છે. ડાયાબીટિસનું વળગણ ખરું ને. ડૉ. ભટ્ટે એક સૂત્ર પકડાવી દીધું છે 'Eat half; and walk double.' ૧૯૭૪થી આ સૂત્ર અમલમાં છે.

આ સંજોગોમાં રેખાબાને મળવાનું ક્યાં ? એમણે તો જૂનાગઢ આવવા માટે વારંવાર આમંત્રણ આપ્યું હતું. સોમનાથ મહાદેવનાં દર્શન કરાવવાની ખાતરી પણ વારંવાર ઉચ્ચારી હતી. પણ હું અમદાવાદમાં અને રેખાબા જૂનાગઢ મોઝાર. અંતર ઝાઝું અને ઝામરગ્રસ્ત માણસ માટે દુર્લંઘ્ય !

રેખાબાનો પરિચય ઋણાનુબંધરૂપે ખરો, પણ એમાં અસામાન્ય કશું નહોતું. પણ અહીં એક અસાધારણ ઋણાનુબંધના અનુભવની વાત કરવી છે. સત્યાગ્રહ છાવણી સોસાયટીનું પોસ્ટલ સરનામું ગમે તે, પણ એની ઓળખ જોધપુર ટેકરાથી. ટેકરો એટલે ત્યાં ઢાળ હોવાના. હિલ સ્ટેશનો ઢાળવાળાં જ હોય છે ને ! સત્યાગ્રહ છાવણીનો સરવાળે વિશાળ વિસ્તાર. એમાં એકાધિક કૉમન પ્લૉટ, વિવિધ ઉજવણીઓ કે ઉત્સવો માટેનો મોટો પાર્ટી પ્લૉટ અને એક

દીર્ઘ વૉકિંગ ટ્રેક... વચ્ચે લૉનનું હરિયાળું મેદાન. મેદાનને ફરતો આઠ ફૂટ પહોળો વૉકિંગ ટ્રેક. આ ટ્રેકના કિનારે કિનારે થોડા થોડા અંતરે આરામદેય બાંકડા. ટ્રેક પર દસ આંટાની ચાલ એટલે ત્રણ કિલોમીટર ચાલ્યાનો વ્યાયામ.

આ વૉકિંગ ટ્રેક પર ચાલનાર પુરુષોની સંખ્યા જૂજ, સ્ત્રીઓ વધારે. મોટા ભાગે મધ્યમ વયની અને મેદસ્વી. આશ્ચર્યની એક વાત તો એ કે મહાકવિ કાલિદાસના એક અવલોકન, 'શ્રોણિભારાત્ અલસગમના'નો આ ટ્રેક પર છેદ ઊડી જાય છે. આ ટ્રેક પર હું ઝડપથી ચાલું છું એવો મારો મત છે પણ અહીં તો અતિ ભારે શ્રોણિવાળી સ્ત્રીઓ દ્રુતગમના બનીને મને ક્યાંય પાછળ મૂકી દઈને આગળ ચાલી જાય છે.

આ ટ્રેક પર પરિભ્રમણ કરતી સ્ત્રીઓ કરતાં સાવ નિરાળી એક સ્ત્રીની વાત નિર્દિષ્ટ છે. એ ટ્રેક ઉપર ચાલતી નથી. ટ્રેકના પ્રવેશ પાસેના બાંકડા પર બેસે છે. કૃશ અને સોટા જેવી કાયા, છ ફૂટની નજીક જણાતી ઊંચાઈ અને પછીથી જાણવા મળ્યું તે પ્રમાણે ૯૦ વર્ષની ઉંમર...

આ સ્ત્રી સત્યાગ્રહ છાવણીની નિવાસી નથી એ તો સહેજે સમજાય એવું હતું. પછીથી જાણવા મળ્યું કે સોસાયટીની ૧૮મી લેન બહારના કોઈ બિલ્ડિંગના ફ્લૅટમાં એ રહે છે.

એક દિવસ વૉકિંગ ટ્રેક ઉપર ચાલતાં ચાલતાં હું એના બાંકડાની નજીક પહોંચ્યો ત્યારે એણે બે હાથ જોડીને માનવીય રસમનું અભિવાદન કર્યું. આ અભિવાદન મારા માટે શાનું હોય ? પણ મારી આસપાસ કે પાછળ કોઈ નહોતું. સાચું કે ખોટું, વિવેકચૂક ન થાય એટલે મેં પણ હાથ જોડ્યા. ભારે કુતૂહલના કારણે મારા મુખ પર વળતું જે સ્મિત ફરકવું જોઈએ તે ન ફરક્યું. હજુ સમજાતું નહોતું, કશા જ કારણ વગર આ સ્ત્રીએ આમ પરિચયાત્મક ચેષ્ટા કેમ દાખવી ?

બીજે દિવસે પણ હું દૂર હોવા છતાં અભિવાદનનું પુનરાવર્તન થયું. એ પછી એમ થતું રહ્યું. એ સ્ત્રી પ્લૉટમાં પ્રવેશતી હોય ૧૮મી લેનના માર્ગે આવતી હોય કે અન્ય કોઈ સ્થિતિમાં એ બે હાથ અવશ્ય જોડતી અને પછી તો હું પણ એના હાથ જોડવાની રાહ જોયા વગર અભિવાદનની ચેષ્ટા કરી લેતો. આ ક્રિયા વખતે 'જય શ્રીકૃષ્ણ', 'જય જય' કે એવા કોઈ પણ પ્રકારનું ઉચ્ચારણ અમારા તરફથી થતું નહોતું. બાંકડા પર એની સાથે બેઠેલી અન્ય સ્ત્રીઓને અથવા મારી સાથે ચાલતા સાથીદાર દિનકર દેસાઈને પણ આ વ્યવહારની નવાઈ લાગતી હશે. મારા પક્ષે કહું તો કોઈ પણ પ્રકારની લાગણી વગર માત્ર

એક વિવેક અને શિષ્ટાચાર ખાતર હું હાથ જોડતો હતો.

આ જૈફ વયની મહિલા કોણ છે, ક્યાંની છે, ક્યાં રહે છે, એનું નામ શું છે, સતત એકલી જ હોય છે તેથી એના પરિવારમાં કોઈ છે કે કેમ – આવા અનેક પ્રશ્નો થવાનો સંભવ હતો, પણ મારા મનમાં આવો એક પણ પ્રશ્ન આપમેળે પ્રગટ્યો નહોતો.

ફક્ત એક વખત, ઘણા દિવસ સુધી આ સ્ત્રી દેખાઈ નહીં એટલે મેં દિનકરભાઈને સહજપણે કહ્યું : 'પેલી સ્ત્રી હમણાંથી દેખાતી નથી.'

દિનકરભાઈ સહસા બોલી ઊઠ્યા : 'તમને ખબર નથી ?'

'શી બાબતની ?' મેં વળતો પ્રશ્ન કર્યો.

'એ સ્ત્રીનો પતિ ગુજરી ગયો છે, થોડા દિવસ થયા.'

હું દિનકરભાઈ સામે જોઈ રહ્યો એટલે એ બોલ્યા : 'તમને ખબર હશે, એક પાતળા, ઊંચા અને ખૂબ જ ઉંમરવાળા માણસ રોજ સાંજે આપણી સોસાયટીની લેનોમાં ચાલતા હતા.'

હા, એવા એક માણસને હું આશ્ચર્યથી જોતો હતો. આ માણસ આમ લેનોમાં કેમ ડમ્યા કરે છે ? એવો પ્રશ્ન પણ મને થયા કરતો. ઉંમરે ખખડી ગયેલો છતાં ચાલમાં અક્કડ !

'હા, એ માણસની ખબર છે.'

'એ માણસ આ સ્ત્રીનો પતિ હતો. એ એવિયેશનમાં કોઈ ઊંચા પદ પર અફસર હતો. એ લોકો હરિયાણાનાં છે અને ગુજરાતમાં સ્થાયી થયાં છે. ૧૮મી લેન બહારના કોઈ બિલ્ડિંગના ફ્લૅટમાં રહે છે.'

દિનકર દેસાઈ જબરા પૃચ્છક. ગમે તે માણસને ગમે ત્યાં ઊભો રાખીને ગમે તેટલા સવાલો પૂછીને ઘણીબધી માહિતી મેળવે. પેલા માણસ પાસેથી પણ એમણે જાણ પૂરતી માહિતી મેળવી લીધેલી.

સમાચાર માઠા અને ગમગીની પ્રેરક હતા.

સ્વભાવમાં ઊંડે ઊંડે ધરબાઈ રહેલી પેલી બાઘાઈ વળી એનો પ્રભાવ દાખવવા લાગી. આ સમાચાર સાંભળ્યા પછી એક સામાજિક પ્રાણી તરીકે મારે શું કરવું જોઈએ એ મને કશું સમજાતું નહોતું. વ્યવહારદક્ષ આદમી ગમે તે માર્ગે આ સ્ત્રીનું ઠેકાણું જાણી લઈને એને આશ્વાસન આપવા પહોંચી જાય. વ્યવહારદક્ષ માણસ જે માર્ગ શોધી કાઢે એ શોધી કાઢવાનો માર્ગ મને સૂઝતો નહોતો. મન તો કહેતું હતું : રોજ રોજ અભિવાદન કર્યું એનો કંઈ અર્થ ખરો ?

એ ખોખલો દેખાવ માત્ર હતો ?

સમસમી રહેવા સિવાય કશું ઉપજ્યું નહીં.

થોડા દિવસ પછી વૉકિંગ ટ્રેકના ઉત્તર ચાપે હું વળાંક લઈ રહ્યો હતો ત્યારે એ સ્ત્રીને મેં મારા તરફ આવતી જોઈ. હું થોભી ગયો.

મારી સન્મુખ થયા પછી એ હિન્દી ભાષામાં બોલી : 'તમે જાણ્યું હશે.'

અપરાધભાવથી હું થોડો ઝંખવાયો.

મેં કહ્યું : 'હા, મને જાણ થઈ છે.'

પછી એ સ્ત્રીએ એના પતિએ કેટલી શાંતિથી દેહનો ત્યાગ કર્યો. અંતિમ શ્વાસ વખતે એ કેટલો પ્રસન્ન હતો વગેરે પતિની ચિરવિદાય વખતની ક્ષણો વિશે એણે ખૂબ ધરપતથી વાત કરી. મને લાગ્યું કે એ સ્ત્રી આ બધી વાત કરવામાં કોઈ ગૂઢ શાંતિનો અનુભવ કરતી હતી એટલું જ નહીં પણ કોઈ સમુચિત સ્થળે હૈયામાંથી ઊભરાતી સરવાણીને વહાવી રહી હતી...

Off કૅમ્પસના નિશ્ચિત ધોરણ પ્રમાણે દસ દિવસ સુધી પાઠ આપીને તાલીમી કૉલેજના વિદ્યાર્થી શિક્ષકો ગયા એ પછી કૉમન રૂમમાં ચાના સમયે ક્લાસ રૂમમાં સાધારણ વાતચીત દરમિયાન તાલીમી-શિક્ષક વૃંદનાં અધ્યાપિકા વિશે અભિપ્રાય ઉચ્ચારતાં.

'અધ્યાપિકા મિસિસ દેસાઈ એમના કાર્યમાં ખૂબ શક્તિશાળી જણાયાં.' એ વખતે મારી બાજુની ખુરશીમાં બેઠેલા શિક્ષકે કહ્યું : 'આ મિસિસ દેસાઈ બે વર્ષ પહેલાં જુદી અટક ધરાવતાં હતાં' કહી એમણે આ મિસિસ દેસાઈની અટક કહી એટલું જ નહીં પણ એ અધ્યાપિકા બન્યાં એ પહેલાં જે સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરતાં હતાં એ સ્કૂલનું નામ પણ કહ્યું. આ સાંભળતાં એક અસાધારણ આશ્ચર્યથી હું ખુરશીમાં જાણે અર્ધો ઊભો થઈ ગયો હોઉં એવી સ્થિતિમાં આવીને બોલી ઊઠ્યો : 'હોય નહીં !'

'છે જ સાહેબ', શિક્ષક બોલ્યા : 'એમણે ડાયવૉર્સ લીધેલા છે.'

મારા આશ્ચર્યનું કારણ સાવ જુદું હતું. આ સ્ત્રીને હું ન ઓળખી શક્યો એ મારા આશ્ચર્યનું કારણ હતું. આ સ્ત્રી અગાઉ જે શાળામાં શિક્ષિકા હતી એમાં અમારી ટિચર્સ કૉલેજ તરફથી અમારે એ સ્કૂલમાં પાઠ આપવા જવાની ગોઠવણ હતી. આ શિક્ષિકા એના નટખટપણા વિશે બહુ ચર્ચામાં રહેતી. એ અમારા તાલીમાર્થીઓને રામનારાયણ પાઠકની વાર્તામાંથી પાઠના એકમ તરીકે વાર્તા આખી નહીં, પણ એક-એક 'ટુકડો' ફેંકતી. મારા ભાગે વાર્તાનો છેલ્લો

ટુકડો – વાર્તાનો અંત આવ્યો હતો. એ ટુકડો અર્થાત્ વાર્તાના કલાત્મક અંત વિશે વર્ગમાં વિદ્યાર્થીઓએ જે રીતે વાકેફ કર્યા એ જોઈ અને જાણીને આ સ્ત્રી એટલી પ્રસન્ન અને પ્રભાવિત થઈ હતી કે એણે વર્ગનો સમય પૂરો થયા પછી પણ મારી સાથે વાત કરી, આ સ્ત્રીને હું ધરાર ન ઓળખી શક્યો એના કરતાં વધારે ભારે આશ્ચર્ય બીજું શું હોય ?

મિસિસ દેસાઈને એની શાળામાં અગાઉ ઘણી વાર જોવાનું બન્યું હતું છતાં હું એને ન ઓળખી શક્યો એમાં અગાઉ મારામાં બાઘાઈનું જે તત્ત્વ હતું એ નહોતું જ, એટલે એ સ્ત્રીને ન ઓળખી શક્યો એ મારે મન એક કોયડો હતો જ, પણ હવે જે અનુભવની વાત કરવા ઇચ્છું છું એનો ઉકેલ તો ભલ-ભલા માનસશાસ્ત્રીઓ પણ આપી શકે એમ નથી. મસ્તિષ્કમાં કોઈ મંદગ્રાહી કેન્દ્ર હશે ? ન જાને. ઉક્ત અનુભવ આ રહ્યો : એક દિવસ મારા પર ફોન આવ્યો : 'સાહેબ, મારે તમને મારું એક પુસ્તક આપવા આવવું છે, ક્યારે આવું ?'

ફોન નિર્મળા દેસાઈ નામની મહિલાનો હતો. પ્રતિભાવની માગણી સાથેનાં ઘણાં પુસ્તકો મને મળ્યા કરે છે. એમાંનું આ પણ એક પુસ્તક. મેં કહ્યું : 'એમાં રૂબરૂ આવવાની શી જરૂર ? પુસ્તક કુરિયર મારફતે મોકલજો ને. હું વાંચીશ.'

'પણ મારે રૂબરૂ આવવું છે. એ બહાને તમારાં દર્શન પણ થાય. માટે વહેલી તકે આવવું છે. આપ મને આપનો અનુકૂળ દિવસ અને સમય જણાવો.'

મને કશું સમજાતું નહોતું. બે-ચાર ક્ષણ હું નિરુત્તર રહ્યો એટલે એ સ્ત્રી બોલી : 'હવે તો હું નોકરીમાં નથી, પણ એ મજાના દિવસો હતા. તમારા માર્ગદર્શનનો ઘણો લાભ મળ્યો હતો. રૂબરૂ આવવામાં આ બધું યાદ કરી શકાય.'

આ સ્ત્રીને મારા માર્ગદર્શનનો લાભ ! નોકરી... કશી સમજણ પડતી નહોતી. સ્કૂલમાં એ શિક્ષિકા હતી ? નિર્મળાબહેન દેસાઈ ? આવું કોઈ નામ સ્મરણમાં ઊઘડતું નહોતું. સ્ત્રી મારા હાથ નીચે નોકરી કરી ગઈ હોય અને એનું નામ પણ મારા સ્મરણમાં ન હોય એ કેવું ?

રૂબરૂ આવે ત્યારે ચહેરો જોવાથી કદાચ બધું સમજાઈ જશે એવી ધારણા હેઠળ મેં એ સ્ત્રીને રૂબરૂ આવવા માટે દિવસ અને સમય આપ્યાં.

એટલું તો નિશ્ચિત થઈ ચૂક્યું કે પુસ્તક આપવા માટે આવનાર મહિલા હવે મારા માટે કોઈ 'સ્ત્રી' ન રહી. એ હવે મારા માટે સર્વ વિદ્યાલયના કોઈ વિભાગ (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક)માં મારા હાથ નીચે શિક્ષિકા

તરીકે કામ કરનાર નિર્મળાબહેન દેસાઈ હતાં.

એ એમના જમાઈ સાથે કારમાં આવ્યાં.

એમણે ખૂબ આદરભાવથી નમીને એમણે સંપાદન કરેલું પુસ્તક મારા હાથમાં મૂક્યું.

મેં એમના તરફ નજર માંડી.

પણ ulas ! હજુય ચહેરો ઓળખાયો નહીં.

મેં પુસ્તકનાં પાનાં ફેરવ્યાં. નિર્મળાબહેને એમના પતિના અવસાનની પાંચમી પુણ્યતિથિએ આ પુસ્તકનું સંપાદન કર્યું હતું. એમાં ભજનો, સ્તોત્રો, ગીતો, કાવ્યો, આરતીઓ, લોકગીતો વગેરેની શ્રમપૂર્વક એકઠી કરેલી પાઠ્યસામગ્રી હતી.

ચતુરાઈપૂર્વક સંવાદના તાણાવાણા મેળવી-ગૂંથીને ખૂબ નિકટનો પરિચય હોય એવું સરસ આકલન કર્યું અને નિર્મળાબહેનને પ્રેમપૂર્વક વિદાય કર્યાં.

પણ એમની ઓળખનો કોયડો હું આજ સુધી ઉકેલી શક્યો નથી !

■

# ૩૭

## અદૃશ્ય હાથ

મારા માટે એક અનુભવસિદ્ધ હકીકત એ છે કે ઈશ્વરની કૃપા મારા જીવનમાં અવિરતપણે મને સહાય કરતી રહી છે. યુવાવય સુધી પિતાશ્રી અને મોટા ભાઈઓ બધા પ્રકારની જવાબદારીઓનું વહન કરતા એટલે મારા શિરે કોઈ પણ જવાબદારીનો બોજ આવ્યો નહોતો. અને જ્યારે વિવિધ પ્રકારની જવાબદારીઓ સંભાળવાનો વખત આવ્યો ત્યારે કશી તકલીફ વગર સર્વ કાર્ય પાર પડતાં રહ્યાં, જાણે ડગલે ને પગલે ઈશ્વરે જ મારો બેડો સ્થિર અને સંતુલિત રાખીને અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં હંકાર્યે રાખ્યો.

અહીં ઈશ્વરકૃપાની પળેપળનો હિસાબ આપી શકાય એમ નથી, પણ કેટલીક એવી ઘટનાઓની નોંધ કરવા પ્રેરાયો છું જેમાં મારે મન ઈશ્વરકૃપાનો અનુભવ હતો.

હું હાઈસ્કૂલના ત્રીજા (હાલના સાતમા) ધોરણમાં હતો ત્યારે 'નરસિ ભગત' નામની ફિલ્મ મારા જોવામાં આવી હતી. નરસિંહ મહેતાનું પાત્ર વિષ્ણુપંત પાગનીસ નામના અભિનેતાએ ભજવ્યું હતું. એ ફિલ્મ અને એ અભિનેતાનો જબરદસ્ત પ્રભાવ મારા ચિત્ત પર પડેલો. કૃષ્ણનું પાત્ર પણ કોઈ પ્રભાવશાળી અભિનેતાએ ભજવેલું (એ વર્ષોમાં કૃષ્ણનો અભિનય મોટા ભાગે રામ મરાઠે તેમ જ શાહુ મોડક કરતા. શાહુ મોડક પ્રૌઢ અને રામ મરાઠે તરુણ વયના કૃષ્ણનું પાત્ર ભજવતા) 'નરસિ ભગત' ફિલ્મમાં કૃષ્ણનું કામ કોનું હતું એની ખબર નથી, પણ જે પ્રભાવ હતો તે વિષ્ણુપંત પાગનીસના અભિનયનો, ઘટનાઓનો અને કૃષ્ણકૃપાનો હતો. ભક્તને જરૂર પડ્યે કૃષ્ણ મદદ કરે છે એ હકીકત એ વયમાં ચિત્ત ઉપર ચુસ્તપણે બેસી ગઈ હતી અને શ્રીકૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધા અતૂટ બની રહી હતી. આજે પણ એ અવિચળ છે. અને જીવનમાં બનતી કેટલીક ઘટનાઓ ઉપર એનો ફલદાયી પ્રભાવ હું જોઈ શકું છું.

હું બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો ત્યારે એક રાત્રે કારેલીબાગથી શહેરમાં જતાં ભૂતડી ઝાંપા વિસ્તારના એક રસ્તા પર મારી સાઇકલને અકસ્માત નડ્યો. એ રસ્તે સ્ટ્રીટલાઇટનું અજવાળું નહોતું. મારે રોડની સાઇડ બદલવાની હતી. સામેથી પૂર ઝડપે એક સાઇકલ-સવાર આવી રહ્યો હતો. અંધારામાં હું એને ન જોઈ શક્યો અને અંધારું હોવા છતાં મેં હાથનો સંકેત (ટેવને અધીન) કર્યો હતો એ એણે ન જોયો હોય. એ માણસની સાઇકલ મારી સાઇકલને જોશભેર અથડાઈ. આગલા પૈડાના કેટલાક સ્પોક તૂટી ગયા અને પૈડું પણ થોડું વળી ગયું. અલબત્ત, અમારા બંનેમાંથી કોઈને શારીરિક ઈજા ન થઈ. પેલાની સાઇકલ સાબૂત રહી હતી એટલે એ માણસ તો ચાલ્યો ગયો પણ હું ભારે મૂંઝવણભરી સ્થિતિમાં મુકાયો. બેહાલ સાઇકલનું શું કરવું ? હજુ શહેર થોડું દૂર હતું. રસ્તો નિર્જન અને અંધકારભર્યો હતો. આ સ્થિતિમાં કોઈની મદદની તાતી જરૂર હતી. એ જ વખતે કલ્પના બહારની ઘટનારૂપે મનુભાઈ ગોવિંદજી પટેલ ત્યાંથી નીકળ્યા. એ અમારા સહછાત્ર. કલાભવનમાં ભણે. કલાભવનનું કામ તો પાંચ વાગ્યે પૂરું થઈ ગયું હોય. આ ટાઇમે આ રસ્તે એમનું નીકળવાનું બને નહીં, એ દિવસે સંજોગોવશાત્ બન્યું હતું. આડુંઅવળું જોયા સિવાય એ એમની સાઇકલ પર પસાર થઈ જઈ શક્યા હોત. એમણે મને અંધારામાં પણ ઓળખી લીધો. એમનું કલાભવન શહેરમાં એટલે માંડવી સુધીના વિસ્તારના એ બરાબર ભોમિયા. દુકાનોના પણ એ જાણકાર. રસ્તો કાઢવાની સૂઝ હાથવગી હોય એમ મૂંઝવણના ઉકેલનું કામ એમણે હાથમાં લઈ લીધું. આગલું પૈડું અધ્ધર રહે એમ એમણે સાઇકલને દોરી લીધી અને માંડવીની એક સાઇકલની દુકાને રિપેરિંગનું કામ સોંપી દીધું. મનુભાઈનું આમ અંધારામાં આકસ્મિક પ્રાગટ્ય મારા માટે એક ચમત્કારિક અનુભવ હતો.

*

વડોદરા કૉલેજમાંથી બી.એ. પાસ થયા પછી વધુ અભ્યાસ માટે હું અમદાવાદ આવેલો અને ન્યુ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી હતી એની નોંધ અગાઉના પ્રકરણમાં થયેલી છે. તે વખતે જ્યારે હું કોચરબમાં ભાડાના મકાનમાં રહેતો હતો ત્યારે કોઈ કોઈ વખત માત્ર મોજ ખાતર સિગારેટ પી લેતો. એક દિવસ રાત્રે લગભગ અગિયાર વાગ્યાના સુમારે ધોધમાર વરસાદ વરસતો હતો ત્યારે સિગારેટ પીવાનો ઉમળકો જાગ્યો. સિગારેટ તો હતી પણ મેચ-બૉક્સમાં દીવાસળીની એક પણ સળી નહોતી. કોણ જાણે કેમ વરસાદના

વાતાવરણે પેલા ઉમળકાને તીવ્ર બનાવ્યો. પણ એને સંતોષવા કોઈ ઉપાય નહોતો. એ વખતે સિલિંગ ઉપર પ્રકાશી રહેલા ઇલેક્ટ્રિક બલ્બ ઉપર, પ્રકાશને મર્યાદામાં રાખવા માટે બલ્બ જેમાં મૂકેલો હોય છે તે કાર્ડનું ખોખું ભરાવેલું હતું. આ ખોખું તો ઘણા સમયથી ભરાવેલું હતું પણ કદીયે નહીં, ને એ દિવસે એ પળે જ સળગીને નીચે પડ્યું ! જાણે સિગારેટને સળગાવી આપવા માટે જ એમ બન્યું હોય ! જે કલ્પનાતીત હતી એ ઘટના એ પળે બની હતી. આ કોણે કર્યું ?

✳

સર્વ વિદ્યાલય અને એના છાત્રાલયનું સ્થાન શહેરથી ઊલટી દિશામાં. અને રેલવે સ્ટેશનની બરાબર સામે માનવવસવાટથી અલગ અને એકાન્તે હતું. શહેરમાં જવા માટે રેલવેના પાટા ઓળંગીને જવું પડતું. વાહનની અવરજવર સ્ટેશનેથી થોડે દૂર આવેલા ફાટક દ્વારા થઈ શકતી. ફાટકથી સંસ્થા સુધીનો રસ્તો સાવ ટેકરાળ અને ઊબડખાબડ.

આ બધી અગવડો મને કદી ભારરૂપ લાગી નહોતી, પણ દીકરીની પ્રસૂતિનો પ્રસંગ નજીક આવ્યો ત્યારે વાસ્તવિક સ્થિતિનો અહેસાસ થયો અને મનમાં એક પ્રકારની મૂંઝવણ થવા લાગી. જે દવાખાનામાં દીકરીની પ્રસૂતિ કરાવવાની હતી એ શહેરના પેલા છેડે એટલે કે અમારા નિવાસ-સ્થાનથી લગભગ ત્રણેક કિલોમીટર દૂર હતું.

કડીમાં ભાડાના વાહન તરીકે હજુ રિક્ષાનો પ્રવેશ થયો નહોતો. ગામમાં ફક્ત ત્રણ ઘોડાગાડીઓ ભાડાના વાહન તરીકે ફરતી હતી. તેના માલિકો પણ શહેરના છેડે તળાવ વિસ્તારમાં રહેતા હતા. એટલે ઇમરજન્સી વખતે ભાડાનું વાહન દુર્લભ હતું. સંસ્થાનું પોતાનું પણ કોઈ વાહન નહોતું. પ્રસૂતિની પીડા રાત્રિ દરમિયાન થાય તો શી વ્યવસ્થા કરવી એ મોટી ચિંતાનો વિષય હતો.

એ દિવસોમાં એક સાંજે મહેસાણાની ન્યુ પ્રોગ્રેસિવ હાઈસ્કૂલના આચાર્ય(અને સંચાલક પણ) શ્રી કર્વે અમારી સંસ્થામાં આવ્યા. એમને કડી તાલુકાના ડરણ ગામે જવાનું હતું. માર્ગમાં સર્વ વિદ્યાલય આવે એટલે અમને મળીને આગળ જવાનું એમણે વિચાર્યું હતું. અમારે ત્યાં વાતોમાં ઠીક ઠીક સમય પસાર થયો એ પછી એ ડરણ જવા નીકળ્યા.

એમને વિદાય કર્યા પછી થોડા સમયે છાત્રાલયનો સેવક મારે ત્યાં આવ્યો અને કહ્યું : 'કર્વેસાહેબ પાછા આવ્યા છે. મહેમાનગૃહમાં બેઠા છે.'

હું મહેમાનગૃહે પહોંચ્યો. કર્વેસાહેબ હસતાં હસતાં બોલ્યા : 'વિચાર્યું,

રાત તમારા અતિથિ થઈને ગાળીશ.'

'અમે ધન્ય થઈશું', મેં વિવેક કર્યો અને પૂછ્યું : 'કેટલેથી પાછા ફર્યા ?'

'એવો તો ખ્યાલ નથી પણ વીડજ નામનું ગામ વટાવીને ચારેક કિલોમીટર આગળ નીકળી ગયો હતો.'

ભોજન વગેરેની એમની ઘટતી સરભરા અમે કરી.

રાત્રે શિક્ષણ અને શિક્ષણજગત વિશેની વાતોમાં ઠીક ઠીક સમય પસાર થયો.

વહેલી સવારે લગભગ ચારેક વાગતાં દીકરીને પ્રસવવેદનાનો આરંભ થયો. કર્વેસાહેબની ગાડીનો ઉપયોગ કરી શકાશે એ ખ્યાલથી હું મહેમાનગૃહમાં ગયો. કર્વેસાહેબ જાગતા હતા. મેં એમને પરિસ્થિતિથી વાકેફ કર્યા. એ રાજી થયા અને ઉમળકા સાથે બોલ્યા : 'અરે, આપણી ગાડી શા કામમાં આવવાની છે ? ખુશીથી લઈ જાઓ' આમ કહી એમણે ડ્રાઇવરને જગાડીને જરૂરી સૂચનાઓ આપી.

એક મોટી નિરાંત સાથે અમે કર્વેસાહેબની ગાડીમાં દવાખાને પહોંચ્યા અને પ્રસૂતિનું કામ ખૂબ સરળતાપૂર્વક સંપન્ન થયું.

સવારે સાત વાગ્યા પછી કર્વેસાહેબ ડરણ જવા નીકળ્યા. ગઈ સાંજે ડરણ જવા માટે નીકળેલા કર્વેસાહેબ અર્ધેથી પાછા વળ્યા એ અસાધારણ ઘટના હતી. આમ કેમ બન્યું ? કોની પ્રેરણાથી એ થયું ? એ પ્રેરણા શા માટે થઈ ?

*

નિવૃત્તિ પછી પાંચેક વર્ષ હું વતન પાટણમાં રહ્યો.

આ સમયગાળા દરમિયાન એક દિવસ સવારે જ્ઞાનબાઈ પ્રસૂતિગૃહના પાછળના ભાગમાં આવેલી આર. આર. ટ્રેડર્સની ઑફિસે હું ગૅસના સિલિન્ડરની નોંધણી કરાવવા જઈ રહ્યો હતો. પ્રસૂતિગૃહની દીવાલે દીવાલે હું આગળ વધી રહ્યો હતો. સામેથી એ જ રીતે દીવાલે દીવાલે એક ગાય આવી રહી હતી અને એનાથી પંદરેક કદમ દૂર એક આખલો એને અનુસરી રહ્યો હતો. બંનેની ગતિ મંદ અને બંનેની વચ્ચેનું અંતર એકસરખું રહે એવી હતી.

પ્રાણીઓની નજીકથી ચાલવામાં મેં કદી ભીતિનો અનુભવ કર્યો નથી. એટલે અહીં પણ આ બે જાનવરોની કશી બીક રાખ્યા વગર હું મારા માર્ગેથી હટ્યા વગર ચાલતો રહ્યો. ગાય નજીક આવી. અર્ધનિમિલિત નયને એ ચાલી રહી હતી. હું એની બાજુમાં થઈને પસાર થયો. આખલો નજીક આવ્યો. એ પણ અર્ધનિમિલિત નયને મંદ ગતિએ ચાલતો હતો. થોડો ઘેનમાં અથવા કોઈ

રાગની અસર હેઠળ. મનુષ્ય સંદર્ભે આપણે જેને દિવાસ્વપ્ન કહીએ છીએ તેવા કોઈ સ્વપ્નના કેફમાં ચાલી રહ્યો હોય એવું જણાયું હતું. મને કશું ડરવા જેવું ન લાગ્યું એટલે મેં મારાં ગતિ અને રેખા જાળવી રાખ્યાં. અમે જ્યારે એકબીજાની સમાંતર સ્થિતિમાં આવ્યા ત્યારે આખલો અવકાશમાં શિંગડાથી ચાપ આલેખતો હોય એમ એણે હળવેથી શિંગડાને ગતિ આપી અને કશા દાબ કે ધક્કા વગર અરે, કશા શારીરિક સ્પર્શનો પણ ખ્યાલ આવવા દીધા વગર ચાપ રચનારું શિંગડું મારા ઝભ્ભાની બટનપટ્ટીમાં કોઈ જગ્યા મેળવી લઈને દાખલ કર્યું. શિંગડાની ઊર્ધ્વ ગતિ થઈ એનો પણ મને ભૌતિક અનુભવ ન થયો. ફક્ત પરિણામ જોઈ શકાયું. છાતી આગળથી બટનપટ્ટીના સમાંતરે ઝભ્ભાના કાપડના લીરા થયા હતા. આખલાનું શિંગડું છાતી સુધી પહોંચીને કાપડ ફાડી નાખે એટલું કાર્યરત હોય અને આપણને ખબર પણ ન પડે એ ઓછા આશ્ચર્ય કે ચમત્કારની વાત કેમ ગણાય ? આખલાનું શિંગડું બેચાર પાંસળાં ભાંગ્યા વગર કેમ રહે ? કદી ન માની શકાય એવી ઘટના બની ગઈ. ઈજા તો શું, ખબર પણ ન પડી !

નજર સામે એક રિક્ષા હતી. હાથના ઇશારાથી એને બોલાવી લીધી. ચુપચાપ ઘેર પહોંચી જઈને ઘરમાં કોઈનેય જાણ થવા દીધા સિવાય ઝભ્ભો બદલી નાખ્યો અને બહાર થોભાવી રાખેલી રિક્ષામાં બેસી જઈને આર. આર. ટ્રેડર્સ તરફ પુનઃ પ્રયાણ કર્યું.

*

બાપદાદા સમયનું અમારું ઘર શહેરમાં સીટી સર્વેની માપણી થઈ એ પહેલાંનું બંધાયેલું હતું એટલે જગ્યાની કોઈ રોકટોક કે બંધન નહોતું. ખૂબ મોકળાશવાળું મોટું ઘર. આગળનો બેઠક રૂમ ૨૦′×૨૦′નો. પછીનાં વર્ષોમાં પિતાજીએ બાજુમાં ૧૦ ફૂટની જગ્યા કિરાયા પર મેળવેલી. બાંધકામની છૂટ હતી. સરવાળે ઘરના આગળના ભાગની પહોળાઈ ૩૦'ની થઈ. અને ઊંડાઈ ૪૫ ફૂટની તો ખરી જ.

પિતાજીએ બધા ભાઈઓ માટે ફળિયામાં જ અગાઉથી ઘર ખરીદી રાખ્યાં હતાં. પણ શેરીનાં બે ઘર સાંકડાં હતાં એટલે ફળિયાના ખુલ્લા વિસ્તારમાંના અમારા આ પુરાણા ઘરને બે ઘરમાં ફેરવવાનું વિચારીને ભાઈઓમાં વહેંચણી કરેલી. એટલે પેલા ૩૦′નું વિભાજન થતાં પંદર-પંદર ફૂટની પહોળાઈનાં બે ઘરની યોજના અસ્તિત્વમાં આવી. એક ભાગ મારા હિસ્સામાં આવ્યો.

વિભાજન થયું એટલે મેં મારા ભાગમાં પાયાથી નવું મકાન બનાવવાનું વિચાર્યું. આ ઈ. સ. ૧૯૭૦ની સાલનો વિચાર. પટેલ – ચૌધરી એન્જિનિયર્સ પાસે પ્લાન તૈયાર કરાવ્યો. ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે માળનું મકાન બનવાનું હતું.

પણ એ વર્ષોમાં સિમેન્ટ ઉપર કડક અંકુશ. જરૂરી પ્રમાણમાં સિમેન્ટ મેળવવા માટે પરમિટ મેળવવાનું દુષ્કર હતું. શુભેચ્છકો બીજા રસ્તા બતાવતા હતા પણ મને એ માન્ય નહોતા. સિમેન્ટની મર્યાદિત થેલીમાં મકાન બની શકે એમ નહોતું. કાળા બજારનો કે કોઈ ગેરકાયદેસરનો રસ્તો લેવો નહોતો. વિભાજિત બીજા હિસ્સામાં ભાઈએ પોતાનું મકાન બનાવ્યું. મારો ભાગ બોખલો રહે તે કેમ ચાલે ? મકાન બનાવ્યા વગર છૂટકો નહોતો. પણ સિમેન્ટ વગર કેમ બને ? કેટલા બધા સમયથી સિમેન્ટ પર અંકુશ હતો ! અંકુશ દૂર થાય એવાં કોઈ ચિહ્ન જણાતાં નહોતાં. મૂંઝવણ હતી. રસ્તો જડતો નહોતો.

અને જાણે એકાએક મારા માટે જ ચમત્કાર થતો હોય એમ સિમેન્ટ પરનો અંકુશ ઊઠી ગયો. અને સિમેન્ટ છૂટથી મળતો થયો. અગિયાર રૂપિયે થેલી ! અને કશી અડચણ વગર સરસ રીતે મકાન તૈયાર થઈ ગયું.

હું સ્વેચ્છાએ કદી કોઈ મંદિરમાં દેવદર્શને જતો નથી. ઘરમાં પૂજાના ખંડમાં ઘણાં દેવદેવીઓની છબીઓ અને નાની મૂર્તિઓ પણ છે, પણ હું એ દેવદેવીઓ આગળ હાથ જોડીને ઊભો રહેતો નથી.

પૂજા-પાઠ, દેવ-સેવા, દેવદર્શન માટે મંદિર સુધી જવાની હોંશ – આ બધી પ્રવૃત્તિઓને મેં બિનજરૂરી માની છે. ભગવાનને ઊંઘાડવા-જગાડવા, દાતણપાણી કરાવવાં, ભોજન કરાવવાં, મુખવાસ આપવા આ બધું હું હાસ્યાસ્પદ ચેષ્ટાઓરૂપે થતા સમયનો વ્યય ગણું છું.

આવી માન્યતા ધરાવવાનો અર્થ એ નથી કે હું નાસ્તિક છું. બધા જ દેવો અને દેવીઓ માટે મને પૂજ્યભાવ છે. એમનો હું સર્વથા આદર કરું છું.

પણ મારા આરાધ્ય ભગવાન તો શ્રીકૃષ્ણ જ. કિશોરાવસ્થાથી જ હું આ ભાવ સેવતો આવ્યો છું જેમાં જરાસરખો પણ ફેરફાર થવાની શક્યતા હું જોતો નથી.

કૃષ્ણની મૂર્તિ કે છબી આગળ એક ભક્તરૂપે હું ડોકાતો નથી, પણ એમણે જીવન જીવવાનો જેમાં શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો છે એ ભગવદ્ગીતાનો રોજ સવારે એક અધ્યાયનો સંસ્કૃત પાઠ વાંચું છું. એમાંના શ્લોકોના પાઠથી મારા ચિત્તમાં જે પ્રત્યાયન થાય એ જ મને માન્ય છે. બીજા મનગઢંત અર્થ કે હેતુ મને સ્વીકાર્ય નથી. શબ્દના અર્થની ગૂંચ હોય ત્યાં જ કોઈની સહાયની અપેક્ષા રાખું છું.

બાકી ગીતા પોતે ઘણું ઘણું સ્વયં આપે છે.

*

ઈ. સ. ૧૯૭૩ના મે મહિનાની એક રાત્રે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારી સભાની મિટિંગ હતી. હજુ કામ શરૂ થયું નહોતું. સભ્યો હજુ એમની અનુકૂળતાએ મહેમાન ગૃહ સામેના બાંકડાઓ પર અને નજીકમાં છૂટાછવાયા ખાટલાઓ પર બેસીને વાતોમાં પડ્યા. એ સમયે મંડળ ઑફિસમાં ટેલિફોનની લાંબી રિંગ રણકી. એ દિવસોમાં કડીની ટેલિફોન વ્યવસ્થામાં ડાયલ પદ્ધતિ નહોતી. એક્સચેન્જના ઑપરેટરોથી કામ ચાલતું. બહારગામનો ફોન હોય તો લાંબી રિંગ વાગતી. ઉક્ત રિંગ વાગી ત્યારે મંડળ ઑફિસમાં શ્રી ભાઈલાલભાઈ હતા. એમણે ફોન ઉપાડ્યો. પાટણથી માઠા સમાચાર હતા. પિતાજીનું અવસાન થયું હતું. ભાઈલાલભાઈએ મને સમાચાર આપ્યા. મારે તત્કાળ પાટણ પહોંચી જવું જોઈએ. કડીમાં ચૌબલનું ફક્ત એક મોટું (મેટાડોર જેવું, પણ એથી નાનું) વાહન ભાડે ફરતું હતું. ભાઈલાલભાઈએ એનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો. પણ એ વાહન વર્ધી ઉપર ગયેલું હતું. સંસ્થાના મંત્રીઓ જેવા મહત્ત્વના હોદ્દા પર સેવા આપતા એ કાર્યકરોનાં અંગત વાહન હતાં. આવા સમયે એ કામમાં આવે જ એવી શ્રદ્ધાથી ભાઈલાભાઈએ એમનો સંપર્ક કરવાનું શરૂ કર્યું. એક મંત્રીએ કહી દીધું – 'એ તો દૂર કહેવાય.' અર્થાત્ વાહન મોકલવાનો ઇન્કાર. બીજા (સાયન્સ કૉલેજ ગવર્નિંગ બૉડી) મંત્રીનો સંપર્ક સાધતાં જવાબ મળ્યો – 'ડ્રાઇવર અત્યારે કોણ જાણે ક્યાં હશે.' અહીં પણ ગાડી આપવાની અનિચ્છા દેખાઈ. હજુ કારોબારી સભાની મિટિંગની વાર હતી એટલે આ મંત્રીઓ એમના રહેઠાણ પર હતા. ભાઈલાલભાઈના ચહેરા પર મૂંઝવણ તેમ જ અન્ય મિશ્રભાવ હું જોઈ શક્યો.

આ વખતે શ્રી સાંકળચંદ (વિસનગર) બાંકડા પર અન્ય સભ્યો સાથે વાતોમાં બેઠા હતા. હું અને ભાઈલાલભાઈ તો મંડળની ઑફિસમાં પણ સાંકળચંદભાઈની નજર મંડળ ઑફિસમાં થઈ રહેલી અજંપાભરી હિલચાલ સુધી પહોંચી ગઈ હતી. આ બાહોશ અને મુત્સદ્દી માણસને કોઈ સમસ્યાની ગંધ આવી ગઈ હોય એમ એ મંડળ ઑફિસ સુધી આવી પહોંચ્યા અને વિગત જાણી લીધી. તરત ભારપૂર્વક બોલ્યા : 'એમાં મૂંઝાઓ છો શા માટે ? મારી ગાડી ક્યાં નથી ? બેલાશક, લઈ જાઓ. ડ્રાઇવર પણ હાજર જ છે !'

મંડળ ઑફિસથી વીસ-પચીસ ફૂટ દૂર બાંકડા પર બેસીને ચર્ચામાં મોટા

અવાજે પૂરા વ્યસ્ત સાંકળચંદભાઈની નજર ઑફિસ અંદરની હિલચાલને પારખી લે એમાં અદશ્ય હાથની હાજરી નહીં તો બીજું શું ?

ગાડીમાં મારી સાથે સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી એન. જે. પટેલ અને ટેક્નિકલ હાઈસ્કૂલના આચાર્ય શ્રી ત્રિભુવનભાઈ સુથાર પણ નીકળ્યા.

મહેસાણા આવતાં મેં ડ્રાઇવરને કહ્યું : 'આપણે ગાડીમાં પેટ્રોલ પુરાવી લઈએ.'

ચમક્યો હોય એમ ડ્રાઇવર બોલ્યો : 'અરે હોય કંઈ ? એમ કરીએ તો કાકા મારી ધૂળ કાઢી નાખે. ટાંકીમાં પેટ્રોલ પૂરતું છે.'

રસ્તા દરમિયાન એક વિચાર મારા મનમાં ચમક્યો : 'અમદાવાદ છોડીને કડી આવવામાં મેં ભૂલ તો નથી કરી ને ?'

એ વિચાર એક છમકલારૂપ હતો. જેવો ચમક્યો એવો તરત અદશ્ય થઈ ગયો.

■

## ૩૮

## કીસ ઓર ગમનવા...

એપ્રિલ, ૧૯૨૭થી ડિસેમ્બર, ૨૦૧૦ વચ્ચે આઠ દાયકા કરતાં વધારે સમય પસાર થયો. સમય તો ક્યાં પસાર થવાનો હતો ? આપણે નક્કી કરેલા સમયના એકમોમાંથી હું પસાર થયો છું.

૧૯૨૭માં જે જોગીવાડો હતો તે આજે નથી. કવિ ટેનિસન કહી ગયા છે ને, 'Old order changeth yielding to new' હા, એ ન્યાયે જોગીવાડાનું બધું બદલાયું છે. મહોલ્લાએ નવું રૂપ ધારણ કર્યું છે. ડાગળા અને કન્ટ્રી ઈંટોનાં ચણતર હવે ભૂતકાળની વાત બની ગયાં છે. એના સ્થાને આર. સી. સી.નાં માળબંધ મકાનો રચાયાં છે. આંગણામાં ગાડાનું સ્થાન સ્કૂટર, બાઈક અને ક્યાંક ક્યાંક મોટરકારે લીધું છે.

મહોલ્લાવાસીઓનો પશુપાલનનો વ્યવસાય સદંતર છૂટી ગયો છે. એ લોકોનો ખેતી તરફનો ઉત્સાહ ઓસરતો જાય છે. કેટલાક ખેડૂતોએ જમીન વેચીને અઢળક નાણાં ઊભાં કરી લીધાં છે. કેટલાક બીજા ધંધા તરફ વળ્યા છે અને સારા પ્રમાણમાં નાણાં કમાયા છે. આ સ્થિતિના કારણે હવે ઘણા ફળિયાવાસીઓ શહેર બહાર આકાર લેતી સોસાયટીઓમાં મકાન લઈને એ તરફ સ્થળાંતર કરવા લાગ્યા છે. આવા સ્થળાંતરથી ખાલી થયેલાં મકાનો ભાડે અપાવા લાગ્યાં છે. આમ થવાથી હવે જોગીવાડો માત્ર પાટીદારોનો મહોલ્લો રહ્યો નથી. એમાં સુથાર, લુહાર, કડિયા, સોની, ઘાંચી, રાવળ વગેરે જ્ઞાતિઓનો પચરંગી વસવાટ થયો છે.

જોગીવાડામાં મારું ઘર જેમનું તેમ રહ્યું છે. અલબત્ત, એણે આકાર અને રૂપ બદલ્યાં છે. પટેલ ચૌધરીની કંપનીએ તૈયાર કરી આપેલ પ્લાન પ્રમાણે એણે આકાર અને રૂપ ધારણ કર્યાં છે.

વર્ષો વીતી ગયાં છે.

પિતા, માતા અને બધા ભાઈઓએ ચિરવિદાય લીધી છે. ભાભીઓમાં મોટાં ભાભીએ ૯૩ વર્ષે વર્ષ, ૨૦૧૨માં ચિરવિદાય લીધી. પરિવારમાં જે બાળકો હતાં એ યુવાન અથવા પ્રૌઢ વયે પહોંચીને સૌ પોતપોતાના પરિવાર અને વ્યવસાયમાં પરોવાયાં છે. એમાંનાં કેટલાંક તો પરદેશોમાં સ્થાયી થયાં છે.

હું નિવૃત્તિ પછી પત્ની સાથે, હવે જે નવું સ્વરૂપ પામ્યું છે તે મારા પુરાણા ઘરમાં રહ્યો.

શેષ જીવન આ ફળિયામાં, આ ઘરમાં છેલ્લા શ્વાસ સુધી રહેવા જ એષણા હતી પણ વય પોતાનો પ્રભાવ થોડોક જ છોડી દે છે ?

એક સાંજે હીરાએ કહ્યું : 'હવે આપણે અમદાવાદ જઈએ.'

જીવનના આરંભનાં સોળ વર્ષ તેમ જ છૂટકછૂટક ઉનાળા અને દિવાળી વૅકેશનના સમયગાળા માફ ! એ સિવાયનું આખું જીવન વિવિધ નોકરીઓના અને કેટલીક જવાબદારીઓના કારણે કંટાળાભર્યું જીવન ગાળ્યા પછી વતનમાં સંતોષ અને સુખમાં દિવસો પસાર કરી રહ્યો હતો ત્યાં હીરાએ અમદાવાદ જવાનો પ્રસ્તાવ મૂક્યો. દિવાળી પછી જુવારના ખેતરમાં કોઈ એક સાંઠા પર તગતગી રહેલા દાણા પર બેસીને આનંદથી દાણા ચૂગી રહેલા કોઈ પંખી માટે, 'રામ કી ચીડિયાં રામ કા ખેત, ખા લો ચીડિયાં ભરભર પેટ' કહેવાને બદલે એ પંખી તરફ માળામાંથી ગોફણ દ્વારા મારા તરફ ગોળો વીંઝાયો હોય એવો મને ક્ષણિક અનુભવ થયો. તત્ક્ષણ કશો જવાબ ન સૂઝતાં હું હીરા તરફ મૂઢ શો તાકી રહ્યો.

મારી મૂઢતાનું કારણ હીરાના કથનમાં 'હવે' શબ્દના ઉચ્ચારણમાં મુકાયેલું ખાસ વજન. હીરાનો 'હવે' શબ્દ કોઈ થાક કે કંટાળાનો દ્યોતક હતો ?

જરાક સ્વસ્થ થઈને મેં કહ્યું : 'અત્યાર સુધી નોકરીમાં તાણભર્યું જીવ્યાં, હવે એકદમ નિરંકુશ અને મન કહે તે રીતે જીવવું છે.'

'નોકરીમાં તો તમે રાજ કર્યું છે. તમારો પડતો બોલ ઉઠાવાયો છે પછી ગુલામી અને તાણ ક્યાં આવી ?'

'એ એક માનસિક તાણ અનુભવની બાબત છે. તમે કહો છો ને કે રાજ કર્યું, એ વાત તમારી દૃષ્ટિએ સાચી છે. પણ એમાં મેં એક નિપુણ વકીલની હેસિયતથી કામ પાર પાડ્યું. પણ એમાં ટેન્શનનો સાવ અભાવ નહોતો. પણ ખરું માનસિક ટેન્શન તો ચાર હૉસ્ટેલના મુખ્ય ગૃહપતિપદમાં હતું. ચારસો છાત્રોનો પરિવાર. એમાં 'ક્યારે શું થશે એ કંઈ કહેવાય નહીં' જેનો માથા પર ફોબિયારૂપ સતત તોળાતો ભય ચોવીસે કલાકના સૂક્ષ્મ ટેન્શનરૂપ હતો...'

'હવે તો તમે એમાંથી મુક્ત છો. પાંચ વર્ષ તો તમે એ મુક્તિનો આનંદ ભોગવ્યો, એટલું ઘણું થયું.'

'પાંચ વર્ષ ?'

'હા. તમારી નિવૃત્તિ પછી પાંચ વર્ષથી આપણે અહીં વતનમાં છીએ !'

'આ બધું સાપેક્ષ છે. મને તો આપણે અહીં ગઈ કાલે જ આવ્યાં એવું લાગે છે. અત્યાર સુધી નોકરી અને છાત્રાલયોવાળી જિંદગીના કારણે સેવા અને સાદગીમાં કંતાઈ ગયો છું. હવે હું મારી રીતે જીવવા માગું છું. તમે મારી ટેવો, રસવૃત્તિઓ, ખાણીપીણી, પોશાક, શોખ વગેરે જાણો છો, ક્ષેત્ર વિશાળ છે. I am the monarch of all I surveyની રીતે એક સામ્રાજ્યનો અધિપતિ હોઉં એમ જીવવા ઇચ્છું છું, અને એ પ્રમાણે જીવીશ...'

હીરા મારું આ બધું કથન ઊંચા જીવે સાંભળી રહી હોય એવું મને લાગ્યું. પછી સહેજ અધીરાઈપૂર્વક બોલતી હોય એમ એ બોલી : 'બધું પોતાના – તરફી જ વિચારવાનું ? પરિવારનો કશો વિચાર નહીં કરવાનો ?'

'પરિવારનો શો વિચાર કરવાનો છે ?'

'બધો વિચાર કરવાનો છે. આવી શ્રીમંતોની સોસાયટીમાં કોઈ કોઈનું હોતું નથી. ઘણી વાર તો બાજુમાં કોણ રહે છે એની પણ પડોશીને ખબર નથી હોતી. મયંક એના ધંધા પર દવાખાને ગયો હોય, બાળકો નિશાળે ગયાં હોય ઘરમાં સીમા એકલી હોય આખો દિવસ પસાર કરવાનું કેવું કપરું બની રહે ?'

ઘરમાં સીમા માટે સૂનકારભરી એકલતાની તકલીફનો જવાબ આપતો હોઉં એમ હું બોલ્યો : 'તમે તમારા સમયની વાત મનમાં લીધી છે એટલે સીમા ઘરમાં એકલાં-એકલાં આખો દિવસ કેમ પસાર કરી શકે એની ચિંતા દાખવી. પણ આજના સમયમાં આવી એકલતાને કોઈ સ્થાન નથી. આજની મહિલા સમયની બાબતમાં અનેક રીતે વ્યસ્ત હોય છે. ઇન્ટરનેટ, ટેલિફોન (લૅન્ડલાઇન), મોબાઇલ ટેલિફોન, ટી.વી., વેબસાઇટ, ટ્વીટર, એપ્સ જેવી કરોડો રૂપિયાનું ટર્નઓવર કરતી ચૅનલો – આજની મહિલાને આ બધી વ્યસ્તતામાં કશી ફુરસદ નથી, એટલે સુધી કહી શકાય કે રસોઈ કરવાના ટાઇમ બાબતમાં પણ એ જ સ્થિતિ છે.

'એ બધું હશે', હીરાએ ઝટ જવાબ આપ્યો : 'પણ પરિવારની સોબતની વાત જુદી છે. સુખ-દુઃખની વાત અનેક પ્રકારના આનંદ-મંગળની સ્મૃતિની તોલે

તમે કહ્યું એમાંનું કશું ન આવે. આપણા ત્યાં જવાથી આપણને પરિવારના મેળાનો આનંદ થશે એ તો ખરું, પણ એમને પણ એટલો આનંદ થશે. ઘરમાં વસ્તી હોય એ જ મોટા આનંદનું કારણ.'

હીરાના આ મંતવ્ય સાથે અસંમત થતાં મેં કહ્યું : 'માણસ જાતના અરસપરસના આનંદ કે દુઃખની વાત ભારે પેચીદી છે. એ જલદી સમજાય એવી નથી.' આટલું કહી મેં ઉમેર્યું : 'હાઈસ્કૂલના નીચલા ધોરણમાં છોકરા અને દેડકાંની એક નાની વાત ભણવામાં આવી હતી. એ વાર્તામાં કેટલાક છોકરાઓ માત્ર આનંદ કે મજા ખાતર એક તળાવમાં પથરા ફેંકતા હતા. એમના પથરા ફેંકવાના કાર્યથી, પથરા વાગવાના કારણે દેડકાં મરતાં હતાં. કાર્ય એક હતું, પણ એમાં એકને આનંદ હતો બીજાને મોત. એકનો આનંદ બીજાનું દુઃખ... આપણે અમદાવાદ જઈએ એમાં આપણા માટે આનંદ હોય, પણ પરિવાર માટે દુઃખ હોઈ શકે.'

'એ કેવી રીતે ?'

'એમની સ્વતંત્રતા ઉપર કાપ મુકાઈ જવાનો. હવે આપણે ૬૦ વર્ષની ઉંમર વટાવી ચૂક્યાં છીએ. એ લોકો એમના મિત્રોને મળવા જવામાં, પિકનિક, પાર્ટી, બહાર ગામની ટૂંકી સફરમાં આપણને સાથે ન લઈ જાય, સાવ અંગત મિલનમાં આપણું શું કામ ? એ લઈ જવા માગે તો આપણે ન જઈએ. એ જાય, પણ એમનું લક્ષ આપણા તરફ ખેંચાયેલું રહે. મિલન, મેળો કે પાર્ટી ઝટ સમેટવા તરફ અંદરથી કશુંક દબાણ થતું રહે અને પરિવારના સભ્યો કશીક મજા ગુમાવતા હોય એવું અનુભવ્યા કરે. આ દુઃખ નહીં તો બીજું શું ? મારો તો સ્પષ્ટ મત છે કે આપણે અમદાવાદ જઈને એમના માટે બોજારૂપ ન બનવું અને આપણે પણ દુઃખી થવા ત્યાં ન જવું...'

'દુઃખી થવા ?'

'હા. એ જગામાં આપણે આપણા ગમા-અણગમા ખંખેરી નાખવા પડે અને ત્યાંની જીવનપદ્ધતિ અપનાવી લેવી પડે. જે વખતે શરીર જર્જરિત થઈ ગયું હશે તે વખતની વાત જુદી હશે.'

'આ તમારો આખરી નિર્ણય છે ?'

'હા.'

'સારું, તમે ઇચ્છો છો તેમ થશે, હવેથી તમે રાત્રે સાડાઅગિયાર – બાર વાગ્યે તમારા ચાલુ લખાણ વખત તમે ઇચ્છો તે પ્રમાણે ભર ઊંઘમાંથી ઊઠીને

તમારી માગણી પ્રમાણે ચા સાથે ગોટા કે ભજિયાં, જે કહેશો તે કરી આપીશ. આખરે તમારી પત્ની છું ને, ક્યાં જવાની ?

તમારી પત્ની છું ને, ક્યાં જવાની ?

આ શબ્દોએ ચિત્તમાં એક ઘા કર્યો. પરિવાર સાથે રહેવા માટે અમદાવાદ જવા એ અત્યંત આતુર હતી. એની મનોકામના પર પાણી ફરી વળ્યું હતું. આમ શાથી ?

'આખરે તો તમારી પત્ની છું ને.' એ જ શબ્દો.

ચિત્તને ભારે ધક્કો લાગ્યો હોય એમ એકાએક મારી આંખ ઊઘડી ગઈ !

હું બોલ્યો : 'આવતી કાલ બપોરે સાડાત્રણ વાગ્યાની વાઘોડિયાની બસમાં આપણે અમદાવાદ જઈશું. તૈયારી કરો.'

'ના, અમદાવાદ નથી જવું, આપણે અહીં જ રહીશું.' હીરાનો આ મક્કમ અવાજ હતો.

એથી સવાયા મક્કમ અવાજે મેં કહ્યું : 'મારા નિર્ણયોમાં મેં કદી ફેરફાર કર્યો નથી. આપણે અમદાવાદ જવાનું જ છે; ધનવાનોની સત્યાગ્રહ છાવણી સોસાયટીમાં !'

હું નિર્ણય બદલું એ માટે હીરાએ ફરી એક વાર પ્રયત્ન કરી જોયો. એણે જીવનમાં એટલે કે અમારા સંસારમાં મને કદી નાખુશ કર્યો નહોતો. એ પ્રેમાળ પત્ની હતી. એટલે સ્તો !

અને હવે હું એના અરમાનને ઠેસ પહોંચાડવા માગતો નહોતો.

બીજે દિવસે નિશ્ચિત સમયે અમે અમદાવાદ જવા નીકળ્યાં.

એ વખતે મારા ચિદાકાશમાં આ શબ્દો ઘુમરાઈ રહ્યા હતા :

'કહાં સે આયે, કીસ ઓર ગમનવા...'

■

# ૩૯

## સત્યાગ્રહ છાવણી

જોધપુર ટેકરો !

અમદાવાદ વિસ્તારની આ એક ઊંચેરી જગ્યા. ગૂજરાત વિદ્યાપીઠના મ. ના. પટેલ અને મ. જો. પટેલ તરીકે ઓળખાતા બે અધ્યાપકોએ એમના કેટલાક સાથી અધ્યાપકોને સાથમાં રાખીને પૂ. છો. પટેલ નામથી ખ્યાત ગાંધીવાદી કાર્યકરના સહકારથી ઈ. સ. ૧૯૬૩માં સત્યાગ્રહ છાવણી કો. ઓ. હા. સોસાયટીની સ્થાપના કરી. ટેકરા પર સોસાયટીનો ૭૮૬૭૭૦ (સાત લાખ છયાસી હજાર સાતસો સિત્તેર) ચોરસ વારનો વિસ્તાર.

ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાના રોજબરોજના વહીવટનું આ સ્થાપક મંડળ સાક્ષી અને એ વહીવટમાંથી પરોક્ષપણે એમણે ઘણું સંસ્થાકીય જ્ઞાન મેળવેલું.

એટલે અસાધારણ કહી શકાય એવી સફળતા સાથે આ સોસાયટીનો આરંભ થયો.

નજર સમક્ષ ગાંધીવિચાર. જીવનધોરણનું એ જ લક્ષ્ય.

સઘળું આયોજન વ્યવસ્થિત. સાત સેક્ટર, ૨૪ લેન (Lanes) ૭ દરવાજા. લેનો ઉપરાંત અન્ય માર્ગો અને એક મોટો પાર્ટીપ્લૉટ, બીજા બે મોટા કૉમન પ્લૉટ, ઑફિસ સાથે ક્લબ હાઉસ અને વ્યાયામના હેતુથી ચાલવા માટે વચ્ચે હરિયાળી જગ્યાવાળો વૉકિંગ ટ્રેક. આ ટ્રેક પર દસ રાઉન્ડ લેવાથી ત્રણ કિલોમીટર ચાલ્યાની ગણના થાય.

રહીશોની સલામતી માટે સિક્યોરિટીનો પાકો બંદોબસ્ત. અઢાર સિક્યોરિટી ગાર્ડ્ઝનું રાત અને દિવસ માટે વહેંચાયેલું દળ. દરેક દરવાજે સવારના ૭ વાગ્યાથી રાત્રિના અગિયાર વાગ્યા સુધી ગાર્ડની હાજરી હોય. રાત્રિના અગિયાર વાગ્યે બે મુખ્ય દરવાજા સિવાય બાકીના બંધ થાય. રાત્રિ દરમિયાન લેનોમાં ચોકી માટે ફરતા ગાર્ડની લાકડીના ઠબકાર સંભળાયા કરે.

વધારામાં ઊંચી સ્ટ્રીટ લાઇટોના સોડિયમ વેપર લાઇટનો ઝળહળાટ લેનોમાં બપોરના અજવાળા જેવો આભાસ પેદા કરે.

સરવાળે સોસાયટીના રહીશો કશી ચિંતા વગર રાત્રિનો આરામ માણી શકે.

કોઈ પણ પ્રકારના નફાની ગણતરી વગર ફક્ત આયોજનના મામૂલી ખર્ચનો ઉમેરો કરીને પ્લૉટની કિંમત રાખવામાં આવી હતી.

આરંભે આ સોસાયટીની સ્થાપનાની જાણકારી શિક્ષણ સંસ્થાઓમાં વહેલી થઈ એટલે આરંભમાં થયેલા સભ્યોમાં અધ્યાપકો, શિક્ષકો, કારકુનો તેમ જ અન્ય કર્મચારીઓ મુખ્ય હતા.

સામટો પંદર-વીસ ઇંચ વરસાદ પડે તોપણ ક્યાંય પાણીનું એક ટીપું પણ ઝિલાયેલું ન રહે એવી ટેકરાળ જગ્યા, મામૂલી કિંમતે મળતા પ્લૉટ અને કુશળ વહીવટ ! સોસાયટીના અસ્તિત્વનો પ્રચાર ધારણા કરતાં ઘણા વધારે વેગથી થવા લાગ્યો. અને સોસાયટીની નિશ્ચિત મર્યાદાની સભ્યસંખ્યા થઈ ગઈ.

પણ સભ્યપદના ઇચ્છુક લોકોનો જુવાળ વધવા લાગ્યો. પરદેશ સ્થાયી થયેલા એન.આર.આઈ. સભ્યો પણ દેશમાં પોતાનું એક સરસ મકાન હોવાના ખ્યાલથી આકર્ષાયા, કેટલાક ભવિષ્યમાં પ્લૉટની ઘણી ઊંચી કિંમત મળવાની ગણતરીએ નાણાં રોકવા લલચાયા. પ્લૉટોની માગણી જોરદાર બનતી રહી. આરંભે જે લોકો સભ્ય બન્યા હતા એ બધા કંઈ ગાંધીવિચારથી પ્રભાવિત નહોતા. પ્લૉટની ઊંચી કિંમત મળવા માંડી એટલે એમણે પ્લૉટ વેચવા માંડ્યા. થોડા સમયમાં તો આ લે-વેચે માઝા મૂકી અને સોસાયટીના આકાશમાં કાળાં વાદળાં ગોરંભાવા માંડ્યાં. મ.ના. અને મ.જો.એ તેજ ગતિથી અધોગતિ તરફ જઈ રહેલા ગાડાને જોયું. આ ગતિને અટકાવવાનું એમના કાબૂમાં નહોતું. કશી કાગારોળ કર્યા વગર આ બે મહાનુભાવો મેદાનમાંથી ખસી ગયા.

સોસાયટીના સ્થાપના કાળે મ. જો. અને મ. ના. પટેલે દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ કરીને બે બાબતો પર ભાર મૂક્યો હતો. એક તો સોસાયટીનું વાતાવરણ શુદ્ધ હવામાનવાળું રહે અને કોઈ પણ પ્રકારના પ્રદૂષણ વિહોણું બની રહે એ માટે એમણે ઘટાદાર વૃક્ષોનું વાવેતર કરાવ્યું હતું. બીજી બાબત એમના ધ્યાનમાં એટલી કે સોસાયટી ભલે ગમે તેટલા બહોળા વિસ્તારવાળી હોય પણ આખરે તો તેનું સ્થાન એકાન્ત વગડામાં હતું. વગડામાં વસવાટ હોય એટલે સલામતી અને સુરક્ષાનો વિચાર પહેલો કરવો જોઈએ. સોસાયટીના સ્થાપક મિત્રોએ આ અંગે ઉપર જણાવ્યું તે પ્રકારે સિક્યોટિસ ગાર્ડ્ઝનું કાળજીપૂર્વકનું આયોજન કર્યું હતું.

■

# ૪૦
# આથમતાં અજવાળાં

આત્મકથામાં 'આંખો' માટે એક સ્વતંત્ર પ્રકરણ ?

આત્મકથા એ મારી કથા છે. મારા જીવનમાં જેનું સૌથી વધારે મહત્ત્વનું સ્થાન એ મારા માટે સૌથી વધારે મૂલ્યવાન દસ્તાવેજ.

શૈશવકાળથી લગભગ ૯૨ વર્ષના સમયગાળામાં આ આંખો દ્વારા જે જ્ઞાન મેળવ્યું તેમાંનું કેટલુંક (બધા જ્ઞાન માટે અહીં અવકાશ ક્યાં છે ?) આ ગ્રંથના પાનાંઓમાં આલેખ્યું છે.

આંખો દ્વારા રળિયાત વૈભવની વાતો માટે ઉપર કહ્યું તેમ અહીં સ્થાન નથી, પણ શરીરના એક અંગ વિશે કેટલીક સ્થૂળ વાતો અહીં કરવી છે. શૈશવ અને કૈશોર્યથી વાતનો આરંભ કરીએ. શિશુ અવસ્થામાં હું એક નાના અરિસામાં મારું મુખ અર્થાત્ ચહેરો જોયા કરતો હતો. શાથી ? એની મને ખબર નહોતી. પણ કેટલાંક વર્ષ પછી પ્રાથમિક શાળાના અભ્યાસનાં છેલ્લાં વર્ષોમાં ડૉ. આનંદશંકર ધ્રુવ દ્વારા સંપાદિત 'નીતિ-શિક્ષણ' નામના દળદાર ગ્રંથના વાચનમાં નાર્કિસસ (નાર્સિસસ ?)ની કથા સાથે કોઈ અસંપ્રજ્ઞાત કારણોસર પેલા અરીસામાં મુખદર્શનની વાત સાથે જોડાઈ ગઈ. નાર્કિસસ પોતાના મુખનું પ્રતિબિંબ પાણીમાં સતત જોયા કરતો હતો. એક દિવસ એ પાણીમાં પડી ગયો અને ડૂબી ગયો. દર્પણમાં મુખ જોયા કરનાર હું આજે અંધાપાની અડોઅડ મુકાઈ ગયો છું. કદાચ મૃત્યુ કરતાંય વધારે ખરાબ દશા !

હું દર્પણમાં મારું મુખ કેમ જોયા કરતો હતો એનો તાળો પણ ધીરેધીરે મને મળતો રહ્યો હતો. આ રહ્યાં એનાં એક પછી એક પગથિયાં : ન્યુ હાઈસ્કૂલ, અમદાવાદમાં મારા સાથી કાર્યકર શ્રી આર. એન. શાહ એક દિવસ ઉમળકાવશ ઉદ્‌ગાર કરી બેઠા હતા : 'Your eyes are Second to Lord Krishna !!'

ન્યુ હાઈસ્કૂલના મારા બીજા સાથી કાર્યકર શ્રી બી. વી. પટેલના એક

મિત્ર તૈલચિત્રો બનાવવામાં શિખાઉ કલાકાર હતા એ પ્રેક્ટિસ માટે મિત્રોની તૈલછબીઓ બનાવતા હતા. આ મિત્રના સહકાર માટે બી. વી. પટેલ એ મિત્ર માટે મારો ફોટોગ્રાફ લઈ ગયા. બીજા દિવસે બી. વી. પટેલે મને કહ્યું : 'અરે ભાઈ, મારા પેલા મિત્રે તમારો ફોટો જોઈને કહ્યું, આમની આંખો ભયંકર છે !'

'તમારો એ મિત્ર મહારાષ્ટ્રિયન હશે.'

'હા, એમ જ છે.'

મેં મારા અનુમાનનું કારણ આપતાં કહ્યું, 'મારો એક મહારાષ્ટ્રિયન મિત્ર કરકરે જ્યાં-જ્યાં કંઈ સુંદર જુએ અથવા સાંભળે ત્યારે બોલી ઊઠે છે – 'ભયંકર !' '

કોચરબની મારી રૂમ પર સાહિત્યકાર મિત્રોની જેમ થિયેટરના કલાકાર મિત્રો પણ આવતા હતા. એમાંનો એક દુષ્યન્ત મહેતા નાટકનો અભિનેતા હતો. બીજો વિદ્યુત મહેતા નૃત્યકાર હતો. દેશના ભાગલા વખતે જીવ લઈને ભાગી આવેલો એક સિને કલાકાર હતો. એના કહેવા પ્રમાણે એણે 'ઘાયલ ભારત' નામની ફિલ્મમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. (અમે ભેગા મળીને રાયપુરની સિટી હાઈસ્કૂલમાં એનો એક કાર્યક્રમ રખાવ્યો હતો. જે ખૂબ સફળ રહ્યો હતો.) આ સિનેકલાકારે એક વખત મારા તરફ આંગળી રાખીને કહ્યું હતું : 'ઇનકી બ્યુટી ફિલ્મ મેં આ સકતી હૈ.' એનો ખાસ તો ઇશારો મારી આંખો તરફ હતો...

આંખો દેખાવડી હશે પણ એની ઑકાત સમડીની નજર જેટલી તીક્ષ્ણ. છાત્રાલયના વિદ્યાર્થીઓની એક ઉજાણી વખતે એ આંખોએ આચાર્ય નાથાભાઈના હાથમાં રાખીને ધરવામાં આવેલા રીડર્સ ડાયજેસ્ટ માસિકનો ફકરો ચાર ફૂટના અંતરેથી વાંચી સંભળાવીને એમ એમની તાકાત દર્શાવેલી. અને રૉબર્ટ ઈ. શેરવૂડે લખેલા અને બે ભાગમાં વહેંચાયેલા ૧૧૯૪ પાનાંના 'Roosevlt and Hopkins' પુસ્તકના વાચનની વાત ન્યારી તો ખરી પણ અજોડ કહી શકાય એવી છે. રૂઝવેલ્ટ જેવા શ્રેષ્ઠ પ્રકારના રાજપુરુષનું આ ચરિત્ર પુસ્તક છે.

પેપરબૅકમાં ઝીણા ટાઇપમાં છપાયેલું આ પુસ્તક કોઈ નવલકથા કરતાં વધારે રસભર્યું છે. મેં એ પુસ્તકનું પાનેપાનું છૂટું થઈ જાય ત્યાં સુધી દીવાલ પર દસ-બાર ફૂટની ઊંચાઈએ રહેલી વીજળીની બત્તી નીચે રાત-મધરાતથી વહેલી સવાર સુધી આ આંખો દ્વારા વાંચેલું. કોઈ આને આંખો પરનો અત્યાચાર કહે, પણ આ આંખો તરફથી કોઈ એવી ફરિયાદ થયેલી નહીં. એ આંખોએ

પણ મારી સાથે મજા માણેલી !

ઋજુ અને સહનશીલ જણાતી આંખ એટલી જ કઠોર પણ ખરી. એક અપવાદ સિવાય એ ગમે તેવી શોકપ્રદ કે દુ:ખદ ઘટનાઓમાં એ કદી ભીની થઈ નથી.

અપવાદરૂપે પણ સમજપૂર્વકની આંખ તો 'અંકલ ટૉમ્સ કૅબિન' નવલકથાના વાચન વખતે અંકલ ટૉમના મોતની ઘટના વખતે મારી આંખો છલકાઈ હતી. અંકલ ટૉમનો મૂળ માલિક એક અત્યંત સજ્જન આદમી હતો. પણ આર્થિક મજબૂરીના કારણે એણે ટૉમને બીજા એક માલિકને વેચ્યો હતો. મૂળ માલિકને ટૉમ માટે ખૂબ સારી લાગણી હતી. આર્થિક ક્ષમતા સાંપડે એટલે એ ટૉમને ગુલામીમાંથી સંપૂર્ણપણે મુક્ત કરવા ઇચ્છતો હતો. આર્થિક ક્ષમતા પ્રાપ્ત થતાં આ મૂળ માલિકે એના પુત્રને ટૉમની મુક્તિ માટે ચુકવણીની પૂરી રકમ સાથે મોકલ્યો. દીકરો ભૂખ, તરસ કે થાકને લક્ષમાં લીધા સિવાય મારતે ઘોડે નવા માલિકને ત્યાં પહોંચ્યો. પણ થોડી જ ક્ષણો પહેલાં નવા માલિકે બેરહમ બનીને ટૉમને મારઝૂડ કરીને એનું મોત નીપજાવ્યું હતું. લેખિકાએ આખી ઘટનામાં સંવેદનાના ગાઢા રંગ પૂર્યા છે. આ ઘટનાના વાચન વખતે મારી આંખ છલકાયા વિના નહોતી રહી.

નિવૃત્તિ પછી અમે પાટણ રહેતાં હતાં. પાટણમાં એક આંખના જાણીતા ડૉક્ટર. મોતિયાના ઑપરેશનમાં નિષ્ણાત. હું વર્ષમાં એક વાર એમની પાસે આંખોનું ચેક-અપ કરાવતો. એ આંખના નંબરની ઝીણવટપૂર્વક તપાસ કરતા. અને કંઈ ફેરફાર હોય તો નવું કાર્ડ આપતા.

અમે સત્યાગ્રહ છાવણીમાં રહેવા આવ્યાં એ પછી આંખોના ચેક-અપની નિયમિતતા ન રહી.

મેં એક વખત જોધપુર ચાર રસ્તાના એક આંખના દવાખાનાની મુલાકાત લીધી. ડૉક્ટરે એક નવા પ્રકારના સાધનમાં મારી હડપચી મુકાવીને તપાસ કરવા માંડી. ઘટતી તપાસ કર્યા પછી આ ડૉક્ટરે કહ્યું : 'મોતિયાની તો કશી ઉતાવળ નથી; પણ તમારી આંખે પ્રેશર છે !' આ પ્રેશર વિશે મારી કશી જાણકારી નહોતી. ડૉક્ટરે આગળ વધીને કહ્યું : જમણી આંખમાં ૪૧ છે જે ઘણું વધારે કહેવાય. ૨૦થી વધવું ન જોઈએ. તમને ગ્લુકોમા (ઝામર) છે. એનો સમયસર ઉપાય ન થાય તો અંધાપો આવે ! ડૉક્ટરે દવાનાં ટીપાં લખી આપ્યાં અને કહ્યું : જે નુકસાન થયું છે એ રિપેર નહીં થાય. કેટલું નુકસાન થયું છે એ જાણી

લેવું પડશે. અને ટીપાં જીવનભર આંખમાં નાખવાં પડશે.

કેટલું નુકસાન થયું છે એ જાણવા ડૉ. વસાવડાના દવાખાનાનો સંપર્ક સાધ્યો. ત્યાંના એક ડૉક્ટરે ખાસ પ્રયોગ દ્વારા જાણ કરી કે જમણી આંખ ૨૦ ટકા કામ કરી રહી છે અને ડાબી આંખ દ્વારા ૬૫ ટકા કામ થાય છે.

આ જાણકારી પછી ડૉક્ટરની સલાહ મેળવ્યા બાદ મેં વાંચવા-લખવાનું ચાલુ રાખ્યું. ઝડપ ઘટી એ મોટું નુકસાન !

આ ચાલ્યા કરતું હતું પણ એક દિવસ નવા પ્રકારની તકલીફ ઊભી થઈ. અત્યાર સુધી આંખમાં કોઈ દુઃખાવો નહોતો. પણ એક દિવસ જમણી આંખમાં દુઃખાવાની અસર જણાઈ. એક સામાન્ય રીત તરીકે આંખનું પ્રેશર જાળવવા ચેક-અપ માટે મયંક મને એના આંખના ડૉક્ટર મિત્ર ભક્તિભાઈ પાસે લઈ જતો. આ દુઃખાવાના આરંભ પછી અમે ડૉ. ભક્તિભાઈ પાસે ગયા. ડૉ. ભક્તિભાઈએ મશીનમાં આંખ જોતાં જ એક દુઃખમય વાત ઉકેલતા હોય એમ કહ્યું. હેમરેજ છે. આ માટે એના નિષ્ણાત ડૉક્ટરને બતાવવું રહ્યું. મયંકના એક ડૉક્ટર મિત્રે આ માટે ડૉ. બૅન્કરને મળવાની સલાહ આપી.

અમે ડૉ. બૅન્કરને મળ્યા.

ડૉક્ટરે બંને આંખોની ઝીણવટપૂર્વક તપાસ કરી. એ પછી સ્વગત બોલતા હોય પણ અમે સાંભળી લઈ શકીએ એવા મંદ સ્વરે બોલ્યા : 'Painful blindness' આટલું બોલ્યા પછી દર્દીને સમજ આપતા હોય એમ એમણે કહ્યું : 'જમણી આંખ બિલકુલ જતી રહી છે અને ડાબી આંખ ૬૫ ટકા કરતાંય ઓછું કામ આપે છે. હાલ જમણી આંખ વિશે વિચારવું જોઈશે. દુઃખાવો મટે એ માટે ત્રણ મહિના સુધી પ્રત્યેક મહિને દશ હજાર રૂપિયાનું એક એવાં ત્રણ ઇંજેક્શન આપવાં પડશે. આ ઉપચારથી દુઃખાવો જિંદગીભર માટે દૂર થઈ જશે. એની કોઈ ગેરન્ટી નહીં. બીજો ઉપાય છે.'

'શો ?'

'જે જ્ઞાનતંતુઓ દુઃખાવાને મગજ સુધી પહોંચાડે છે એમને લેસર કિરણોથી બાળી મૂકવાં.'

અમે આ ઉપાય માટે સંમતિ દર્શાવી.

એ ઉપાય અજમાવાયો.

ડાબી આંખ માટે ડૉક્ટરે કહ્યું : 'ત્રણ પ્રકારની દવાઓ (આંખનાં ટીપાં) લખી આપું છું. એ ઝામરને બરાબર કાબૂમાં રાખશે. પણ ઉંમર એનું કામ

કરે અને વિઝનની શક્તિ ક્ષીણ થતી જાય એમાં દવા કે ડૉક્ટરનો કોઈ ઉપાય નથી.'

દિવસો વીત્યા, મહિનાઓ વીત્યા, વરસ એક પછી એક એમ વહી રહ્યાં છે. આંખની સ્થિતિ કથળતી જાય છે.

હવે રેખાબદ્ધ કશું સ્પષ્ટ જોઈ શકાતું નથી.

અને એલ.ઈ.ડી. બલ્બ કે ટ્યૂબ દ્વારા મેળવાતા અજવાળાએ દાટ વાળ્યો છે – છતી આંખે અંધાપો !!

થાળીમાં પીરસેલી વાનગી ચોખ્ખે-ચોખ્ખી ન જોઈ શકાય ત્યાં સુધી નોબત પહોંચી છે.

કામ ઘણું કરવાનું હતું, ન થયું.

ઝામરે પડદો પાડી દીધો છે !

મિલ્ટન ૪૪મા વર્ષે સદંતર અંધ બની ગયો. પણ એણે અંધકારભર્યા જીવનને ઉજમાળ્યું. રન ઑન લાઇન્સમાં (નિશ્ચિત મીટર સિવાય) 'પેરેડાઇઝ લૉસ્ટ' અને 'પેરેડાઇઝ રીગેઇન્ડ' (૧૨ + ૬) નામની અમર કૃતિઓ જગતને આપી.

કંઈક આપી જવાનો તરવરાટ તો એવો જ છે.

પણ છે એ તાકાત ?

ન જાને...!

■

# ૪૧
# જનનાન્તરેઽપિ ત્વમેવ

ઈ. સ. ૨૦૧૨ના ડિસેમ્બરની એક સવારે લગભગ નવ વાગ્યે હીરા એકાએક પડી ગઈ. અમારા રૂમમાં એ એકલી એવી કેવી રીતે પડી ગઈ એ કોઈએ જોયું નહોતું. દોડધામ મચી ગઈ પણ અમારામાંથી કોઈએ પડી જવાના કારણ અને રીત વિશે કશું ન પૂછ્યું અને સૌ સારવારમાં પડી ગયાં.

હીરાને પલંગમાં સુવાડી દીધી. એના ડાબા પગમાં ભારે દુઃખાવો થતો હતો અને એ કણસતી હતી.

બધું અનુમાન પર ચાલ્યું.

ફ્રેક્ચર થયું હોય, બેઠા મારનો દુઃખાવો પણ હોય.

મયંકના મિત્ર ઑર્થોપેડિક સર્જન ડૉ. પંડિતને બોલાવ્યા.

ડૉ. પંડિતે આવીને ઘટતી તપાસ કરી અને કહ્યું :

એક્સ-રેથી જ સાચી સમજણ પડશે.

ઘેર જ એક્સ-રે ફોટોગ્રાફ લેવાની વ્યવસ્થા થઈ.

ડૉ. પંડિતે કહ્યું : ફ્રેક્ચર નથી.

મયંક પોતે રેડિયોલૉજિસ્ટ છે. એણે પણ ફિલ્મ તપાસી.

ડૉ. પંડિતે કહ્યું : 'ફિઝિયોથેરેપિસ્ટને મોકલું છું !' એ ગયા અને ફિઝિયોથેરેપિસ્ટને મોકલ્યા. ફિઝિયોથેરેપિસ્ટે હીરાને ચલાવી જોવાનો પ્રયાસ કર્યો. પગ બરાબર મંડાતો નહોતો. ફિઝિયોથેરેપિસ્ટે કહ્યું : 'બે-ત્રણ દિવસના પ્રયત્નથી કદાચ ફેર જણાય.'

ફિઝિયોથેરેપિસ્ટે શક્ય એટલો પ્રયત્ન કરી જોયો અને કહ્યું : 'કશું થઈ શકે એમ નથી.'

ત્રણ દિવસ વીતી ગયા.

આખરે ડૉ. પંડિતે ન્યુરોફિઝિશિયનને મોકલ્યા. જાણીતા ડૉક્ટર હતા.

એમણે હીરાને ચલાવી જોવાની બરાબર મથામણ કરી પછી માથું હલાવતાં કહ્યું : 'સ્ટ્રોક છે, હવે કંઈ થઈ શકે એવું નથી. આશા રાખવી હોય તો પાંચ ટકા રાખી શકાય. પણ એ તો માત્ર આશા.'

હીરાનો ડાબો પગ અને ડાબો હાથ લકવાગ્રસ્ત હોવાનું નિશ્ચિત થઈ ગયું.

સામવેદ હૉસ્પિટલમાં એમ.આર.આઈ. કરાવ્યું. મયંકે અને એ હૉસ્પિટલના ડૉ. હેમંતે એમ.આર.આઈ.માં મગજના ફોટાનો બરાબર અભ્યાસ કર્યો અને હવે કંઈ સુધારો થઈ શકે એમ નથી એવા મત પર બંને જણ આવ્યા. હીરા ડૉક્ટરોનો સંવાદ ધ્યાનપૂર્વક સાંભળતી હતી. એણે હવે પછીની પોતાની સ્થિતિનો ક્યાસ કાઢી લીધો હોય એમ જણાયું. સતત પથારીવશ દર્દીની શી હાલત થાય છે એના બે કેસ એની નજર સમક્ષ હતા... પીઠ પર પડતાં પાઠાં... અસહ્ય વેદના... દર્દવશ દર્દીની ચીસો... આ સ્થિતિ કેટલાં વર્ષ ચાલે એનો કોઈ નિશ્ચિત સમયગાળો નહીં... પાંચ વર્ષ... દસ વર્ષ... જીવનના છેલ્લા શ્વાસ સુધી...

એક દિવસ હીરાએ ડૉક્ટરના છેલ્લા અભિપ્રાય પછી મનમાં સતત ઉછાળા મારતા રોષના લાવાને વાણીરૂપે બહાર આવવા દીધો અને ચંડી રૂપ ધારણ કર્યું હોય એમ થરકતા છતાં મોટા અવાજે કહ્યું : 'તમે બધાએ ભેગા મળીને મારી જિંદગી ખલાસ કરી નાખી !'

પત્નીનું આ એક અસાધારણ અને નવું જ રૂપ હતું. એ સ્વરૂપે મને એક ભારે આંચકો આપ્યો. મેં કહ્યું : 'કેમ આવું કહો છો ?'

'તમે જે કર્યું છે એ જ કહું છું.'

'જેમાં આપણા હાથની વાત જ ન હોય એમાં આપણે શું કરી શકીએ ?'

'આપણા હાથની વાત કેમ ન હોય ?'

'ડૉક્ટરો જે કહેતા હતા એ તમે સાંભળતાં હતાં...'

'ડૉક્ટરો... ડૉક્ટરો...' કહીને ગુસ્સાને ચરમસીમાએ પહોંચાડતાં એ બોલી : 'તમે મગજના તો એક જ ડૉક્ટરને બતાવ્યું, મગજના બીજા ડૉક્ટરો મરી પરવાર્યા છે ?'

'નિદાન સચોટ હોય પછી બીજા ડૉક્ટરોને બતાવવાથી શો ફેર પડે ? આ લકવામાં હવે કશો ફેર પડે એમ નથી એટલે એને વેઠવો રહ્યો.'

'લકવો ન મટે એ વાત હું માનવા તૈયાર નથી. લકવો મટે છે એ તમે નજરે નથી જોયું ? એની પાછળ રાત-દિવસ મથામણ કરવી પડે. જાત ઘસી નાખવી પડે...'

'તમે શર્વરીના લકવાની વાત કરો છો. પણ એ બાળલકવો – પોલિયો

હતો. એની જાત સાવ જુદી છે. આ મગજની બીમારી છે. એમાં ટ્યુમર (ગાંઠ) હોય તો ઑપરેશન થાય પણ સ્ટ્રોકમાં એવું કંઈ થાય નહીં અને જડે પણ નહીં. પોલિયોમાં ફક્ત સ્નાયુઓનો સવાલ હતો. જે થોડાઘણા કામ કરતા રહી ગયા હોય એને કસરત અને માલિશથી બળવાન બનાવવાની જરૂર હતી. તમે રાતદિવસની મહેનતથી એ કર્યું અને શર્વરીને ચાલતી કરી. આમાં તો નસીબનો વાંક સમજીને સહન કરવું રહ્યું.'

હીરાને ચામડીને લગતી જે બીક હતી એવું ન થાય એ માટે સીમા, મયંક અને મેં બરાબર કાળજી રાખીને ઉપાય કરવા માંડ્યા. સવારે કુદરતી હાજતો બાથરૂમમાં એની નિયત જગ્યાએ જ થાય એ માટે એક કુશળ મહારાષ્ટ્રિયન બાઈને કામ પર રાખી. બપોરે પલંગમાં બેઠા-બેઠા જમી શકાય એ માટે સીમાએ એક ખાસ ડેસ્ક બનાવડાવ્યું અને એ એને જમાડતી. બાર વાગ્યે જમ્યા પછી દોઢ બે વાગ્યા સુધી એ પલંગમાં આરામથી બેસી રહી શકે એવી વ્યવસ્થા ગોઠવી. એ બેસે ત્યાં સુધી હું એની પાસે બેસતો અને અવારનવાર એની પીઠ પર હાથ પસવાર્યા કરતો.

બધું વ્યવસ્થિત ચાલતું હતું પણ નસીબને એ માન્ય નહોતું. એણે કાળપંજાની એક જોરદાર થાપટ મારી. એક દિવસ સ્વાતિ સંજોગવશાત્ એક સવારે ન આવી શકી. એણે એની મોટી બહેનને મોકલ્યાં. આ બહેન હીરાના શરીરના બોજ સાથે બેલેન્સ જાળવી શક્યાં નહીં અને બંને બાથરૂમમાં પટકાયાં. અને હીરાના લકવાવાળા પગની જાંઘમાં ફ્રેક્ચર થયું. ફરી પાછા ડૉ. પંડિત ! એમણે સફળ ઑપરેશન કર્યું. પણ હવે સ્થિતિએ નવો વળાંક લીધો. બાથરૂમમાં જવાનું સદંતર બંધ થયું અને સંપૂર્ણપણે હીરાએ પથારીવશ રહેવું પડ્યું.

પથારીવશ હોવા છતાં અગાઉની જેમ પલંગમાં બેસવાનું અને બેસીને જમવાનું અને નાસ્તો લેવાનું ચાલુ રહ્યું.

આ સ્થિતિમાં મયંક અને સીમા મારી ચિંતા સેવવા લાગ્યાં. રાત્રિમાં મારી ઊંઘમાં સતત ખલેલ પહોંચતી હશે એવું એ માનવા લાગ્યાં. આના કારણે સવારે આવતી સ્વાતિને રાત્રિ સેવામાં રોકીને મારે અલગ સૂવાની યોજના વિચારવા લાગ્યાં. આ અંગે એમણે એકાદ-બે વખત હીરાને કહ્યું પણ ખરું. રાત્રે મને કશી અગવડ નહોતી, જરૂરી ઊંઘ પણ આવતી હતી એટલે આ યોજનાની મને જરૂર જણાતી નહોતી. વાત મારા સુધી આવશે ત્યારે એ યોજના માટે ચોખવટપૂર્વક હું ના કહી દઈશ એવું મેં વિચારી રાખેલું. હીરા પણ મારા મતની હતી.

પણ એક દિવસ મયંક અને સીમાએ મારા સુખ ખાતર સવારે આવતી

સ્વાતિની રાત્રિસેવાનું નક્કી કરી દીધું. પ્રત્યેક રાત્રિની સેવાનું રૂપિયા ત્રણસો પ્રમાણેનું મહેનતાણું પણ ઠરાવી દીધું.

સુખના બદલે આ તો દુઃખ ઊભું થયું. હીરાનો પણ ભારે કચવાટ હતો. એણે તો આ વ્યવસ્થા માટે ના કહી દેવાનું મને સૂચવ્યું. પણ એ નક્કી થઈ ગયું છે એટલે થોડી અગવડ વેઠી લેવા, માનવતા ખાતર પણ, મેં હીરાને સમજાવી. એ વખતે એવી કોઈ કલ્પના પણ નહોતી કે ભવિષ્યમાં આ યોજના હીરાના મન ઉપર ત્રાસદાયક બોજ બની રહેશે.

નક્કી થયા પ્રમાણે સ્વાતિ રોજ રાત્રે સાડાઆઠ વાગે આવવા લાગી અને સવારનાં હીરાનાં બધાં પ્રાતઃકાર્ય પતાવીને જવા લાગી.

બાથરૂમમાં જવાનું સદંતર બંધ થવાના કારણે કુદરતી હાજતોમાં અનિયમિતતા પ્રવેશી. હવે કોઈ કોઈ વખત રાતમાં બીજી વાર સંડાસની હાજત થતી. આના કારણે હું હીરાના મન ઉપર કશોક ભાર જોઈ શકતો હતો.

હવે તબિયત દિવસે-દિવસે કથળતી ચાલી.

પણ સેવા-ચાકરી અદ્દ્ભુત હતી. સીમા અને મયંક હીરાની સુખાકારી માટે ખૂબ પ્રયત્નશીલ હતાં. પીઠ, પૂંઠ અને નિતંબની ચામડી પર કશી ખરાબ અસર ન થાય એ માટે સીમા પાઉડરનો ઉપયોગ તો કરતી જ, ઉપરાંત વારંવાર એનું પાસું ફેરવાવી જતી. તકિયા કે રોલના આધારે પલંગમાં અવારનવાર બેસાડી જતી. વસ્ત્રોનું નડતર ઓછું કરી નાખ્યું હતું. સમયસર અને કાળજીપૂર્વક પેશાબ કરાવી જતી હતી. પોતે હીરાની બાજુમાં બેસીને ભોજન અથવા નાસ્તો કરાવતી હતી. આ બધું તો ખરું, પણ એ ઘણી વાર હીરાને કહેતી : 'મમ્મી, કશી ચિંતા ન કરતાં, જે દિવસે સ્વાતિ ન આવી શકે તે દિવસે એનું બધું જ કામ હું કરીશ.' મયંક હીરાને સ્થાન ફેર કરાવવા વ્હીલચૅર ઉપર બેસાડીને રાત્રે ડ્રૉઇંગ રૂમમાં લઈ આવતો. બહાર લોકોની અવરજવર જોઈ શકાય એટલા માટે ક્યારેક એને ઓટલા પર લાવતો. સમયસર દવા આપતો.

હીરા પોતે પણ આ ચાકરીથી ખૂબ પ્રસન્ન હતી.

આમ છતાં એક દિવસે એણે મને કહ્યું : 'તમે નહીં હો તો મારું શું થશે ?'

આસમાન હેઠું પડે કે ધરતી રસાતાળ જાય તો પણ ભારતીય નારીના મુખમાંથી આ શબ્દો ન નીકળે. પતિ આવું કંઈક બોલવા જતો હોય તો ઊછળીને એના હોઠ પર આંગળી દાબી દે. આમ છતાં હીરાએ બેધડક આ ઉદ્દ્ગાર કાઢ્યો.

એના આ ઉદ્દ્ગારને હું બરાબર સમજી શક્યો. એમાં સીમા અને મયંકની સેવા-ચાકરીને કશી આંચ નહોતી.

તો શું હતું ?

એમાં ખાલીપાનો જબરદસ્ત ભય હતો.

એ પથારીવશ થઈ એ પછી એક પળ માટે પણ હું એનાથી અળગો થયો નહોતો. પલંગની બાજુમાં અડોઅડ ખુરશી પર બેસીને એની સંભાળ રાખતો. એના મન અને આત્માને રાહત થાય એવી વાતો કરતો.

પણ એને મારા ન હોવાનો વિચાર કેમ આવ્યો ? કારણ સ્પષ્ટ. અમારા બહોળા પરિવારમાં પાંચ-પાંચ જણ હૃદય ફેઇલ્યોરના કારણે વગર સૂચનાએ આ જગત પરથી વિદાય થઈ ગયા હતા – કદાચ હું પણ...

જીવનમાં આવી પડનાર આ ખાલીપો બીમાર હીરા કેમ સહી શકે ?

કશીક વજનદાર શિલા ઉખાડીને ફેંકી દેતો હોઉં એમ હું બોલ્યો : ‘અણી ચૂક્યો સો વરસ જીવે એ કહેવત તમે જાણો છો ને ? હું અણીચૂક્યો માણસ છું. ૯૨ વરસ સુધી પહોંચ્યો છું. પૂરાં સો અને કદાચ એથીય અધિક વરસ જીવવાનો છું એટલું જ નહીં, તમને ભક્તિભરી વિદાય આપવાનો છું. અમારા અધ્યાપકસાહેબ ઘણી વાર વર્ગમાં આ શ્લોકનું ઉચ્ચારણ કરતા :

**ના અહમ્ વસામિ વૈકુંઠે, યોગીનામ હૃદયે ન ચ ।**
**યત્ર મદ્ભક્તાઃ ગાયન્તિ તત્ર તિષ્ઠામી નારદ ॥**

તમે છેલ્લા શ્વાસ લેતાં હશો ત્યારે હું ગીતાના શ્લોક ગાતો તમારી સન્મુખ ઊભો રહીશ. ભગવાન શ્રીકૃષ્ણે એમના વચન પ્રમાણે હાજર થવું પડશે. એ વખતે એમને હું કહીશ : ‘ભગવાન, જીવનભર મેં તમને આરાધ્યા છે, તમે આટલું કામ કરો, મારી હીરાને તમારી સાથે વૈકુંઠ લઈ જાઓ.’

પછી મેં હીરાને કહ્યું : ‘આ મારું તમને વચન છે. તમે નિશ્ચિંત રહો.’

હું ભાવવિભોર બની ગયો હતો, પણ હીરા સ્વસ્થ હતી. એણે કહ્યું : ‘ભગવાનને હાજર રાખવાનું વચન તો તમે આપ્યું; પણ મારે એક બીજું વચન જોઈએ છે.’

‘બીજું કયા પ્રકારનું વચન ?’

‘મારા મરણ વખતે મારી પાસે હાજર રહેવાનું વચન આપો.’

‘આવું વચન કેમ માગવું પડે છે ?’

‘મારાથી તમને અળગા રાખ્યા છે એટલે. મોત કઈ ઘડીએ આવે એની

કોને ખબર ? રાતમાં આવીને ઊભું રહે, અને તમે તો પેલા રૂમમાં હો. તમારી હાજરી વગર અને તમારા આશીર્વાદ સિવાય હું વિદાય લઉં તો મારી સદ્‌ગતિ શી રીતે થાય ? મારા આત્માને શાંતિ કેમ મળે ?'

મેં હીરાને ભાર દઈને કહ્યું : 'મરણના આવા ખોટા વિચારો શા માટે કરો છો ?'

હીરા બોલી : 'મારી સ્થિતિ હું જાણું ને. મરણ હવે બહુ દૂર નથી. શરીરની સ્થિતિ સાવ કથળી ગઈ, પગ અને કમરનો દુ:ખાવો કાબૂ બહાર ગયો ત્યાં સુધી મને મરણનો વિચાર આવતો નહોતો. પણ તમે તો જુઓ છો કે કેટલાક સમયથી મારા મગજનું ઠેકાણું રહ્યું નથી. હું કેટલાક વખત માટે અત્યારે તમારી સાથે છું અને બોલું છું એવી હોઉં છું અને ક્યારેક-ક્યારેક કેટલાક સમય માટે જુદું જ માણસ હોઉં છું. અત્યારે તો આ ફેરફારની મને ખબર રહ્યા કરે છે. પછી શું થશે એ કોણ જાણે ?'

હીરાના વ્યક્તિત્વમાં થઈ રહેલા ફેરફાર હું જોઈ શકતો હતો, પણ એમાં મારી સમજ સાવ જુદી હતી. છેલ્લા કેટલાક સમયથી હીરાનું સ્વાસ્થ્ય એકદમ કથળતું જતું હતું. ઘણા મહિના થઈ ગયા છતાં ફ્રેક્ચર થયેલા પગનો દુ:ખાવો ઓછો થતો નહોતો. ઊલટું, એને પલંગમાં જેમનો તેમ રાખવો પડતો હોવાથી વધારે ત્રાસદાયક બની રહ્યો હતો. કમરનો દુ:ખાવો દિવસે-દિવસે અસહ્ય બનતો જતો હતો. હવે પલંગમાં બેઠા રહી શકાતું નહોતું... આ બધા ઉપદ્રવના કારણે, લાંબી માંદગી વેઠી રહેલું માણસ જેમ ચીડિયું બની જાય એમ હીરાનો સ્વભાવ ચીડિયો થઈ ગયો છે એમ હું માનવા લાગ્યો હતો. છતાં એ ઘણી વાર અકારણ ગુસ્સે થઈ જતી. વિવેક કે ભાન વિનાનું ગમે તેવું બોલી નાખતી હતી. અલબત્ત, એ જ્યારે આવું વર્તન દાખવતી ત્યારે પેલું સ્વસ્થ માણસ એકાએક એની મદદે આવી પહોંચતું. અને એ હૃદયપૂર્વક માફી માગતી. એકાદ બે વખત તો એના નઠારા બોલ પછી માફી માગતી વખતે રડી પણ પડેલી.

આવી દોલાચલ સ્થિતિમાં જ્યારે એ સ્વસ્થ હાલતમાં હોય ત્યારે ઠાવકાઈથી, પૂરા ગાંભીર્ય સાથે, વ્યવહારદક્ષ માણસ પોતાની વાત કરતો હોય એવી હેસિયતથી એ પોતાની વાતો કરતી. એની આ ઠાવકાઈ મારી સમજમાં કેમ નહીં દેખાઈ હોય ?

એ સ્વસ્થ સ્થિતિમાં હતી ત્યારે એક દિવસ એણે કહ્યું : 'જીવનમાં આપણા જેવો આનંદ કોઈએ નહીં માણ્યો હોય !'

મારા માટે હીરાનું આ કથન અસાધારણ આશ્ચર્ય પેદા કરનારું હતું. અમારા અફાટ રણ જેવા ૭૦ વર્ષના સંસારમાં એણે રણદ્વીપ (oasis)ની શીતળ છાયા

ક્યારે અનુભવી એ તો મને પણ ઝટ જડે એમ નહોતું. કશું બોલ્યા વગર હું એની સામે તાકી જ રહ્યો એટલે એણે ફરીથી કહ્યું : 'ખોટું કહું છું ? જીવનમાં આપણા જેવો આનંદ કોઈએ માણ્યો હશે ?' આટલું કહી એ આગળ બોલી : કેવું રઢિયાળું આપણું જીવન હતું ! હું સવારે વહેલી ઊઠી જતી. બા-બાપુના ફોટાઓને (તૈલ છબીઓને) પગે લાગીને મયંક માટે ગાયનું દૂધ લેવા અંધારે-અંધારે રબારણને ત્યાં પહોંચી જતી. વાવડિંગના દાણા નાખીને દૂધ ગરમ કરતી. પછી તમને જગાડતી. તમે બ્રશ કરીને પરવારો એ પહેલાં તમારા માટે આદુ છૂંદીને એનો રસ કાઢતી. એ પછી એમાં મધ અને લીંબુનો રસ મેળવીને તમને આપતી...

તમારા માટે ચોખ્ખું મધ હું કંબોઈથી મંગાવતી...

જમ્યા પછી સાડાદસ વાગ્યે તમે સ્કૂલે જવા નીકળો ત્યારે હું દરવાજાની જાળી આગળ ઊભી રહીને તમે દેખાઓ ત્યાં સુધી તમને જોઈ રહેતી...

તમે મને મારા જીવથીય વધારે...

પછીના શબ્દો એણે ક્ષોભવશ અધ્યાહાર રાખ્યા. પણ મેં મારા હૈયાના કોઠામાં ઉતારી લીધા.

દીવો રાણો થવાનો હોય ત્યારે એની જ્યોત વધારે પ્રકાશે. અત્યારે એવું કંઈ હશે ?!

અને પત્નીના જીવનના છેલ્લા બે મહિનામાં પરિસ્થિતિ એ કક્ષાએ પહોંચી કે અમારા ૭૨ વર્ષનો સંસાર એક ઊંડા ધરામાં ધકેલાઈ ગયો.

ઈ. સ. ૨૦૧૬ના નવેમ્બર માસની ૮મી તારીખે રાત્રે સાડાદસ વાગ્યે 'ઑલ ઇન્ડિયા રેડિયોના દિલ્હી સ્ટેશનથી અંગ્રેજી ભાષામાં ભારતીય નાણાંની એક હજાર અને પાંચસો રૂપિયાની નોટોને ચલણમાંથી બંધ કર્યાનો નિર્ણય ભારતના વડાપ્રધાનના મુખે સાંભળ્યો.

હીરા મારી નાણાકીય સ્થિતિથી પૂરી જાણકાર રહેતી. એને એમાં રસ અને ઉત્સાહ હતાં. મારે મારી નાણાકીય વિગતો માટે બૅન્કની પાસબુક જોવી પડતી, જ્યારે હીરાને તો એ બધું આંગળીના વેઢે હતું. કઈ બૅન્કમાં કેટલી F.D. છે, કઈ બૅન્કમાં સેવિંગ્ઝ ખાતામાં કેટલી રકમ છે એ બધું એને મોઢે જ હોય. સરકાર તરફથી મોંઘવારી વધારાની જાહેરાત થાય ત્યારે એ વધારામાં મને કેટલો લાભ થશે એ જાણવાનો ખાસ આગ્રહ રાખે.

હજુ એના ચૈતન્યનો લોપ થયો નહોતો એટલે ૩૦મી ડિસેમ્બર સુધી ઘરમાં રહેલી નોટો ન બદલાવી શકાય ત્યાં સુધી પડનારી મુશ્કેલીને આફત ગણીને એ દુઃખી થશે એમ સમજી મેં આ નોટબંધીની વાત એનાથી છાની રાખી હતી. પણ ત્રણેક દિવસ પછી મેં એને આ નોટબંધીની વાત કહેવા અને

સમજાવવાનો પ્રયત્ન કર્યો.

પણ આશ્ચર્ય ! હીરાનો કશો પ્રતિભાવ નહોતો.

મેં કહ્યું : 'એકાએક કોઈ મોટી બીમારી આવી પડે અને દવાખાને દોડવું પડે તો દવાખાનામાં અગાઉથી આપવી પડતી રકમ માટે આપણી પાસે કંઈ નથી. આપણે સાવ નિરાધાર બની ગયાં છીએ !'

છતાં પણ કશો પ્રતિભાવ નહીં !

ચૈતન્ય હતું, પણ સંવેદનનો સદંતર લોપ થઈ ગયો હતો !

અને આખરે જે નિર્માયું હતું તે થઈને રહ્યું.

તારીખ ૧૩મી ડિસેમ્બરની વહેલી સવારે લગભગ પાંચ વાગ્યે બ્રશ વગેરેથી પરવારીને હું મારા સૂવાના રૂમમાં ઊભો હતો ત્યારે મયંક એ રૂમમાં આવ્યો. એણે મારા બે હાથ પકડ્યા અને મને દોરીને લઈ જતો હોય એમ એ મને અમારા રૂમમાં લઈ ગયો.

એણે કશું બોલવાની જરૂર નહોતી. હીરા પલંગમાં ભર નિદ્રામાં હોય એમ સૂતેલી હતી.

ગાઢ ઉદ્વેગ સાથે મારા મુખમાંથી ઉદ્ગાર નીકળ્યો :

'છેવટે ભેટો ન થયો !'

હું જડ પથ્થર શો ઊભો રહ્યો.

મયંકે કહ્યું : 'બાના મસ્તક પર હાથ મૂકો.'

અને એક ઊંડા નિશ્વાસ સાથે પત્નીને કહેતો હોઉં એમ મનોમન હું બોલ્યો : 'મેં તમને આપેલું વચન હું પાળી ન શક્યો ! તમારી અંતિમ વિદાય વખતે ભગવાનને હાજર રાખવાનું મેં વચન આપ્યું હતું તે હું પાળી ન શક્યો. ભગવાનને હું હાજર ન રાખી શક્યો. મારા હાથનું – જે મારે વશ હતું એનું નિવેદન પણ હું તમારી સમક્ષ ન કરી શક્યો. મહાકવિ કાલિદાસના રઘુવંશના મહાકાવ્યમાં જંગલમાં સીતાત્યાગના મર્મવેધી ઘટના વખતે સીતાએ લક્ષ્મણ દ્વારા રામને મોકલેલા સંદેશાના શ્લોકમાં બે શબ્દો બદલીને તમને આ કહેવું હતું :

**'ભૂયો યથા મે જનનાન્તરેઽપિ ત્વમેવ ભાર્યા ન ચ કષ્ટયોગઃ ।'**

બીજા જન્મમાં તમે જ મારાં પત્ની હો, પણ કશું કષ્ટ ન હજો.

---

રઘુવંશમાં મૂળ શ્લોક આ પ્રમાણે છે :

भूयो यथा मे जननान्तरऽपि त्वमेवभर्ता न च विप्रयोगः ।

# ૪૨

# સોલિટરી કન્ફાઇન્મેન્ટ

I feel like one
Who treads alone
Some banquet hall deserted
Whose lights are fled
Whose garlands are dead,
And all but he departed.

જલસાઘર ખાલી થઈ ગયું છે. એની બત્તીઓનાં અજવાળાં આટોપી લેવાયાં છે. હૉલમાંના ફૂલ ગજરાની તાજગી મંદ પડી ગઈ છે અને સુગંધ વિલાઈ ગઈ છે.

હૉલમાં હવે એ એકલો રહ્યો છે, હવે એના જીવનનો શેષ પંથ એકલાએ કાપવાનો છે.

ઘણાં વર્ષો પહેલાં વિન્સ્ટન ચર્ચિલના કોઈ લખાણમાં ઉપરનું અવતરણ વાંચવામાં આવેલું. હૈયે વસી જાય એવું હૃદયંગમ હોઈ નોટબુકમાં ઉતારી લીધેલું. પણ આજ એમાં કંઈક જુદું જ દર્શન થાય છે. એ મારા માટે જ લખાયું હોય એવી એમાં એક શ્રદ્ધામય પ્રતીતિ થાય છે. અરે, એ ફક્ત મારા માટે જ કેમ ? સર્વ માનવી માટે એ લખાયું છે એવું ભાસે છે.

મારી વાત કહું તો – હવે હું ખરેખર એકલો છું. મારા બધા સાથીઓએ વિદાય લઈ લીધી છે. કોઈ હયાત હશે તો તે જાણમાં નથી.

ઘરમાં અમે ત્રણ જણ છીએ – પુત્ર મયંક, પુત્રવધૂ સીમા અને હું. મયંક રેડિયોલૉજિસ્ટ ડૉક્ટર છે. એ એના ધંધામાં વ્યસ્ત તો હોય, પણ ફાજલ સમય વખતેય એ ભાગ્યે જ કંઈ સામાન્ય વાત કરે છે. સીમા સાથે કામ સિવાય શું બોલવાનું ? ત્રીસ-પાંત્રીસ વર્ષના સમયગાળાવાળાં માનવી વચ્ચે શો સંવાદ

હોય ? રુચિભેદ પણ એનું કામ કરે. સરવાળે અમારા ઘરમાં મૌનનો માહોલ વધારે. અહીં કાફકાની ડાયરીનું એક પાનું સ્મૃતિપટ પર છવાઈ જાય છે. કાફકાએ ઈ. સ. ૧૯૧૩ના ઑગસ્ટ માસની ૨૧મી તારીખે એની ડાયરીમાં આ પ્રમાણે લખ્યું છે : 'Well, in my family, among the best and most loveable people more strange than a stranger, I have not spoken an average of twenty words a day to my mother these last years, hardly said more than hello to my father.'

અમારી હાલત કાફકાની સ્થિતિ કરતાં બે ડગલાં આગળની છે. અમારા ત્રણ વચ્ચે સામાન્ય સંજોગોમાં થાય એવો સંવાદ કદી થતો નથી. વીસ શબ્દોની વાત ક્યાં રહી ? રોજ રાત્રે સાડાઆઠ વાગ્યે હું, 'ઘરસભા'નો ભલે કૃતક, પણ એક સંતોષ મળે એટલે ડ્રૉઇંગ રૂમમાં જઈને બેસું છું. ટી.વી. શરૂ થઈ ગયું હોય છે એટલે મૌન ધારણ કરીને બેસું છું. સાચા અભિનયના નામે શૂન્ય એવી એક સિરિયલનો હપતો પૂરો થાય છે. આ દરમિયાન છૂટક-છૂટક પંદરેક મિનિટ જેટલી ઊંઘ આવી જાય છે. બીજી કોઈ સિરિયલનો અર્ધા કલાક જેટલો સમય વીતે એટલે ઊઠીને હું મારા રૂમમાં ચાલ્યો જાઉં છું.

આ બધી અમારા સૌના સ્વભાવની લીલા છે. એમાં અરસપરસની અવગણનાનું કોઈ કારણ નથી. મારી તબિયત, મારી સગવડ અને મારી સુખાકારી માટે મારી ઉત્તમ કાળજી લેવાય છે એ હકીકત આ ગ્રંથમાં છૂટક-છૂટક ઘણી જગ્યાએ આલેખાયેલી છે એટલે અહીં એનું પુનરાવર્તન કર્યું નથી. ક્યારેક તો કાળજીનો અતિરેક થઈ જતો હતો. એક એવો ખ્યાલ પ્રચલિત છે કે વૃદ્ધો શરીરનું બેલેન્સ જાળવી શકતા નથી અને સહેજમાં પડી જાય છે. પરિણામે ફ્રેક્ચર થાય છે અને મહા તકલીફમાં પડવાનું થાય છે. આવા એક માનસિક ભય હેઠળ સીમા મને મારા રૂમ બહાર ન નીકળવાની, ઘણી વાર તો આદેશાત્મક સૂચના આપે છે. જીવનમાં ૯૨ વર્ષમાં ક્યારેય પડી જવાના કારણે નાનું સરખું પણ ફ્રેક્ચર થયું નથી. સંજોગોવશાત્ આદેશ ન માનીએ, પડી જઈએ અને હાડકું ભાંગે તો ? એટલે સૂચન માનીને રૂમ એ જ આપણું ધામ, એવું માની લઈને સ્વેચ્છાએ મેં સોલિટરી કન્ફાઇન્મેન્ટનો સ્વીકાર કરી લીધો છે.

પણ હું જુદી માટીમાં ઘડાયેલો માણસ છું. એકાન્ત મને પ્રિય છે. કલાકો સુધી હું મૌન ધારણ કરીને આનંદનો અનુભવ કરતો બેસી રહી શકું છું. આ તો મારા માટે સામાન્ય બાબત છે. પણ સોલિટરી કન્ફાઇન્મેન્ટને ઉપવન વિહાર

અથવા વૃંદાવનની કુંજગલીમાં ભ્રમણ કરવાનો એક અદ્‌ભુત કીમિયો મારી પાસે છે. તે ભગવાને આપેલી એક મહામૂલી બક્ષિશના રૂપમાં છે. તે છે આપણા મસ્તિષ્કમાંનું સુપરમોસ્ટ કમ્પ્યૂટર આપણું મગજ. એ આપણને રૂપ, રંગ, અવાજ, સ્વાદ અને સુગંધ સુધ્ધાંનો મૂળભૂત અનુભવ કરાવે છે. હું મારા અત્યાર સુધીના આયખાના દિવસો જેમના તેમ માણી શકું છું. જીવનની કોઈ પણ પળથી એનો આરંભ કરી શકું છું.

જેમ કે,

જિનુબી એશિયા કે સુનને વાલોં કે લીયે સોલહ ઑર પચીસ મીટર બૅન્ડઝ પર...

અને શરૂ થાય ઝૂમરી તલૈયા ગામના બિરાદરોનું કોઈ ફરમાયશી ગીત.

ફિલ્મનાં ગીતો સાંભળવાં ગમે એ ખરું, પણ મરસિયાની તો વાત જ જુદી ! આજની પેઢી માટે આ 'મરસિયા' શબ્દ નવો હોઈ શકે. આ છે મૃત્યુગીત. કોઈના મરણ પાછળ કોઈ એક સ્ત્રીના મૃદુ અને મધુર કંઠે એ ગવાય અને એને મર્યાદિત બે અથવા ત્રણ શબ્દોમાં સ્ત્રીવૃંદ દ્વારા કોરસ રૂપે ઝિલાય. મરનારના જીવનમાં અધૂરી રહી ગયેલી કામનાઓ, ઓરતાઓ – એષણાઓ વગેરે ગીતમાં વણી લીધેલાં હોય એટલે એ ગાન હૃદયંગમ દર્દગીત બની રહે છે. Heard melodies are sweet કથન આ મૃત્યુગીતને બરાબર લાગુ પડે છે. હવે મરસિયાની રૂઢિ સદંતર નાબૂદ થઈ ગઈ છે એટલે એ સાંભળવાનું દુર્લભ થઈ ગયું છે. પણ ભગવાને આપેલા મગજના કમ્પ્યૂટરમાં એ બરાબર સચવાઈ રહ્યાં છે એટલે એને પૂરા ચાહ સાથે હું વારંવાર સાંભળું છું.

મારા પુરાણા ઘરની પછીતે બે માઢ છે. એક ઊંચો માઢ અને બીજો નીચો માઢ. સામસામેના આ બે માઢ વચ્ચે ખુલ્લો ચોક છે. આ ચોક મરસિયા ગાવા માટેનું એક અટકસ્થાન. મરસિયા ગાનાર ખાસ સ્ત્રીઓ હોય છે. આ બે માઢમાંથી કોઈ એક સ્ત્રી એવી હતી, કંઠમાં દર્દ અને મધુરપનું મિશ્રણ ! આ સ્ત્રીને અગાઉ ઘણાં વર્ષો સુધી મરસિયા ગાતાં સાંભળેલી. પછીતના માઢ જુદા મહોલ્લા. એ સ્ત્રીને નજરે જોયેલી નહીં.

મારા પુરાણા ઘરની પાછલી મેડી ઘણી લાંબી એટલે એને ઊંચા મોઢવાળું દેશી નળિયાંનું છાપરું. પેલા ચોકમાં મરસિયા ગવાય અને કોરસમાં સ્ત્રીઓ ઝીલે એના સૂર મારી મેડીનાં નળિયાંમાં ગળાઈને વધારે મધુર બનીને મારા કાન સુધી પહોંચતા.

મારો આ એકાંતવાસ મારા માટે આનંદભર્યો બની રહ્યો છે એના

કારણરૂપ જીવનનાં સંસ્મરણો તો છે જ, પણ એનાથી વધારે ગરવું અને આનંદદાયક કારણ છે મારી પરમેશ્વર પરની અટલ શ્રદ્ધા. પરમેશ્વરે આપણને જે કંઈ, સુખદાયક કે આપણી માન્યતા પ્રમાણે દુઃખદાયક બક્ષ્યું એને પરમેશ્વરની કૃપા સમજી સ્વીકારી લેવું. આ સમજ અને આ વૃત્તિને કવિ મિલ્ટને આ શબ્દોમાં અપનાવી છે : They also serve who wait and watch.'

સુખનો બીજો એક માર્ગ છે નિર્વૈર હોવું તે. ભગવાન કૃષ્ણે કહ્યું છે 'निर्वैर सर्व भूतेषु यः स मामेति पाण्डव !'...

■

# પરિશિષ્ટ : પરિવાર-વૃક્ષ



# ઘટનાક્રમ

| | | |
|---|---|---|
| નામ | : | મોહનલાલ બાભાઈદાસ પટેલ |
| માતાનું નામ | : | જેઠીબહેન |
| જન્મસ્થળ | : | પાટણ (ઉ. ગુ.) |
| જન્મતારીખ | : | ૩૦-૪-૧૯૨૭ |
| વતન | : | પાટણ |
| શિક્ષણ | : | ઈ. સ. ૧૯૩૩ બાળપોથી, ધોરણ ૧ અને ધોરણ ૨નું શિક્ષણ પિતાએ ઘેર જ આપ્યું. પિતા શિક્ષક હતા. |
| ૧૯૩૪-૩૫<br>૧૯૩૫-૩૬ | : | ધોરણ ૩ અને ૪ પ્રાથમિક શાળા પાટણમાં |
| ૧૯૩૬-૩૭થી<br>૧૯૪૨-૪૩ | : | ધો. ૧ (હાલનું ૫)થી ધો. ૭ (કેટલાક સમય પૂર્વેનું ધો. ૧૧) અર્થાત્ ફર્સ્ટથી મૅટ્રિક્યુલેશન સુધી પાટણ હાઈસ્કૂલ, પાટણમાં ૧૯૪૩ એપ્રિલ મુંબઈ યુનિવર્સિટીનું મૅટ્રિક્યુલેશન પાસ |
| ૧૯૪૨<br>ઑગસ્ટ, સપ્ટે. | : | ચળવળ દરમિયાન સભાસરઘસમાં ભાગ લીધો નાગરવાડામાં થયેલા લાઠીચાર્જમાં સાધારણ ઇજા. |
| ૧૯૪૩-૪૪થી<br>૧૯૪૬-૪૭ | : | વડોદરા કૉલેજ, વડોદરામાંથી મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની ઉપાધિ મેળવી ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો સાથે<br>આ વર્ષો દરમિયાન વડોદરાના કારેલીબાગમાંના ક. પા. છાત્રાલયમાં નિવાસ<br>છાત્રાલય નિવાસ દરમિયાન ગાંધીનિર્દેશિત રચનાત્મક કાર્યક્રમોમાં સક્રિય જેવા કે – રસ્તા તૈયાર કરવા માટે કોદાળી-પાવડા વગેરે સાધનોથી શ્રમકાર્ય, હરિજન- |

વાસમાંથી કેટલાક યુવકોને છાત્રાલયમાં આમંત્રણ આપીને પ્રીતિભોજન રાષ્ટ્રભક્તિનાં ગીતો, સંવાદો વગેરે કાર્યક્રમોમાં સીધો કે સંચાલનમાં લીધેલો ભાગ.

૧૯૪૬માં છાત્રાલયના છાત્રો દ્વારા અભિવાદન શ્રી અનામીના પ્રમુખપદે.

એપ્રિલ ૧૯૪૭ : બી.એ.ની પરીક્ષા આપી જૂન ૪૭ બી.એ.માં ઉત્તીર્ણ.

મે, ૧૯૪૭ : 'The Profligate' નામનો સ્ક્રીન પ્લે અંગ્રેજીમાં (૪૭ દશ્યોનો) લખ્યો.

જૂન ૧૨, ૧૯૪૭ : ન્યુ હાઈસ્કૂલ, અમદાવાદ શિક્ષક તરીકેની નોકરીથી વ્યવસાયી કારકિર્દીનો આરંભ.

૧૫ ઑગસ્ટ ૧૯૪૭ : સ્વાતંત્ર્યોત્સવમાં ઉમળકાપૂર્વક ભાગ લીધો. રાત્રે ૧૨ વાગે અમદાવાદ મ્યુનિસિપાલિટી કોઠાના પટાંગણમાં શ્રી નિમાવત સાથે આનંદપળો એ અગાઉ શહેરમાં ફરીને ઉત્સવઘેલાં માનવીઓના અભૂતપૂર્વ ઉમળકાનાં દર્શનનો અમૂલ્ય લહાવો, શહેરનો શણગાર, રોશનીની ઝાકમમાળ, રતનપોળ કાપડ બજારમાં માનવભીડ અવર્ણનીય, રતનપોળની રોશની અને શણગાર શહેરનો સર્વોત્તમ.

જૂન ૧૯૪૭ : નોકરીના આરંભે રમકડાં માર્કેટમાં પહેલા માળની એક રૂમમાં વસવાટ

આર્યનિવાસ લોજમાં રોજનું ભોજન

શ્રી વ્રજલાલ દવે પણ એ જ લોજમાં જમતા અને નોકરી પણ ન્યુ હાઈસ્કૂલમાં કરતા.

જૂન ૧૯૪૮ : આ વર્ષ ઘણી રીતે યાદગાર બન્યું.

નિવાસ કોચરબમાં

સાહિત્ય પ્રવૃત્તિઓનો આરંભ. ન્યુ હાઈસ્કૂલના સાહિત્યરસિક મિત્રો – મહેન્દ્ર દવે, વ્રજલાલ દવે, પી. સી. દવે, જગદીશ દવે, શંકરલાલ જોશી વગેરે મિત્રો સાહિત્યગોષ્ઠી માટે મળતા ક્યારેક બેચરદાસ લશ્કરી મિલ કમ્પાઉન્ડમાં જોશીને ત્યાં ક્યારેક કટકિયાવાડમાં મહેન્દ્ર દવેને ત્યાં અથવા અન્ય સ્થળે

૧, જાન્યુઆરીના 'કેડી' પાક્ષિક (તંત્રી શશિકાન્ત

નાણાવટી)ના અંકમાં એક લઘુકૃતિ (કદાચ લઘુકથાનું બીજ) પ્રગટ થઈ.

એ જ વર્ષમાં શંકર જોશીએ 'માનસ સુધા' માસિક શરૂ કરવાનું વિચાર્યું. એ માટે એક વાર્તા લખવાનું આમંત્રણ આપવા વ્રજલાલ દવે, શંકર જોશી અને મહેન્દ્ર દવે કોચરબની રૂમ પર આવ્યા (વ્રજલાલ દવે પણ કોચરબમાં રહેતા હતા) થોડી અવઢવ સાથે વાર્તા લખવા સંમતિ આપી. અને 'ભૂરું કાર્ડ' વાર્તા છપાઈ. જે 'માનસ સુધા'ના પ્રથમ અંકમાં છપાઈ.

એ જ વર્ષે બીજી ચારેક વાર્તાઓ લખી. કોઈ અજાણ્યા ક્ષોભ કે સંકોચ વશ એ વાર્તાઓ પ્રગટ કરવા ક્યાંય મોકલી નહીં, પણ મારી જાણ બહાર મારા સહનિવાસી અને મિત્ર રાવજી પટેલે (જે કવિતાઓ લખતા, પણ પેલા જાણીતા કવિ જે પાછળથી થયા તે નહીં) કોઈક સમયે એ વાર્તાઓ 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ ઉપર મોકલી આપી. શ્રી બચુભાઈનો મારા નામજોગ પત્ર આવ્યો ત્યારે જ આ વાતની મને ખબર પડી. શ્રી બચુભાઈએ મેં જે કંઈ બીજું લખ્યું હોય તે લઈને મને કુમાર કાર્યાલયમાં એમને મળવા સૂચવ્યું હતું. બીજું કંઈ હતું નહીં. ખાલી હાથે ગયો. બચુભાઈએ મને મારો સાહિત્યિક પરિચય કરાવ્યો.

એપ્રિલ ૧૯૪૯ : મારી એક વાર્તા 'બહાદર' મેં 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશીભાઈ પર મોકલી. ત્રીજે જ દિવસે ચાંપશીભાઈએ લીલી શાહીથી લખેલો ઉત્તર મળ્યો – વાર્તા ગમી છે, યથાવકાશે નવચેતનમાં પ્રગટ થશે. પુરસ્કાર મોકલાશે.

વાર્તા 'નવચેતન'ના સપ્ટેમ્બર ૧૯૪૯ના અંકમાં પ્રથમ સ્થાને બ્લૂ શાહીમાં (બાકીનો અંક કાળી શાહીમાં હતો) બે ચિત્રો સાથે (એક કનુ દેસાઈનું અને બીજું કલાબ્ધિનું) પ્રગટ થયો. જાણીતા અને લોકપ્રિય માસિકમાં મારી કૃતિનું આ પ્રથમ પ્રાકટ્ય ! (માનસસુધા રજિસ્ટર થયું નહોતું એટલે અંગત સર્ક્યુલેશન પૂરતું ગણાય.)

એ વર્ષે (૧૯૪૯) 'કુમાર'માં પણ વાર્તાઓ પ્રગટ થવા લાગી.

૧૯૫૦ : આ વર્ષ બે રીતે મહત્ત્વનું હતું.

વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રગટ થયેલી વાર્તાઓમાં મારી 'ચક્રવત્પરિવર્તન્તે' વાર્તાને શ્રેષ્ઠ વાર્તા તરીકે પુરસ્કાર મળ્યો હતો.

અને એ વર્ષે શ્રી ના. ના. દેસાઈ (આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી)ના પત્ર અને મારા અંગત મિત્ર શ્રી રામભાઈ ના. પટેલ (જે એબટ લૅબોરેટરીમાં વર્ષો સુધી પ્રોડક્શન મૅનેજર હતા)ના આગ્રહથી કડી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જુલાઈ ૭, ૧૯૫૦થી જોડાયો.

૧૯૫૦-૫૧ : લઘુકથાના સાહિત્ય સ્વરૂપના આરંભરૂપ ગણી શકાય એવી 'ડબલ સોપારી', 'શાળાનો રિપોર્ટ', 'મોતનો મિનાર' અને 'બદલો' સાવ ટૂંકી વાર્તાઓ લખી જે 'કુમાર'માં પ્રગટ થઈ.

૧૯૫૧ : જીવનનો એક વળાંક 'વિદ્યાર્થીઆશ્રમ'માં ગૃહપતિપદ સ્વીકાર્યું. પશ્ચિમી પોશાક તજીને શુદ્ધ ખાદીનાં વસ્ત્રો ધારણ કર્યાં. જીવન પદ્ધતિ પણ આશ્રમ-જીવનને અનુરૂપ અપનાવી સવારે પાંચ વાગ્યા પહેલાં ઊઠી જવાનો અનુભવ આરંભમાં થોડો મુશ્કેલ છતાં રોમાંચક હતો.

૧૯૫૨ : અંગ્રેજી, ગુજરાતી અને ભૂગોળ વિષયો સાથે એસ.ટી.સી. પરીક્ષા પાસ કરી સર્ટિફિકેટ મેળવ્યું.

૧૯૫૪ : 'હવા ! તુમ ધીરે બહો !' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ

૧૯૫૪-૫૫ : એ. જી. ટીચર્સ કૉલેજમાં બી.એડ્.નો અભ્યાસ. પ્રથમ વર્ગ અને યુનિવર્સિટીમાં ત્રીજે નંબરે પાસ.

૧૯૫૪-૫૫ : સંયુક્ત કુટુંબના સભ્ય તરીકે, અમેરિકા સાથે વ્યાપારી સંબંધો ધરાવતી, 'જય ભારત સત ઇસબગોલ ફેક્ટરી'ના ભાગીદારની હેસિયતથી ઉનાળુ વૅકેશન દરમિયાન ભવાનગઢનાં જંગલો (દાંતા રેન્જ)માં ઠેકેદાર તરીકે દાંતામાં નિવાસ. આખી રેન્જમાં ભ્રમણ, આદિવાસીઓની જીવનપદ્ધતિનું બારીકાઈથી નિરીક્ષણ પછીનાં બેત્રણ વૅકેશનોમાં પણ એ પ્રમાણે દાંતામાં નિવાસ. એ વર્ષોમાં એ જંગલોમાં વાઘની સંખ્યા સારા પ્રમાણમાં હતી.

૧૯૫૬ : 'વિધિનાં વર્તુળ' વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો. વિક્રેતા તરીકે

સોલ એજન્સી શ્રી ભોગીલાલ ગાંધી, ચેતન પ્રકાશનગૃહ, મુંબઈને આપી.

૧૯૫૬ : સવિતા વાર્તાહરીફાઈમાં પ્રથમ આવવાથી મુંબઈમાં ઑપેરા હાઉસમાં સમારંભ અને સુવર્ણચંદ્રક એનાયત થયો. જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાની ઉપસ્થિતિમાં.

૧૯૫૭ : 'હેતનાં પારખાં'ની પ્રથમ આવૃત્તિ પ્રકાશ સાહિત્ય ભંડાર, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ. નવલકથાનું નામ 'તંતુબંધ' રાખ્યું હતું પણ પ્રકાશક ઉમાશંકર રાજગુરુના વારંવારના આગ્રહને કારણે 'હેતનાં પારખાં' રાખ્યું. વાર્ષિક અવલોકનમાં વર્ષનાં શ્રેષ્ઠ સાત પુસ્તકોમાંનું એ એક ગણાયું.

૧૯૫૮ : 'ટૂંકા રસ્તા' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. વિક્રેતા તરીકે સોલ એજન્સી ચેતન પ્રકાશનગૃહ, મુંબઈને આપી.

૧૯૫૯ : 'ખાલી ખેપ' નવલકથા પ્રગટ થઈ. વિક્રેતા તરીકે સોલ એજન્સી ચેતન પ્રકાશન ગૃહ, મુંબઈ ભોગીલાલ ગાંધીને.

૧૯૫૯ : મુંબઈ રાજ્યના ડાયરેક્ટોરેટ ઑફ પબ્લિસિટી તરફથી નાગપુર ડિવિઝનના પ્રોજેક્ટ અને તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ નિહાળવા (ગુજરાતના અન્ય ૧૪ સર્જકો અને એક પત્રકાર સાથે) પત્ર નં. CJT / 1059 / N 16 Oct. 59થી આમંત્રણ મળ્યું. અન્ય સર્જકો અને એક પત્રકાર હતા – શ્રી નગીનદાસ પારેખ, જયભિખ્ખુ, પન્નાલાલ પટેલ, યશવંત શુક્લ, બકુલ ત્રિપાઠી, પીતાંબર પટેલ, રમણલાલ સોની, સારંગ બારોટ, બાલમુકુન્દ દવે, હીરાબહેન પાઠક, સુભદ્રાબહેન ગાંધી, ચુનીલાલ વર્ધમાન શાહ, હસિત બુચ, મનુભાઈ જોધાણી અને 'તમન્ના'ના તંત્રી જયંતીલાલ સુબોધ.

૧૯૫૯-૬૦ : 'ગુજરાત સમાચાર'માં 'અંતિમ દીપ' નવલકથા ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થવા લાગી.

૧૯૫૯-૬૦ : એમ. એન. કૉલેજ, વિસનગરમાં ગુજરાતી અને સંસ્કૃત વિષયો લઈ એમ.એ.ના વર્ગોમાં હાજરી આપવી શરૂ કરી.

૧૯૬૦ : સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાંથી રાજીનામું આપી છૂટા થયા અને એમ.એ.ના નિયમિત અભ્યાસ માટે ભાષાભવન, અમદાવાદમાં દાખલ થયા. રહેવાનું યુનિવર્સિટી હૉસ્ટેલમાં રાખ્યું.

૧૯૬૦ : 'અંતિમ દીપ' નવલકથા પ્રગટ થઈ. ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ.

મે, ૧૯૬૧ : એમ.એ.નું પરિણામ પડ્યા પછી આર્ટ્સ કૉલેજમાં નિમણૂક મેળવવાની શરતે પ્રકાશ એજ્યુકેશન કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક લીધી. એક દિવસ એજ્યુ. કૉલેજમાં અને બાકીના પાંચ દિવસ આર્ટ્સ કૉલેજમાં સેવા લેવાની કૉલેજ મૅનેજમેન્ટની સમજ હતી જ.

મે-જૂન ૧૯૬૧ : આ દિવસોમાં સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈએ રાજીનામું આપ્યું હતું અને જૂનથી છૂટા થનાર હતા. કોઈ અસ્પષ્ટ સમજના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અજંપો ઊભો થયેલો અને વિદ્યાર્થીઓમાં શાળા છોડવાની પ્રવૃત્તિ શરૂ થયેલી. શ્રી નાથાભાઈના હૈયે સંસ્થાનું હિત વસેલું હતું એટલે એમણે પરિસ્થિતિ થાળે પડે એ ગણતરીએ આચાર્ય તરીકે મને બોલાવવાની મંડળને સલાહ આપી અને મને પણ સંસ્થાના હિસાબનીસ મારફતે શ્રી નાથાભાઈની ઇચ્છાની જાણ થઈ. કડી સંસ્થાનું ડેપ્યુટેશન મને મળ્યું. આગ્રહ થયો. પરિસ્થિતિ વિચારી, અંગત સ્વાર્થ અને મહત્ત્વાકાંક્ષા જતાં કરી સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું.

જૂન ૧૯૬૧ : આચાર્યપદ સાથે બીજી કેટલીક જવાબદારીઓ સ્વીકારી
– મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રી
– કડી તાલુકા વ્યાયામ મંડળના પ્રમુખ
– વિદ્યાર્થી આશ્રમના મુખ્ય ગૃહપતિ

૧૯૬૨ : ક. પા. કેળવણી ઉત્તેજક મંડળની કારોબારીના સભ્ય બન્યા.
વિદ્યાર્થી સહાયક મંડળી લિ.ના વ્યવસ્થાપક મંડળના સભ્ય થયા.

૧૯૬૩ : N.C.C.ની સ્ટેટ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે નિયુક્તિ.

૧૯૬૩ : નવલકથા – વાર્તા લખવાનું બંધ કર્યું પણ લઘુકથાને નવા સાહિત્યસ્વરૂપે ખેડવાનો વિચાર મનમાં ઘોળાવા લાગ્યો. શ્રી બચુભાઈ રાવતે ૧૯૫૦માં એક કૉલમની વાર્તાઓ 'કુમાર' માટે લખવાનું સૂચન કર્યું હતું. એ હકીકતને નજરમાં રાખીને આ વિચારણા કરવાનું શરૂ કર્યું હતું. શ્રી બચુભાઈને મેં આ

વિચારણાથી વાકેફ કર્યા અને એમનો તરત હકારાત્મક પ્રતિભાવ મળ્યો અને લઘુકથાઓ રચાવા લાગી. અને ૧૯૬૩, ૧૯૬૪ અને ૧૯૬૫નાં વર્ષોમાં સળંગ ૧૮ લઘુકથાઓ 'કુમાર'માં પ્રગટ થઈ. એક સમજ એવી પ્રવર્તે છે કે એપ્રિલ, ૧૯૬૪માં પ્રથમ 'છાપું' લઘુકથા પ્રગટ થઈ. પણ એ સમજ સાચી નથી. એપ્રિલ, ૧૯૬૪માં તો 'મહોરાં પહેરનારાં' પ્રગટ થયેલી અને જુલાઈ, ૧૯૬૪માં 'છાપું' પ્રગટ થયેલી. ઈ. સ. ૧૯૬૩માં પણ કેટલીક લઘુકથાઓ પ્રગટ થઈ ચૂકી હતી.

૧૯૬૪ : N.C.E.R.T. દિલ્હીના અખિલ ભારતીય સેમિનાર રીડિંગ્ઝના DEPSE કાર્યક્રમ હેઠળ યોજાયેલી નિબંધ હરીફાઈમાં મારો અંગ્રેજી નિબંધ 'School excursions for enriching class room teaching' ત્રીજા ક્રમે પુરસ્કૃત થયો.

૧૯૬૫ : યુનિસેફ, કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજ્ય સરકારના સંયુક્ત સાહસ અને સર્વ વિદ્યાલય સંલગ્ન પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરના માનદ આચાર્ય તરીકેની જવાબદારી સ્વીકારી.

૧૯૬૫ : સાયન્સ કૉલેજ, કડી ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે પસંદગી.

૧૯૬૫ : યુનિસેફ તરફથી પ્રિ. વૉકેશનલ ટ્રે. સેન્ટર સંબંધે સિકંદરાબાદ, આંધ્ર પ્રદેશમાં યોજાયેલા સેમિનારમાં હાજરી.

૧૯૬૬ : 'મોટી વહુ' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિ., અમદાવાદ.

૧૯૬૬ : કડી સાહિત્ય વર્તુળની સ્થાપના. સક્રિય સભ્ય.

૧૯૬૭ : યુનિસેફ તરફથી બૅંગલોર મુકામે પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સના વહીવટી પ્રશ્નો અને અભ્યાસક્રમ બાબતે યોજાયેલા સેમિનારમાં હાજરી.

૧૯૬૯ : યુનિસેફ અને કેન્દ્ર સરકારના સમાજ સુરક્ષા ખાતાના સંયુક્ત ઉપક્રમે કલકત્તા મુકામે પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સ સંદર્ભે યોજાયેલા ત્રણ દિવસના કાર્યશિબિરમાં સક્રિય ભાગ લીધો.

૧૯૭૦ : 'પ્રત્યાલંબન' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક વૉરા ઍન્ડ કંપની, અમદાવાદ.

૧૯૭૦-૭૧ : કડી લાયન્સ ક્લબના ચાર્ટર સભ્ય થયા અને શૈક્ષણિક સમિતિના ચેરમૅન પદે નિયુક્તિ.

| | | |
|---|---|---|
| ૧૯૭૨ | : | ગુજરાત રાજ્ય સરકાર તરફથી 'પ્રત્યાલંબન' વાર્તાસંગ્રહ પુરસ્કૃત થયો. |
| ૧૯૭૨ | : | કડી વાર્તા વર્તુળ તરફથી સન્માન પ્રમુખ તરીકે ગુલાબદાસ બ્રોકર. |
| ૧૯૭૨ | : | 'બ્લાઇન્ડ વર્મ' વાર્તા માટે સંદેશ સુવર્ણચંદ્રક જાહેર થયો. |
| ૧૯૭૨ | : | આકાશવાણી અમદાવાદ-વડોદરા તરફથી ૧૯૭૨થી ૧૯૭૬ના ગાળા દરમિયાન પેનલ ઑફ લીસનર્સમાં સભ્યપદે નિયુક્તિ. |
| ૧૯૭૩ | : | કડીમાં યોજાયેલ સમારંભમાં શ્રી ઈશ્વર પેટલીકરના હસ્તે સંદેશ સુવર્ણચંદ્રક એનાયત થયો. |
| ૧૯૭૩ | : | ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ તરફથી સાવરકુંડલા મુકામે યોજાયેલા ગુજરાતી વ્યાકરણવિષયક કાર્યશિબિરમાં પેપર રીડિંગ માટે, રૂબરૂ ઉપસ્થિત ન થઈ શકતાં લેખ મોકલ્યો જે વંચાયો. |
| ૧૯૭૩ | : | કડી લાયન્સ ક્લબ તરફથી સન્માન. પ્રમુખ-જિલ્લા કલેક્ટર અરુણ સિંહા. |
| ૧૯૭૪ | : | ગુજરાતી ભાષાના નવા અભ્યાસક્રમની ચર્ચા માટે રાજ્ય શિક્ષણ ભવન અને જિલ્લા આચાર્ય મંડળના સંયુક્ત ઉપક્રમે આજોલ મુકામે યોજાયેલા સેમિનારમાં પેપરરીડિંગ કર્યું અને ચર્ચામાં ભાગ લીધો. |
| ૧૯૭૪ | : | જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહેસાણા તરફથી રચવામાં આવેલી વ્યવસાય માર્ગદર્શન સલાહકાર સમિતિમાં સભ્યપદે નિયુક્તિ. |
| ૧૯૭૫ | : | 'સંદેશ' દૈનિકમાં 'સાંજ ઢળે' નવલકથા ધારાવાહિકરૂપે પ્રગટ થઈ. |
| ૧૯૭૬ | : | મહેસાણા જિલ્લા પંચાયતના આયોજન મંડળ (પ્લાનિંગ કમિટી)માં જિલ્લાના કેળવણીકાર તરીકે નિયુક્તિ. |
| ૧૯૭૬ | : | 'સાંજ ઢળે' નવલકથા વૉરા ઍન્ડ કંપની, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ. |
| ૧૯૭૬ | : | 'સંદેશ' દૈનિકમાં 'જલતા હિમગિરિ' નવલકથા ધારાવાહિક કથા રૂપે પ્રગટ થઈ. |
| ૧૯૭૭ | : | 'જલતા હિમગિરિ' નવલકથા વૉરા ઍન્ડ કંપની, અમદાવાદ |

દ્વારા પ્રગટ

૧૯૭૭ : કડી જેસીસ તરફથી ‘ઉત્તમ સમાજસેવક’ તરીકે બહુમાન. પ્રમુખ ગુજ. સરકારના મંત્રી શ્રી માર્કન્ડ દેસાઈ.

૧૯૭૮ : ‘સંદેશ’ દૈનિકમાં ‘શમણાં ન લાગે હાથ’ ધારાવાહિક કથારૂપે પ્રગટ થઈ.

૧૯૭૮ : ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ નિરીક્ષણ પેનલના સભ્ય તરીકે નિયુક્તિ. આ કાર્યમાં મહેસાણા જિલ્લો, અમદાવાદ શહેર, ગાંધીનગર જિલ્લો, અમદાવાદ ગ્રામવિસ્તાર વગેરે વિસ્તારોમાં સેવા આપી.

૧૯૭૯ : નવી શરૂ થયેલી હાયર સેકન્ડરી શાળાઓને બીજા વર્ષની મંજૂરી આપવા બાબતની ચકાસણી સમિતિ (અમદાવાદ શહેર માટે)માં સભ્ય તરીકે નિયુક્તિ.

૧૯૭૯ : ‘શમણાં ન લાગે હાથ’ હરિહર પુસ્તકાલય, સુરત દ્વારા પ્રગટ થઈ.

૧૯૭૯ : એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનલ વલ્લભ વિદ્યાનગરના ઉપક્રમે રચાયેલી સંસ્થા ‘બિરાદરી’ના સભ્ય તરીકે પસંદગી.

૧૯૭૯ : ટૂંકી વાર્તા : મીમાંસા ગુજ. રાજ્યની આર્થિક સહાયથી પ્રગટ થયું.

૧૯૮૦ : ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થનાર ધોરણ ૯ના પાઠ્યપુસ્તક (ગુજરાતી વિષય)ની હસ્તપ્રતોની ચકાસણી માટે પસંદગી.

૧૯૮૧ : ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થનાર ધોરણ ૧૦ના ગુજરાતી વિષયની હસ્તપ્રતોની ચકાસણી માટે આજોલ મુકામે ત્રણ દિવસના કાર્યશિબિરમાં સેવા આપી.

૧૯૮૧ : ‘ટહુકે પંખી કોઈ ઘટામાં’ લઘુનવલ આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ.

૧૯૮૧ : ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તરફથી શારદા ગ્રામ મુકામે રાષ્ટ્રીય એકતાની દૃષ્ટિએ પાઠ્યપુસ્તકોનું મૂલ્યાંકન કરવા માટેના પાંચ દિવસના કાર્યશિબિરમાં સેવાઓ આપી.

૧૯૮૧ : ‘નયન શોધે નીડ’ નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ.

૧૯૮૧ : ડિસેમ્બર માસમાં હૈદ્રાબાદ મુકામે ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૧મા અધિવેશનમાં સર્જન વિભાગની બેઠકમાં ખાસ આમંત્રિત વક્તા તરીકે પ્રવચન આપ્યું.

૧૯૮૨ : 'રણમાં છાઈ શ્યામ ઘટા' નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૮૨ : જાન્યુઆરી માસમાં રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા યોજાયેલી કાર્યશિબિરમાં ધોરણ ૧૦ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કર્યું.

૧૯૮૨ : ઑક્ટોબરમાં ગુજ. સાહિત્ય અકાદમી તરફથી મોડાસા મુકામે યોજાયેલા અકાદમીના પ્રથમ જાહેર સમારંભમાં ૧૭-૧૦-૮૨ની બેઠકમાં વક્તવ્ય આપ્યું.

૧૯૮૨ : 'ક્રૉસ રોડ' વાર્તાસંગ્રહ પ્રગટ થયો.

૧૯૮૨ : ડિસેમ્બરમાં ઈડરની આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં 'ટૂંકી વાર્તા' વિષય ઉપર પ્રવચન આપ્યું.

૧૯૮૨ : અમદાવાદ એ. જી. ટીચર્સ કૉલેજના સેવા વિસ્તરણ અને મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના ઉપક્રમે કડી મુકામે સમાજવિદ્યા સ્વાધ્યાયની રચના માટે યોજાયેલા કાર્યશિબિરનું સંચાલન કર્યું અને એમાં ભાગ લેનાર સભ્યોને માર્ગદર્શન કરાવ્યું.

૧૯૮૨ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના વિકાસ અર્થે, સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આમંત્રણથી સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ હ. પટેલ સાથે અમેરિકાનો પ્રવાસ. વિદ્યાર્થીઓ તરફથી અસાધારણ ઉમળકાભર્યો આવકાર મળ્યો. ઉષ્માભર્યું આતિથ્ય અને સંસ્થા માટે ખૂબ સારો કહી શકાય એવો ફાળો પ્રાપ્ત થયો.

૧૯૮૨ : અમેરિકાના શિકાગો શહેરથી થોડે દૂર મોન્ટ્રોઝ અને વિલ્સન ટેકરીઓની વચ્ચેના મેદાનમાં ઇન્ડિયન કૉમ્યુનિટી ઍબ્રૉડ તરફથી યોજાયેલા ભવ્ય સમારંભમાં સન્માન, ધાતુની સુંદર તકતી ઉપર કોતરેલું સન્માનપત્ર અર્પણ થયું.

૧૯૮૨ : સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી અમદાવાદમાં, અમેરિકાની સફળ યાત્રા નિમિત્તે સન્માન સમારંભ.

૧૯૮૨ : ડિસેમ્બર માસમાં ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા

અમદાવાદ મુકામે ગુજરાતી (પ્રથમ ભાષા)ના અભ્યાસક્રમની રચના માટે બે દિવસના કાર્યશિબિરમાં ભાગ લીધો.

૧૯૮૩ : ફેબ્રુઆરીમાં જિલ્લા શિક્ષણાધિકારી અને સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨ ઘટક) તરફથી યોજાયેલ શૈક્ષણિક મેળામાં કાવ્યના અધ્યયન માટે એકમવાર શૈક્ષણિક મુદ્દા, સ્વાધ્યાય, સંદર્ભસાહિત્ય વિશે ચર્ચામાં ભાગ લીધો.

૧૯૮૩ : માર્ચ માસમાં ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા યોજાયેલા ધો. ૧થી ૧૨ સુધીના ગુજરાતી વિષયના અભ્યાસક્રમની રચનાવિષયક ચર્ચામાં ભાગ લીધો.

૧૯૮૩ : એપ્રિલ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના ઉપક્રમે 'માતૃભાષાનું શિક્ષણ અને પાઠ્ય સામગ્રી' અંગેના પરિસંવાદમાં ભાગ લીધો.

૧૯૮૩ : ઑગસ્ટમાં સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦ + ૨ ઘટક) તરફથી અમદાવાદ મુકામે ધો. ૧૧ અને ૧૨ના અભ્યાસક્રમ અંગે વિચારણા કરવા નિમાયેલી સમિતિમાં સમિતિના સભ્ય તરીકે યથાવકાશ સેવાઓ આપી.

૧૯૮૩ : ઉચ્ચતર અધ્યયન મંડળના ઉપક્રમે શિક્ષકો માટે અંગ્રેજી તેમ જ ગુજરાતી વિષયોના ઓપવર્ગોનું અધ્યયન મંડળની કારોબારીમાં રહીને સંચાલન કર્યું.

૧૯૮૪ : ફેબ્રુઆરીમાં મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ તરફથી આયોજિત 'પાઠ્યપુસ્તકોની ખામીઓ અને એમની ગુણવત્તા સુધારવાના ઉપાયો' બાબતે યોજાયેલા કાર્યશિબિરનું સંચાલન કર્યું.

૧૯૮૪ : ગુજરાત રાજ્ય સરકાર તરફથી ૧૯૮૪ વર્ષના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ માટેની જાહેરાત.

૧૯૮૪ : ગુડ મોર્નિંગ, અમેરિકા પ્રવાસપુસ્તક, આદર્શ પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રગટ થયું.

૧૯૮૪ : સર્વ વિદ્યાલય સંસ્થામાં વયમર્યાદાવશાત્ સેવાનિવૃત્તિ.

૧૯૮૪ : નિવૃત્તિને કારણે વિવિધ સન્માન અને અભિવાદન સમારંભો –

– સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

– ક. પા. કેળવણી ઉત્તેજક મંડળ

– સર્વ વિદ્યાલયનો સ્ટાફ
– સર્વ વિદ્યાલય પ્રાથમિક સ્ટાફ
– ટેક્નિકલ હાઈસ્કૂલ સ્ટાફ
– સાયન્સ કૉલેજ સ્ટાફ
– સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ
– વિદ્યાર્થી આશ્રમના વિદ્યાર્થીઓ
– મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ
– મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ
– કડી તાલુકા વ્યાયામ મંડળ
– કડી સાહિત્ય વર્તુળ
– કડી રેલવે સ્ટાફ
– નીલકંઠ લોજ વગેરે

૧૯૮૪ : ૪૦ લઘુકથાઓનું સંપાદન પ્રકાશક સાહિત્ય વર્તુળ, કડી.

૧૯૮૪ : ૩-૩-૮૪ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી મોરબી મુકામે 'લઘુકથા સ્વરૂપ' ઉપર યોજાયેલા પરિસંવાદમાં મુખ્ય વક્તા તરીકે પ્રવચન આપ્યું.

૧૯૮૫ : ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ સંપાદન પ્રકાશક આદર્શ પ્રકાશન.

૧૯૮૫ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શાખામાં મંત્રી તરીકે નિયુક્તિ.

૧૯૮૫ : 'પડદા જરી કિનખાબના' નવલકથા પ્રગટ થઈ.

૧૯૮૫ : 'અંધારી રાતના ઓળા' આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૮૭ : ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી યોજાયેલા કનૈયાલાલ મુનશી જન્મશતાબ્દી ઉત્સવ પ્રસંગે 'કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ' વિષય પર અમદાવાદમાં પ્રવચન.

૧૯૮૮ : શ્રી હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મજયંતી નિમિત્તે પાટણમાં ઉ.ગુ. યુનિવર્સિટી, ગુજરાતી સાહિત્ય પરિષદ અને મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમારંભમાં 'ગુજરાતી અસ્મિતાના ઉદ્‌ગાતા આચાર્ય હેમચંદ્ર' વિષય પર પ્રવચન આપ્યું.

૧૯૮૮ : મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓનું પ્રકાશન પ્રકાશક –

આદર્શ પ્રકાશન, અમદાવાદ, સંપાદક : શ્રી રઘુવીર ચૌધરી.

૧૯૮૯ : 'ભાસ આભાસ' નવલકથાના બીજા ભાગ 'રઝળપાટ'નું પ્રકાશન. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ

૧૯૮૯ : 'પ્રજ્ઞાદીપ છગન ભા' ચરિત્રગ્રંથ પ્રગટ થયો. પ્રકાશક સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી.

૧૯૯૦ : 'મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ' સંપાદક શ્રી રઘુવીર ચૌધરી, બીજી આવૃત્તિનું પ્રકાશન પ્રકાશક : આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૦ : વિસનગરની વલ્લભરામ હેમચંદ્ર જનરલ લાઇબ્રેરી તરફથી 'પ્રજ્ઞાદીપ છગનભા' પુસ્તકને દ્વિતીય પારિતોષિક મળ્યું.

૧૯૯૧ : આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા લઘુકથા સંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે'નું પ્રકાશન.

૧૯૯૧ : 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' ચરિત્રગ્રંથ પ્રગટ થયો. પ્રકાશક અક્ષર પુરુષોત્તમ સંસ્થા અમદાવાદ.

૧૯૯૧ : ભાષાનિયામક, ગાંધીનગર તરફથી મહેસાણા મુકામે યોજાયેલા પરિસંવાદમાં 'લોકાભિમુખ વહીવટની ભાષા' વિષય પર તા. ૯-૧-૯૧ના રોજ પ્રવચન આપ્યું.

૧૯૯૧ : મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓનું પ્રકાશન, પ્રકાશક : આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૧ : ગુજ. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધો. ૮ના ગુજ. વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદન.

૧૯૯૨ : ગુજ. સાહિત્ય અકાદમી તરફથી 'ઝાકળમાં સૂરજ ઊગે'ને દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું.

૧૯૯૨ : ગુજ. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધો. ૯ના ગુજ. વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદન.

૧૯૯૨ : 'ઝાકળમાં સૂરજ ઊગે'ને પ્રો. સરોજ પાઠક એવૉર્ડ પ્રાપ્ત થયો.

૧૯૯૩ : ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધો. ૧૦ના ગુજ. વિષયનું પાઠ્યપુસ્તકનું સંપાદન.

૧૯૯૪ : ભાવનગર ગદ્યસભા તરફથી તા. ૯-૨-૯૪ના રોજ સન્માન સમારંભ. સ્મૃતિચિહ્ન સ્વીકાર્યા પછી લઘુકથા સ્વરૂપ પર પ્રવચન કર્યું.

| | | |
|---|---|---|
| ૧૯૯૪ | : | 'સૂકી સરિતા, ભીના તટ' નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ. |
| ૧૯૯૪ | : | હળવા નિબંધોનો સંગ્રહ 'હાસ્ય ઝરૂખે બેઠકે' પ્રગટ થયો. આદર્શ પ્રકાશન, અમદાવાદ. |
| ૧૯૯૪ | : | મહેસાણા મુકામે આનર્ત ગુર્જરી ઍવૉર્ડ પ્રાપ્ત થયો. |
| ૧૯૯૪ | : | ગુજ. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધો. ૧૧ના ગુજ. વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદન. |
| ૧૯૯૫ | : | 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ', પ્રકાશક અક્ષર પુરુષોત્તમ સંસ્થા, અમદાવાદ. |
| ૧૯૯૫ | : | ગુજ. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધો. ૧૨ના ગુજ. વિષયના પાઠ્યપુસ્તકનું પરામર્શન. |
| ૧૯૯૫ | : | 'સંદેશ' દૈનિકમાં 'લાંછન' નવલકથા ધારાવાહિક કથારૂપે. |
| ૧૯૯૫ | : | 'ઘૂઘવે નિર્જળ દરિયો' નવલકથા, આદર્શ પ્રકાશન દ્વારા પ્રગટ થઈ. |
| ૧૯૯૫ | : | ધરતી વિકાસ મંડળ તરફથી પ્રગટ થતા 'ધરતી' માસિકનું તંત્રીપદ સ્વીકાર્યું. |
| ૧૯૯૬ | : | તા. ૨૬-૨-૯૬ના રોજ કડી મુકામે લાયન્સ ક્લબ દ્વારા કડીના સાહિત્યકારોના સન્માન વખતે નિજનું પણ સન્માન.<br>આ સમારંભમાં કડી નાગરિક સહકારી બૅંકના ચેરમૅનનું કડી સાહિત્ય વર્તુળને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' નામ આપવા સૂચન થયું. એ સૂચન સર્વાનુમતે સહર્ષ સ્વીકારી લેવાયું અને કડી સાહિત્ય વર્તુળને સૂચિત નામ આપી વર્તુળને રજિસ્ટર કરાવી લેવાનું ઠરાવવામાં આવ્યું. આ પછી તરત જ બૅંકના ચેરમૅન શ્રી માણેકલાલ મા. પટેલ જે આ સમારંભના પ્રમુખ હતા, તેમણે બૅંક વતી વર્તુળને રૂપિયા એક લાખનું દાન જાહેર કર્યું. એ પછી લાયન્સ ક્લબ, ડૉ. રામભાઈ પટેલ વગેરે કેટલાક સભ્યો તરફથી પણ નવું નામાભિધાન પામેલા સાહિત્ય વર્તુળ માટે દાન જાહેર કર્યાં. |
| ૧૯૯૭ | : | 'યક્ષ કર્દમ' નિબંધસંગ્રહ પ્રગટ થયો, પ્રકાશક – હર્ષ પ્રકાશન, અમદાવાદ. |
| ૧૯૯૭ | : | ઐતિહાસિક નવલકથા 'લાંછન'નું પુસ્તકરૂપે પ્રકાશન. |

પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૭ : ભૌગોલિક જ્ઞાનવિજ્ઞાન શ્રેણીમાં છ પુસ્તકોનો સંપુટ, પ્રકાશક, આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૮ : 'ભવપ્રપંચ' નવલકથાનું પ્રાકટ્ય. આ નવલકથા અગાઉ 'મહાગુજરાત' સાપ્તાહિકમાં 'શાપિત કિનારો' અને 'સમભાવ' દૈનિકમાં 'અગ્નિશિખા' નામે ધારાવાહિક રૂપે પ્રગટ થઈ હતી. પુસ્તકના પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૮ : 'મત્સ્યવેધ' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૮ : 'મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો' પુસ્તક મહેસાણા-પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિક સંઘ દ્વારા પ્રગટ થયું.

૧૯૯૮ : અમેરિકાની બીજી વારની યાત્રા.

૧૯૯૮ : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'લાંછન' નવલકથાને દ્વિતીય પારિતોષિક જાહેર થયું.

૧૯૯૮ : ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'લાંછન' નવલકથાને શ્રેષ્ઠ પુસ્તક (નવલકથા વિભાગ) જાહેર કરવામાં આવ્યું.

૧૯૯૯ : તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના દિવસોમાં પાટણ મુકામે ઉ. ગુ. યુનિવર્સિટી, હેમચદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ, ગુજરાતી સાહિત્ય પરિષદ અને હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરના સંયુક્ત ઉપક્રમે 'સિદ્ધહેમ પરંપરા' વિષય પર યોજાયેલા સેમિનારમાં બીજે દિવસે 'હેમચંદ્રોત્તર સાહિત્ય પરંપરા' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

૧૯૯૯ : તા. ૧૪-૨-૯૯ના રોજ કડી મુકામે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી યોજાયેલા લઘુકથા વિષય પરના સેમિનારમાં 'લઘુકથામાં સિચ્યુએશન' પર વ્યાખ્યાન આપ્યું.

૧૯૯૯ : તા. ૨૫-૨-૯૯ના રોજ 'રોટરી પાટણ સિટી' તરફથી સન્માન થયું.

૧૯૯૯ : ગુજ. રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તરફથી પ્રગટ થનાર ધોરણ ૭ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું પરામર્શન કર્યું.

૧૯૯૯ : એપ્રિલ માસમાં ગુજરાત સાહિત્ય પરિષદ તથા સોમનાથ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સોમનાથ મંદિરના પરિસરમાં

યોજાયેલા સોમનાથ આધારિત ગુજરાતી નવલકથા પરિસંવાદની પ્રથમ બેઠકમાં અધ્યક્ષીય પ્રવચન આપ્યું.

૧૯૯૯ : સપ્ટેમ્બર માસમાં ડી.પી.ઈ.પી. તથા જી.સી.ઈ.આર.ટી. દ્વારા પ્રગટ થનાર ધો. ૧ના ગુજરાતી અને પર્યાવરણના પાઠ્યપુસ્તક તેમ જ એ જ ધોરણના ચાલુ પાઠ્યપુસ્તક વચ્ચે તુલનાત્મક ચકાસણી માટે ચકાસણી સમિતિના સભ્યની હેસિયતથી ઊંડાણપૂર્વક ચકાસણી કરીને રિપોર્ટ આપ્યો.

૧૯૯૯ : ગુજ. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધોરણ ૩ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદનકાર્ય કર્યું, અન્ય સંપાદકો સાથે.

૧૯૯૯ : ડિસે.માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૦મા અધિવેશનમાં બીજા દિવસની બેઠકમાં 'આનર્ત પ્રદેશનું શિલ્પ સ્થાપત્ય' વિષય પર પ્રવચન આપ્યું.

૨૦૦૦ : ગુજ. રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધોરણ ૩ના પર્યાવરણ વિષયના પાઠ્યપુસ્તકના ભાષાસંપાદન અને ભાષાશુદ્ધિની કામગીરી સ્વીકારીને સદર ફરજ બજાવી.

૨૦૦૦ : મે માસમાં મુંબઈના નેહજ એન્ટરપ્રાઇઝ દ્વારા પ્રગટ થનાર 'મિલેનિયમ હિસ્ટરી ઑફ પાટણ'ના ઇતિહાસ વિભાગ તેમ જ સઘળાં દેરાસરોના ઇતિહાસનો અંગ્રેજી અનુવાદ કરી આપવાનું સ્વીકાર્યું. અને ઑક્ટોબર સુધીમાં એ કાર્ય પાર પાડ્યું.

૨૦૦૦ : મે માસની ૧૬મી તારીખે 'Literacy – Crilical Factor for the Knowledge Revolution' શીર્ષક હેઠળ ૫૦૦૦ શબ્દોનો અંગ્રેજી ભાષામાં નિબંધ ડાયરેક્ટોરેટ ઑફ એડલ્ટ એજ્યુકેશન નવી દિલ્હી-૧૧ ઉપર રજિ. પોસ્ટથી રવાના કર્યો.

૨૦૦૦ : તા. ૯-૯-૨૦૦૦ના રોજ ગુણવંતરાય જન્મશતાબ્દી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલા પરિસંવાદની ત્રીજી બેઠકમાં 'ગુણવંતરાય નવલિકાકાર' વિષય પર પ્રવચન આપ્યું.

૨૦૦૦ : 'ડેડ એન્ડ' નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થઈ.

૨૦૦૦ : તા. ૨૨-૧૦-૨૦૦૦ના રોજ દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદના ઉપક્રમે ટાઉન હૉલમાં યોજાયેલા ત્રણ પુસ્તકોના વિમોચન તેમ જ એક સન્માન સમારંભમાં બી. કેશર શિવમ્‌ના વાર્તાસંગ્રહ 'જન્મદિવસ'ના વિમોચન નિમિત્તે પુસ્તકનું અવલોકન વ્યાખ્યાન આપ્યું.

૨૦૦૧ : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તરફથી પ્રગટ થનાર ધોરણ ૪ના ગુજરાતી પાઠ્યપુસ્તકના સંપાદનનું કાર્ય, જે આગલા વર્ષથી શરૂ થયેલું તે અન્ય સંપાદકો સાથે પૂરું કર્યું.

૨૦૦૧ : નેહજ એન્ટર પ્રાઇઝ, મુંબઈ દ્વારા પ્રગટ થનાર ભક્તામર સ્તોત્રના CD માટે સ્તોત્રનો અંગ્રેજી અનુવાદ કરી આપ્યો.

૨૦૦૧ : ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી 'સાહિત્ય સંકેત' વિવેચન સંગ્રહ પ્રગટ થયો.

૨૦૦૧ : તા. ૧૬-૩-૨૦૦૧ના રોજ કડી મુકામે શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળના ઉપક્રમે શ્રી માણેકલાલ પટેલની અધ્યક્ષતામાં અમૃત મહોત્સવ નિમિત્તે અભિવાદન અને મોહનલાલ પટેલ વ્યાખ્યાનમાળામાં શ્રી વિનોદ અધ્વર્યુના 'ઐતિહાસિક નવલકથા' વિષય પરના વ્યાખ્યાનથી વ્યાખ્યાનમાળાનો આરંભ.

૨૦૦૧ : 'મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ' પ્રકાશિત થયો. પ્રકાશક શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૦૧.

૨૦૦૧ : 'મોહનલાલ પટેલ અમૃતપર્વ અભિવાદન અમૃતપર્વ ગ્રંથ' પ્રકાશિત થયો. તા. ૨૮-૧૨-૨૦૦૧ પ્રકાશક શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ.

૨૦૦૧ : 'શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ' પાટણ દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને યુનિવર્સિટીમાં 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ની પ્રસ્થાપના માટે રૂ. ૫ લાખનું દાન આપવામાં આવ્યું.

૨૦૦૧ : '૯૯ લઘુકથાઓ' લઘુકથા સંગ્રહ પ્રગટ થયો પ્રકાશક હર્ષ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૧ : 'અંતિમ દીપ'ની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૩ : 'દિયર-ભાભી' નવલકથા પ્રગટ થઈ. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૩ : ટૂંકી વાર્તા : આસ્વાદ પ્રગટ થયું. પ્રકાશક પોતે, ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાય.

૨૦૦૩ : 'વિકલ્પ' લઘુકથા સંગ્રહ, પ્રકાશક ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

૨૦૦૪ : ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ દ્વારા ધનજીકાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક એનાયત થયો.

૨૦૦૫ : 'બંધન' નવલકથા પ્રકાશિત થઈ. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૬ : 'હસતાં હસતાં' હાસ્યલેખસંગ્રહ પ્રકાશિત થયો. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૭ : 'હાસ્ય મર્મર' હાસ્યલેખસંગ્રહ પ્રકાશિત થયો. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૭ : 'લઘુકથા : સ્વરૂપ પરિચય' વિવેચન-પુસ્તક ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રગટ થયું.

૨૦૦૭ : કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના બોર્ડ ઑફ ગવર્નર્સના સભ્ય તરીકે નિમણૂક.

૨૦૦૮ : ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૪મા અધિવેશનમાં ઉદ્દ્ઘાટન બેઠક પછીની બેઠકમાં 'ઐતિહાસિક નવલકથાની વિભાવના'ને લક્ષમાં રાખીને કેફિયત રજૂ કરી.

૨૦૦૮ : દર્શક ફાઉન્ડેશન તરફથી દર્શક ઍવૉર્ડ એનાયત થયો.

૨૦૧૦ : 'કર્મચૂડામણિ માણેકલાલ'નું અન્યોના સહયોગમાં સંપાદન.

૨૦૧૧ : કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે વરણી.

૨૦૧૨ : 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી : સંક્ષિપ્ત ઇતિહાસ'નું લેખનકાર્ય પૂર્ણ કર્યું. 'ધ્રુવતારક માણેકલાલ માધવલાલ પટેલ'નું લેખન કાર્ય પૂર્ણ કર્યું.

૨૦૧૩ : 'ધ્રુવતારક શ્રી માણેકલાલ પટેલની જીવનકથા' સર્વ વિદ્યાલય

કેળવણી મંડળ, કડી દ્વારા પ્રકાશિત.

૨૦૧૩ : આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'નું પ્રકાશન, પ્રકાશક : મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ.

૨૦૧૫ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર બંને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)નું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા પ્રકાશન.

૨૦૧૬ : પત્ની હીરાનું અવસાન (તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૬)

૨૦૧૭ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજિત શ્રી 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' માટે આમંત્રિત થતાં 'ટૂંકી વાર્તા ઘડતર અને સર્જન' વિશે વ્યાખ્યાન આપ્યું.

૨૦૧૮ : 'માનવહિતૈષી રામભાઈ' ગ્રંથનું કોરલ ફાર્મા, અમદાવાદ દ્વારા પ્રકાશન.

૨૦૧૯ : આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'ની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિનું 'રંગદ્વાર પ્રકાશન', અમદાવાદ દ્વારા પ્રકાશન.

■

## મણિભાઈ પ્રજાપતિએ 'મોહનલાલ પટેલ અધ્યયનગ્રંથ' માટે લીધેલી મુલાકાતમાંથી કેટલાક પ્રશ્નોત્તર

**મ. પ્રજાપતિ :** આપના ઉછેર અને જીવનઘડતરમાં પારિવારિક બળો અને આપની જ્ઞાતિની તત્કાલીન સામાજિક સ્થિતિનો ખ્યાલ આપશો ? ઘરમાં સાહિત્યિક બીજ ખરું ?

ઉત્તર આરંભના પ્રકરણોમાં સમાવિષ્ટ છે.

**મ. પ્રજાપતિ :** હાઈસ્કૂલ સુધીના શિક્ષણ દરમિયાન કોઈ શિક્ષકોનો આપના જીવન ઉપર પ્રભાવ ખરો ?

ઉત્તર આરંભના પ્રકરણોમાં સમાવિષ્ટ છે.

**મ. પ્રજાપતિ :** આપશ્રીએ સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધેલો ? આ સંબંધી પ્રત્યક્ષ અનુભવેલ કોઈ યાદગાર પ્રસંગો વર્ણવશો ?

**મો. પટેલ :** ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ વખતે હું મૅટ્રિકના ધોરણમાં. આ ચળવળથી કોઈ પણ દેશપ્રેમી યુવક અલિપ્ત રહી શકે એવું વાતાવરણ ન હતું. ચળવળના પહેલા ત્રણ મહિનાનું સ્વરૂપ સારાયે દેશમાં એક જબરદસ્ત જુવાળના રૂપમાં હતું. આરંભના મહિનાઓમાં સભા-સરઘસમાં સારો એવો ભાગ લીધેલો. પછી રચનાત્મક પ્રવૃત્તિઓમાં વિશેષ સક્રિય રહ્યો. વડોદરામાં કૉલેજના પહેલા વર્ષના અભ્યાસકાળમાં કારેલીબાગના છાત્રાલયમાં રહીને અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યો. સફાઈ, માટીકામથી માર્ગ બાંધવાનું, હરિજનભાઈઓ સાથે પ્રીતિભોજન, રાષ્ટ્રભક્તિ-રાષ્ટ્રભાવનાનો પ્રચાર થાય એવા સંસ્કાર-કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓ મુખ્ય હતી.

આઝાદીનું વાતાવરણ આકંઠ પીધેલું, જેની પ્રેરણાથી 'રણમાં છાઈ શ્યામ ઘટા', 'ભવપ્રપંચ', 'ડેડ એન્ડ' જેવી નવલકથાઓ, 'શહીદનો દીકરો', 'ભીડનાં એકાંત' જેવી ટૂંકી વાર્તાઓ, 'સંગીત અને શહાદત' જેવાં એકાંકીઓ, 'સોડ',

'ધ્વજદિન', 'દિગ્ભ્રાન્ત', 'મારિયાની આંખ' જેવી લઘુકથાઓ રચી શકાઈ. અને 'મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો' જેવું પુસ્તક પણ લખી શકાયું.

**મ. પ્રજાપતિ :** આઝાદીનાં જે સ્વપ્નો સેવેલાં તે વિશે આજે આપ શું અનુભવો છો ?

**મો. પટેલ :** માનશો ? જે વખતે નજર આગળ આઝાદી એ જ સ્વપ્ન હતું. એ મંજિલની પેલે પારનાં દેશ અને દુનિયા વિશે ગાંધીજી જેવા મહાન નેતાઓએ ઘણું વિચાર્યું હતું એટલે તો 'રામ રાજ્ય'ની પરિકલ્પના ઉદ્ભવી હતી ને ! પણ અમારા જેવા યુવાનોનું સ્વપ્ન તો એક જ – દેશ આઝાદ થાય !

આ સ્વપ્નને સાકાર કરવા દેશના યુવાનોએ કેટકેટલો પુરુષાર્થ કર્યો ! કેટકેટલાં સાહસ આદર્યાં ! કેટકેટલાં જોખમો ખેડ્યાં ! કેટકેટલા અત્યાચાર અને સિતમો વેઠ્યા ! ઝળહળતી કારકિર્દી હાથવેંતમાં હોવા છતાં કેટકેટલા યુવાનોએ એને જતી કરી ! કેટકેટલા યુવાનોએ આઝાદી માટે પ્રાણની આહુતિ આપી !

આ બધું એક જ સ્વપ્ન – દેશની આઝાદી ખાતર. એ જ મીઠું, મધુરું અને ઉત્તેજક સ્વપ્ન !

અને આજે ? કંઈ કહેવાની જરૂર ખરી ?

ક્યાં રહ્યાં એ ત્યાગ, એ બલિદાન, બધું જ ન્યોછાવર કરી દેવાની એ ધૂન ! ક્યાં છે આ બધું ?

આઝાદી પહેલાં જેણે આ બધી ન્યોછાવરી જોઈ એને આજની સ્થિતિ જોતાં શું નહીં થતું હોય ? આનું વર્ણન કરવાની જરૂર ખરી ?

**મ. પ્રજાપતિ :** વિદ્યાર્થી-વત્સલ ગૃહપતિ તરીકેનાં પ્રેરક અને વિશિષ્ટ સંસ્મરણો વર્ણવશો ?

**મો. પટેલ :** ૩૫ વર્ષની ગૃહપતિ તરીકેની સેવાઓમાં પાર વગરની એવી ઘટનાઓ છે જેને મીઠાં સંસ્મરણ તરીકે વર્ણવી શકાય. એમાંનાં કેટલાંક સંસ્મરણો તત્કાલીન છાત્રોએ એમના લેખરૂપે વર્ણવેલાં તમે સ્મરણિકા ગ્રંથમાં જોઈ શકશો. અલબત્ત, મારાં અંગત સંસ્મરણો પણ ખરાં, પણ એનો વિસ્તાર કર્યે ક્યાં પાર આવશે ? શ્રી પેટલીકરે 'સંસાર' માટે એ લખવાની માગણી કરી હતી. અને કેટલાંક વર્ષો પછી શ્રી રઘુવીર ચૌધરીએ પણ એવું સૂચન કર્યું હતું. અવકાશ મળે તો એક સ્વતંત્ર પુસ્તક લખવાનો ખ્યાલ ખરો.

**મ. પ્રજાપતિ :** એક અગ્રણી કેળવણીકાર, સંનિષ્ઠ આજીવન શિક્ષક અને સાહિત્યસર્જક તરીકે આપનું સામાજિક દાયિત્વ શું ? આ ત્રણેમાં કોનું દાયિત્વ વધારે ?

**મો. પટેલ :** આ ત્રણ દાયિત્વને આપણે જુદાં શી રીતે પાડી શું ? અને એમાંય વળી આ ત્રણેય ક્ષેત્રોનો જેનામાં લગાવ હોય એ ક્યારે કયા ક્ષેત્ર તરફ વધારે ઢળે ? આ પાર્થક્ય લગભગ અશક્ય છે.

હું લખતો હોઉં ત્યારે મારું લખાણ જીવનની ફિલસૂફી વિનાનું કેમ હોય ? આ ફિલસૂફી એ જ શિક્ષણ માટેનું એકમ. વળી લખાણ સમાજાભિમુખ ન હોય તો તે કોના સુધી પહોંચે ? વર્ગમાં અધ્યાપન કરતો હોઉં ત્યારે, ઊછરતાં બાળકો આગળ મારા દાયિત્વ વિશે મારે પૂરેપૂરા સજાગ રહેવું પડે. બાળકો સમાજનાં વિકસતાં અંગો છે. એમને કેળવવાનાં છે અને એમને કેળવવા માટે મારે કંઈક સાહિત્યરૂપે સર્જવાનું છે. આમ ત્રણે દાયિત્વ સામે રાખીને મેં ચાલવાનું રાખ્યું છે – કોઈ વધારે નહીં, કોઈ ઓછું નહીં.

**મ. પ્રજાપતિ :** આજકાલ સમૂહ માધ્યમોનો દિનપ્રતિદિન વધતો જતો પ્રભાવ અને ઘટતી જતી વાચનટેવના સંદર્ભે એક કેળવણીકાર તરીકે આપનો પ્રતિભાવ જણાવશો ? બીજા શબ્દોમાં કહું તો ટી. વી. અને ઇન્ટરનેટના સજ્જડ પ્રભાવથી પ્રજાની – ખાસ કરીને યુવાનોની વાચનભૂખ મરી ગઈ છે ખરી ?

**મો. પટેલ :** હકીકત તરીકે બંને વિગતો સાચી છે. સમૂહ માધ્યમોનો પ્રભાવ વધતો જાય છે અને વાચનટેવ ઘટતી જાય છે. સમૂહ માધ્યમો અને પુસ્તકો બંને ઉપયોગી અને જરૂરી છે. વળી, એમ કહી શકાય કે સમૂહ માધ્યમો વધારે અસરકારક અને ઝાઝેરું ફળ આપનારાં છે. સવાલ વિવેકનો છે. બંનેનો ઉપયોગ કઈ રીતે થાય છે એ મહત્ત્વનું છે. એક બાળક, તરુણ કે યુવાન ડિસ્કવરી ચૅનલ જોયા કરે તો તેમાં શું ખોટું છે ? સારી ફિલ્મો માટે હરકત ન હોય પણ એનો તો આપણે ત્યાં દુષ્કાળ છે. કુટુંબ સાથે બેસીને ન જોઈ શકાય એવી જ ફિલ્મોની ભરમાર હોય છે. આવી ફિલ્મો અધોગતિનું કારણ બન્યા વિના ન રહે. પુસ્તકો બાબતમાં પણ એમ જ કહી શકાય. હલકી નવલકથાઓનું વાચન ગમે તેટલું હોય તોપણ તે શા ખપનું ?

અહીં સવાલ પ્રભાવનો છે. સમૂહ માધ્યમોનો પ્રભાવ ઘણો છે. એટલે વાચનની આદત ઉપર ઘા થયો છે એ મોટામાં મોટું નુકસાન છે. કોઈ સમૂહ માધ્યમ ન આપી શકે એવો ખજાનો ગ્રંથોમાં રહેલો છે. વાચનની ઘટી ગયેલ ટેવને કારણે આવા મૂલ્યવાન ગ્રંથો પહોંચ બહારના થઈ ગયા છે. એ ભાવિ પેઢી માટે મોટા દુઃખની વાત છે.

**મ. પ્રજાપતિ :** કહેવાય છે કે કડી સર્વ વિદ્યાલયનું ગ્રંથાલય સમૃદ્ધ છે અને આ બદલ આપનાં અંગત રસ અને રુચિ વિશેષ જવાબદાર છે. આ

ગ્રંથાલયની ગ્રંથસમૃદ્ધિનો ખ્યાલ આપશો ?

ઉત્તર આરંભના પ્રકરણોમાં સમાવિષ્ટ છે.

**મ. પ્રજાપતિ :** આપશ્રી અંગત ગ્રંથસંગ્રહ ધરાવો છો ? આશરે કેટલાં પુસ્તકો હશે ? આ પૈકી મહત્ત્વપૂર્ણ અને અપ્રાપ્ય પુસ્તકોની માહિતી આપશો ?

**મો. પટેલ :** અંગત ગ્રંથસંગ્રહ છે. પુસ્તકો ગણ્યાં નથી પણ ઓછામાં ઓછાં બે હજાર તો હશે જ. આ અંગત સંગ્રહ પણ લગભગ ૬૦ વર્ષથી થતો આવ્યો છે. ૧૯૪૫ પછી પુસ્તક ખરીદવાની ટેવ શરૂ થઈ. થોડાં પુસ્તકો આ અગાઉ ઘરમાં હતાં એ પણ ખરાં. આ સંગ્રહમાં અમેરિકામાં વસતા મિત્રો તરફથી ભેટ મળેલાં પુસ્તકો પણ ખરાં. કેટલાંક ગુજરીમાંથી, કેટલાંક ફૂટપાથ પરથી, કેટલાંક લારીમાંથી, કેટલાંક ફર્નાન્ડિઝ બ્રીજ નીચે વિદ્યાર્થી પુસ્તક ભંડારમાંથી, કેટલાંક ગુજરાત બહારની દુકાનોમાંથી અને કેટલાંક આપણાં બજારોમાં પુસ્તક વિક્રેતાઓને ત્યાંથી ખરીદીને મેળવેલાં છે. આશ્ચર્ય થશે – મૅકોલેના નિબંધો, મૅકોલેનું લેઝ ઑફ લાસ્ટ મિનિસ્ટ્રલ, આઇવેન હો, ઝેનોની, જૂનું નર્મગદ્ય જેવાં અપ્રાપ્ય પુસ્તકો એક લારીમાંથી મેં ચાર આને શેર પ્રમાણે ખરીદેલાં પુસ્તકો છે. સાર્ત્રનો વાર્તાસંગ્રહ 'ઇન્ટિમસી' મસૂરીની જૂનાં પુસ્તકોની એક દુકાનમાંથી એક રૂપિયામાં ખરીદેલો અને 'સ્પેસ ઍન્ડ ટાઇમ' પુસ્તક ફૂટપાથ પરથી બે રૂપિયામાં મેળવેલું. 'અંકલ ટૉમ્સ કૅબિન'ની આરંભની આવૃત્તિ, મિસ મેયોનું 'મધર ઇન્ડિયા', 'ઝેનોની', ખગોળશાસ્ત્રનાં બેએક પુસ્તકો અને એવાં બીજાં કેટલાંક અપ્રાપ્ય પુસ્તકો પણ મારા સંગ્રહમાં મળી આવે. કેટલાંક પુસ્તકો કોઈ વાંચવા લઈ ગયું હોય અને પરત ન આવ્યાં હોય એવું પણ બન્યું છે. 'આઉટ સાઇડર', 'એ પેર ઑફ બ્લૂ આઇઝ' ઉમર ખય્યામની રૂબાયતો (જેની એક-એક રૂબાઈ સામે એક-એક મનોહર ચિત્ર હતું), ચેખોવની વાર્તાઓ (અંગ્રેજી અનુવાદ), ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ, ચંદ્રશંકર ભટ્ટ લિખિત 'જગતનો ઇતિહાસ', 'ધીસ ફેસિનેટિંગ એસ્ટ્રોનોમી' જેવાં અનેક પુસ્તકો વંચાવા ગયાં અને પરત ન આવ્યાં.

**મ. પ્રજાપતિ :** આજની શિક્ષણપદ્ધતિમાં કયા કયા ફેરફારો આપની દૃષ્ટિએ જરૂરી છે ?

**મો. પટેલ :** હવે શિક્ષણપદ્ધતિમાં બહુ ફેરફાર કરવાથી બહુ ફાયદો થશે એમ માનવાની જરૂર નથી. ૧૮૫૪માં વુડ્ઝ ડિસ્પેચ આવ્યા પછી આજ સુધી જુદા જુદા સમયે અને જુદા જુદા તબક્કે આપણે ઠીક ઠીક ફેરફારો થતા જોયા. પદ્ધતિઓ બદલાઈ, માળખાં બદલાયાં અને પ્રયોગો પણ થયા. શિક્ષણ બાળકેન્દ્રી

બન્યું એ એક શિક્ષણ ઉપર મોટો ઉપકાર હતો. [illegible]તિ, ગ્રૂપ ટીચિંગ, બુનિયાદી શિક્ષણ, શિક્ષણમાં કાર્યાનુભવ, સમાજોપયોગી [illegible] લક્ષ્યમાં રાખીને શિક્ષણ આપવાનો અભિગમ, ૧૯૮૬ની શિક્ષણની નવી [illegible] શિક્ષણમાં આપણે કંઈ ઓછી ઊથલપાથલ નથી કરી. આમ છતાં અનુભ[illegible] આપણે 'ઠેરના ઠેર' રહ્યા છીએ. જે સાચો શિક્ષક છે એને કોઈ શિક્ષણપદ્ધતિ શિખવાડવાની જરૂર નથી. એને માટે તો પદ્ધતિની અંતઃસ્ફુરણા થાય છે, કલાકારને કલાનો માર્ગ લાધે એમ હવે જરૂર છે નિષ્ઠાવાળા શિક્ષકોની. પેટિયું રળવાના હેતુથી જ આ વ્યવસાયમાં આવનારા શિક્ષકોથી શિક્ષણનો ઉદ્ધાર થવાનો નથી. શિક્ષણમાં વ્યાપારીકરણ અને ભ્રષ્ટાચાર અમર્યાદપણે પ્રવેશી ગયાં છે. આભ ફાટ્યું છે, થીંગડું દેવા નીકળ્યે ક્યાં ચાલશે ? આજ સુધી જે-જે શિક્ષણપદ્ધતિઓ આવી તે-તે સમય પ્રમાણે બરાબર હતી. આજે જે છે તે પણ બરાબર છે. જરૂર છે શિક્ષણ આપનારાઓને સુધારવાની. નોકરીનું વધારે પડતું રક્ષણ એ કેમ થવા દેશે ?

**મ. પ્રજાપતિ :** આજની પરીક્ષાપદ્ધતિ આપને કેવી લાગે છે ?

**મો. પટેલ :** હાયર સેકન્ડરી શાળાઓ અને ધંધાદારી શિક્ષણ આપતી કૉલેજોમાં ૯૦-૯૫ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ જ પ્રવેશ મેળવી શકે એવી સ્થિતિ હોય ત્યારે પરીક્ષાપદ્ધતિ વિશે જરૂર વિચાર કરતા થઈ જવાય. શિક્ષણસંસ્થાઓનો તોટો નથી. પ્રવેશ માટેની જગ્યાઓ પણ ઘણીબધી છે. એટલે ૯૦ કરતાં વધારે ગુણ મેળવનારની સંખ્યા પણ ઘણી મોટી હોય. આટલા બધા વિદ્યાર્થીઓ આટલી બધી તેજસ્વિતા ધરાવતા હશે ? તેજસ્વિતાનો ગજ ખોટો હોવાનો પૂરો સંભવ છે. અર્થાત્ પરીક્ષાપદ્ધતિ ખામીયુક્ત છે. સામાન્ય કક્ષાનો વિદ્યાર્થી પણ ૯૦ ટકા ઉપર ગુણ લાવતો થાય એટલે ખરેખરો તેજસ્વી વિદ્યાર્થી સામાન્ય કક્ષાના વિદ્યાર્થી કરતાં જુદા તરી આવવાનો હક્ક આ પરીક્ષાપદ્ધતિના કારણે ગુમાવે છે. બીજી રીતે કહીએ તો આ પદ્ધતિમાં ગોળ અને ખોળ બધું એક ગણવાની રીત છે.

આમ થવાનું કારણ ઉત્તરોત્તર પરીક્ષાનાં પ્રશ્નપત્રો વધારે ને વધારે સરળ બનાવવામાં આવ્યાં એ છે. એક વાક્યમાં જવાબ મેળવવો, ખાલી જગ્યા પૂરવાનું સૂચવવું, જોડકાં બનાવવાં, ચારમાંથી એક સાચો જવાબ શોધી કાઢવો... આવું આવું ૧૦મા ધોરણના પ્રશ્નપત્રમાં પણ હોય ત્યારે તેજસ્વિતાની કસોટી બાબતે શી આશા રાખવી ? દસમા ધોરણના પરીક્ષાર્થીને ભાષાના પ્રશ્નપત્રમાં પણ દસ લીટીમાં ઉત્તર આપવાનું કહેવામાં આવે ત્યાં એની પાસે ભાષાની સજ્જતા અને

ભાષાકર્મની શી આશા રખાય ?

આ વર્ષે પરીક્ષા સુધારણાની વિચારણા થઈ છે અને પરીક્ષાના પ્રશ્નપત્રનાં પરિરૂપ બદલવાના નિર્ણયો લેવાયા છે એવું જાણવા મળ્યું છે. વિદ્યાર્થીઓ પોતાની સમજનો ઉપયોગ કરીને લખતા થાય એવું કંઈક ગોઠવાય તો ગોખણપટ્ટી કરવાની વૃત્તિ ઓછી થાય. નિબંધ પ્રકારના જવાબો મેળવી શકાય એવા પ્રશ્નોનું હાલ જે પ્રમાણ છે એના કરતાં વધારે પ્રમાણમાં હોય તો શિક્ષકોને અધ્યાપનકાર્યમાં વધારે શક્તિ રેડવાનું પ્રાપ્ત થાય અને સરવાળે વિદ્યાર્થીઓને ફાયદો થાય.

**મ. પ્રજાપતિ :** ઉચ્ચ શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોવું જોઈએ એમ આપ માનો છો ? ગુજરાતી માધ્યમ હોય તો અંગ્રેજીનું સ્થાન ઉચ્ચ શિક્ષણના અભ્યાસમાં કેવું હોવું જોઈએ ?

**મો. પટેલ :** આ માધ્યમની વાત અને તેની ચર્ચા ૧૯૫૦ પછીની નીપજ છે. ૧૯૫૦ અગાઉ અને તે પછી પણ કેટલાક સમય સુધી ઉચ્ચ શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હતું. પણ એ વખતે આ હકીકત કશી નોંધપાત્ર ન હતી. અંગ્રેજી માધ્યમને લીધે ૧૯૫૦ પહેલાંના વિદ્યાર્થીઓએ ખાસ લાભ મેળવી લીધો એવું પણ ન હતું. હવે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ ન કરવાને લીધે ઘણું ગુમાવવું પડે છે એવો એક ભ્રમ ઊભો થયો છે. અંગ્રેજી માધ્યમનો મોહ રાખનારની નજર સામે ફરી એક જ ઉપલબ્ધિની લાલચ રહે છે – ધાણી ફૂટે એવું અંગ્રેજી બોલતાં આવડ્યું એટલે ઇડરિયો ગઢ જીતી લીધો ! અંગ્રેજીમાં ખૂબ સરસ રીતે બોલવું અને ભણતર પામવું એ બે બાબતો સાવ નિરાળી છે. ભણતરમાં કોઈક વિષય શીખવાનો હોય છે. લક્ષ્ય વિષયનું છે – Subject matterનું, એના contentનું ! ભાષાનું નહીં. ભણતરમાં આ મેળવવાનું છે અને સાથે સાથે એને અભિવ્યક્ત કરવાનું છે. પરભાષા દ્વારા આ મેળવવાનું અથવા પામવાનું કદાચ સરળ હશે, પણ અભિવ્યક્ત કરવાનું એટલું સરળ ન હોય. અહીં યીટ્સનું એક વિધાન યાદ કરવા જેવું છે. એ કહે છે – 'No man can think or write with music and vigour except in his mother tongue.' અંગ્રેજી માધ્યમના મોહવાળા આ અભિવ્યક્તિની બાબતમાં પાછા પડી જાય છે. ભાષાનો ખરેખરો નિખાર તો માણસ પોતાની માતૃભાષામાં જ લાવી શકે. યીટ્સે 'With music and vigour' શબ્દો અમસ્તા નથી વાપર્યા. માધુર્ય અને જોશ માતૃભાષામાં સહજપણે વહ્યાં આવે ! બહુ દૂર સુધી જવાની ક્યાં વાત છે ? બોર્ડની પરીક્ષાનાં કેટલાંક વર્ષોનાં પરિણામ તપાસો. પ્રથમ દસ નંબરમાં ઉત્તીર્ણ

થનારા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી માધ્યમવાળા વિદ્યાર્થીઓ શોધ્યા જડવા
છે. અહીં અભિવ્યક્તિની વાત આગળ આવે છે.

અંગ્રેજી માધ્યમ કરતાં અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવાનો લોભ વધારે ફળદાયી નીવડે છે. એટલે ઉચ્ચ શિક્ષણના અભ્યાસમાં અંગ્રેજી ભાષાના શિક્ષણમાં જેટલો વધારે ભાર મુકાય એટલો વધારે ફાયદાકારક નીવડે.

**મ. પ્રજાપતિ :** શિક્ષક કે લેખક – બંનેમાં આપનો વધુ ઝોક કોના તરફ ?

**મો. પટેલ :** શિક્ષક અને લેખક બંનેના ક્ષેત્રના વિસ્તાર ને સમયફલકમાં ઘણો મોટો તફાવત છે. અલબત્ત, અહીં આપણને જે લેખક અભિપ્રેત છે એ સફળ અને ઊંચા ગજાનો સર્જક છે. શિક્ષક પોતાના મર્યાદિત સંખ્યાના વર્ગોમાં મર્યાદિત સંખ્યાના વિદ્યાર્થીઓને અને મર્યાદિત વર્ગો સુધી પોતાનાં જ્ઞાન અને શક્તિનો લાભ આપે છે. જ્યારે લેખકનો વાચકવર્ગ ઘણીમોટી સંખ્યામાં, ઘણા મોટા વિસ્તારમાં (અસાધારણ શક્તિવાળા લેખકના વાચકો – ભાવકો જુદા જુદા દેશો સુધી પથરાયેલા હોય છે) હોય. વળી, લેખકના જ્ઞાનની પ્રસાદી એના અવસાન પછી પણ એના ભાવકો મેળવતા રહે છે. એટલે મારો કે કોઈનો પણ, ઝોક સર્જન તરફ વિશેષ હોય એ સ્વાભાવિક છે. અલબત્ત, લેખક તરીકે સત્ત્વશીલ હોવું જરૂરી છે.

**મ. પ્રજાપતિ :** ગાંધીજીના વિચારો આજના સમયમાં પ્રસ્તુત ખરા ?

**મો. પટેલ :** ગાંધીજીના વિચારો કોઈ પણ સમયમાં પ્રસ્તુત રહે એવું સત્ત્વ ધરાવે છે. એમના કેટલાક વિચારો તો માત્ર વિચારસરણી નહીં પણ ફિલસૂફીનું રૂપ પામેલા છે. વિચારસરણીઓ પરિવર્તન પામતી રહે છે. ક્યારેક લુપ્ત પણ થઈ જાય છે. બધા 'ઇઝમ' વિચારસરણીઓ છે. એના બદલાવ અને લોપ આપણે જોયેલા છે. પણ ફિલસૂફી કોઈ પણ યુગમાં માનવમાત્ર માટે એકધારી અને એકસરખી રીતે ઉપયોગી છે. ગાંધીજીએ કયા ક્ષેત્ર માટે શું કહ્યું અને તે કેટલું પ્રસ્તુત છે એની ચર્ચા કરવાનું આ સ્થાન નથી. ફક્ત એક વાત અહીં નોંધવી રહી કે ગાંધીજીએ 'હિન્દ સ્વરાજ'માં જે કહ્યું એ જલદી ગળે ઊતરે એવું નથી. પણ એમાં તો ગાંધીજીને સમજવા માટે આપણે વધારે સજ્જતા કેળવવી રહી.

**મ. પ્રજાપતિ :** આપ શ્રેષ્ઠ માનવ કોને ગણો ?

**મો. પટેલ :** માનવના શ્રેષ્ઠત્વની વ્યાખ્યા બાંધવા માટે ભગવદ્ગીતાનો આધાર લેવો પડે. પણ શ્રેષ્ઠ માનવના એક જ લક્ષણનો નિર્દેશ કરવાનો હોય તો હું કરુણા-દયાનો નિર્દેશ કરું. જગતની સર્વ જીવસૃષ્ટિ (વનસ્પતિસહિત) માટે

જેના હૈયામાં દયાભાવ છે તે શ્રેષ્ઠ માનવ છે. એનામાં દયા છે માટે એ બીજાને સમજી શકે છે. અને એના માટે સમભાવ ધરાવે છે. એની તકલીફો કે દુઃખોમાં સમભાગી થવા પ્રેરાય છે. શેક્સપિયરે તો દયાને અનુલક્ષીને કહ્યું છે : "It is an attribute to God Himself."

**મ. પ્રજાપતિ :** આપે આપના વિદ્યાર્થીઓને સાહિત્યસર્જન માટે પ્રેરણા આપી છે ખરી ? સાહિત્યમાં વિશેષ રસરુચિ ધરાવનાર આપના કયા કયા વિદ્યાર્થીઓ ?

**મો. પટેલ :** જે વિદ્યાર્થીઓ મારા સંપર્કમાં હતા એમાંથી ઘણા લખતા થયા. જેમનું ઓછામાં ઓછું એક પણ પુસ્તક પ્રગટ થયું હોય એવા કેટલાક વિદ્યાર્થીઓનાં નામ આ રહ્યાં – શ્રી ભોળાભાઈ પટેલ, રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, પ્રસાદ બ્રહ્મભટ્ટ, દિલીપ રૉય, પ્રકાશ ગજ્જર, ઉપેન્દ્ર રાવળ, ડૉ. એન. જી. પટેલ, માણેકલાલ પટેલ, નટવર પટેલ, મયંક પટેલ, શ્યામલ વગેરે.

**મ. પ્રજાપતિ :** લેખનની શરૂઆત ક્યારે કરી ? પ્રથમ અપ્રકાશિત અને પ્રથમ પ્રકાશિત કૃતિ કઈ ?

**મો. પટેલ :** ગ્રેજ્યુએટ થયા પછી વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. એ અગાઉ ૧૯૪૮ના જાન્યુઆરીમાં 'કેડી' પાક્ષિકમાં બે ટચૂકડી કૃતિઓ એકસાથે પ્રગટ થયેલી. લઘુકથાનાં બીજ કદાચ એમાં પણ જોઈ શકાય. માર્ચ ૧૯૪૯માં 'માનસ સુધા' માસિકમાં 'ભૂરું કાર્ડ' નામની વાર્તા પ્રગટ થઈ અને એ જ વર્ષના સપ્ટેમ્બર માસમાં 'બહાદર' નામની વાર્તા 'નવચેતન'માં જુદા રંગની શાહીમાં અને કનુ દેસાઈ અને કલાબ્ધિ જેવા જાણીતા ચિત્રકારોનાં બે ચિત્રો સાથે પ્રથમ ક્રમે પ્રગટ થઈ. 'ભૂરું કાર્ડ' કે 'બહાદર' મેં હજુ સુધી મારા કોઈ વાર્તાસંગ્રહમાં લીધી નથી. મારી પ્રથમ બે અપ્રગટ વાર્તાઓ 'રૂડી સરવરિયા પાળ' અને 'છગનની ભમર' હતી. એ એ સમયે કોઈ પણ શિષ્ટ માસિકમાં પ્રગટ થઈ શકે એવી હતી, પણ આરંભની કૃતિઓ અંગેની ખોટી ગ્રંથિવશ એને ક્યાંય મોકલી નહીં. પછી તો એ વાર્તાઓ કરતાં ઘણી સારી વાર્તાઓ લખાવા લાગી એટલે એમને પ્રાકટ્ય અર્થે ક્યાંય ન જ મોકલી.

**મ. પ્રજાપતિ :** લેખનની પ્રેરણા કોની પાસેથી મેળવી ?

**મો. પટેલ :** કોઈ અન્ય વ્યક્તિની પ્રેરણાથી મેં કશું ન લખ્યું. જે કંઈ વાંચ્યું એના કારણે એવું લખવા આપોઆપ પ્રેરણા જાગી. જાણીને આશ્ચર્ય થશે, વડોદરા કૉલેજમાં હતો ત્યારે ઘણી વાર કંઈક લખવાની ઇચ્છા થતી. મનમાં એ ગોઠવાતું પણ ખરું, છતાં 'આવું કોઈકે લખ્યું હશે તો ?' ...આવો વિચાર

આવતાં લખવાનું માંડી વાળતો. કોઈકે લખ્યું હોય એવું ન લખવું. એમ કરવાથી કોઈનું અનુકરણ કર્યાની છાપ ઊભી થવાની ભીતિ મનમાં રહ્યા કરતી.

**મ. પ્રજાપતિ :** વાર્તાલેખનના પ્રારંભમાં કથાવસ્તુની પસંદગી સંદર્ભે કોઈ મૂંઝવણ અનુભવેલી ? કથાવસ્તુનું માળખું પહેલેથી મનમાં તૈયાર કરો છો ? આપની દૃષ્ટિએ આપની કઈ વાર્તા ઉત્તમ ?

**મો. પટેલ :** વાર્તાલેખનના પ્રારંભમાં કથાવસ્તુની પસંદગી સંદર્ભે કોઈ મૂંઝવણ અનુભવી નથી. મારા અત્યાર સુધી પ્રગટ થયેલા સંગ્રહો અને એ સિવાય પણ બે સંગ્રહ જેટલી જુદાં જુદાં સામયિકોમાં પ્રગટ થયેલી વાર્તાઓ જોશો તો જણાશે કે મારી વાર્તાનું વસ્તુ ભાગ્યે જ પુનરાવર્તિત થાય છે. કથાવસ્તુનું આખું માળખું તો નહીં, પણ જેમાં જીવનનું રહસ્ય ગર્ભિત હોય એવી કોઈ ઘટના સૂઝે છે. એના આધારે વાર્તાના માળખાનો વિચાર પણ કરી લેવાય છે. ખરું પૂછો તો એ માળખા વિશે વિચાર કરવામાં વાર્તાના અંત વિશેનો વિચાર કરવા માટે મન વધારે કેન્દ્રિત થાય છે. વાર્તા લખતી વખતે અગાઉ વિચારેલું સારુંયે માળખું બદલાઈ પણ જાય. પણ જે અંત વિચાર્યો હોય તે બદલાતો નથી. કઈ વાર્તા ઉત્તમ એ કહેવું અઘરું છે. 'બ્લાઇન્ડ વર્મ' અને 'એમના સોનેરી દિવસો'ને સુવર્ણચંદ્રકો મળ્યા છે. પણ તે તો હરીફાઈમાં હતી એટલે ઉત્તમ ઠરી. 'બૉમ્બ', 'શહીદનો દીકરો', 'શાહમૃગ' મારી પસંદગીની વાર્તાઓ છે. મારા મનમાં ખૂબ વસી ગયેલી વાર્તાઓ 'બૉબ' અને 'શહીદનો દીકરો' છે. એ બેમાં એક જ વાર્તા પસંદ કરવી હોય તો કદાચ હું 'શહીદનો દીકરો' પસંદ કરું. કદાચ આઝાદીની લડતનો સંદર્ભ હોવાના કારણે પણ એના તરફ પક્ષપાત હોય.

**મ. પ્રજાપતિ :** નવલકથાની તુલનામાં ટૂંકી વાર્તાનું સ્વરૂપ આપને વધારે પ્રિય કેમ લાગ્યું ?

**મો. પટેલ :** આનું તો કોઈ સ્પષ્ટ કારણ મનેય જડતું નથી. પણ અનુભવે મને લાગ્યું છે કે મારે જે કહેવાનું હોય છે એને હું ટૂંકી વાર્તામાં વધારે સારી રીતે કહી શકું છું. થોડી જગ્યામાં ખેતી કરનારો ખેડૂત નહીં પણ માળી કહેવાય છે. મને લાગે છે કે ધ્યર્થ (literary idea)ને કલાત્મકરૂપે રજૂ કરવાનું ટૂંકી વાર્તામાં મારા માટે સુગમ બની શક્યું છે એવું મને લાગે છે.

**મ. પ્રજાપતિ :** ટૂંકી વાર્તામાં ઘટના તિરોધાન અંગે આપનું શું મંતવ્ય છે ? ટૂંકી વાર્તામાં ઘટના કે પાત્રો મહત્ત્વનાં ?

**મો. પટેલ :** મારા 'ટૂંકી વાર્તા : મીમાંસા' પુસ્તકમાં ઘટના ઉપર મેં એક આખું પ્રકરણ લખ્યું છે. એમાં મેં એક વાત સ્પષ્ટપણે કહી છે કે વાર્તામાં ઘટનાનું

ઘટના તરીકે કશું મહત્ત્વ નથી. આમ છતાં વાર્તામાં ઘટનાનું હોવું જરૂરી છે. ઘટનાના કારણે જ માનવીનો ચેતોવિસ્તાર થાય છે અને ચેતોવિસ્તાર થતાં ધ્યર્થ – જીવન ફિલસૂફીરૂપી કોઈ વિચાર લાધે છે. સર્જકનું લક્ષ્ય આ ફિલસૂફીનું ભાવકમાં પ્રત્યાયન કરવાનું હોય છે. જે ઘટનાના માધ્યમ દ્વારા જ થઈ શકે. અર્થાત્ ટૂંકમાં કહીએ તો વાર્તામાં ઘટના એ માત્ર એક સાધન છે.

ઘટના અને પાત્ર બાબતમાં પણ હમણાં કહ્યું તેવો જ જવાબ હોઈ શકે. પાત્રનું વ્યક્તિત્વ ઘડવા માટે ઘટનાનો સાધન તરીકે જ ઉપયોગ થઈ શકે. માનવીના વ્યક્તિત્વનું દર્શન આપણને ઘટના દ્વારા જ થાય ને ? માણસ ઉદાર, કંજૂસ, લુચ્ચો, લફંગો, બળિયો, ધીર, ગંભીર, ઠગ આ બધાં પાત્રોનું દર્શન કોણ કરાવે ? અનેક તાવણીઓમાંથી પસાર થઈને તપ્તકંચન જેવો પ્રગટતો માણસ ભાવકના ચિત્ત ઉપર છવાય, પણ પેલી તાવણીઓ એટલે ઘટનાઓ કે બીજું કંઈ ? ઘટના ભલે સાધન હોય પણ એનું મહત્ત્વ સ્વીકાર્યા વિના નહીં ચાલે. ઘટના વિના પાત્રનો વિકાસ નથી એમ કહીએ એટલે ઘટનાની મહત્તા આપોઆપ સ્વીકારીએ છીએ. એટલે સરવાળે પાત્રાલેખનમાં ઘટનાનું પલ્લું ભારે રહે છે એમ સ્વીકારવું રહ્યું.

**મ. પ્રજાપતિ :** ટૂંકી વાર્તાનાં આધુનિક વલણો વિશે આપના વિચારો જણાવશો ? નવી ટૂંકી વાર્તાનું ભવિષ્ય શું ?

**મો. પટેલ :** મલયાનિલથી ટૂંકી વાર્તાના સ્વરૂપનું જે ખેડાણ શરૂ થયું એમાં જુદા જુદા તબક્કે બે અલગ પ્રવાહોમાં બદલાવ અને વળાંકો આવતા રહ્યા છે. આ બે પ્રવાહો એટલે એક વાર્તાવસ્તુનો પ્રવાહ (content) અને બીજો એના રચના-કૌશલનો પ્રવાહ (form). આરંભમાં કથાનું આકર્ષણ રહ્યું. પછી રંગદર્શિતા અને ભાવનાવાદ આવ્યાં. તે પછી વાર્તામાં સ્વાભાવિકતા અને વાસ્તવિકતા મહત્ત્વનાં ગણાયાં. વસ્તુનું આ રીતે રૂપ બદલાતું રહ્યું એવી રીતે એમાં અભિવ્યક્ત થતા જીવનદર્શી વિચારો પણ બદલાતા રહ્યા. અગાઉ કથાના તત્ત્વ સાથે સમાજસુધારા અને રાષ્ટ્રવાદના વિચારોનું પ્રાબલ્ય હતું. એ પછી ગાંધી વિચારસરણી તરફ વિશેષ ઝોક રહ્યો. દલિતો-પીડિતો વાર્તાઓનો વિષય બનતા રહ્યા. આવી રચનાઓ પ્રગતિશીલ સાહિત્ય એવું નામ પામી. એનાં પાણી ઓસર્યાં એટલે વાસ્તવવાદના નામે કશા છોછ વગર સમાજનાં અભદ્ર, અશ્લીલ અને કુત્સિત પાસાંનું ચિત્રણ વિશેષરૂપે થવા લાગ્યું. અને પછી આવ્યો અસ્તિત્વવાદ. આ વિચારસરણીનાં પણ ઝડપથી વળતાં પાણી થયાં અને હવે ઝોક કશા વળગણ વગર શુદ્ધ સાહિત્ય તરફનો થવા લાગ્યો છે. અલબત્ત, આ

બધા બદલાવ અને વળાંકોમાં માનવમન અને જીવન તો કેન્દ્રમાં રહ્યાં જ છે. રચનાકૌશલના પ્રવાહની વાત કરીએ તો આરંભમાં વાર્તા કથાપ્રધાન રહી ત્યાં સુધી એની લખાવટ કથનરીતિની નજીકમાં રહી. પછી ૧થી ૧૦૦ સુધીની વાત કરવામાં ૯૬થી આરંભ કરી ૧૦૦ સુધી પહોંચતાં બાકીના ૯૫ને પીઠ-ઝબકાર અથવા અન્ય કોઈ પ્રયુક્તિથી સમાવી લેવાનું કૌશલ આવ્યું. આમ રહ્યું ત્યાં સુધી વિવેચનમાં વસ્તુસંકલનાનો મુદ્દો મહત્ત્વનો બની રહ્યો. પણ ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં સુરેશ જોષીનો પ્રવેશ થયો એ પછી ટૂંકી વાર્તાના રચનારૂપમાં આખી રચના-વિભાવના બદલાઈ જાય એવો પલટો આવ્યો. સુરેશ જોષીએ પ્રથમ તો 'ઘટનાલોપ'ની વાતથી આરંભ કર્યો પણ એ તો અશક્યવત્ વાત હતી એટલે એમણે ઘટનાના તિરોધાનની વાત કરી. ઘટના નહીં, પણ એમાંથી પ્રગટતાં વમળોનો આધાર લઈને કૃતિનું સર્જન કરવા ઉપર એમણે બધો જ ભાર મૂક્યો. સર્જકોમાં સુરેશ જોષીની એક સ્કૂલ ઊભી થઈ અને ટૂંકી વાર્તાકળાની આ નવી વિભાવનાએ ટૂંકી વાર્તા ઉપર ઉપકાર કર્યો એ જરૂર સ્વીકારીએ, પણ એણે હાનિ પણ ઓછી નથી કરી. નવી વાર્તાનું રૂપ એકધારું બની રહ્યું. એક જ સર્જક પોતે એક વાર જે કાંતી ચૂક્યો હોય એ ફરી ફરી કાંતવા લાગ્યો. વાર્તા દુર્બોધ બનવા લાગી એટલે સર્જક અને ભાવક વચ્ચેનું અંતર વધવા લાગ્યું. વાર્તા જનસમૂહથી દૂર થવા લાગી. વાર્તામાસિકો બંધ થવા લાગ્યાં. નવા પ્રવાહ તરફ ન ઝૂકી શક્યા એવા સારા અને નીવડેલા લેખકો પણ વાર્તા લખતા બંધ થયા. વાર્તાસંગ્રહોના પ્રકાશનમાં પણ ઓટ આવી.

**મ. પ્રજાપતિ :** નવલકથાઓમાં વર્ણિત પ્રણયચિત્રો વિદ્યાર્થીઓમાં માઠી અસર પેદા કરશે તે સંભવિતતાને ધ્યાનમાં લઈ આપશ્રીએ નવલકથાલેખન બંધ કરેલ, જે એકાદ દશકા બાદ પુનઃ ચાલુ કર્યું. આ પાછળ આપની બદલાયેલી વિચારસરણી કે કોઈની શીખ ? આપની દૃષ્ટિએ આપની કઈ નવલકથા ઉત્તમ ?

**મો. પટેલ :** સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યા પછી મેં નવલકથાઓ લખવાનું બંધ કર્યું તે નવલકથાઓમાં વર્ણિત પ્રણયચિત્રો વિદ્યાર્થીઓના મન ઉપર માઠી અસર કરશે એવા ખ્યાલ હેઠળ નહીં, પણ સમાજના લોકોનાં મન ઉપર માઠી અસર કરશે એ ખ્યાલ હેઠળ બંધ કર્યું હતું. હજુ આ સદીમાં પણ લોકોને 'નવલકથા' ઉપર જોઈએ એટલો આદરભાવ નથી. વિપુલ પ્રમાણમાં લખાતી અપરસ અને હલકા પ્રકારની નવલકથાઓના કારણે પણ કદાચ આવી સમજ પ્રવર્તતી હોય. મારી નવલકથાઓમાં પ્રણયચિત્રો પણ ઘણા સંયમપૂર્વક આલેખાયાં છે. આમ છતાં મેં સમાજમાં સામાન્યપણે પ્રવર્તતી સમજ નજર

આગળ રાખી. જે સંસ્થા રાષ્ટ્રીય કેળવણી આપતી અને જ્યાં ગાંધીજીએ આવીને પ્રસન્નતા વ્યક્ત કરી હોય એ સંસ્થાનો જુવાન વડો 'નવલકથાઓ' લખે છે એવો ખ્યાલ સમાજના લોકોને કદાચ આઘાત આપશે એવું માની, જ્યાં સુધી આ સંસ્થાનું સંચાલન કરું ત્યાં સુધી નવલકથાઓ ન રચવી એવું મન સાથે નક્કી કરેલું.

સ્પષ્ટ થશે કે આ નિર્ણય મારી વિચારસરણીનું પરિણામ ન હતું. એટલે વિચારસરણી બદલાવાનો કોઈ પ્રશ્ન, નવલકથાઓનું સર્જન શરૂ કર્યું તે વખતે ન હતો.

નવલકથાઓ ફરી લખવાનું શરૂ કરવા પાછળ ભૂમિકા આ હતી : શ્રી પીતાંબર પટેલ આ સંસ્થાના મંત્રી બન્યા ત્યારે એમણે મારી પ્રથમ નવલકથા 'હેતનાં પારખાં' વાંચેલી અને એમને એમાં પન્નાલાલ પટેલ જેટલી સર્ગશક્તિ દેખાયેલી. વળી, 'ગુજરાત સમાચાર'માં હપતાવાર આવેલી અને પછી પુસ્તકરૂપે પ્રગટ થયેલી મારી 'અંતિમ દીપ' નવલકથાથી એ વાકેફ હતા. વળી, મુંબઈ સરકારે ગુજરાતના ૧૫ લેખકોને વિદર્ભની યોજનાઓના અવલોકન માટે આમંત્ર્યા હતા તે પૈકી એક હું પણ હતો. આ માન એક નવલકથાકાર તરીકેની હેસિયતથી મને મળ્યું હતું એવું એ માનતા હશે. એમણે એક દિવસ કહ્યું : 'તમે નવલકથા લખવાનું બંધ કરો એ ન ચાલે. 'સંદેશ' માટે એક નવલકથા આપો.' પીતાંબર પટેલ એ વર્ષોમાં 'સંદેશ'માં સેવાઓ આપતા હતા અને 'સંદેશ' માટે નવલકથા પસંદ કરવાનું એમને હસ્તક હતું. એમના પ્રેમભર્યા દબાણને લીધે મેં ફરીથી નવલકથા લખવાનું શરૂ કર્યું.

અત્યારે તો મને મારી 'ભાસ-આભાસ' નવલકથા ઉત્તમ લાગે છે. એનો બીજો ભાગ 'રઝળપાટ' છે. બંને ભાગ મળીને થયેલી નવલકથા મારું ઉત્તમ સર્જન મને લાગે છે.

**મ. પ્રજાપતિ :** છાપાંઓમાં હપતાવાર નવલકથા પ્રગટ કરવાનું શું પ્રયોજન ? તેમાં કથાવસ્તુ કે પાત્રાલેખનનું સાતત્ય તૂટી જવાનો ભય નથી લાગતો ?

**મો. પટેલ :** જરા પણ ક્ષોભ કે સંકોચ વગર કહું કે છાપાંઓમાં હપતાવાર નવલકથા પ્રગટ કરવાનું મુખ્ય પ્રયોજન – અર્થપ્રાપ્તિ ! એક અપવાદ સિવાય મારી બધી જ નવલકથાઓ 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'પ્રભાત', 'સમભાવ', 'હમલોગ' વગેરે દૈનિકપત્રોમાં પ્રગટ થઈ છે. એનો પુરસ્કાર પણ સારો મળ્યો છે.

પાછલાં પ્રકરણો સતત નજર આગળ રાખવાથી કથાલેખન કે પાત્રાલેખનનું સાતત્ય તૂટી જવાનો ભય રહેતો નથી.

**મ. પ્રજાપતિ :** કર્ણ વાઘેલાને કેન્દ્રમાં રાખીને આપના પૂર્વે થોડીક ઐતિહાસિક નવલકથાઓ લખાઈ હોવા છતાં કર્ણ વાઘેલાનું વિષયવસ્તુ પસંદ કરીને નવલકથા લખવા પાછળ આપનો શો આશય ? અને તે પણ લાંબો સમયગાળો રાખીને એક પછી એક – 'અંતિમ દીપ' (૧૯૬૦) અને 'લાંછન' (૧૯૯૭) ?

**મો. પટેલ :** મેં કર્ણ વાઘેલાને કેન્દ્રમાં રાખીને આ બે ઐતિહાસિક નવલકથાઓ કેમ લખી એ વિશે બંને પુસ્તકોની પ્રસ્તાવનામાં વિગતે લખ્યું છે. મુખ્ય આશય તો એ કે કર્ણ વાઘેલાને એના ચારિત્ર્ય અને શૌર્ય બાબતે અત્યાર સુધી અપાર અન્યાય થયો છે. એ અન્યાય કંઈક અંશે દૂર થાય એ માટેનો, ઇતિહાસના સાચા આધારો લઈને, મારો પ્રયત્ન હતો. 'અંતિમ દીપ' લખી ત્યારે અગાઉની નવલકથાઓ કરતાં જુદા પ્રકારની આ નવલકથા લખવાનો હેતુ પણ હતો. 'અંતિમ દીપ' એ ઐતિહાસિક ભૂમિકા ઉપર લખાયેલી સામાજિક નવલકથા છે. આ એનું જુદાપણું !

**મ. પ્રજાપતિ :** ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસના પ્રમાણ વિશે આપનું શું મંતવ્ય છે ? બીજા શબ્દોમાં કહું તો કેટલાક વિવેચકો માને છે કે ભોજનમાં ચપટી મીઠાની જેમ ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ તત્ત્વ હોવું જોઈએ. આપ આ સાથે સંમત છો ?

**મો. પટેલ :** ચપટી મીઠાવાળી વાતમાં હું સંમત નથી. જ્યારે તમે ઐતિહાસિક નવલકથા લખવા બેસો અને ઇતિહાસને વેગળો રાખવાની વાત કરો તે કેમ ચાલે ? 'ઐતિહાસિક નવલકથા એ ઇતિહાસ નથી' એવા ખ્યાલમાં રાચતા નવલકથાકારોએ આઘાત આપે એવી હદ સુધી ઇતિહાસ સાથે ચેડાં કર્યાં છે અને એની તોડમફોડ કરી છે, જે ચલાવી શકાય નહીં.

**મ. પ્રજાપતિ :** આપશ્રી નવલકથા અને ટૂંકી વાર્તાનાં પાત્રો અને થીમ કેવી રીતે પસંદ કરો છો ? પાત્રો સાથે તાદાત્મ્ય સાધવા કાંઈ વિશેષ પ્રયાસ કરવો પડે છે ખરો ? કોઈ પાત્ર આપના ઉપર હાવી થયું છે ખરું ?

**મો. પટેલ :** કોઈ સમસ્યા મન ઉપર ઊપસે છે અને એમાંથી નવલકથાનું થીમ મળી રહે છે. સમસ્યા સામાજિક, આર્થિક કે રાજકીય અથવા અન્ય કોઈ હોઈ શકે. સમસ્યાનાં વિવિધ પાસાં જ પાત્રપસંદગીનો નિર્દેશ કરે. કોઈ પાત્ર સાથે તાદાત્મ્ય સાધવાની જરૂર રહેતી નથી. સમસ્યા સાથે એકાકાર થવું ઘટે.

વાર્તાનાં કોઈ પાત્રો ચિત્ત પર કબજો જમાવી શક્યાં હશે, નવલકથામાં એવો કોઈ ખાસ અનુભવ નથી.

**મ. પ્રજાપતિ :** નવલકથા લખવી અઘરી કે લઘુકથા ?

**મો. પટેલ :** આનો જવાબ આપતી વખતે જ્હૉન સ્ટાઈન બૅકનો એક ઉદ્‌ગાર યાદ આવે છે – 'To start a story still scares me to death' જ્હૉન સ્ટાઈન બૅક એક મોટા ગજાનો સર્જક છે. એણે અનેક અત્યંત સુંદર વાર્તાઓ આપી છે. લઘુકથા બાબતમાં પણ આવું હોઈ શકે. કદાચ એટલો તીવ્ર અનુભવ ન હોય તોપણ એનું સર્જન 'ડાબા હાથનો ખેલ' નથી જ. જ્યારે નવલકથાના સર્જનમાં ઘણીબધી ઢીલાશ અને પ્રમાદ ચાલ્યાં જાય છે. અલબત્ત, ફ્લોબેર જેવા સર્જકનું ઉદાહરણ લઈએ તો વાત સાવ જુદી જ બની જાય.

**મ. પ્રજાપતિ :** લઘુકથા લેખનની પ્રેરણા ક્યાંથી મળી ? આપની પ્રથમ લઘુકથા કઈ ?

**મો. પટેલ :** અત્યારે જે સ્વરૂપે લઘુકથા લખાય છે એની પ્રેરણા 'કુમાર'ના તંત્રી બચુભાઈ રાવત પાસેથી મળી. શ્રી બચુભાઈએ લઘુકથા લખવાની પ્રેરણા આપી એની પાછળ ભૂમિકા એ હતી કે ૧૯૫૦ના અરસામાં મારી અર્ધા, પોણા તેમજ એકાદ પાનના વિસ્તારની ચારેક વાર્તાઓ 'કુમાર'માં પ્રગટ થયેલી જે પૈકી 'શાળાનો રિપોર્ટ' અને 'ડબલ સોપારી' વાર્તાઓ આજની લઘુકથામાં ખપે એ રૂપની હતી. આ કૃતિઓના આધારે એક દિવસ બચુભાઈએ કહ્યું : "'કુમાર' માટે એક કૉલમની વાર્તાઓ ન આપો ?" એ વખતે તો મેં વિવેકપૂર્વક એ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. પણ જ્યારે ૧૯૬૧માં સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું અને નવલકથાઓ-વાર્તાઓનું સર્જન બંધ કર્યું ત્યારે બચુભાઈની પેલી દરખાસ્ત યાદ આવી. મેં બચુભાઈને એ વાતની યાદ દેવડાવી અને એમણે રાજી થઈને મને જણાવ્યું, "કુમાર'માં એવી વાર્તાઓ શરૂ કરીએ જ.' મેં આવી કથાઓ એક સ્વતંત્ર સાહિત્યસ્વરૂપ તરીકે ઊભી રહી શકે એ રીતે જ લખવાનું વિચાર્યું અને બચુભાઈએ આવી વાર્તાઓને 'લઘુકથા' નામ આપ્યું. આવી વાર્તાઓ લખવા એમનાં સતત આગ્રહ અને પ્રોત્સાહન રહ્યાં.

મારી પ્રથમ લઘુકથા વિશે થોડો ગોટાળો તો થયો જ છે. મેં કદાચ ચોકસાઈ કર્યા વગર કોઈને 'છાપું' મારી પ્રથમ લઘુકથા હોવાનું કહ્યું હશે એટલે ક્યાંક ક્યાંક એ પ્રથમ લઘુકથા હોવાનું છપાયું છે, પણ 'છાપું' તો જુલાઈ ૧૯૬૪માં છપાઈ હતી. એ અગાઉ તો લગભગ છ લઘુકથાઓ 'કુમાર'માં છપાઈ ચૂકી હતી. અલબત્ત, હવે કોઈ પૂછે તો કહીશ કે મારી પ્રથમ લઘુકથા

'ડબલ સોપારી' હતી જે ૧૯૫૧ના અરસામાં છપાઈ હતી.

**મ. પ્રજાપતિ :** લઘુકથાના પ્રવર્તક તરીકે ગુજરાતી લઘુકથાનું ભાવિ આપને કેવું લાગે છે ? આ સ્વરૂપના વિકાસની કેટલી શક્યતાઓ ?

**મો. પટેલ :** કોઈ ક્ષુદ્ર કે ક્ષુલ્લક ઘટનાને આધારે ચિત્તમાં એકાએક પ્રબળ ભાવપરિસ્થિતિ પ્રગટે, જેનો જીવનના એક જ સંદર્ભે સ્પર્શ હોય, જેનો વિસ્તાર કરવાથી એની તીવ્રતા મોળી પડી જાય – એવી ભાવપરિસ્થિતિમાં પ્રગટેલો એક જ ધ્યર્થ (literary idea) લઘુકથામાં અવતાર પામે ત્યારે, મારી લઘુકથા વિશેની વિભાવના જેવી લઘુકથા રચાય. જલદી ન પકડાય એવી આ પ્રક્રિયા છે. એટલે લઘુકથાનું સર્જન અઘરું ખરું. આના કારણે જેને લઘુકથા કહી શકીએ એવી લઘુકથાઓ બહુ જૂજ લખાય છે. જે લખાય છે એમાં મોટા ભાગે ટૂંકાણમાં લખાયેલી ટૂંકી વાર્તાઓ જ હોય છે. અથવા પ્રસંગકથાઓ હોય છે. એટલે, જો લઘુકથાના સ્વરૂપને બરાબર સમજ્યા વિના જે જથ્થામાં અત્યારે લઘુકથાઓ લખાય છે એ રીતે લખાતી રહેશે તો લઘુકથા કરતાં બીજું જ કંઈક નિપજ્યું હશે. સ્થિતિ છોડ કરતાં નિંદામણ વધારે હોય એવી થઈને રહેશે. આટલા પરથી લઘુકથાના ભાવિ વિશે જે તે તર્ક કરવો રહ્યો.

**મ. પ્રજાપતિ :** આપની દૃષ્ટિએ આપની શ્રેષ્ઠ લઘુકથા કઈ કઈ ?

**મો. પટેલ :** મારી દૃષ્ટિએ સરખા ગુણવાળી અને હું જેને સાચા સ્વરૂપે ઉત્તમ લઘુકથાઓમાં માનું છું તેમાંની કેટલીક આ છે :

ગતિભંગ, ઑનર બોર્ડ, નિગ્રહ, સોડ, છાપું, પાયલાગણ, હિસાબ, પ્રશ્ન, પ્રત્યાલંબન, મૌન, જાકારો, દિગ્ભ્રાન્ત, હવે ક્યારે ?, ખાઈ, વિકલ્પ, ઓરતો, મારિયાની આંખ, હળોતરા, વંધ્ય ઝરણું, સ્પર્શ, જે વાત માએ કરી હતી, અકસ્માત, બાળમજૂર, વહેલી પરોઢનું સપનું, નિલયે જે કર્યું..., વળામણાં વગેરે.

**મ. પ્રજાપતિ :** આપશ્રીએ કેટલાંક જીવનચરિત્રો લખ્યાં છે, તો આપને આત્મકથા લખવાની ઇચ્છા થતી નથી ?

**મો. પટેલ :** અવશ્ય થાય છે. પણ 'મોહનલાલ પટેલ'ની આત્મકથા વાંચવામાં કોને રસ હોય ? દરેક વ્યક્તિના જીવનમાં કેટલુંક તો એવું હોય છે કે અન્ય વ્યક્તિને એ જાણ્યા પછી, એ જાણવા જેવું હતું એમ લાગે. મારો ખ્યાલ એવો છે કે જીવનકથાના કેટલાક પ્રસંગો એવી રીતે આલેખવા કે જે સાહિત્યકૃતિ બને અને આત્મકથાનો હેતુ પણ પાર પાડે.

**મ. પ્રજાપતિ :** કવિતા અને નાટકને આપે સર્જનનું માધ્યમ કેમ બનાવ્યું નહિ ?

**મો. પટેલ :** કયાં કયાં સ્વરૂપોનું સર્જન કર્યું અને ક્યારે કર્યું એમ કહેવું હોય તો કવિતા લખવાની ચેષ્ટા કરી છે અને નાટક પણ લખ્યાં છે. ફિલ્મ માટે સ્ક્રીન-પ્લે પણ ખરો.

થર્ડ (હાલનું સાતમું) ધોરણમાં હતો ત્યારે બે નિબંધ 'આઘે આઘે' અને 'સામે ઘેર' લખેલા. વિદ્યાર્થીની લેખન-પોથી માટેના નહીં, પણ કલ્પનાના સર્જનરૂપે લખાયેલા એ નિબંધ હતા. અમારા એક નિવૃત્ત પોસ્ટ માસ્ટર આજે પણ એ બે નિબંધો યાદ કરે છે. સિક્સ્થ (હાલનું દસમું ધોરણ)માં હતો ત્યારે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. એ વખતે ઇંગ્લૅન્ડનું 'પ્રિન્સ ઑફ વેલ્સ' જહાજ નાઝીઓએ ટૉરપિડોથી ડુબાડ્યું ત્યારે એ ઘટના ઉપર મંદાક્રાન્તા છંદમાં કાવ્ય લખેલું અને એ જ વર્ષે ફળિયામાં એક યુવાન ભાડવાતના મૃત્યુ પર કરુણપ્રશસ્તિ કાવ્ય રચેલું. આ બધી અધિકાર વિનાની ચેષ્ટાઓ હતી એમ સમજું છું. પણ થોડાં વર્ષો પહેલાં એક અછાંદસ રચના કરેલી, મને ગમેલી. મારી કોઈક ડાયરીમાં એ સચવાયેલી છે.

ઘણાં વર્ષો પહેલાં 'જનસત્તા', 'પ્રભાત' વગેરેના દીપોત્સવી અંકો માટે ત્રણેક એકાંકી લખેલાં. કૃષ્ણચંદ્રની 'પેશાવર એક્સપ્રેસ' વાર્તા જે પાછળથી ભારત સરકારે પ્રતિબંધિત કરી હતી એના પર આધારિત 'ખૂન મેં તૈરતી હુઈ લાશેં' નામનું ઠીકઠીક લંબાઈનું નાટક મેં લખેલું. એક વાર્ષિકોત્સવમાં એ ભજવાયેલું. આજના સંજોગોમાં તો એ ભજવી જ ન શકાય. એ નાટકની તો હસ્તપ્રત પણ મારી પાસે સચવાઈ નથી. 'ધરતી' માસિક માટે મેં 'સૂતેલાં હૈયાં' નામનું લાંબું નાટક લખેલું.

બી.એ.ની પરીક્ષા આપ્યા પછી વડોદરાથી પાટણ આવીને મેં 'The Profligate' નામનો સ્ક્રીન-પ્લે અંગ્રેજીમાં લખેલો. એમાં ૪૭ દશ્યો હતાં. આ પ્લેની હસ્તપ્રત એ વખતના 'બરોડા થિયેટર્સ લિ.'ના માલિક સોહરાબ મોદી ઉપર મોકલી આપી હતી. એમણે એ એમની પાસે રાખી હતી અને એમના નિર્ણયની જાણ મને પછીથી કરવાના હતા. પણ પછી તો બરોડા થિયેટર્સ ફડચામાં ગયું અને એ સ્ક્રીન-પ્લેનું ફિલ્મીકરણ ન થઈ શક્યું.

**મ. પ્રજાપતિ :** આપશ્રીએ વિવિધ સાહિત્યસ્વરૂપો જેમ કે ટૂંકી વાર્તા, નવલકથા, લઘુકથા, જીવનચરિત્ર, પ્રવાસવર્ણન, નિબંધ, હાસ્ય અને વિવેચનમાં વત્તાઓછા અંશે પ્રદાન કર્યું છે. આ પૈકી કયા સાહિત્યસ્વરૂપના સર્જનમાં સૌથી વિશેષ આનંદ અનુભવો છો ? કયું સાહિત્યસ્વરૂપ આપને હાથવગું રહ્યું છે ?

**મો. પટેલ :** સૌથી વિશેષ આનંદ ટૂંકી વાર્તાના સર્જનમાં મળે છે. અને

લઘુકથાનું સ્વરૂપ હાથવગું રહ્યું છે.

**મ. પ્રજાપતિ :** આપની કોઈ કૃતિ નાટ્યરૂપાંતરિત થઈ છે ખરી ? અને તે રંગમંચિત થઈ ખરી ?

**મો. પટેલ :** 'એમના સોનેરી દિવસો' ટૂંકી વાર્તા અને 'અંતિમ દીપ' નવલકથાનાં રેડિયો રૂપાંતર થયેલાં છે. 'અંતિમ દીપ'નું એક કલાકનું રેડિયો-રૂપાંતર ભગવત સુથારે કરેલું છે. અને તે અમદાવાદ-વડોદરા સ્ટેશનથી મારી જાણમાં ત્રણ વાર અને મુંબઈ રેડિયો સ્ટેશનથી એક વાર પ્રસારિત થયું હતું. ટી.વી. પરથી નાટ્યરૂપાંતર એક (બે હપતે) ટેલિકાસ્ટ ઈ. સ. ૨૦૧૧માં થયું.

'પ્રજ્ઞાદીપ છગનભા' ચરિત્રગ્રંથ ઉપરથી નાટક લખાયું છે અને ગાંધીનગરની આર. જી. ગર્લ્સ હાઈસ્કૂલની બહેનોએ એને સફળતાપૂર્વક ભજવ્યું છે.

**મ. પ્રજાપતિ :** આપના વ્યક્તિગત જીવનની આપના સાહિત્યસર્જન ઉપર કોઈ પ્રત્યક્ષ યા પરોક્ષ અસર પડી છે ?

**મો. પટેલ :** કોઈ પણ સર્જકના અનુભવજગતની અસર એના સર્જનમાં રહે એ સ્વાભાવિક છે. સર્જક પોતાના અનુભવને સાધારણીકરણનું રૂપ આપવા પોતાના અનુભવમાં ઘણા ફેરફાર કરીને, ક્યારેક એમાં આમૂલ પરિવર્તન કરીને ઉપયોગમાં લે છે. મારી બાબતમાં પણ એ જ પ્રક્રિયા રહી છે.

**મ. પ્રજાપતિ :** સાહિત્યસર્જન અંગે આપના નિકટના સાહિત્યમિત્રોની સલાહ લો છો ? તેમનાં સૂચનોનો અમલ કરો છો ?

**મો. પટેલ :** મારું સાહિત્યસર્જન અત્યંત અંગત રહ્યું છે. કોઈની સલાહ કે કોઈનાં સૂચન લેવાની જરૂર પડતી નથી. એક વિવેચક તરીકેની દૃષ્ટિ પહેલેથી જ કેળવાઈ છે એટલે મારી કૃતિઓનું હું એક તટસ્થ વિવેચકની હેસિયતથી મૂલ્યાંકન કરી લઉં છું. નબળી કૃતિને પારખી લઈ શકું છું. મનમાં કૃતિ વણાતી હોય ત્યારે જ એની પરખ થઈ જાય છે.

**મ. પ્રજાપતિ :** કડી સાહિત્યવર્તુળનો પરિચય આપશો ?

**મો. પટેલ :** ઈ. સ. ૧૯૬૧-૬૨ના અરસામાં એક દિવસ કડીના સર્જકો શ્રી સીતારામ શર્માના નિવાસસ્થાને મળ્યા. અનૌપચારિક રીતે કડીના વાર્તાવર્તુળનો આ આરંભ હતો. પછી આ મિત્રો સાહિત્યગોષ્ઠિ માટે અવારનવાર મળતા રહ્યા. શરૂઆતમાં આ વર્તુળમાં સીતારામ શર્મા, રામજીભાઈ કડિયા, મહેશ દવે, ભગવત સુથાર, રમેશ ત્રિવેદી, દિલીપ રૉય અને હું હતા. પછી સીતારામ શર્માનું અવસાન થયું અને મહેશ દવે અધ્યાપક તરીકે અમદાવાદ

ગયા. ડૉ. બિપીન પરીખ, ઉપેન્દ્ર રાવળ, કાન્તિ રામી અને ચંપકલાલ બારોટ ઉમેરાયા.

વર્તુળમાં સાહિત્યગોષ્ઠિ ઉપરાંત સભ્યોની નવી રચાયેલી કૃતિઓ વંચાતી અને એમના પર ટીકા-ટિપ્પણ અને ચર્ચા થતાં. સભ્યોની વાર્તાઓ જુદાંજુદાં સામયિકોમાં પ્રગટ થતી. એટલે આ વર્તુળ કડી બહાર 'કડી વાર્તાવર્તુળ' તરીકે ઓળખાવા લાગ્યું.

વર્તુળના સભ્યો નવલકથાઓ પણ લખતા હતા. પીતાંબર પટેલે આ વર્તુળને 'આરામ' માટે વહેતી વાર્તા લખવાનું આમંત્રણ આપ્યું ત્યારે વર્તુળે 'આરામ' માટે બે વહેતી વાર્તાઓ (જુદા જુદા સર્જકો દ્વારા રચાતી નવલકથાને શ્રી પીતાંબર પટેલ વહેતી વાર્તા તરીકે ઓળખાવતા હતા) કડીના વાર્તાવર્તુળનું આ બધું સર્જન તો ખરું, પણ એનો પ્રવૃત્તિવિશેષ તો લઘુકથાસર્જનનો.

વર્તુળના સભ્યોની લઘુકથાનો એક સંગ્રહ વર્તુળના સભ્યોએ જ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો. સંગ્રહ તૈયાર થયો. પ્રકાશકનું નામ જોઈએ. સૌએ વર્તુળના મંત્રી તરીકે શ્રી રામજીભાઈ કડિયાને સ્થાપ્યા. સાથે સાથે પ્રમુખ તરીકે મારું નામ નક્કી થયું. વર્તુળ તરફથી પહેલું પ્રકાશન '૪૦ લઘુકથાઓ.'

વર્તુળ હવે વધારે સક્રિય બન્યું. એનો વ્યાપ અને બેઠકો વધતાં રહ્યાં. એક વખત કડી લાયન્સ ક્લબ તરફથી કડીના સર્જકોના બહુમાનનો સમારંભ ગોઠવાયો. આ સમારંભના પ્રમુખસ્થાનેથી કડીના જાણીતા ઉદ્યોગપતિ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી તેમ જ કડી નાગરિક બૅંકના ચેરમૅન શ્રી માણેકલાલ પટેલે કડી વાર્તાવર્તુળને શ્રી મોહનલાલ પટેલના નામ સાથે જોડવાનું સૂચન કર્યું અને જો એમ થાય તો એમણે રૂપિયા એક લાખની સખાવતની જાહેરાત કરી. સૌએ હર્ષભેર આ સૂચનને વધાવી લીધું. લાયન્સ ક્લબ અને અન્ય શુભેચ્છકોએ પણ સૂચિત સાહિત્યવર્તુળને આર્થિક દાન આપવાની જાહેરાત કરી. અને એ જ સભામાં કડી વાર્તાવર્તુળનું નવું 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' નામ આપવાનો સંકલ્પ જાહેર થયો.

કડી નાગરિક બૅંક તરફથી વર્તુળને રૂપિયા એક લાખનું તેમ જ લાયન્સ ક્લબ અને અન્ય શુભેચ્છકો તરફથી સારાં એવાં દાન મળ્યાં અને તા. ૨૬-૨-૧૯૯૬ના રોજ વર્તુળનો નામાભિધાન સમારંભ થયો. વર્તુળ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' બન્યું. વર્તુળે બંધારણ તૈયાર કરી દીધું અને એની રજિસ્ટર્ડ ટ્રસ્ટ તરીકે ઈ-૩૭૧૬ / મહેસાણા તા. ૧૮-૪-૧૯૯૫થી નોંધણી પણ થઈ ગઈ.

નામાભિધાન સમારંભ વખતે જ સાહિત્ય વર્તુળ તરફથી કડીના સર્જકોની લઘુકથાઓ અને અન્ય વિવેચકનોના અભ્યાસલેખોનો ગ્રંથ 'કથાસેતુ' લોકાર્પિત થયો. પ્રકાશન સાહિત્યવર્તુળનું હતું.

શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ તરફથી સાહિત્ય તેમ જ શિક્ષણના ક્ષેત્રમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે, જેમાં ગોષ્ઠિ, સેમિનાર, વર્કશૉપ, પ્રવચનો વગેરેનું આયોજન થયા કરે છે. સાહિત્યવર્તુળ દ્વારા પ્રકાશિત ત્રીજું પુસ્તક 'લઘુકથાવિશેષ' છે જે લઘુકથાના અભ્યાસીઓ અને સર્જકો માટે ઘણું ઉપયોગી સિદ્ધ થયું છે.

હાલ આ સાહિત્યવર્તુળના મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે ડૉ. રમેશભાઈ વ્યાસ સેવાઓ આપે છે.

**મ. પ્રજાપતિ :** આપના સાહિત્યસર્જનમાં આપને કોઈ ખામીઓ લાગી છે ખરી ? પાત્રો દ્વારા આપને બોલવાનું મન થાય છે ખરું ? એ તક તમે ઝડપી લો છો ખરા ?

**મો. પટેલ :** મારી કૃતિઓની મર્યાદા, કૃતિ લખાતી હોય ત્યારે જ ધ્યાનમાં આવી જાય છે. હાથ પર લીધેલી કૃતિ પૂરી કરવાની અધીરાઈ એ મારી મોટી મર્યાદા છે. આના કારણે કૃતિનો ઉપસંહાર જલદી આવી જતો જણાય. ક્યારેક પાત્રોનો પૂરો વિકાસ થાય એ પહેલાં કૃતિનો અંત આવી ગયો હોય. જોકે આ મર્યાદાનો એક ફાયદો એ રહ્યો છે કે રચનામાં દીર્ઘસૂત્રીપણું આવતું નથી. બિનજરૂરી વર્ણનો કે ભાષાકર્મમાં કોઈ ટાયલાંને અવકાશ રહેતો નથી.

પાત્રો દ્વારા હું ભાગ્યે જ બોલું છું. એવી તક ઝડપવાની કદી લાલચ થઈ નથી.

**મ. પ્રજાપતિ :** સાહિત્યસર્જન કરતી વખતે આપ વાચકોને લક્ષમાં રાખો છો ખરા ? વિવેચકોને લક્ષમાં રાખો છો ખરા ?

**મો. પટેલ :** બંને વર્ગને લક્ષમાં રાખું છું, પણ એથી બહુ લાભ થયો હોય કે મારે જે લખવાનું હોય તેમાં ફેર પડ્યો હોય એવું બન્યું નથી.

**મ. પ્રજાપતિ :** આપના સાહિત્યસર્જનથી આપ સંતોષ અનુભવો છો ?

**મો. પટેલ :** હા, સાહિત્યકૃતિ ચિત્તમાં ઉદ્ભવે, કંઈક આકાર લેવા માંડે અને મન સંતોષથી પ્રસન્ન થઈ ઊઠે તો જ એને શબ્દરચનામાં ઉતારું છું એટલે કૃતિ લખાયા પછી અસંતોષનું કોઈ કારણ રહેતું નથી.

**મ. પ્રજાપતિ :** આપના સાહિત્યસર્જનનું વિવેચન થાય છે તેમાં આપને પૂરતો ન્યાય મળ્યો છે તેવું આપને લાગે છે ?

**મો. પટેલ :** લેખક કોઈ કૃતિનું સર્જન કરતો હોય ત્યારે એની સાથે એ ઓતપ્રોત હોય છે. ચેતોવિસ્તાર દ્વારા એને જે સાહિત્યપદાર્થ પ્રાપ્ત થયો હોય એટલા જ પ્રમાણમાં ભાવક કૃતિ સાથે ઓતપ્રોત થતો નથી અને એનો ચેતોવિસ્તાર પણ સર્જક જેટલો ન થયો હોય એવું પણ બને. એટલે વિવેચકને પોતાને જે અને જેટલું પ્રત્યાયિત થયું હોય એને લક્ષમાં રાખીને એ વિવેચન કરે. એટલે વિવેચક તરફથી પોતાને પૂરતો ન્યાય મળ્યો નથી એવું સર્જકને લાગે. મને એવું સતત લાગ્યા કર્યું છે. પૂરતો ન્યાય ન મળ્યાની મારી ફરિયાદ રહ્યા કરી છે. પણ મારી ફરિયાદ એક બીજા પ્રકારની પણ છે અને તે ઉગ્ર છે. કૃતિ વંચાઈ જ ન હોય એટલે એનું વિવેચન જ ન થયું હોય એવું ઘણું બન્યું છે. આ ઉપેક્ષા જ ફરિયાદ માટેનું મોટું કારણ છે. જે વંચાયું છે એનાં સારાં વિવેચન થયાં છે.

**મ. પ્રજાપતિ :** લોકપ્રિયતા એ શ્રેષ્ઠ સર્જનત્વની પારાશીશી છે એમ આપ માનો છો ?

**મો. પટેલ :** ના, લોકપ્રિયતા અને ઉત્તમ સર્જન બે વચ્ચે કોઈ સંબંધ નથી. ઉત્તમ સર્જન લોકપ્રિય હોઈ શકે પણ સર્જન લોકપ્રિય છે માટે ઉત્તમ છે એવું હરગિઝ ન કહી શકાય.

**મ. પ્રજાપતિ :** આપ સાહિત્યસર્જન કરવા બેસો ત્યારે કોઈ ખાસ ટેવ ખરી ? તે દરમિયાન કોઈ વિશેષ જરૂરિયાત ? ઊંઘમાં સાહિત્યસર્જન વિશે વિચારો આવે ખરા ? કોઈ વાર રાત્રે અચાનક જાગીને લખવા બેસો એવો આપને અનુભવ થયો છે ખરો ?

**મો. પટેલ :** સાહિત્યસર્જન વખતે કોઈ ખાસ ટેવ નથી. કશી વિશેષ જરૂરિયાત પણ હોતી નથી. ઊંઘમાં સાહિત્યસર્જન વિશેના વિચારો આવતા નથી. ૬૦ વર્ષના સર્જનકાળમાં એકાદ-બે વખત એવો અનુભવ થયો હશે એ તો એક નૈસર્ગિક પ્રક્રિયાનું પરિણામ. ઊંઘ સાથે સર્જનને કોઈ સંબંધ નથી. રાત્રે અચાનક જાગીને કદી લખવા બેસતો નથી. ઊંઘ ઊડી ગઈ હોય અને કોઈ કૃતિ વિશે વિચાર આવે અથવા નવી સ્ફુરણા થાય તોપણ ઊઠીને લખવા બેસતો નથી. યાદ રહે તો સવારે લખાય.

**મ. પ્રજાપતિ :** ગુજરાતી સર્જકો પૈકી આપને વિશેષ ગમતા હોય તેવા કોણ કોણ સર્જકો અને તેની કઈ કઈ કૃતિઓ ? આ સર્જકો અને તેમની કૃતિઓનો આપના સર્જન ઉપર કોઈ પ્રત્યક્ષ અથવા પરોક્ષ પ્રભાવ ખરો ?

**મો. પટેલ :** આ પ્રશ્નોના જવાબ આપવા થોડા મુશ્કેલ છે. કોઈ ખાસ

પસંદગીના લેખક હજુ સુધી તારવ્યા નથી. બધા લેખકોનું બધું સર્જન ગમે એવું ન પણ હોય. જ્યારે જે વંચાતું હોય તે વખતે તે ગમે તો તેટલા વખત પૂરતો એ લેખક પ્રિય. આમ છૂટક છૂટક ઘણા લેખકો પ્રિય બન્યા છે અને એમની કેટલીક કૃતિઓ ગમી છે. કોઈનો મારા સર્જન ઉપર પ્રભાવ નથી.

**મ. પ્રજાપતિ :** કયા કયા સાહિત્યકારો અને તેમની કઈ કઈ કૃતિઓથી આપ વિશેષ પ્રભાવિત થયા છો ?

**મો. પટેલ :** ભારતીય સાહિત્યકારોમાં સૌથી વહેલો પ્રભાવિત થયો શરદબાબુથી. અગાઉ કહ્યું તેમ થર્ડ (સાતમું) સ્ટાન્ડર્ડમાં હતો ત્યારે એમની 'પથેર દાબી (અપૂર્વ ભારતી)' નવલકથા વાંચેલી એ પછી તો એમની લગભગ બધી જ લાંબી વાર્તાઓ (કાશીનાથ, સ્વામી, ગર્વખંડન' છોટાભાઈ વગેરે) વાંચી ગયો હતો. 'સ્વામી' વાર્તાના પુરસ્કારરૂપે શરદબાબુને તંત્રીશ્રી (ચિત્તરંજન દાસ) તરફથી કોરો ચૅક મળેલો એટલી એ પ્રભાવક વાર્તા છે. નવલકથાઓમાં લઘુનવલ 'પલ્લી સમાજ' પણ ખૂબ ગમેલી અને 'દેવદાસ'ની અસર નીચે પણ ઘણો સમય રહેવાયું. નવલકથામાં પણ ખરેખરો પ્રભાવ તો 'શ્રીકાન્ત'નો !

ટાગોરના પ્રભાવ વિશે બે મત હોઈ શકે નહીં. સર્વ વિદ્યાલયના પુસ્તકાલયમાંથી યીટ્સની પ્રસ્તાવનાવાળું 'ગીતાંજલિ' વારંવાર વાંચેલું. એવી જ રીતે એમની વાર્તાઓ પણ ખૂબ વાંચેલી. 'ગોરા' નવલકથાનો પ્રભાવ વિશેષ.

વાર્તાઓ માટે 'બનફૂલ'ને વાંચ્યા. આપણા વાચકોમાં ઓછા જાણીતા છતાં શક્તિશાળી વાર્તાકાર શરદેન્દુ બંદોપાધ્યાયનો વાર્તાસંગ્રહ 'મરુભૂમિમાં' (રમણીક મેઘાણીનો અનુવાદ) બચુભાઈ રાવતે મને મારી એલએલ.બી.ની પરીક્ષાના પાંચેક દિવસ અગાઉ વાંચવા આપેલો. એ સંગ્રહનો પ્રભાવ એવો રહેલો કે પરીક્ષાનું વાંચવાનું બાજુએ રાખીને એ પૂરો કરેલો.

મરાઠી સાહિત્યકાર વિ. સ. ખાંડેકરને વાંચવા બહુ ગમતા. એમનો 'કેવડાના કાંટા' નામનો સંગ્રહ (ગુજરાતી અનુવાદ) સૌ પહેલાં વાંચવામાં આવેલો. એનો પ્રભાવ આજે પણ છે. 'યયાતિ' અને 'દોન ધ્રુવ' નવલકથાઓ રસપૂર્વક વાંચેલી. 'દોન ધ્રુવ' પ્રગટ થઈ ત્યારે તે અત્યંત લોકપ્રિય બની હતી. આધુનિક મરાઠી સાહિત્યમાં લક્ષ્મણ ગાયકવાડની આત્મકથારૂપ પુસ્તક 'ઉઠાઉગીર' ખૂબ ગમ્યું.

અને હિન્દી સાહિત્યમાં સીતાકાંત મહાપાત્રનો કાવ્યસંગ્રહ 'શબ્દોનું આકાશ' સારો પ્રભાવ મૂકી ગયો.

અનંત મૂર્તિની અંગ્રેજીમાં 'સંસ્કાર' નવલકથા પણ ચિત્ત ઉપર ઘેરી છાપ

મૂકી ગઈ હતી.

**મ. પ્રજાપતિ :** આપને ગમતા વિદેશી સાહિત્યકારો કયા કયા ? અને તેમની કઈ કઈ કૃતિઓ ગમી ?

ઉત્તર આરંભનાં પ્રકરણોમાં સમાવિષ્ટ છે.

**મ. પ્રજાપતિ :** ભારતીય અને પાશ્ચાત્ય ધર્મગ્રંથોનું વાચન કરો છો ખરા ? આ ગ્રંથોનો આપનાં જીવન અને સાહિત્યસાધનામાં કોઈ પ્રભાવ ખરો ?

**મો. પટેલ :** એક ભારતીય અને ભારતીય સંસ્કૃતિના ચાહક તરીકે ભારતીય ધર્મગ્રંથોનું શક્ય એટલા પ્રમાણમાં વાચન કર્યું છે. આચાર્ય શ્રી વિષ્ણુદેવ પંડિતે લખેલી વેદ પરિચય પુસ્તિકાઓ પ્રબળ ઉત્સુકતા અને જિજ્ઞાસાથી વાંચી છે. સ્વામી ચિન્મયાનંદજીનાં ઉપનિષદ્ પરનાં અંગ્રેજી પુસ્તકોમાંથી માંડુક્ય ઉપનિષદ્, કઠોપનિષદ્, કેનોપનિષદ્ વગેરે છ પુસ્તકો અભ્યાસની દૃષ્ટિએ વાંચ્યાં છે. ભગવદ્ગીતા મૂળરૂપે સંસ્કૃતમાં નિયમિત પાઠ કરવાનું રાખ્યું છે અને ગીતા વિશે ઉપલબ્ધ સમજૂતી, ટીકા વગેરે જે પ્રાપ્ત થતાં તે વાંચ્યાં છે. 'ક્રાઇસ્ટ ઍન્ડ ક્રિષ્ણ' પુસ્તક તુલનાત્મક દૃષ્ટિએ એક ગોરા પાદરીએ લખ્યું છે તે મનનીય લાગ્યું. સ્વરૂપદાસ ગોસ્વામીનું 'રીડિંગ્ઝ ઇન વેદિક લિટરેચર' સરળ સમજૂતી સાથે લખાયું છે. ખૂબ ગમ્યું. રામાયણ અને મહાભારત સંક્ષિપ્ત રૂપમાં તો વંચાયાં જ હોય ને ? નાનાભાઈ ભટ્ટનાં રામાયણ અને મહાભારતનાં પાત્રોનું વાચન પણ કર્યું છે. સહજાનંદ સ્વામીએ પાંચ પ્રકરણ જેટલી લંબાઈના પાંચ પત્ર રૂપમાં લખેલું 'વેદરસ' પુસ્તક બહુ ધ્યાનથી વાંચ્યું છે અને એના સારરૂપે મેં 'વેદરસની વિભાવના' પુસ્તિકા લખી છે. સ્વામીનારાયણ સંપ્રદાયનું ઠીકઠીક સાહિત્ય વાંચ્યું છે અને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામીનાં જીવનચરિતરોનાં પુસ્તકો પણ મેં લખ્યાં છે.

જૈન ધર્મના ભક્તામરસ્તોત્રનો અભ્યાસ કર્યો છે અને એનો અંગ્રેજી અનુવાદ પણ મેં કર્યો છે.

ધર્મવિષયક સાત્ત્વિક પુસ્તકોના શ્રદ્ધાપૂર્વકના વાચનના કારણે જીવન પર પ્રભાવ પડે એ સ્વાભાવિક છે. મારા પર પણ એનો પ્રભાવ ખરો.

**મ. પ્રજાપતિ :** આપ સાહિત્યમાં અપાતા પુરસ્કારો અને ઍવૉર્ડોમાં વિશ્વાસ રાખો છો ?

**મો. પટેલ :** વિશ્વાસ રાખું છું પણ ખરો અને નથી પણ રાખતો. બંને વલણો માટે મારી પાસે પૂરતાં ઉદાહરણ છે. પણ અહીં એની છણાવટ ન કરવામાં ઔચિત્ય રહેલું છે.

**મ. પ્રજાપતિ :** આપે અન્ય ભાષાઓમાંથી કોઈ કૃતિઓના ગુજરાતીમાં અનુવાદ કર્યા છે ?

**મો. પટેલ :** હા, મોપાસાંની વાર્તાઓના અંગ્રેજી અનુવાદમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યા છે અને એ પુસ્તકરૂપે પ્રગટ થયા છે. પુસ્તકનું નામ છે : 'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ' કેટલીક અંગ્રેજી ટૂંકી વાર્તાઓના પણ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યા છે.

સાથે સાથે વધારામાં એ પણ કહું કે ગુજરાતી પુસ્તકોમાંથી અંગ્રેજી અનુવાદ પણ મેં કર્યા છે. 'મિલેનિયમ હિસ્ટરી ઑફ પાટણ' જે ગુજરાતનો ઇતિહાસ છે એનો અંગ્રેજી અનુવાદ કર્યો છે જે નેહજ પબ્લિકેશનના એક દળદાર પુસ્તકના ભાગરૂપે એમાં સમાવાયો છે. અગાઉ કહ્યું તેમ 'ભક્તામરસ્તોત્ર'નો અંગ્રેજી અનુવાદ પણ કર્યો છે.

**મ. પ્રજાપતિ :** 'લાંછન' વાંચ્યા પછી પ્રતીત થાય છે કે આપના પાટણ પ્રત્યેના પ્રગાઢ પ્રેમને લઈ કર્ણ વાઘેલાને લાગેલું લાંછન ધોવા આપશ્રીએ 'લાંછન' નવલકથાની રચના કરી છે.

**મો. પટેલ :** પાટણ પ્રત્યે ગાઢ પ્રેમ છે એ ખરું પણ એ કારણે જ કર્ણ વાઘેલાને લાગેલું લાંછન દૂર કરવા 'લાંછન' નવલકથા લખી છે એમ કહેવું બરાબર નહીં ગણાય. એ નવલકથા તો ઇતિહાસના એક વિદ્યાર્થી તરીકે ગુજરાત અને પાટણના ઇતિહાસનો અભ્યાસ કર્યા પછી અને વિવિધ સંશોધનલેખો વાંચ્યા પછી કર્ણદેવ વાઘેલાને થયેલા અન્યાયની પ્રતીતિ થઈ એના કારણે લખાઈ. દંતકથાઓ, રાસા, પવાડાના કારણે કર્ણ વિશે ઊભી થયેલી ગેરસમજ દૂર કરવાનો હેતુ આ નવલકથા લખવા પાછળ ખરો. આ અંગેની ભૂમિકા મેં એ જ નવલકથાની પ્રસ્તાવનામાં વિસ્તારપૂર્વક લખી છે.

**મ. પ્રજાપતિ :** આપે બે વખત અમેરિકાનો પ્રવાસ કર્યો હોઈ પાશ્ચાત્ય સંસ્કૃતિને નજીકથી જોઈ શક્યા છો. આપણા દેશમાં પ્રસંગોપાત્ત પાશ્ચાત્ય સંસ્કૃતિનાં વગોવણાં જોવા મળે છે, તે સંદર્ભે પાશ્ચાત્ય સંસ્કૃતિ નજીકથી નિહાળી શક્યા હોઈ અને ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસના અભ્યાસી હોવાના નાતે આપ જણાવશો કે પાશ્ચાત્ય સંસ્કૃતિની વગોવણી કેટલે અંશે ઉચિત છે ? ભારતીય સંસ્કૃતિ શ્રેષ્ઠ છે તેમ માનવું એ આત્મશ્લાઘા કે અન્ય સંસ્કૃતિઓ પ્રત્યેના પર્યાપ્ત જ્ઞાનનો અભાવ ગણાવી શકાય ?

**મો. પટેલ :** જ્યારે આપણે સંસ્કૃતિની વાત કરીએ છીએ ત્યારે આપણે આપણી મૂળભૂત વૈદિક સંસ્કૃતિ તેમ જ રામાયણ-મહાભારતકાલીન સંસ્કૃતિનું

ગાણું ગાયા કરીએ છીએ અને આપણે એ સંસ્કૃતિમાં પુરાણકાળ દરમિયાન અને એ પછી કેટલીક વિકૃતિઓ પ્રવેશી ગઈ છે એ તરફ લક્ષ આપતા નથી. અમેરિકાની મિસ મેયોએ ભારતનો પ્રવાસ કર્યો પછી એણે 'મધર ઇન્ડિયા' પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકને ગાંધીજીએ 'ડ્રેઇન ઇન્સ્પેક્ટર્સ રિપોર્ટ' એટલે કે ગટર નિરીક્ષકનો અહેવાલ કહ્યો હતો. આમ છતાં ગાંધીજીએ આ પુસ્તકને ભારતવાસીઓએ વાંચવા જેવું કહ્યું હતું; કરાણ કે એ પુસ્તકમાં આપણી સંસ્કૃતિમાં પેસી ગયેલી વિકૃતિઓનાં ભરપૂર વર્ણનો છે. ઉદાહરણ તરીકે એ પુસ્તકમાં મિસ મેયોએ પદ્મપુરાણમાંથી સ્ત્રીની હાલત વિશેના કેટલાક ફકરા ટાંક્યા છે જેમાંનો એક આ પ્રમાણે છે : ''એનો (સ્ત્રીનો) પતિ ભલે વિકૃત અંગોવાળો હોય, વૃદ્ધ હોય, ચારિત્ર્યભ્રષ્ટ હોય, અશક્ત હોય, ઘાતકી રીતભાતવાળો હોય, રોગિષ્ઠ હોય, અનૈતિક હોય, દારૂડિયો હોય, જુગારી હોય, વેશ્યાગમન કે પરદારાગમન કરનારો હોય, ઘર માટે જરા પણ લાગણી ધરાવતો ન હોય, પાગલની જેમ લવારા કરતો હોય, પ્રતિષ્ઠા વિનાનો હોય, આંધળો હોય, બહેરો હોય, બોબડો કે લૂલો-લંગડો હોય, ટૂંકમાં કોઈ પણ પ્રકારની દુષ્ટતા ધરાવતો હોય, સ્ત્રીએ પોતાના પતિને પરમેશ્વર તરીકે જોવો જોઈએ. એના ચારિત્ર્ય તરફ લક્ષ આપ્યા સિવાય એની સર્વ પ્રકારે સેવા કરીને એને પ્રસન્ન કરવો જોઈએ.''

આવી અનેક વિકૃતિઓ આપણી સંસ્કૃતિમાં પ્રવેશેલી છે. એનો વિચાર કરીએ તો આપણી સંસ્કૃતિ શ્રેષ્ઠ છે એવા આપણા ખ્યાલમાં બદલાવ આવ્યા વિના ન રહે.

સંસ્કૃતિઓની તુલના કરતી વખતે અન્ય પ્રજાની સંસ્કૃતિનું હાલનું ચિત્ર લઈએ અને આપણી સંસ્કૃતિનું પુરાણું ચિત્ર લઈએ એ કેમ ચાલે ?

એક વાત સાચી છે કે આપણી સંસ્કૃતિની આધ્યાત્મિક શ્રેષ્ઠતા હજુ અકબંધ જળવાઈ રહી છે. પશ્ચિમની સંસ્કૃતિમાં ભૌતિકવાદની બોલબાલા છે. આ બે ક્ષેત્રની તુલનામાં આપણું શ્રેષ્ઠત્વ ખરું. બાકી, પશ્ચિમની સંસ્કૃતિમાં એવી કેટલીય બાબતો છે જે આપણી એ પ્રકારની બાબતો કરતાં ચઢિયાતી છે. આ બાબતોના પર્યાપ્ત જ્ઞાનના અભાવે આપણે પશ્ચિમની સંસ્કૃતિનું વગોવણું કરીએ છીએ.

('મોહનલાલ પટેલ અધ્યયનગ્રંથ' (૨૦૦૧)માંથી ટૂંકાવીને સાભાર)

■

# શ્રી મોહનલાલ પટેલનું લેખન-સર્જન

**નવલકથા :**

૧. હેતનાં પારખાં (૧૯૫૭-૧૯૬૩) પ્રકાશ સાહિત્ય ભંડાર, અમદાવાદ, રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ
૨. ખાલી ખેપ (૧૯૫૯) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ
૩. અંતિમ દીપ (૧૯૬૦) ભારતીય સાહિત્ય સંઘ, અમદાવાદ (૨૦૦૧) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ
૪. સાંજ ઢળે (૧૯૭૬) વૉરા ઍન્ડ કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૫. જલતા હિમગિરિ (૧૯૭૭) વૉરા ઍન્ડ કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૬. શમણાં ન લાગે હાથ (૧૯૭૯) શ્રી હરિહર પુસ્તકાલય, સુરત
૭. નયન શોધે નીડ (૧૯૮૧) શ્રી હરિહર પુસ્તકાલય, સુરત
૮. ટહુકે પંખી કોઈ ઘટામાં (૧૯૮૧) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૯. રણમાં છાઈ શ્યામ ઘટા (૧૯૮૨) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૦. પડદા જરી-કિનખાબના (૧૯૮૫) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.
૧૧. અંધારી રાતના ઓળા (૧૯૮૫) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૨. ભાસ-આભાસ (૧૯૮૭) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૩. રઝળપાટ (૧૯૮૯) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૪. સૂકી સરિતા, ભીના તટ (૧૯૯૪) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

૧૫. ઘૂઘવે નિર્જળ દરિયો (૧૯૯૫) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૬. લાંછન (૧૯૯૭)* આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૭. ભવપ્રપંચ (૧૯૯૮) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૮. ડેડ એન્ડ (૨૦૦૦)* આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૯. દિયર-ભાભી (૨૦૦૩) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૨૦. બંધન (૨૦૦૫) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

**વાર્તાસંગ્રહ :**

૧. હવા, તુમ ધીરે બહો ! (૧૯૫૪) રવાણી પ્રકાશનગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ
૨. વિધિનાં વર્તુળ (૧૯૫૬) ચેતન પ્રકાશનગૃહ, ગોરેગાંવ, મુંબઈ
૩. ટૂંકા રસ્તા (૧૯૫૮) ચેતન પ્રકાશનગૃહ, ગોરેગાંવ, મુંબઈ
૪. મોટી વહુ (૧૯૬૬) ભારતી સાહિત્યસંઘ, અમદાવાદ-૧
૫. પ્રત્યાલંબન (૧૯૭૦)* વૉરા ઍન્ડ કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૬. ક્રૉસરોડ (૧૯૮૨) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૭. મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ (૧૯૮૮, ૧૯૯૦) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૮. મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ (અનુવાદ) (૧૯૯૧) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧૨
૯. મત્સ્યવેધ (૧૯૯૮) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૧૦. તણખલાનો તરાપો (૨૦૦૧) ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ
૧૧. મોહનલાલ પટેલની પ્રતિનિધિ વાર્તાઓ (૨૦૧૧) શબ્દલોક પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.
૧૨. જગપ્રસિદ્ધ વાર્તાઓ (૨૦૧૩), બીજી આવૃત્તિ, ૨૦૧૫, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ
૧૩. રણખજૂરીની છાયામાં (૨૦૧૪) રન્નાદે પ્રકાશન, અમદાવાદ

**લઘુકથા :**

૧. ઝાકળમાં સૂરજ ઊગે (૧૯૯૧)* આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૨. ૯૯ લઘુકથાઓ (૨૦૦૧) હર્ષ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૩. વિકલ્પ (૨૦૦૩) ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

**નિબંધસંગ્રહ :**

૧. હાસ્યઝરુખે બેઠકે (૧૯૯૪) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૨. યક્ષકર્દમ (૧૯૯૭) હર્ષ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૩. હસતાં હસતાં (૨૦૦૬) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૪. હાસ્યમર્મર (૨૦૦૭) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૫. વેદરસની વિભાવના (૧૯૮૨) અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ-૪

**પ્રવાસ :**

૧. ગુડમૉર્નિંગ, અમેરિકા (૧૯૮૪) અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ-૪

**વિવેચન :**

૧. ટૂંકી વાર્તા : મીમાંસા(૧૯૭૯) ગુજરાત સરકારની આર્થિક સહાય દ્વારા લેખક પોતે
૨. સાહિત્યસંકેત (૨૦૦૧) ગુજ. સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા લેખક પોતે
૩. ટૂંકી વાર્તા : આસ્વાદ (૨૦૦૩) ગુજ. સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા લેખક પોતે
૪. લઘુકથા : સ્વરૂપપરિચય (૨૦૦૭) ગુજ. સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા લેખક પોતે
૫. વાગ્વૈભવ : ગુજ. સાહિત્ય અકાદમી આર્થિકની સહાય દ્વારા લેખક પોતે
૬. ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન (૨૦૧૭) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

**સંપાદન :**

૧. ૪૦ લઘુકથાઓ (૧૯૮૪) સાહિત્ય વર્તુળ, કડી
૨. ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ (૧૯૮૫) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૩. કર્મચૂડામણિ માણેકલાલ (૨૦૧૦) શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ, કડી, (અન્યોના સહયોગમાં).

**શૈક્ષણિક :**

૧. નિબંધલેખન (૧૯૯૨) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૨. ભૂગોળપરિચય (૧૯૯૩) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૩. ગદ્ય આસ્વાદ (૧૯૯૪) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૪. ગુજરાતી ગદ્ય સમીક્ષા (૧૯૯૪) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૫. ગદ્ય પરિમલ (૧૯૯૫) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧
૬. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ) (૨૦૧૫), સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી.

**સામાન્ય જ્ઞાન :**

૧. ભૌગોલિક જ્ઞાનવિજ્ઞાન શ્રેણી (૬ પુસ્તકોનો સંપુટ) (૧૯૯૭) આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

**ધાર્મિક :**

૧. વેદરસની વિભાવના (૧૯૮૦) બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થા, અમદાવાદ.

**આત્મકથા :**

૧. ટાઇમ કૅપ્સ્યૂલ (ઈ. સ. ૧૯૨૭થી ૨૦૧૨), (૨૦૧૩). મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ.

**ચરિત્ર :**

૧. પ્રજ્ઞાદીપ છગનભા (૧૯૮૯)* સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (ઉ.ગુ.)
૨. વેદરસની વિભાવના : અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ-૪
૩. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (૧૯૯૧) અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ-૪
૪. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ (૧૯૯૫) અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ-૪
૫. મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો (૧૯૯૮) મહેસાણા-પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિક સંઘ, પાટણ

૬. ધ્રુવતારક શ્રી મોહનલાલ પટેલની જીવનકથા (૨૦૧૩), સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી.
૭. માનવહિતૈષી રામભાઈ (૨૦૧૮) કોટલ ફાર્મા, અમદાવાદ.

**અંગ્રેજી પુસ્તકો :**

૧. The Profligate (૪૭ દશ્યોમાં સ્ક્રીન-પ્લે) અપ્રકાશિત
૨. Millennium History of Patan (૨૦૦૧) પ્રકાશક : નેહજ એન્ટરપ્રાઇઝ, મુંબઈ
૩. Bhaktamara Stotra (માનતુંગ સુરીશ્વરજી રચિત સ્તોત્રનો અંગ્રેજી અનુવાદ) પ્રકાશક : નેહજ એન્ટરપ્રાઇઝ, મુંબઈ
૪. Jay Hind Readers – Book-૩ અશોક બુક ડીપો, અમદાવાદ-૩૮૦૦૦૧

**સંદર્ભ :**

૧. મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ (૨૦૦૧) રંગદ્વાર પ્રકાશન, યુનિવર્સિટી પ્લાઝા, અમદાવાદ-૧૫
૨. મોહનલાલ પટેલ (વ્યક્તિવિશેષ : અમૃતગ્રંથ) (૨૦૦૧) મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ
૩. મોહનલાલ પટેલ : સર્જનવિશેષ (૨૦૦૫) રંગદ્વાર પ્રકાશન, યુનિવર્સિટી પ્લાઝા, અમદાવાદ-૧૫

---

* આ નિશાનીવાળાં પુસ્તકો રાજ્ય સરકાર – ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત છે.

■

# કેટલાક અભિપ્રાયો / પ્રતિભાવો

આત્મકથાકારમાં જે નિખાલસતા જોઈએ તે આપનામાં સારી પેઠે હોવાનું પ્રતીત થાય છે.

મારી દૃષ્ટિએ આ પુસ્તક માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં પણ ભારતીય ભાષામાં ચરિત્રાત્મક સાહિત્યમાં પણ શ્રેષ્ઠ ગણાશે.

– તખ્તસિંહ પરમાર (તા. ૧૯-૯-૨૦૧૩)

*

આ પુસ્તક લખીને આપે એક સારું કાર્ય કર્યું છે. નવલકથા-ટૂંકી વાર્તાના લેખનની હથોટીના કારણે જ કદાચ આપે આત્મકથાને ખૂબ જ રસપ્રદ બનાવી છે. વિગતોનો ક્યાંય ભાર લાગતો નથી, કથાપ્રવાહ ક્યાંય અટકતો નથી અને પ્રસંગો સતત ગૂંથાતા આવતા હોવાથી વાચનમાં સતત રસ પડે છે. પાટણ વિશેનું પ્રકરણ ઉમેરાયું તેનાથી પુસ્તકની શોભા વધી છે. વિદ્યાર્થીજીવન, શિક્ષણપ્રવૃત્તિ અને કૌટુંબિક-સામાજિક જીવન સુરેખ રીતે આલેખાયાં છે. સર્જનાત્મક કાર્યને પણ આપે પૂરતો ન્યાય આપ્યો છે. અલપ-ઝલપ દેખાતું પાત્ર પણ ઘણી વાર યાદ રહી જાય તેવું બનતું રહ્યું છે.

આચાર્યપદ પદ, વિદ્યાગુરુઓ વગેરેમાં મને ખૂબ રસ પડ્યો. એવું જ આગળ વિદ્યાર્થી – છાત્રાલય જીવન પણ રસપ્રદ જણાયું.

લેખન-સર્જન વિશેના ૨૨મા પ્રકરણમાં આપે ઘણી રસપ્રદ વિગતો આપી છે.

આમ આત્મકથા તરીકે 'ટાઇમ કેપ્સ્યૂલ' ખૂબ જ સંતર્પક ગ્રંથ છે. તે એક સારી સાહિત્યકૃતિ બનેલ છે. અને તેમાં સારું એવું દસ્તાવેજીકરણ થયું છે.

– ગંભીરસિંહ ગોહિલ (તા. ૨૭-૮-૨૦૧૩)

*

આપની આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ' મને મળ્યા પછી એકી બેઠકે આજે જ પૂરી કરી છે. મને લાગે છે કે સંસ્કારનગરી પાટણ અને આપનું સમગ્ર વિલક્ષણ વ્યક્તિત્વ આત્મકથામાંથી અત્યંત સાહજિક રીતે આકારિત થવા પામ્યું છે. જૈફ વયે આટલી ઉમદા કોટિની આત્મકથા સાહિત્યજગતને આપવા માટે મારા અને અમારા પરિવારના લાખ લાખ અભિનંદન અને ધન્યવાદ.

– ડૉ. વિનાયક રાવલ (તા. ૨૪-૭-૨૦૧૩)

*

તમારી આત્મકથા વાંચીને પ્રસન્ન-અતિ પ્રસન્ન સરસ, સુંદર સર્જનાત્મક આલેખન : મજા મજા આવી.

– રમણ પાઠક 'વાચસ્પતિ' (તા. ૩૧-૮-૨૦૧૩)

*

આમ તો આત્મકથા, આત્માનુરાગના આલાપનું ગુંજન કરતો પ્રકાર મોટા ભાગે બની રહે પણ કેળવણીકાર, સાહિત્યસર્જક શ્રી મોહનલાલ પટેલની આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ' એક સુખદ અપેક્ષિત અપવાદ છે. એક જાગ્રત શિક્ષક અને સંવેદનશીલ લેખક પોતાના જીવનકાળમાં સંવર્તે તો કેવી રીતે રીતે-ભાતે એનું ઉદાહરણ અહીં પ્રસ્તુત એક પ્રકરણ (ઍવૉર્ડ નહીં, સુખડનો હાર) દર્શાવશે.

– રાધેશ્યામ શર્મા (તા. ૨૧-૮-૨૦૧૩)

(આ નોંધ સાથે શ્રી શર્માએ 'જનસત્તા' દૈનિકપત્રમાં એમની કૉલમ 'શબ્દોનાં એકાન્ત'માં ઉપરોક્ત પ્રકરણ રજૂ કર્યું છે.)

*

તમે આત્મકથા આપીને ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે. તમારી વિકાસયાત્રા સાથે શિક્ષણની અને સાહિત્યિક યાત્રા પણ પ્રગાઢ રીતે જોડાયેલી છે. આ આત્મકથા નિમિત્તે સંસ્કાર તેમ જ સંસ્કૃતિનો પથ્ય અને પ્રસન્નકર આસ્વાદ કરવાની અમૂલ્ય તક સૌને સાંપડશે એ આવકાર્ય ઘટના છે.

– ચંદ્રકાન્ત શેઠ (તા. ૨૧-૭-૨૦૧૩)

*

કથા ખૂબ જ રસપ્રદ છે. તેની સરળ ભાષા, લાઘવ, અસંદિગ્ધતા, narrative style પુસ્તકને unputdowanble બનાવે છે.

– **શિરીષ પરમાર (તા. ૨૩-૯-૨૦૧૩)**

✳

'ટાઇમ કૅપ્સ્યૂલ'ના કાગળ, મુદ્રણ, બાઇન્ડિંગ, સાઇઝ, જેકેટ ડિઝાઇન બધું જ Superlative qualityનું લાગ્યું. સાથે જ, 'ઘટનાક્રમ', 'મો. પ. સાથેના સાક્ષાત્કાર તથા શ્રી મોહનલાલ પટેલનું લેખન-સર્જન વિભાગોથી પુસ્તક સર્વાંગ સુંદર બન્યું છે. આમ, perfectionનો એક નમૂનો 'ટાઇમ કૅપ્સ્યૂલ' બની રહ્યું છે.

– **શિરીષ પરમાર**

(શ્રી મણિભાઈ પ્રજાપતિ પરનો તા. ૨-૯-૨૦૧૩નો પત્ર)

✳

તમે ખૂબ જ સંયમ અને સંકોચપૂર્વક લખ્યું છે. પ્રસ્તાર ન થાય એની પૂરી તકેદારી તમે રાખી છે.

ભલે સંકોચ સાથે પણ તમે આ આત્મકથા લખી સારું કર્યું છે. ગુજરાતી ભાષાસાહિત્યમાં આમેય સારી સાહિત્યિક આત્મકથાઓનો દુકાળ જ રહ્યો છે. સ્નેહરશ્મિ પછી તમારી પાસેથી આ પ્રકારની આત્મકથા મળી એ શિક્ષણ અને સાહિત્યજગત માટે આનંદદાયી ઘટના છે.

– **પ્રસાદ બ્રહ્મભટ્ટ (તા. ૨૧-૮-૨૦૧૩)**

✳

'ટાઇમ કૅપ્સ્યૂલ' ખૂબ માહિતીસભર અને આપના આંતર-બાહ્ય વ્યક્તિત્વને યથાર્થ રૂપમાં ઉજાગર કરતી સાદ્યંત રસપ્રદ અને આપણા આત્મકથા સાહિત્યમાં નોખી તરી આવે તેવી હૃદયસ્પર્શી આત્મકથા છે.

– **બાબુ દાવલપુરા (તા. ૨૫-૧૧-૨૦૧૩)**

✳

એમનાં સ્મરણો વાંચીને પ્રસન્નતા અનુભવી. મૌન ભાવે એકાગ્રચિત્તે અને અનાસક્ત વૃત્તિથી કર્તવ્ય બજાવવું એ મોહનલાલભાઈના સ્વભાવમાં છે : રાગ કે દ્વેષથી અળગા રહીને એમણે પોતાની રીતે શિક્ષણ અને સાહિત્યમાં કામ

કર્યું છે. એમના વ્યક્તિત્વમાં નમ્રતાનો અનુભવ હંમેશાં થતો રહ્યો અને શિક્ષણ હોય કે સાહિત્ય, પણ એમણે ઝાકઝમાળ વિના શાંત કર્મયોગ સાધ્યો છે.

'ટાઇમ કૅપ્સ્યૂલ'માં એમના અમૃતમય જીવનના પ્રામાણિક આલેખની હૃદયસ્પર્શી અનુભૂતિ થાય છે. એમની આત્મકથા દ્વારા એ સમયની ઘણી પ્રમાણભૂત વિગતો પ્રાપ્ત થાય છે અને સાથોસાથ એમના સાહિત્યસર્જનની વિગતો મળે છે.

– **કુમારપાળ દેસાઈ (તા. ૨૩-૮-૨૦૧૩)**

(શ્રી મણિભાઈ પ્રજાપતિ પરના તા. ૨૩-૮-૨૦૧૩ના પત્રમાંથી)

✳

કેટલોક ભાગ તો તરત વાંચી ગયો. જોકે હવે આંખની તકલીફને લીધે પહેલા જેટલું કામ નથી લેતો. ખેતી જમીનની વહેંચણી, ભાભીના દાગીનાવાળો પ્રસંગ, કૉલેજના આચાર્યની વર્તણૂક વગેરે પ્રસંગો આપણા કુટુંબ અને સમાજમાં પ્રવર્તતાં મૂલ્યો નિર્દેશે છે એ રીતે કથાનું મહત્ત્વ છે.

– **ડૉ. વિજય શાસ્ત્રી (તા. ૧૩-૮-૨૦૧૩)**

✳

આપની આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ' મળી ગઈ. સરસ કામ થયું. ઉત્તર ગુજરાતના જીવન અને સંસ્કૃતિનું ઐતિહાસિક દસ્તાવેજીકરણ ખૂબ જરૂર હતું. જમીનમાં ખોદી કૅપ્સ્યૂલો ગાડવા કરતાં આપે પ્રગટ કરીને ઉત્તમ કાર્ય કર્યું છે.

– **પ્રવીણ ગઢવી (તા. ૧૨-૮-૨૦૧૩)**

✳

આપના જીવન અને કાર્યનું ઘડતર કરનારાં બળોનું આ રસપ્રદ નિરૂપણ મને પણ ઘણું ખાજ પૂરું પાડશે એ રીતે આ ભેટ મારે માટે મૂલ્યવાન બની રહેશે.

– **ધીરેન્દ્ર મહેતા (તા. ૧૫-૮-૨૦૧૩)**

✳

એક સાચા વિદ્યા ઉપાસક અને કર્મઠ અધ્યાપકની આ આત્મકથા શિક્ષણ જગતને પ્રેરણાદાયી બનશે એવી મને શ્રદ્ધા છે.

– **ચિમનલાલ ત્રિવેદી (તા. ૨૫-૮-૨૦૧૩)**

✳

તમારું ધબકતું હૃદય ૩૪૨ પાનાનાં પ્રત્યેક અક્ષરમાં સૂક્ષ્મ રીતે સાંભળી શકાય છે. પાને પાને વ્યક્ત થતું તમારું પારદર્શક વ્યક્તિત્વ વાચક માત્રને આવતાં વર્ષોમાં અભિપ્રેરિત કરતું રહેશે, તમારું સંવેદનાપૂર્ણ વ્યક્તિત્વ ઔર વધુ સમૃદ્ધ કરતું રહેશે અને યુવા વર્ગ, અધ્યાપક વર્ગ, સમાજસેવક વર્ગ અને હરકોઈ પરિવારજનને ભાવનાની મૂડીથી ધન્ય-ધન્ય કરતું રહેશે.

**– ડૉ. દાઉદભાઈ ઘાંચી (તા. ૨૧-૮-૨૦૧૩)**

*

શિક્ષણ, લેખન, સાહિત્ય, સમાજ એમ વિવિધ ક્ષેત્રે આપનો ખૂબ જ વ્યાપક, ગહન, નિસબતભર્યો અનુભવ, મૂળે જ પ્રવૃત્તિશીલ, એકદમ સૌજન્યશીલ, ઉમદા માનવીય વ્યક્તિત્વ આપનું ૨૯ પ્રકરણોમાં આપના જીવનફલકની એકદમ અંતરંગ, આત્મીય, સહનજતાપૂર્ણ છબી પ્રતિબિંબિત થાય છે. આપે આત્મકથા લખી, ઉચિત કાર્ય કર્યું છે. આ એક પ્રકારે દસ્તાવેજી કાર્ય સંપન્ન થયું છે. શિક્ષણ, સમાજ, પરિવાર ભાવના, વિદ્યાર્થીજગત, ખેતી, ગ્રામ્ય સમાજ, સંસ્કૃતિ, વિવિધ મહાનુભાવો – વ્યક્તિઓના પરિચય આ લખાણ નિમિત્તે મળી રહે છે. આપની ભાષાસજ્જતા, લખાણ વિશે તો શું કહેવાનું હોય ? સચ્ચાઈનો રણકાર સંભળાય.

**– પ્રજ્ઞા પટેલ (તા. ૨૮-૮-૨૦૧૩)**

*

પુસ્તકનું રેપર ખોલતાં જ દોઢેક કલાકમાં તેના પ્રથમ પરિચયમાં આવી ગયો અને મનમાં થયું કે નિરાંતે વાંચવા અને વાગોળવા જેવું પુસ્તક હાથ લાગ્યું અને તેમ કરીશ.

**– વિરંચિ ત્રિવેદી (તા. ૧૨-૮-૨૦૧૩)**
**(શ્રી મણિભાઈ પ્રજાપતિ પરનો પત્ર)**

*

શ્રી મોહનભાઈની આત્મકથાનું મુ. શ્રી રઘુવીરભાઈનું અવલોકન સાચે જ 'સુખડના હાર' જેવું ઘસાઈને ઊજળા થવું અને સુગંધ પ્રગટાવવી – પ્રસારવી જેવું છે.

**– નર્મદ હ. ત્રિવેદી (તા. ૧૨-૮-૨૦૧૩)**
**(શ્રી મણિભાઈ પ્રજાપતિ પરનો પત્ર)**

*

'ટાઇમ કૅપ્સ્યૂલ' તમારી આત્મકથાનું જાડું પુસ્તક વારંવાર હાથ પર લઈ વાંચવાની મજા માણું છું.

વસ્તુ-પ્રસંગ, વર્ણન, નિવેદન હકીકતરૂપે જે ભંગિથી રજૂ થાય છે તે તમારી આત્મકથાનો વિશેષ છે.

તમારા હૃદયનું સત્ય સર્જન રીતિના સૌંદર્યને ઓઢીને સહજભાવે પ્રગટ થાય છે, તે ભાવક-વાચકને તન્મય બનાવે છે.

ગુજરાતી સાહિત્યને મળેલી એક ખૂબ જ સારી આત્મકથા.

– ઈશ્વરભાઈ પટેલ ('ધરા' – The Earthના કર્તા – તા. ૧૯-૯-૨૦૧૩)

✳

આપનું પુસ્તક 'ટાઇમ કૅપ્સ્યૂલ' વાંચ્યું. ખૂબ જ સરસ છે. આપની આ આત્મકથામાંથી આપના વિશિષ્ટ વ્યક્તિત્વની સંખ્યાબંધ છબિઓ ઊપસે છે અને તે મનમાં કાયમ માટે વસી જાય છે. આપના વ્યક્તિત્વની બાજુઓ એક પછી એક ખૂલતી જાય છે તેની સાથે ભૂતકાલીન સમયની સ્થિતિનાં ચિત્રો પણ દોરાતાં જાય છે અને સમયસંહિતા ચાલતી રહે છે.

આવા સરસ પુસ્તક માટે અભિનંદન.

– ડૉ. સોમાભાઈ પટેલ

✳

તેમણે આપણને આયખાના નવમા દાયકાના ઉત્તરાર્ધમાં આપણને સત્ત્વશીલ અને સંતર્પક વાચન પૂરું પાડતી આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'ના શીર્ષક હેઠળ આપી જેમાં તેમના વિવિધ વ્યક્તિત્વ – શિક્ષણકાર, સાહિત્યકાર અને ઇતિહાસકાર–ની છબી અંકિત થયેલી જોવા મળે છે.

સમગ્રતયા આત્માભિવ્યક્તિનું મુક્ત માધ્યમ એવી આ આત્મકથા ૨૦મી સદીના કૃતક સમાજ, શિક્ષણ અને સાહિત્યક્ષેત્રની ગતિવિધિઓને વાચા આપતો એક સાંસ્કૃતિક દસ્તાવેજ છે, જે ગુજરાતી આત્મકથામાં પોતાની આગવી ઓળખ ઊભી કરશે તેમ તેના કળા સૌંદર્ય અને વસ્તુતત્ત્વની સચ્ચાઈ તથા ઉદાત્તતાને ધ્યાને લેતાં કહી શકાય.

– મણિભાઈ પ્રજાપતિ (કડી સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : સપ્ટે.-ઑક્ટો., ૨૦૧૩)

✳

નાયકની ઐતિહાસિક સમજ-સૂઝ પ્રથમ પ્રકરણથી કળાય છે. દરેક પ્રસંગની ચિત્રાત્મક અભિવ્યક્તિ તેમની પરિપક્વ કલમનું ફળ છે. તેમનું સરળ

સુરુચિકર ગદ્ય જાણે કે તેમના અભિજાત્યનું પ્રતિબિંબ પાડે છે. બા કે પિતાજી, ડૉક્ટર કે ગુરુઓ, સ્થળોનાં એમ વિવિધ વર્ણનોમાં તેમની સર્જનાત્મક શૈલીનાં ઉદાહરણો મળે છે. મુખ્ય વાત એટલી જ કે ચરિત્રકૃતિમાં પસાર થતાં ક્યાંય તેમની વાત (ભલે અંગત હોવા છતાં) કંટાળો આપે તેવી ગૂંચવણવાળી, શુષ્ક કે સંદિગ્ધ નથી. વાચકને સરસતા અને રસાળતાનો આનંદ આપે છે તો છેવટે સમૃદ્ધ થયાનો અહેસાસ કરાવવામાં કામિયાબ રહે છે.

ગુજરાતી ચરિત્રસાહિત્યમાં શિક્ષણક્ષેત્રના અનુભવોવાળી 'ટાઇમ કૅપ્સ્યૂલ' મહત્ત્વની બની રહે છે. સાથે-સાથે આ સદીના ગુજરાતી આત્મકથા સ્વરૂપમાં આ કૃતિ મહત્ત્વનું ઉમેરણ છે, તેથી તેના સર્જક શ્રી મોહનલાલ પટેલને અમારી સલામ.

– પ્રેમજી પટેલ ('કલાવિમર્શ' વર્ષ-૨, અંક-૨)

*

છે તો આત્મકથાનું સ્વરૂપ પણ એ નિમિત્તે વીતી ગયેલા જમાનાનું એક સુરેખચિત્ર ઊપસી આવે છે. જાણે કે જે સમય ચાલી ગયો છે તેનું આ ઑડિયો-વિઝ્યુઅલ છે. ખરી રીતે આપણી વીસરાતી સંસ્કૃતિ અને ધૂંધળાં થઈ ગયેલાં ગ્રામચિત્રોનું ડૉક્યુમેન્ટેશન છે અને એથી જ સાર્થક બને છે શીર્ષક 'ટાઇમ કૅપ્સ્યૂલ.'

સાહિત્ય અને શિક્ષણ મોહનભાઈના જીવનનાં અવિભાજ્ય અંગ રહેલાં છે.

એક કર્તવ્યનિષ્ઠ શિક્ષક અને સર્જકની આત્મકથા પ્રેરક અને રસાળ છે.

– વર્ષા અડાલજા ('મુંબઈ સમાચાર', તા. ૩-૧૧-૨૦૧૩)

*

૧૯૨૭થી લઈ ૨૦૧૨ની મોહનલાલ પટેલની જીવનયાત્રા ખરેખર સુંદર રીતે શબ્દસ્થ થઈ છે. ભાવકોને તરોતાજા કરી જાય છે. જેમણે ભર્યું-ભર્યું જીવન જીવવું છે તેમને 'ટાઇમ કૅપ્સ્યૂલ' જેવા પુસ્તકની શોધ છે તેવા સૌ ભાવકોને આ આત્મકથા વાંચવી જ પડશે અને અન્યોને પણ વાંચવા મજબૂર કરવા જ જોઈએ. સમય નથી એવો દંભ કરીને આપણે કંઈક ગુમાવવું ન પડે તે બાબત ગુજરાતીઓએ ધ્યાનમાં લેવી.

– નટવર આહલપરા ('ગાંધીનગર સમાચાર', તા. ૨૭-૪-૨૦૧૩)

*

આ સમગ્ર આત્મકથામાં કટુ સૂર નહિવત્ છે. વિશેષ તો એમણે સમાજ, શિક્ષણ, સાહિત્યનાં સારાં પાસાં જ નિરૂપ્યાં છે. એના પ્રાસ્તાવિક લેખમાં પ્રા. રઘુવીર ચૌધરી લખે છે તેમ, મોહનભાઈના વ્યક્તિત્વનું સતત જોવા મળતું લક્ષણ આભિજાત્ય છે. અમદાવાદની એક કૉલેજમાં અધ્યાપકપદ મળ્યું હતું છતાં નાના નગર કડીના એક વિદ્યાલય (શાળા)નું આચાર્યપદ એમણે સ્વીકાર્યું એ ઘટનામાં રૂ. ૧૫૦નો શિક્ષણાધિકારીનો પગાર છોડીને રૂ. ૫૦ની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો કારભાર સંભાળનાર કવિવર દલપતરામ યાદ આવે.

મોહનભાઈની આત્મકથામાં શિક્ષણની વાત પ્રમાણમાં વિશેષ છે અને શિક્ષકો-અધ્યાપકોને ખપમાં આવે એવી છે અને અલબત્ત, સાહિત્ય સેવીઓએ તો વાંચવી જ જોઈએ.

**– યશવંત મહેતા ('ગુજરાત ગાર્ડિયન', તા. ૨૭-૮-૨૦૧૩)**

*

૨૯ પ્રકરણમાં લખાયેલી આ આત્મકથા વાંચવાની શરૂઆત કર્યા પછી છોડી શકાય એમ નથી.

'ટાઇમ કૅપ્સ્યૂલ' આત્મકથામાં તત્કાલીન સમાજની તાસીર સ્પષ્ટ ઊપસે છે. લેખકની વાતો ભલે અંગત હોય પણ વાંચતાં જરાય કંટાળો આવે એમ નથી. સરસતા અને રસાળતાનો આનંદ વાચકને મળે જ છે. ગુજરાતી ચરિત્રસાહિત્યમાં અને શિક્ષણના ક્ષેત્રમાં અનુભવોવાળી આ આત્મકથા એક મહત્ત્વનું ઉમેરણ છે. દરેક શિક્ષકે વાંચવા જેવી છે.

**– ડૉ. મોતીભાઈ પટેલ ('સમણું', સપ્ટે., ૨૦૧૩)**

*

શ્રી મોહનલાલ પટેલ 'ટાઇમ કૅપ્સ્યૂલ' શીર્ષકથી પોતાની આગવી ભાતની આત્મકથા લખી ગુજરાતી સાહિત્યને રળિયાત કર્યું છે. તેમનો આ ગ્રંથ શિક્ષણ અને સાહિત્ય-જગતના વાચકો માટે પ્રેરણારૂપ બની રહેશે.

**– ડૉ. પુરુષોત્તમભાઈ ગો. પટેલ**
**પ્રગતિશીલ શિક્ષણ (સપ્ટે., ૨૦૧૩)**

*

'ટાઇમ કૅપ્સ્યૂલ' એ લેખકના જીવનની ઘટનાઓની માત્ર માહિતી આપતી કૃતિ નથી, પણ પોતાના વ્યક્તિગત જીવનના અનુભવોને સર્વજનરસિક બનાવતી એક સર્જનાત્મક સાહિત્યકૃતિ આ આત્મકથા માત્ર તેમના અંગત જીવનનો

આલેખ ન રહેતાં એક સુરુચિપૂર્ણ, સર્વ આસ્વાદ્ય સાહિત્યકૃતિ બની છે.

શ્રી મોહનભાઈને આવી સુંદર સંતર્પક આત્મકથા આપવા બદલ અભિનંદન.

– ડૉ. સોમભાઈ પટેલ ('ધરતી', ડિસે., ૨૦૧૩)

✳

અધ્યાપક, આચાર્ય, કેળવણીકાર, લેખક, સાહિત્યકાર, વિચારક, શિક્ષણવિદ્, બાળમનોજગતના અભ્યાસુ પ્રયોગશીલ કર્મઠ તરીકે સતત પ્રયત્નશીલ રહીને અવિરત સાધના કરનાર સાધક તરીકે અહર્નિશ કર્મયોગી તરીકે, ગૃહપતિ તરીકેના પોતાના અનુભવો 'ટાઇમ કૅપ્સ્યૂલ' શીર્ષક હેઠળ આત્મકથા રૂપે ગુજરાતી ભાષાના વાચકો માટે રજૂ કરેલ છે.

આત્મકથા હોવા છતાં તેમાં વ્યક્તિગત મહત્તાને બાજુ પર રાખીને અનુભવો, સમાજોપયોગી દૃષ્ટિકોણ, શિક્ષણનો ભાવ, વ્યક્તિગત અનુભવો, હકારાત્મક દૃષ્ટિકોણ પ્રસ્તુત આત્મકથામાં ઉજાગર કરી શક્યા છે તે મહત્ત્વની બાબત છે, જે લેખક બખૂબીપૂર્વક નિરૂપિત કરી શક્યા છે.

– ડૉ. મફતલાલ પટેલ ('અચલા', ઑક્ટો.-નવે., ૨૦૧૩)

✳

આમ જોવા જઈએ તો આ માત્ર કોઈ વ્યક્તિનું ચરિત્ર નથી, પરંતુ સાંપ્રત સમયનું જનજીવન તેમાં ધબકી રહ્યું છે.

સમગ્રતયા પ્રસ્તુત પુસ્તક શ્રી મોહનલાલ પટેલના વિરાટ વ્યક્તિત્વનાં દર્શન તો કરાવે જ છે. પરંતુ સાથે-સાથે ઇતિહાસ, સંશોધન, સમાજજીવન, મૂલ્યનિષ્ઠ શિક્ષણના પ્રહરીઓનો વિદ્યાર્થીલક્ષી અભિગમ, શિક્ષણને અભડાવતાં તત્ત્વો અને સાહિત્યસાધના જેવા અનેકવિધ વિષયોના અભ્યાસમાં મદદરૂપ થાય છે.

– ડૉ. કનકબાળા જાની

ઉદીચ્ય (હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિ. મુખપત્ર ૧ ડિસે., ૨૦૧૩)

✳

શિક્ષણ અને સમાજની સ્થિતિનું અચ્છું બયાન આ કથામાંથી પ્રગટી રહે છે. વાંચવા જેવી કથા છે.

– દંકેશ ઓઝા ('અખંડ-આનંદ', જુલાઈ-૨૦૧૩)

✳

મોહનલાલ પટેલની 'ટાઇમ કૅપ્સ્યૂલ' આત્મકથા ખાસ કશા અંતરાય વિના એકી બેઠકે વાંચી. પાણીના રેલાની પેઠે કથા વહેતી ગઈ એમાં હું પણ રેલાતો ગયો. આ શિક્ષકની આત્મકથાનો પહેલો વિશેષ એ છે કે કથા સરળ, શિષ્ટ, અને શાલીન ગદ્યના માધ્યમ દ્વારા ખરી ઊતરી છે અને એમાંથી આપણને લેખક, કેળવણીકાર અને શિક્ષક મોહનલાલ પટેલના ભર્યાપૂરા વ્યક્તિત્વની પ્રાપ્તિ થાય છે.

તેમનાં પુસ્તકોની સંખ્યા ૬૩ જેટલી થાય છે. તેમને પુસ્તકો અંગે પારિતોષિકો અને માન-સન્માનો પણ મળ્યાં છે. લઘુકથાનો ગુજરાતમાં તેઓ જનક અને પોષક બન્યા. આ બધું પ્રમાણમાં ગંજાવર કહેવાય તેવું સાહિત્ય સર્જન પણ તેમના શિક્ષકપણાને આંબી શક્યું નથી. આપણે કહીએ કે તેમનાં બે ધ્યેય હતાં. ઉત્તમ શિક્ષક થવાનું ને ઉત્તમ લેખક થવાનું. આપણે જરૂર કહી શકીએ કે લેખક તરીકે તેઓ સફળ થયા જ તો પણ ઉત્તમ તો તેમનું શિક્ષકપણું જ રહ્યું !

– ઉત્પલ પટેલ ('અવલોકન' લેખમાંથી)

■ ■ ■

મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.

**– ઉમાશંકર જોશી**

શિક્ષાગુરુ એક કરતાં વધારે મને મળ્યા છે, પરંતુ દીક્ષાગુરુ તો મોહનલાલ પટેલ છે. એમણે શિક્ષાગુરુનું કર્તવ્ય પણ બજાવ્યું છે અને સાહિત્યસ્વરૂપોની રચનારીતિઓની સમજણ વર્ગખંડમાં અને એની બહાર આપી છે. દીક્ષાગુરુની કશી મંત્ર ફૂંકવાની ઔપચારિક વિધિ વિના એમણે સાહિત્યનો મર્મ પામવાની દષ્ટિ આપી છે.

**– ભોળાભાઈ પટેલ**

સાહિત્ય અને શિક્ષણમાં એમનો રસ જોઈને મેં આમંત્રણ આપ્યું કે અમારા વિદ્યાર્થીઓના ચર્ચાવર્તુળ – બુધવારિયામાં – આવો, એ એક-બે વાર આવ્યા. પછી તો કાયમના સભ્ય બની ગયા. તેમની વિદ્વત્તાથી, તેમના અગાધ સામાન્ય જ્ઞાનથી અને શિક્ષણનાં કૌશલ્યોથી એ વિદ્યાર્થીઓને પ્રેરતા રહ્યા.

**– કુલીનચંદ્ર યાજ્ઞિક**

મોહનભાઈનું વર્તન આભિજાત્ય છે અને એમની સાહિત્યિક રુચિ પ્રશિષ્ટ કૃતિઓના વાચનથી ઘડાયેલી છે... મોહનભાઈની વિનમ્રતા વિરલ છે. આવી વિનમ્રતા વરદાનરૂપ લાગે. છતાં વરદાનને ટકાવી રાખવા માટે જાગૃતિ જોઈએ, સામી વ્યક્તિનું ગૌરવ જાળવવાની તકેદારી જોઈએ, પોતાના પક્ષે અનાસક્તિ કે અનાગ્રહ જોઈએ. આ વલણ મોહનભાઈના સ્વભાવમાં મૂર્ત થયું અને એ જ અર્થાન્તરે એમના સર્જનમાં વ્યક્ત થયું.

**– રઘુવીર ચૌધરી**



મોહનલાલ પટેલ

## શોધિતવર્ધિત આવૃત્તિ...

'ટાઇમ કેપ્સ્યૂલ'ની પ્રથમ આવૃત્તિ ૨૦૧૩માં પ્રગટ થઈ હતી. એમાં ૨૦૧૨ સુધીના અનુભવો અને અવલોકનોનો સમાવેશ હતો. આ ૨૦૧૯ની આવૃત્તિમાં માત્ર આઠેક વર્ષનો સમાવેશ નથી પરંતુ આત્મકથાના સમગ્ર સમયપટને ફરીથી જોયો છે, તપાસ્યો છે. તેથી આને બીજી આવૃત્તિ કહેવાને બદલે શોધિતવર્ધિત આવૃત્તિ કહેવી જોઈએ. મોહનભાઈના સાહિત્યના ઊંડા અભ્યાસી અને મારા મિત્ર ડૉ. મણિભાઈ પ્રજાપતિના સ્વાધ્યાયનો લાભ પણ આ આવૃત્તિને મળ્યો છે. ગૌણ લાગે એવાં પાત્રો અને પ્રસંગો ઉમેરાવાથી પ્રત્યક્ષીકરણ વધ્યું છે. સમકાલીન ઘટનાઓ વિશેના પ્રતિભાવો તેમજ વૈશ્વિક પ્રવાહોનું વિશ્લેષણ પણ ઉમેરાયું છે. આ બધું જોતાં કહી શકાય કે આ બીજી આવૃત્તિ ઉપકારક થઈ પડશે. સામાન્ય રીતે લેખક બીજી આવૃત્તિને બદલે પુનર્મુદ્રણ કરવાનું પસંદ કરે અને શ્રમ ટાળે, પરંતુ મોહનભાઈ સ્વાધ્યાય અન ચિંતનમાં સતત પ્રવૃત્ત રહેતા હોવાથી એમણે આ બીજી આવૃત્તિમાં પુસ્તકની સમૃદ્ધિ વધારી છે – એ બદલ અભિનંદન.

– રઘુવીર ચૌધરી